Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બુદ્ધિપ્રકાશ : લેખસંગ્રહ

ભાગ ૨ જો

63 ग
पुस्तक

ગુજરાત વર્નાક્યુલર સોસાયટી : અમદાવાદ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

બુદ્ધિપ્રકાશ : લેખસંગ્રહ—ભાગ ૨ જો

Samaj Foundation Chennai and eGangotri
Public Domain. Gurukul Kangri Collection

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

❀ ओ३म् ❀

पुस्तक-संख्या 63 गा/ 53 (ख

पंजिका-संख्या 21626/25-3-2013

पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कोई महाशय १५ दिन से अधिक देर तक पुस्तक अपने पास नहीं रख सकते। अधिक देर तक रखने के लिये पुनः आज्ञा प्राप्त करनी चाहिये।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

बुद्धि प्रकाश - लेख संग्रह

भाग २ य

ऋते ज्ञानान्न मुक्तिः
पुस्तक सं० 63 गा/52 (ख)
आगत सं० 29636
तिथि 24.3.2003
गुरुकुल ग्रन्थालय कांगड़ी.

CHECKED 1973
Initial

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શેઠ સોરાબજી જમશેદજી જીજીભાઈ સ્મારક ગ્રંથમાળા અં. ૩૩

ગુજરાત વર્નાક્યુલર સોસાયટીનું

બુદ્ધિપ્રકાશ

[લેખસંગ્રહ – ઈ. સ. ૧૯૦૯ થી ૧૯૩૦]

ભાગ ૨ જો

स्टाक प्रमाणीकरण १९८४-१९८५

સંપાદકો

નવલરામ જ. ત્રિવેદી, એમ. એ.

અધ્યાપક, મહિલા પાઠશાળા, અમદાવાદ

અનંતરાય મ. રાવળ, એમ. એ.

અધ્યાપક, ગુજરાત કૉલેજ, અમદાવાદ

पुस्तकालय
गुरुकुल कांगड़ी

ગુજરાત વર્નાક્યુલર સોસાયટી : અમદાવાદ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકાશક:
કેશવરામ કાશીરામ શાસ્ત્રી
કા. ચ. આસિ. સેક્રેટરી
ગુજરાત વર્નાક્યુલર સોસાયટી
ભદ્ર : અમદાવાદ

[illegible]

પ્રત ૧૬૫૦ *
૧ લી આવૃત્તિ

ઈ. સ. ૧૯૪૨
વિ સં ૧૯૯૮

કીમત ૧ રૂપિયો

મુદ્રક :
કેશવલાલ સાં. શાહ
વીરવિજય પ્રિન્ટિંગ પ્રેસ
સલાપોસ ક્રોસ રોડ
અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શેઠ સોરાબજી જમશેદજી જીજીભાઇના સ્મારક ગ્રંથમાળાનો પરિચય

ઈ. સ. ૧૮૬૪માં મુંબઈના મશહુર શેઠ સોરાબજી જમશેદજી જીજીભાઇ અમદાવાદ પધાર્યા હતા, ત્યારે તેમણે ગુજરાતના જુવાન માણસોમાં બુદ્ધિનાં કામ કરવાની હોંશ વધારવાને તથા ગુજરાત વર્નાક્યુલર સોસાયટીનાં ઉપયોગી કામને પુષ્ટિ આપવા સારુ રૂ. ૨૫૦૦) સોસાટીને સોંપ્યા હતા અને એવી ઇચ્છા જણાવી હતી કે તેની પ્રોમિસરી નોટો લઈ તેના વ્યાજમાંથી ઈનામ આપી શુદ્ધ ગુજરાતીમાં સારા નિબંધ તથા પુસ્તક રચાવવાં. તે પ્રમાણે આ ફંડમાંથી આજ સુધીમાં નીચેનાં પુસ્તકો તૈયાર કરાવી સોસાયટીએ છપાવેલાં છે:

૧. ગુજરાતી ભાષાનો ઇતિહાસ (૩જી આવૃત્તિ)
૨. દૈવજ્ઞદર્પણ
૩. ગુજરાતના ભિખારીઓ
૪. ભિક્ષુક વિષે નિબંધ
૫. અર્થશાસ્ત્ર
૬. સ્ત્રીનીતિધર્મ (૫ મી આવૃત્તિ)
૭. ગુજરાતના ઉત્કર્ષનાં સાધન વિષે નિબંધ
૮. દુકાળ વિષે નિબંધ
૯. સેવિંગ બેંકની અગત્ય વિષે
૧૦. સ્થાનિક સ્વરાજ્ય
૧૧. અર્થશાસ્ત્રોનાં મૂળતત્ત્વો (૩જી આવૃત્તિ)
૧૨. જ્ઞાનવચન
૧૩. પ્રાચીન ભરતખંડનો મહિમા
૧૪. પ્રેસિડંટ લિંકનનું ચરિત્ર
૧૫. મોહસિનીનાં નીતિવચનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૬. માર્કો પોલોનો પ્રવાસ
૧૭. જીવતત્ત્વ
૧૮. વનસ્પતિતત્ત્વજ્ઞાન
૧૯. નવરાશના વખતમાં ગમ્મત અને જ્ઞાન
૨૦. ખેતીવાડી અને બગીચાની ઊપજ વધારનારાં ખાતર વિષે નિબંધ
૨૧. બ્રિટિશ હિન્દનો આર્થિક ઇતિહાસ, ભાગ ૧
૨૨. અગ્નિમાંદ્ય
૨૩. નીરોગી રહેવાના ઉપાય
૨૪. યજ્ઞરહસ્ય
૨૫. સૌન્દર્ય અને લલિતકળા
૨૬. વિચારસ્વાતંત્ર્યનો ઇતિહાસ
૨૭. વિજ્ઞાન વ્યાખ્યાનમાળા નં. ૧
(રેડિયો, વાયરલેસ, પિક્ચર્સ અને ટેલીવિઝન)
૨૮. વિજ્ઞાન વ્યાખ્યાનમાળા નં. ૨
(મજ્જાતંત્ર, ચિત્તશાસ્ત્ર અને ભૌતિકવિજ્ઞાન અને ચિત્તશાસ્ત્ર)
૨૯. વિજ્ઞાન વ્યાખ્યાનમાળા નં. ૩
(ગુજરાતની વનસ્પતિઓ)
૩૦. ગુજરાતીઓએ હિન્દી સાહિત્યમાં આપેલો ફાળો
૩૧. ભારતીય અર્થશાસ્ત્ર
૩૨. બુદ્ધિપ્રકાશ–લેખસંગ્રહ, ભાગ ૧ લો
૩૩. બુદ્ધિપ્રકાશ–લેખસંગ્રહ, ભાગ ૨ જો

ગુ. વ. સોસાયટી
અમદાવાદ
તા. ૨૦–૩–૧૯૪૨

કેશવરામ કા. શાસ્ત્રી
કા. ચ. આસિ. સેક્રેટરી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંપાદકીય

'**બુદ્ધિપ્રકાશ** લેખસંગ્રહ'ના આ બીજા ભાગ સાથે ગુજરાત વર્નાક્યુલર સોસાયટીએ અમને સોંપેલું 'બુદ્ધિપ્રકાશ'ના સંદોહનનું કાર્ય પૂરું થાય છે. સંદોહનને અમે ઇ. સ. ૧૯૪૦ની સાલ સુધી લઇ આવી શક્યા નથી. તેનું એક કારણ, આ પુસ્તકના વાંચનની દરકાર કરનાર વર્ગ તો છેલ્લા દશકાની 'બુદ્ધિપ્રકાશ'ની લેખસામગ્રીથી પરિચિત હોવાનો જ એટલે તેને તત્કાળ ગ્રંથસ્થ નહિ કરીએ તો ચાલશે, એમ અમે વાજબી રીતે માન્યું છે, તે છે. પણ બીજું ખરૂં મહત્ત્વનું કારણ છે પુસ્તકના વિસ્તારની મર્યાદા. ઇ. સ. ૧૯૩૨ પછી 'બુદ્ધિપ્રકાશ' ત્રૈમાસિક થયા બાદ તેમાં લેખો સારા ને પ્રમાણમાં ઘણા મોટા આવ્યા છે. તેમાંના ચૂંટવા જેવા (જે ઘણા છે) ને અહીં સ્થાન આપતાં મુકરર મર્યાદાને ક્યાંય વટાવી જવાનું થાય તેમ હતું.

ચૂંટણી માટે ખંડોની વહેંચણી અમે બંનેએ પહેલા ભાગ જેવી જ રાખી છે, પણ ખંડોના સંખ્યાંકમાં થોડો જરૂરી ઘટાડો કરવો પડ્યો છે. આગલા ભાગ વેળા કુલ અગિયાર ખંડોની સામગ્રી ચૂંટીને પછી આઠ જ ખંડ છાપ્યા હતા તો આ ભાગમાં એ આઠ ખંડના માત્ર છ જ કરી નાખ્યા છે. ચૂંટવા યોગ્ય વાર્તાઓ મળી નથી અને નાટકો જે ઘણીવાર ચાલુ લેખરૂપે છપાયાં છે તેમાંના કેટલાંક સંસ્કૃતનાં, કેટલાંક ટાગોરનાં નાટકોનાં અને કેટલાંક અંગ્રેજી ને ફ્રેન્ચ નાટકોનાં ભાષાંતરો જ હોઇ એને ગુજરાતી મૂડી ગણવી ઘટિત નથી એમ માનીને અમે 'વાર્તા' તથા 'નાટક'ના ખંડો સદંતર કાઢી નાખ્યા છે. વળી સમાજસુધારો ૧૮૫૪ થી ૧૯૦૮ સુધી 'બુદ્ધિપ્રકાશ'ની લેખસામગ્રીમાં હતો તેટલો મહત્ત્વનો વિષય ૧૯૦૯

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પછી રહેતો નથી, એટલે તેને બદલે 'શિક્ષણ વિચાર'નો ખંડ યોજ્યો છે. એક 'પ્રકીર્ણ' ખંડ પૂરતી સામગ્રી અમે ચૂંટી તૈયાર રાખેલી, પણ જગ્યાને અભાવે તેને આખરે જતી કરવી પડી છે.

એ સિવાય ચૂંટણીનું ધોરણ આગલા ભાગ વખતે નક્કી કર્યું હતું તેનું તે જ રાખ્યું છે. તેથી, અતિ લાંબા લેખો, પ્રતિ અંકે લખાયા કરતા લેખો, પાછળથી ગ્રંથસ્થ થઈ ગયેલા આપણા લબ્ધ-પ્રતિષ્ઠ સાહિત્યકારોના લેખો અને ગુજરાતી સાહિત્ય પરિષદોમાં ને પત્રકાર પરિષદમાં વંચાયેલા ને પછીથી તેમના અહેવાલોની અંદર આવી ગયેલા લેખોને આ સંગ્રહમાંથી અમે બાતલ રાખ્યા છે. જેમ ૧૮૮૯–૯૦ ના અંકોમાં Ramblerમાંથી અને ૧૮૯૪માં બેકનના નિબંધોમાંથી ઘણાં ભાષાંતરો 'બુદ્ધિપ્રકાશ'માં છપાયાં છે તે જેમ આગલા ભાગમાં અમે નથી લીધાં તેમ ૧૯૦૯ થી ૧૯૧૯ સુધીના ગાળામાં છપાયેલાં અંગ્રેજી અને મરાઠી લેખોનાં ભાષાંતરોને પણ અહીં ચૂંટ્યાં નથી. એ ઉપરાંત ઈ. સ. ૧૯૨૧થી શરૂ થયેલાં ગુજરાત વર્નાક્યુલર સોસાયટીનાં વાર્ષિક વ્યાખ્યાનો, જે 'બુદ્ધિપ્રકાશ'ના અંકોની સાથે વધારા તરીકે છાપવામાં આવ્યાં છે, તે અભ્યાસપૂર્ણ ને તેથી સંગ્રહમાં અવશ્ય લેવા જેવાં છે તેને પણ ગ્રંથવિસ્તાર-ભયે તો ખરું, પણ વધુ તો કોઇક દિવસ ગુજરાત વર્નાક્યુલર સોસાયટી એ બધાંને ગ્રંથાકારે છપાવશે એવી શ્રદ્ધાથી, અમે આ સંગ્રહમાં સ્થાન આપ્યું નથી. સોસાયટીએ આ કાર્ય વહેલી તકે કરી નાખવા જેવું છે, એવી આ પ્રસંગે અમે ભલામણ કરીએ છીએ.

સંગ્રહના આરંભમાં 'બુદ્ધિપ્રકાશ'ની કારકિર્દી વિશે થોડી માહિતી 'ઇતિહાસને પાને' એ લેખમાં આપવા અમે પ્રયત્ન કર્યો છે. 'ગુજરાત વર્નાક્યુલર સોસાયટીનો ઇતિહાસ'ના પહેલા તથા ત્રીજા વિભાગમાં સ્વ. હીરાલાલ પારેખે એ જ વિષય પરત્વે કેટલીક માહિતી આપી છે તેથી એ માહિતી ક્યાંક બેવડાઇ હશે, પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એકંદરે સ્વ૦ હીરાલાલે આપેલી માહિતીની આ પૂરક થશે એમ અમારું માનવું છે.

'બુદ્ધિપ્રકાશ'ના લેખોની ચૂંટણી કરાવવાનો સોસાયટીએ ઠરાવ કર્યો જાણી, 'આ સંગ્રહ જો અનેક વોલ્યુમોમાં થાય તો તેના પહેલાજ વોલ્યુમમાં 'બુદ્ધિપ્રકાશ'ના આરંભથી ઈ. સ. ૧૯૦૦ લગીના તમામ અંકોની અનુક્રમણિકાઓ આખો આપવાની તા. ૬–૪–૩૯ના પત્રથી પ્રો. ઠાકોરે લખી મોકલેલી સૂચના પરત્વે એટલું કહેવાનું કે એનો અર્ધો અમલ તો સ્વ. હીરાલાલ પારેખે ૧૯૩૨માં 'ગુજરાત વર્નાક્યુલર સોસાયટીના ઇતિહાસ'ના પહેલા વિભાગમાં સને ૧૮૫૪ થી ૧૮૭૮ સુધીના 'બુદ્ધિપ્રકાશ'ની લેખસામગ્રીની વિષયવાર અનુક્રમણિકા છાપી નાખીને કર્યો જ છે. બાકીના અર્ધા ભાગનો અમલ ૧૮૭૯ થી ૧૯૦૦ સુધીના લેખોની સૂચિ આ ભાગને અન્તે પરિશિષ્ટમાં આપવાનું અમે નક્કી કર્યું હતું, પણ કાગળની મોંઘવારીએ જરૂરી બનાવેલા સ્થલસંકોચને કારણે, એની લેખનસૂચિ અમે આપી શક્યા નથી. એક બીજી યાદી, અમે ચૂંટેલા પણ સ્થલસંકોચે છાપી ન શકાયેલા લેખોની, બેઉ વિભાગ પૂરતી, આ ભાગને છેડે આપવાની અમને પ્રથમ ઇચ્છા હતી (ને 'માનસી'કારે પણ એવી સૂચના કરેલી) પણ તેને પણ આખરે એજ કારણે જતી કરી છે.

'બુદ્ધિપ્રકાશ' પોતાની કારકિર્દીના પ્રથમ દાયકા સુધી શિલા-પ્રેસમાં છપાતું, એટલે વાનગી લેખે તેની કોઈ એક અંકની છબી અત્ર આપવી જોઈએ. પરન્તુ 'ગુજરાત વર્નાક્યુલર સોસાયટીનો ઇતિહાસ: વિભાગ ૧'માં ૧૮૫૦વાળા પખવાડિક 'બુદ્ધિપ્રકાશ'ના પહેલા અંકનો ફોટો છપાયો છે તેથી જિજ્ઞાસુઓને તેમાંથી જોઈ લેવા સૂચવીએ છીએ.

નવલરામ ત્રિવેદી
અનંતરાય રાવળ

૨૦–૩–૪૨
અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભાગ ૧ લાના નિવેદનના મહત્ત્વના મુદ્રણદોષ

પૃ. ૫, પેરેગ્રાફ બીજો, પંક્તિ ૩

અશુદ્ધ	શુદ્ધ
પણ એક માસિક પત્રના માટે	પણ એક માસિક પત્રના પંચાવન વર્ષના અંકોની લેખસામગ્રીની ચૂંટણી માટે

પૃ. ૭, પંક્તિ ૫.

આમાંના આઠ ખંડો	આમાંના અગિયાર ખંડો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઇતિહાસને પાને

અમદાવાદના એક 'બુદ્ધિપ્રકાશ' મંડળે ઈ. સ. ૧૮૫૦માં ઉત્સાહભેર કાઢેલ 'બુદ્ધિપ્રકાશ' પખવાડિક દોઢ વરસ સુધી ચાલીને કેવી રીતે સૂઇ ગયું, પછી 'વિદ્યાભ્યાસક સભા'એ ૧૮૫૪માં કેવી રીતે પાછું એને માસિકરૂપે ચાલુ કર્યું અને પ્રથમ ગુજરાત વર્નાક્યુલર સોસાયટીની મદદ માગી આખરે એને કેમ સોંપી દીધું એ સ્વ. હીરાલાલ પારેખે 'ગુજરાત વર્નાક્યુલર સોસાયટીના ઇતિહાસ'ના પહેલા વિભાગમાં કહી નાખ્યું છે. સોસાયટીએ એ માસિકને હાથમાં લીધા બાદ આજ સુધી 'બુદ્ધિપ્રકાશ' ચાલુ રહ્યું છે. તેનાં કેટલાંય સમકાલીન અને કેટલાંય અનુગામી ગુજરાતી સામયિકો થોડો થોડો વખત ઝબકીને આથમી ગયાં છે, પણ 'બુદ્ધિપ્રકાશ' લાંબા આયુષમાં સારા માઠા જે દશકા જોવા પડે તે જોતું પણ ચાલુ રહ્યું છે, એ ખરેખર એને વિશે એક નોંધપાત્ર વાત છે.

'૫૦ના પખવાડિક 'બુદ્ધિપ્રકાશ'ના પ્રત્યેક અંકની પૃષ્ઠસંખ્યા ૧૬ અને કીમત દોઢ આનો હતી. વિદ્યાભ્યાસક મંડળીને હાથે તે માસિક થતાં તેનાં પાનાં ૧૨ અને વરસનું લવાજમ બાર આના થયું. ૧૮૫૫ની સાલથી તેનાં પાના ૧૬ થયાં. અને તે ઉપરાંત એક ચાલુ નિબંધ આઠ આઠ પાનામાં છપાયા કરતો. ૧૮૫૯માં તેના તે વેળાના તંત્રી રણછોડભાઇએ પેલો ચાલુ નિબંધ પૂરો થતાં ચોવીસે પાનાંનો ઉપયોગ કરવા માંડયો. '૭૧માં 'બુદ્ધિપ્રકાશ'નું લવાજમ વરસનું દોઢ રૂપિયો કરવામાં આવ્યું જે અત્યાર સુધી ચાલુ રહ્યું છે. પ્રથમ આ માસિકનું નામ પૂંઠા પર 'બુધ્ધિ પ્રકાશ' એમ લખાતું તેનું શુદ્ધ લેખન 'બુદ્ધિપ્રકાશ' થયું ને ૧૮૬૦માં દશ વર્ષ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૧૮૫૪–૬૩) સુધી એ ૧૬ ડેમી પાનાંમાં શિલાપ્રેસમાં છપાયું ને ૧૮૬૪ થી બીબાંના છાપખાનામાં છપાવું શરૂ થયું. ૧૮૯૪ થી આપણાં અત્યારનાં માસિકો જેવડું તે કદમાં મોટું ને વિસ્તારમાં ચાર ફરમાનું થયું. ૧૯૩૨ ની અધવચથી તે ત્રૈમાસિક થયું. આ તેના બાહ્ય રૂપરંગ કીમત ઇ. વિશે સામાન્ય માહિતી.

'બુદ્ધિપ્રકાશ' ગુ. વ. સો. એ હાથમાં લીધું ત્યારથી તેનું સંપાદનકાર્ય તેના આસિસ્ટંટ સેક્રેટરી કરે એવી પ્રથા તેણે પાડી છે જે આજની ઘડી સુધી ચાલુ છે. એવા 'બુદ્ધિપ્રકાશ'ના તંત્રીઓમાં પહેલા વરસમાં બે આસિસ્ટંટ સેક્રેટરીઓ હરિલાલ મોહનલાલ અને મગનલાલ વખતચંદે કામ કર્યા બાદ જુલાઈ ૧૮૫૫ થી સોસાયટીના આસિ. સેક્રેટરી પદે આવનાર કવિ દલપતરામ તેના તંત્રી બન્યા અને વચમાંના ચારેક ટૂંકા ગાળા બાદ કરતાં ઈ. સ. ૧૮૭૮ સુધી તેમણે 'બુદ્ધિપ્રકાશ' ચલાવ્યું. એ ચાર ગાળામાં એકવાર[1] તેમના વતી 'આકટીનપણે' જોષી સાંકળેશ્વર આશારામે, બે વાર[2] રણછોડભાઇ ઉદયરામે (તે પોતે તે વેળા લખતા તેમ રણછોડ ઉદેરામે), અને એકવાર[3] વ્રજલાલ કાળિદાસ શાસ્ત્રીએ 'બુદ્ધિપ્રકાશ'નું સંચાલન કર્યું હતું. ૧૮૭૯ થી ૧૯૦૮ સુધીમાં ઘણા આસિસ્ટંટ સેક્રેટરીઓ બદલાઇ ગયા અને 'બુદ્ધિપ્રકાશ કમિટી' નિમાઇ હતી, આસિસ્ટંટ સેક્રેટરીને આ કમિટીનાં સૂચનો અનુસાર કામ કરવું પડતું હોવાથી કેવી કઢંગી પરિસ્થિતિમાં એને મુકાવું પડતું ને પરિણામે 'બુદ્ધિપ્રકાશ'ને કેમ સહન કરવું પડતું એ વિશે સ્વ. હીરાલાલ પારેખે 'ગુ. વ. સો ના ઇતિહાસ'ના ત્રીજા વિભાગમાં થોડું લખ્યું છે. અને પછી આવ્યા હીરાલાલ પારેખ[4] જે દલપતરામની માફક સોસા-

(૧) '૫૬–'૫૭ માં. (૨) જૂન '૫૯ થી જાન્યુઆરી '૬૦ સુધી અને એપ્રિલ '૬૦ થી ઑક્ટોબર '૬૦ સુધી. (૩) ૧૮૬૫ થી ૧૮૬૮ સુધી અઢી વરસ આસિસ્ટંટ સેક્રેટરી તરીકે. (૪) ગુ. વ. સો. નો ઇતિહાસ–વિભાગ ત્રીજો–પૃષ્ઠ ૧૧૬ના પહેલાં બે પરિચ્છેદ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પટીની ને તેના પત્રની લાંબા વખત સુધી કામગીરી બજાવી ગયા. આ બધા તંત્રીઓને હાથે તેમનાં વૃત્તિવલણો પ્રમાણે 'બુદ્ધિપ્રકાશ'ને અમુક ઝોક મળતો. દલપતરામે કેળવણી ને સમાજસુધારા પર ધ્યાન આપ્યું, તો રણછોડભાઇના સંપાદન સાથે ધાર્મિક ઉપદેશાત્મક લેખો વધુ આવતા. વ્રજલાલ શાસ્ત્રીના વખતમાં ભાષાશાસ્ત્ર, વ્યાકરણ, જૂના ઐતિહાસિક પ્રબંધો ને જુદા જુદા ધર્મો તથા દર્શનો તરફ કંઇક વલણ વધ્યું તો હીરાલાલ પારેખના તંત્રીકાળમાં ઇતિહાસ, પ્રાચીન સાહિત્યસંશોધન અને નીતિ–તત્ત્વજ્ઞાન સંબંધી લેખો તરફ પસંદગી ઢળતી ગઈ એમ જણાય છે.

'બુદ્ધિપ્રકાશ'ની પહેલી પચ્ચીસીના બધા લેખકોની નાંમાવલિ જાણવી એ કારણે મુશ્કેલ બને છે કે ઘણા લેખો તે કાળમાં નનામા જ—નીચે લેખકની સહી વિનાના જ—છપાતા. કવિતામાં કવિના ગૂંથાયેલા નામને લીધે દલપતરામનું કર્તૃત્વ છૂપું રહેતું નહિ, બાકી ગદ્યલેખો નીચે તો મ. સૂ. (મનસુખરામ સૂર્યરામ), રણછોડ ઉદેરામ, વ્ર. કા. (વ્રજલાલ કાળિદાસ), મહીપતરામ રૂપરામ એવી સહીઓ રડીખડી જ નજરે પડે છે. ૧૮૭૯ થી ૧૯૦૮ સુધીના ગાળામાં નરસિંહરાવ, कान्त, નારાયણ હેમચંદ્ર, હ. હ. ધ્રુવ, રમણભાઇ નીલકંઠ, મણિલાલ નભુભાઈ, રણજીતરામ, કૃષ્ણલાલ ઝવેરી, 'અરવિંદ,' सागर, શંભુપ્રસાદ મહેતા જેવા લેખકો 'બુદ્ધિપ્રકાશ'ને મળ્યા જણાય છે. અને ૧૯૦૯ થી ૧૯૩૦ સુધીમાં હીરાલાલ પારેખ, રણજીતરામ, નરસિંહરાવ, C. D. Dalal, કે. હ. ધ્રુવ, બળવંતરાય ઠાકોર, તનસુખરામ ત્રિપાઠી, રમણભાઈ, અતિસુખશંકર ત્રિવેદી, વિ. ક. ધ્રુવ, મણિલાલ છબારામ ભટ્ટ, મલયાનિલ, ખોટાદકર, છગનલાલ વિ. રાવળ, ભાનુસુખરામ મહેતા, રામલાલ મોદી, મંજુલાલ દવે, નટવરલાલ દેસાઇ, શંકરપ્રસાદ રાવળ, નવલરામ ત્રિવેદી, પ્રાણલાલ દેસાઈ, રમણીકલાલ દલાલ, ચ્યવનરાય શુકલ, ગજેન્દ્રશંકર પંડયા, સુરેન્દ્ર પંડયા આદિ નામો નજરે પડે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'બુદ્ધિપ્રકાશ'ની પત્રનીતિ પરત્વે તો એટલું જ કહેવાનું કે વિદ્યા-પ્રચાર અને સુધારાબોધ માટે તેમ જ ગુજરાતી ભાષા ને સાહિત્યની સેવા માટે કામ કરવાની તેની વૃત્તિ ને પ્રવૃત્તિ હતી. એમાં રાજકીય લેખોને લેવાની મૂળથી જ મનાઇ હતી. ગુ. વ. સો ના મૂળ સ્થાપકો ને સેક્રેટરી રાજ્યકર્તા વર્ગના હોઈ સોસાયટીના મુખપત્ર માટે, આ નીતિ રહે એ સાવ સમજી શકાય તેવી બાબત છે. પાછળથી એક 'દશ અવતાર' એ લેખને કારણે તેમ જ શંભુપ્રસાદ મહેતાના એક લેખને કારણે ધાર્મિક લેખો ન લેવા તરફ પણ વલણ થયું હતું. મુદ્દે જરા જેટલી ય તકરાર કે કડવાશ ન વહોરાઇ જાય એની ફિકર 'બુદ્ધિપ્રકાશ'ના તંત્રીને કેટલી રહેતી તેનો એક નમૂનો જોવા જેવો છે. ૧૮૫૯ના એપ્રિલના અંકના આગલા પૂંઠાની પાછળ દ. ડા. ની સહીથી છપાયેલી 'વિનતિ' જુઓ:

'બુદ્ધિપ્રકાશના ગયા આંકોમાં ભાષાની તકરારના વિષયમાં કોઈ કોઈ શબ્દોથી કેટલાએક સજ્જનોને ખોટું લાગ્યું હોય એમ જણાય છે, માટે હું માફી માગું છું, અને મારા એક મિત્રે મને ચેતવણી આપી તેને માટે તેનો ઉપકાર માનું છું. ને હવેથી એવી તકરારી વાત બુદ્ધિપ્રકાશમાં લખવામાં આવશે નહીં.'

લાલશંકરે તો બાલાશંકર કંથારિયાના એક શૃંગારિક કાવ્યને માટે વાંધો લીધો હતો, જેને પરિણામે ત્યારબાદ તંત્રી છતાં બાલાશંકરને 'બુદ્ધિપ્રકાશ'ના દરેક અંકની સામગ્રી સેક્રેટરીને બતાવી તેની સંમતિ મેળવીને જ છાપવી એવું ફરમાન થયેલું.

ગુજરાતી પત્રકારત્વમાં ખાસ નોંધપાત્ર ગણાય એવી 'બુદ્ધિ-પ્રકાશ'ની એક નીતિને અહીં ખાસ સંભારવી જોઈએ. તે છે લેખકોને તેમના લખાણના બદલા રૂપે પુરસ્કાર આપવાની પદ્ધતિ. 'વરનાક્યુલર સોસાયટી રૂપીઆ આપીને લખાવે છે.[1] અને 'જે લોક આ ચોપાનીઆ સારૂ વિષયો લખી આપે છે તેમને મહેનતનો બદલો

૧ બુ. પ્ર. ૧૮૫૫.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મળે છે.[૨] એ વાક્યો સાથે ૧૮૬૯ના, ૧૮૮૯ના અને ૧૯૦૩ના કેટલાક અંકોનાં પૂઠાં પરની જાહેરાતો વાંચતાં સમજાય છે કે પોતાના વિષયના પૈસા લેવાની ખાયશ રાખી હોય તેવા લેખકોને તે મતલબની તેમની લેખિત માગણીને આધારે, તેમના લેખ પસંદ પડે તો 'તેના મહત્ત્વ પર વિચાર કરી દર છાપેલા પાના માટે રૂા. ૧ થી ૨ સુધી,' આપવામાં આવતા હતા.

ઉદ્દેશ પરત્વે તો 'બુદ્ધિપ્રકાશે' ૧૮૫૦ વાળા પખવાડિકનો વારસો[૩] સ્વીકારી લીધો હતો. વિદ્યાભ્યાસક મંડળીએ કાઢેલા ૧૮૫૪ ના એપ્રિલના પહેલા અંકમાં છે કે

'હાલમાં વિદ્યાભ્યાસક મંડળીની નજરમાં એવું આવ્યું, જે આ દેશના લોકોને વિદ્યા ભણવાની કહીએ તેવી હોંશ હજુ સુધી પેદા થઇ નથી. માટે જુદી જુદી વિદ્યાની ચોપડીઓ લેવાનું ખરચ કરતાં લોકો લગીર વિચાર કરવા જાય છે. પણ થોડામાં ઘણું થાય. એટલે લોકોને થોડું ખરચ ને બહુ ફાયદો થવાને માટે આ ચોપાન્યું છાપવું ધાર્યું.'

અને મે ૫૪ ના અંકમાં લખ્યું છે કે

"આ ચોપાનિયું ચલાવવાનો મતલબ એટલોજ છે કે આ દેશના લોકોમાં વિદ્યા વધે ને તેથી લોકોની હુંશીયારી વધે માટે ઉપયોગી અને ગમતવાળી બાબતો અંગરેજીમાંથી તરજુમા કરીને છાપવી તથા ગુજરાતી નવી તૈયાર કરીને પ્રગટ કરવી."

આમ તેનો પ્રધાન ઉદ્દેશ લોકશિક્ષણનો હતો જે એના મુખ-પૃષ્ઠ પરના નીચેના જેવા દોહરા દ્વારા વ્યક્ત થતો:—

આળસ ને અજ્ઞાનતા નિશ્ચય પામે નાશ
વિવેક ને વિદ્યા વધે, પઢતાં બુદ્ધિપ્રકાશ.

(૧૮૫૯ના બુ. પ્ર. ના મુખપૃષ્ઠ પર)

દ્વિવેલ વિદ્યા પાત્ર દિલ, કરો વિચાર કપાસ.
વિવેક જ્યોત વિમળ વડે, પઢતાં બુદ્ધિપ્રકાશ.

('૬૦માં મુખપૃષ્ઠ પર)

---

(૨) ૧૮૬૦ ના ગુ. વ. સો. નો રિપોર્ટ (૩) એ માટે વાંચો 'ગુ. વ. સો નો ઈતિહાસ' વિભાગ પહેલો પૃ, ૧૪૬-૪૭.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શશિ સૂરજ તારા તડિત્, આપે ભલે ઉજાસ,
જડતા તિમિર ટળે નહીં, જ્યાં નહીં બુદ્ધિપ્રકાશ.

('૯૩ માં મુખપૃષ્ઠ પર)

બળ નિષ્ફળ હિંમત વિના, વંશ સંપ વિણ વ્યર્થ
વિત્ત વ્યર્થ વિદ્યા વિના, અગુણે ઈલમ સમર્થ

('૯૪ માં ,, ,,)

અને ૧૮૬૦ ના જાન્યુઆરી અંકમાં 'બુદ્ધિપ્રકાશ'ની વિનંતી છપાઈ છે તેમાં એ કહે છેઃ—

બાળક બુદ્ધિપ્રકાશ હું, થયાં વર્ષ ખટ આજ,
હોંશ ઘણી હૈયા વિશે, દેશસુધારા કાજ.

... ...

વિદ્વાનો વિદ્યા થકી, ધન દઈને ધનવાન,
કમર કસો કોડે કરી, સમજી મારી સાન.
જેને શકિત જેહવી, તે તે ધરિ હથિયાર,
દેશસુધારા કારણે પડો બા'ર એ ચાર.

... ...

રીતભાત ખોટી ટળે, બળે વેમનું જોર,
કીરણ વિદ્યાસૂર્યનું, વ્યાપે સઘળે ઠોર.

આ હતા એના મનોરથ, આવું હતું એનું ધ્યેય, અને એ ધ્યેયને વફાદાર રહેવાનો પ્રયત્ન 'બુદ્ધિપ્રકાશે' કર્યો છે તે એની લેખસામગ્રી આપણને કહી આપે છે. ઇતિહાસ, અર્થશાસ્ત્ર, વિજ્ઞાન-ની જુદી જુદી શાખાઓનાં શાસ્ત્રો, ખેતી ઇત્યાદિ વિષયો પર જે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કંઈ માહિતી લોકોને આપી શકાય તે ભાષાંતરો કરીને યા મૌલિક લેખોદ્વારા આપવાનો ઉત્સાહી યત્ન 'બુદ્ધિપ્રકાશ'ના આરંભકાળના અનેક અંકોમાં થયેલો જોવાય છે. અલબત્ત, નવું જાણવાની અને જાણેલું અન્યને–પ્રજા સમસ્તને કહી તેમને કશુંક શીખવવાની આ વૃત્તિ આમ તો મુગ્ધ દશાની જ ગણાય, એવી છે. હાલના 'કુમાર'ના માધુકરી વિભાગનું સ્મરણ કરાવે તેવો 'વિવિધ વિષય' નામે વિભાગ પણ, 'બુદ્ધિપ્રકાશ'નું ઘણા વખત સુધી એક આકર્ષક અંગ થઈ પડેલો. આ જ્ઞાનપ્રચારની સાથે બીજો મહત્ત્વનો વિષય હતો સમાજ-સુધારાનો; અને કુળ શોધવા વિશે, નાતવરા વિશે, નિરક્ષરતાનિવારણ પર, કન્યાકેળવણી પર, વહેમો છાંડવા વિશે, વિદેશગમન વિશે, બાળલગ્નની વિરુદ્ધ અને વિધવાલગ્નની તરફેણમાં, ફટાણાં વિરુદ્ધ, મરણ પરણના ખોટા ખરચ વિરુદ્ધ તારસ્વરે કશુંક કહેતાં લખાણો તેમાં આવ્યાં છે તે એને લીધે જ. આપણો સમાજ હજુ કાંઈ બહુ સુધરી ગયો નથી, એટલે હજુય અજ્ઞ ને ભોટદશામાં સબડતા સમૂહને 'બુદ્ધિપ્રકાશ'નાં પ્રારંભકાળનાં આવાં લખાણો એવા વર્ગને તે કાળમાં આપવા મથતાં તેવી જ શીખ આપી શકે તેમ છે; કેફ ને મદ્યપાન વિશે તો એટલું બધું એ વખતમાં લખાયેલું છે કે દારૂબંધી ખાતાં 'બુદ્ધિપ્રકાશ'ની જૂની ફાઈલોમાંથી કેટલીય સામગ્રીનો પ્રચારાર્થ ઉપયોગ કરી શકે. ૧૮૯૪ની સાલથી કાગળની બનાવટ, ફોટોગ્રાફી ને એવા હુન્નર–કલા ઉદ્યોગને લગતા લેખો પણ આવવા માંડેલા.

'બુદ્ધિપ્રકાશ'ની મુખ્ય પ્રવૃત્તિ આમ લોકશિક્ષણ ને સુધારાની પણ તે યાહોમિયા કે ઈન્કિલાબી નહિ–'ધીરે ધીરે સુધારાનો સાર' ના ઉપદેશક એના તંત્રી હતા એટલે બીજું વલણ સંભવે જ નહિ. પણ સુધારક તો 'બુદ્ધિપ્રકાશ' ઠેઠ સુધી રહ્યું. મણિલાલે કરેલા મલબારીના વિરોધનો ઉગ્ર કડીતોડ જવાબ નરસિંહરાવે (જોડણી ને લખાવટ પરથી એ હોય એમ લાગે છે) આપેલો તે 'બુદ્ધિપ્રકાશ'ના ૧૮૯૦ ના વધારા તરીકે છપાયો હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાહિત્યને આની પછી સ્થાન મળ્યું છે, ખાસ કરીને 'બુદ્ધિપ્રકાશ'ની પહેલી પચ્ચીસીમાં; તોપણ આનો અર્થ એમ નહિ કે સાહિત્યની એણે ઉપેક્ષા કરી છે. ગુ. વ. સોસાયટીનો ૧૮૫૮–૫૯નો રિપોર્ટ કહે છે કે 'પ્રથમ આ સોસાઈટી સ્થાપવા સારૂ તા. ૨૬ મી ડીસેમ્બર સન ૧૮૪૮ને રોજ સભા ભરાઇ હતી. તે એટલા સારૂ કે ગુજરાતી ભાષા ખેડાય તેમ કરવું.' સોસાયટીની સ્થાપના પાછળનો આ હેતુ સાવ વિસારે પાડવો પાલવે તેમ હતું નહિ અને ગુજરાતી ભાષા અને સાહિત્ય વિશેના 'બુદ્ધિપ્રકાશ'ના લેખો જોતાં એ વાત સાચી લાગે છે. 'ગુજરાતના કવિઓ વિશે,' પિંગળ, મનઃસુખરામની 'નળ દમયંતી' પરની લેખમાળા, રણછોડભાઈનું 'જયાકુમારીનો જય' એ નાટક, શામળ–પ્રેમાનંદ સંબંધી ('૬૩–'૬૪) ને હારમાળા સંબંધી ('૮૫) ચર્ચાઓ, નરસિંહરાવની ભીમરાવના 'મેઘદૂત'ના અનુવાદની ટીકાની પરીક્ષા ('૮૨) અને ઉત્તરરામચરિતના ભાષાંતરનું અવલોકન ('૮૩), નરસિંહરાવનાં 'મેઘ,' 'ચંદ્રા,' 'મધ્યરાત્રિએ કોયલ' ને વિધવાવિલાપ' જેવાં કાવ્યો ('૮૨ થી '૮૪) અને કાન્તનાં 'વસંતવિજય' અને 'ચક્રવાક મિથુન જેવાં કાવ્યો ('૮૯-'૯૦), નરસિંહરાવ ને કેશવલાલ ધ્રુવનાં ભાષાશાસ્ત્રવિષયક લખાણો ('૮૭–'૮૮ થી શરૂ) રમણભાઈનાં 'કવિતા' ('૮૮–'૮૯) અને "'સરસ્વતીચંદ્ર'નું અવલોકન" ('૯૦ થી '૯૨), 'પશ્ચિમ હિંદુસ્તાનની ભાષાઓ' એ ડૉ. ગ્રીયર્સનના ભાષણનું ભાષાંતર ('૯૦), ૧૯૦૦નું ગુજરાતી સાહિત્ય (૧૯૦૧), કૃષ્ણલાલ ઝવેરીનો 'દયારામ અને હાફીઝ' એ લેખ (૧૯૦૧), 'લેખનશૈલી સંબંધી ચર્ચા' અને 'ભાષાંતરો ને અનુકરણો' (૧૯૦૨) એમ ભાષા અને સાહિત્ય સંબંધી લેખોનો જથ્થો ને ગુણદૃષ્ટિએ સંગીનતા ઓછાં નથી. એને જ લીધે ૧૯૦૩માં તે વેળા વનમાં પ્રવેશતું 'બુદ્ધિપ્રકાશ' 'ગુજરાતી સાહિત્યની સેવા અને વૃદ્ધિ એ આ માસિકનું મુખ્ય કાર્ય છે' એમ પોતાનો ઉદ્દેશ સ્પષ્ટ રીતે સાહિત્યસેવા હોવાનો જાહેર કરે છે, અને 'સાહિત્યચર્ચા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જોઈએ તેટલી અને જોઇએ તેવી થતી હોય એમ લાગતું નથી' એટલે એ કાર્ય 'નવાં પ્રસિદ્ધ થતાં કેટલાંએક પુસ્તકોનું ચર્ચાયુક્ત અવલોકન' કરીને બજાવવાનો પોતાનો 'વિચાર' એ વ્યક્ત કરે છે. આમ લોકશિક્ષણ ને સુધારા તરફની દિશામાંથી સાહિત્યસેવા તરફ પોતાના ઉદ્દેશના સુકાનને 'બુદ્ધિપ્રકાશે' વાળ્યું છે. એ પણ ખાસ ધ્યાનમાં રાખવા લાયક મુદ્દો છે. ૧૯૦૩ પછી, 'પંદરમા તથા સોળમા સૈકાના ભક્તકવિઓ' (જાન્યુ-જુન, ૧૯૦૩); કલાપી અને તેની કવિતા' એ સાગરની લેખનાળા (૧૯૦૮); રણજીતરામના 'કાવ્યમાધુર્ય'નું અવલોકન (૧૯૦૪), 'વિક્રમ સંવતના અઢારમા સૈકામાં ગુજરાતનું સાંસારિક અને ધાર્મિક દર્શન' (૧૯૦૬–૭), 'ઈસુનું વર્ષ ૧૯૦૮' (૧૯૦૯) અને 'ગાથાસપ્તશતીનો સમસામયિક સંસાર' (૧૯૧૨–'૧૪) એ લેખો : ખોટાદકરનાં 'બાલેન્દુ', 'મીરાંને', 'જયદેવપત્ની', 'આતિથ્ય', 'શરન્મેઘ' જેવાં કાવ્યો (૧૯૦૯): નરસિંહરાવની 'ચંદા–ચંદ્રી–શુક્રી' અને 'ખંભાત' શબ્દની વ્યુત્પત્તિ સંબંધી ચર્ચાઓ : કેશવલાલ ધ્રુવ, રમણભાઈ આદિનાં પ્રસંગોપાત્ત થતાં ભાષણો : 'રાઈનો પર્વત', 'જયા જયન્ત,' 'નૂપુરઝંકાર', 'સ્મરણસંહિતા', 'મારી કમલા ને બીજી વાતો', 'પાટણની પ્રભુતા', 'રજની' આદિ પુસ્તકોના અવલોકનલેખો (૧૯૧૪ પછી): ભાષાશાસ્ત્ર સંબંધી તેમ જ, પ્રાચીન સાહિત્ય (જેવું કે પ્રેમાનંદનાં નાટકો) સંબંધી ચર્ચાઓ ને લેખો : कान्तनां 'ઓ હિંદદેવભૂમિ' અને 'આપણી રાત' જેવાં કાવ્યો (૧૯૧૯) : લોકગીતો, અપ્રકટ પ્રાચીન સાહિત્ય ને નાકર, કૃષ્ણદાસ, વિષ્ણુદાસ, આદિનાં અપ્રસિદ્ધ આખ્યાનો–એમ બહુવિધ સાહિત્યસામગ્રી 'બુદ્ધિપ્રકાશ'માં પ્રકટ થતી રહી છે, તે પોતાના એ ઉદ્દેશને સિદ્ધ કરવા તેણે યથાશક્તિ પ્રયત્ન કર્યો હોવાની સાબિતીરૂપ ગણાશે.

એવી જ બીજી સેવા 'બુદ્ધિપ્રકાશે' ઇતિહાસ અને પુરાતત્ત્વના ક્ષેત્રમાં ઠીક પ્રમાણમાં કરી છે. '૫૦ ના 'બુદ્ધિપ્રકાશે' ઇતિહાસને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લોકકેળવણીનું સાધન માની તેનો સમાવેશ પોતાના વિષયોની યાદીમાં કર્યો છે. પછીના 'બુદ્ધિપ્રકાશે' એ વલણ ચાલુ રાખ્યું છે.

'હિન્દુસ્તાનનો ઇતિહાસ', 'મીસરી લોકોનું વૃત્તાંત', 'અકબર ચરિત્ર', જેવી ચાલુ લેખમાળાઓ, 'અમદાવાદ વસાવ્યાનું કારણ' (૧૮૫૫), 'વીસલદેવ પ્રબંધ' ('૬૯), 'શિલાદિત્ય પ્રબંધ' ('૬૯), 'ઉદવાડાના પારસીઓનો પવિત્ર અગ્નિ' ('૭૩), 'ફડ અને પેશવાની માહિતી' ('૭૬), 'ઇસ્રાયેલ લોકો વિશે' ('૭૭), 'ટીપુ સુલતાન' ('૮૦), 'સુલતાના રિઝિયા' ('૯૩), 'શિવાજીનો રાજ્યાભિષેક' ('૯૪), 'પ્રાચીન હિંદુઓની સમુદ્રની મુસાફરી' (૧૯૦૩), 'ગુજરાતના વલભી રાજાઓ' (૧૯૦૩), જેવા લેખો, 'મિરાતે અહમદી'ના (બાલાશંકર કંથારિયાકૃત), ભાષાંતરની લેખમાળા 'ગુજરાતના ઇતિહાસનાં સાધનો' એ રણજીતરામની વર્ષો સુધી (૧૯૦૯–'૧૫) ચાલેલી લેખમાળા, હીરાલાલ પારેખના અનેક તદ્‌વિષયક લેખો, ડૉ. હરિલાલ ધ્રુવના પુરાતત્ત્વલેખો (૧૮૯૦ થી કેટલાંક વરસ સુધી), અને ડિસકળકરના લેખોના 'ગુજરાતના ઉત્કીર્ણ લેખોનું પર્યાલોચન' નામે અનુવાદની માળા ('૨૪–'૨૫) જેવી સામગ્રી એની સાબિતીરૂપ છે. એમાં ડૉ. હ. હ. ધ્રુવ, અને રણજીત-રામનો ફાળો ખાસ સ્મરણીય ગણાય તેવો છે. અલબત્ત આ પ્રકારના લેખોમાં બધું જ મૌલિક નથી હોતું, કેટલાક લેખો તો ભાષાંતરો જ છે, પણ આપણે તો 'બુદ્ધિપ્રકાશ'નો ઇતિહાસરસ જ એમાંથી તો જોવાનો છે.

આવા 'બુદ્ધિપ્રકાશે' તેની પહેલી બે પચ્ચીસીમાં સારી લોકપ્રિયતા અને પ્રતિષ્ઠા મેળવી હતી. એ વખતના, નવો પ્રકાશ પામી આંખો ચોળી જાગતા જમાનાને તેની ઉઘડેલી જ્ઞાન–સંસ્કાર–ભૂખ રુચિ અને જરૂરતને અનુરૂપ સાહિત્ય તેણે આપ્યું. ચોથા વરસને અન્તે ગુ. વ. સોસાયટીના મંત્રી સંતોષના મિશ્રણવાળી ભાષામાં નોંધે છે કે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માસિક ચોપાનિયું બુદ્ધિપ્રકાશ કે જેની ઉમર ૪ વર્ષની થઈ છે તોય પણ આપણી મરજી માફક તો આખા દેશમાં દોડવા શિખ્યું નથી, તથાપિ તેના અક્કલબાજ ચલાવનાર કવીશ્વર દલપતરામ ડાહ્યાભાઈના હાથ નીચે સુધરીને પોતાના જાતભાઇ બીજાં ગુજરાતી ચોપાનિયાં કરતાં તે વિશેષ લોકોનું મનરંજન કરે છે.' (ગુ. વ. સો. ની વાર્ષિક સભા, ૫-૩-૧૮૫૮ના અહેવાલમાંથી)

સત્તર વર્ષે 'બુદ્ધિપ્રકાશ' ની નકલોની ખપત બારસો સુધી પહોંચી હતી તે પણ એ જમાનો જોતાં તેની લોકપ્રિયતા અને પ્રચાર સારાં હતાં એ બતાવે છે. ૧૮૮૦ પછી કેટલાક અગ્રગણ્ય સાહિત્યકારો (જે એ વખતે પોતાની સાહિત્ય લેખન-પ્રવૃત્તિના શ્રીગણેશાય નમઃ કરતા હતા) તેઓ એમાં શિષ્ટ સબળ ગદ્યમાં લખતા થયાથી 'બુદ્ધિ-પ્રકાશ' ની કીમત અને પ્રતિષ્ઠા જરૂર વધી હશે. ગોવર્ધનરામે 'સરસ્વતીચંદ્ર' ના પહેલા ભાગમાં કુમુદને તાજા જ આવેલા 'બુદ્ધિ-પ્રકાશ' ના અંકમાં 'ચંદા' ની કવિતા વાંચતી બતાવી છે તે આડકતરી રીતે 'બુદ્ધિપ્રકાશ' ની તે વખતની પ્રતિષ્ઠા કહી આપે છે. ત્યાર પછી તો ૧૯૦૩ માં '.. પણ આ એક નવીન વ્યક્તિ છે, અને તેથી 'વન' ની કોઈ રીતે એને ભીતિ રહેતી નથી'[1] એમ આત્મ-શ્રદ્ધાભેર કહેવા છતાં ઉત્સાહની ભરતી શમ્યે, પછી શરૂ થયેલા 'વસન્ત' અને અન્ય સામાયિકો આગળ ઘરેડિયું જીવન જીવતું 'બુદ્ધિ-પ્રકાશ' કેટલાંક વરસ સુધી ઝાંખું પડી ગયું. ૧૯૩૨ થી સ્વ. હીરા-લાલની અભિલાષા અને હોંશ મુજબ તેણે ધરેલા ત્રૈમાસિક અવતારમાં તેણે પુનઃ પ્રતિષ્ઠા મેળવવાનું શરૂ કર્યું તો ખરું, પણ લેખો ભાષા ને ઇતિહાસ-પુરાતત્ત્વ સંબંધી અને અભ્યાસપૂર્ણ આવવા લાગ્યા એટલે એ વિદ્વદ્‌ભોગ્યતા તરફ વળ્યું. એના વધુ એવા બની ગયેલા અત્યારના સ્વરૂપ સામે સોસાયટીના જૂના સભ્યોમાંથી કોઈ કોઈ તો વર્તમાન આસિસ્ટંટ સેક્રેટરી પાસે જઈ ફરિયાદ ને રોષ ઠાલવી આવે છે. પણ હવે સોસાયટીના ઉચ્ચ અભ્યાસ અને સંશોધન-વિભાગ તરફથી એક

---

૧ જુઓ 'નવું વર્ષ' એ લેખ, જાન્યુઆરી, ૧૯૦૩.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્રૈમાસિક પત્ર અલાયદું જ કાઢવા વિચાર ચાલે છે તે અમલમાં મુકાતાં એવા સંશોધનવિષયક ને અભ્યાસપૂર્ણ પણ લોકોના મોટા ભાગને તે જ કારણે શુષ્ક લાગતા લેખોને 'બુદ્ધિપ્રકાશ' માંથી દૂર રખાશે અને 'બુદ્ધિપ્રકાશ' ને પહેલાંની માફક બહુજનભોગ્ય બનાવવાના પ્રયાસ થશે એવી આશા રખાય છે.

ગુજરાત વર્નાક્યુલર સોસાયટીના મુખપત્ર અને વર્તમાન ગુજરાતી સામયિકોમાં સૌથી વયોવૃદ્ધ, 'બુદ્ધિપ્રકાશ'ની લાંબી કારકિર્દીની આ ટૂંકી માહિતી એટલું તો અવશ્ય સિદ્ધ કરી આપશે કે ઇતિહાસ, કેળવણી, સુધારો, વિજ્ઞાન, હુન્નર ઉદ્યોગ ને કળા, ધર્મ–સદાચાર–નીતિ આદિ વિષયોનું પોતાના ગજાપૂરતું જ્ઞાન ગુજરાતી સમાજને આપવાનો અને ભાષા તથા સાહિત્યની સેવા કરી તેનું શોધન--વર્ધન ને રસાસ્વાદન વધારવાનો શક્ય તેટલો પ્રયત્ન 'બુદ્ધિપ્રકાશે' અવશ્ય કર્યો છે. નરસિંહરાવ, કાન્ત અને બોટાદકરની કવિતાને છાપી નવી કવિતાને સત્કારવાનો પ્રથમ યશ એને જાય છે. હરિલાલ ધ્રુવ ને રણજીતરામ જેવાના અપ્રાપ્ય લેખો માટે અત્યારે એની જ ફાઇલો ફેંદવી પડે તેવું છે. અને સૌથી વધુ તો ગુજરાતી જીવન ને સાહિત્યની પ્રગતિસૂચ પણ એમાંથી જોઇને માપી શકાય. ગુજરાતી સમાજ ને સાહિત્યની તેણે બજાવેલી આવી સેવાનો વર્તમાનમાં ગુજરાત જેવું છે તે પરિસ્થિતિએ તેને પહોંચાડવામાં ઓછો હિસ્સો નહિ હોય. સાહિત્યના ઇતિહાસકારે એની યોગ્ય નોંધ કરવી જ પડવાની.

ન. જ. ત્રિ.
અ. મ. રા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

24636
25-3-2013
Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુક્રમણિકા

	લેખ	ઈ. સ. વર્ષ	પૃષ્ઠ
	ખંડ ૧ : ભાષા અને સાહિત્ય		
	૧. ભાષાવિચાર		
૧	જોડણીચર્ચા	૧૯૧૨	૩
૨	રા. બ. ક. ઠાકોરની જોડણીચર્ચા	,,	૧૨
૩	પ્રાચીન ગૂજરાતી ભાષા	૧૯૨૯	૧૬
	૨. સાહિત્યવિચાર		
૪	વડોદરા 'પ્રાચીન કાવ્યમાળા' ઓફીસ તરફથી અમદાવાદ વર્નાક્યુલર સોસાયટીએ બહાર પાડવાના કુલ ગ્રંથોની યાદી	૧૯૧૧	૪૨
૫	જાનેવારી ગુદસ્તના બુદ્ધિપ્રકાશમાં છાપેલી અપ્રસિદ્ધ પુસ્તકોની યાદી	,,	૪૫
૬	ચંદ્રહાસની કથાને મળતી અન્ય લોકકથાઓ	,,	૪૮
૭	કામસૂત્ર અને ન્યાયભાષ્યનો કર્તા	૧૯૨૦	૫૬
૮	ભોજાના "ચાબખા"	૧૯૨૧	૬૪
૯	ચંદ્રહાસનું આખ્યાન : વિસ્તાર અને પરિવર્તન	૧૯૩૦	૭૫
	૩. ગ્રંથાવલોકન		
૧૦	ગૂજરાતી નવલકથાનું સાહિત્ય	૧૯૧૨	૮૫
૧૧	નૂપુરઝંકાર	૧૯૧૫	૧૦૦
૧૨	પાટણની પ્રભુતા	૧૯૧૬	૧૧૫
૧૩	ગુજરાતની એક નવલકથા	૧૯૧૭	૧૨૧
૧૪	તણખાનાં તેજછાયા	૧૯૨૭	૧૨૭
૧૫	અવલોકન નોંધ	,,	૧૩૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

	ઊગતી જુવાની	૧૯૨૩	૧૩૬
	થોડાંક છુટાં ફુલ	૧૯૨૭	૧૩૭
	ભાવનાસૃષ્ટિ	૧૯૨૪	૧૩૯

ખંડ ૨ : ઇતિહાસ-પુરાતત્ત્વ

૧૬	મુસલમાન પહેલાં હિન્દમાં આવેલા પરદેશી લોકોનો હિન્દુ સમાજમાં સમાવેશ	૧૯૦૯	૧૪૧
૧૭	હિંદમાં ઈરાની અમલની અસર	૧૯૧૫	૧૫૫
૧૮	આપણો મેસોપોટેમિયા	૧૯૨૦	૧૬૩
૧૯	ધર્મારણ્યમાં ઐતિહાસિક તત્ત્વ	૧૯૨૯	૧૭૪

ખંડ ૩ : શિક્ષણવિચાર

૨૦	ભારતીય મહિલા વિદ્યાપીઠ	૧૯૧૮	૧૮૩
૨૧	માનસિક શક્તિઓનું માપ	૧૯૨૧	૧૯૩
૨૨	આપણા આંધળાઓ	૧૯૨૬	૨૦૮
૨૩	બાળવાર્તા	૧૯૨૯	૨૨૪

ખંડ ૪ : ધર્મ-તત્ત્વજ્ઞાન

૨૪	ષડ્દર્શન, વેદાન્ત, ને આધુનિક મતભિન્નતા	૧૯૧૦	૨૩૫
૨૫	કર્તવ્યાકર્તવ્ય સંબંધી વિચાર	૧૯૨૧	૨૪૮
૨૬	ધાર્મિક શિક્ષણ	૧૯૨૭	૨૫૬
૨૭	માનવગ્રન્થ	૧૯૩૦	૨૬૩

ખંડ ૫ : જીવનચરિત્ર

૨૮	મલ્હાર ભિક્ષાજી બેલસરેનું જીવનવૃત્તાન્ત	૧૯૧૧	૨૬૭
૨૯	"ગુજરાતી"ના અધિપતિનો સ્વર્ગવાસ	૧૯૧૨	૨૭૨
૩૦	સ્વર્ગસ્થ અ. સૌ. વિજયાલક્ષ્મી ત્રિવેદી	૧૯૧૪	૨૮૨
૩૧	સ્વર્ગસ્થ દોલતરામ કૃપારામ	૧૯૧૭	૨૯૨
૩૨	સ્વર્ગસ્થ ભાઇ શિવાભાઈ બાપુભાઈનું ટુંક જીવનચરિત્ર	૧૯૧૯	૨૯૮

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩૩	સ્વ. ભાઈ ચીમનલાલ ડાહ્યાભાઈ દલાલ	,,	૩૦૬

ખંડ ૬ : વિજ્ઞાન

૩૪	બંગાળી સાહિત્ય પરિષદ્‌ના પ્રમુખ ડૉ. બોસનું ભાષણ	૧૯૧૧	૩૨૦
૩૫	ઉત્ક્રાંતિવાદ–તેનો મુખબંધ	૧૯૧૩	૩૨૭
૩૬	કેટલાંક પ્રાણીઓ વિષે કેટલાક ખોટા ખ્યાલ	૧૯૨૦	૩૩૬
૩૭	અંકગણિતની ઉત્પત્તિનો ઇતિહાસ	૧૯૨૧	૩૪૩
૩૮	“ હિંદુસ્તાનનું ભૂસ્તર ”	૧૯૨૩	૩૫૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બુદ્ધિપ્રકાશ

[લેખસંગ્રહ : ઇ. સ. ૧૯૦૯–૧૯૩૦]

ગ્રંથ ૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખંડ ૧ : ભાષા અને સાહિત્ય

૧. ભાષાવિચાર

જોડણીચર્ચા

રા. બ. રમણભાઈ મહીપતરામ નીલકંઠ,

અમદાવાદ

મહેરબાન સાહેબ,

સેવામાં વિનંતિ કે જોડણી કમિટિનું સવાલપત્રક પ્હોંચ્યું છે. એ વિષયમાં રા. રા. નરસિંહરાવ ભોળાનાથ દીવેટિયાએ ઇ. સ. ૧૯૦૬માં પ્રસિદ્ધ કરેલ “ જોડણી ” નામના નિબંધમાં જે અભિપ્રાયો દર્શાવેલા છે, તેમાંના ઘણાખરા મને માન્ય છે. × માત્ર નીચેની બાબતોમાં એમના અભિપ્રાયોથી મને સંતોષ થતો નથી.

× એટલે કે શાસ્ત્રીય શુદ્ધિની દૃષ્ટિએ વ્યવહારુ જોડણીને માટે રા. રા. નરસિંહરાવે એ પુસ્તકમાં ૯૬ મે પાને પોતાના અભિપ્રાય ગણાવ્યા છે. તોડજોડ કે એઓ જેને “ ત્યાગસ્વીકાર (Compromise) ” કહે છે, તેમાં હું એમના કરતાં ઘણી વધારે છૂટછાટ મૂકવા તૈયાર છું. પણ મારા મનથી શાસ્ત્રીય શુદ્ધિનો પ્રશ્ન ભાષાપંડિતોને માટે વધારે મહત્ત્વનો અને વિચારક્રમમાં પ્રથમ છે. ફલાણા ફલાણા શબ્દવર્ગો અને શબ્દોની ફલાણી જોડણી શુદ્ધ,–એ બાબતમાં વિદ્વાનોમાં ક્યાં એકમતી છે, અને ક્યાં અને કેટલો અને કેવા પ્રકારનો મતભેદ છે, એ કારણો સહિત જાણવામાં આવી જાય, એટલે પછી રૂઢિને કેટલું માન આપવું, વિકલ્પવાદ કેટલે અંશે સ્વીકારવો, વ્યવહારમાં કેટલી છૂટછાટ મૂકવી, એ સવાલો ઉકેલવા સહેલા પડશે એમ માનું છું, અને તેથી કરીને આ પત્ર શાસ્ત્રીય શુદ્ધિના દૃષ્ટિબિંદુથી જ લખ્યો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧. લઘુપ્રયત્ન યકારનાં તકરારી સ્થળો

[જુવો "જોડણી" પૃ. ૩૮ અને ૪૬ થી ૫૦]

આ યકાર જૂની ગૂજરાતીમાં ઘણો વધારે હતો. અર્વાચીન ગુજરાતીમાં ઘણો ઘસાઈ ગયો છે. ઘસાઈ જાય જ. લ્યો, દ્યો, આદિમાં રહ્યો છે અને રહેશે. આંખ્ય, આવ્ય, આદિમાં રહ્યો છે કે કેમ એ સવાલ છે.

(૧) "બહુ ભાગમાં પ્રચરિત ઉચ્ચાર સ્વીકારવો" (પૃ. ૨૮), "મોટા ભાગમાં શિષ્ટ વર્ગમાં થતો ઉચ્ચાર સ્વીકારવો" (પૃ. ૩૦) એ ધોરણે,

અથવા તો (૨) ઉપર બતાવેલ "ઘસાઈ જાય જ" એ ધોરણે, હું આ તકરારી સ્થળોમાંનો લઘુપ્રયત્ન યકાર સ્વીકારી શકતો નથી.

૨. 'સ' કે 'શ' અને સંસ્કૃત મૂલને આપવું જોઈતું વજન

[જુવો "જોડણી" પૃ. ૩૯ અને પૃ. ૫૮ થી ૬૧.]

ગુજરાતી ભાષા જીવતી છે. સંસ્કૃતનું જ્ઞાન દેશમાં વધતું ને ફેલાતું જાય છે. શિષ્ટ વર્ગના ઉચ્ચાર ફરતા જાય છે, સંસ્કૃત તરફ વળતા જાય છે, એ નિર્વિવાદ છે. આપણા તદ્ભવ (એટલે કે ટૂંકામાં પ્રાકૃતમાં થઈ ને આવેલા શબ્દો બધા એકસરખા જૂના નથી. કેટલાક ઘણા જૂના છે: ઉદાહરણ—મૉટ (मुकुट), શાણું (सज्ञान), પૅર (प्रकार), પ્હૉ (प्रभात), ઇત્યાદિ કેટલાક જૂના છેઃ ઉદાહરણ—રેન (रजनी), ઘેરૂં (गंभीर), ન્હાનું (श्लक्षण), ત્રાક (तर्कु), પેખ (परीक्ष), ઓવારી (अवतरण), વખાણ (व्याख्यान), ભોરિંગ (भुजंग), હૈયું (हृदय), વગેરે પણ કેટલાક પ્રેમાનંદ શામળના કાલથી વધારે જૂના જણાતા નથી, અથવા પ્રાચીનતાની આવી કસોટી હાલના આપણાં સ્વલ્પ ભાષાજ્ઞાનને લીધે બરોબર ઉપયોગમાં નહીં લઈ શકાય,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ સ્વીકારિયે, તો માત્ર મૂલ રૂપમાં થઈ ગયેલા વિકારને ધ્યાનમાં લઈને પણ કહી શકાય, કે કેટલાક શબ્દોમાં ઘણો વિકાર થઈ ગયો છે, કેટલાકમાં થોડો થયો છે, અને છેલ્લા શબ્દોમાં બહુ જ થોડો થયો છે. અને છેલ્લા વર્ગના શબ્દોની સાથે હવે પાછા (સંસ્કૃત-જ્ઞાનના વધારાની સાથે) મૂળ સંસ્કૃત શબ્દો ગુજરાતીમાં દાખલ થયા છે અને વધારે વધારે પ્રમાણમાં દાખલ થતા જાય છે. શબ્દ શબ્દનાં આવાં સ્વલ્પ ફેરવાળાં તત્સમ અને તદ્ભવ જોડકાં ભાષામાં વધ્યાં છે અને વધતાં જાય છે. અને એ જોડકાંની હરીફાઈમાંથી કયું રૂપ રહેશે અને કયું ભૂંસાશે, એ તો ભાવિને હાથ છે. માટે આ વિષયમાં રા. રા. નરસિંહરાવ—

> " કૃત્રિમ જોડણીને જીતી સ્વાભાવિક ઉચ્ચાર પોતાનું બલ સ્થાપે છે." (પૃ. ૨૧),
>
> " શુદ્ધતા વગેરેની ભ્રમમય ઇચ્છા " (પૃ. ૫૮),
>
> " વ્યુત્ક્રમવાળી પદ્ધતિ " (પૃ. ૫૯),
>
> " પ્રયોગ પેસાડી દીધેલાની પ્રતિક્ષેપન ક્રિયા " (પૃ. ૬૧),

આદિ લખીને—

જે અનાદર દર્શાવે છે તે વિષે મારો અધીન મત એવો છે, કે તે જીવતી ભાષાની વિવૃદ્ધિનો અનાદર છે. વ્યુત્પત્તિ અને ભાષાના ઐતિહાસિક ઘડતરને વિષે એમની સવિશેષ એકાગ્રતાને લીધે એમનાથી આમ થઈ ગયેલું મને લાગે છે. મરહુમ મનસુખરામ જેવાની અત્યંત સંસ્કૃતોન્મુખતા બેશક પ્રજાએ હસી કહાડેલી છે, અને એવી સંસ્કૃતોન્મુખતા કોઈ સમદર્શી અભ્યાસી સ્વીકારે નહીં. પણ રા. રા. નરસિંહરાવની આ વિષયમાં જણાતી સંસ્કૃતવિમુખતાને પણ પ્રજા સ્વીકાર્ય નહીં ગણે એમ ધારૂં છું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩. મૂર્ધન્યતર ઢકાર

[" જુવો " જોડણી પૃ. ૩૮ : क (૧-બી); પૃ, ૩૯ ख (૨) પૃ. ૪૨; અને પૃ. ૬૩ થી ૬૫]

ગુજરાતી ભાષાનાં ઉચ્ચારણનું અવલોકન કરનારા વિદ્વાનોએ કાઠિયાવાડનાં ઉચ્ચારણને આજ સુધી જોઈતું વજન આપેલું નથી. કાઠિયાવાડમાં—

ઓઢણી, કઢવું, કઢી, કાઢવું, કોઢ, ગઢ, ગઢવી, ગઈ ઢો, ચઢવું, ચીઢ, ટાઢ, ઢાઢી, ઢાંઢો, ઢેઢ, કે ઢેડ્, ઢેડ્ગરોળી, ઢુંઢવું, દઢ, દૅાઢી, દોઢ (૧ાા), નંઢો, પઢવું, પીઢ, પૉઢવું, મઢવું, માઢમેડી, મીંઢળ, મોઢ (નાત), મૉઢું, રઢ, રાઢ, રીઢું, રેઢું, ઢોર, લઢવું (ઝીણું વાટવું). લોઢ (દરિયાના), લોઢું, વઢવું, વાઢવું, વેઢા (આંગળીના), વેઢ, વાંઢો, સઢ (હોડીના), સેઢો-શેઢો, વગેરે શબ્દોમાં ઢ મૂર્ધન્યતર નથી.

મૂર્ધન્યતર ઢ કાઠિયાવાડમાં સો વસા નથી જ. તો વ્યુત્પત્તિથી મ્હૉડું, લ્હોડું, એજ સિદ્ધ થઈ શકે છે, મૉઢું, લોઢું નહીં (પૃ. ૪૨), એમ કહેવું વ્યર્થ છે-મૉઢું, લોઢું વ્યુત્પત્તિથી ઘટાવવાં એ ભાષાજ્ઞાનનું કર્તવ્ય છે અને રૂપ વિકલ્પે સ્વીકારવાં-મ્હોડું, લ્હેડું, લખિયે ત્યાં ' ડ 'કાર મૂર્ધન્યતર એટલે કે ' અડ 'કાર હોવાથી 'ડ' નીચે બિંદુ લખવું; નહીં તો ' હ ' અને ' ડ 'ના સંયોગથી મૂર્ધન્ય ' ઢ ' થઈ ગયો ગણીને મૉઢું, લોઢું, વગેરે લખવું.

૪. હકાર

[જુવો "જોડણી" પૃ. ૩૮ क (૧ એ અને સી); અને પૃ. ૪૦થી ૪૨, ૪૩, થી ૪૫ અને ૯૬]

આ વિષે રા. રા. નરસિંહરાવના અભિપ્રાયો નીચે મુજબ છે:-

૧—હકાર અને લઘુપ્રયત્ન હકાર એમ આમાં ભેદ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨—બંને હકારનું સ્થળ શબ્દના આરંભમાં છે—શબ્દમાંના પ્રથમ સ્વરની પહેલાં છે:—It is that first vowel which is aspirated fully or lightly.

૩—લઘુપ્રયત્ન હ પણ જ્યાં જ્યાં ઉચ્ચારણમાં હોય ત્યાં ત્યાં લખવો જ. એ, આ, જે, તે,—એ સર્વનામોમાં એ હકાર પ્રથમા અને પંચમીમાં નથી, પણ બીજી વિભક્તિઓમાં છે; કો'નું, જે'નું, કે'વું, કો'ને, જે'ને, જે'માં (પૃ. ૯૬), એમ કેટલાંક રૂપમાં (પ્રશ્ન–આમાં સામાન્ય હ કયા કયામાં, લઘુ પ્રયત્ન હ કયા કયામાં ?) લોપ સંજ્ઞા (') વડે ચલાવી લેવું, પરંતુ ઘણાંખરાં રૂપ અને શબ્દોમાં તો હ જ લખવો.

હવે આમાં પૂર્ણ પ્રયત્ન એટલે કે સામાન્ય 'હ' કારનો સવાલ મુશ્કેલ નથી. ઉચ્ચારણનું અવલોકન એ હકારની હસ્તી જ્યાં જ્યાં દેખાડે, અને વ્યુત્પત્તિશાસ્ત્ર જ્યાં જ્યાં એ હકાર સકારણ જણાવે ત્યાં ત્યાં એ હકાર શબ્દમાંના પ્રથમ સ્વરની પ્હેલાં લખવો એજ મત શુદ્ધ ગણાશે એમ માનું છું. જે જે શબ્દોના ઉચ્ચારણ વિષે કે વ્યુત્પત્તિનિર્ણયમાં મતભેદ થાય, તેને શબ્દોના સંબંધમાં મુશ્કેલી ઊભી થાય ખરી, પણ એ મુશ્કેલી જોડણીની મુશ્કેલી નથી, મતભેદ-મૂલક મુશ્કેલી છે, જેનો તોડ વિકલ્પસ્વીકારથી જ થઇ શકે.

પણ લઘુપ્રયત્ન હકારનો વિષય રા. રા. નરસિંહરાવ ધારે છે તે કરતાં વધારે ઊંડો જણાય છે.

(૧) હકારનું ઉચ્ચારણ શ્વાસને મૂર્ધાના ક્ષણિક દબાણ વડે નીચી ગતિ આપવાથી થાય છે. ખ અને ક વચ્ચેના, ઘ અને ગ વચ્ચેના, છ અને ચ વચ્ચેના, વગેરે ઉચ્ચારણભેદોનું અવલોકન હકારનાં આ લક્ષણને પુષ્ટિ આપે છે. **મૂર્ધાનું બિલકુલ દબાણ ન હોય ત્યારે શુદ્ધ સ્વર, અમુક પ્રમાણનું દબાણ હોય ત્યારે હ, અને એથી ઓછું દબાણ હોય ત્યારે લઘુપ્રયત્ન હ,** એ પ્રમાણે વસ્તુસ્થિતિ છે. અને આ વિવેચન ખરું હોય તો તે ઉપરથી નીચેનાં ત્રણ પરિણામ ફલિત થાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(ક) લઘુપ્રયત્ન હનું સ્વતંત્ર ચિહ્ન અશક્ય છે.

(ખ) 'હ' અક્ષર સામાન્ય કે પૂર્ણપ્રયત્ન હને માટે હોવાથી, લઘુપ્રયત્ન હને માટે 'હ' અક્ષર વાપરવો. અગર કંઈ પણ ન વાપરતાં કેવલ સ્વરચિહ્નથી નિર્વાહ કરવો, એ બંને પ્રકાર એકસરખા અશુદ્ધ છે, એમાંથી એકની બીજા ઉપર સરસાઈ નથી; 'ઉં' લખો કે 'હું' લખો, 'અમે' લખો કે 'હમે' લખો, 'એને' લખો કે 'હેને' લખો, 'આવું' લખો કે 'હાવું' લખો, અજી લખો કે 'હજી' લખો,—બંને જોડણી શુદ્ધિ–અશુદ્ધિમાં સમાન છે. જે સર્વ શબ્દ અને રૂપમાં લઘુપ્રયત્ન હકાર છે તેની પોતે કરે છે તે જોડણી ચાલતી જોડણીના કરતાં વધારે શુદ્ધ હોવાનો રા. રા. નરસિંહરાવનો દાવો આ પ્રમાણે ખોટો ઠરે છે.

(ગ) પદાર્થવિજ્ઞાનના સંગીતનાં સપ્તકોમાંનો દરેક સુર હવાનાં કેટલાંક આંદોલનોનો બને છે એ માપવામાં આવેલું છે. 'સા' નામના સુરનાં આંદોલનોની સંખ્યાને $\frac{૧}{૧}$ ગણીએ, તો 'રી'નાં આંદોલનોની સંખ્યા $\frac{૯}{૮}$ હોય છે. જે સપ્તકનો સા સેકંડનાં ૧૨૮ આંદોલનોનો બને છે, તે સપ્તકનો રી ૧૪૪ આંદોલનોનો બને છે, અને ૧૨૮થી વધારે પણ ૧૪૪ થી ઓછાં આંદોલનોવાળા, નહીં સા કહી શકાય કે નહીં રી કહી શકાય એવા અગણિત તો શું પણ અનંત (an infinite number of) સુરો વાદિત્ર વડે કે કંઠમાંથી નીકળી શકે છે. આ દાખલો આપણા ઉચ્ચારણના વિષયમાં લગાડિયે. સા અને રી ની વચમાં જેમ આ અનંત સુરો છે, તેમ આપણાં ઉચ્ચારણોમાં એક છેડે શુદ્ધ સ્વર છે, બીજે છેડે પૂર્ણપ્રયત્ન કે સામાન્ય હ છે, અને એ બેની વચમાં લઘુપ્રયત્ન હ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે, તે પણ વત્તાઓછા પ્રયત્નના કારણથી અનંત (infinite) ભેદોવાળું ઉચ્ચારણ છે. છેક ઓછા પ્રયત્નથી થતા લઘુપ્રયત્ન હ ને શુદ્ધ સ્વરથી નોખા પાડી ન શકાય, લગભગ પૂર્ણપ્રયત્ન હ ના પ્રયત્નથી થતા લઘુપ્રયત્ન હને સામાન્ય હ થી પારખી ન શકાય, અને અમુક શબ્દમાંનો લઘુપ્રયત્ન હ કેટલા પ્રયત્નવાળો છે એ નક્કી કરવા તેનું ફરી ઉચ્ચારણ કરતાં પ્રયત્નમાં વધઘટ થઈ જાય, બલ્કે જુદાજુદા માણસોના અને જુદા જુદા પ્રસંગોના એક ને એક શબ્દના ઉચ્ચારણમાં પ્રયત્નપ્રમાણ એકસરખું ન રહે, એ પ્રકારનું આ ઉચ્ચારણ છે. અને આ હકીકત ખરી હોય તો તેથી ઉપર લખેલ (ક) અને (ખ) ને પણ પુષ્ટિ મળે છે.

(૨) રા. રા. નરસિંહરાવ ગુજરાતી ઉચ્ચારણમાં ભાર (accent)-ની અસ્તિ સ્વીકારે છે. કાઠિયાવાડનાં ઉચ્ચારણમાં ગુજરાતના કરતાં ભારનું પ્રમાણ ઘણું વધારે છે.× જ્યાં જ્યાં ગુજરાત અને કાઠિયાવાડ બંનેમાં ભાર મુકાય છે ત્યાં ત્યાં કાઠિયાવાડમાં વધારે જોરદાર અને ગુજરાતમાં ભાર નથી મુકાતો એવા ઘણા શબ્દો અને ઘણાં સ્થળોમાં કાઠિયાવાડમાં ભાર મુકાય છે. હવે આ ભારનું સ્થાન ટુંકા શબ્દોમાં શબ્દોના આરંભમાં હોય છે. એટલે ઘણુંખરૂં ટુંકા શબ્દના પ્રથમ સ્વર ઉપર ભાર આવે છે. આ હકીકત ઉપરથી એક પ્રશ્ન એ ઉઠે છે કે શુદ્ધ પણ ભારયુક્ત સ્વર અને લઘુપ્રયત્ન હકારવાળા સ્વરની વચ્ચે હરેક દાખલામાં અને સૌ સ્વીકારે એવો કશો પણ તફાવત બતાવી શકાશે ? કાઠિયાવાડી ભારયુક્ત ઉચ્ચારણમાં આવો તફાવત તારવવો લગભગ અશક્ય જણાશે.

× કાઠિયાવાડીઓ ગુજરાતીઓની બોલીને મૉળી, પોચી, દમવગરની વગેરે વિશેષણો લગાડે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૩) હું, હવે, હમણાં, હમે, હમારું, હેને, હાવું, વગેરેમાંના હકારને રા. રા. નરસિંહરાવ લઘુપ્રયત્ન લઘૂચ્ચારણ હ કહે છે. આ વિષયમાં "આગળ ને પાછળ અમુક વ્યંજનવર્ગ આવે તો હ, બાકીના વ્યંજન કે સ્વર આવે તો લઘુપ્રયત્ન હ,"—એવો કંઈ નિયમ જડી શકે એમ છે ખરો કે નહિ? આવો નિયમ ન જ જડી શકે તો એનો શો અર્થ?—એ જ કની કે કયાં હ છે, કયાં લઘૂચ્ચારણ હ છે, અને કયાં એમાંથી એકે નથી, એ વિષે એકમતી સંભવિત જ નથી?

(૪) આ પ્રમાણે (क) ભારયુકત અને (લઘુપ્રયત્ન) હ યુકત ઉચ્ચારણ આપણને ગુંચવણમાં નાખે છે, (ख) લઘુપ્રયત્ન હ અનંત પ્રકારનો છે, અનિશ્ચિત અને વધઘટ સ્વીકારનારાં રૂપનો છે, અને અમુક શબ્દોનું તો એ કાયમનું અવયવ છે જ એમ આપણાથી એક-મતે અને સર્વદા કહી શકાય નહીં એવો એ સૂક્ષ્મ છે. ત્યારે **હાલ ચાલતી જોડણી જેમાં હું, હવે, હમણાં વગેરે કેટલાક શબ્દો-માં સામાન્ય હ હોય એમ આપણે લખિયે છિયે, અને એને, આવું, અમે, અમારું, વગેરે બીજા શબ્દોમાં શુદ્ધ સ્વર જ હોય એમ આપણે લખિયે છિયે,—લઘુપ્રયત્ન હ ના અખાડા જ કરિયે છિયે**+**—એ જ ખરી, અને શાસ્ત્રીય વિશુદ્ધિ વ્યવહારમાં જેટલે અંશે ઉતારી શકાય તેટલે અંશે ઉતારનારી અને છૂટક છૂટક વ્યક્તિરૂપ ચિહ્નો** (discrete signs) **સળંગ અને અનંત ભેદોવાળા** (continuous and

---

+ ચાલતી જોડણીની થોડી અસર ઉચ્ચારણ ઉપર થાય એ કુદરતી છે. આનો "કૃત્રિમ" વગેરે શબ્દો વડે ઉપહાસ કરવો વ્યર્થ છે. રા. રા. નર-સિંહરાવની માફક બધે હ લખવાની અસર શી થવાની? ઉચ્ચારણ ઉપર જોડણી જેટલે દરજ્જે અસર કરી શકે તેટલે દરજ્જે આવી જોડણીનું વલણ લઘુપ્રયત્ન હ ને ઠેકાણે ઉચ્ચારણમાં સામાન્ય હ દાખલ કરવાનું નહીં નીવડે? એથી ઉલટું ચાલતી જોડણીના અંગમાના પરસ્પર વિરોધનું વલણ લઘુપ્રયત્ન હ નું રક્ષણ કરવાનું નથી શું?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

of infinite variety) **ઉચ્ચારણપ્રવાહનું જેટલું અને જેવું પ્રતિબિમ્બ ઝીલી શકે તેટલું ઝીલનારી જોડણી નથી શું?** રા. રા. નરસિંહરાવે જોડણીનું શાસ્ત્રીય વિવેચન કરીને ગુજરાતી ભાષાશાસ્ત્રની તેની બાલ્યાવસ્થામાં મોટી સેવા બજાવી છે એ વિષે બે મત નથી. એમણે પ્રથમ કરેલું અને બીજાઓને કરાવેલું લઘુ-પ્રયત્ન હ જેવી સૂક્ષ્મ વસ્તુનું દર્શન, એ સેવાનું એક મહત્ત્વનું અંગ છે, એ વિષે પણ બે મત સંભવિત નથી. પરંતુ લઘુપ્રયત્ન હ છે જ, તો એને જોડણીમાં ઉતારવો જ, એ એમના આગ્રહને વિષે—જોડણીના આખા વિષયમાં હું એમનો શિષ્ય છતાં—લખવું પડે છે, કે વિદ્વાનોનાં શાસ્ત્રા-ધ્યયન અને વિચારશક્તિના કરતાં પ્રજાની સ્વાભાવિક અસ્ફુટ બુદ્ધિ (natural instinct) વધારે તલસ્પર્શી હોય છે તેનો પણ એમણે યોગ્ય વિચાર કરવો જોઈતો હતો, અને લઘુપ્રયત્ન હ ઉચ્ચારણમાં છે તો આપણા જેવી પારદર્શક લિપિનું સાધન છતાં પણ પ્રજા તેને લખતી નથી તે સકારણ તો નહીં હોય, એ દૃષ્ટિથી એમણે આખો વિષય વધારે બારીકાઈથી તપાસવો જોઈતો હતો.

હાલ એ જ વિનંતિ. રાજકોટ, તા. ૧૫–૬–૧૯૧૨

લી. સેવક,

બળવન્તરાય કલ્યાણરાય ઠાકોરના પ્રણામ

(પુ. ૫૯ મું, એપ્રિલ, ૧૯૧૨)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રા. બ. ક. ઠાકોરની જોડણીચર્ચા

આ ચર્ચા એપ્રિલના 'બુદ્ધિપ્રકાશ'માં પ્રગટ થયેલી વાંચી, અને વાંચીને આનન્દ થયો; કેમકે મતભેદને તો સર્વત્ર અવકાશ હોય જ, પરંતુ તે છતાં શાન્ત વૃત્તિથી અને મનનપૂર્વક કરેલા અભ્યાસનાં ચિહ્ન એ લેખમાં પ્રત્યક્ષ જણાયાં. એ લેખમાં ત્રણ ચાર સ્થળે પ્રશ્નોનું સ્વરૂપ-નિયમદર્શનમાં તેમ જ વસ્તુસ્થિતિના અવલોકનમાં ખામીને લીધે–અયોગ્ય પ્રકાશમાં મૂકીને જોવાયું જણાય છે તે સંક્ષેપમાં બતાવવાની આવશ્યકતા છે.

(૧) લઘુપ્રયત્ન **ય**કાર—આંખ્ય, આવ્ય, લખ્ય, ઇત્યાદિમાં. આ **ય**કારની વિરુદ્ધ મત માટે રા. બ. ક. ઠાકોર ત્રણ ધોરણો સમર્થનમાં મૂકે છે—

(क) બહુ ભાગમાં પ્રચરિત ઉચ્ચાર સ્વીકારવો.

(ख) મ્હોટા ભાગમાં શિષ્ટ વર્ગમાં થતો ઉચ્ચાર સ્વીકારવો, અને (ग) અર્વાચીન ગુજરાતીમાં આ **ય**કાર ઘણો ઘસાઈ ગયો છે; ઘસાઈ જાય જ.

આ ધોરણોમાંથી (क) અને (ख) વાળાં ધોરણો મ્હારા જોડણીના પુસ્તકોમાંથી, મ્હેં સ્વીકારેલાં ધોરણ કરીને, ઉપસ્થિત કર્યાં જણાય છે. પરંતુ (क) અને (ख) એ બે જુદાં ધોરણ નથી, (क) નું પૂર્ણ સ્વરૂપ દર્શાવનારું વચન (ख) વાળા ધોરણમાં છે એ મ્હારા પુસ્તક-માંનો તે ભાગ જોવાથી તરત જણાઈ આવશે. રા. બ. ક. ઠાકોરે એ ભાગમાંનાં હાંસિયામાં બતાવેલાં સંક્ષિપ્ત વિષયદર્શક વચનો ઉપાડી લઈને જ કામ ચલાવ્યું જણાય છે; તેથી આ ભ્રમ થયો હશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીજું,—આ યકાર સુરત અને ભરૂચ જિલ્લા સિવાય તળ ગુજરાત અને કાઠિયાવાડમાં અદ્યાપિ પ્રચરિત છે. તે વસ્તુસ્થિતિનું અવલોકન કરીશું તો એ યકારને તજવા માટે (क) તથા (ख)—ખરું જોતાં (ख)—વાળા ધોરણનો આધાર તો ખોટો જ લીધો જણાયછે. હમણાં જ 'શેષદર્શિકાસત્યભામાખ્યાન' નાટક વડોદરામાં ભજવાયું તે વખતે નટવર્ગને 'આંખ્ય' ઇત્યાદિ ઉચ્ચાર કરતો સાંભળી જોડણીના વિષયમાં મ્હારી સાથે મળતા ના આવનારા મિત્રોએ પણ મ્હારું લક્ષ તે તરફ ખેંચ્યું હતું.

(ग) વાળું ધોરણ પણ ઉપરની વસ્તુસ્થિતિને લીધે અયોગ્ય થવા જાય છે. જો અદ્યાપિ યકાર વસ્તુસ્થિત—વ્યવહારમાં—ઉચ્ચાર-વ્યવહારમાં—છે, તો તે ઘસાઈ ગયો છે એ ક્હેવું ખરું ના ગણાય. મ્હોટા ભાગમાં પણ અન્ય શબ્દોમાં ઘસાઈ ગયોછે, તે રીત્યે આ શબ્દોમાં પણ કાલક્રમે ઘસાઈ જવાનું વલણ છે એમ દલીલ બતાવી હોત તો જુદી વાત હતી. કદાચ રા. બ. ક. ઠાકોરને ક્હેવાની મતલબ એ જ હશે. પણ યોગ્ય શબ્દોમાં દર્શાવી સકયા નહિં હોય.

(૨) લઘુપ્રયત્ન હકાર—

આ પ્રશ્નને અંગે રા. ઠાકોરે બહુ ઊંડું મનન કર્યું છે એ સ્પષ્ટ છે. પરંતુ એ મનનનો વિનિયોગ ઊંધો થયોછે.

પ્રથમ તો 'અમે' અને 'હમે,' 'ઉં' અને 'હું' બંને પક્ષની લેખનપદ્ધતિમાં હકારપ્રદર્શન માટે સરખું દૂષણ છે એમ ક્હેવામાં વક્રદર્શન થયું જણાયછે. 'ઉં' ઇત્યાદિ લખીશું તો હકારવાળા ઉચ્ચારનું સ્વપ્ન પણ નહિં આવે, અને હેમાં હકાર છે એમ શીખવવાથી પણ ફળ નહિં થાય. તેથી ઉલટું, 'હું' ઇત્યાદિ લખવાથી હકારના ઉચ્ચાર-ના અસ્તિત્વ જેટલું તો દર્શન થશે જ અને એ ઉચ્ચારના સ્વરૂપનું જ શિક્ષણ બાકી ર્‌હેશે. તેમ વળી, 'હું,' 'હવે,' 'હજી,' 'હમણાં,' ઇત્યાદિ રૂપો હાલ લખાયછે જ (શાળાખાતાના સંસ્કારવાળા વર્ગમાં પણ), અને છતાં ત્ય્હાં હકારનો ઉચ્ચાર ગુરુપ્રયત્ન નથી થતો, તેથી ત્હેના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સામ્યના બળથી ' હમે ' 'હમારું' માંના હકારનું પણ લઘુપ્રયત્ન સ્વરૂપ સ્હેલાઈથી શીખવી સકાશે. આમ બે પક્ષ વચ્ચે સ્પષ્ટ અને વિશાળ ભેદ છે તેથી રા. ઠાકોરના દર્શનમાં સમતોલતાની ખામી જણાઈ આવશે.

બીજું—એક છેડે પૂર્ણપ્રયત્ન હકાર અને બીજે છેડે શુદ્ધ સ્વર, એ સ્થિતિની વચમાં હકારના અનન્ત ઉચ્ચારોની વચમાં લઘુપ્રયત્ન હકારનું સંચલન રા. બ. ક. ઠાકોર કલ્પે છે, અને એ સ્થિતિને સંગીતની શ્રુતિયોની અનન્તતાની જોડે સરખાવેછે. તે દર્શનમાં પાંડિત્યનું ચાતુર્ય સ્પષ્ટ છે. પરંતુ જરાક વિચારીશું તો અહિં પણ ક્ષતિ જણાશે. સંગીતની શ્રુતિયોની અનન્તતા છતાં, શ્રવણક્ષમ અને સંગીતક્ષમ શ્રુતિની સંખ્યા તો ગણતર જ સ્વીકારાઈછે; તેથી એ દાખલો વ્યર્થ જ છે. પણ એથી વિશેષ એ દાખલો હકારને સંબન્ધે સર્વથા નિરુપયોગી છે. હકારનાં લઘુપ્રયત્ન શ્રવણોની અનન્તતા તે કલ્પનાજગત્નો જ વિષય જણાય છે. વ્યવહારમાં લઘુપ્રયત્ન હકારનું ઉચ્ચારણ એક સ્થિતિમાં જ નિયન્ત્રિત છે. અને તેમ છે તો બે છેડાની વચમાંની સ્થિતિનું દર્શન અનુભવગમ્ય હોઈ દર્શાવવા યોગ્ય છે એ મત સ્વીકારવાને કશો બાધ નથી. ' હમારું 'માંનું 'હ'નું ઉચ્ચારણ જુદું, અને ' બ્હેન 'માંનું જુદું એમ તારતમ્ય હોય (જો કે છે તો નહિં) તો પણ વ્યવહાર માટે તે ઉપયોગી નથી જ; અને બંનેમાં લઘુપ્રયત્ન હકાર એક જ અથવા તો એક બીજાને અત્યન્ત સમીપ જ છે એ પક્ષ સ્વીકારવામાં નથી શાસ્ત્રીય બાધ આવતો કે નથી વ્યવહારદૃષ્ટિને ક્ષોભ પ્હોંચતો.

આ મતભેદ છતાં એટલો સંતોષ થાયછે કે રા. બ. ક. ઠાકોરે સંગીતકલાનિપુણોના કરતાં પણ વિશેષ તીવ્ર શ્રવણશક્તિ કેળવી જણાયછે; અને સંગીતવેત્તાઓ જ્યહારે ૨૨ શ્રુતિથી વધારે નથી પારખી સક્યા ત્યહારે રા. ઠાકોર હકારની અનન્ત શ્રુતિયો સાંભળી સક્યા છે. પરંતુ આપણે તો શાસ્ત્રીય તત્ત્વોનો વ્યવહારમાં વિનિયોગ કરવોછે, તેથી ઉપર બતાવેલા ધોરણથી જ તૃપ્ત થઈશું તો નીચું જોવાનું કારણ નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્રીજું,—આ લઘુપ્રયત્ન હકારનો સ્વીકાર કરવામાં પ્રજાની સ્વાભાવિક અસ્ફુટ બુદ્ધિ (natural instinct) તરફ મ્હેં લક્ષ આપ્યું નથી એમ રા. ઠાકોર મ્હારા ઉપર આરોપ મૂકે છે. આ વિશે એટલું જ કહેવું બસ છે કે એ જ અસ્ફુટ બુદ્ધિને મ્હેં મારા સર્વ પરીક્ષણમાં ખાસ પ્રાધાન્ય આપ્યું છે. ચાલતા ઉચ્ચાર અને વ્યુત્પત્તિ વચ્ચે વિરોધના વિરલ પ્રસંગમાં પણ ઉચ્ચારને પ્રાધાન્ય આપવું એ ધોરણ આરમ્ભથી જ મ્હેં આદરણીય બતાવ્યું છે. અને માત્ર ઉચ્ચારમાં નહિં, પણ ઉચ્ચારને આચારમાં રૂપાન્તર આપવામાં પણ પ્રજાની અસ્ફુટ બુદ્ધિ તો પ્રજાને આ હકાર દર્શાવવા તરફ જ પ્રેરતી આવીછે; શાળાખાતાની પદ્ધતિના કૃત્રિમ દબાણે જે'ની અસ્ફુટ બુદ્ધિને ગૂંગળાવી નથી નાંખી તે વર્ગમાં તો આજ સૂધી એ હકાર લખાતો આવ્યો છે, તે ખાનગી પત્રવ્યવહાર, દસ્તાવેજો, ઇત્યાદિ જોવાથી તરત જણાઈ આવે છે. એક પક્ષે આ સ્થિતિ અને બીજે પક્ષે હાલના લેખકોમાંથી અનેક જણે આ હકાર પ્રયોગમાં સ્વીકાર્યો છે તે બહુ સૂચક વાત છે. શાળાખાતાના કૃત્રિમ બળ નીચે દબાયલી પ્રજાને સ્વાભાવિક અસ્ફુટ બુદ્ધિથી પ્રેરાતી જોવી એ તો કેવળ વિપરીત જ છે. શાળાખાતાની ચાલુ પદ્ધતિ તે જ ચર્ચાનો વિષય છે તો તે પદ્ધતિનો આશ્રય લેનાર વર્ગને પ્રમાણપક્ષમાં મૂકવો એ તો રા. બ. ક. ઠાકોર જેવા ન્યાય-શાસ્ત્રીની પાસેથી અપેક્ષા ના રખાય હેવી જ દલીલ છે.

છેવટે એક વાત ઉપર રા. બ. ક. ઠાકોરનું લક્ષ ખેચુંછું. લઘુપ્રયત્ન હકારવાળા જ પ્રયોગો વિશે ચર્ચા કરતાં એઓ પૂછે છે કે એ પ્રયોગોમાં સામાન્ય હ (= ગુરુપ્રયત્ન હકાર) કિયા કિયામાં અને લઘુ પ્રયત્ન હ કિયા કિયામાં,—તે જોઈ ને આશ્ચર્ય થાયછે. રા. ઠાકોર જેવા આમ ઠોકર ખાય એ સંભવે નહિં; છતાં તેમ થયુંછે. (બુદ્ધિપ્રકાશ, એપ્રિલ, પૃ. ૧૦૭૪ હકાર, ૩, એ પેરા જુઓ).

વાંદરા.
તા. ૬–૫–૧૨

નરસિંહરાવ ભોળાનાથ

(પુ. ૫૯ મું, મે, ૧૯૧૨)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

*પ્રાચીન ગૂજરાતી ભાષા

ગૂજરાતી ભાષા અન્ય ભાષાઓની (હિંદુસ્તાનની આર્યભાષાઓની) માફક સંસ્કૃત ભાષાની પૌત્રી છે. પાણિનિએ સંસ્કૃત ભાષાને શૃંખલાબદ્ધ કરી તેની શિષ્ટતાને સાચવવા રૂપી તે ભાષા ઉપર મ્હોટો ઉપકાર કર્યો છે. વૈદિક સંસ્કૃત અથવા બરોબર કહિયે તો વેદની ભાષામાં અને તે પછીની બ્રાહ્મણ અને આરણ્યક ગ્રન્થોની ભાષામાં અન્ય દેશો સાથેના સંસર્ગને પરિણામે વિકારો અને વિદેશીય તત્ત્વો દાખલ થઇ ગયાં હતાં, એ વાત સ્પષ્ટ છે. અથર્વવેદની અંદર ખાલ્ડિયન સંસ્કૃતિના સર્પ વગેરેના ઝેરને ઉતારવાના મંત્રશબ્દો દાખલ થવા પામ્યા છે, એમ સ્વ. લોકમાન્ય ટીળકે પ્રતિપાદન કર્યું છે. આ પ્રમાણે ભાષામાં દાખલ થતી અશુદ્ધિને અટકાવવા, અને તેની વિશિષ્ટતા જાળવવા પ્રથમ પ્રયાસ કરનાર જો કોઈ હોય તો તે પ્રખર વૈયાકરણ ભગવાન્ પાણિનિ છે.

ભાષાશુદ્ધિ જાળવવાની ભગવાન્ પાણિનિની આટલી તાલાવેલી હોવા છતાં લોકભાષાનું સ્વરૂપ તેનાથી શી રીતે સચવાય ? પરિણામે ભાષાનાં બે ભિન્ન વહેણ થઈ ગયાં. એક શિષ્ટ સંસ્કૃતનું અને બીજું લોકભાષાનું. પાણિનિના વ્યાકરણવિરુદ્ધ પ્રયોગોને સંસ્કૃત ભાષાના પંડિતો અપાણિનીય કહી ફેંકી દે, એટલે પંડિતોની ભાષામાં અને તેમણે લખેલાં પુસ્તકોની ભાષામાં સંસ્કૃત ભાષા યથાસ્થિત જળવાઈ રહી. લોકભાષાનું વહેણ ભિન્ન ભિન્ન પ્રદેશોમાં વહેતાં ભિન્ન ભિન્ન

* સામાન્યજ્ઞાન વ્યાખ્યાનમાલાને અંગે તા. ૧૨-૩-૨૯ ના રોજ પાટણ હાઈસ્કૂલમાં અપાયેલું ભાષણ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિચાર અને સંસ્કૃતિનાં પ્રતિબિમ્બો સંઘરતું ચાલ્યું તે ચાલ્યું. તેમાંથી છેવટે અનેક ફાંટા પડી ગયા. તે દરેક વહેણના પાણીમાં મૂળતત્ત્વો તો ઘણે ભાગે એકસરખાં જ છે, પણ તે તે દેશની સંસ્કૃતિ અને લોકનાં વર્ણસ્થાનોના અપરિપક્વ વિકાસને પરિણામે અનેક વિકૃતિઓ તેમાં દાખલ થઈ છે.

આ બધાં વહેણમાં જૂનું એક ચાલુ વહેણ તે પાલી ભાષા. ભગવાન્ બુદ્ધ ઇ. સ. પૂર્વે છઠ્ઠા સૈકામાં થઇ ગયા, એમ ઇતિહાસકારો જણાવે છે. તેમણે પોતાનો ઉપદેશ તે વખતની લોકભાષામાં આપ્યો. ચાલુ પ્રણાલીને તોડી તેમણે ભિન્ન માર્ગ સ્વીકાર્યો તે જ બતાવી આપે છે કે લોકભાષાનું બળ તેમના વખતમાં પણ વધારે હતું. પાણિનિએ તો આ પૂર્વે બસો વર્ષથી પોતાનું વ્યાકરણ રચ્યું હતું. પણ પોતાના ધર્મને લોકધર્મ બનાવવા એટલે ઘાંચી મોચી સૌને પોતાની ધર્મ-ઘોષણા પહોંચાડવા ભગવાન્ શાકયસિંહે આ રસ્તો સ્વીકાર્યો તે ઉપરથી બે વાત સ્પષ્ટ થાય છે. એક તો તેમની સામાન્યમાં સામાન્ય મનુષ્યને પોતાનો સંદેશો પહોંચાડવાની તીવ્ર ઇચ્છા અને બીજી વાત લોક-ભાષાના પ્રાબલ્યની. પાણિનિની પૂર્વે હિન્દની આર્યભાષાને હજુ સંસ્કૃત એવું નામ આપેલું જણાતું નથી. પાણિનિએ તે ભાષાને સંસ્કારો આપ્યા માટે તે શુદ્ધિ પામેલી ભાષાને સંસ્કૃત એવું નામ તેના કાળથી પ્રાપ્ત થયું. આને આપણે વૈદિકભાષાથી ભિન્ન ઓળખવા શિષ્ટ સંસ્કૃત એવું નામ આપ્યું છે. આ શિષ્ટ સંસ્કૃત લોકભાષા તરીકે વપરાતું ન હતું. તે સંસ્કૃત માત્ર પંડિતોને બોલવામાં ઉપકારી થતું, તેમજ પુસ્તકો લખવામાં વપરાતું. પણ જે મુખ્ય વહેણ સતત ચાલુ વહ્યાં કરતું હતું, અને જે વહેણની આ ‘ શિષ્ટ સંસ્કૃત ’ માત્ર ખાડીરૂપ હતી તે ભાષાવહેણ પાણિનિની પૂર્વે અને પછી પણ લોક વાપરતા એમાં શંકા નથી. પણ આ વહેણનો ઉપયોગ સામાન્ય જનતા કરતી માટે તેનું સ્વરૂપ શુદ્ધ ન રહ્યું, અને શુદ્ધ ન રહ્યું માટે જ પાણિનિને પ્રયાસ કરી તે વહેણના પાણીમાં ગળણું મૂકી ખાડીમાં પાણી ભરવું

 CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પડ્યું. આ ખાડીના પાણીનો ઉપયોગ થતો હતો, અને તે શિષ્ટ અને સંસ્કારી જનોને હાથે; માટે તેનું પાણી બિલકુલ ગંધાયું નહીં, તેમજ કચરો પણ જામ્યો નહીં; પણ પાણી ઘટવા તો લાગ્યું, એ તો સ્પષ્ટ છે. એમાં અનેક વખત રાજ્યક્રાન્તિને લીધે વમળો આવતાં, પરિણામે તે પાણી કોઈ વખત ઊંચું તો કોઇ વખત નીચું જતું.

સંસ્કૃત ભાષામાં અનેક કાળ અને અર્થ છે, ત્રણ વચન છે, ધાતુના અનેક ગણ અને પદ છે, તેમજ નામ અને ધાતુનાં અનેક રૂપો થાય છે. આ બધી જાતની કઠિનતા લોકભાષા સાંખે તેમ ન હતું. તેને તો માત્ર સામાન્ય પ્રતિબિમ્બો જોઇતાં હતાં. પરિણામે સંસ્કૃતના ધાતુના દશ ગણોની સંકલના નાશ પામી, અનેક કાળ અને અર્થમાં ઘટાડો થયો, વચન પણ બે જ રહ્યાં, અને ચોથી વિભક્તિ જ ઊડી ગઈ; તેનું કામ છઠ્ઠીના પ્રત્યયોથી થવા લાગ્યું. પાલી ભાષામાં આત્મનેપદ અને પરસ્મૈપદનો બારીક વિવેક નાશ પામ્યો, અને પ્રાકૃતમાં તો લગભગ કથાવશેષ થયો. વ્યંજનાન્ત અને ભિન્ન ભિન્ન સ્વરાન્ત નામોના ભિન્ન ભિન્ન પ્રત્યયો ઘણે ભાગે સામાન્ય સ્વરૂપ પકડવા લાગ્યા, અને એક વિભક્તિના પ્રત્યયો અન્ય વિભક્તિને માટે વપરાવા લાગ્યા. આવી જાતની છૂટ શિષ્ટ સંસ્કૃતમાં પણ હતી. “गन्तव्या ते वसतिरलका नाम यक्षेश्वराणाम्” આમાં ‘ते’ છઠ્ઠીનું સ્વરૂપ હોવા છતાં ત્રીજી ‘त्वया’ ના અર્થમાં વપરાયું છે; તેમજ ‘रक्षा मे भवतः कृता’ આમાં પણ ‘मे’ ત્રીજીના અર્થમાં વપરાયું છે. પ્રાકૃતમાં પણ છઠ્ઠી વિભક્તિ ત્રીજીના અર્થમાં વપરાતી: [धणस्स लद्धो (धनेन लब्धः) તેમજ चिरस्स मुक्को (चिरेण मुक्तः)]

પ્રાકૃત ભાષાઓની એક ખાસિયત એ હતી કે સંસ્કૃત શબ્દમાં જ્યાં સંયુક્ત વ્યંજનની પૂર્વે દીર્ઘ સ્વર હતો ત્યાં પ્રાકૃતમાં આવતાં ‘ह्रस्वः संयोगे’ એ સૂત્રથી પૂર્વસ્વર હ્રસ્વ થતો. राज्ञी (रण्णी), आज्ञा (अण्णा), मार्ग (मग्गो), धैर्य (धिज्जं) વગેરે. આ તત્ત્વ ઉપરથી પ્રાકૃત ભાષામાં કાંઈક જોમ હતું, અને ભાષાનું જોમ તે તેના બોલનારનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જેમ. આ નવીન બળ વિદેશીય જાતિ હિન્દમાં આવી વસવાથી અને આપણી સાથેના નિકટ સંબંધને લીધે આવ્યું હોય તેમ કલ્પના કરવામાં આવે છે. આ જોમ અપભ્રંશ કાળ સુધી સચવાઈ રહ્યું હતું, અને અનેક પ્રાન્તીય ભાષાઓમાં અત્યારે પણ થોડાઘણા પ્રમાણમાં સચવાઈ રહ્યું છે, અને તેમાં બોલનારની શક્તિ કારણભૂત છે. ગૂજરાતની પ્રજા કાંઈક વિશેષ અશક્ત અત્યારે પણ છે, અને પૂર્વે પણ હશે, તેથી ભાષાએ કાંઈક મૃદુ (મોળું) સ્વરૂપ ધારણ કરવા માંડ્યું; અને આ મોળું રૂપ તે પ્રાકૃતના રૂપથી તદ્દન ઉલટું; સંયુક્ત વ્યંજનમાંનો એક વ્યંજન ઊડી જાય, અને પૂર્વનો હ્રસ્વ સ્વર દીર્ઘ થાય. वण्णो (વાન), रण्णं (રાન), रण्णी (રાણી), सण्गा (સાન), थिज्ज (થીજ) વગેરે. આ વિકાર ગૂજરાતી ભાષાનું એક વિશિષ્ટ સ્વરૂપ સૂચવે છે, અને તે ક્યારે ભાષામાં દાખલ થયો તે સંબંધી વિચારિયે. સંવત્ ૧૧૭૦ માં રચાયલી 'ખરતર પટ્ટાવલી ષટ્પદાનિ'માં दिट्ठिइ, पुव्वुक्किउ, पिक्खिउ, तुट्टउ, मुल्लि, महग्घउ, सच्चु, વગેરે રૂપો સંયુક્ત વ્યંજનવાળાં મળે છે. ભાષાએ હજુ માર્દવ ધારણ કર્યું નથી. સંવત્ ૧૩૨૭ માં રચાયલા 'સપ્તક્ષેત્રિ રાસો' માં पाछइ, लागे, थाकतउं, कोजइ, आठमउ, मूलु, तूलु, मागो, તેમજ पूजीवइ, बुज्झइ, बुज्झियइ, વગેરે રૂપમાં વ્યંજન ઊડતાં પૂર્વ સ્વરના દીર્ઘ થયાનું પ્રમાણ વધેલું જોવામાં આવે છે, અને સંવત્ ૧૪૭૮માં રચાયલા 'પૃથ્વીચંદ્રચરિત્ર'માં તો આ સ્વરૂપ સ્થિર થયલું માલૂમ પડે છે.

ગૂજરાતી ભાષાનું બીજું વિલક્ષણ સ્વરૂપ 'છ' ધાતુના સાહાય્યકારક ક્રિયાપદ તરીકેના પ્રયોગમાં મળી આવે છે. આ ધાતુનો મુખ્ય ક્રિયાપદ તરીકેનો પ્રયોગ ઘણો જૂનો છે. ઠેઠ પાલી ભાષામાં अच्छामि, अच्छति, अच्छन्ति વગેરે રૂપોમાં તેનો પ્રયોગ મળી આવે છે. પ્રાકૃત અને અપભ્રંશ ભાષામાં પણ આગળના વિકૃત રૂપમાં તેનો મુખ્ય ક્રિયાપદ તરીકે પ્રયોગ થતો હતો. પણ અપભ્રંશકાળ સુધી તેનો સાહાય્યકારક ક્રિયાપદ તરીકે ઉપયોગ થયો હોવાનું મારી જાણમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નથી. આ ધાતુ સંસ્કૃત आस् ધાતુ ઉપરથી આવ્યો હોય તેમ જણાય છે. વરરુચિ એને अस् ધાતુના પર્યાય તરીકે વપરાતો માને છે, અને કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય 'गमिष्यासां छः' એ સૂત્રમાં आस् ધાતુના વિકાર તરીકે માને છે; તેમજ आस् ધાતુ મુખ્યત્વે કરી સ્થિત્યર્થ હોવાથી તે ધાતુમાંથી આવે તે કાંઈ અસંભવિત નથી. હાલમાં પણ આપણે 'હું બેઠો છતાં એનું કોણ નામ દે એવું છે?' એવા પ્રયોગમાં અસ્તિત્વ કે સ્થિતિ સૂચવવા વાપરિયે છિયે. આ ધાતુના સાહાય્યકારક ક્રિયાપદની જરૂર વાક્યનો અર્થ સ્પષ્ટ કરવા સારૂ જણાઇ. करइ, दहइ, होइ, વગેરે પ્રાકૃત રૂપો પરથી કાળનો તેમજ અર્થનો ચોક્કસ ભાવ ન જાણી શકાયો, કારણ તે રૂપો નિશ્ચયાર્થ જ બતાવે તેમ કહી શકાય નહીં. હાલમાં કરે, દહે, વગેરે રૂપો સંશયાર્થ પણ બતાવે છે. करइ ઉપરથી करि અને છેવટનું करे અનેક અર્થ સૂચવે છેઃ 'તે છોકરો કદાચ પોતાનું કામ કરે' આ વાક્યમાં ક્રિયા સંશય બતાવે છે. 'તે છોકરો પોતાનું કામ કરે' આ વાક્યમાં અનુ-જ્ઞાનો અર્થ રહેલો છે. આ પ્રમાણે ક્રિયાના અર્થમાં ચોક્કસતા લાવવા 'છ' ધાતુના સાહાય્યકારક ક્રિયાપદ તરીકેના પ્રયોગની આવશ્યકતા સમજાતાં તેનો પ્રયોગ શરૂ થયો. તેની શરૂઆત મારા અલ્પ વાચન પ્રમાણે સંવત્ ૧૪૭૮ ના 'પૃથ્વીચંદ્રચરિત્ર'માં પ્રથમ દૃષ્ટિએ પડે છે. તેનો પ્રયોગ આ પ્રમાણે છેઃ "राजसभा किसी छइ। जीणी राजसभां कुंकुमजलि छटा दिधी छइ। विविधमुक्ताफलि चतुष्क पूरिया छइं। कर्पूर तणा शंख आलिख्या छइ, कृष्णागरज बाधि तणा परिमल महमहइं छइं, मोती तणी सिरि लहलहइं छइं, फूलवगर भरिया छइं॥" આ પ્રમાણે અપૂર્ણ વર્તમાન તેમજ પૂર્ણ વર્તમાન કાળનાં રૂપો બનાવવા 'છ' ધાતુનો સાહાય્યકારક ક્રિયાપદ તરીકે પ્રયોગ થયો છે. તે પછી તેનો પ્રયોગ આછોપાતળો સર્વત્ર દૃષ્ટિગોચર થાય છે.

ગૂજરાતી ભાષાનું પ્રખ્યાત પામેલું ખાસ રૂપ "શું શાં પેસા ચાર" વાળું 'શું' રૂપ ક્યારથી શરૂ થયું તે જોઈએ. આ રૂપ અપભ્રંશ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

૨૧ ૯૩૬
૨૫.૩.૨૦૭૨
Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
૯૩॥
५३(रव)

કાળમાં નથી જણાતું. कीदृश નામના સંસ્કૃત વિશેષણ ઉપરથી "केरिस–केइस–કિસ્યું–કિશું-કશું-શું" એમ ઉત્તરોત્તર વિકાસ પામી છેવટે ગૂજરાતીનું ખરૂં સ્વરૂપ અને મૃદુતા સૂચવનાર તે રૂપ પણ ઇ. સ. ના પંદરમા શતકથી શરૂ થતું જણાય છે. ઇ. સ. ૧૪૯૨ માં રચાયલા 'ઉષાહરણ' માં આ રૂપ જડે છે. "**સાનિ** પરણિ ન કૂંઅરી અનોપમી એ?" "શૂં કિજીઇ જેણિ ન લાગઇ પાપ," તેમજ "કહુ **કિસિ** હુઇ વાત," અને "ધર્મ **કિશુ** નવિ જાણૂં," "કુતૂહલથી જોવાનિ મિ કોટ કાઢી બાહારિ, એ છિ **શૂં**, એ દીસિ **શું**? જોવા લાગુ તેણિ ઠારિ," આ પ્રમાણે ભાલણ વગેરે કવિઓએ પણ તેનો પ્રયોગ કર્યો છે. આ બન્ને રૂપ "કશું અને શું" સાથે સાથે ઠેઠ શામળના અને તે પછીના વખત સુધી વપરાયલાં દૃષ્ટિગોચર થાય છે. ઉત્તરોત્તર 'શું' નો પ્રયોગ વધતો જાય છે, અને 'કશું' નો ઘટતો જાય છે. કવિતામાં 'કશું'નો પ્રયોગ વિશેષ હોય તે સંભવિત છે. આ રૂપ સંબંધી ખાસ નોંધ કરવા જેવું તેની જાતિ છે. શરૂઆતમાં સં. कीदृश વિશેષણ ઉપરથી આવેલું હોવાથી 'શું' ને જાતિના પ્રત્યયો લાગતા. હાલ તે 'પ્રશ્નાર્થ સર્વનામ' તરીકે વપરાય છે, પણ જ્યાં જાતિના પ્રત્યયો લાગે છે ત્યાં અત્યારે પણ વિશેષણ છે. આને આપણે સાદૃશ્યવાચક વિશેષણ કહીશું. "પ્રમાદથી **શો** પુરુષ!" આ પ્રયોગમાં તે कीदृशની વિકૃતિ છે. અર્થ "કેવો સુંદર" એમ થાય છે, પણ 'શશાંક શો પુત્ર" (ચંદ્રના જેવો પુત્ર) આમાં 'શો' 'सदृश' ના અર્થમાં વપરાયું છે.

ગૂજરાતી ભાષાનું ખાસ ચોથું રૂપ કર્મણિ રચનાનો આય પ્રત્યય છે. સંસ્કૃત ભાષામાં કર્મણિ રચના કરવા य પ્રત્યય ધાતુને લગાડવામાં આવતો હતો. પણ हीयते मीयते पीयते दीयते વગેરે રૂપમાં જાણે કર્મણિનો પ્રત્યય જ ईय ન હોય તેમ સમજાતાં અને य નો બેવડો य्य થઈ પ્રાકૃત નિયમ પ્રમાણે य् નો ज् થઈ પ્રાકૃતમાં કર્મણિ રચનારો इज्ज એક પ્રત્યય આવ્યો. પંજાબ અને બંગાળા ભણી છપાતાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પુસ્તકોમાં હાલ પણ कार्य કે आर्य ને બદલે कार्य्य કે आर्य्य લખવાનો રિવાજ છે, તે મુજબ य નો બેવડો य्य થયો હોય તે સંભવિત છે. પ્રાકૃતનો બીજો એક પ્રત્યય इज्ज પણ છે. इज्जમાંના इનો अ અને પ્રાકૃત અને અપભ્રંશ કાળ પછી ज નો ફરીથી य् થઈ अय्य પ્રત્યય થયો હોય, અને પ્રાકૃતમાંથી ગૂજરાતીમાં આવતાં પ્રથમ ખાસિયત બતાવ્યા મુજબ आय પ્રત્યય ગૂજરાતીમાં આવ્યો હોય, એમ જણાય છે. આ પ્રત્યયનો પ્રયોગ ગૂજરાતી ભાષામાં ઈ. સ. ના પંદરમા શતકમાં થયાનું જણાય છે. "મોહન મોર તણા રવ થાય; પ્રાવૃટ્ ઋતુ પાસિ **જણાય.**" "પાંખ પૂરી આવી નથી, આણિ કિમ નસાશિ ?" "શ્રાન્ત થકા મિ નવિ હીંડાય; વિષમ વાટ તનુ ધૂલિ ભરાય." આ પ્રમાણે ભાલણ સંવત્ ૧૫૪૦–૪૫ ના અરસામાં પ્રયોગ કરતો જણાય છે. કર્મણિ તેમજ ભાવે પ્રયોગ બન્નેમાં आय નો પ્રયોગ નજરે ચડે છે. 'નસાશિ' રૂપ ભવિષ્યકાળનું હોવાથી તેમાં आय માંનો य ઉડી ગયો છે, પણ आ તો કાયમ રહ્યો છે. સંસ્કૃતમાં પણ ભવિષ્યકાળમાં य ની જરૂર પડતી નથી, એ વાત સુવિદિત છે. સંવત ૧૫૪૮માં રચાયલાં "ઉષાહરણ"માં પણ आय વાળાં રૂપોનો પ્રયોગ જણાય છે. "નાના ચિત્રશાલી લખાય, ચઉકઈ ઉલેચ રચાય, તોરણ નીલેરાં બંધાય, વરજી તુરંગ પલાણિયા એ'. આ ઉપરાંત તેમાં 'છ' ધાતુનો સાહાય્યકારક ક્રિયાપદ તરીકેનો પ્રયોગ થયો છે.

આ પ્રમાણે (૧) સંયુક્ત વ્યંજનમાંના એકનો લોપ થતાં પૂર્વ સ્વરનું દીર્ઘ થવું; (૨) 'છ' ધાતુનો સાહાય્યકારક ક્રિયાપદ તરીકેનો પ્રયોગ; (૩) પ્રશ્નાર્થ સર્વનામ 'શું' નો પ્રયોગ, અને (૪) કર્મણિ आय પ્રત્યયનો પ્રયોગઃ આ ચાર તત્ત્વો ગૂજરાતી ભાષાનાં વિલક્ષણ તત્ત્વ કહેવાય. અલબત્ત પ્રથમ તત્ત્વ તો સર્વ અર્વાચીન આર્યભાષાઓનું થોડાવત્તા પ્રમાણમાં સાધારણ તત્ત્વ ગણાય, પણ તેનો પ્રયોગ ગૂજરાતી ભાષામાં બહોળો છે, એ નિર્વિવાદ છે. ગૂજરાતી ભાષાના આદ્યકવિ નરસિંહ મહેતાનો કાળ પણ ઈ. સ. ના પંદરમા સૈકાનો. તે કવિ પોતે પોતાની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભાષાને ' અપભ્રષ્ટ ગિરા ' કહે છે. તે ઉપરથી એમ નથી સમજવાનું કે તેના કાળની ભાષા અપભ્રંશ હતી, તેમજ તેના વખતની અને તેની ભાષા અર્વાચીન ગુજરાતી જેવી હતી. નરસિંહ મહેતાની ભાષાનું સ્વરૂપ સચવાયું નથી, તે વાત સ્પષ્ટ છે. તેની લોકપ્રિયતા અને તેને નામે લખવાના અનેક કવિઓના ઉદ્દામ મોહને લીધે તેની ભાષાનું સ્વરૂપ છિન્નભિન્ન થયું છે. ભીમ, ભાલણ, પદ્મનાભ, વગેરે તેની ઉત્તરાવસ્થાના અને સમકાલીન કવિઓની કૃતિ જોતાં નરસિંહની અને તેમની ભાષામાં આસમાન જમીનનો ભેદ લાગે છે. ગૂજરાતી ભાષાને સ્વતંત્ર નામ ભાલણના વખતમાં ભાલણે આપ્યું છે. અહીં એક પ્રશ્ન ઉપસ્થિત થાય છે, તે એ છે કે ગૂજરાતી ભાષાએ પોતાનું આવું વિશિષ્ટ સ્વરૂપ પંદરમા સૈકામાં કાંઈક એકાએક લીધું જણાય છે, તો તે સૈકામાં એવા શા રાજકીય અને પ્રજાકીય બનાવો બન્યા કે જેને પરિણામે ગૂજરાતી ભાષાએ પોતાનું નોખું સ્વરૂપ ધારણ કર્યું ? ભાષાનું જૂનાપણું ઠેઠ શામળના વખત સુધી નજરે પડે છે, અને જ્યાં નથી પડતું ત્યાં પુસ્તકો પ્રગટ કરનારની નિષ્કાળજીનું પરિણામ છે.

હવે ગૂજરાતી ભાષાને અપભ્રંશ ભાષાનું કેટલું ઋણ છે, તે આપણે તપાસિયે. આ દેવું એટલું પુરાવાવાળું છે કે તે કબૂલ કર્યે જ છૂટકો. આ દેવાનું તારણ કાઢતાં આપણે મુખ્ય મુખ્ય ખાતાં લેઈને તેની એક ટીપ કરીશું.

(૧) ક્રિયાપદનાં રૂપઃ—

(अ) સામાન્ય કૃદન્ત–કરવું (करिएव्वउं), મરવું (मरिएव्वउं), સહેવું (सहेव्वउं), વગેરે.

(ब) અવ્યયરૂપ ભૂતકૃદન્તઃ–ચુમીને (चुम्बिवि), મારી (मारि), વગેરે.

(क) આજ્ઞાર્થ બીજો પુરુષ એકવચનઃ–સ્મર (सुमिरि), કર (करे), વિલંબ કરો (विलम्बु), વગેરે " हिस्वयोरिदुदेत् " (૮. ૪. ૩૮૭) પ્રમાણે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(ङ) હેત્વર્થ કૃદન્તઃ–પાળવા અથવા પાળેવા (पालेवि), કરવા (करण). જુઓ 'વિપ્રવચન મસ્તક ધર્યું બેસણ ઘાલી હામ' (બેસણ=બેસવા)–શામળ.

(प) અનિશ્ચિત વર્તમાનકાળઃ હું કરું (हउं करउं), તું કરે (तुहु करहि), વગેરે.

(૨) તદ્ધિત પ્રત્યયોઃ—

(૧) નામિક 'પણ' બૂઢાપો (वड्डप्पणुं કે वड्डत्तणु), વગેરે.

(૨) વૈશેષણિક इल्ल:–ઘેલું (गिहिल्लु), પહેલું (पहिल्लु), વગેરે

(૩) અલ્પતાવાચક ड:–હૈડું (हियड्ड), વગેરે.

(૪) વૈશેષણિક ल:–નવલો (नवल्लु), પીળું (पियल्लु) વગેરે.

(૫) સાર્વનામિક आर:–અમારો (अम्हार), તમારૂં (तुहार), વગેરે.

(૩) સાર્વનામિકઃ—

(૧) કોઈ, કોણ, કાંઈ (कोइ, कवणु, काइ), વગેરે.

(૨) જે, જેઓ:—(जो એ૦ વ૦, जे બ. વ૦)

(૩) જેવું, તેવું. કેવું, એવું વગેરે સાદૃશ્યવાચક વિશેષણો (जेहु, तेहु, केहु, एहु) વગેરે.

(૪) પરિણામવાચક વિશેષણો—એવડું, તેવડું, જેવડું, કેવડું (एवड्ड, तेवड्ड, जेवड्ड, केवड्ड) તથા એટલો, જેટલો, કેટલો, તેટલો (एत्तुलो, जेत्तुलो, केत्तुलो, तेत्तुलो)

(૫) આ–એ:—(आय एस)

(૬) એણે—તેણે (एणं–तेणं)

(૭) હું, તું, અમે, તમે (हउं, तुहुं, अम्हइं, तुम्हइं)

(૮) મેં, તેં, મજ (मइ, तइ, मज्झु)

(૯) જહીં–તહીં (जहिं–तहिं) વગેરે.

(૪) વિભક્તિ પ્રત્યયોઃ—

(૧) 'એ'–લક્ષ્મીએ (लच्छिए)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૨) સાતમીનો 'એ'–ઉનાળે (उन्हालए). સાતમીનો બીજો પ્રત્યય इ પણ છે. આ एनो જૂની ગૂજરાતીમાં પ્રયોગ જવલ્લે જ માલૂમ પડે છે. બીજા इ પ્રત્યયમાં અપભ્રંશ તૃતીયાનો એક પ્રત્યય અનુસ્વાર મળી 'ઈ' કે 'ઇં' એમ બે ભિન્ન પ્રત્યય ઠેઠ શામળના વખત સુધી દૃષ્ટિગોચર થાય છે.

(૫) 'તાં' વાળું વર્તમાન કૃદન્તનું અવ્યયરૂપ—

આ રૂપ અપભ્રંશના વર્તમાન કૃદન્તના નરજાતિના છઠ્ઠીના બહુવચનના રૂપ ઉપરથી ઊતરી આવ્યું હોય તેમ લાગે છે. પરણતાં (परिणंतहं), અણઇચ્છતાં (अणइच्छन्तहं), અનાદરે વપરાતી सतःषष्ठी કે सति सप्तमी ના અર્થમાં વપરાતું હોય તેમ જણાય છે.

लब्भइ सहाय सन्माणु कोसु पणइणि परिणंतहं कवणु दोसु । તેમજ, रइ अणइच्छन्तहं हुउ विहाणु परिगलिय रयणि उम्मिलु भाणु । ગૂજરાતીમાં અનુવાદ કરતાં "લાભે સહાય સન્માન કોશ, પ્રણયિની પરણતાં કવણ દોષ ?" તેમજ "રતિ અણઇચ્છતાં હવુ વિહાણું, પરિગલિત રજની ઉગ્યો ભાનુઃ" આ પ્રમાણે આ 'તાં' વાળું અવ્યયરૂપ અપભ્રંશ વર્તમાન કૃદન્તના નર કે નાન્યતર જાતિના છઠ્ઠીના બહુવચનનાં રૂપનો વિકાસ હોવાનું જણાય છે.

(૬) સાનુસ્વાર ઉકારાંત નામોઃ—

અપભ્રંશમાં પ્રથમા અને દ્વિતીયામાં નાન્યતર તેમજ નરજાતિને उ પ્રત્યય લાગતો, અને બહુવચનમાં નાન્યતર જાતિમાં इं પ્રત્યય લાગતો. એકવચનમાં जणु, फलु, वयणु, વગેરે; અને અનેકવચનમાં अंगइं कन्नइं, तोरणइं, વગેરે રૂપો થતાં. સ્વરભારને લીધે લગતા સંસ્કૃતના क સ્વાર્થે પ્રયત્નને લીધે અપભ્રંશમાં उं પ્રત્યય પણ લાગતો હતો. સંસ્કૃત तुच्छकं ઉપરથી અપભ્રંશ तुच्छउं, સંસ્કૃત भग्नकं ઉપરથી અપભ્રંશમાં भग्गउं એમ રૂપ થતાં. આ 'ઉ' ઉપરથી ગૂજરાતીમાં 'ઓકારાંત' અને સાનુસ્વાર 'ઉકારાંત' નામો આવ્યાં છે. અપભ્રંશ બહુવચનના પ્રત્યય ઉપરથી ચરોતરમાં ઘરાં, ખેતરાં, ફૂલાં, વગેરે બહુવચનનાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અશિષ્ટ ગણાતાં રૂપો પ્રચારમાં આવ્યાનું જણાય છે. પ્રેમાનંદે પણ "પાપી માણસાં રે" એમ પ્રયોગ કર્યો છે. વ્યુત્પત્તિની દૃષ્ટિએ એ રૂપો નાન્યતર જાતિના નામ માટે વાજબી લાગે છે, પણ રૂઢિ બદલાતી હોવાને કારણે તેનો અનાદર થાય તો તેને માટે વાંધો પણ ન હોઈ શકે.

(૭) 'કર અને 'તણ':—'કર' અને 'તણ' અનુગો ગૂજરાતી કવિતામાં ઘણી વખત વપરાતા અને હાલ પણ થોડા ઘણા વપરાય છે. આ બન્ને અનુગો સંસ્કૃત દ્વારા અપભ્રંશમાં થઈને આવ્યા છે. केरकः તેમજ (अद्यतन, श्वस्तन, વગેરેમાં વપરાતા) तन પ્રત્યય ઉપરથી तण થઈ જાતિવાચક પ્રત્યય સહિત તે ગૂજરાતીમાં આવ્યા છે. આ तण ઉપરથી ગુજરાતીની છઠ્ઠી, ચોથી, અને ત્રીજીના પ્રત્યયો ઊતરી આવ્યા છે. પ્રાકૃત અને અપભ્રંશમાં ચોથી વિભક્તિના સ્વતંત્ર પ્રત્યયો જ ન હતા, તેનું કામ છઠ્ઠી વિભક્તિ કરતી તેમ આગળ જણાવ્યું છે. तन માંનો तનો લોપ થાય ત્યારે જ છઠ્ઠીના 'નો, ની નું' વગેરે પ્રત્યયો વ્યુત્પન્ન થઈ શકે. અનાદિ तનો લોપ થવાનો પ્રાકૃતમાં નિયમ છે; અને આ तण અનુગ હોવાને લીધે કોઈ શબ્દની અંતે સમસ્ત પદ તરીકે વપરાય, એટલે त અનાદિ થાય; અને તેવે પ્રસંગે ઊડી જાય. જુઓ "નાસા સોહે તિલનો ફૂલ દાંતણું કુણ કરસિ મૂલ." આમાં 'દાંતણું' શબ્દમાં (દાંત તણું) त ઊડી ગયો છે. પાછળથી ण નો न થઈ 'દાંતનું' એમ છઠ્ઠી વિભક્તિના પ્રત્યય સહિત શબ્દ બને. 'तण' ના સાતમીના એકવચનના "तणइ तणि–नइ–नि–ने" ઉપરથી અવતરણમાં બતાવ્યા પ્રમાણે ચોથી અને બીજીનો 'ને' પ્રત્યય तण ઉપરથી આવે.

પ્રાકૃત ભાષાનું ગૂજરાતીનું ખાસ ઋણ નથી; જે છે તે અપભ્રંશ દ્વારા આવેલું છે. પણ એક વસ્તુ તેની ખાસ નોંધવાલાયક છે; અને તેટલા પૂરતું પ્રાકૃતનું ખાસ ઋણ ગૂજરાતીને છે. તે પ્રાકૃતમાં વપરાતો णइ અવધારણ અવ્યય છે. આનું સામ્રાજ્ય ગૂજરાતી ભાષામાં ઘણું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચાલે છે. 'ને' અવ્યય નિશ્ચયાર્થે વપરાતો હતો, અને અર્વાચીન ગૂજરાતીમાં અનેક પ્રસંગે તે જ અર્થમાં હાલ પણ વપરાય છે. તેનો પ્રયોગ ગૂજરાતી ભાષામાં નીચે પ્રમાણે થયાનું જણાય છે. (૧) અવ્યયરૂપ ભૂતકૃદન્ત સાથેઃ–"તે કામ કરીને થાકી ગયો." હાલમાં આપણને 'કરી' અને 'કરીને' વચ્ચે બહુ ભેદ માલૂમ પડતો નથી, પણ જૂની ગૂજરાતીમાં તે ભેદ સ્પષ્ટ હતો. હાલ પૂર્વકાલીન ક્રિયા સૂચવનાર અવ્યયરૂપ ભૂતકૃદન્ત સાથે મળીને તે એકરૂપ થયો છે, પણ પ્રાચીન ગૂજરાતીમાં વેદના ઉપસર્ગોની માફક તે ભૂતકૃદન્તથી દૂર પણ મૂકાતો હતો. હાલ આપણે "તે કામ કરી થાકી ને ગયો." એમ નહીં વાપરી શકીએ, પણ "તે કામ કરીને થાકી ગયો," એમ પ્રયોગ કરીશું. પણ પ્રાચીન ગૂજરાતીમાં તે જુદો વપરાતોઃ—

"એક દર્પણ કરિ ગ્રહી નિ તિલક કરતી ભાલી,
... ...
એક લેઈ ઉલતુ નિ, રંગતી' તી પાગ."

આમાં 'લેઈ' અને 'નિ'ની વચ્ચે તેનું કર્મ 'ઉલતુ' આવી ગયું છે. આ પ્રમાણે 'કરીને,' 'ખાઈને' વગેરેમાં 'ને' પ્રત્યય નથી, પણ અવધારણ અવ્યય णइ નું રૂપાન્તર છે. णइ નું ઉપરથી नइ–नि અને છેવટે ने એમ વિકાસક્રમ છે.

(૨) હેત્વર્થ કૃદન્ત સાથેઃ–'રમવા' કે 'રમવાને.' આ રૂપમાં णइ નો વિકાર ને હોય કે પછી ચતુર્થીના અર્થમાં વપરાતા तण પ્રત્યયનું રૂપાન્તર હોય. तण ઉપરથી આવ્યાનું વિશેષ સંભવિત લાગે છે.

(૩) આજ્ઞાર્થ બીજા પુરુષ એકવચનના રૂપમાં 'કરની', આવની,' 'કહેની,' 'કહોને,' વગેરે રૂપોમાં ને નજરે ચડે છે. વૈયાકરણો આમાં વિનંતિનો અર્થ જુએ છે, પણ વાસ્તવિક રીતે તો તે અવ્યય આજ્ઞાને વધારે તીવ્ર બનાવી આજ્ઞા કરનારની વિશેષ ઉત્કંઠા સૂચવે છે. જુઓઃ—

"દોષ કિશુ છિ ? લ્યુ નિ ભ્રાત, પ્રેમ તણી જુઉ નિ વાત.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કહુ નિ કાદંબરી તિ દીકી ? બોલાવી તિ બાઇ ?"
" **પૂછિ નિ** તારા પિતાની પિરિ, ઘરિ પાલુ રે શંબર તણઇ."
" જઈ જલબમ્બા કીધૂ દામ, **માગિ ન** એક અનુપ ઈનામ."
આમાં 'નિ' વપરાયું છે તે સ્વતંત્ર પ્રત્યય નથી, પણ પ્રાકૃત णइ નું વચગાળાનું રૂપાન્તર છે. તે અવધારણ અવ્યય છે, માટે પ્રાચીન ગૂજરાતીમાં જુદું બોલાતું અને લખાતું.

(૪) णइ નો ચોથો પ્રયોગ છઠ્ઠીના પ્રત્યયને જોડાઈને થાય છે. આવે પ્રસંગે તે જાણે છઠ્ઠીનો બેવડો પ્રત્યય ન હોય તેમ ભાસે છે. આ પ્રયોગ ઘણો વિરલ છે, પણ જ્યાં થયો છે ત્યાં સ્પષ્ટ રીતે અવધારણ અવ્યય તરીકે વપરાયલો જણાય છે. "કાદંબરીનું સંક્ષિપ્ત ગદ્ય કથાનક" વાંચતાં આ પ્રયોગ ખટક્યો હતો, પણ પાછળથી તેનું ઉપર પ્રમાણે સમાધાન થયું હતું. "વાત કહી વિરહની મહાશ્વેતા કાદંબરીના **ની**" આ 'ની' 'णइ'-નો વિકાર જણાય છે.

(૫) णइ નો પાંચમો પ્રયોગ વિચિત્ર છે. છઠ્ઠીના પ્રત્યયનું સ્થાન લેઈ પડ્યો છે, અને વૈયાકરણોને ગોથું ખવરાવે છે. "ઘાટ ઘડિયા પછી નામરૂપ જૂજવાં, અંતે તો હેમ નું હેમ હોયે," તેમજ "તે નુ તે ભાસે તુંને ભોર બપોર શરીર." "પૈસા ના પૈસા ગયા અને માથે હાથ દઈને બેઠો." "તે નો તે જ છોકરો." "તે ની તે જ કન્યા" વગેરેમાં 'નો–ની–ના–નું' વગેરે છઠ્ઠીના પ્રત્યય જેવા લાગે છે, પણ વાસ્તવિક રીતે તો આ णइ નાં રૂપાન્તર છે. પ્રથમા તેમજ અપ્રત્યય દ્વિતીયામાં આ છઠ્ઠીના પ્રત્યય તરીકે સંદિગ્ધ દશામાં જણાય છે. પણ અન્ય વિભક્તિ-ઓમાં જ્યારે ને વપરાય છે ત્યારે આવી શંકા રહેતી નથી. " તેને **ને** તેને જ દેખી રહ્યો છે." "તેનામાં **ને** તેનામાં જ બધા દુર્ગુણો જણાય છે." અહીં ને છઠ્ઠીના પ્રત્યય તરીકે લેખાતો નથી. સંદેહ ટાળવા તેને આગળના શબ્દથી છૂટો લખવો તથા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપર અનુસ્વાર ન મૂકવું વાજબી લાગે છે. આથી અર્થમાં કાંઈક સ્પષ્ટતા થવાનો સંભવ છે.

(૬) "તમે આવશો **ને**?" આ વાક્યમાં પણ **ને** અવધારણ અવ્યય છે એમ સમજાય છે. આ રીતે णइ નો પ્રયોગ ગૂજરાતીમાં બહોળો થાય છે, અને તેનો પ્રયોગ નિશ્ચયનું બળ ઉમેરે છે.

પ્રાચીન ગૂજરાતી ભાષામાં અન્યસાપેક્ષ તુલના:–આ તુલના જૂની ગૂજરાતીમાં કેવી રીતે બનાવાતી હતી, તેનો કાંઈક વિચાર કરીએ. સંસ્કૃતમાં પાંચમી વિભક્તિનો આ તુલના બતાવવા પ્રયોગ થતો હતો. वज्रादपि कठोराणि मृदूनि कसुमादपि । लोकोत्तराणां चेतांसि को हि विज्ञातुमर्हति ॥ આમાં वज्रात् અને कुसुमात् પંચમી વિભક્તિમાં વપરાયાં છે, તેમજ વિશેષણો कठोराणि અને मृदूनि એમને तर કે इयस् પ્રત્યય લાગ્યો નથી. ગૂજરાતીમાં પણ પાંચમી વિભક્તિના 'થી' પ્રત્યયથી હાલ આ તુલના દર્શાવાય છે. પણ તે ઉપરાંત જૂની ગૂજરાતીમાં પાર્શ્વે ઉપરથી વ્યુત્પન્ન થયલા 'પાહિ' કે 'પેં' 'થી' પ્રત્યય બદલે વપરાતો હતો. જુઓ:—

"ધૂસ પડિઉ નઇ સહૂ ઇ ધાયૂં ભલા **પાહિ** ભલેરા,
આજ સહૂકો અહ્મનઇ સેવઇ, એ છઇ કુણ અનેરા ?"
"એતા દિન રહ્યા તે ફોક, ભાઈ **પાંહિ** ભલા તે લોક."

તેનું છેવટનું રૂપ 'પેં' 'કે' 'પે' હાલ હિન્દીમાં સાતમીના પ્રત્યય તરીકે વપરાય છે, તેમજ આ તુલના બતાવવા પણ ઠેઠ દયારામના વખત સુધી વપરાતું. જુઓ પ્રેમાનંદ–'રણયજ્ઞ'—

"હોયે કાષ્ટ**પેં** કઠણ પાષાણ, પાષાણ**પેં** કઠણ લોહ નિર્વાણ;
લોહ**પેં** વજર કઠણ લોક વદે, પણ વજર**પેં** કઠણ મારું રૂદે."

હાલ વપરાતો 'કરતાં' શબ્દયોગી જૂની ગુજરાતીમાં નજરે ચડતો નથી. પ્રેમાનંદ 'નળાખ્યાન'માં તેનો પ્રયોગ શબ્દયોગી તરીકે કરે છે. (નળાખ્યાન કડવું ૮, વલણ)

"અંતર શો અમો કામ કરતાં, મિત્ર જો અમારી પેર રે.
હંસ સાથે અશ્વ બેસી, નળરાય ચાલ્યો ઘેર રે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ શબ્દ મૂળમાં અવ્યયરૂપ વર્તમાનકૃદન્ત તરીકે વપરાતો હતો. તેનો શબ્દયોગી અવ્યય તરીકે વિકાસ શી રીતે થયો તે બાબતની માત્ર કલ્પના આપના આગળ રજુ કરું છું.

(૧) એ ન કરતાં આ કરવું.

(૨) એ ના કરતાં આ કરવું.

(નિષેધાર્થ અવ્યય 'ન' તેમજ 'ના' બન્ને વપરાય છે. જેનો નિષેધ કરવામાં આવ્યો છે તે ખોટું છે, અને જેનો વિધિ કરવામાં આવ્યો છે તે સારૂં છે, એ અર્થ ગર્ભિત હતો તે સ્પષ્ટ રીતે કથિત થતાં.

(૩) એના કરતાં આ કરવું. (શા માટે ? સારૂં છે માટે.)

(૪) એના કરતાં આ સારૂં છે.

આ પ્રમાણે 'ના' નિષેધાર્થ અવ્યય હતું તેણે છઠ્ઠીના પ્રત્યયનું સ્થાન લીધું, અને 'કરતાં' જે મૂળે અવ્યય રૂપ વર્તમાનકૃદન્ત હતું તે શબ્દયોગી અવ્યય બન્યું, અને અન્યસાપેક્ષ તેમજ સર્વસાપેક્ષ તુલના બતાવવા લાગ્યું.

હવે જૂની ગૂજરાતીમાં વપરાતાં ક્રિયાપદનાં કેટલાંક રૂપ સંબંધી વિચાર કરિયે. વર્તમાનકાળ પહેલા પુરુષ એકવચનનો પ્રત્યય અપભ્રંશ ઉં હતો, તે આગળ જણાવ્યું છે. તે ઉપરથી જ "હું જઉં," "હું કરું" વગેરે રૂપો આવ્યાં છે. પણ પહેલા પુરુષ બહુવચનનો 'ઇયે' પ્રત્યય પ્રાકૃત તેમજ અપભ્રંશમાં નથી. તો તે શી રીતે ગૂજરાતીમાં આવ્યો તે જોઇએ. જૂની ગૂજરાતીમાં તે બીજરૂપે માલૂમ પડે છે. તે પ્રત્યય સંસ્કૃતના કર્મણિ રૂપના ત્રીજા પુરુષ એકવચનના રૂપ ઉપરથી આવ્યો જણાય છે. હેમચંદ્રાચાર્યે આપેલો એક અપભ્રંશ દુહો લેઈ તેનું મૂળ તપાશિયેઃ—

" जाइज्जइ तहिं देसडइ, लब्भइ पियहो पमाणु,
जइ आवइ तउ आणीअइ, अहवा तं जि निवाणु. "

આનું સંસ્કૃત કરતાં—

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"यायते तस्मिन्देशके लभ्यते (यत्र) प्रियस्य प्रमाणम् ।
यदि आयाति तदा आनीयते अथवा तत्रैव निर्वाणम् ॥"

"જાઇયે તે દેશમાં જ્યાં **લાભિયે** પ્રિય પ્રમાણ;
જો આવે તો **આણિયે** અથવા ત્યાં જ નિર્વાણ."

આ પ્રમાણે સંસ્કૃત કર્મણિરૂપના य પ્રત્યય ઉપરથી નીપજતા પ્રાકૃત અને અપભ્રંશ ईअ પ્રત્યયમાં ત્રીજા પુરુષ એકવચનનો વર્તમાન-કાળનો इ પ્રત્યય મળી 'ઇયે' પ્રત્યય કર્તરિ રચનામાં વર્તમાન-કાળના પહેલા પુરુષના બહુવચનના પ્રત્યય તરીકે ઊતરી આવેલો જણાય છે. જુઓ "દીન અનાથ પ્રાણી **પાલીઇ**, શક્તિ તેહનું દુઃખ **ટાલીઇ**" આમાં પણ 'પાલીઇ' અને 'ટાલીઇ' કર્મણિ રૂપમાં તેમજ કર્તરિ રૂપમાં લેઈ શકાય તેમ છે. ઠેઠ શામળના વખત સુધી આ 'ઇયે' પ્રત્યય સ્થિરતા પામ્યો નથી. જૂનો અપભ્રંશ પ્રત્યય પણ વપરાયેલો જણાય છે, છતાં 'ઇયે' પ્રત્યયના પ્રયોગનું પ્રમાણ પૂરતા પ્રમાણમાં છે. શામળ "હારીઇ, પરણાવીઇં, કરીઇં, જાણીઇં, બોલા-વીઇં, વગેરેની સાથે 'વરણિયે, પરણિયે, આવિયે, લાવિયે, વગેરે રૂપો પણ વાપરે છે. પ્રથમનાં રૂપોમાં જે અનુસ્વાર છે તે બહુવચનનું સૂચન કરવા વપરાયલો છે. એ અનુસ્વારનો પ્રયોગ ઘણે સ્થળે વિવેક વગર પણ અનેક કાવઓએ કર્યો છે.

વર્તમાનકાળમાં 'છ' ધાતુના પ્રયોગો ખાસ કરીને પહેલા અને બીજા પુરુષ એકવચનમાં અર્વાચીન ભાષાની દૃષ્ટિએ કાંઈક વિચિત્ર લાગે છે.

૧. તું પુત્ર છૌં.	૧. હું નિકળ્યો છૌં.
૨. તું કરાં છાં.	૨. હું જાઉં છૌં.
૩. કવણ છાં તું નાર ?	૩. હું પૂછં નામ તુહ્મારું.

અપભ્રંશમાં બીજા પુરુષ એકવચનનો પ્રત્યય हि છે. તે ઉપરથી ह નો લોપ થઈ इ પ્રત્યય હાલ 'છઇ–છિ' અને છેવટે 'છે' એ પ્રમાણે વિકાસ પામ્યો છે. પહેલા પુરુષમાં વપરાયલું 'છૌં' રૂપ 'છ+ઉં' પરથી વૃદ્ધિના નિયમથી ઉત્પન્ન થયલું જણાય છે. હાલ 'છ' ધાતુમાંનો अ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઊડી જઈ 'છું' એવું રૂપ આપણે વાપરિયે છિયે. પણ જેવો પહેલા પુરુષમાં 'છૌં,'નો પ્રયોગ કર્યો તેવો જ પ્રયોગ બીજા પુરુષમાં બને તેટલાં રૂપોને સમાન સ્વરૂપ આપવાની વૃત્તિથી થવા લાગ્યો હોય તેમ જણાય છે. આમાં બીજા પુરુષના સ્વતંત્ર પ્રત્યયનો અનાદર થયલો જણાય છે. પણ પાછળથી તેનો સ્વીકાર હાલની ગૂજરાતી ભાષામાં થયો છે.

ભૂતકાલની અંદર ખાસ નોંધવા જેવી હકીકત નથી. એટલું જણાવવું બસ થશે કે ગૂજરાતીમાં ભૂતકાળના પ્રયોગો થાય છે તે સ્વતંત્ર ક્રિયાપદો ઉપરથી ઉતરી આવ્યા નથી. સંસ્કૃતનાં તેમજ પ્રાકૃતનાં કર્મણિ ભૂતકૃદન્તનાં રૂપો ગૂજરાતીમાં ભૂતકાલીન ક્રિયા સૂચવવા વપરાવા લાગ્યાં. પરિણામે સંસ્કૃતમાં ક્રિયાપદને જાતિ ન હતી, પણ ગૂજરાતીમાં અમુક કાળમાં ક્રિયાપદને જાતિના પ્રત્યયો લાગે છે. જ્યાં જ્યાં ક્રિયાપદોનાં રૂપ વિકારી ક્રિયાસૂચક વિશેષણો ઉપરથી ઉતરી આવ્યાં છે ત્યાં ત્યાં સર્વત્ર ક્રિયાપદને જાતિ લાગે છે. બીજું એ પણ ધ્યાનમાં રાખવા જેવું છે કે વર્તમાનકાળમાં એક ક્રિયાપદ ઉપરથી વ્યુત્પન્ન થયલું રૂપ અનેક વખત વપરાય છે. ' 'જવું'--જૂનું રૂપ 'જાવું' સંસ્કૃત या ધાતુ ઉપરથી આવ્યું છે, જ્યારે તેનું ભૂતકાળનું રૂપ 'ગયો' સંસ્કૃત 'गत' ઉપરથી ઉતરી આવ્યું છે. 'મરવું' સંસ્કૃત मृ ધાતુ ઉપરથી આવ્યું છે, જ્યારે 'મૂઓ' સંસ્કૃત मुक्त કૃદન્ત ઉપરથી અપભ્રંશદ્વારા 'મૂઓ' થયું છે. અપભ્રંશમાં मुच्चति ને બદલે मुअइ વપરાતું જણાય છે.

ભવિષ્યકાળમાં જૂની ગૂજરાતીમાં સંસ્કૃતના સેટ્ ધાતુઓને લાગતો इ પ્રત્યય ઘણે ભાગે વપરાતો. કોઈ વખતે इ ને બદલે ओ અને કોઈ વખત अ કે ए પણ વપરાતો. બોલીસ, કરોસ, ભર્યોસ, કરિસ, કહેશિ, થાશિ, પૂછીશું, કરેશ, થાએશ, એવાં રૂપો વપરાયલાં માલૂમ પડે છે. જ્યાં ए લાગ્યો છે ત્યાં તે રૂપો ઘણુંખરૂં આજ્ઞાર્થ છેઃ એટલે ए આજ્ઞાર્થના અપભ્રંશના પ્રત્યય સાથે ભવિષ્યનો પ્રત્યય ઉમેરાઈ તે રૂપ થયું હોય તેમ લાગે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આજ્ઞાર્થ બીજા પુરુષ એકવચનના અપભ્રંશમાં ત્રણ પ્રત્યયો હતા, તે આપણે આગળ જોયું છે. આ ત્રણે इ, उ, અને ए પ્રત્યયો જૂની ગૂજરાતીમાં વપરાયલા નજરે ચડે છે. જુઓઃ—

"પશુ મારતાં પાતિગ લાગઇ, એ છઇ પ્રાણી અબૂઝ.
એ વાત મ બોલે! દાશરથિ નર ઊતારૂ નાદ,"
લોલે! લીલાગતિ ગ્રહુ, સુણિ સુંદરી, કર્ણપત્ર કરુ કામિ."

આમાં इ, उ, અને ए ત્રણે વપરાયા છે. આ નમૂના ઈ. સ. ના પંદરમા સૈકાની ગૂજરાતી ભાષાના છે. અર્વાચીન ગૂજરાતીમાં ए પ્રત્યય કાયમ રહ્યો છે, પણ તેનો પ્રયોગ અમુક જ ધાતુમાં નિયત થયો છે. उ પ્રત્યયનો ओ થઈ આજ્ઞાર્થ બીજા પુરુષ બહુવચનનું રૂપ બનાવવા તે હાલ વપરાય છે; અને इ નો મૃદુ યકાર થઈ કર્ય, લખ્ય, એસ્ય, વગેરે રૂપોમાં પરિણામ પામેલો શામળની ભાષામાં દૃષ્ટિગોચર થાય છે. શામળે અપભ્રંશના ત્રણે પ્રત્યયો ઉપરાંત મૃદુ યકારાંત, અને ઓકારાંત રૂપ પણ વાપર્યું છે. શામળનો સમય અર્વાચીન અને પ્રાચીન ગૂજરાતીનો જાણે સંધિકાળ ન હોય તેમ લાગે છે. તેની ભાષાનાં કેટલાંક રૂપ જૂનાં રૂપોના અવશેષ સંઘરે છે, તેમજ નવીન રૂપોનો પ્રાદુર્ભાવ પણ સૂચવે છે. શામળના પ્રયોગો (આજ્ઞાર્થના) "જાયો, જજો, થાઉ, જાઉ, મ્હેલો, રહિ, કહે, દેખાડિ, ઊડિઊડિ, કાપ્ય, લાવ્ય, આવ્ય, મેલ્ય," વગેરે. આ પૈકીનાં જે યોકારાંત અને જોકારાન્ત રૂપો છે તે વિનયપૂર્વકની આજ્ઞા બતાવવા વપરાતાં સંસ્કૃત કર્મણિરૂપ ઉપરથી અપભ્રંશ આજ્ઞાર્થના उ નો ओ થઈ આવેલાં જણાય છે. સંસ્કૃતમાં 'गच्छ' એમ આજ્ઞા કરવા કરતાં કર્મણિરૂપ गम्यताम्‌થી સારો વિનય બતાવી શકાતો. તે ઉપરથી જ "જાયો, જજો," વગેરે રૂપો આવ્યાં છે. 'ઊઠ' કે 'ઊઠ્ય,' 'રાખ' કે 'રાખ્ય', એ એમાંથી આજ્ઞાર્થમાં કઈ જોડણી સ્વીકારવી તેનો નિર્ણય કરતાં વ્યુત્પત્તિની દૃષ્ટિએ તો યકારાંત રૂપ વ્યાજબી લાગે છે. પણ આ રૂપને વૈયાકરણો ચરોતરી રૂપ (પ્રાન્તિક પ્રયોગ) માને છે, તે અફસોસની વાત છે.

3

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હવે આપણે કર્મણિ પ્રયોગમાં રહેલું ગૂજરાતી ભાષાનું જૂનાડ તત્ત્વ જોઇએ. આ પ્રયોગ પ્રાચીન ગૂજરાતીમાં તેના શુદ્ધ સ્વરૂપમાં દેખા દે છે, પણ અર્વાચીન ગૂજરાતીમાં તેનું શુદ્ધ સ્વરૂપ નષ્ટ થયેલું હોવાથી તે જૂનો પ્રયોગ વિચિત્ર લાગે છે. વાસ્તવિક રીતે તો હાલનો પ્રયોગ વિચિત્ર લાગવો જોઇએ, પણ નવીન સંસ્કારોમાં ઉછરેલા હોવાથી તે પ્રયોગ તો રૂઢ થયો, એટલે વિચિત્રતા ન ભાસે, તે પણ સ્વાભાવિક છે. સાધારણ નિયમ તો એ કે જ્યારે ક્રિયાપદનો કર્મણિ પ્રયોગ થાય ત્યારે મૂળ કર્તરિ પ્રયોગનો કર્ત્તા ત્રીજી વિભક્તિમાં આવે, અને મૂળનું કર્મ તે કર્તા થઈ જાય. આ જાતની રચના તે શુદ્ધ રચના કહેવાય. આ શુદ્ધ રચના જૂની ગૂજરાતી ભાષામાં હતી, તે જોવા થોડાંક ઉદાહરણો લઈએ:—

(૧) "ભ્રાત તમારો યક્ષે માર્યો." હાલમાં (તમારા ભાઈ ને યક્ષે માર્યો.)
(૨) "અપર માએ વચન બોલ્યાં."—(અપર મા વચન બોલી.)
(૩) "હિરણ્યકશ્યપ હરે મારિઉ."—(હિરણ્યકશ્યપુને હરિએ માર્યો.)
(૪) "(મેં) મન વચન કર્મ વર્યા શ્રીનાથ." (હું મન, વચન, કર્મથી શ્રીનાથને વરી.)
(૫) "વહુ સાસુએ ગલે વલગાડી," (વહુને સાસુએ ગળે વળગાડી.)
(૬) "મારો પુત્ર તિં રાખ્યો છિ." (મારા પુત્રને તેં રાખ્યો છે.)
(૭) "એટલે કપિંજલ મિં દીઠો." હાલમાં (એટલે કપિંજલને મેં દીઠો.)
(૮) "હું અતિ દુઃખી પડ્યો દીઠો."—(મને અતિ દુઃખી પડેલો દીઠો.)
(૯) "કપિંજલિ હું હઇયામાં ચાંપ્યો.—(કપિંજલે મને હૈયામાં ચાંપ્યો.)
(૧૦) "હું પડતુ દીઠુ જેટલિ."—(મને જ્યારે પડતો દીઠો.)

ઉપરના પ્રયોગોમાં શુદ્ધ કર્મણિ રચના છે. મૂળનો કર્તા ત્રીજીમાં મૂકાયો છે, અને કર્મ કર્તા થઈ ગયું છે. પણ અર્વાચીન ગૂજરાતીમાં મૂળનો કર્તા કોઈ કોઇક વખત પ્રથમા વિભક્તિમાં અને ઘણી વખત ત્રીજી વિભક્તિમાં વપરાય છે, પણ મૂળનું કર્મ જે કર્તા થવું જોઇએ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેને બીજીનો 'ને' પ્રત્યય ઉમેરી બીજી વિભક્તિમાં હાલ આપણે વાપરિયે છિયે. આ ઉપરથી સાબીત થાય છે કે આપણે કર્મણિ રચનાનું ભાન જ ભૂલી ગયા છિયે. જૂની ગૂજરાતીની આ શુદ્ધ રચનાને છેવટે આપણે "સંસ્કૃત રચના" કહિયે છિયે.

હવે આપણે પ્રાચીન ગૂજરાતીમાં વપરાતા વિભક્તિ પ્રત્યયો સંબંધી વિચાર કરિયે.

પ્રથમા વિભક્તિ સામાન્યતઃ નામાર્થે વપરાતી હોવાથી તેનો ગૂજરાતીમાં ખાસ પ્રત્યય નથી.

બીજી વિભક્તિમાં પ્રત્યય વપરાય છે, અને નથી પણ વપરાતો. તેનો ખાસ પ્રત્યય 'નઇ', 'નિ' કે 'ને' હતો. આ પ્રત્યય તણ ના સપ્તમીના એકવચનના રૂપ तणइ ઉપરથી णइ-નઇ-નિ-ને, એમ ઉત્તરોત્તર વિકાસ પામી આવ્યો છે.

ત્રીજી વિભક્તિમાં પ્રત્યયો તરીકે જૂની ગૂજરાતીમાં 'હિં,' 'ઇં,' 'ઇ,' 'આં,' 'એ,' અને 'એં,' એટલા પ્રત્યયો વપરાયલા નજરે પડે છે. શામળે પણ કોઈ વખત 'હિં,' અને ઘણી વખત 'એ', અને 'ઈ' પ્રત્યયો વાપર્યા છે. 'આહોડીઇં', રાજાઇં, પસાઇં, ગરદેં, દૂધેં, યોગેં, જેણીઇં, વિવાઇં, પ્રભુઇ, મુખેં, કુણિહિં, રંગિહિં, મદિહિં, વગેરે પ્રયોગો ત્રીજી વિભક્તિ માટે કર્યા છે. 'આં' વાળો પ્રયોગ ભાલણના નળાખ્યાનમાં નજરે પડે છે. પ્રાકૃતનો પ્રત્યય हि અને નારી જાતિનાં નામો માટે પ્રાકૃતમાં 'આ' અને 'ઇ' પ્રત્યયો હતા. તેમાં અપભ્રંશનો અનુસ્વાર-તૃતીયાનો પ્રત્યય ભળી 'હિં', અને 'આં' પ્રત્યયો થયા હોવાનું જણાય છે. અપભ્રંશમાં તૃતીયાનો 'એ' પ્રત્યય પણ હતો. તેમાં બીજો પ્રત્યય-અનુસ્વાર મળી 'એં' થયાનું જણાય છે.

ચોથી વિભક્તિના મુખ્ય પ્રત્યય તરીકે 'નઇ-નિ-ને' વપરાતા. આ પ્રત્યયો એકલા 'માટે', 'કાજે,' 'વાસ્તે' નો અર્થ જણાવવા સમર્થ હતા. "ફરસરામ બ્રહ્મા-અવતાર **તપને** ગ્યા છાંડી સંસાર." આ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રયોગ ઈ. સ. ના પંદરમા શતકનો છે. તેમજ શામળે પણ તેવો પ્રયોગ કર્યો છેઃ "ભોજનનો માંડ્યો વિચાર, **સરપણને** ચાલ્યો સુતાર." આ પ્રયોગોમાં 'તપને' અને 'સરપણને' ચોથી વિભક્તિમાં છે. સંસ્કૃતમાં ચોથી વિભક્તિથી હેતુનો અર્થ સૂચવાતો, પણ પાછળથી જેમ તે ભાષામાં અર્થ શબ્દનો પ્રચાર શરૂ થયો તેવી જ રીતે અર્થની સ્પષ્ટતા ખાતર અર્વાચીન ગૂજરાતીમાં 'માટે,' 'કાજે', 'વાસ્તે', વગેરે અનુગો ઊમેરવાની જરૂર પડી. 'કાજે' અને 'માટે' બે તદ્ભવ અનુગો પણ પ્રાચીન ગૂજરાતીમાં વપરાતા હતા. આવા અનુગોની જરૂર અપભ્રંશ કાળમાં પણ જણાઈ હતી. તેથી હેમચંદ્રાચાર્યે केहिं, तेहिं, रेसिं, रेसि અને तणेग નો તાદર્થ્યે પ્રયોગ થયાનું જણાવ્યું છે. આ ચૈકીનો માત્ર 'रेसि' અનુગ જૂની ગૂજરાતીમાં વપરાયલો કોઈ કોઈ વખત નજરે ચડે છે. આ ચોથીના પ્રત્યયો નથી, માત્ર ચોથીનો અર્થ જણાવવા વપરાતા અવ્યયો છે.

પાંચમી વિભક્તિના પ્રત્યયો તરીકે तउ, हुंतु, थी, थकां, थकी, पाहि, पैं વગેરે વપરાયાનું જણાય છે.

વધારે પ્રત્યયો છઠ્ઠીના વપરાયા છે. 'ર', 'લ,' 'ના,' 'ની,' 'નું,' 'સ,' 'હ,' 'ચા.' આ પ્રત્યયો સિવાય 'તણ' અને 'કેર' અનુગો પણ અપભ્રંશકાળથી વપરાતા હતા, તે આપણે આગળ જોયું છે.

"ચાંપુ**લા** તરુઅર**ની** કલી નીકલી સોવનમાલ." "કરિ કુસુમાયુધ પ્રગટી ભ્રગુટી ધણ**હ** સમાન," "વીણ ધરઇ કરિ દાહિણ, વાહણ હંસ**લુ** જાસ." "પૂરે મન**ચી** આસ." "અસ્ત્રી તણ**રો** જનમ પ્રમાણ, જિણ**રી** પિઉં ન લોપે આણ." આમાં છઠ્ઠીના અનેક પ્રત્યયો વપરાયા છે. 'ચા' પ્રત્યય મરાઠીની અસર લાગે છે.

'નરસૈંયાચા પ્રભુ' વગેરે નરસિંહ મ્હેતાના પ્રયોગમાં, તેમજ ભીમ, ભાલણ, પદ્મનાભ, લાવણ્યસમય, અને ઠેઠ શામળે પણ એકાદ બે વખત તેનો પ્રયોગ કર્યાનું જણાય છે. 'ર' પ્રત્યયનો પ્રયોગ માર-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાડી તેમજ બંગાળી ભાષાનો સંસ્કાર જણાય છે. મને તે પ્રત્યય કેર ઉપરથી ઊતર્યો હોય તેમ જણાય છે. બંગાળી ભાષામાં 'ગૃહેર', 'આમાદેર' વગેરે પ્રયોગો છઠ્ઠીમાં થાય છે. તિણરો, જિણરો, વગેરે પ્રયોગો મારવાડીના છે. 'લા,' પ્રત્યય અપભ્રંશ વૈશેષણિક પ્રત્યય इल्ल–अल्ल ઉપરથી ઊતર્યો હોય તેમ લાગે છે. છઠ્ઠી વિભક્તિ વિશેષણ વિભક્તિ હોવાથી વૈશેષણિક પ્રત્યય નામને લાગે તે સંભવિત છે. 'હ' અને स પ્રત્યયો સંસ્કૃત स्य ઉપરથી પ્રાકૃત દ્વારા स्स અને પછી 'હ' થઈ આવ્યા હોય તેમ જણાય છે. આ પ્રત્યય માગધી તેમજ અપભ્રંશમાં વપરાતો. 'ચા' પ્રત્યય જાતિવાચક હોવાથી अत्रत्य–तत्रत्य, વગેરેમાં રહેલા त्य પ્રત્યય ઉપરથી આવ્યો છે. सत्यनुं પ્રાકૃતમાં सच्च થાય છે, તેવી રીતે त्य નો च्च થઇ તે પ્રત્યય આવ્યો છે.

સપ્તમી વિભક્તિના પ્રત્યયો તરીકે ઇ, ઇં, હિં, હિ, માં, વગેરે તેમજ અનુગ તરીકે 'માંહિ' અને 'મોઝાર' પણ વપરાતા હતા. ઠેઠ શામળ સુધી આ પ્રત્યયોનો ઉપયોગ થયાનું જણાય છે.

અન્યસાપેક્ષ તુલનાવાળું વિશેષણનું રૂપ : સંસ્કૃતના જેવું અન્ય સાપેક્ષ તુલનાનું રૂપ ઘણી વખત જૂની ગૂજરાતીમાં વપરાતું હતું. 'નીલેરાં,' 'ભલેરા,' 'અનેરા,' વગેરે જૂની ગૂજરાતીના પ્રયોગો સંસ્કૃત नीलतर, भद्रतर અને अन्यतर ઉપરથી આવ્યા છે. આવાં રૂપ અત્યારે સામાન્ય રીતે વપરાતાં નથી. એક 'અનેરી' શબ્દ જ્યાં ત્યાં હાલ વપરાય છે. अन्यतर નો સંસ્કૃતમાં અર્થ 'બેમાંનું એક' થાય છે. જૂની ગૂજરાતીમાં કેવળ 'અન્ય' એમ અર્થ થતો, પણ હાલ તેનો અર્થ 'અલૌકિક' એવો કંઇક થાય છે. આ અર્થ શબ્દનો પોતાનો નથી, પણ આરોપિત કરેલો જણાય છે. જુઓ 'એ છઇ કુણ **અનેરાં**, 'સ્વામી **અનેરાંની** શું સંભારૂં.' આમાં 'અનેરા'નો અર્થ 'અન્ય–બીજા' એવો છે.–જૂનો તેમજ આધુનિક અર્થ નથી.

ભૂતકૃદન્તનું 'લ'વાળું રૂપઃ આ રૂપ જૂની ગૂજરાતીમાં વપરાતું હતું, અને સ્હેજ વિકૃત રૂપમાં હાલ પણ વપરાય છે. 'લ' પ્રત્યય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જૂની ગૂજરાતીમાં કેવળ ભૂતકૃદન્તને જ નહિં, પણ વર્તમાન કૃદન્તને પણ લગાડેલો માલૂમ પડે છે: "રાઉ ભણી મંત્રિ ન શાધલુ કાજ,' 'સાયરજુ ઉલઙ્ઘિઉ, પુહુતલુ પેલઇ તીરિ," તેમજ "દાતણ **કરતેલા** જાવરે મલાવરાવ, શહેરનો સુબો ક્યારે આવશેરે?" છેલ્લાં બે ઉદાહરણમાં વર્તમાન કૃદન્તને 'લ' પ્રત્યય લાગ્યો છે. આ 'લ' 'इल्ल' નો વંશજ હશે. નરસિંહ મ્હેતાના સંદિગ્ધ કૃતિવાળા 'હારમાળા' નામના કાવ્યમાં આ 'લ' વાળું રૂપ વપરાયું છે. તેના સ્વરૂપ ઉપરથી તે કોઈ મરાઠી કવિની પંક્તિઓ હોય તેમ જણાય છે.

"**દેવા અમચી** વાર કાં બેદલ **હોઇલા, આપુલ્યા** ભક્ત કાં **બિસરૂન્ ગેલા?**

ધ્રુવ અંબરીષ પ્રહલાદ વિભીષણ નામા **હાથલે** દૂધ **પીલા.**"

વિધ્યર્થ કૃદન્તને યોગે થતી જૂની ગૂજરાતીની વાક્યરચના નોંધ લેવા યોગ્ય છે. 'કરવું,' 'ખાવું,' 'જવું,' વગેરે રૂપો સંસ્કૃતના કર્મણિ વિધ્યર્થ રૂપ ઉપરથી આવ્યાનું અપભ્રંશના ઋણમાં જણાવ્યું છે. 'આવ્યું' રૂપોમાં પ્રથમ ફરજ કે વિધિનો અર્થ હતો. પાછળથી વિધિનો અર્થ લુપ્ત થયો, એટલે તેણે સામાન્ય કૃદન્તનું રૂપ ધારણ કર્યું. સંસ્કૃત "इदं कार्यं त्वया कर्तव्यम् નું જૂની ગૂજરાતીમાં "આ કાજ તેં કરવું" અને હાલની ગૂજરાતીમાં "આ કાર્ય તારે કરવું" આ પ્રમાણે રચના થાય છે. જૂનાં ઉદાહરણો જોતાં એમ જણાય છે કે મૂળ રચના એટલે કર્તરિ રચનાના કર્મ પ્રમાણે આ વિધ્યર્થ કૃદન્તને જાતિના પ્રત્યયો લાગે છે. સંસ્કૃતમાં પણ તેમજ છે. અર્વાચીન ગૂજરાતીમાં પણ તે નિયમ પ્રવર્તે છે. પણ કર્તરિ રચનાના કર્તાનાં જે 'તેં', 'મેં,' 'અમ્હે,' વગેરે રૂપો વપરાતાં હતાં તેને બદલે હાલ 'તારે,' 'મારે,' 'અમારે' વગેરે રૂપો યોજવાં પડે છે. આ નવીન રૂપોની વિભક્તિ ત્રીજી લેવી વ્યાજબી છે. "તેં તજવો તેહનો દેહ." "હવે કરવો મેં કવણ ઉપાય?" "રુક્મિણીને મેં કરવી સહાય," વગેરે જૂની ગૂજરાતીનાં ઉદાહરણ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીજું હાલનું જે સામાન્ય કૃદન્ત છે તેને હાલ આપણે જાતિ-વાચક પ્રત્યયો લગાડતા નથી, પણ જૂની ગૂજરાતીમાં લાગતા, એમ "કાદંબરીના સંક્ષિપ્ત ગદ્યકથાનક" ઉપરથી માલૂમ પડે છે. જુઓ:—

" ચંદ્રાપીડિ વૈશંપાયનનિ શોધવુ માંડ્યુ. " (શોધવા માંડ્યો)

" સમાચાર પૂછવો માંડ્યો. " (પૂછવા માંડ્યો) "ભક્તિ કરવી માંડી. " હાલ 'વા' વાળું રૂપ સર્વ જાતિ માટે વપરાય છે. પણ 'પૂછવો માંડ્યો'માં 'સમાચાર' પ્રમાણે 'પૂછવા'ને નરજાતિવાચક પ્રત્યય લાગ્યો છે. આ ઉપરથી એમ સમજાય છે કે સામાન્ય કૃદન્ત અને વિધ્યર્થ કૃદન્ત વચ્ચેનો ભેદ જૂની ગૂજરાતીમાં ચોક્કસ થયો ન હતો.

શબ્દયોગ ' ભણી 'નો અર્થઃ—' ભણી ' શબ્દ भण् ધાતુના સંબંધક ભૂતકૃદન્ત भणित्वा ઉપરથી પ્રાકૃત भणीअ દ્વારા ગૂજરાતીમાં ઊતરી આવ્યો છે. भण् નો સંસ્કૃતમાં ' બોલવું ' એવો અર્થ હતો. ભણી=' બોલીને '—' ને ઉદ્દેશીને ' એવો અર્થ હતો. જૂની ગૂજરાતીમાં ' ઉદ્દેશીને '—'માટે'—'લીધે' અને કોઇ વખત હાલના 'તરફ' એ ભિન્ન ભિન્ન અર્થમાં વપરાયેલો જણાય છે. " વડા **ભણી** જુ દીધી શોભ, તુ ડોકરનિ વાધિઉ લોભ." 'વડા ભણી'=" મોટા કહી સમજી જાણી." અહીં શબ્દયોગ નથી. " રાતદિવસ રલશું ઘર **ભણી**, કિશી વાત માવિત્રહ તણી ? " ભણી=માટે. " જીર્ણ પડવા ભી **ભણી** પવનનિ વલગુ જાંણિ " " સુંદરતા જોવા **ભણી**, સહસ્ર–લોચન થયઉ સુર ધણી." છેલ્લાં બે ઉદાહરણમાં 'ભણી'નો અર્થ " લીધે " છે. પછીથી તેનો અર્થ 'તરફ' એમ હાલ સ્થિર થયો છે.

કાળ કે સ્થળવાચક સાનુસ્વાર આકારાંત રૂપ જૂની ગૂજરાતીમાં અવ્યય તરીકે વપરાયલું ઘણી વખતે દૃષ્ટિગોચર થાય છે. ' હેલાં, ' ' વેલાં, ' ' વસુધાં,' ' શિબિકાં, ' ' લીલાં, ' ' તુલાં,' વગેરે રૂપો ઠેઠ શામળના વખત સુધી વપરાયલાં નજરે ચડે છે. " આંસુઇ નયણ **નિશાં** ભરઇ, સાંભરઇ જિમ નાથ " (વસંતવિલાસ) તેમજ " સૂતી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પડી તે વેલાં સહેલ, હાંકી કૂંયરે તેમાં વહેલ" (શામળ) આ રૂપો આકારાંત નારીજાતિના સાતમીના એકવચન ઉપરથી આવ્યાનું જણાય છે. સંવત્ ૧૪૭૮ ના "પૃથ્વીચંદ્રચરિત્ર"ના આગળ આપેલા અવતરણમાં जिणि राजसभां कुंकुमजलि छटा दीधी छइमां सभां રૂપ સંસ્કૃત सभायां નું પ્રતિબિમ્બ હોય તેમ લાગે છે. તે ઉપરાંત यद्, तद्, વગેરે સર્વનામનાં રૂપોનાં यस्मिन्, तस्मिन्, રૂપોનાં પ્રાકૃત जस्सिं, तस्सिं ઉપરથી जहिं तहिं અપભ્રંશરૂપ ઉપરથી જહાં તહાં, વગેરે સાર્વનામિક રૂપો હાલની ગૂજરાતીમાં પણ અવ્યય તરીકે વપરાય છે, તે પણ સાતમીનાં રૂપો છે. એટલે આ રૂપો **સાતમીના** એકવચનના રૂપ ઉપરથી આવ્યાનું જણાય છે. તેમજ 'વાર' શબ્દને તેવું રૂપ આપવા 'વરાં' એમ પ્રયોગ શામળે કર્યો છે. 'એકવરાં,' 'પંચવરાં' વગેરે શામળના પ્રયોગો છે. જહાં, તહાં રૂપો વ્રજભાષાદ્વારા આવ્યાં હોય તેમ લાગે છે. " यहां सकल ऋतु रहव सुखारी " એ જાતનો પ્રયોગ ગોસ્વામી તુલસીદાસે માનસચરિતમાં કર્યો છે.

કર્તૃવાચક કૃદન્તનો હાલ જે 'નાર' પ્રત્યય સ્થિર થયો છે તેને બદલે જૂની ગૂજરાતીમાં 'હાર' પ્રત્યય વપરાતો. સંસ્કૃતમાં ક્રિયાવાચક નામ બનાવવા ધાતુને अन પ્રત્યય લાગતો. कृ + अन = કરણ: गम्, + अन = ગમન, વગેરે. આ ક્રિયાવાચક નામ ઉપરથી કર્તૃવાચક નામ બનાવવા પાછો कार પ્રત્યય લાગતો—करणकार, गमनकार, વગેરે. જૂની ગૂજરાતીની પૂર્વે આ कार માંનો कृ ઊડી જતાં आर પ્રત્યય રહ્યો. પણ એકંદર શબ્દનું વજન જાળવતાં ह નો પ્રક્ષેપ કરી 'હાર' પ્રત્યય જૂની ગૂજરાતીમાં ઘણો વપરાતો. 'સર્જનહાર,' 'ભંજણહાર,' 'ઘડણહાર,' વગેરે. પાછો ह् ઊડી ગયો, અને પૂર્વના न માં आर મળી હાલનો 'નાર' કાયમ થયો છે. આ 'નાર' પ્રત્યય આ પ્રમાણે સ્વતંત્ર પ્રત્યય નથી, પણ ક્રિયાવાચક 'अन' માંના 'न' ની સાથે કર્તૃવાચક कार નો आर મળી 'નાર' પ્રત્યય થયો છે: આ પ્રમાણે તે બે પ્રત્યયનો સંકર છે. એવી જાતનો શબ્દ ગૂજરાતીમાં 'સાટે' છે. સંસ્કૃત છઠ્ઠીના स्य

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રત્યયમાં અર્થે મળી સ્વાર્થે જાણે સ્વતંત્ર પ્રત્યય ન હોય તેમ જ્યાં ત્યાં વપરાવા લાગ્યો, અને પછી તેનો વિકાર થતાં 'સટ્ટિ'–'સાટિં'–'સાટે', એમ ક્રમશઃ વિકાર પામી 'સાટે' શબ્દ શબ્દયોગી અવ્યય તરીકે, તેમ નામ તરીકે વપરાશમાં આવ્યો છે.

ક્રિયાતિપત્યર્થઃ—વિ. સં. ૧૩૩૬માં રચાયલા ન્હાના "બાલશિક્ષા" નામના પુસ્તક ઉપરથી એમ જણાય છે કે "જો હું કરતે," "જો તે જતે," વગેરે કેટલાક સૂરતી પ્રયોગોમાં જે છેવટે ए આવે છે તે વ્યાજબી નથી.

"જઇ કરત, જઇ લેત, જઇ દેત, इत्यादौ क्रियातिपत्तिः"

"જઇ કીજત, લીજત, દીજત, इत्यादौ कर्मणि क्रियातिपत्तेरात्मनेपदं"

આ પ્રમાણે "કરત, લેત, દેત" વગેરે પ્રયોગો સંવત્ ૧૩૩૬માં થયેલા છે, તો હાલ ગૂજરાતીમાં "જો વૈદ વેળાસર આવત તો દરદને આરામ થાત," એવા કેવળ અકારાંત પ્રયોગોને આપણે શુદ્ધ ગણી શકીએ.

તા. ક. 'આય' પ્રત્યયવાળું જે કર્મણિરૂપ આપણે આગળ જણાવ્યું છે તેનું જૂનું રૂપ–"આઇ" વાળું–"બાલશિક્ષા"માં સંવત્ ૧૩૩૬માં વપરાયલું છે. "કરાઇ–क्रियते": "જણાઇ–ज्ञायते." 'આય' આ પ્રમાણે 'આઇ'નો આગળનો વિકાસ છે.

ચતુરભાઇ પુ. પટેલ.

(પુ. ૭૬મું, એપ્રિલ–મે, ૧૯૨૯)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨. સાહિત્યવિચાર

વડોદરા 'પ્રાચીનકાવ્યમાળા' ઓફીસ તરફથી અમદાવાદ વર્નાક્યુલર સોસાઈટીએ બહાર પાડવાના કુલ ગ્રંથોની યાદી*

નં.	પુસ્તકનું નામ	ગ્રંથકારનું નામ	વિષય	પૃ.નો આશરો
૧	લોપામુદ્રાખ્યાન	પ્રેમાનંદ	નાટક કે આખ્યાન	૧૭૫
૨	મારુતીવિજય	વલ્લભ	નાટક	૨૫૦
૩	દૃષ્ટાંતાબ્ધિ	,,	સાહિત્યગ્રંથ	૩૦૦
૪	અધ્યાત્મરામાયણ	ભીમ કવિ	વેદાંતકથા	૫૦૦
૫	પંચતંત્ર	જૈન કવિ	નીતિ સાહિત્ય	૪૦૦
૬	કેવળપુરી કૃત કવિતા	કેવળપુરી	જ્ઞાન, બોધ, વૈરાગ્ય	૨૫૦
૭	સુદર્શનાખ્યાન	પ્રેમાનંદ	આખ્યાન	૨૫૦
૮	યોગરત્નાકર	નયનશેખર	વૈદક	૪૦૦
૯	જાલંધરઆખ્યાન	વિષ્ણુદાસ	આખ્યાન	૧૫૦
૧૦	કાદંબરી	ભાલણ	કવિતામય ભાષાંતર	૩૦૦
૧૧	અશોકચંદરાજાનો રાસ	સુખસાગર	જૈન વાર્તા	૨૦૦

* આ યાદી સન ૧૮૯૪–૯૬ માં ગુ. વ. સોસાયટી અને વડોદરા-પ્રાચીન કાવ્યમાળા કમિટિ વચ્ચે ચાલેલા પત્રવ્યવહારમાંથી અમને પ્રાપ્ત થઈ છે. કાવ્યમાળા કમિટિની યોજના એવી હતી કે જૂની હસ્તલિખિત પ્રતો પરથી સંશોધન કરાવી જે પુસ્તકો તે તૈયાર કરાવી આપે, તે સર્વ પુસ્તકો અમુક સરતે છપાવવા વગેરેની વ્યવસ્થા સોસાઈટી કરે. કયા કયા ગ્રંથો તૈયાર કરવાનું બની શકશે તેની સંપૂર્ણ નોંધ એક જુદી યાદીમાં મોકલી હતી અને તે જ યાદી અમે પ્રકટ કરી છે. સાહિત્યના અભ્યાસીને અથવા અન્ય કોઇને કોઈ પણ રીતે તે ઉપયોગી થશે તો અમારો શ્રમ સફળ થશે. **તંત્રી**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૨	રઘુવંશનું ભાષાંતર	પ્રેમાનંદ	કવિતા	૪૦૦
૧૩	કર્ણચરિત્ર	,,	મહાકાવ્ય	૪૦૦
૧૪	ભીષ્મચંપૂ	,,	ગદ્યપદ્યાત્મક કાવ્ય	૪૦૦
૧૫	દુષ્ટભાર્યા નાટક	,,	નાટક	૧૫૦
૧૬	વલ્લભ ઝગડો	,,	કવિતાગ્રંથ	૫૦
૧૭	શુક–જનક સંવાદ	,,	કવિતા	૬૦
૧૮	ત્રિપુરવધાખ્યાન	,,	આખ્યાન	૧૫૦
૧૯	ધૃતરાષ્ટ્ર કુરુક્ષેત્ર દર્શન	વલ્લભ	બીભત્સ રસ કાવ્ય	૧૦૦
૨૦	યુધિષ્ઠિરવૈરાગ્ય	,,	શાંતરસ કાવ્ય	૨૦૦
૨૧	ગદ્યપદ્ય સંવાદ	,,	સાહિત્ય	૧૦૮
૨૨	શિશુપાળવધ	રત્નેશ્વર	ભાષાંતર–કવિતા	૧૫૦
૨૩	મહાભારત	પ્રેમાનંદ	કવિતામય ઇતિહાસ	૨૦૦૦૦
૨૪	દશમસ્કંધ	ભાલણ	કવિતામય કથા	૧૫૦
૨૫	ધર્મની પોથી	પ્રીતમદાસ	વેદાંત	૭૫
૨૬	પ્રીતમદાસના છુટક છપા	,,	જ્ઞાન, બોધ	૮૦
૨૭	પાંડવોની નિશાળ	શિવદાસ	આખ્યાન	૫૦
૨૮	કિર્મીરવધાખ્યાન	,,	,,	૭૦
૨૯	શુકદેવાખ્યાન	શામળ ભટ્ટ	,,	૯૦
૩૦	ભોજકથા	,,	કથા-કવિતામય	૬૦
૩૧	કાળમહિમા	,,	કવિતા–સાહિત્ય	૯૦
૩૨	અલંકારપંચાશિકા	,,	સાહિત્ય	૨૦
૩૩	ગજેન્દ્રમોક્ષ	કાળીદાસ	આખ્યાન	૨૫
૩૪	સીતારાવણસંવાદ	દેવીદાસ	,,	૧૫
૩૫	મહાદેવનીસ્તુતિના છંદ	અનુભવાનંદ	કવિતા	૨૫
૩૬	રામાયણના ચંદ્રાવળા	રામભક્ત	,,	૪ (ચાર)
૩૭	નાગસંવાદ પિંગળ	વસરામ ભટ્ટ	સાહિત્ય	૪ (ચાર)
૩૮	હિતોપદેશ છંદબદ્ધ	,,	નીતિ સાહિત્ય	૪૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩૯	હાસ્યરસનાં કીર્તન	,,	સાહિત્ય	૪૦
૪૦	વજ્રનાભવતીનો સ્વયંવર	ભગવાન	આખ્યાન	૩૦
૪૧	છૂટક કીર્તન	,,	ભક્તિ	૫૦
૪૨	પાંડવગીતા	,,	જ્ઞાન, વૈરાગ્ય	૨૦
૪૩	હરિરસ	,,	ભક્તિ	૫
૪૪	કર્મગીતા	,,	જ્ઞાન	૧૦
૪૫	શિવભક્તની ભક્તમાળ	,,	ભક્તિ	૨૦
૪૬	કૃષ્ણનામના કુંડળીયા	,,	ભક્તિ	૪૦
૪૭	સહસ્રપદનો રાસ	નૃસિંહ મહેતો	ભક્તિ	૫૦૦
૪૮	સતીધર્મ	કમળાગૌરી	નીતિ	૪૦
૪૯	કૃષ્ણચરિત્ર	,,	ભક્તિ–સાહિત્ય	૨૦
૫૦	પતિવિરહાખ્યાન	,,	આખ્યાન	૫૦
૫૧	ભક્તમહિમા	,,	ભક્તિ	૨૦
૫૨	બોડાણાની કથા	ત્રિકમદાસ	આખ્યાન	૨૦
૫૩	સત્યભામાનું રૂષણું	મીરાંબાઈ	,,	૧૦
૫૪	કૃષ્ણસ્વામી આખ્યાન	,,	,,	૨૦
૫૫	દૃઢભક્તિઆખ્યાન	,,	,,	૧૦
૫૬	છૂટક પદ	,,	ઉપદેશ	૧૦૦
૫૭	કપિલજીનું આખ્યાન	રામદાસ	આખ્યાન	૨૦
૫૮	ચંડીપાઠ	રણછોડજી દિવાન	,,	૭૦
૫૯	અંબાજીના ગરબા	,,	સ્તુતિ, ભક્તિ	૨૦
૬૦	છૂટક કવિતા	,,	સાહિત્ય	૫૦

Hargovinddas D. K.

પ્રા. કા. કમીટીના સેક્રેટરી

(પુ. ૫૮ મું. જાન્યુ. ૧૯૧૧)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જાનેવારી ગુદસ્તના બુદ્ધિપ્રકાશમાં છાપેલી

અપ્રસિદ્ધ પુસ્તકોની યાદી *

મુગલાઈની જાહોજલાલીમાં હિંદુસ્તાનના પ્રાચીન સાહિત્ય તરફ રાજકર્તાઓનૂં લક્ષ ખેંચાયાનૂં આપણે સાંભળિયે છિયે. ફારસી શાયર ફૈજી અને ફિલસુફ શાહજાદા દારા શિકોહે ઘણી રંજ ઊઠાવી ફારસી જબાનમાં महाभारत, रामायण અને उपनिषद्‌ના ઊતારા કરેલા તે હાલ પણ મોજુદ છે. પરંતુ શહાનશાત તરફથી જેવી મુલ્કે-હિંદની માપણી કરવામાં આવી, તેવી મુલ્કેકિતાબની કરાઈ જાણવામાં નથી. એ દિશામાં પહેલૂં પગલૂં ભર્યાનૂં માન તો નામદાર ઇંગ્રેજ સરકારને છે. એમણે ગ્રંથોની તલાશ માટે કેટલાક વિદ્વાનોને ખાસ રોકી તપસીલવાર ફેરિસ્તો બહાર પાડી છે; લેખી પુસ્તકોના સરકારી ભંડાર ખોલ્યા છે; અને શોધખોળનૂં ખાતૂં પણ સ્થાપ્યૂં છે. એમનો બધો પ્રયાસ અણવપરાશની પુરાણી ભાષાઓ માટે છે. વપરાતી વર્તમાન ભાષાઓમાં કોઈના જૂના અજાણ્યા થરની તપાસણી શરૂ થઈ હોય તો તે હિંદી છે. એવી તપાસણી ગૂજરાતીને અંગે હાથ ધરવા ગૂજરાત વર્નાક્યૂલર સોસાઇટીને મણિમહોત્સવમાં **સાહિત્યસભા** દ્વારા વિનંતી કરવામાં આવી હતી. ત્રીજી સાહિત્ય પરિષદ્‌માં પણ એ બાબતની હિલચાલ કરી હતી. પરંતુ એ તપાસણી હજુ દૃષ્ટિમર્યાદાથી દૂર જ છે. માત્ર એકવાર એક મરજીવાએ દરિયાના કાળા પાણીમાં ગુપ્ત રહેલો કેટલોક ખજાનો કાઢી આપવાની તૈયારી પૂર્વે જણાવી હતી. એ મરજીવા તે પ્રાચીન કાવ્ય ત્રિમાસિક અને પ્રાચીન કાવ્યમાળા બહાર પાડનાર પ્રસિદ્ધ શોધક રા. સા. હરગોવિંદદાસ દ્વારકાદાસ કાંટાવાળા છે. એમણે વડોદરા પ્રાચીન કાવ્યમાળા ઑફીસથી ગૂજરાત વર્નાક્યૂલર સોસાઈટી ઉપર એક યાદી તા. ૨૫-૨-૯૬ ને રોજ

* પ્રસ્તુત યાદી ૨૫-૨-૯૬ ના પત્ર સાથે મળી હતી: **તંત્રી**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મોકલી હતી. તેમાં છપાવવા નિર્ધારેલા અપ્રસિદ્ધ ગ્રંથોનાં વિગતવાર નામ તેમણે આપ્યાં હતાં. તે બુદ્ધિપ્રકાશના ગયા જાનેવારીના અંકમાં છપાઈ ગયાં છે. એ યાદી અપ્રસિદ્ધ પુસ્તકોની શોધખોળને અંગે ઉપયોગી જણાયાથી અહીં તેની તૂટક નામવાર નોંધ લેવાનું આદરૂં છું.

૧ લોપામુદ્રાખ્યાન : નાટક કે આખ્યાન; કર્તા પ્રેમાનંદ.

આ ગ્રંથને કેવળ 'આખ્યાન' નહિ પણ 'નાટક કે આખ્યાન' નામ આપ્યૂં છે, તેથી તે શ્રાવ્ય કાવ્ય નહિ પણ દૃશ્ય કાવ્ય છે એવૂં સમજાયું છે. પ્રેમાનંદ પોતે 'રોષદર્શિકાસત્યભામાખ્યાન'ની પ્રસ્તાવનામાં નાટકને ગૂજરાતીમાં આખ્યાન સંજ્ઞાથી ઓળખાવવાનો આગ્રહ કરે છે,+ તેના અનુરોધે યાદીમાં એવડી સંજ્ઞા કદાચ આપી હશે. કાવ્ય દૃશ્ય છે કે શ્રાવ્ય તે જાણવામાં ન હોય ને તેને લીધે વિકલ્પ-વાચક 'કે' નો પ્રયોગ યાદીમાં કર્યો હોય, એમ તો નથી લાગતૂં. એના સ્વરૂપમાં એટલો બધો દેખીતો તફાવત છે કે કોઈ પણ પાના ઉપર દૃષ્ટિ નાંખતાં જ કહી શકાય કે કાવ્ય દૃશ્ય કે શ્રાવ્ય, જ્યારે કર્તાનૂં નામ તો કંઈકે બારીક તપાસ કરિયે તો જ હાથ લાગે. છપાઈ ગએલાં ત્રણ નાટકોનાં મુખપૃષ્ઠમાં આખ્યાન નામ આપેલ છે પણ તે પછી આવતા ગ્રંથવિવેચનમાં તો ગ્રંથનો નાટક અને આખ્યાન શબ્દોનો પ્રયોગ પર્યાયરૂપ છે. રોષદર્શિકાસત્યભામાખ્યાન અને પાંચાલીપ્રસન્નાખ્યાન ઇ. સ. ૧૮૯૧–૯૨ માં બહાર પડ્યાં ને તપત્યાખ્યાન ત્યાર પછી આશરે બે ત્રણ વર્ષે ઇ. સ. ૧૮૯૪–૯૫માં પ્રસિદ્ધ થયૂં. તે આ પછી લોપામુદ્રાખ્યાન નાટકનૂં નામ આશરે બે વર્ષે પત્રારૂઢ થાય છે. પરંતુ પ્રેમાનંદે બાંધેભારે મહાકાવ્યો અને નાટકો લખ્યાનૂં તો સન ૧૮૯૦ થી 'પ્રાચીનકાવ્યમાલા'ના પ્રકાશક અને વિવેચકના જાણવામાં હોય એમ જોવામાં આવે છે. એ સાલમાં

+ જુઓ રો. સ. પૃ. ૧૬, પં. ૨–૩ નાટકને સ્થળે કોઇ પણ પ્રાકૃત ભાષામાં આખ્યાન શબ્દ યોજવો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રાચીન કાવ્યમાલાનો પહેલો ગ્રંથ જે દ્રૌપદીહરણ તે છપાયો. તેના આરંભે આપેલા ગ્રંથવિવેચનમાંથી નીચેનો ફકરો ઊતારૂં છૂં તે એ વાતની ખાતરી આપશે. "આ કવિએ (પ્રેમાનંદે) ગૂજરાતી ભાષામાં કેવો અમૂલ્ય સાહિત્યભંડાર અર્પણ કરેલો છે તે વિષે હાલ અમે કાંઈ સૂચના કરતા નથી, તથાપિ જ્યારે **આ મહાકવિએ મહાકાવ્યના નામથી અંકિત કરેલાં કાવ્ય તથા નાટક વગેરે** આપણે જોઈશું ત્યારે ગર્વપૂર્વક આ ગૂજરાતી કવિને ધન્યવાદ આપવાને સૌથી અગ્રેસર થઈશું એમાં લેશ પણ શંકા નથી." આ નાટકમાં કવિ અને કાવ્ય–પ્રશંસાનો જે ભાગ છે તેના બીજા ત્રીજા છંદનાં નીચેનાં ચરણો પણ એ સમજૂતી દૃઢ કરે છે. પ્રશસ્તિકાર લખે છે કે

"જેણે રચ્યાં નવિન નાટક કાવ્ય વારૂ ... ..."
"તે પ્રેમાનંદને હૂં પ્રથમ પ્રણમું છૂં ... ..."

પ્રેમાનંદ બાંધેભારે નાટક કે નાટકો રચ્યા વિશે પ્રકાશક વિવેચકની શ્રદ્ધાનાં આ વચનો સાથે એ જ કવિએ મહાભારત આદિ રચ્યાના સંબંધમાં એમની અશ્રદ્ધાનાં વચનો સરખાવવા યોગ્ય છે. 'દ્રૌપદીહરણ'ના આરંભે આપેલા કવિચરિત્રમાં લખ્યૂં છે કે "જો રામાયણ, મહાભારત, અશ્વમેધ ને ભાગવત જેવાં મોટાં પુસ્તકો તેમણે (પ્રેમાનંદે) રચ્યાં હોય તો તે છેક અજાણ્યાં રહેવાને સંભવ નથી; તેમ તે જ ગ્રંથો પાછળથી તેમના શિષ્ય રત્નેશ્વર રચે પણ નહિ." એ સરખામણી આપણને જણાવે છે કે પ્રેમાનંદે કાવ્ય નાટકો લખ્યાં હતાં એમ માનવાને અને જાહેરમાં જણાવવાને દ્રૌપદીહરણ છપાવતાં એમને કંઈ આધાર મળ્યો હતો જ્યારે મહાભારત આદિના સંબંધમાં તેવા આધારની તે સમયમાં ખામી હતી. એ આધાર છ વરસ પછી જ્યારે મળી આવે છે ત્યારે પ્રમાણ પ્રત્યેની પ્રીતિથી રા. સા. હરગોવિંદદાસ પ્રેમાનંદે મહાભારત રચ્યાનૂં નિખાલસપણે કબૂલ રાખે છે. ×

× જુઓ ગયા જાનેવારીના બુદ્ધિપ્રકાશને છેડે આપેલી યાદીમાં મહાભારતની નોંધ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રેમાનંદનાં કાવ્ય નાટક બાબતની માહિતી તેમની ઉત્તરોત્તર વધતી જાય છે. કાવ્યકોટિમાં પહેલૂં 'દ્રૌપદીહરણ' તેમના જાણવામાં છે; પછી 'અષ્ટવક્રાખ્યાન' હાથ લાગે છે; ત્યાર પછી 'કર્ણચરિત્રનો' પત્તો મળે છે. 'દ્રૌપદીહરણ' છપાવતી વખતે પ્રેમાનંદે નાટકો લખ્યાનૂં તેઓ જાણે છે, પણ કેટલાં ને ક્યાં તેની ખબર તેમને હોય એમ જણાતૂં નથી. જ્યારે રોષદર્શિકાસત્યભામાખ્યાન છાપવાનો વારો આવે છે ત્યારે પ્રેમાનંદે અગિયાર નાટકો લખ્યાં છે એમ તેઓ જણાવી શકે છે. ખરે જ મલ્લિનાથની પેઠે એઓ પણ એક રીતે नामूलं लिख्यते किंचित् એ સંકલ્પને તે તે કાળે વળગી રહેતાં અને મળી આવતા પ્રમાણને તે તે કાળે માન આપતા જણાય છે.

કેશવલાલ હર્ષદરાય ધ્રુવ

(પુ. ૫૮મું, માર્ચ, ૧૯૧૧)

ચંદ્રહાસની કથાને મળતી અન્ય લોકકથાઓ

(૧)

તુલનાત્મક લોકકથાઓના અભ્યાસીને ભક્ત ચંદ્રહાસને મળતી આવતી કથાઓ યુરોપીઅન સાહિત્યમાં છે એ જાણવું બોધપ્રદ થશે. યુરોપીઅન સાહિત્યમાં આવી ઘણી લોકકથાઓ આધુનિક લોકકથાના સંગ્રહ ઉપરાંત મધ્ય સમયની કથાઓમાં તેમજ જર્મન વીરરસ-પ્રધાન કથાઓમાં તેવી જ કથાઓ મળી આવે છે. આ કથાઓ સ્વતંત્ર રીતે ઉદ્ભવેલી છે અથવા તો એકની બીજા ઉપર અસર છે એ કહેવું અકાલનું થઈ પડે એવું હોવાથી તે ઉપર બોલવું ઇષ્ટ નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૨) ચંદ્રહાસની કથા

કેરલ દેશના મેધાવી નામના રાજાને ચંદ્રહાસ નામનો પુત્ર હતો. મેધાવીનું શરીર રણભૂમિમાં પડવાથી તેની સ્ત્રી સતી થઈ હતી. અન્તઃપુરની દાસી ચંદ્રહાસને લઇને કુન્તલપુર નાઠી અને ત્યાંના મન્ત્રીને ત્યાં આશ્રય લીધો. પરંતુ ચંદ્રહાસ પાંચ વર્ષનો થયો કે તે દાસી મૃત્યુવશ થઈ. દાસીના મૃત્યુ પછી ચંદ્રહાસ રખડીને પોતાનું ઉદર ભરવા લાગ્યો. એકદા નારદ ઋષિ તેની પાસે આવ્યા અને તેને શાલગ્રામની પૂજા કરવાને કહ્યું. એક સમય ધૃષ્ટબુદ્ધિને ત્યાં ઋષિભોજન હતું. તે અવસરે ધૃષ્ટબુદ્ધિએ પોતાની પુત્રીનો ભર્તા કોણ હશે એ પૂછતાં મારવાને મારા બોલાવ્યા. શાલગ્રામના મહિમાથી તેના ઉપર મારાઓને દયા આવી અને તેની છઠ્ઠી આંગળી કાપીને તેને જવા દીધો. ચંદ્રહાસ જતાં જતાં એક વનમાં આવ્યો. ભક્તિના પ્રતાપથી તેની આસપાસ મૃગયૂથ વીંટાઈ વળ્યું અને એક મોટા પક્ષીએ તેના ઉપર છાયા કરવાને પાંખો પ્રસારી તે અવસરે ચંદ્રાવતીનો રાજા કલિન્દ તે જ અટવીમાં આવી ચડ્યો અને ચંદ્રહાસનો પુણ્ય પ્રતાપ જોઇને તેને પોતાને ઘેર લીધો અને કેટલાક દિવસ પછી તેને પોતાનું સકળ રાજ્ય અર્પી દીધું. કલિન્દ કુન્તલપુરના રાજાને ખંડણી ભરતો હતો, પણ ચંદ્રહાસે તેમ ન કરતાં દેવપૂજામાં દ્રવ્ય વાપરવા માંડયું. આથી કુન્તલપુરના રાજાએ ધૃષ્ટબુદ્ધિને ખંડણી લેવા મોકલ્યો. ચંદ્રહાસને જોઈને ધૃષ્ટબુદ્ધિને અત્યંત ખેદ થયો અને કોઈ પણ ઉપાયે તેનું કાસળ કાઢવાનો વિચાર કર્યો. આ ઇરાદાથી તેણે ચંદ્રહાસને એક પત્ર આપીને પોતાના પુત્ર પાસે કુન્તલપુર મોકલ્યો. કુન્તલપુર આવતાં તેની સમીપના ઉદ્યાનમાં ક્ષણભર નિદ્રિત થયો. ધૃષ્ટબુદ્ધિની પુત્રી વિષયા તે ઉદ્યાનમાં ક્રીડા કરવા આવેલી હતી. તેણે ચંદ્રહાસને જોયો અને સ્મરાતુર થઈ પોતાના ભાઈના સરનામાવાળો પત્ર જોઈ ને તે વાંચવાને તેને ઉત્કણ્ઠા થઇ. પત્રમાં વિષ આપવાનું લખેલું વાંચીને ખેદ પામી તેના ઉપર અનુરક્ત હોવાથી વિષમાં યા એટલું ઉમેરી દીધું. તેનું નામ વિષયા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોવાથી ધૃષ્ટબુદ્ધિનો પત્ર વાંચીને તેને તરત પરણાવી દીધી. ધૃષ્ટ-બુદ્ધિ તરત જ ત્યાં આવ્યો અને ચંદ્રહાસને વિવાહવસ્ત્રોથી આચ્છાદિત થયેલો જોઇને તેનું હૃદય સશલ્ય થયું. પુત્ર પાસે ખુલાસો માગતાં તેણે પત્ર બતાવ્યો. પત્ર વાંચીને તેના હૃદયમાં કોપાગ્નિ પ્રજ્વલિત થયો અને હરકોઇ ઉપાયે ચંદ્રહાસને દૂર કરવાનું શોધવા લાગ્યો; આટલા વિચારથી તેણે મારાઓને બોલાવ્યા અને કીધું કે દુર્ગાના મંદિરમાં જે કોઈ કાલ સવારે આવે તેને મારી નાખવો. ચંદ્રહાસને તેણે એમ સમજાવ્યું કે લગ્ન થયા પછી દુર્ગાપૂજા કરવા જવાનો તેમનો કુલાચાર છે માટે કાલ સવારે દુર્ગાના મંદિરે જવું.

સવાર થતાં તે નગરનો રાજા અપુત્રીઓ હોવાથી તેના મનમાં આવ્યું કે હું ચંદ્રહાસને મારૂં રાજ્ય આપું. આથી તેણે પ્રધાનપુત્ર મદનને તેને બોલાવવા મોકલ્યો. ચંદ્રહાસ પૂજાર્થે દુર્ગાના મંદિરે જતો હતો. તેવામાં મદન તેને મળ્યો. મદને ચંદ્રહાસને રાજ્યમંદિરમાં મોકલ્યો અને પોતે દુર્ગાના મંદિરે ગયો, મારાએ મંત્રીના કીધા પ્રમાણે તેનો ઘાત કર્યો. ધૃષ્ટબુદ્ધિને આ વાતની ખબર પડતાં દુર્ગાના મંદિરે આવ્યો અને પુત્રના ઘાતથી મૂર્ચ્છા આવતાં પથ્થર સાથે અફ-ળાયો અને મૃત્યુ પામ્યો. ચંદ્રહાસને ખબર પડતાં સત્વર ત્યાં આવ્યો અને દુર્ગા–સન્મુખ પોતાનું શીર્ષ કાપવા તૈયાર થયો. દેવીએ તેને તેમ કરતાં રોકયો અને કીધું કે તેણીએ જ ધૃષ્ટબુદ્ધિને માર્યો હતો. ચંદ્રહાસની પ્રાર્થનાથી મદન તથા ધૃષ્ટબુદ્ધિને સજીવન કર્યા. ચંદ્રહાસે શતવર્ષ રાજ્ય કર્યું. તેના રાજ્યમાં સર્વ લોકો ભક્તિપરાયણ રહેતા હતા.

(3) દામનકની (જૈન) કથા

રાજગૃહ નગરમાં મણિકાર શ્રેષ્ઠીને દામનક નામનો પુત્ર હતો. આઠ વર્ષનો થતાં મારીને લીધે તેનું કુટુંબ નાશ પામ્યું, આથી તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘરમાંથી નાશીને તે જ નગરમાં સાગરદત્ત શ્રેષ્ઠીને ત્યાં નોકરી કરીને આજીવિકા ચલાવવા લાગ્યો. એક અવસરે તે શ્રેષ્ઠીના ઘેર બે મુનિ આવ્યા. એક મુનિએ તે દામનકને જોઇ કીધું કે આ ઘરનો સ્વામી થશે. મુનિનું આ વચન સાગરદત્તે ભીંતને ઓથેથી સાંભળ્યું અને વિચાર્યું કે આનો હું નાશ કરૂં. એ પ્રમાણે વિચારીને તેણે દામનકને લાડુનો લોભ બતાવીને ચાંડાલને ઘેર મોકલ્યો. ચાંડાલને પ્રથમથી સાધી મૂકેલો હતો તેથી તેણે તેને મારવા લીધો. પરંતુ બાળકની મુગ્ધાકૃતિ જોઇને દયા આવી અને તેની કનિષ્ઠિકા આંગળી કાપી લઇને જવા દીધો. દામનક ચાલતાં ચાલતાં સાગરદત્તના જ ગોકુળમાં આવ્યો ત્યાં તેને ગોકુળના સુખીના પુત્ર તરીકે રાખ્યો. એકદા સાગરદત્ત શ્રેષ્ઠી ત્યાં આવ્યો અને તેને ઓળખ્યો. શ્રેષ્ઠીએ તેનું કાસળ કાઢવાને પત્ર આપીને રાજગૃહનગરમાં પોતાના પુત્ર પાસે મોકલ્યો. દામનક પત્ર લઇને રાજગૃહ જતાં તે રાજગૃહના કામદેવના ઉદ્યાનમાં શ્રમ દૂર કરવાને બેઠો. ત્યાં તેને નિદ્રા આવી. તે જ અવસરે સાગરદત્તની પુત્રી વિસા તે જ ઉદ્યાનમાં આવી હતી. તેણે પોતાના પિતાના મુદ્રાવાળો પત્ર જોઇને વાંચ્યો. દામનકને જોઇને શોકાતુર થયેલી હોવાથી પત્રમાંના વિસં શબ્દમાં માત્રા ઉમેરીને વિસાં એવું કર્યું. દામનકે પત્ર શ્રેષ્ઠીના પુત્રને આપ્યો. તેણે પત્રમાં લખ્યા પ્રમાણે તરત જ પોતાની બેન પરણાવી. શ્રેષ્ઠિ ઘેર આવ્યો ત્યારે તેને પોતાનો જમાઇ થયેલો જોઈને અત્યંત ક્રોધ થયો. તે જ ચાંડાલ-ને ફરીથી માતૃકા દેવીના મંદિરમાં તેનો વધ કરવાને કહ્યું. સાગર-દત્તે દંપતીને માતૃકાના મંદિરમાં દર્શનાર્થે મોકલ્યાં. રસ્તામાં સાગર-દત્તનો પુત્ર મળતાં તેણે કહ્યું કે આ સમય પૂજા કરવાનો નથી. માટે હું જ પૂજા કરવા જાઉં છું. મંદિરે જતાં ચાંડાલે તેને મારી નાખ્યો. પુત્રનો વધ સાંભળીને સાગરદત્તનું વક્ષઃસ્થળ છેદાઈ ગયું અને મૃત્યુ પામ્યો. રાજાએ તેને ઘરનો સ્વામી કર્યો. પૂર્વભવમાં મદ્યમાં તેણે પ્રત્યાખ્યાન કરેલું હોવાથી આ જન્મમાં તેને દૈવ અનુકૂલ હતું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૪) યુરોપીઅન લોકકથાઓ

યુરોપીઅન સાહિત્યમાં ચંદ્રહાસની કથાને મળતી ઘણી કથાઓ મળી આવે છે. આધુનિક લોકકથાઓના સંગ્રહો ઉપરાંત મધ્ય સમયની કથાઓ તથા જર્મન વીરરસપ્રધાન કથાઓમાં તે કથાને મળતી આવતી કથાઓ માલુમ પડે છે. ગેસ્ટારોમે નોરમની ૨૦ મી કથાના ટિપ્પણમાં ઓએસ્ટર્લીએ તેવી કથાઓનો સંગ્રહ કર્યો છે. કૉરેન્ડ બાદશાહના વખતમાં લીઓપોલ્ડ નામે એક સરદાર હતો; જે કોઈ કારણથી દરબારમાંથી નાશીને જંગલમાં જઈને વસ્યો. એક સમયે બાદશાહ માર્ગ ભૂલતાં ત્યાં આવી ચડ્યો અને તે ઝુંપડીમાં આશ્રય લીધો. તેજ રાત્રીએ લીઓપોલ્ડની સ્ત્રીએ એક પુત્રને જન્મ આપ્યો. પુત્રના પ્રસવ વખતે બાદશાહે ત્રણ અવાજો સાંભળ્યા, "ગ્રહણ કર, ગ્રહણ કર, ગ્રહણ કર, પાછો આપ, પાછો આપ, પાછો આપ; નાશી જા, નાશી જા, નાશી જા." બાદશાહ આવા શબ્દો સાંભળીને ભયભ્રાન્ત થયો અને પોતાના માણસોને તે બાળકનું ખુન કરવાનું કહ્યું. બાળકની કાંતિ જોઈને દયા આવવાથી તેને એક વૃક્ષની છાયા ઉપર મૂકી દઈને તેઓએ એક સસલાનું કાળજું કાપીને બાદશાહને બતાવ્યું. ભાગ્યવશાત્ કોઈ એક સરદાર ફરતો ફરતો ત્યાં આવી ચડ્યો અને તે બાળકને લીધો. બાળકને પોતાને ઘેર જઈ ઉછેર્યો અને તેનું નામ હેન્રી પાડ્યું. તે બાળક અતિશય ચાલાક તથા સુંદર હોવાથી દરેકને વહાલો લાગવા માંડ્યો. બાદશાહે આ કુમારની ખબર પડતાં તેને પોતાની સભામાં બોલાવ્યો. બાદશાહને આ કુમાર ઉપર શંકા જવાથી તેણે તેનું કાસળ કાઢવાનો ઈરાદો કર્યો; અને પોતાની રાણીને તે કુમારને એકદમ મારી નાખવો એવા અર્થવાળો એક પત્ર લખ્યો. આ પત્ર આપવાને કુમારને રાણી પાસે મોકલ્યો; રસ્તામાં જતાં એક દેવળ આવ્યું; કુમાર તે દેવળના લાકડા ઉપર બેસતાં નિદ્રાવશ થયો. દેવળના પાદરીના મનમાં જિજ્ઞાસા ઉત્પન્ન થવાથી તેણે તે પત્ર વાંચ્યો; પત્ર વાંચીને તેનું અંતઃકરણ દયાર્દ્ર થયું. અને પત્રમાંના શબ્દો કાઢીને "પુત્રી પરણાવ" એવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શબ્દો લખ્યા. રાણીએ આ પત્ર વાંચીને પુત્રી પરણાવી. બાદશાહ આ સાંભળીને ખિન્ન તો થયો, પરંતુ પોતાના માણસો ડ્યુક અને પાદરી પાસેથી સઘળું વૃત્તાંત સાંભળીને ઈશ્વરેચ્છા બલવાન્ છે એવું ધાર્યું અને તે કુમારને પોતાનો વારસ કર્યો. આ કથાને લગતી અન્ય કથાઓ ઘણી છે; આ બધી કથાઓને હેન્રી સાઇકિલનું નામ અપાય છે. હેન્રી સાઈકલની કથા ચંદ્રહાસની કથાના પ્રથમ ભાગને મળતી આવે છે. હેન્રીની કથામાં કન્યાનો પિતા દૈવની સામે થતો નથી; પરંતુ ચંદ્રહાસની કથામાં ધૃષ્ટબુદ્ધિ દૈવને વશ ન થતાં તેની સામે થાય છે; અને "ખાડો ખોદે તે પડે" એ કહેવત પ્રમાણે પોતાના દુષ્ટત્વનો પોતે જ ભોગ થાય છે.

(૫)

કેટલીક આધુનિક લોકકથાઓમાં ચંદ્રહાસની કથાના જેવો જ અન્ત ભાગ છે. આ કથાઓમાં તે બાળક જડી આવેલું હોય છે. બાળકનું સારૂં ભવિષ્ય સાંભળનાર મનુષ્ય અથવા તો તેણે રોકેલા મારાઓ તે બાળકને જંગલમાં મૂકી દે છે. એ બાળક અન્યને પ્રાપ્ત થાય છે. આ કથાઓમાં નેઈડીસ (Naidis the foundling)ની કથા આપવામાં આવે છે. હેન્રી સાઇકલની કથાની માફક પત્રમાં કરેલા શબ્દોના ફેરફારથી નેઈડીસ પરણવા પછી તેનો સસરો પોતાની સ્ત્રીને તે કુમારને પોતે લખી આપેલો પત્ર આપવાને આજ્ઞા કરે છે. પુત્રી સાથે સુતેલો જોઇને તેણી તેને ઉઠાડતી નથી, પરંતુ પોતાના પુત્રને પત્ર આપીને ભરવાડો પાસે મોકલે છે. પત્રમાં લખ્યા પ્રમાણે ભરવાડો તેને મારી નાખે છે અને તેના શરીરને કુવામાં નાખે છે. આથી નેઈડીસનો સસરો નિરાશ થઈ પોતાના હાથે મરી જાય છે અને નેઈડીસ તેનો વારસ થાય છે અને આથી આગાહી ખરી પડે છે. ઉપલી કથા મેસિડોનીઅન લોકકથામાંની છે; તેને મળતી એક ગ્રીક કથા છે. પરંતુ એટલો જ તફાવત છે કે આમાં સાળાને બદલે તે મૃત્યુવશ થાય છે. દ્રાક્ષવાટિકાના રક્ષકને અમુક સમયે જે માણસ આવે તેને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગોળીથી મારી નાંખવાનો પત્ર લખે છે. જે માણસને મારી નાખવાનો નહતો તે સમય પહેલાં ત્યાં જાય છે; અને તેનો સસરો શું બન્યું તે જાણવાને અત્યંત આતુર હોવાથી તે જ સમયે દ્રાક્ષવાટિકામાં આવે છે અને તેનો રક્ષક તેને ગોળીબહારથી મારી નાખે છે. આ સિવાય થોડા થોડા ફેરવાળી અન્ય બીજી કથાઓ છે, પરંતુ અહીંઆં આપતાં બહુ વિસ્તાર થવાનો ભય છે.

(૬)

ચંદ્રહાસની વાર્તા અને તેને મળતી કથાનો બીજો ભાગ જેમાં વિવાહ પછીના બનાવો વર્ણવવામાં આવેલા છે તે એક સ્વતંત્ર કથા તરીકે મળી આવે છે. હેન્રી સાઈકલની કથાઓમાં શરૂઆતમાં ભવિષ્યની આગાહી અને અંતમાં લગ્નની ખુશાલી જોવામાં આવે છે; બીજા સાઈકલની કથાઓમાં ચંદ્રહાસની કથાની માફક દુશ્ચિંતકનું બુરૂં થાય છે. ફુલ્જેન્ટીઅસની કથામાં એનું પ્રતિપાદન કરેલું છે. બાદશાહનો માનીતો હોવાથી તેને ખસેડવાને બાદશાહના ગૃહકારભારીએ કપટ રચવા માંડ્યું. એક દિવસ તેણે રાજાના કાનમાં એવું ભીડાવી દીધું કે તે (ફુલ્જેન્ટીઅસ) લોકોને એમ કહે છે કે રાજાનું મુખ ગંધાય છે અને તેથી તેને રાજા આગળ પ્યાલો ધરવાનું કામ અપ્રિય છે. બાદશાહે આની ખાત્રી વિષે પૂછ્યું ત્યારે તેણે જણાવ્યું કે જ્યારે તે પ્યાલો ધરશે ત્યારે તે પાછું જોશે. આણી તરફ તેણે ફુલ્જેન્ટીઅસને એવું કીધું કે બાદશાહ તારા મુખના દુર્વાસથી ગુસ્સે થયા છે માટે તારે પ્યાલો આપતી વખતે તેમની સામે જોવું નહિ. બાદશાહે જ્યારે ફુલ્જેન્ટીઅસને પાછું મુખ ફેરવતો જોયો ત્યારે તે વાત તેને સાચી લાગી. ફુલ્જેન્ટીઅસને દરબારમાંથી કાઢી મૂકીને જ નહી અટકતાં બાદશાહે ગૃહકારભારીની સલાહથી તેને વધારે શિક્ષા કરવાનું ઉચિત ધાર્યું અને ફુલ્જેન્ટીઅસને ઈંટો બનાવનાર કુંભારને ત્યાં જવાનો હુકમ કર્યો. બાદશાહે તે પહેલાં કુંભારને કહી દીધેલું હતું કે જે માણસ આવે અને પૂછે કે તમે બાદશાહનો હુકમ અમલમાં મૂક્યો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કે નહિ તેને ભઠ્ઠીમાં નાંખી દેવો. ફુલ્જેન્ટીઅસ બાદશાહના હુકમથી જાય છે પરંતુ રસ્તામાં દેવળનો ઘંટ સાંભળે છે. દેવળમાં પ્રાર્થના કરવા જતાં નિદ્રાવશ થાય છે. તે દરમ્યાનમાં ગૃહકારભારી આતુરતાથી ઇંટો પકવનારને ત્યાં આવે છે અને તે પ્રાણઘાતક સવાલ પૂછે છે. સવાલ પૂછતાં જ ભઠ્ઠીમાં હોમાય છે. બાદશાહને આ વાતની ખબર પડતાં સત્યનો જય થાય છે એવા નિશ્ચય ઉપર બાદશાહ આવે છે. આ કથાને મળતી યુરોપીઅન સાહિત્યમાં ઘણી કથાઓ છે પણ તે સર્વે આપતાં અત્યંત વિસ્તાર થાય. આ કથાને મળતી અત્રત્ય કથા-સરિત્સાગરમાં પણ કથા છે. ચંદ્રહાસની કથામાં જેમ શાલગ્રામની પૂજા તથા ઇશ્વરની ભક્તિથી સર્વ વિઘ્નો નાશ પામે છે તેમ આ કથામાં પણ ભક્તિ અથવા પ્રાર્થનાના પ્રતાપથી સર્વ સીધું ઉતરે છે. હિંદુ, હેન્રી સાઇકલ તથા કેટલીક આધુનિક યુરોપીઅન લોકકથાઓમાં (Naidia the foundling)માં બાળક કાં તો માતા પિતાના મૃત્યુથી દાસીએ ઉછેરાએલો કોઈએ તજી દીધેલો હોવાથી બીજાને જડી આવે છે; પરંતુ તે બીજાના ગૃહમાં ઉછરે છે એ સર્વસાધારણ છે. પત્રના સંબંધમાં નિદ્રાવશ થયાના તેમાં ફેરફાર થાય છે એ પણ સામાન્ય છે. યુરાપીઅન તથા હિંદુ કથામાં એટલો ફેર છે, કે યુરોપીઅન કથા-ઓમાં મળતા સર્વ અક્ષરો કાઢી નાખીને તેને બદલે બીજા જ શબ્દો લખે છે, અને હિંદુ કથામાં તો એક જ માત્રાનો વધારો કરવો પડે છે. વિષં દેહિને બદલે વિષાં દેહિ એટલુંજ કરવું પડે છે. આ ઉપરથી એવું ધારી શકાય કે હિંદુ કથાનો પત્રનો ફેરફાર વધારે સ્વાભાવિક છે. સર્વ કથાઓમાં ઇશ્વરભક્તિનું માહાત્મ્ય પ્રતિપાદન કરવાને તેનાથી સર્વ કષ્ટો દૂર થાય છે એ બતાવવામાં આવ્યું છે; હેન્રી સાઇકલ (કથાચક્ર) ની કથાઓ સિવાય બીજી કથાઓમાં " ખાડો ખોદે તે પડે " એ સાર પણ કાઢવામાં આવ્યો છે. ચંદ્રહાસની કથામાં તો ભક્તિનું માહાત્મ્ય બતાવવાને દેવી ચંદ્રહાસની પ્રાર્થનાથી પોતાના દુષ્કર્મના ભોગ થયેલાને સજીવન કરે છે. C. D. Dalal

(પુ. ૫૮, આકટોબર, ૧૯૧૧)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કામસૂત્ર અને ન્યાયભાષ્યનો કર્તા

આજથી બાર વરસ ઉપર સંસ્કૃત मुद्राराक्षस મેં ઇંગ્રેજી વિવેચન સાથે છપાવ્યું હતું, ત્યારે તેની પ્રસ્તાવનામાં સહેજે જણાવ્યું હતું કે આ બંને ગ્રંથો अर्थशास्त्रના કર્તા ચાણક્યની કૃતિ છેઃ તે વખતે તો એ મારી કલ્પના જ હતી; ને તે કર્તાનાં નામોની એકતાને આધારે બાંધી હતી. બંને પુસ્તકના રચનાર તરીકે વાત્સ્યાયનનું નામ પ્રસિદ્ધ છે. સુબંધુ અને યશોધર कामसूत्रકારનો મલ્લનાગના નામે નિર્દેશ કરે છે. વનસ્પતિ અને માધવ न्यायभाष्यના કર્તાનો પક્ષિલસ્વામીના નામથી ઊતારો આપે છે. વિષ્ણુગુપ્ત, ચાણક્ય, કૌટિલ્ય, મલ્લનાગ, વાત્સ્યાયન, પક્ષિલસ્વામી, દ્રામિલ અને અંગુલ એ આઠે એક જ વ્યક્તિનાં અનેક નામ તરીકે કોષકારો ગણાવે છે. નામોથી દોરાઇ કર્તાની એકતાની કલ્પના જે મેં બાંધી હતી, તે બીજાં મજબૂત પ્રમાણોના અભાવે કોઇને ગળે ન ઊતરે એ સ્વાભાવિક હતું. मुद्राराक्षसની ભેટનો સ્વીકાર કરતાં મારા સમર્થ ગુરુ ડૉ. રામકૃષ્ણ ગોપાળ ભાંડારકરે એમના પરમ વિદ્વત્તાભરેલા દક્ષિણના પ્રાચીન ઇતિહાસ તરફ મારૂં લક્ષ ખેંચી ખાનગી પત્રમાં મને લખ્યું, કે कामसूत्रમાં કુંતલ શાતકર્ણિ સાતવાહનનું નામ આવે છે તેથી વાત્સ્યાયન ઇસવી બીજા શતક પછી થયો હોવો જોઈયે, અર્થાત્ ઇ. સ. પૂર્વે ચોથા શતકના ચાણક્ય અને આ ઇસિવી બીજા શતકનો વાત્સ્યાયન એક હોઇ ન શકે. જર્મનીના પ્રસિદ્ધ વિદ્વાન જેકોબીએ પણ તેવી જ રીતે ખાનગી પત્રમાં જીકર કરી કે अर्थ काम અને न्यायનાં તદ્દન નિરનિરાળાં શાસ્ત્રોનો એક જ કર્તા માનવા બુદ્ધિ ના પાડે છે. આનો ઉત્તર આપવાને તેમજ સ્વયંભૂ (intuitive) કલ્પનાનો ત્યાગ કરવાને મારૂં મન એકસરખું અસમર્થ હતું. ઘણાને એ અનુભવમાં આવ્યું હશે કે આપણે કોઈ સત્ય વખતે સાબીત કરી શકતા નથી; છતાં તે ઇનકાર કરવાને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તૈયાર નથી હોતા. આવી વિલક્ષણ સ્થિતિ ઈ. સ. ૧૯૦૮ માં ગુજરાતી મુદ્રારાક્ષસની બીજી આવૃત્તિ બહાર પાડતા સુધી મારા મનની હતી.

ઉપર કહેલી સ્વયંભૂ કલ્પનાને પુષ્ટિ આપનારાં પ્રમાણ બીજેજ વર્ષે कौटिलीय अर्थशास्त्र પ્રસિદ્ધ થવાથી મળી આવ્યાં. कामसूत्रને न्यायभाष्य સાથે જોડનારી સાંકળનો એ ખૂટતો અંકોડો નીવડ્યો. ઈ. સ. પૂર્વે ચોથા શતકની જનસ્થિતિના ચિત્રની આર્થિક બાજુ એ ગ્રંથે પૂરી પાડી. એના કર્તૃત્વ વિશે કોઈએ શંકા ઉઠાવી નથી; અને નાસ્તિકબુદ્ધિથી કદાપિ ઉઠાવવામાં આવે, તો તે ઘડીભર પણ ટકે એમ પણ નથી. ગ્રંથનું નામ જ તેના કર્તૃત્વનો પુરાવો આપે છે. વધારે ખાતરી જોઈતી હોય, તો તે અધ્યાય ૧ નો અને અધ્યાય ૩૧ નો છેલ્લો શ્લોક તથા ગ્રંથના સમાપ્તિશ્લોક જોઈયે તેવી પૂરી પાડે છે. માટે સિદ્ધ વસ્તુને સાબીત કરવાની અર્થ વગરની ખટપટમાં હું પડતો નથી. ×

શાસ્ત્ર અત્યંત ભિન્ન છતાં कामसूत्रની અને अर्थशास्त्रની રચનામાં અસાધારણ સમાનતા જોવામાં આવે છે. બંનેની અધિકરણ, અધ્યાય અને પ્રકરણ રૂપે ત્રેવડી વહેંચણી કરેલી છે. કવચિત્ સૂત્રિત અર્થના સંગ્રહશ્લોક પણ અધ્યાયમાં ગૂંથેલા છે. પ્રત્યેક અધ્યાય શ્લોકથી સમેટ્યો છે. બંને ગ્રંથનો આરંભ શાસ્ત્રસંગ્રહના અધ્યાયથી થાય છે. તેમ વળી अर्थशास्त्र ના ચૌદમા અધિકરણનું જે નામ જે કારણથી રાખ્યું છે, તે જ નામ તેવા કારણથી રાખેલું कामसूत्रના સાતમા અધિકરણનું પણ જોઈયે છિયે. ઉપરાંત બંનેના પહેલા અધ્યાયમાં तस्यायं प्रकरणाधिकरणसमुद्देशः એ પંક્તિ સમાન છે. તેમ જ यथा दाण्डक्यो नाम भोजः कामाद् ब्राह्मणकन्यामभिमन्यमानः सबन्धुराष्ट्रो विननाश

× જિજ્ઞાસુએ कौटिलीय अर्थशास्त्र નો R. Sama Sastri B. A. એ લખેલો उपोद्घात (Introduction) જોવો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ પંક્તિ कामसूत्रના બીજા અધ્યાયમાં છે, તે अर्थशास्त्रના છઠ્ઠા અધ્યાયમાં પણ એના એ શબ્દમાં સમાન પ્રસંગમાં દેખા દે છે. એ સિવાય કેટલાંક મળતાં વાક્યો પણ આ બે પુસ્તકોમાં આવે છે; જેમાંનાં થોડાંક નીચે આપું છું.

१ (का.) संक्षिप्य सर्वमर्थमल्पेन ग्रन्थेन कामसूत्रमिदं प्रणीतम् ।
(अ.) ....संहृत्यैकमिदमर्थशास्त्रं कृतम् ॥

२ (का.) एवमर्थं च कामं च धर्मं चोपाचरन्नरः ।
इहामुत्र च निःशल्यमत्यन्तं सुखमश्नुते ।

(अ.) धर्ममर्थं च कामं च प्रवर्तयति पाति च ।
अधर्मानर्थविद्वेषानिदं शास्त्रं निहन्ति च ॥

३ (का.) एषां समवाये पूर्वः पूर्वो गरीयान् ।
(अ.) अर्थो धर्मः काम इति त्रिवर्गः। तस्य पूर्वः पूर्वः श्रेयानुपसंप्राप्तुम् ।

४ (का.) पूर्वशास्त्राणि संहृत्य प्रयोगानुपसृत्य च ।
कामसूत्रमिदं यत्नात् संक्षेपेण निवेशितम् ॥

(अ.) सर्वशास्त्राण्यनुक्रम्य प्रयोगानुपलभ्य च ।
कौटिल्येन नरेन्द्रार्थे शासनस्य विधिः कृतः ॥

ઉપર બતાવેલી રચનાની સમાનતા, પંક્તિઓની એકતા અને વાક્યોની પ્રતિરૂપતાનો સમુચ્ચય સ્પષ્ટપણે સૂચવે છે કે જેણે अर्थशास्त्र લખ્યું છે તેણે જ कामसूत्र પણ રચ્યું છે, અર્થાત્ વાત્સ્યાયન ને કૌટિલ્ય એક જ છે.

न्यायभाष्यનો વાત્સ્યાયન કૌટિલ્ય છે કે બીજો કોઈ, તે હવે વિચારિયે. न्यायदर्शनના પહેલા સૂત્ર ઉપરના ભાષ્યમાં નીચેની પંક્તિઓ છેઃ—

इमास्तु चतस्रो विद्याः पृथक्प्रस्थानाः प्राणभृतामनुग्रहायोपदिश्यन्ते

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

यासां चतुर्थीयमान्वीक्षकी न्यायविद्या। तस्या पृथक्प्रस्थानाः संशयादयः पदार्थाः। तेषां पृथग्वचनमन्तरेणाध्यात्मविद्यामात्रमियं स्याद् यथोपनिषदः।......... .... सेयमान्वीक्षकी प्रमाणादिभिः पदार्थैर्विभज्यमाना

प्रदीपः सर्वविद्यानामुपायः सर्वकर्मणाम्।
आश्रयः सर्वधर्माणां विद्योद्देशे प्रकीर्तिता॥

અહીં સૂચવેલી ચાર વિદ્યા તે આન્વીક્ષકી, ત્રયી, વાર્તા અને દંડનીતિ. શુક્રાચાર્યના અનુયાયી એમાંની એકલી દંડનીતિને, બૃહસ્પતિના અનુયાયી તેની સાથે વાર્તાને અને મનુના અનુયાયી તે ઉપરાંત ત્રયીને કબૂલ રાખે છે. આન્વીક્ષકી, ત્રયી, વાર્તા અને દંડનીતિ એ ચારે તો માત્ર કૌટિલ્યને જ સંમત છે. એ ચાર વિદ્યા વડે ધર્મ અને અર્થનું સ્વરૂપ પ્રીછવાનો તે અર્થશાસ્ત્રના વિદ્યાસમુદ્દેશમાં ઉપદેશ કરે છે. धर्माधर्मौ त्रय्यामर्थानर्थौ वार्तायां नयानयौ दण्डनीत्याम्। એમ ત્રણનું સંક્ષેપમાં નિરૂપણ કરી તે આન્વીક્ષકીનું નીચે પ્રમાણે નિર્વચન આપે છેઃ—

बलाबले चैतासां (=त्रयीवार्तादण्डनीतीनाम्) हेतुभिरन्वीक्षमाणा लोकस्योपकरोति, व्यसनेऽभ्युदये च बुद्धिमवस्थापयति, प्रज्ञावाक्यक्रियावैशारद्यं च करोति—

प्रदीपः सर्वविद्यानामुपायः सर्वकर्मणाम्।
आश्रयः सर्वधर्माणां शश्वदान्वीक्षकी मता॥

આ છેલ્લા અનુષ્ટુભ શ્લોકનાં પહેલાં ત્રણ ચરણ ન્યાયભાષ્યમાં ભાષ્યકારે ઊતારી માત્ર અર્થવાદ આપ્યો છે, ને નિર્વચન પોતે પૂર્વે વિદ્યોદ્દેશમાં કહી ગયાનું ચોથા ચરણમાં જણાવ્યું છે. આ વિદ્યોદ્દેશ તે અર્થશાસ્ત્રનો વિદ્યાસમુદ્દેશ છે. તેને લીધે ન્યાયભાષ્યનો વાત્સ્યાયન પણ કૌટિલ્ય જ ઠરે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એકકર્તૃત્વ નિર્ધાર્યા પછી कामसूत्र, अर्थशास्त्र અને न्यायभाष्य કર્તાએ કયા ક્રમમાં લખ્યાં તે કહેવું મુશ્કેલ નથી. कामसूत्रનો આરંભ शास्त्रसंग्रहથી થાય છે. પછી त्रिवर्गप्रतिपत्तिનો અધ્યાય આવે છે. તે પછી विद्यासमुद्देश છે. ગ્રંથની સમાપ્તિ औपनिषदकથી થાય છે. अर्थशास्त्रની શરૂઆતમાં પણ शास्त्रसंग्रह આપેલો છે. તે પછી લાગલો विद्यासमुद्देश આવે છે. છેવટ औपनिषदक અને છેક છેડે तन्त्रयुक्ति છે. અહીં कामसूत्रમાં આપેલી त्रिवर्गप्रतिपत्ति મૂકી દીધી છે અને પરિભાષા સમજાવનારૂં तन्त्रयुक्ति અધિકરણ નવું ઊમેર્યું છે. તે ઉપરથી कामसूत्र પહેલું અને अर्थशास्त्र તે પછી રચાયું હોય એમ સમજાય છે. વળી ઇંદ્રિયલૌલ્યથી પૌરાણિક દાંડક્ય રાજા નાશ પામ્યાનું कामसूत्रના જ શબ્દોમાં લખી જઈ ઐતિહાસિક વિદેહરાજ કરાલનો દૃષ્ટાંત अर्थशास्त्रમાં ઊમેર્યો છે, તે પણ આ કલ્પનાને પુષ્ટિ આપે છે. न्यायभाष्य તો अर्थशास्त्रના પછી રચાયું છે તે विद्योद्देशના એટલે કે विद्यासमुद्देशના ઉલ્લેખથી સિદ્ધ થાય છે.

अर्थशास्त्रને છેડે આપેલી [1]ગાથાથી સમજાય છે, કે એ સૂત્રગ્રંથ ઉપર વિષ્ણુગુપ્તે પોતે જ ભાષ્ય લખ્યું હતું. એ ભાષ્ય એના પોતાના વિસ્તારને લીધે અથવા તો ભવસ્વામીની ટીકાના લાઘવને લીધે ચિરકાળથી નાશ પામ્યું જણાય છે. વળી जयमङ्गलाના આરંભે યશોધર, બીજા ટીકાકારોએ कामसूत्रનો ખોટો અર્થ કર્યાનો આક્ષેપ કરે છે તથા તેમની ટીકા પ્રત્યે બહુ અનાદર બતાવે છે; અને પોતે નવી ટીકા લખે છે તે સૂત્ર અને ભાષ્ય સંગ્રહીને લખે છે. આથી સૂત્રતુલ્ય આદરને પાત્ર બનેલું ભાષ્ય સૂત્રકારની જ કૃતિ હશે. कामसूत्र ઉપરનું આ ભાષ્ય તે જ उपाध्यायनिरपेक्षाમાં કહેલું वात्स्यायनभाष्य જણાય છે. એ ભાષ્ય પણ નષ્ટ થયું છે. તેવી જ રીતે ચાણક્યકૃત गौतमीयस्मृतिभाष्य પણ લુપ્ત થયેલું છે. न्यायभाष्य જ બચ્યું છે.

---

૧ दृष्ट्वा विप्रतिपत्तिं बहुधा शास्त्रेषु भाष्यकाराणाम् । स्वयमेव विष्णुगुप्तश्चकार सूत्रं च भाष्यं च ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુરુપદે રહી પાઠ્ય પુસ્તક તરીકે રચેલું अर्थशास्त्र નવ નંદના નિકંદન પહેલાં એટલે કે ઈ. સ. પૂર્વેની ચોથી શતાબ્દીના ઉત્તરાર્ધમાં અસ્તિત્વમાં આવ્યું હશે. તેના પૂર્વે અને પછી રચેલાં પુસ્તકો ધ્યાનમાં લેતાં ચાણક્યની સાક્ષરપ્રવૃત્તિ એ શતકમાં શરૂ થઈ ત્રીજા શતકના પહેલા ચરણ પર્યંત લંબાઈ હશે.

જેનો સમય નિશ્ચયપૂર્વક જાણીતો છે એવો જૂનામાં જૂનો ગ્રંથકાર ચાણક્ય છે. स्वप्नवासवदत्तના ઉપોદ્ઘાતમાં T. Ganapati Sastri ભાસને ચાણક્યથી પણ પૂર્વે થયેલો કહે છે. એ વિદ્વાન લખે છે કે ‘ ભાસના प्रतिज्ञायौगन्धरायणના ચોથા અંકના પ્રવેશકમાં મંત્રી યૌગન્ધરાયણનો ભેદુ સ્વપક્ષનાને સ્વામી વત્સરાજ માટે પ્રાણ આપવા નીચેના શબ્દોએ ઉશ્કેરે છેઃ—

भो भोः सुहृदः शृण्वन्तु भवन्तः ।

नवं शरावं सलिलैः सुपूर्णं सुसंस्कृतं दर्भकृतोत्तरीयम् ।

तत्तस्य मा भून्नरकं च गच्छेद्यो भर्तृपिण्डस्य कृते न युध्येत् ॥

આ શ્લોક અર્થશાસ્ત્રના અધ્યાય ૧૩૧ માં જોવામાં આવે છે. સબબ ભાસ ચાણક્યના પહેલાં એટલે ઇ. સ. પૂર્વે પાંચમા સૈકામાં થયો હોવો જોઈએ.’

આ વિદ્વાનનો નિર્ણય કબૂલ કે નાકબૂલ રાખવો તે તો પુરાવિદોના અધિકારની વાત છે. તેમ છતાં એ આપણે જરા દાણો ચાંપી જોઈશું, તો તેમાં કંઈ હાનિ નથી. ચર્ચાસ્પદ શ્લોક અર્થશાસ્ત્રમાં નીચેના સંયોગમાં વાપરેલો જોવામાં આવે છેઃ—

‘ વિજિગીષુએ એકઠા કરેલા સૈન્યને કહેવું કે વેતન (બદલો) આપણને સમાન છે. આ જીતાશે તે રાજ્યની ભોગદારી આપણી સરખી છે, માટે હું કહું છું તે દુશ્મનનો સંહાર કરવો.’૧.

---

૧ संहत्य दण्डं ब्रूयात् । तुल्यवेतनोऽस्मि । भवद्भिः सह भोज्यमिदं राज्यम् । मयाभिहितः परोऽभिहन्तव्य इति ।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'બ્રાહ્મણોને દક્ષિણા આપી કરી યજ્ઞોને અંગે અવભૃથ સ્નાનના પ્રસંગોમાં પણ સાંભળિયે છિયે કે सा ते गतिर्या शूराणाम् । જે શૂરવીરોની ગતિ તે તારી (યજમાનની) ગતિ છે.' (અર્થાત્ યુદ્ધમાં મરનાર શૂરા પુરુષની દૃષ્ટાંતભૂત સદ્‌ગતિ થાય છે.)[1]

'એ અર્થના (આ) બે શ્લોક છે.[2]

यान् यज्ञसङ्घैस्तपसा च विप्राः स्वर्गैषिणः पात्रचयैश्च यान्ति ।
क्षणेन तानप्यतियान्ति शूराः प्राणान् सुयुद्धेषु परित्यजन्तः ॥
नवं शरावं सलिलस्य पूर्णं सुसंस्कृतं दर्भकृतोत्तरीयम् ।
तत्तस्य मा भून्नरकं च गच्छेद्यो भर्तृपिण्डस्य कृते न युध्येत् ॥[3]'

'આ રીતે મંત્રી અને પુરોહિત દ્વારા વિજિગીષુએ સુભટોને વકારવા.'[4]

ઉપરના ફકરામાંના બે આખ્યાનકી છંદ જો આપણે કૌટિલ્યના નહિ પણ બીજાના માનિયે, તો इति અવ્યયને અવતરણના અર્થમાં એ બે શ્લોક સાથે જોડી દેવો જોઈયે. પરંતુ કેવા પ્રકારે મંત્રી અને પુરોહિત દ્વારા વિજિગીષુએ સુભટોને વકારવા તે જણાવવા इतिની તો પછીની ગદ્યપંક્તિમાં યોજના કરવાની જરૂર છે. અર્થાત् इति અવતરણાર્થ નહિ પણ પ્રકારાર્થ છે ને તેનો અન્વય પૂર્વગદ્યના भवतः સાથે નહિ પણ ઉત્તરગદ્યના उत्साहयेद् સાથે છે. બીજી પણ વાત ધ્યાનમાં લેવાની છે. ચાણક્યે પારકા ગ્રંથમાંથી ઊતારો કર્યો હોય,

---

१ वेदेष्वप्यनुश्रूयते समाप्तदक्षिणानां यज्ञानामवभृथेषु, 'सा ते गतिर्या शूराणाम्' इति । २ अपीह श्लोकौ भवतः ।

૩ સંબંધ જોતાં विप्राः પાઠ ખોટો છે, लोकान् જોઇયે. તેવી જ રીતે सलिलस्य पूर्णंને च બદલે प्रतिज्ञायौगन्धरायणनो सलिलैः सुपूर्णं ને स પાઠ જોઇએ. ४ इति मन्त्रिपुरोहिताभ्यामुत्साहयेद् योधान् ।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તો મંત્રી પુરોહિતના મુખના શ્લોકનો ઊતારો હોવો જોઈએ. प्रतिज्ञा-यौगन्धरायणનું પાત્ર મંત્રી એ નથી ને પુરોહિતે નથી. તો પછી ચર્ચાસ્પદ શ્લોક ભાસની નાટિકાનો શી રીતે હોઈ શકે ? વળી भवति चात्र श्लोक:, श्लोकावत्र भवत:, भवन्ति चात्र श्लोकाः વગેરે कामसूत्रમાં સ્થળે સ્થળે મળી આવે છે, તે સ્વકૃત શ્લોકનો પ્રસ્તાવ કરે છે; જેથી તેમના પછી इति અવ્યય મુકેલો નથી હોતો. એક ઠેકાણે જ્યાં પરકૃત શ્લોક ઊતાર્યો છે, ત્યાં તો અવતરણાર્થે इति શબ્દ મૂકવો જોઈએ તે મૂક્યો છે. એ જોતાં अर्थशास्त्रના ઊતારામાંના બંને શ્લોક ચાણક્યના ઠરે છે. તેમાંનો એક જે प्रतिज्ञायौगन्धरायणમાં જોવામાં આવે છે તે ઉત્સાહપૂરક સુભાષિત તરીકે ઊતાર્યો હશે એમ લાગે છે. આથી ભાસને ઈ. સ. પૂર્વે પાંચમા સૈકામાં મૂકવાનું કંઇ કારણ નથી. प्रतिज्ञायौगन्धरायण, अविमारक અને अभिषेकनाटकના ભરતવાક્યમાં પરચક્રકૃત મહાન આપત્તિનો ઉલ્લેખ છે. એ ઈતિ ઈ. સ. પૂર્વે પાંચમા શતકમાં ભરતખંડ ઉપર ગુજર્યાનું જાણવામાં નથી. પરચક્રનો સમય તો ઈ. સ. પૂર્વેનું બીજું શતક છે, જ્યારે ગ્રીકોના હુમલાઓથી લોકને બહુ ખમવું પડ્યું હતું. એ જોતાં 'પરાક્રમની પ્રસાદી'ના આરંભે આપેલા 'મહાકવિ કાલિદાસ' સંબંધી લેખમાં ભાસને ઇ. સ. પૂર્વે બીજા શતકમાં મુક્યો છે તે જ સંભવિત લાગે છે.

ચાણક્યનો સહયાયી હોય તો કદાચ ब्रह्मसूत्र ઉપર वृत्ति લખનાર ભગવાન ઉપવર્ષ હોય ખરા. પણ એ વાત સૌ સ્વીકારે તે માટે बृहत्कथा સિવાયના પુરાવાની અપેક્ષા રહે છે.

આ લઘુ લેખ ચાણક્યની વિદ્વત્તાની કીર્તિમાં વધારો કરવાના ઉદ્દેશથી નહિ, પણ દર્શનસૂત્રસાહિત્યની પ્રાચીનતાની એક બે ઈંટ ગોઠવવાની મતલબથી લખ્યો છે.

કે. હ. ધ્રુવ

(પુ. ૬૭ મું, માર્ચ, ૧૯૨૦)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભોજાના " ચાબખા "

ચાબખાનું સાહિત્ય ગુર્જર ભાષામાં દાખલ કરવાનું માન ભોજાભક્તને ઘટે છે. કવિ ભોજલ અગર ભોજાના પૂર્વે અન્ય કોઈ પણ કવિએ આ દિશામાં શરૂઆત કરી નથી. ભોજલના " ચાબખા " તે અપૂર્વ તથા અનુપમ છે. પ્રાચીન કાવ્યમાળાના પ્રકાશક ભોજાભક્તના ચરિત્રમાં સત્ય લખે છે કે " જેમ શામળનો છપ્પો, દયારામની ગરબી, પ્રીતમનાં પદ, નૃસિંહ મેહેતાનાં પ્રભાતિયાં, ધીરાની કાફીઓ, તેમજ ભોજાના ચાબખા વખણાય છે. " જો કે અખાએ " અખેગીતા, " અનુભવબિન્દુ તથા અન્ય છપ્પાઓમાં પોતાની વાણીરૂપી ચાબુકનો ઉપયોગ કર્યો છે, પણ ભોજલના ચાબખામાંથી વાચકવર્ગને જે રસની પ્રાપ્તિ થાય છે, તે ત્હેમાંથી નથી થતી એમ અવશ્યે નિષ્પક્ષપાતપણે કહેવું જ જોઇએ. ઉભય નિર્દાંભિકતાના સેવક હતા અને તેટલા માટે જ્યાં જ્યાં તેમણે દંભને વાસો કરેલો જોયો ત્યાં ત્યાં તેમની વાણીરૂપી ચાબુકનો ઉપયોગ કર્યા સિવાય તેઓ ચુક્યા નથી.

ગુર્જર ભાષામાં ચાબખાનું સાહિત્ય ઘણું વિરલ છે. અંગ્રેજી ભાષામાં તે ઘણું જ પ્રચાર પામેલું છે. જ્યારે જ્યારે સમાજમાં, રાજ્યમાં, ધર્મમાં તથા સાહિત્યમાં કોઈ પણ જાતનું અનિષ્ટ દૃષ્ટિગોચર થતું ત્યારે ત્યારે તે સમયનો કવિ પોતાના ચાબખાથી તેને ઉપહાસપાત્ર અગર નિન્દનીય કરવામાં ચૂકતો નથી. કવિ ડ્રાયડનનું " એબીટોફેલ " નામનું કાવ્ય તે રાજ્યમાં પ્રચલિત અનિષ્ટને દૂર કરવાનો ચાબખો (satire) હતો. તેમજ પોપ કવિનું " રેપ ઓફ ધ લોક " Rape of the Lock " રોમનો બળાત્કાર " એ પણ અમીર લોકોના નિન્દનીય ગૃહજીવન તથા જીવનસરણીને જનસમૂહમાં ઉપહાસને પાત્ર બનાવવાનો પ્રયત્ન હતો. વળી તેજ કવિના " એસે ઓન મેન્ " અને "એસે ઓન ક્રીટિસિઝમ" નામના પદ્યાત્મક ગ્રંથો સમાજ, ધર્મ તથા સાહિત્યના વિષયમાં જે બાહ્યાડમ્બર ઘૂસી ગયો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતો, જેને લીધે મનુષ્યો કુદરતના ક્રમનું ઉલ્લંઘન કરી આચાર, વિચાર તથા ક્રિયાની બાબતમાં કૃત્રિમતાની જાળમાં સપડાઈ ગયા હતા તેમને તેમાંથી મુક્ત કરવાના પ્રયત્નરૂપ હતા.

આ 'ચાબખાઓ' (Satires) માત્ર અમુક વ્યક્તિની નિન્દા કરવાના નિમિત્તે લખવામાં આવતા નહિ. એમાં આન્તરિક દ્વેષ અગર તો વૈરની ભાવનાને બિલકુલ સ્થાન હોતું નથી. માત્ર તે સમાજમાં અગર ભક્તિમાં રહેલા અનિષ્ટને દૂર કરવાની, તથા તેમને સુધારાની સરણીમાં મુકવાની તીવ્ર ઈચ્છાએ કરીને જ લખાતા. લેખક કવિ તે શત્રુ તરીકે નહિ પણ એક નિકટનો સંબંધી, સખા, જનક અગર માર્ગદર્શક તરીકે લખતો. ભિષક્‌ની માફક તે કડવા ઘુંટડા પાતો, પણ તે વ્યાધિને દૂર કરવાના સબબે, નહિ કે તે વ્યાધિથી સપડાયલા માણસની જીવનદોરી છેદવાને માટે. તે "सत्यं ब्रूयात्, प्रियं ब्रूयात्" એ સામાન્ય નિયમને બદલે, "अप्रियमपि सत्यं ब्रूयात्" એ સૂત્રને અનુસરતો. કારણ કે દુનિયામાં કેટલીક વખત માત્ર સત્ય અને પ્રિય બોલવાથી અર્થસિદ્ધિ થતી નથી. તેથી અપ્રિય અગર અપથ્ય શબ્દોપચાર કરવો પડે છે. જે પુરુષો "वचनेषु किं दारिद्र्यम्" એ સિદ્ધાન્તનેજ ગમે તે સ્થળે અનુસરે છે, તે સમાજનું એકદમ અધઃપતન કરે છે. કારણ કે તેથી જનહૃદયમાં કાપટ્ય તથા આડમ્બર વધી પડે છે. માટે જ ડાહ્યા પુરુષો તો અન્યજનો ચ્હાય તો તેમની નિન્દા કરે યા તો સ્તુતિ કરે ત્હેની કોઈ પણ પરવા કર્યા સિવાય, જ્યાં જ્યાં કડવા ઘુંટડા આપવા ઘટે છે, ત્યાં તેમ કરવામાં તેઓ કોઈ પણ જાતના તર્કવિતર્કો કરતા નથી. આવા પુરુષોના કડવા ઘુંટડા તે તે અસુહારક ઘુંટડા નથી, પણ રોગનિવારક ઘુંટડા છે. અને સમાજમાં તેમની નિન્દાને બદલે આખરે પ્રશંસા થાય છે. આ પુરુષો તે સમાજના નેતાઓ છે; ઉદ્ધારક છે. તેઓ સમાજનૌકાના કુશળ સંચાલક છે. ભોજલ કવિના 'ચાબખા' આ દૃષ્ટિથી લખાયલા છે. પણ જે ચાબખાઓ માત્ર અંગત દ્વેષને લીધે અન્યની નિન્દા કરવાને માટે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લખાયલા હોય છે તેમને ચાબખાનું નામ આપવું તે યુક્ત નથી. અંગ્રેજી ભાષામાં આવાં લખાણો Lampoons તરીકે ઓળખાય છે. ત્હેમાં અમુક વ્યક્તિની સ્પષ્ટ રીતે નિન્દા જ કરેલી હોય છે. તેના ગુણને બદલે દોષનું જ નિરૂપણ કરેલું હોય છે. આ રીતે સમાજની કોઈ પણ સેવા કરી શકાતી નથી. આવાં લખાણો સાહિત્યમાં ઉમેરાય તેથી તેની કીર્તિને ઝાંખ લાગે છે. આવાં લખાણો સંબંધી ડ્રાયડન નીચે પ્રમાણે કથન કરે છે—That form ot satire which is known in England by the name of lampoon, is a dangerous sort of weapon, and for the most part unlawful. We have no moral right on the reputation of :other men. There are only two reasons for which we may be permitted to write lampoons; and I will not promise that they can always justify us. The first is *revenqe*, when we have been affronted in the same nature, or have been anyway notoriously abused, can make ourselves no other reparation.

............I will proceed to give the second reason; and that is, when he is become a public nuisance."

આ ઉપરથી વિદિત થશે કે માત્ર નિન્દાયુક્ત લખાણો તે ચાબખાઓ નથી. ચાબખામાં તિરસ્કારને બદલે હાસ્ય હોય છે. તે કોઈ પણ વ્યક્તિની લાગણીઓને આઘાત આપતા નથી. તેમના ઉપદેશો ગંભીર મુખાકૃતિથી સ્મિત દર્શાવ્યા સિવાય ડાવકી રીતે હાથમાં સોટી લઈને હિતશિક્ષા આપનાર શિક્ષકના ઉપદેશ જેવા હોય છે. અખાના તથા ભોજલના ચાબખા આવા પ્રકારના છે. તે મનુષ્યને અનીતિને રસ્તે જતાં અટકાવવાને તથા જ્ઞાનરસનું પાન કરવાને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લખાયલા હતા. તેથી તેમની કવિતાકામિની મન્દસ્મિતપૂર્વક હૃદય તથા મનોવૃત્તિઓનું હરણ કરે એવી રસયુક્ત વાણીથી વાંચકના ચિત્તને પ્રસન્નતા ન આપતી હોય તો તે બનવા જોગ છે. ભોજલની કવિતા તો તેના ચાબખામાં ઉગ્રતા તથા કઠોરતા ઓતપ્રોત થયેલા હોય એમ દેખાડે છે. 'कान्तासम्मिततयोपदेशयुजे' ને બદલે प्रभुसम्मित-तयोपदेशयुजे એ સિદ્ધાન્તનું પાલન થયેલું જણાય છે.

ભોજા ભક્તના ચાબખા એ છૂટકછૂટક બોધરૂપ પદ છે. ભોજાભક્તની કવિતાનો સંગ્રહ પ્રાચીન કાવ્યમાળાના પાંચમા અંકમાં કરવામાં આવ્યો છે. આ પુસ્તકમાં એકંદરે ૪૩ ચાબખાઓનો સમાવેશ થાય છે. આ દરેક ચાબખાઓ એક જ વિષયસૂચક નથી. પણ દરેકની અંદર જ્ઞાનોપદેશ સૂક્ષ્મ બીજ તરીકે રહેલો છે. ભોજાભક્તના ચાબખાઓ એટલા બધા પ્રસિદ્ધિને પામેલા છે, કે ગામડાના કેટલાક ભોળા ખેડૂતો પોતાનો નવરાશનો સમય એના કવનથી જ ગાળે છે. આપણે ઘણી વખતે આપણી પોળોમાં સાધુના વેષે આમતેમ ભટકતા ભિક્ષુકોને પોતાના તંબુરાથી એ ચાબખાનું ગાન કરતાં સાંભળ્યા છે. રાત્રિના સમયે દૂરના સ્થળમાં એકત્રિત થયલી ભાવિક ભક્તોની મંડળીમાં તંબુરાના નાદ, મંજીરા તથા કરતાલના તાલ, સહિત મધુર કંઠે ગવાતી આ ભોજલની માર્મિક વાણીએ કયા પુરુષની મનગુફાના અજ્ઞાનરૂપી અંધારામાં લપાઈ રહેલા મદ તથા મોહ વગેરે તસ્કરોને વિદ્ધ કર્યા નથી ? આપણામાં કહેવત છે કે "સોટી વાગે ચમચમ અને વિદ્યા આવે ધમધમ" આ નિયમને અનુસરીને ભોજલ પણ પોતાની વાણીરૂપી ચાબુકના પ્રહારથી અજ્ઞાનને દૂર હાંકી કાઢે છે.

હવે આપણે એના કેટલાક ચાબખાનું અવલોકન કરીએ. નીચેનો ચાબખો સંસારમાં સ્ત્રી તથા છોકરાંનું સુખ કેવું છે તેના પરત્વે છે. એ સંસારની બલાથી ઘણો કંટાળી ગયો હતો, અને તેથીજ તેણે નીચે પ્રમાણે ઉદ્‌ગાર કાઢ્યા હતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રે મેં દુઃખ દુનિયામાં ભાળી, પરણી નારી પિયેર મેલી વાળીરે,
એકજ માગે ભમઇડો ને, બીજો તે માગે જાળીરે.
ત્રીજોરે કહે મને ડગલી શીવડાવો, ને ચોથો લે છે પેટ પાળીરે,
કડલાં ઘડાવું ત્યારે કાંબીઓરે માગે, ને વીંટી ઘડાવું ત્યારે વાળીરે.
આઠજ પહોર મને જંપવા ન દે, એનાં પાંજરિયાં મેલ પરજાળીરે,
વઢતીરે સૂવે ને વઢતીરે ઉઠે, કજીયામાં છે કારીરે.
ઉજળાં મુખ એનાં કદિયે ન દીઠાં, એતો આઠે પહોર ઓશિયાળીરે,
બારણેરે આવ્યા પાંચ પરૂણાને, ઘઇને તે ઘરમાં પેઠીરે.
છોકરાંને તો ધમચી મચાવે ત્યારે, ચૂંટલા લે છે તાણીતાણીરે,
પટોળાં લઇને મેં તો પિયર વળાવી, ને દુઃખડાં મેલ્યાં ટાળીરે.
ભોજોભગત કહે ગુરુપ્રતાપે, કદીએ ન પરણું આવી નારીરે,

આ ચાબખો સ્વાનુભવી હશે કે કેમ તે નિશ્ચિતપણે કહી શકાય તેમ નથી. પણ ચાબખાને અન્તે આ ભક્ત કહે છે કે " કદીએ ન પરણું આવી નારીરે" એ ઉપરથી એવું અનુમાન દોરી શકાય, કે આ અન્યના અનુભવની કહાણી હશે, અને કવિના જાણવામાં આવવાથી તેણે આવી અજ્ઞ સ્ત્રી સાથેનો સંસાર કેવો દુઃખદાયક હોય છે, તેનો માત્ર ચિતાર આપવા આ ચાબખો લખ્યો હશે. જ્યાં જ્યાં સ્ત્રીઓ કેળવણી વગરની હોય છે ત્યાં ત્યાં આપણું ગૃહજીવન અરસિક તથા કંટાળાભરેલું હોય છે. અને આવી સ્ત્રીઓને જ્ઞાન આપવાને માટે જ આ ચાબખો કવિએ લખ્યો જણાય છે. હાલમાં એવાં ઘણાં કુટુંબો છે કે જ્યાં સ્ત્રીઓ આદર્શરૂપ નહિ હોવાથી તેમના પતિના જીવનની પ્રેમસરિતાને તેઓ સૂકવી નાખે છે અને આથી તે બિચારાઓનાં મન સંસારની સુખવાસનાઓની અનેરી આશાઓથી વિમુખ બને છે, અને વૈરાગ્યભાવના તરફ ખેંચાય છે. આ ચાબખો વાંચનારને તિરસ્કારને બદલે હાસ્યનો અનુભવ થાય છે. આમાં સ્ત્રીઓને ધિક્કાર આપ્યો નથી, પણ તેમને આડકતરી રીતે ઉપદેશ આપેલો છે. આથી આ ચાબખો તે satire ની ગણત્રીમાંજ આવી શકશે, lampoon

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નહિ. જો માત્ર સ્ત્રીવર્ગની નિન્દા કરવામાં આવી હોત તો તે lampoon ગણાત. કારણ કે ડ્રાયડન આવા નિન્દાયુક્ત લખાણ લખનારાઓ માટે લખે છે—

"The weaker sex is their most ordinary theme; and the best and the fairest are sure to be the most severely handled. Amongst men those who are prosperously unjust are entitled to panegyric; but afflicted virtue is insolently stabbed with all manner of reproaches; no decency is considered, no fulsomeness is omitted; no venom is wanting, as far as dullness can supply it; for there is perpetual dearth of wit; a barrenness of good sense and entertainment."

નીચેના ચાબખામાં ભોજો દુનીઆમાં બાવા લોકોમાં કેવો દંભ અને ઢોંગ ઘૂસી ગયા છે તેનું સુંદર ચિત્ર આપે છે. એવા બાવાઓથી સર્વ મનુષ્યોએ ચેતીને ચાલવું જોઈએ. તેઓ અનીતિ તથા દુર્વ્યસનથી ભરપૂર હોય છે. તેઓની કૃતિ તેમના વેષને લજવે છે.

દુનિયા ભરમાવા ભોળી, ચાલ્યો બાવો ભભૂતિ ચોળીરે.
દોરા ધાગા ને ચિઠ્ઠી કરે બાવો, આપે ગુણકારી ગોળીરે.
અનેક જાતના એવા બને છે, કોઈ કણબી કોઈ કોળીરે.
નિત્ય નિત્ય દર્શન નિયમ ધરીને, આવે તરિયાતણી ટોળીરે.
માઈ માઈ કહી માન દિયે પણ, હૈયે કામનાની હોળીરે.
ચેલા ચેલીને ભેળા કરી બાવો, ખાય ખીર ખાંડ ને પોળીરે.
ભોજોભગત કહે ભવસાગરમાં, બાવે માર્યાં બોળીરે.

બાવાઓ અન્ય સ્ત્રીઓને જોઈ ને બહારથી માઈ માઈ કરે છે; પણ તેમના હૈયામાં ખરેખર કામનાની હોળી પ્રગટેલી હોય છે. આવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાવાઓનો સમાગમ કોઈ પણ રીતે હિતકર નથી. ભોજો એની હાવકી ભાષામાં કહે છે કે "બાવે માર્યાં બોળીરે." સાધુપુરુષો ખરી રીતે સંસાર–સાગરમાં ડૂબતા જીવોને તારનાર હોય છે. વિમાર્ગે જનાર પુરુષોને સત્ય માર્ગદર્શક સાધુ પુરુષો જ છે. આવા પુરુષોના સમાગમ સંબંધી જ એવું કહેવામાં આવ્યું છે કે क्षणमपि सज्जनसङ्गतिरेका भवति भवार्णवतरणे नौका. ક્ષણ વાર સત્પુરુષોનો સમાગમ સંસાર–સાગર તરવાને હોડીરૂપ બને છે. ક્યાં તે સંસ્કૃત તથા આદર્શમય જીવન ગાળનાર પ્રાચીન સન્ત સાધુપુરુષો અને ક્યાં હાલના વિષયાસક્ત મલિન વૃત્તિઓ-વાળા દંભયુક્ત 'બાવા'ઓ ? દુનીઆ તેમની ભભૂતિથી છેતરાય છે, તેમને ખાવાને માટે 'ખીર ખાંડ ને પોળી' આપે છે. આધુનિક જમાનામાં તેઓ હિન્દદેવીના માથાના ચોટલાની જૂઓ સમાન છે. સમાજને તથા દેશને તેઓ કોઈ પણ જાતની સેવા કરી શકતા નથી. બ. ક. ઠાકોરે પોતાના 'આરોહણ' નામના કાવ્યમાં પણ આવા પ્રકારનો ઉદ્ગાર કાઢ્યો છે—

સમાધિછલ જાણતા, કપટ બ્રહ્મચારી સદા
અધોગતિ સ્વીકારતા, ચશચશીજ ગાંજાકળી.

ભોજાભકતે આ ચાબખાદ્વારા આવા આડમ્બરી તથા કપટ બ્રહ્મચારી બાવાઓના ભોપાળાં જગત્‌ની સમક્ષ ખુલ્લાં કર્યાં છે. તેઓ ધૂતીને ખાવા માટે ભેખ ધરે છે. જ્યાં ઘણી પ્રેમદાઓ પાણી ભરવા જાય છે ત્યાં બાવાઓ ન્હાવા જાય છે. તે ખરૂં કહે છે કે "રાખો ચોળી પણ રાંડોના રસિયા, ખોળે હરામનું ખાવારે." ભોજો ભક્ત કહે છે કે જે પુરુષોને જમપુરીમાં જવાની ઇચ્છા હોય તેઓએ આવા બાવાઓનું ભાવથી સેવન કરવું.

સંસારવ્યવહારમાં આસક્ત થયેલા અજ્ઞાની જીવને ઉપદેશ આપવા નીચેનો ચાબખો ભોજાએ રચેલો છે:—

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મૂરખો મોહને ઘોડે ચઢેરે, માથે કાળ નગારા ગડે:
હરિજન હોય તેની હાંશી કરે, જીભ અવળું બોલી લડે.
એકલો હોય તોય અભાગિયો, નવગ્રહની ગોડે નડે.
પરતરિયાશું પ્રીતિ કરૂં, એવા ઘાટ ખોટા ઘડે:
ભોગ દેખીને જીવ થાય ભૂરાયો, જેમ પતંગ દીપકમાં પડે.
ત્રણે અવસ્થા ગઈ તૃષ્ણામાં, પછે કાળે કીધો કડે;
ભોજો ભગત કહે ભજન કર્યા વિના જમના જોડા જડે.

મનુષ્ય સંસારમાં મોહને વશ થાય છે, પણ તેને માથે કાળચક્ર ભમ્યા કરે છે તેનું લેશ પણ જ્ઞાન તેને બિલકૂલ નથી. આથી યથેચ્છ રીતે તેનું વર્તન રાખે છે. દુનિયામાં નહિ કરવાનું કામ કરી બેસે છે. પ્રભુના ભક્તોનો ઉપહાસ કરે છે. એકબીજાની સાથે અસત્ય બોલીને કલહ કરવા મંડી જાય છે. અન્યની સ્ત્રીઓની સાથે ભોગ ભોગવવાની ઇચ્છા કરે છે. જેમ પતંગીયું દીવાને જોઈને તેમાં પડે છે, તેવી રીતે આ પણ ભોગ જોઈને અંજાઈ જાય છે. આ પ્રમાણે તેનું આખું જીવન તૃષ્ણાને તથા વિષયવાસનાને તૃપ્ત કરવામાં વ્યતીત થાય છે. પ્રભુનું ભજન તેનાથી બની શકતું નથી. આ સ્થિતિમાં જ્યારે તે આ દેહનો ત્યાગ કરે છે ત્યારે તે જરૂર યમના પ્રહારને પાત્ર થાય છે. એક ચાબખામાં તે પોતાના મનને ઉપદેશ આપે છે. “ હે મન, તું હજી પણ મારી શિખામણ માન. એક સમય એવો આવશે કે જ્યારે આ સંસારનો ત્યાગ કરીને તારે શ્મશાનની ભૂમિનો પંથ લેવો પડશે. જો પ્રભુનું ભજન તું કરીશ તોજ તારાથી નિર્ભયતાની સ્થિતિ પ્રાપ્ત કરી શકાશે. સત્પુરુષોનો સમાગમ તારે કરવો જોઈએ, સંસારનાં કાર્યો બહુ સાવધાનતાપૂર્વક કરવાં જોઈએ, કારણ કે આખરે તારે માયાના વિષયભોગ તજવા પડશે.”

મૂર્ખ પુરુષોને ઉપદેશ આપવાથી કાંઈ પણ અસર તેમના ઉપર થતી નથી એવા ભાવાર્થનો પણ એક ચાબખો તેણે રચ્યો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અંગ્રેજીમાં કહેવત છે કે A word to the wise and a rod to the fool. સંસ્કૃતોક્તિ પણ કહે છે કે सुज्ञेषु किं बहुना. ડાહ્યા પુરુષોને વિશેષ સમજાવવાની જરૂર નથી. તેઓ અલ્પ અક્ષરમાં સઘળું તારતમ્ય સમજી જાય છે, પણ મૂર્ખ પુરુષોને ઘણો બોધ વારંવાર દેવામાં આવે તોપણ તેઓનાં મન કોઈ પણ રીતે પલળતાં નથી.

મૂરખને કઈ પેરે સમજાવું, ભાઈ! એને નિશ્ચે નરકમાં જાવું!
સવળું કહેતાં અવળું લાગે, કૈ'ને મદઈ થાવું.
વાદ કરે ને વઢવા દોડે, એને અમૃત તજીને વિષ ખાવું!
ખાટકી વાંસે ઘેટો ચાલ્યો જાય, મા'જન જાણે મૂકાવું.
ઇંદ્રિય સ્વાદે અવળો હાલે, તેને ઉંધે મસ્તક ટીંગાવું,
સનેપાતનો ચાળો થયો, એને ઝાઝું ઓસડ શું પાવું;
ભોજા ભગત કહે પ્રગટ પારખું, પીતળમાં શું તાવું.

મૂર્ખને ઉપદેશ આપનાર તે મદઈ—મદવાળા—દુશ્મન થાય છે. તેને શીખામણ આપવી એ પિત્તળને તાવવા જેવું છે. ભર્તૃહરિ પણ સત્ય કહે છે કે “ ज्ञानलवदुर्विदग्धं ब्रह्मापि नरं न रञ्जयति ।” જેમ કોઈ પુરુષને સનેપાતનો વ્યાધિ લાગુ પડ્યો હોય તો પછી ઔષધ કંઈ પણ અસર તેના ઉપર કરી શકતું નથી, એવા પુરુષને ઝાઝું ઔષધ પાવામાં કંઈ પણ માલ નથી.

સંસારની નશ્વરતા તથા અસારતા વિષે તેના ચાબખામાંથી ઘણું જાણવાનું મળી આવે છે. ભગવાનની ભક્તિ વિના કંઈ પણ વસ્તુ સ્થાયિ તથા અચળ નથી.

મન જે કરતા મોટાયું રે, તેની ઉપડી ગયું પાયું રે
જે દી બાળકનો જન્મ થયો, તે દી વાગીયું વધાયું રે;
અંતે જમરા લઈ ગયા પછી, વાંસે રૂએ બાયું રે.
નોબત નિશાન ને ચમર ઢળાતાં, ફોજું ચોદિશે છાયું રે;
ઉડી ગયાને ઉજડ થયાં, ગઢ કોઠા ને ખાયું રે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચાકર આવીને સલામું ભણતા, કરતા ઠકરાયું રે;
આકના તૂર જેમ ઉડી ગયાં, જેમ વંટોળિયે વાયુ રે.
સદ્‌ગુરુ સંતને જેણે સેવ્યા, તેની ધન્ય ધન્ય કમાયું રે;
ભોજો ભગત કહે વૈકુંઠ પુગ્યા, દઈ નગારે ઘાયું રે.

શરદભ્રની માફક સંસારનું સુખ ક્ષણિક છે. જલોદરમાંથી ઉત્પન્ન થતા બુદ્‌બુદોની સમાન તેની સ્થિરતા અલ્પ સમય માટે છે. મૃગતૃષ્ણિકા તૃષાપીડિત મૃગના મનનું જેમ આકર્ષણ કરે છે અને તેને વૃથા આશા આપે છે તેવી રીતનો મનુષ્યનો સંસાર છે. મનુષ્ય-રૂપી વૃક્ષને ટકાવી રાખનાર માત્ર એક જ ચીજ છે અને તે બીજી કોઈ નહિ પણ ધર્મ. "માનવી ઝાડ છે મૂળ વિના, ધર્મ વિનાનું જાશે ઢળી." ધર્મ વિના કોઈ પણ અન્ય મનુષ્યને કાળના હુમલા-માંથી બચાવી શકે એમ નથી. ભોજો કહે છેઃ—

કાળનું દળ તો કારમું આવશે, દેહીને નાખશે દળી;
ભોજો ભગત કહે ધર્મ રહેશે, બીજું સર્વે જાશે ટળી.

સંસારસ્થિતિ સ્વપ્નવત્ હોવાથી મનુષ્યોએ માયાના પાશને છેદી નાંખી પરમાત્માનું ભજન કરવું જોઇએ અને તેમાંજ તેમનું કલ્યાણ છે. આ બોધ તે નીચેના ચાબખામાં આપે છે.

પ્રાણીઆ ભજી લેને કરતાર, આ તો સ્વપ્નું છે સંસાર;
ધન દોલત ને માલખજાના, પુત્ર ને પરિવાર;
એમાંથી જાશ તું એકલો, પછે ખાશ જમના માર રે. પ્રા. ૧
ઉંચી મેડીને અજબ ઝરૂખા, ગોખનો નહીં પાર;
ક્રોડીધ્વજ ને લક્ષપતિ, તેનાં બાંધ્યા રહ્યા ઘરબાર રે. પ્રા. ૨
ઉપર ફરેરાં ફરહરે, ને હેઠે શ્રીફળ ચાર;
ઠીક કરીને ઠાઠડીમાં ઘાલ્યો, પછે વાંસે પડે પોકાર રે. પ્રા. ૩
સેજ તળાયું વિના સૂતો નહિ, જીવ હુન્નર કરતો હજાર;
ખોરી ખોરીને ખૂબ જળાયો, જેમ લોઢું ગાળે લુવાર રે. પ્રા. ૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્મશાન જઇને ચેહે ખડકી, ને માથે કાષ્ટનો ભાર;
અગ્નિ મેલીને ઉભાં રહ્યાં, અને નિશ્ચય ઝરે અંગાર રે. પ્રા. ૫
સ્નાન કરીને ચાલી નીકળ્યા, નર ને વળી નાર;
ભોજોભગત કે' દશ દી રોઇને, પછે મેલ્યો વિસાર રે. પ્રા. ૬

આ પ્રમાણે પોતાના ચાબખામાં મર્મયુક્ત વાણીથી ભોજો વિવિધ પ્રકારે જ્ઞાનનો બોધ કરે છે, તેની ભાષામાં કાઠીઆવાડી બોલીના શબ્દોજ ઘૂસી ગયા છે પણ તે વાંચક વર્ગમાં કઠોરતા ઉત્પન્ન કરતા નથી. ભોજાનું મન કેળવણીથી સંસ્કૃત થયેલું નહોતું. તેથી અન્ય કવિઓની માફક તેના ચાબખામાં શબ્દના ચમત્કાર તથા અલંકારની ઝમક અગર અલંકારશાસ્ત્રના નિયમ પ્રમાણે ગુણ, વૃદ્ધિ તથા રીતિ દાખલ કરવાનું વ્યર્થ પાણ્ડિત્ય એ દેખાડી શકયો નથી. તેના સઘળા વિચારો એણે નિખાલસ હૃદયથી સ્પષ્ટપણે બહાર પાડેલા છે. તે સત્યને ચ્હાતો હતો અને દંભને ધિક્કારતો હતો. સુવર્ણના ઓપના કરતાં સુવર્ણ પ્રતિ જ એનું મન આકર્ષાતું, આથી એની ચાબુક તે સત્યની ચાબુક બની, આડમ્બરની નહિ. તેને દુનિયામાં કીર્તિની પરવા નહોતી. સર્વ પ્રકારની ઇષણાઓને એણે જીતી હતી. ભોજાના કવિતાભંડારમાંના એના ચાબખાઓ ઉત્તમ પ્રકારના અમૂલ્ય મૂલવાળા શબ્દો છે અને જેમ અન્ય કવિઓ તેમનાં જુદાં જુદાં કાવ્યોરૂપી જુદા જુદા પ્રકારના હીરા, માણેક, પોખરાજ વગેરે ગુર્જર પ્રજાને વારસામાં સોંપી ગયા છે તેમ ભોજાએ આ રત્નોનો વારસો સોંપ્યો છે તેને ગુર્જર પ્રજાએ અનન્તકાળ પર્યંત સાચવી રાખવો જોઈએ.

જેઠાલાલ ગોવર્ધનદાસ શાહ
(પુ. ૬૮મું, જુલાઈ, ૧૯૨૧)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચંદ્રહાસનું આખ્યાન: વિસ્તાર અને પરિવર્તન[1]

વેદકાલની લોકવાણીથી માંડી અત્યાર સુધીનાં આપણા દેશનાં જુદાંજુદાં સાહિત્યોની ભૂમિઓ આપણે સૂક્ષ્મ અભ્યાસપૂર્વક ખેડીશું તો આપણને આપણી શબ્દવિદ્યા ઉપર પ્રકાશ નાખતા અનેક લાક્ષણિક શબ્દો જડી આવશે, આપણી સાહિત્યકૃતિઓનાં વિવિધ અંગોનાં કાળે કાળે થયેલાં રૂપાંતરોનું યથાર્થ માનસ આપણને પ્રત્યક્ષ થશે અને એ રીતે આપણા વિચારોના ઇતિહાસના સાતત્યની કડીઓ આપણને સુલભ થશે. ચંદ્રહાસનું સુપ્રસિદ્ધ આખ્યાન લઇએ. જૈમિનીના મહાભારતથી શરૂ કરી આપણી પ્રાકૃત ભાષાઓમાં અને ગુજરાતીમાં ચંદ્રહાસનાં કથા અને આખ્યાનો કાળે કાળે જુદાજુદા સાહિત્યકારોને હાથે વિવિધ રૂપાંતરો ધારણ કરતાં જણાશે.

---

૧ દી. બ. કેશવલાલભાઈએ અમદાવાદના પ્રેમાભાઇ હૉલમાં તા. ૧૦-૮-૧૯૩૦ને રોજ આ વ્યાખ્યાન આપ્યું હતું. આ મહત્ત્વના વ્યાખ્યાન પ્રસંગે હાજર રહેવાનું સદ્‌ભાગ્ય મને પ્રાપ્ત થયું નહોતું. લગભગ અર્ધી શતાબ્દી કરતાં વધારે સમયથી દી. બ. કેશવલાલભાઈ આપણાં પ્રાચીન અને અર્વાચીન સાહિત્યોના શબ્દબ્રહ્મની એકનિષ્ઠાથી અને વિવિધ ઉપચારોથી સેવા કરે છે. એમની વ્યાપક અને મર્મભેદક અભ્યાસદૃષ્ટિ આપણા વિચારોના, શબ્દવિદ્યાના અને સાહિત્યના ઇતિહાસ ઉપર અને તેની તુટતી સાંકળો ઉપર નવા નવા દૃષ્ટિકોણોથી નવો નવો પ્રકાશ નાખે છે. આપણા સાહિત્યના અભ્યાસકોમાંથી કોણ નહિ ઇચ્છતું હોય કે એમની આ ફળદ્રુપ અભ્યાસપદ્ધતિની પરંપરા કોઇ કોઈ પણ પ્રકારે સચવાઇ રહેવી જ જોઇએ ! આ લેખ તૈયાર કરવામાં મેં એઓશ્રી પાસેથી ટિપ્પણો અને અવતરણો માગી લઇ તેનો ઉપયોગ કર્યો છે. લેખના આત્માનું બધુંએ દ્રવ્ય એમનું જ છે. મેં તો ખાલી શબ્દોમાં ખોખાં જ ખડકયાં છે.

શંકરપ્રસાદ રાવળ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પહેલાં જૈમિનીય અશ્વમેધપર્વમાંની ચંદ્રહાસની ભક્તિકથા લઈએ.

અશ્વમેધ યજ્ઞના દિગ્વિજયની કૂચમાં પાંડવોનો પંચકલ્યાણી ઘોડો કુંતલપુર નગરમાં આવી પહોંચે છે. આ નગરનો નૃપાલ પરમ વૈષ્ણવભક્ત ચંદ્રહાસ છે. ભક્તના બાલચરિત્રની કથા અર્જુનને અથેતિ કહેવા ત્યાં અનાયાસે ભક્તિમાર્ગના આચાર્ય પેલા કલહપ્રિય નારદજી આવે છે. કેરલ (મલબાર) દેશમાં સુધાર્મિક નામનો રાજા હતો. એની રાણીની કૂખે મૂળ નક્ષત્રમાં કુમાર ચંદ્રહાસનો જન્મ થયો. સુધાર્મિકના નગર ઉપર વૈરી રાજાઓ ચઢી આવ્યા. એમની સામેના યુદ્ધમાં રાજા ખપી ગયો. પરલોકવાસી પતિનું રાણીએ અનુગમન કર્યું. બાલકુમાર ચંદ્રહાસને શત્રુના હાથે ઝડપાતો બચાવી–છુપાવી એક વફાદાર ધાત્રી કુંતલપુર નાસી જવા પામી. એણે દળવાખાંડવાની મજુરી કરી બે પેટ ભરવા માંડયાં. રાજપુત્રને ડાબે પગે એક વધારાની છઠ્ઠી આંગળી હતી. રૂપાળા રાજકુમારથી સહસા આકર્ષાતાં નગરબાલકો અને સ્ત્રીઓ એનું પ્રેમથી પોષણ કરતાં.

રમતીઆળ રાજકુમાર મુખમાં શાલગ્રામની મૂર્તિ રાખતો. એને લકટી કરી બીજા બાલકો સાથે રમતો ને એની ભક્તિમાં કાળાન્તે પણ એનો વિજોગ સહન કરી શકતો નથી.

રમતો રમતો એક દહાડો એ ત્યાંના ધૃષ્ટબુદ્ધિ પ્રધાનને ઘેર જઈ ચઢ્યો. ત્યાં બ્રાહ્મણભોજનનો પ્રસંગ હતો. ચંદ્રહાસનાં સામુદ્રિક લક્ષણોથી આકર્ષાઇ નીરાંતે જમતા ભૂદેવો એકીટશે એના સામું જોઇ રહ્યા. આ તેજોદ્વેષી પ્રધાનને ન રૂચ્યું. રખડતા ભીખારી જેવા બાલકની અપાર નિંદા કરતા પ્રધાનને એક બટકબોલા બ્રાહ્મણે ચોકખું પરખાવ્યું: " દેવ ! આ બાળક મનોહર અને સર્વ લક્ષણો વડે ચિન્હિત શરીરવાળો છે. એ અવશ્ય રાજ્યકર્તા થશે એમ જણાય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. ધૃષ્ટબુદ્ધિ ! તું એની નિંદા ન કરતાં એનું પાલન કર; કારણ કે આગળ ઉપર એ તારી જ સંપત્તિનો પણ પાલનહાર થવાનો."

પ્રધાનનો ક્રોધ માયો નહીં. ભવિષ્યવાણીને વૃથા કરવા એણે મનથી નિશ્ચય કર્યો. ચંદ્રહાસનું કાસળ કાઢવા એણે મારાઓ સાધ્યા. દૂઝતી ભેંસોના લોભી મારાઓ ચંદ્રહાસને સમજાવી પટાવી જંગલમાં ખેંચી ગયા. રાજકુમારે મરણમુખમાં નિર્દોષતાથી મ્હોંમાંના દેવની સ્તુતિ કરી. મારાઓને દયા છૂટી. છઠ્ઠી આંગળી કાપી લઈ તેઓ પાછા વળ્યા; ને પ્રધાનનું તેથી સમાધાન થયું.

અહીં લોહીચૂતો ચંદ્રહાસ જંગલમાં એકલો પડી રહ્યો છે. દૈવકૃપાએ એકલીએ એનું હરિણો અને પક્ષીઓ મારફત રક્ષણ કર્યું.[૧] એટલામાં ત્યાં કુલિંદ દેશનો અપુત્ર રાજા આવી ચઢ્યો. દૈવે દીધેલા પુત્રને કુલિંદરાજે અને એની રાણી મેધાવિનીએ પોતાનો કરી લીધો. એમની રાજ્યધાની ચંદનાવતીમાં આમ ચંદ્રહાસ અણધાર્યો યુવરાજ બની રહ્યો.

ચંદ્રહાસના પુરુષાર્થો છુપા ન રહ્યા. એણે ધર્મપિતાના ન્હાના માંડલિક રાજ્યનો અખુટ ધન દેશોથી વિસ્તાર કર્યો. કુંતલપુરના ખંડિયા રાજાનો આ એકદમ પ્રકાશમાં આવેલો પુત્ર કોણ છે તે તપાસ કરવા ધૃષ્ટબુદ્ધિ કુલિંદદેશમાં ખાસ આવ્યો. ચંદ્રહાસનાં દર્શને

---

૧ જુઓ ચંદ્રહાસની સેવા કરતી હરિણાંગનાઓનું આલંકારિક વર્ણનઃ—

ता हरिण्यः समागम्य लिलिहुश्चरणं शनैः ।
अस्मत्पतिः स्वभर्तारं विहाय वनगह्वरम् ॥ ५
प्रविष्टः कामुकोऽस्माकं तस्मात्तेन विवर्जितः ।
मुखरूपेण चंद्रोऽयं स्रवदश्रुलवः स्फुटम् ॥ ६
वाहनेन विना स्वामी नभसः स्खलितो भुवि ।
प्रसादयन्त्य इव ता लिलिहुर्विजने वने ॥ ७

(જૈમિની: અશ્વમેધ, અ. ૫૧)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ એના હૈયામાં દ્વેષની હોળી સળગાવી. શા માટે હજીએ એને જીવતો રાખવો? મારા મદન અને અમલ બે પુત્રોની સંપત્તિ આ વાપરે? ભવિષ્યવાણીને વેડફી નાખું ત્યારે જ હું ખરો.

ખાનગી પત્ર લખી આપી ચંદ્રહાસને કુંતલનગર મદનકુમાર પાસે ધૃષ્ટબુદ્ધિ મોકલી આપે છે. નગરમાં પેસતા અગાઉ બહાર સરોવર ઉપરના બાગમાં ચંદ્રહાસ ઊંઘી જરા આરામ લે છે. ત્યાં રાજકુમારી ચંપકમાલિની અને બીજી કન્યાઓ સાથે પ્રધાનકુમારી વિષયા આવે છે ને ઉંઘતા કુમારના અદ્દભુત સૌંદર્ય અને આકૃતિથી આકર્ષાય છે. સખીઓની નજર ચૂકાવી એકલી થઈ એ કુમાર પાસે જાય છે ને પિતાના હસ્તાક્ષરનો બીડેલો કાગળ ધીમેથી ખેંચી લઈ વાંચી વિસ્મય પામે છે. આવા મારે યોગ્ય દૈવે પાઠવેલા લાયક પતિ માટે પિતાજી કેમ જ લખે કે:—

" विषमस्मै प्रदातव्यं त्वया मदन सर्वथा " ?

શા માટે એ એમ ન હોવું જોઈએ કે:—

" विषयास्मै प्रदातव्या त्वया मदन सर्वथा ? "

વિષયા કુમારીએ આંબાનો રસ લઈને કનીષ્ઠિકાના તીક્ષ્ણ નખ વડે ઈષ્ટ ફેરફાર કરી નાખ્યો. પત્ર હતો તેમ મૂકી દઈ તે મહેલે પહોંચી ગઈ.

ચંદ્રહાસના પાઠવેલા પત્ર ઉપરથી મદનકુમારે પોતાની પત્ની તારકાક્ષી સાથે સજોડે બેસી એકાએક ઘડીયાં લગ્ન લઈ બહેનનું કન્યાદાન દઈ દીધું. પ્રધાનને ઘેર લગ્નોત્સવનો રંગરાગ મચી રહ્યો છે. ધૃષ્ટબુદ્ધિની અધીરતા એટલામાં એને અહીં પાછો લાવે છે. એ ચમક્યો. શા માટે હજી દીકરીને પણ વિધવા ન કરવી? કોઈ પણ ઉપાયે ભવિષ્યકથન તો કથળવું જ જોઈએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીજી પાસા રાજપુરોહિત અને અપુત્ર વૃદ્ધ કુંતલપુરનરેશના એકમતથી રાજકુમારી ચંપકમાલિનીનાં લગ્ન પણ ચંદ્રહાસ સાથે થઈ જાય છે. એવી રીતે કે ધૃષ્ટબુદ્ધિએ દેવીમંદિર તરફ ચંદ્રહાસને જવાની આજ્ઞા કરી ત્યાં મારાઓ તૈયાર રાખ્યા હતા. મદનકુમારે રસ્તામાંથી ચંદ્રહાસનો થાળ લઈ લીધો ને કહ્યું; હું પોતે જ દેવીપૂજન કરવા જઈશ ને તમે રાજગૃહમાં સીધા એકદમ જાઓ. રાજાજી તમારી કાગને ડોળે વાટ જુએ છે. મારાઓએ મદનને મારી નાખ્યો.

રાજમહેલની બીજી ધામધૂમે પ્રધાનને ચોંકાવ્યો. પરણી ચૂકેલો ચંદ્રહાસ આવી પ્રધાનને પગે પડે છે. "દેવીમંદિર નથી ગયા ?" "મારા બદલે મદનકુમારે એ પૂજન માથે લીધું ને તે ગયા." પ્રધાનનું હૈયું હાથ ન રહ્યું. એ દોડ્યો. દેવીમંદિરે ગયો. પોતાનો પુત્ર ત્યાં શબ થઈ પડેલો છે. હાથનાં કર્યાં હૈયે વાગવાથી પ્રધાને પણ આપઘાત કર્યો.

અંતે બધો ઇતિહાસ જાણતાં ભક્ત ચંદ્રહાસ દેવીની સ્તુતિ કરતાં પોતે મરવા તૈયાર થાય છે. દેવીએ એને પ્રત્યક્ષ થઇ વાર્યો અને એના સસરાસાળાને સજીવન કર્યા. દૈવે સઘળે શાંતિ કરી.

ચંદ્રહાસ આમ કુંતલપુરપતિ થયો.[૧]

જૈમિનીના અશ્વમેધે નોંધેલી આ કથા હવે આપણે જરા ઊંડા ઊતરી જોઇ લઇએ. કથાની ઉત્પત્તિ અને એનાં અત્યાર સુધીમાં થયેલાં રૂપાંતરોને આપણે સરખાવીએ. કથામાં ઉપર ઉપર તરતું વિષ્ણુભક્તિનું તત્ત્વ આપણી આગળ ખડું થાય છે. શાલગ્રામની મૂર્તિને મ્હોંમાં રાખવાના બાલોચિત ઉચ્છિષ્ટ કાર્યનો ગંભીર હેતુ શો

૧ ચંદ્રહાસની વીગતવાર સંપૂર્ણ કથા માટે, એમાં વર્ણવેલ ભક્તિના માહાત્મ્ય માટે, તેમજ ઈ. સ. ના પાંચમા સૈકાની એ સાહિત્યકૃતિનાં આલંકારિક શૈલી અને દેશકાલ માટે જુઓ **જૈમિનીકૃત મહાભારતઃ અશ્વમેધઃ** અધ્યાય ૫૦ થી ૫૯.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોઈ શકે ? એથી તો માત્ર નામકીર્તનાત્મક ભક્તિનું માહાત્મ્ય કિંવા સામર્થ્ય જ સૂચવાય છે. શાલગ્રામ મ્હોંમાં રાખવા એટલે શાલગ્રામનું નામ જપવું.

કથાનાં પાત્રોનાં નિરૂપણ જોઈએ. એમનાં નામોમાં જ નિગૂઢ મહારૂપક સ્ફુરે છે કેઃ—

સુધાર્મિકની ભૂમિકામાં ધર્મ:
ચંદ્રહાસની ભૂમિકામાં ભક્તિયોગ:
મેધાવિનીની ભૂમિકામાં મેધા:
વિષયા (सं. विशदा)ની ભૂમિકામાં શુચિતા:
ધૃષ્ટબુદ્ધિ (दुष्टबुद्धि)ની ભૂમિકામાં દ્રોહ:
મદન (काम)ની ભૂમિકામાં ભગવદિચ્છા, ઈશ્વરી સંકેત:
"यतो धर्मस्ततो जयः" એ સૂત્રનું પ્રતિપાદન:
પ્રવૃત્તિક્ષેત્ર કેરલ, કુંતલ અને કુલિંદ (ચંદનાવતી).

જૈમિનીય અશ્વમેધ રચાતાં રચના પૂર્વે મહારૂપક ભૂલાય છે. મૌલિક અધ્યારોપમાં બંધ ન બેસતાં તેમાં ઉપપાત્રોનાં ઉમેરણો થાય છે. ચંપકમાલિની, તારકાક્ષી, અમલ, દ્વારપાલ વિવેક, સેવકો ક્રોધ અને લોભ, મકરધ્વજ (વિષયાપુત્ર) અને પદ્મમાક્ષ (ચંપકમાલિનીપુત્ર) વગેરે વગેરે એનાં ઉદાહરણો છે.

આ પછી ઈસવી બારમા શતકમાં નોંધાયલી કથાના નવીન રૂપાંતરને ઉકેલીએ. એની નવીન પાત્રસૃષ્ટિને જૈમિનીની પાત્રસૃષ્ટિ સાથે સરખાવીશું તો માલમ પડશે કે:—

ચંદ્રહાસ તે પૂર્વ જન્મે સુનંદ, ઉત્તર જન્મે દામન્નગ (જૈન જીવદયાનું મૂર્તરૂપ दयमानक) છે.

ધૃષ્ટબુદ્ધિ તે સાગરપોત (બૂડનાર અને બૂડાવનાર વહાણ):
કુલિંદરાજ તે દામન્નગનું રક્ષણ કરનારો ઠક્કીનો રખવાળ:

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિષયા તે વિષા:

મદન તે સાગરપોતનો પુત્ર સમુદ્રદત્ત (કુળમાં રત્નરૂપ) અને

પ્રવૃત્તિક્ષેત્ર: રાજપુરી, પૂર્વજન્મે; મહાવીરનું વિહારક્ષેત્ર રાજગૃહ, ઉત્તરજન્મે.

આ અહિંસાકથાના રૂપાંતરનો સારાંશ દીવાન બહાદુર નીચે મુજબ આપે છે:

"રાજપુર નામે નગરમાં સુનંદ નામે જૈનેતર ગૃહસ્થ રહેતો હતો. તેનો જિનદાસ નામે એક મિત્ર હતો. એની સોબતમાં સુનંદ એકવાર જૈન અપાસરે જઈ ચડ્યો. ત્યાં સાધુને મુખે જીવદયાની દેશના સાંભળી તેણે માંસાહાર કદી પણ ન કરવાની પ્રતિજ્ઞા લીધી. ત્યારબાદ કેટલેક વર્ષે દૂકાળ પડ્યો અને અન્ન જડતૂં બંધ પડ્યૂં. એ આપત્તિના સમયે સુનંદને એના સાળા નદીમાં માછલાં પકડવા લેઈ ગયા. જાળમાં ઝલાયલાં માછલાંને તરફડતાં જોઈ સુનંદને દયા આવી, અને તેણે તેમને છોડી મૂક્યાં. ત્રણ દહાડા સાળાઓ એને માછલાં પકડવા તાણ કરી લેઈ ગયા અને ત્રણે દહાડે એણે જાળમાં આવેલાં માછલાં દયા ખાઈ છોડી મૂક્યાં. પછી અનશન કરી તેણે દેહ છોડ્યો.

જીવદયાના પુણ્યના પ્રભાવે બીજા જન્મે સુનંદ રાજગૃહ નગરમાં એક ધનાઢ્ય ગૃહસ્થને ઘેર અવતર્યો. એનૂં નામ દામન્નગ પાડવામાં આવ્યૂં. એ આઠ વર્ષનો થયો ત્યારે તેના ઘરમાં મહામારીનો ઉપદ્રવ થઈ આવ્યો. તેનો ચેપ નગરમાં ફેલાય નહિ, એટલા માટે રોગવાળા ઘરની આસપાસ રાજાએ કાંટાની વાડ કરાવી. પૂર્વભવના પુણ્યયોગે દામન્નગ એકલો મરકીના સપાટામાંથી ઊગર્યો. મૃતમાંસ ખાવા પેઠેલાં કૂતરાંએ કાંટાની વાડમાં છીંડૂં પાડ્યૂં હતૂં, તે વાટે દામન્નગ અન્નની શોધમાં બ્હાર નીકળ્યો. ફરતો ફરતો તે સાગરપોત નામે એક વણિકને બારણે જઇ ચડ્યો. તેવામાં બે જૈન સાધુ ત્યાં થઇને જતા હતા, તેમાંના એકે દામન્નગને જોઈ બીજા પ્રત્યે કહ્યું કે આ બાળક ભવિષ્યમાં આ ઘરનો માલિક થશે. તે સાંભળીને સાગરપોતના પેટમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ફાળ પડી. તેણે મન સાથે કહ્યું:–અરે ! મારો પુત્ર સમુદ્રદત્ત નહિ, ને આ રઝળતો ભીખારી શું મારું ઘર ભોગવશે ? એમ બને જ નહિ. હું એનો ઘાટ જ ઘડી નાખું. આવા ક્રૂર નિશ્ચયથી ચાંડાળને હાથે દામન્નગને મારી નંખાવવાનો તેણે બેત રચ્યો. પરંતુ છેલ્લી ઘડીએ મારાના મનમાં દયા વસ્યાથી તેણે એની ટચલી આંગળીનો કટકો કરી લેઈ જવા દીધો અને કાપેલી આંગળી નિશાની દાખલ સાગરપોતને બતાવી તેને સંતોષ ઉપજાવ્યો.

મોતના મ્હોંમાંથી બચેલો દામન્નગ જંગલમાં ભમતો હતો. તેને ગોવાળે જોયો. એના પર વ્હાલ ઊપજવાથી ગોવાળ એને પોતાને ઘેર લેઇ ગયો, અને પેટે પુત્ર ન હોવાથી એને દીકરો કરીને રાખ્યો. એ ગોવાળ સાગરપોતની ગાયોની ઠઠ્ઠીનો રખવાળ હતો. એ ગાયોની ખબર લેવા કેટલેક સમયે સાગરપોત ઠઠ્ઠીએ આવ્યો. ત્યાં ખંડિત આંગળીવાળા દામન્નગને જોતાં જ તેના મનમાં ફાળ પડી. તેણે ગોવાળને પૂછ્યું કે આ છોકરો કોણ છે ? તેણે જવાબ દીધો કે મારે પેટ પુત્ર ન હોવાથી આ અનાથ છોકરો વનમાં રખડતો હતો તેને મેં દીકરો કરી રાખ્યો છે. સાગરપોતની ખાતરી થઈ કે એ તો પેલો રઝળતો ભીખારી જ; એનો આ વખતે તો જાતે જ ઘાટ ઘડું. તરત જ બેઠો હતો ત્યાંથી ઊભો થઈ તેણે ચાલવા માંડ્યું. ગોવાળે હાથ જોડી માલિકને કહ્યું કે ધણને જોયા વગર આવ્યા તેવા જ પાછા કેમ જાઓ છો ? શેઠે જવાબ દીધો:–મને એકાએક કંઈ ઘણી જરૂરનું કામ સાંભરી આવ્યું, તેથી જાઉં છું. ગોવાળે બોલવું જારી રાખ્યું:–જો ચિઠ્ઠીથી થાય એવું હોય તો આલો ચિઠ્ઠી આ મારા દીકરાને, એ જશે. શેઠને તો એ જ જોઈતું હતું. તેણે પોતાના પુત્ર સમુદ્રદત્તને લખ્યું કે આ ચિઠ્ઠી લાવનારને તત્કાળ વિષ દેજે, વિચાર કરવા રહીશ નહિ; અને ચિઠ્ઠી જાપતાથી બીડી દામન્નગને આપી.

માર્ગમાં વીસામો ખાવા ન રહી દામન્નગ વ્હેલો વ્હેલો રાજગૃહ પહોચ્યો. તે થાકીને લોથ થઈ ગયો હતો, તેથી કામદેવના દેવળમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક પડખે જરા આડો થયો. ત્યાં તેને સૂતાં વાંત જ ઊંઘ આવી ગઈ. એટલામાં સાગરપોતની પુત્રી વિષા ત્યાં પૂજા કરવા આવી. સ્વદેહે પધારેલા કામદેવ સરખા રૂપાળા બેપિયાને તે નખશિખ નિહાળતી હતી. તેવે પેલી ચિઠ્ઠી તેણે જોઈ. પિતાના અક્ષર ઓળખી કૌતુકમયી વિષાએ ચિઠ્ઠી લેઈ વાંચી અને ચમકી. બાપા કાનો ભૂલી ગયા છે એમ માની આંખના અંજનથી કાનો વધારી ચિઠ્ઠી પૂર્વવત્ રાખી પોતે પૂજા કરી ઘેર ગઈ. થોડી વારે દામન્નગ જાગ્યો અને સાગરપોતને ઘેર જઈ શેઠના પુત્ર સમુદ્રદત્તને ચિઠ્ઠી આપી. તેણે તે વાંચતાની સાથે ઘડિયાં લગન લીધાં અને વિષાબહેન દામન્નગને પરણાવી. સાગરપોત ઘેર આવ્યો ત્યારે આ બનાવથી બળીને ખાખ થઈ ગયો. પુત્રીનો રંડાપો વ્હોરીને પણ દામન્નગને મારી નાખવાનો ઘાટ ગોઠવી તેણે રાત્રિના અંધકારમાં પૂજાના મિષથી વરવહુને નગર-દેવીના મંદિરે મોકલ્યાં. વાટમાં હાટે બેઠેલા સમુદ્રદત્તે તેમને કહ્યું કે તમે બંને અહીં બેસો હૂં તમારી વતી દેવીનૂં પૂજન કરવા જાઊં છૂં. એમ કહી પોતે પૂજાપો લેઈ દેવળે ગયો, ત્યાં સાગરપોતે મોકલેલા મારાએ એને દામન્નગ ધારી પૂરો કરી દીધો. એ સમાચાર સાગર-પોતના જાણવામાં આવતાં જ તેનૂં હઈયૂં ફાટયૂં અને જીવ જતો રહ્યો. એ રીતે પૂર્વભવમાં બતાવેલી જીવદયાના પુણ્યના પ્રતાપે દામન્નગ ત્રણ ત્રણ વાર મૃત્યુના મુખમાંથી બચ્યો; અને સાધુએ ભવિષ્ય વર્ત્યા પ્રમાણે સાગરપોતના ઘરનો અને સાથે તેની માલમિલકતનો પણ માલિક થયો. પાછલા જનમમાં એક માછલાને જાળમાંથી કાઢતાં તેને એનાથી અજાણતાં ઇજા થઈ હતી તે કારણથી ટચલી આંગળી કપાયાનૂં દુઃખ એને વેઠવૂં પડયૂં તે માફ."

(સોમપ્રભ આચાર્ય : कुमारपालप्रतिबोध : પૃષ્ઠ ૨૮–૩૩)

જૈન કથાનાં પાત્રોની સમીક્ષા કરી એમાંથી મૌલિક કથા તારવીએ. માબાપ વગરનો એક રખડતો જુવાનીઓ ઠઠ્ઠીના રખવાળના ઝુંપડામાં આશ્રય મેળવે છે, માલિક શેઠ પોતાની મુલાકાતે આવે છે. ઠઠ્ઠી માટે નવો સાંઢ (સં. वृषः, પ્રા. विस) લેવા માટે જુવાનને મોકલે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. શેઠાણી તેને પોતાની દીકરી (સં. विश् स्त्री, प्रा. विसा) દે છે. આ સંબંધથી લાજી મરી શેઠ આપઘાત કરે છે, શેઠાણી અનુગમન કરે છે. દૈવ બળવાન તે રખડતો જુવાન તેમની સમૃદ્ધિનો ધણી થાય છે.

કથાની ભાષાવાર સમીક્ષા કરતાં જણાય છે કે ' विषं देहि 'ને બદલે ' विषयां देहि ' (અશ્વમેધ)ને ' विषं देहि ' ને બદલે ' विषां देहि ' (કુમારપાલપ્રતિબોધ) એમ સંસ્કૃતમાં ફેરફાર કરવામાં આવેલો છે ત્યારે પ્રાકૃતમાં ' विसं देहि ' (મૌલિક કથા) એમ છે.

આમ પ્રાકૃત સ્વરૂપ ન સમજાયાથી દ્રોહમૂલક નવી ઘટના કરવામાં આવી છે. આ દ્રોહ જમાઇના ખૂનનું પ્રેરક તત્ત્વ બને એવાં સબળ કારણોનો અભાવ છે.

આમ દૈવકથાની ઉત્પત્તિ પ્રાકૃતકાલમાં છે. પછી મહારૂપકની રચનાનો સમય છે. ત્યારપછી ઈસવી પાંચમાના અરસામાં ભક્તિકથા આલેખાય (જુઓ × જૈમિનીય અશ્વમેધની કથામાં) છે. कातंत्र કિંવા कुमारव्याकरणના આદિ સૂત્ર ' सिद्धो वर्णसमाम्नायः 'નો ઉલ્લેખ) અને છેવટે ઇ. સ. બારમા શતકમાં અહિંસા કથાનાં આપણને દર્શન થાય છે.

સંપાદકઃ **શંકરપ્રસાદ છગનલાલ રાવળ**

(પુ. ૭૭મું, સપ્ટેમ્બર, ૧૯૩૦)

× જૈમિનિનીએ ચંદ્રહાસની કથામાં ' શાલગ્રામ ' ભક્તિનો બોધ કર્યો છે. આ શબ્દની વ્યુત્પત્તિ પણ જોવા જેવી છે. એના ઉલ્લેખ માટે નીચેના શ્લોક જુઓ:

शालग्रामशिलां रम्यां तां मुखे सोऽर्भकोऽक्षिपत् ।
संक्रीडयमानः शिशुभिर्यष्टिपाषाणगोलकैः ॥

(જૈમિનીય અશ્વમેધ : અ. ૫૦)

तुलसीपत्रविच्छेदं शालग्रामं करोति यः ।
तस्य जन्मान्तरे कान्ते स्त्रीविश्लेषो भविष्यति ॥

(બ્રહ્મવૈવર્તપુરાણ : પ્રકૃતિખંડ : અ. ૧૬)

વળી શાલગ્રામના વૈજ્ઞાનિક દૃષ્ટિએ વિવેચન માટે જુઓ રા. પોપટલાલ શાહનો લેખ : ગુજરાત ત્રૈમાસિક, પૃ. ૧૫ : અ. ૪, વિ. સં. ૧૯૮૬.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩. ગ્રંથાવલોકન

*ગુજરાતી નવલકથાનું સાહિત્ય

" Not unfrequently, the term 'criticism' is applied to a process which has scarcely any rule or principle, a process which consists simply in raising manifold objections from any point of view that may suggest itself to the story or doctrine criticised.........But it is not a scientific process. It has no definite standard of judgment which it consistently applies. Hence its use is to prepare for a better method and if it does not make way for such a method, it soon passes into a sophistry which can prove or disprove anything, just because it has no principle to which it steadfastly adheres. It is a criticism without a criterion, and in the end it throws light upon nothing except perhaps upon the mind of the critic. Even upon this it throws light only in so far as it enables us to penetrate to the unconscious presuppositions on which his judgments are based."

" *E. Caird.* "

ગુજરાતી સાહિત્યમાં વિવેચકના નામને યોગ્ય તો અદ્યાપિ પર્યંત એ જ સાક્ષરો થયા છે, એક નવલરામ તથા બીજા રમણભાઈ. પરંતુ

---

* લેખકઃ મણિભાઇ નારણજી તંત્રી, બી. એ. કિંમત રૂા. બે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ બંને વિવેચકોને એડવર્ડ ડેર્ડના ઉપર લખેલા શબ્દો ઘણે અંશે લાગુ પડે છે. વિવેચનનું એક શાસ્ત્ર હોઈ શકે એવી પ્રતીતિ ગુજરાતી સાહિત્યમાં હજુ સુધી તો થઈ નથી. ગુજરાતી સાહિત્યની સ્થિતિ લક્ષમાં રાખી કયા ધોરણે વિવેચન થવું જોઈએ તે એ બન્ને સાક્ષરોએ સબળ રીતે દર્શાવેલું છે. પરંતુ જે સિદ્ધાન્તને અનુસરી વિવેચન થવું જોઈએ તે સિદ્ધાંતો તેમણે પ્રતિપાદન કર્યા નથી. જે સિદ્ધાંતોને અનુસરી તેમણે વિવેચન કર્યાં છે તે સિદ્ધાંતોની સત્યાસત્યતાના નિર્ણય ઉપર લક્ષ નહીં આપવાના પરિણામે, એ બન્ને વિવેચકો ઉદ્દામ સામાજિક સુધારક હોઈ, તેમનું વિશિષ્ટ વ્યક્તિત્વ જાણ્યે કે અજાણ્યે તેમનાં વિવેચનોમાં પ્રવેશ પામ્યું છે. પોતાના તરુણ મિત્ર શેઠ વલ્લભદાસ પોપટને નવલરામે જાહેર રીતે કવિપદ આપ્યું, તથા જે 'હૃદયવીણા'માં સાક્ષર શ્રી. મણિલાલને કંઈ પણ પ્રશંસાયોગ્ય જડી આવ્યું નહીં, તેમાં રમણભાઈએ અલૌકિક ઉત્તમતા જોઈ, એ બે પ્રસંગો તટસ્થ વાંચકને ગુજરાતી સાહિત્યના વિવેચન-વિભાગ સંબંધી નિરાશા ઉત્પન્ન કરાવે તેવા છે, અને તટસ્થતા જે વિવેચકનો એક પ્રધાન તથા આવશ્યક ગુણ છે તેની વિસ્મૃતિ થઈ હોય તેમ જણાય છે. વસ્તુસ્થિતિ આવી છતાં તે બે વિદ્વાન વિવેચકોએ ગુજરાતી સાહિત્યના વિવેચનક્ષેત્રમાં જે સેવા બજાવી છે તે વીસારી શકાય તેમ નથી. અને જોકે તેમણે વિવેચનશાસ્ત્રના શુદ્ધ સ્વરૂપની પ્રતીતિ કરાવી નથી તોપણ તેવા સ્વરૂપને માટે ભવિષ્યના વિવેચકને રસ્તો સીધો તથા સરળ કરી આપ્યો છે.

ગુણ તથા દોષના નિરીક્ષણમાં જ વિવેચકના ધર્મની પર્યાપ્તિ થતી નથી. ગુણ તથા દોષનું નિરીક્ષણ એ વિવેચનનું એક આવશ્યક તોપણ બહુધા ગૌણ અંગ છે. વિવેચકના ધર્મ બે પ્રકારના છે. એક બાજુએ લેખક પ્રત્યેની ફરજ તથા બીજી બાજુએ વાંચક પ્રત્યેની ફરજ, એવી બે બાહ્ય દેખાવે વિરોધી તો પણ વસ્તુતઃ અને અંતે એક જ ફરજ વિવેચકને પરિપૂર્ણ કરવાની હોય છે. વિવેચકના લેખક પ્રત્યેના ધર્મ પ્રથમ દૃષ્ટિએ દેખાય છે તેટલા સરળ નથી. લેખમાંના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દોષો તરફ લેખકની દૃષ્ટિને દોરવી, તથા ગુણ માટે અભિનંદન આપવું, એટલામાં જ વિવેચક પોતાના ધર્મ પરિપૂર્ણ થાય છે એમ માનતો હોય તો તે તેની મોટી ભૂલ છે. દરેક લેખકમાં પોતાનું વ્યક્તિત્વ તો હોય છે પરંતુ ઉચ્ચ પ્રતિભાવાળા લેખકો દરેક સાહિત્યમાં થોડા જ હોય છે. અને જે લેખકોમાં ઉચ્ચ પ્રતિભાશક્તિ ના હોય તેઓને માટે તો સાહિત્યના ક્રમશઃ વિકાસમાંથી ઉપજાવી કાઢેલાં સનાતન સત્ય રજુ કરવાં, અને એ સત્યોના પાયા ઉપર જ તેમની લેખન-શક્તિ ઈમારત બાંધે તથા એ સત્યોની કસોટી ઉપર જ તેમને આખરે તરવાનું છે એવું ભાન થાય એમ કરવાનો વિવેચકનો ધર્મ છે. આવો ધર્મ ગુજરાતી સાહિત્યમાં કોઈ પણ વિવેચકના લક્ષમાં આવ્યો હોય એમ જણાતું નથી, અને એ ધર્મ ગુજરાતી સાહિત્યના એક ભાગમાં રા. તંત્રીએ કંઈક અંશે પરિપૂર્ણ કરવાનો પ્રયત્ન કર્યો છે ત્હેને માટે એ યુવાન લેખકને અભિનંદન ઘટે છે. આ ઉપરથી એમ સમજવાનું નથી કે રા. રમણભાઈ તથા નવલરામ આવા ધર્મથી તદ્દન અજ્ઞાત હતા, પરંતુ જ્યારે જ્યારે એ સમર્થ લેખકોએ આ ધર્મમાં ચંચુપાત કર્યો છે ત્યારે વાંચકને એવો ધર્મ હોય તેવું ભાન કરાવવાને તેમના લેખ શક્તિમાન થયા નથી. પ્રસ્તાવનામાં જ રા. તંત્રી લખે છે તેમ “ સાહિત્યનો ઈતિહાસ લખવાની જરૂર છે અને તેમાં નવલકથાનાં વૃદ્ધિ અને ઉપયોગ એટલાં બધાં વધી ગયાં છે કે તેનું અવલોકન નિરુપયોગી ગણાશે એમ હું ધારતો નથી.” અને એ અવલોકન નવલકથાઓના ગુણદોષની ગણનામાં જ લેખકે સમાપ્ત કર્યું નથી; પરંતુ અવલોકનનો ઉપર દર્શાવેલો વિશાળ અર્થ લઈ અન્યસાપેક્ષક ધોરણે નવલકથાનું સ્વરૂપ, તેના વિભાગો તથા અંશો સમજાવવાનો પ્રયત્ન થયેલો છે. તેટલા માટે લેખક પ્રત્યેની વિવેચકની પરિપૂર્ણ ફરજ તો રા. તંત્રીએ ગુજરાતી સાહિત્યમાં પ્રથમ જ બજાવી છે.

વિવેચકના વાંચક પ્રત્યેના ધર્મ તો સ્પષ્ટ છે; પરંતુ એટલું તો અત્રે કહેવું પ્રાપ્ત થાય છે કે, કોઈ પણ લેખના ગુણદોષની ગણના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માત્ર વાંચકના મન ઉપર સબળ છાપ પાડી શકતી નથી. અને બોધનું પ્રેક્ષણ મંતવ્ય હોવું જોઈએ એ નવલકથા તથા નાટકોનો ધર્મ છે તેનું કેટલેક અંશે પાલન વિવેચનમાં પણ થવું જોઈએ. વિવેચન-ક્ષેત્રમાં એ ધર્મનું પાલન ફક્ત એક જ રીતે શક્ય છે. વિવેચકે વિવેચન કરતાં પહેલાં શુદ્ધ લેખના સિદ્ધાંતો તારવી કાઢવા જોઈએ કે જેથી વિવેચક ગુણદોષની ગણના કરવા માંડે ત્યાર પહેલાં જ વાંચક તેની અપેક્ષા રાખી પોતાની મેળે જ અજ્ઞાત રીતે એ ગુણદોષને જોઈ શકે. આમ કરવાથી વિવેચક પોતાના જ્ઞાનનો આડંબર કરતો નથી, પરંતુ પોતાનો ધર્મ બજાવે છે, એવું ભાન વાંચકને થાય છે અને એ ભાનથી વિવેચકનો હેતુ વધારે સબળ રીતે ફળીભૂત થાય છે. આવી રીતે વિવેચકની વાંચક તથા લેખક પ્રત્યેની ફરજ એક જ સબળ પાયા ઉપર અવલંબે છે, અને એ ફરજ જે પાયા ઉપર અવલંબે છે તે રા. તંત્રી જોઈ શક્યા છે તથા તેનું પાલન કરવાનો યથાશક્તિ પ્રયાસ કર્યો છે એ ઉપર દર્શાવેલું જ છે,

આરંભમાં આટલું વિવેચન કર્યા પછી રા. તંત્રીના પુસ્તકના ગુણદોષનું નિરીક્ષણ તથા તેમાં ચર્ચેલા સિદ્ધાંતોની સત્યાસત્યતા તરફ લક્ષ આપીએ. પ્રથમ જ સાહિત્યનું લક્ષણ આપવામાં આવેલું છે, અને જો કે આ લક્ષણ સર્વમાન્ય થાય તેમ નથી તોપણ સાહિત્યના ક્ષેત્રની હદની અનિશ્ચિતતા લક્ષમાં રાખીએ તો ગુજરાતમાં સાધારણ વાંચક વર્ગ કે જે સાહિત્યનો ઘણો જ સંકુચિત અર્થ કરે છે, તેમને માટે આ લક્ષણ સાહિત્યના ક્ષેત્રની વિશાળતાનું ભાન કરાવવાને બસ છે. સાહિત્યના લક્ષણને અંગે સાહિત્યના સામર્થ્યનું વિવેચન કરવામાં આવેલું છે, અને તેને અંગે જે જ્વલંત દૃષ્ટાંતો આપવામાં આવેલાં છે, તે ઘણાં જ સંક્ષિપ્ત છે, અને વિષયની નૂતનતાને પૂરેપૂરો ન્યાય આપવાને બસ નથી. ખરૂં જોતાં આ દોષ આખા પુસ્તકને લાગુ પડે છે, અને જો દરેક સિદ્ધાંતની ચર્ચા વધારે વિસ્તારથી કરવામાં આવી હોત તો તે ઇચ્છવા યોગ્ય હતું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્યાર પછી "આનંદ અથવા બોધ અથવા બેઉ પ્રાપ્ત થાય એવા પ્રયોજનથી રચેલી જનસ્વભાવનું વર્ણન કરનારી, અને કેવળ કલ્પિત પરંતુ વાસ્તવિકતાના આરોપણવાળી મનુષ્યની પ્રવૃત્તિનું અથવા તો કલ્પિત અને યથાતથ બેઉ પ્રકારના મિશ્રણવાળી અને વાસ્તવિકતાના આરોપણ અથવા દર્શનવાળી મનુષ્યની પ્રવૃત્તિનું જે લિખિત ચિત્ર તે નવલકથા કહેવાય" એવું નવલકથાનું લક્ષણ ત્હેનું સ્વરૂપ સમજાવવામાં આપેલું છે. આ લક્ષણ નવલકથાનો ઉદ્દેશ તથા તેના વિભાગો ધ્યાનમાં લેઈ અપાયેલું છે, અને જોકે તેમાં કંઈ પણ અવ્યાપ્તિ, અતિવ્યાપ્તિ વગેરેનો દોષ આવતો નથી તોપણ ઇંગ્રેજીમાં જેને (provisionally complete definition) એટલે કે કામચલાઉ પણ શુદ્ધ લક્ષણ કહેવામાં આવે છે તેવા જ પ્રકારનું આ લક્ષણ છે. વાસ્તવિક રીતે જોતાં તો એમ માલૂમ પડશે કે નવલકથાના વિકાસ સાથે તેનાં લક્ષણો (connotation)માં ફેરફાર થતો જાય છે, અને ઉત્તમ નવલકથાકાર આવાં લક્ષણોને ધ્યાનમાં લઈ પોતાની કૃતિઓને સંકુચિત કરતો નથી. પણ તેની કૃતિઓ ઉપરથી જ નવલકથાના શુદ્ધ સ્વરૂપની તથા લક્ષણની પ્રતીતિ થાય છે.

નવલકથાના લક્ષણ સંબંધે વિચાર કરતાં બે પ્રશ્નો સહજ ઉદ્ભવે છે. નવલકથાનો ઉદ્દેશ શો ? તથા એ ઉદ્દેશની સાફલ્યતા પરત્વે કયાં તત્ત્વો તથા સાધનોની આવશ્યકતા છે? રા. તંત્રીના મત પ્રમાણે આનંદ અથવા બોધ અથવા બેઉ આપવાં એ નવલકથાનો ઉદ્દેશ હોવો જોઈએ. પ્રથમ દૃષ્ટિએ જોતાં આ ઉદ્દેશ સત્ય લાગે છે પણ માનવજીવનમાં આનંદના તથા બોધના પ્રકારની વિવિધતા સ્પષ્ટ છે, બાળકોનો નિર્દોષ આનંદ ખીલતી જુવાનીમાં પ્રેમજન્ય આનંદ, કર્તવ્યકાર્યથી ઉપજતો આનંદ, કવિતાના વાંચન, લેખન તથા ઉપભોગથી મળતો આનંદ, સૃષ્ટિસૌંદર્યના નિરીક્ષણમાં સ્ફુરી આવતો આનંદ, ભક્તોને ભક્તિમાંથી મળતો આનંદ, એવા એવા આનંદના અનેક પ્રકાર છે. અને નવલકથાના ક્ષેત્રમાં આવા વિવિધ પ્રકારના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આનંદને સ્થાન મળવું અશક્ય છે. ખરૂં છે કે આવા આવા પ્રસંગોના તાદાત્મિક તથા સાક્ષાત્કૃત વર્ણનથી નવલકથાકાર વાંચકને આવો વિવિધ આનંદ આપવાને કંઈ અંશે શક્તિમાન થાય છે, પરંતુ નવલ-કથામાં આ સર્વ આનંદથી ભિન્ન નવલકથાનો પોતાનો વિશિષ્ટ આનંદ સમાયેલો હોય છે. નવલકથાના નિરનિરાળા તથા છૂટાછવાયા પ્રસંગોમાં, ભિન્ન ભિન્ન પ્રકારનો આનંદ અગર બોધ હોય છે–પરંતુ આ સર્વ આનંદ અથવા બોધને એકત્ર કરનાર નવલકથાના આત્મા જેવો, છૂટાછવાયાં રસઝરણાં જેવાં, પુષ્પોનો ગુંથનાર મહા હેતુ જેવો, સમગ્ર પુસ્તકમાં વ્યાપી રહેલો, નવલકથાનો વિશિષ્ટ આનંદ અગર બોધ હોય છે, અને એ બોધ તથા આનંદ નવલકથાકારની ભાવના મૂર્ત્ત રૂપમાં દૃશ્યમાન થાય છે ત્યારે તાદૃશ થાય છે. નવલકથાનાં તત્ત્વો તથા સાધનોના નિરીક્ષણથી એ બોધ અગર આનંદ વધારે સ્પષ્ટ થશે, અને તેથી નવલકથાનાં તત્ત્વો તથા સાધનોનું નિરીક્ષણ કરીએ.

દેશ, કાળ, પાત્ર તથા સંપ્રદાય, એ ચાર નવલકથાનાં સાધનો છે એમ રા. તંત્રી જણાવે છે. ત્હેની સાથે કલ્પના, જનસ્વભાવચિત્ર અને બોધક હેતુ એ નવલકથાનો અંશ છે એમ જણાવેલું છે. નવલકથાનાં સાધનો તથા અંશોનો પરસ્પર સંબંધ શો છે તે પુસ્તકમાં કોઈ સ્થળે દર્શાવેલું નથી. તેમજ એકને સાધનો શાથી કહ્યાં તથા બીજાને અંશો શાથી કહ્યા તેનાં કારણો પણ દૃષ્ટિગોચર થતાં નથી. સાક્ષાત્કારતા તથા કૌતુકમયત્વ સંબંધી પણ આવા જ પ્રકારનો કંઈક અંશે ઘોંટાળો થયેલો છે. તેમજ 'સરસ્વતીચંદ્ર'નું અવલોકન, કલ્પના, વસ્તુસંકલના અને કલાવિધાન, પાત્રતા અને બોધક હેતુ એ ચાર વિભાગોને ઉદ્દેશીને થયેલું છે અને તેથી એ ચાર નવલકથાનાં સાધનો છે એવો આભાસ થવાનો સંભવ છે. નવલ-કથાનાં સાધનો, અંશો, સાક્ષાત્કારતા, કૌતુકમયત્વ વગેરેનો પરસ્પર સંબંધ જાણવાને માટે ફક્ત એક અર્થાન્તરન્યાસ આપેલો છે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(જુઓ પાન ૪૭–૪૮) અને આખા પુસ્તકમાં ત્હેમનો અન્યોન્ય સંબંધ જાણવાને માટે માત્ર તે અર્થાન્તરન્યાસ જ એક સાધન છે. એ અર્થાન્તરન્યાસમાં નવલકથાનાં સાધનોને ડગલામાં વપરાતાં કાપડ, સોય, દોરો, વગેરે સાથે સરખાવેલાં છે ત્હેની સાથે અમારે વાંધો નથી. પરંતુ નવલકથાના અંશોને ડગલાની સફાઈ, રંગ, લાલિત્ય, વગેરે સાથે સરખાવેલાં છે. ડગલાની સફાઇ એટલે શું? ડગલાનું લાલિત્ય એટલે શું? ડગલાનો રંગ તે ડગલામાં વપરાયલા કાપડના રંગથી ભિન્ન હોય એમ જાણવામાં તો નથી. કલ્પના, જનસ્વભાવચિત્ર તથા બોધક હેતુને સફાઈ, રંગ તથા લાલિત્ય સાથે શો સંબંધ હોઇ શકે તેની અમારી મંદ બુદ્ધિને સમજ પડતી નથી. સાક્ષાત્કારતા વિષે લખવામાં આવેલું છે: "ડગલાનું કાપડ કયા પ્રકારનું છે, તે ડગલો બન્યા પછી પ્રેક્ષણ કાળે જે સ્થિતિમાં હોય તે સ્થિતિ ડગલાનું જ ભાન કરાવે વગેરે પ્રતીતિ નવલકથાનાં સાધનોની સાક્ષાત્કારતાના સ્થાને છે." આમાંથી શું સમજવું? શું એવા ડગલા પણ હોય છે કે જે પ્રેક્ષણ કાલે ડગલા સિવાય અન્યની—જેકેટની—પ્રતીતિ કરાવે? વળી કૌતુકમયત્વ સંબંધે એમ લખેલું છે: "ડગલામાં પાડેલા અનેક કાપા અને ખાંચાના લીધે પ્રેક્ષણ સમયે ઉદ્દ્ભવતો એકંદર સૌંદર્યનો ભાવ નવલકથાના અવયવોના કૌતુકમયત્વના સ્થાને છે." આમાં નવલકથાના અવયવો એટલે શું સમજવું? શું નવલકથાનાં સાધનો તથા અંશોથી ભિન્ન નવલકથાના અવયવો હોય છે, અને જો હોય તો તે કયા તે ક્યાં દર્શાવેલું છે? કૌતુકમયત્વથી સૌન્દર્ય અગર અસૌન્દર્યનો ભાવ થાય છે તે તો આજે જ જાણ્યું. જિજ્ઞાસા અને જિજ્ઞાસાની પરિપૂર્તિ એ તો કૌતુકમયત્વથી થાય છે. પરંતુ સૌન્દર્ય અથવા અસૌન્દર્યના ભાવો ઉદ્દ્ભવે છે તે તો નવીન જ જાણ્યું. ખરૂં જોતાં ઉપરનો આખો અર્થાન્તરન્યાસ અર્થહીન છે અને લેખકના મનના ગુંચવાડાભરેલા અસ્થિર અનિશ્ચયાત્મક તથા સ્તબ્ધ વિચારો આ અર્થાન્તરન્યાસમાં આવિર્ભાવ પામ્યા છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાસ્તવિક રીતે જોતાં તો નવલકથાની ઉત્પત્તિમાં બે કારણોની સહાય આવિર્ભૂત થાય છે અને તે દરેક કારણના પેટાવિભાગ પણ હોય છે. નવલકથા એ અમુક કલ્પિત અગર યથાતથ સ્થળ તથા કાળના અમુક કલ્પિત પણ વાસ્તવિકતાના આરોપણવાળા મનુષ્યોનું, તે મનુષ્યના અનુભવમાં આવતા પ્રસંગોનું તથા સંપ્રદાયોનું લિખિત ચિત્ર છે. અને જે ઉદ્દેશથી લેખક એ ચિત્ર આલેખે છે તે ઉદ્દેશ પરત્વે એ ચિત્ર વિકૃતિ પામે છે. પ્રો. સ્ટોડાર્ડ કહે છે તે પ્રમાણે, "A novel is the story of human life touched with emotion; the story of human lives under stress of emotional arousement; the story of domestic life with emotion pervading it; the story of great historical character in his day of aroused emotional activity, or the story of romantic adventures of some person in whom we are forced by the author to take an interest." નવલકથાનું આવું સ્વરૂપ લક્ષમાં લેતાં એટલું તો સિદ્ધ થાય છે કે નવલકથાને અંગે કેટલાંક સાધનો તથા તે સાધનોને ફળીભૂત કરવાની લેખકની શક્તિ એ બે કારણોની સહાય અનિવાર્ય છે.

દેશ, કાળ, પાત્ર, સંપ્રદાય, એવાં ચાર નવલકથાનાં સાધનો રા. તંત્રીએ ગણાવેલાં છે. પરંતુ નવલકથાનાં સાધનો પાંચ હોઈ શકે. દેશ, કાળ, પાત્ર, સંપ્રદાય તથા પ્રસંગ (Incidents of life). ખરૂં છે કે દેશ, કાળ તથા મનુષ્ય એ ત્રણ નવલકથાનાં સાધનો ગણ્યાં એટલે સંપ્રદાય અને પ્રસંગો આપોઆપ આ સાધનોને અંગે આવી જાય છે. કારણ કે મનુષ્ય પ્રવૃત્તિહીન હોતો નથી, અને સંપ્રદાય અને પ્રસંગ મનુષ્યની પ્રવૃત્તિનાં જ ચિહ્ન છે. પરંતુ જો સંપ્રદાયને નવલકથાનું એક સાધન ગણવામાં આવે તો પ્રસંગને પણ એક સાધન ગણવું જોઇએ. અને સંપ્રદાય તથા પ્રસંગને નવલકથાનાં સાધન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગણવાનું ખાસ કારણ તો એ છે કે અમુક કોઈ પણ મનુષ્યની સઘળી પ્રવૃત્તિ નવલકથાનાં ચિત્રમાં આલેખાવા યોગ્ય હોતી નથી. મનુષ્યની જીંદગીનાં શુષ્ક રસહીન અવિવાદગ્રસ્ત દૈનિક પ્રવૃત્તિનાં ચિત્રને નવલકથામાં સ્થાન મળી શકતું નથી. જીંદગીમાંના રસિક અગર વિવાદગ્રસ્ત પ્રસંગો અને સંપ્રદાયો તારવી કાઢી નવલકથામાં વપરાય છે, અને એ જ કારણને લીધે સંપ્રદાય તથા પ્રસંગને નવલકથાના સાધન તરીકે સ્થાન મળે છે. ખરૂં જોતાં સંપ્રદાય કરતાં પ્રસંગ એ નવલકથાનું વધારે અગત્યનું સાધન છે. નવલકથામાં રૂઢ સંપ્રદાયો ઉપર ટીકા કરવામાં ન પણ આવે, આદર્શ સંપ્રદાયોની વ્યંજના ના પણ હોય. પરંતુ પ્રસંગ વિનાની નવલકથા હોઈ શકે નહીં. અને તેથી પ્રસંગ તરફ નવલકથાના સાધન તરીકે ખાસ લક્ષ આપવું જોઇએ. આટલી મતભિન્નતા બાદ કરતાં નવલકથાનાં સાધનો વિષે રા. તંત્રીએ જે કહેલું છે ત્હેને અમે એકમત થઇએ છીએ.

સાધનો એ નવલકથાનું સમવાયીકારણ જેવું એક કારણ છે, સાધનોનો ઉપયોગ કરવાની શક્તિ એ નવલકથાનું બીજું કારણ છે અને સારી કે નરશી નવલકથા ઉત્પન્ન થવા માટે આ કારણ વધારે જવાબદાર હોય છે. નવલકથાનાં સાધનો એ કાચા માલના જેવાં, તથા છુટાં પુષ્પોના જેવાં છે. કાચા માલની ઉપયોગી વસ્તુ બનાવવામાં તથા છુટાં છુટાં પુષ્પોને ગુંથીને પુષ્પની માળા બનાવવા માટે કળાવિધાનની તથા મનુષ્યની અન્ય શક્તિઓની જરૂર પડે છે તેમ નવલકથાનાં સાધનો-માંથી નવલકથા બનાવવા માટે, કેટલીક શક્તિઓની જરૂર છે. એ શક્તિઓનું પૃથક્કરણ કરીએ તો કલ્પના, ભાવના, કલાવિધાયક શક્તિ અને સર્વાનુભવરસિકતા એવી ચાર પ્રકારની શક્તિઓની સહાય નવલ-કથાનાં સાધનોને એકત્ર કરવામાં દૃષ્ટિગોચર થાય છે. નવલકથાકારની શક્તિના આ વિભાગ રા. તંત્રીએ ગણાવેલા નવલકથાના અંશોને ઘણે ભાગે મળતા છે. ભાવના એ બોધક હેતુ છે. કલાવિધાયક,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શક્તિમાં જનસ્વભાવચિત્ર આલેખવાની શક્તિ તથા વસ્તુસંકલનાનો સમાવેશ થાય છે, અને સર્વાનુભવરસિકતાને રા. તંત્રીએ સાક્ષાત્કારતા પ્રાપ્ત કરવામાં એક સહાયભૂત યોનિ ગણી છે તેને બદલે કાવ્ય તથા નાટકોમાં ગણવામાં આવે છે તેમ લેખકની શક્તિમાં તેનો સમાવેશ કરવામાં આવેલો છે.

આ વિભાગો પૈકી ભાવના, કલાવિધાયક શક્તિ, અને સર્વાનુભવ-રસિકતા સંબંધે રા. તંત્રીએ જે વિવેચન કરેલું છે તથા અન્યત્ર રા. રમણભાઈએ કરેલાં વિવચનો એટલાં સમર્થ અને નિશ્ચયાત્મક છે કે અત્રે તે સંબંધી પુનઃ પિષ્ટપેષણ કરવાની જરૂર નથી. પરંતુ કલ્પના સંબંધી કંઇ વિવેચન કરવાનું પ્રાપ્ત થાય છે. " કલ્પના એ સર્વથા નૈસર્ગિક શક્તિ છે એ મત અસત્ય છે" એમ રા. તંત્રી જણાવે છે ત્હેની સાથે અમે એકમત થઈ શકતા નથી. "જ્ઞાન અને અનુભવની ન્યૂનતા એ જ કલ્પનાની ન્યૂનતાનું કારણ છે" એ રા. તંત્રીનું સૂત્ર પણ વિવાદગ્રસ્ત છે. એટલું તો હરકોઈ માણસ સ્વીકારશે કે કલ્પનાસૃષ્ટિ જોકે વાસ્તવિક સૃષ્ટિ ઉપર આધાર રાખે છે તોપણ વાસ્તવિક સૃષ્ટિથી કંઈક ભિન્ન જ છે. કલ્પિત સૃષ્ટિ શૂન્યતામાંથી ઉત્પન્ન થતી નથી એટલું તો નિર્વિવાદ છે પરંતુ વાસ્તવિક સૃષ્ટિમાં અને કલ્પિત સૃષ્ટિમાં જે કંઇ ભિન્નતા હોય છે તે ભિન્નતા મનુષ્યની નૈસર્ગિક શક્તિની કૃતિ ના હોય તો તે ભિન્નતા આવી ક્યાંથી? કલ્પિત ચિત્ર એ અપૂર્ણ વાસ્તવિક ચિત્ર નથી, પરંતુ વાસ્તવિક ચિત્રથી ભિન્ન પણ સર્વાંગે સંપૂર્ણ ચિત્ર છે. એ ચિત્રનાં સાધનો વાસ્તવિક સૃષ્ટિમાંથી મેળવવામાં આવે છે. પણ એ સાધનોનો ઉપયોગ કરવાની શક્તિ એ મનુષ્યની નૈસર્ગિક શક્તિ છે. અનુભવ અને જ્ઞાનની ન્યૂનતાને લીધે કલ્પિત ચિત્રોમાં વૈવિધ્ય આવી શકે નહિ, પણ તેથી કલ્પના ન્યૂન રહેવાનું કંઈ પણ કારણ નથી, અને જેમ હરકોઈ શક્તિનો સદુપયોગ હોય છે તેમ દુરુપયોગ પણ હોય છે અને હાસ્ય-જનક અને અસંભવિત કલ્પના માટે કલ્પનાશક્તિનો આવો દુરુપયોગ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ જવાબદાર છે. રા. તંત્રીએ કમલકે પત્તે રોટી બન જાય, તથા ઘડીઆળમાં માતાજીના પ્રતાપ છે વગેરે દૃષ્ટાંતો આપ્યાં છે તેમાં કદાચ તકરારની ખાતર એમ માનીએ કે જ્ઞાન તથા અનુભવની ન્યૂનતા એવી હાસ્યજનક કલ્પના માટે જવાબદાર છે. પરંતુ કલ્પના એ કેટલાક કવિઓની એક પ્રધાન શક્તિ હોય છે. વર્ડ્ઝવર્થનું The crescent moon, the star of love એ કાવ્ય લો. રા. નરસિંહરાવનું 'ચંદા'નું કાવ્ય લો. શું ચંદ્ર તથા તારાઓ જડ-સૃષ્ટિના પદાર્થો છે એમ તે કવિઓને જ્ઞાન નથી? પરંતુ ચંદ્રને રાણી કહેવામાં વર્ડ્ઝવર્થે કરેલી કલ્પના અને 'ચંદા'ની Mechanical laws પ્રમાણેની ગતિને રમતિયાળ યુવતીની નિર્દોષ રમતો બતાવવામાં રા. નરસિંહરાવે કરેલી કલ્પના—એ કલ્પનાઓ આપણે જાણીએ છીએ કે ખોટી છે તોપણ તે કવિઓમાં જ્ઞાનની ન્યૂનતા ન્હોતી, અને એ કલ્પનાનો બચાવ તેમાંથી મળતા આનંદ તથા રસને લીધે આપણે કરીએ છીએ.

નવલકથાનાં સાધનો તથા સાધનોનો ઉપયોગ કરવાની શક્તિ વિષે આટલું વિવેચન કર્યા પછી સાક્ષાત્કારતા તથા કૌતુકમયત્વનો નવલ-કથા સાથે શો સંબંધ છે તે દર્શાવવું જોઇએ, પરંતુ રા. તંત્રીએ જેમ અર્થાન્તરન્યાસનો ઉપયોગ કર્યો છે તેમ અર્થાન્તરન્યાસનો ઉપયોગ કર્યા પછી તે વિષે કંઈ વિવેચન કરીશું. ચિત્રકારનું એક ચિત્ર લઇએ તો ચિત્રમાં વપરાયેલો કેનવાસ, રંગ, પીંછી વગેરે સાધનો એ નવલ-કથાનાં સાધનો જેવાં છે. એ સાધનોનો ઉપયોગ કરી મનુષ્યનું અગર પ્રકૃતિનું ચિત્ર આલેખવાની શક્તિ જેમ ચિત્રકારમાં જ રહેલી હોય છે તેમ ભાવના, કલ્પના વગેરે શક્તિઓનો ઉપયોગ કરી નવલકથા બનાવ-વાની શક્તિ નવલકથાકારમાં રહેલી હોય છે. એ શક્તિઓનો સંપૂર્ણ અને વાસ્તવિક ઉપયોગ થયાથી જેમ ચિત્રમાં તાદાત્મ્ય (Lifelike-ness) આવ્યાનું આપણે કહીએ છીએ, તેમ, નવલકથાનાં સાધનોને નવલકથાકારની શક્તિ બરાબર ન્યાય આપે ત્યારે વાસ્તવિકતાના આ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રોપણ જેવાં જે ચિત્ર થાય છે, તે ચિત્રો નવલકથાને સાક્ષાત્કારતા આપે છે. કૌતુકમયત્વ એ ચિત્રમાં આવી શકે એવો ભાવ નથી. રા. તંત્રીએ મિથ્યા પ્રયાસ કરી ડગલામાં કૌતુકમયત્વ દેખાડવાના જે પ્રયાસ કરેલા છે તે વ્યર્થ છે. કૌતુકમયત્વ એ નવલકથા તથા નાટકો એ બે કલાઓનું ખાસ લક્ષણ છે. એક પ્રસંગ પછી બીજો પ્રસંગ આવતાં આગળ શું આવશે એવી જે જિજ્ઞાસા ઉત્પન્ન થાય છે તે જિજ્ઞાસાને દ્રવતી રાખવાની શક્તિ એ કૌતુકમયત્વ સાથે વધારે સંબંધ રાખે છે. નવલકથા તથા નાટકો સિવાય અન્ય કળાઓમાં એક જ પ્રસંગનું ચિત્ર હોય છે, તેથી ત્હેમાં કૌતુકમયત્વની અપેક્ષા રાખવી એ અસ્થાને છે.

નવલકથાનાં કારણો તથા કારણોના વિભાગ સંબંધે સાક્ષાત્કારતા તથા કૌતુકમયત્વ સંબંધી અમે કંઈ પણ ઉલ્લેખ કર્યો નથી. તે સંબંધે થોડુંક વિવેચન કરવાની આવશ્યકતા છે. રા. તંત્રી લખે છે, "સાક્ષાત્કાર એ જ એક એવો મ્હોટો ગુણ છે કે જેને લીધે નવલ-કથાઓ દીર્ઘાયુષી થાય છે." એ સૂત્રને માટે જો કાંઈ પણ કહેવાની આવશ્યકતા હોય તો અમે એટલું જણાવવાની ઉદ્ધતાઈ કરીએ છીએ કે ગુજરાતી સાહિત્યના નવલકથાકારો જ્યાં સુધી એ સૂત્રની અવગણના કરશે ત્યાં સુધી ત્હેમની કૃતિઓને ટેબલ ઉપર સ્થાન મળવાને બદલે, ટેબલની નીચે (કચરાપટ્ટીની ટોપલીમાં) સ્થાન મળશે, અને અમારી નીચે જોતી દૃષ્ટિ એ સ્થળમાં જ તે કૃતિઓને અભિનંદન આપશે. સાક્ષાત્કારતાનો નવલકથા સાથે શો સંબંધ છે તે તો ઉપર આપેલા અર્થાન્તરન્યાસથી સ્પષ્ટ થાય છે તેથી ઊહાપોહ કરવાની જરૂર નથી.

કૌતુકમયત્વ એ ઘણીખરી નવલકથાઓને સાધારણ વાચકવર્ગમાં લોકપ્રિય કરે છે. નાનાં બાળકો તથા સાધારણ લખી વાંચતા લોકો નવલકથાઓ વાંચે છે તે નવલકથાના કૌતુકમયત્વથી મળતા આનંદને જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લીધે અને તેથી કૌતુકમયત્વ અસંભાવ્ય ના થઇ જાય ત્હેને માટે લેખકોને રા. તંત્રીએ જે સૂચના આપી છે તે તદ્દન વ્યાજબી છે. કૌતુકમયત્વ સંબંધી એક બીજો મુદ્દો ધ્યાનમાં લેવા લાયક છે. ઇંગ્રેજી નવલકથાઓના કૌતુકમયત્વમાં અને બંગાળી તથા ગુજરાતી નવલકથાઓના કૌતુકમયત્વમાં સૂક્ષ્મ નિરીક્ષકને એક મોટો ભેદ માલુમ પડી આવશે. આ ભેદનું કારણ શું છે તે સંબંધી કંઈ સૂચના કરવી અસ્થાને ગણાશે નહિ. રા. રમણભાઈના મતને મળતા થઈ રા. તંત્રી એમ જણાવે છે કે ગુજરાતી નવલકથાની ઉત્પત્તિ ગુજરાતમાંની જુની કથાઓ તથા વાર્તાઓમાંથી થઈ નથી. પ્રથમ દૃષ્ટિએ આ અભિપ્રાય સત્ય લાગે છે. પણ સૂક્ષ્મ દૃષ્ટિથી જોતાં કંઇક મતભિન્નતાનું કારણ મળે તેમ છે. ખરું છે કે આધુનિક ગુજરાતી નવલકથાઓ લખવાની પ્રવૃત્તિ તથા ઉત્સાહ ઇંગ્રેજી નવલકથાઓના વાંચન તથા અધ્યયનથી થયાં છે, પરંતુ તેથી એમ તો એકદમ અનુમાન કરવું કે ગુજરાતમાંની કથા તથા વાર્તાઓએ હાલની નવલકથાઓમાં કંઈક અંશે પણ સહાય આપી નથી, તે તદ્દન અયોગ્ય ગણાશે. રા. તંત્રીએ આ પુસ્તકમાં એક સ્થળે એમ લખેલું છે કે ગુજરાતી નવલકથાઓમાં ઇંગ્રેજી કરતાં બંગાળી નવલકથાઓની અસર વધારે જણાય છે. આ અભિપ્રાય કંઈક અંશે સત્ય છે. પરંતુ આ અભિપ્રાય પરત્વે અમે એમ સૂચના કરવાનું યોગ્ય ધારીએ છીએ કે જે અસર રા. તંત્રીને બંગાળી સાહિત્યની જણાય છે તે અસર વાસ્તવિક રીતે બંગાળી સાહિત્યની નહિ, પણ ગુજરાતી, બંગાળી તેમ હિંદુસ્તાનની અન્ય ભાષાઓમાં મંદ ગતિથી વ્હેતી જુની કથાઓ તથા વાર્તાઓની જ અસર છે. કોમળ ભાવમયતા તથા આદર્શ નાયક એ આ અસરનું વિશિષ્ટ લક્ષણ છે. આ એક સૂચના જ છે, અને ત્હેને માટે ખાસ આગ્રહ નથી.

નવલકથાના બંધારણ સંબંધે પુસ્તકની પ્રસ્તાવના (introduction)માં રા. તંત્રીએ જે મત દર્શાવ્યા છે. તેનું વિવેચન કર્યા પછી

૭

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુજરાતી નવલકથાઓના સિંહાવલોકન સંબંધે કંઈક વિવેચન કરવાને અમને ઘણો જ આનંદ થાય છે. સિંહાવલોકનનો ભાગ એ પુસ્તકમાં ખાસ ધ્યાન ખેંચે છે અને રા. તંત્રીએ એક ઇતિહાસકારને યોગ્ય સામર્થ્યથી, અપ્રતિમ કુશળતાથી તથા એક સમર્થ વિવેચકની સૂક્ષ્મ બાબતોનું પણ વિશાળ રેખાદર્શન કરવાની શક્તિથી તે સિંહાવલોકન લખ્યું છે તે માત્ર ધન્યવાદને જ પાત્ર છે, અને ગુજરાતી સાહિત્યમાં ભવિષ્યના ઇતિહાસકારની વ્યંજના કરે છે.

ત્યારપછી પ્રત્યેક લક્ષ્ય નવલકથાનું અવલોકન છે. આ અવલોકનમાં 'સરસ્વતીચંદ્ર'નું ને 'નીલમ અને માણેક'નું અવલોકન ખાસ ધ્યાન ખેંચે છે. ગુજરાતી નવલકથાઓમાં જ નહીં પરંતુ ગુજરાતી સાહિત્યમાં 'સરસ્વતીચંદ્ર' જે અદ્વિતીય સ્થાન ભોગવે છે તે સ્થાનને યોગ્ય તે પુસ્તકનું અવલોકન હજુ સુધી થયું નથી અને રા. તંત્રીએ યથાશક્તિ તે ખોટ પૂરી પાડવાનો પ્રયત્ન કર્યો છે. નિર્માલ્ય પક્ષપાતી બુદ્ધિથી તથા સંકુચિત દૃષ્ટિમર્યાદાથી જ થયેલાં અવલોકનની રા. તંત્રીએ જે અવગણના કરી છે તે રા. તંત્રીના સત્ય માટેના આગ્રહનું તથા સત્ય મત પ્રદર્શિત કરવાના બેધડક શૌર્યનું એક જીવંત પ્રમાણ છે. અને જોકે રા. તંત્રીના અવલોકન સાથે અમે સર્વાંશે એકમત થઈ શકતા નથી તોપણ રા. તંત્રીએ બુદ્ધિધનના ચારિત્ર્યના પૃથક્કરણમાં એક વિશાળ મતભિન્નતાનું કારણ આપ્યું છે એટલી જ સૂચના કરી આ સંબંધે કહેવાનું અમે માંડી વાળીએ છીએ, કારણ કે આ અવલોકન ધાર્યા કરતાં ઘણું લાંબું થઈ ગયું છે.

'નીલમ અને માણેક'નું અવલોકન, એ હાનિકારક પરંતુ લોકપ્રિય નવલકથાઓને બેધડક સખ્ત ઝેરી ફટકાથી જમીનદોસ્ત કરવાની ટીકાકારની ફરજનું ગુજરાતી સાહિત્યમાં એક અદ્વિતીય દૃષ્ટાંત છે. અને ઉછરતી પ્રજાના માનસિક અને નૈતિક બંધારણને ટીખળી કરી ખોટે રસ્તે ચઢાવનારી એ નવલકથા સંબંધે અમે આગળ કંઈ પણ કહેવા માગતા નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અવલોકનો સંબંધે સામાન્ય રીતે એટલું તો કહેવું પડે છે કે રા. નવલરામના તલસ્પર્શી વિવેચનનું આ વિવેચનો પુનઃ સ્મરણ કરાવે છે. ઉગતા તથા ભવિષ્યમાં આશા આપતા નવલકથાકારોને ઉત્તેજન આપી શક્તિહીન લેખકોને મંદ પ્રહારથી વ્યંગ્ય ઝેરી સૂચના આપી, ખમી શકે તેવા લેખકોને બેધડક છૂટથી સખ્ત કસોટી પર ચઢાવી રા. તંત્રીએ નવલકથાના સાહિત્યમાં એક ઉત્તમ ફરજ અદા કરી છે.

પરિશિષ્ટમાં ભાષા લક્ષણો જોડણી વગેરે સંબંધે જે ટીપ્પણ થયેલું છે તે અતિ વિવાદગ્રસ્ત વિષયો છે, અને એવા શુષ્ક શાસ્ત્રીય વિષયો સંબંધે સર્વત્ર પુષ્કળ ઊહાપોહ હજુ પણ ચાલે છે એટલે તે સંબંધે વિશેષ કહેવાની આવશ્યકતા નથી.

સમગ્ર પુસ્તકની ભાષા સંબંધે એટલું અમારે કહેવું પડે છે કે વિષયની શાસ્ત્રીયતા ધ્યાનમાં લઇએ તોપણ તે ઘણી કઠિન છે, તો પણ સાધારણ વાંચકવર્ગને માટે પણ પુસ્તકની ઉપયોગિતા માટે બે મત થાય તેમ નથી. દરેક નવલકથા વાંચનાર શોખીનોને સારી નવલકથાઓમાંથી વધારે આનંદ મેળવવા માટે, તથા હાનિકારક નવલકથાઓના ઝેરી પવનની અસરમાંથી મુક્ત રહેવા માટે આ પુસ્તક વાંચવાની અમે ભલામણ કરીએ છીએ, અને ગુજરાતમાં વાંચન પ્રત્યેની અભિરુચિ જોતાં આ પુસ્તકની કિંમત (રૂા. બે) જો કે ભારી છે તો પણ લેખકના પ્રયાસ તથા મહેનત તરફ લક્ષ્ય આપતાં તે સંબંધે વધારે કહેવાનું રહેતું નથી.

સી. આર. પટેલ

(પુ. ૫૯ મું, માર્ચ, ૧૯૧૨)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નૂપુરઝંકાર

"હૃદયવીણા"ના કાવ્યસંગ્રહ પછી અઢારે વર્ષે રા. નરસિંહરાવનો આ નવીન કાવ્યસંગ્રહ ગુજરાતી વાંચક વર્ગ સમક્ષ મુકાય છે. આટલા મ્હોટા સમયના અંતરાલ પછી આખાં ઓગણપચાસ કાવ્યો—જેમાંનાં કેટલાંક ભાષાન્તર અને અનુકરણ છે,—અને તે વળી ત્રણ ચાર કાવ્યો શિવાય બધાં 'પરલક્ષી,' જ્યારે આપણા હાથમાં આવે છે ત્યારે ખરેખર, અમને એમજ લાગે છે કે પ્રસ્તાવનામાં નિર્દિષ્ટ તે 'એક જણ'ના શબ્દો રખેને સાચા પડે. આ ક્‌હેવું રા. નરસિંહરાવ ક્‌હે છે તેમ સુરુચિથી વિરુદ્ધ છે, છતાં સાચી ધારણા પ્રદર્શિત કરવામાં આ ઢાંકપિછોડો કોરે મુકવો જોઈએ. તરુણાવસ્થાનો જુસ્સો અને પશ્ચિમાવસ્થાની શાંતિ અને ગંભીરતા, 'કુસુમમાળા' અને 'નૂપુરઝંકાર' અનુક્રમે બતાવે છે. 'હૃદયવીણા' એ બન્ને વચ્ચેનો અંકોડો છે.

કાવ્યના ઉભરા થોડા જ છે એટલું જ નહિ પણ એ ઉભરા છેવટના ભાગના હોવાથી પ્હેલાંની સાથે સરખાવતાં કદાચ કલુષતા પણ ધારણ કરે એમાં જરાય વિસ્મય જેવું નથી. 'કુસુમમાળા'માં લગભગ બધે, અને 'હૃદયવીણા'માં સ્થળે સ્થળે જણાઈ આવતી સાચી કવિતા આ સંગ્રહમાં કોઈ કોઈ વખતે જ દૃષ્ટિએ પડે છે. પશ્ચિમાવસ્થામાં, તત્ત્વજ્ઞાનના વિષયો વાંચવાથી યુવાવસ્થાના જેવી કલ્પનાબુદ્ધિ ક્ષીણ થઈ જાય અને કલ્પના કરતાં વિચાર કરવાની ટેવ વધારે પડે એ દેખીતું જ છે. આ કારણથી પણ 'કુસુમમાળા' કરતાં 'નૂપુરઝંકાર' ઉતરતી પંક્તિનો જણાય તો તે નવાઈ જેવું નથી. 'કુસુમમાળા' જ જો આ વખતે નવી બ્હાર પાડવામાં આવી હોત તો એણે સંપાદન કરેલી તેટલી કીર્તિ એને આ અરસામાં ન મળત તો 'નૂપુરઝંકાર' એટલી કીર્તિ ન મેળવી શકે તેમાં શું આશ્ચર્ય?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'નૂપુરઝંકાર'નાં પદ્યોમાં રા. નરસિંહરાવનાં બીજાં પદ્યોની માફક કવિતા કરતાં કલાચાતુર્ય વિશેષ જણાય છે. પ્રબળ અંતઃક્ષોભથી થએલી કવિતાવાળાં પદ્યો 'કુસુમમાળા'માં વિશેષ નજરે પડે છે. તેથી ઓછાં 'હૃદયવીણા'માં અને તેથી ઓછાં 'નૂપુરઝંકાર'માં.

સંગ્રહનું ઉપરઉપરથી અવલોકન કરતાં વર્ણનાત્મક કાવ્યો આમાં વધારે છે. કુદરતના દેખાવોને માનવીનું રૂપ આપી સરખામણી બંધ બેસાડવામાં રા. નરસિંહરાવ ખરેખર સંસ્કૃત કવિઓના જેવી કલ્પનાઓ કરી શકે છે. આ સરખામણીની કલા આપણા ગુજરાતી-ઓમાં થોડી જ જોવામાં આવે છે જ્યારે ઇંગ્રેજી કવિઓમાં તો તે જવલ્લે જ નજરે પડે છે. ઉપમેયનું એક જ અંગ નહિ પરંતુ ઘણાં ઉપમાનનાં અંગો સાથે એ જોડી શકે છે. અમુક કુદરતના દર્શનને સંસારના અમુક નીતિનિયમને બંધ બેસાડવાનું, મનુષ્યના હૃદયના ભાવોને મૂર્ત્ત કરી ત્હેના અમુક વિશેષોને આલેખવાનું અપૂર્વ કૌશલ્ય રા. નરસિંહરાવમાં ઘણીય વખત જોવામાં આવેલું છે. આ ચાતુર્ય સંપાદન કરવું કાંઈ સ્હેલું નથી. હજાર વખત ચંદ્ર જેવું મુખ સાંભળ્યાથી આપણે પણ તેમ કહીએ; પણ જ્યારે કંઇક નવીન જ ઉપમા જોવામાં આવે ત્યારે તો કલાકાર ખરેખર કૈંક અદ્‌ભુત બુદ્ધિ બતાવી આપે છે. 'કુસુમમાળા'નું 'ચંદા', 'હૃદયવીણા'માં "દિવ્ય સુન્દરીઓનો ગરબો,' 'નૂપુરઝંકાર'નાં 'મ્હારાં રમકડાં,' 'દિવ્ય આશા'–'ભાવના સૃષ્ટિ' વગેરે ઉપર કહ્યા તેવા કાવ્યના પ્રકારનાં દૃષ્ટાન્તો છે.

ભાવદર્શક કાવ્યોનો સંપૂર્ણ સંગ્રહ રા. કલાપીનો જ છે. રા. મણીલાલ, કવિ બાલ, રા. હરિલાલ હર્ષદરાય ધ્રુવ વગેરેમાંથી ઘણીય વખતે તે ઉદ્‌ભવેલાં છે. પણ રા. નરસિંહરાવમાં તો ક્વચિત જ તે દેખાય છે. આથી એમના બીજા સંગ્રહની માફક આ સંગ્રહમાં ત્હેવાં કાવ્યો થોડાં છે. રા. નરસિંહરાવનું કાવ્યમૂળ ઘણે ભાગે કુદરત છે. કાવ્યલેખક સર્વદેશીય થવું જ જોઇએ એવો કાંઈ નિયમ નથી એટલે આ ન્યૂનતા કાંઈ દોષ ન કહેવાય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એમનું 'અવતરણ'નું કાવ્ય અને તે પરથી આલેખાયલું કાવ્ય-દેવીનું ચિત્ર ખરેખર artistic–કલામય છે એમાં કાંઈ સંશય નથી. કાવ્યદેવીનું ત્રિભંગ અવસ્થાન, એનાં ભાવપૂર્ણ ચક્ષુ, વીણામાં તન્મયતા સાથે ઈશ્વર પ્રાર્થના વગેરે એવું રમણીય લાગે છે કે ફરી ફરીને તે જોવાનું મન થાય. કલ્પનાશક્તિમાં નિપુણ રા. નરસિંહરાવનું જ એ મનોરથસૃષ્ટ આલેખન છે. આ ચિત્રને રંગ પૂરી જરા મ્હોટા કદનું બનાવવામાં આવે અને બજારમાં મુકાય તો ઘણું સારૂં. આમાં માત્ર અમને ઠીક નથી લાગતું તે એની કુમુદમેખલા છે. કેશ પર કુમુદ ખોસ્યું હોત અથવા હાથ, પગ, કે કંઠ પર એની માળા પ્હેરાવી હોત તો અમે ધારીએ છીએ કે જરા વધારે સુન્દર દેખાત.

કાવ્ય વાંચવાની શરૂઆત કરતાં પ્રથમ જ આપણને ભાવાત્મક કાવ્યો વાંચવા મળે છે. કવિની આભારવૃત્તિ અહિં હૃદયમાંથી જ નીકળતી હોય એમ સ્પષ્ટ લાગે છે. કુસુમોના સૌરભમાં રમીને અને વીણાના સુરો ઝીલીને પોતાની જીવનસખીએ કદર કરી કાવ્ય લખવાનો ઉભરો એક રીતે વધાર્યો તે ઉપકારનો બદલો કવિ અહિં 'ઉપહાર' આપી આપે છે. આવા જ ભાવવાળું જોડેનું કાવ્ય છે. અહિં કરુણ-રસ પુત્રીમરણના શોકને લીધે લખાયલા કાવ્યમાં તરત બ્હાર પડી આવે છે.

"કવિતદેવીના આ નૂપુરઝંકારને,
સુણવા નવ થોભી તું બેટી વ્હાલી ઓ !
થઈ અધીરી દેવીના સંગીતને,
દિવ્ય ધામમાં સુણવા વેગે ચાલી ઓ !

અને તરત જ તે શોક દાબવાનો–ખોયું છે ત્હેનો દિલાસો લેવાનો 'આસુંડાં ઢોળું નવ ઢોળું આ સમે' કહી દર્શાવેલો પ્રયત્ન કરુણરસમાં વધારો કરે છે, કારણ કે આપણે જાણીએ છીએ કે ઘણી વખત દિલાસો આંસુ પડાવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અવતરણ

પછીનું કાવ્ય કર્તા કહે છે તેમ સંગ્રહના નામનો ખુલાસો છે. 'એક બે શબ્દોમાં' ખુલાસો ન આપતાં આવા રસિક કાવ્યથી આપ્યો છે તે યોગ્ય જ કર્યું છે, કારણ કે જો તે એક બે શબ્દો ગદ્યના જ હોત તો એમાં આ કલ્પના આટલી સુન્દર ન લાગત. કેટલાક વિચાર પદ્યમાં અને કેટલાક ગદ્યમાં જ શોભે તેવા હોય છે એ વાત કર્તાને જાણીતી છે, એટલે શબ્દોની અપૂર્ણતાના કરતાં ગદ્યની અપ્રિયતા વધારે સારો ઉત્તર હતો.

" એહ નૂપુરનાદનાં,
કૈં પડ્યાં પ્રતિબિંબ જે;
નાદયન્ત્રે ઉરતણા
અર્પું જગાડી આજ તે. "

પદાર્થવિજ્ઞાનશાસ્ત્રના એક સિદ્ધાન્તને લઈ આ ખુલાસો આપ્યો છે. કેટલાક કહે છે કે વિજ્ઞાનશાસ્ત્રના અભ્યાસથી કાવ્યવૃતિ ક્ષીણ થઈ જાય છે, કારણ કે વિજ્ઞાનશાસ્ત્ર Matter of fact વસ્તુસ્થિતિને જ જોનારૂં છે જ્યારે કાવ્ય તે તો કલ્પનાની કૃતિ છે. અહિં કવિએ એ જ શાસ્ત્રનો ઉપયોગ કલ્પના સાથે જોડી કૈંક–originality—નવીનતા દેખાડી છે.

દોષથી ઉરયન્ત્રના,
સ્વરમધુરતા કૈં ઘટે;
રસિક! તું મા નિન્દતો,
નૂપુર તણા ઝંકારને.

એમણે કહ્યું તો છે પણ છતાં ગુણની સાથે અમને લાગેલા દોષ પણ અમારે કહેવા પડે છે. ખરેખર! એને વાસ્તે અમે દિલગીર છીએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભારતજનનીની અશ્રુમાલા

સ્પષ્ટ જણાઈ આવે છે કે આ કાવ્ય તે મુખપૃષ્ઠ પરના ચિત્ર ઉપરથી ઉત્પન્ન થયેલી બીજી કલ્પના છે, કારણ કે જે ચિત્રને "વસનરૂપેરી તેજે ભરિયાં ધરિયાં ઉજ્જવલ અંગ" વગેરે અવતરણના કાવ્યની લીટીઓ લાગુ પડે છે તે જ ચિત્રને "હેવા એક મનોહર શૃંગે શ્વેત વસન ધરી અંગ" વગેરે લીટીઓ લાગુ પડે છે. આ વખતે સ્ફટિકની માળા કર્તાને વધારે આકર્ષક લાગી છે અને તેને કેવી રીતે બંધ બેસાડવી તેને વાસ્તે અશ્રુધારાની કલ્પના ઘડી કાઢવામાં આવી છે. કાવ્ય વાંચતાં જણાય છે કે રા. નરસિંહરાવે આમાં નવીન લખ્યું નથી: જે સમાજ–સુધારણાના વિષયો એમણે 'હૃદયવીણા' (જુવો કુલમણી દાસીનો શાપ, વિધવાવિલાપ) વગેરેમાં બતાવ્યા છે તેના તે જ એમણે અહિં ગોઠવ્યા છે. 'રૂઢિરાક્ષસી'ના પંજામાંથી છૂટવાનું એમણે બહુ વખત કહ્યું છે એટલે હવે કાંઈ વિશેષ લાગતું નથી. સુન્દર કલ્પનાલાલિત્ય અથવા રસ, એમાંનું કાંઈ પણ આમાં અમને જણાતું નથી. દેશની દાઝથી હૃદય બળતું હોય, કૈં ને કૈં આવેશમાં આવી જઈ બોલાતું હોય અથવા તો શોકથી આર્ત સ્વર નીકળી જતા હોય, આમાંનો કોઈ પણ ભાવ આમાં જણાતો નથી.

સંસ્કૃત કવિઓ ઘણીવાર અશ્રુબિન્દુઓને ત્રુટી જતી મોતીની સેર સાથે સરખાવે છે અને તે સામ્યને લીધે સંભવી શકે છે. પણ અહિં તો કર્તા એ મોતીને પ્રવાહી મટી ઘન બની ગયાં, માળા રૂપે દોરાથી ગૂંથાઈ ગયાં અને તે માળા પાછી કર્તાને ફેરવવા પણ મળી (એમ કહે છે.) આ કલ્પના બહુ–far–fetched–તાણીતોશીને કરી છે અને વાંચતાં એમજ લાગી આવે છે કે આ કાવ્ય નૈસર્ગિક નથી પણ ચિત્ર જોઈ પ્હરાણે ગોઠવાયલું છે. અહિં લાગે છે કે રા. નરસિંહરાવની કાવ્યકલા ખામીમાં આવી ગઈ છે, કારણ કે અન્યસ્થળે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એમણે એ કલાને સંપૂર્ણ અજમાવી છે. ' ચંદા 'માં પ્રતીત થતું એમનું ચાતુર્ય અહિં શિથિલતા બતાવી ગયું હોય એમ લાગે છે.

આવાં જ કવિતાશૂન્ય એમનાં 'ઉદ્‌બોધન ૧-૨' છે જે એક જ કાવ્ય છે. નૈસર્ગિક ઉભરાએ નીકળી પડેલાં કાવ્યો ગમે તેટલા યત્ને બીજી પદ્યરચનામાં તેટલા ભાવથી ઉતરી શકે નહિં. કલાપી પોતાની એકાદ કવિતા લઈ મંદાક્રાન્તામાંથી શિખરિણીમાં રચે તો કોઈ દિવસ તેવો ને તેવો ભાવ અંદર આવી શકે નહિં. આ એક નૈસર્ગિક કાવ્યની પરીક્ષા છે. અહિં કર્તા પોતે જ કહે છે-અને કહી દીધું છે તે ઠીક કર્યું છે-કે એનું એ કાવ્ય બીજા ગીતમાં ઉતાર્યું છે. શબ્દો પણ જેટલા બેઠા તેટલા તેના તે જ રાખ્યા છે. આવાં કાવ્યમાં એ સંભવે, કારણ કે જ્યાં કાંઈ સુન્દર હોય ત્યાં ફેરફાર ફ્હોનો થાય કે જેથી રસ અથવા ભાવ ક્ષતિ લાગે.

મ્હારાં રમકડાં

સૃષ્ટિરચનાનાં કાવ્યોમાં જણાઈ આવતી કર્તાની અદ્‌ભુત કલા-શક્તિ અહિં જણાઈ છે. કુદરતને કુદરત જોવાને બદલે એ ઘણી વખત અમુક તુલનાથી જુવે છે અને એ તુલના કાંઈ સિંહમાણવક જેવી ઘેર ઘેર ભટકતી તુલના નથી. આ વાત અમે ઉપર કહી છે. આથી જો કે આપણને કુદરતનું સાચું દર્શન દૃષ્ટિ આગળ ખડું થવાને બદલે ઉપમેયભૂત વ્યક્તિ જ જણાય છે, છતાં એ સરખામણીમાં કલા તો છે જ.

કૂહે છે કે બાળપણની અવસ્થામાં કલ્પનાનો વિકાસ જેટલો હોય છે તેટલો પાછળની અવસ્થામાં હોતો નથી. ધીમે ધીમે reasoning-વિચારને લઇને કલ્પનાશક્તિ ક્ષીણ થઈ જાય છે. કીટ્સ, " લામિઆ " નામના કાવ્યમાં લખે છે કે—

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Do not all charms fly
At the mere touch of cold philosoyhy?
There was an awful rainbow once in heaven:
We know her woof, her texture; She is given
In the dull catalogue of common things.

તેજ પ્રમાણે કર્ત્તાએ અહિંઆં પશ્ચિમાવસ્થામાં સૃષ્ટિદર્શન philosophical–વિચારપર થઈ જાય છે એમ કહ્યું છે. જેમ વેદકાળમાં સૂર્ય–મરુત્ વગેરે દેવરૂપે મનાતા અને તે હાલ કારબન હાઇડ્રોજન, હેલિયમ વગેરેનો રસાયનિક સંયોગ મનાય છે તેમ કર્તાના જીવનમાં પણ એવા ફેરફાર બન્યા છે. જે સુખ કલ્પનાથી મળતું હતું તે હાલ તત્ત્વજ્ઞાનથી નથી મળતું. કલ્પનાના ક્રીડનદ્રવ્ય ઉપર હવે વિચારનું પડળ ફરી વળ્યું છે અને ફાંફાં મારતાં તે કલ્પના ફરી ઉપર આવતી નથી, આથી ક્રીડનદ્રવ્ય "અમોલાં અદકાં બન્યાં" એમ કર્તા કહે છે.

ત્યાર પછીનાં બે કાવ્યો પણ તેટલાં જ સુંદર છે. કીટ્સનું "To Hope" નામનું કાવ્ય જેમ પરોક્ષકૃત છે તેમ રા. નરસિંહરાવનું 'આશા' નામનું કાવ્ય પ્રત્યક્ષકૃત છે. મનના ભાવોનું સજીવારોપણ કરી બતાવવાનું આ એક દૃષ્ટાન્ત છે.

બીજું કાવ્ય "દૂર દૂર સુદૂર એ" ઉપર ઉપરથી જરા Mysticismથી ભરેલું હોય એમ દેખાય છે પણ સાચી રીતે તેમાં એવું કાંઈ છે નહિં. કર્તા તો માત્ર રજનિના અને રવિકિરણથી ઢાંકયા શૃંગનીય દૂર જુવે છે, પણ Mysticismનું મુખ્ય ચિહ્ન કંઈક અલૌકિક –દિવ્ય–કલ્પના જોવું–જેવું Swedenborg વગેરેમાં બન્યું હતું તેવું કાંઈ આમાં જણાતું નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'ચિત્રવિલેપન' કાવ્ય ઠીક છે, માત્ર અમને જો ઘણી ગમી હોય તો નીચેની ભાવયુક્ત લીટીઓ છેઃ

" નાવડું હંકારજો
વેગથી સંભાળથી,
ઓ ખલાસી કુશળ ઓ,
આ મોંઘી છે મુજ બાળકી."

વિરાગિણીની વીણા

આ કાવ્ય એકંદરે સારૂં છે છતાં એક મુખ્ય દોષ અમને દીઠામાં આવે છે અને તે એ કે વીણા મળતી ન હતી છતાં ભલું એ વિરાગિણીને " અમીરસ ગીત " " રેલવું " ગમ્યું. આપણે ગવૈયાઓમાં જોઈએ છીએ કે જ્યારે વાદ્ય મળતું નથી ત્યારે તે ગાઈ શકતો જ નથી.

ગાનની અંદર તલ્લીનતા–કહો કે ગાનમાં સુષુપ્તિ રા. નરસિંહરાવે બે લીટીમાં બહુ સારી રીતે વર્ણવી છે.

" નિષ્ઠુર જગ–અપવાદ, ને ક્રૂરા જગના ન્યાય,
એ સર્વે ભૂલાવતી તુજ ગાનલહરી લ્હેરાય. "

ભાવનાસૃષ્ટિ

ત્યાર પછીનાં એમનાં બે કાવ્યો મુકી આપણે 'ભાવનાસૃષ્ટિ' નામના કાવ્યને અવલોકીએ. આ કાવ્યમાં કવિ, એક ભાવમય વસ્તુનો ગૂઢ ભેદ બે ચાર દૃષ્ટાન્તોથી આપણને સ્હમજાવે છે. કાવ્યમાં રહેલો ધ્વનિ રા. નરસિંહરાવે પોતે જ ટિપ્પણમાં બતાવ્યો છે. એમના શબ્દો નીચે પ્રમાણે છેઃ–

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"આ કાવ્યમાં એમ બતાવવાનો પ્રયત્ન છે કે આ જીવનમાં ભાવનાઓનો સ્પર્શ કરતાં વાંત તે મનુષ્યના હાથમાંથી સરી જતી જણાય છે; પરંતુ આખરે ભાવનાઓનું સ્થિર સૌન્દર્ય આત્મજીવનમાં કોઈ ક્રમે ગયા પછી સાધ્ય છે. માનસસરની સમીપનાં કુસુમફળો, શુક્રતારા અને ઉષા, એ ભાવનાઓનાં પ્રતિરૂપ તરીકે લીધાં છે."

ઉપર ઉપરથી વાંચતાં આપણને એમ લાગે છે કે દેશસેવા, રાજસેવા, નીતિ, ધર્મ વગેરેની ઉચ્ચ ભાવના તે એક અમુક સ્થિર લક્ષ્ય હોઈ સરી શી રીતે પડે? જો સરી પડનાર કૈંક હોય તો તે ભાવનાનો સિદ્ધ કરનાર પોતે જ છેઃ–એની નિર્બળતાને લીધે. પણ ભાવનાને સરી પાડવાનું કાંઈ કારણ નથી. સ્પર્શ કરવા જઈએ તેમ તેમ આઘી આઘી જતી જાય એ તો મૃગજળ જેવા ભ્રમમાં સંભવે. પણ ભાવના તો અમુક કોટિએ ખડી જ રહેલી છે.

પણ જરા ઊંડો વિચાર કરી એમનાં કાવ્ય અને ટિપ્પણને વધારે વિસ્તારથી સ્હમજીએ. Decline of high ideals–ઉચ્ચભાવનાધ્વંસના બે અર્થ કરી શકાય. પ્હેલો તો એ કે લોકોની અંદર મ્હોટાં કાર્ય સાધવાની શક્તિ દિવસે દિવસે ઓછી થતી હોવાને લીધે ભાવના પણ ઉતરતી પંક્તિની થઈ જાય છે. અર્થાત્ પૂર્વકાળમાં સરળ ગણાતાં કાર્યો, હાલ ભાવનાનું રૂપ લઈ બેસે છે. ઉચ્ચ ભાવનાઓ, ભાવનાસૃષ્ટિમાંથી વિદાય થઈ જવાથી એને બદલે હલકી ભાવનાઓ દાખલ થાય છે. એક એવી ભાવના હોય કે ગમે તેટલે નુકશાને, ગમે તેવાં નજીવાં કારણમાં પણ સત્યનું પાલન કરવું, તેને બદલે કોઈને નુકશાન ન થાય તો જૂઠું બોલવાને કાંઈ હરકત નહિં એવી ભાવના કોઈ કરે તો પ્હેલી ભાવના જે બીજી કરતાં જરા મુશ્કેલ છે તે ભાવનાસૃષ્ટિમાંથી વિદાય થઈ ગઈ. આ એક જાતનો ઉચ્ચભાવનાધ્વંસ છે. બીજો એ અર્થ કરીએ કે જે પ્હેલાં ઉચ્ચ ભાવનાઓ હતી તે હાલ સિદ્ધ થઈ શકતી હોવાથી ઉતરી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પડી અને તેને લીધે તેથી ચઢતી પંક્તિની ભાવનાઓ ઉભી થઈ. આ બીજા પ્રકારનો ઉચ્ચભાવનાધ્વંસ થયો. આ બીજો અર્થ કરીએ તો કાવ્ય વધારે બંધ બેસે છે. જો કે તે પ્રમાણે અર્થ કરતાં ઉચ્ચભાવનાધ્વંસ કહેવાય કે નહિ એ જરા સવાલ પડતું રહે છે, કારણ કે બીજા અર્થમાં જોઈએ છીએ તો ઉલટો ઉચ્ચભાવનાઓનો પ્રવેશ થાય છે.

ઉપર પ્રમાણે અર્થ કરી કાવ્યનો સાર નીચે પ્રમાણે લાગે છે.

એક પુરૂષે અમુક ભાવના સુધી પહોંચવાનું નક્કી કર્યું છે; તે ત્યાં સુધી પહોંચે છે એટલે સાધ્ય હોવાથી તે ભાવના કહેવાતી, હાલ સિદ્ધ હોવાથી ભાવના મટી જાય છે, એનું સૌન્દર્ય ખોઈ દે છે, અને તે પુરૂષને ફરીથી, દૂર એથી પણ ઊંચી નવી ભાવના દેખાય છે. ભાવના સરી જઈ એથી ઉચ્ચ સ્થાન લઈ બેસે છે. આમ કર્યાથી તે પુરૂષ ઊંચાં ને ઊંચાં સ્થાનો સુધી પહોંચતો જાય છે. પણ આમ આગળ વધવાને કાંઈક હદ હોય છે. પ્હેલું પગથિયું સાધારણ હતું, અર્થાત્ ભાવના સામાન્ય હતી. તે ચઢયા પછી જરા વધારે મુશ્કેલ ભાવના આવી. આમ પગલે પગલે એક સ્થિર સૌન્દર્યવાળી, સામાન્ય મનુષ્યને અત્યંત મુશ્કેલ જણાતી, ઊંચામાં ઊંચી ભાવના સુધી તે પુરૂષ પહોંચે છે. પગથિયાં બહુ ન લેવાને બદલે માત્ર એ જ પગથિયાંમાં આ સાર કર્તાએ આપ્યો છે. આમ ભાવનાની અવનતિને બદલે ઉત્તરોત્તર વૃદ્ધિ થતી જાય છે અને એ જ અર્થ ઉચ્ચ ભાવનાઓ રજૂ કરનારા કવિઓનો હોય છે.

આ કાવ્યમાં કુદરતના વર્ણનનાં આલેખનો હૂબહુ આપવામાં આવ્યાં છે. અનુભવ અને કલ્પના જોડી કવિએ અંતરમાં રહેલું ચિત્ર અસરકારક રીતે દોર્યું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મૃત્યુનું મરણ

રા. નરસિંહરાવની કાવ્યકલાના કેટલાક દાખલાઓમાંનો આ નમૂનો છે. " મૃત્યુ મરી ગયું રે લોલ " એ કેવી રીતે ગોઠવવું એનો સંપૂર્ણ વિચાર કરી કર્તાએ આ પાદપૂર્તિ કુશળતાથી કરી નથી લાગતી ?

આપણું આ જગત્‌નું જીવન માયા છે, સ્વપ્ન છે. બે દિવસ વચ્ચેની એક રાત્રી છે. આવા તત્ત્વજ્ઞાનના વિચારો રા. નરસિંહરાવના કાવ્યમાં પ્રથમ જ આવે છે. જેમ શેક્સપીઅરનાં પૂર્વાવસ્થા અને ઉત્તરાવસ્થાનાં નાટકોમાં ફેર, ભાષા અને વિચારોના ફેરફારથી જણાઈ આવે છે તેમ રા. નરસિંહરાવમાં પણ તે ફેરફાર જોઈ શકાય છે અને ત્હેનું આ એક દૃષ્ટાન્ત છે.

ઘુવડ

' નૂપુરઝંકાર 'માં જો ઉત્તમોત્તમ કાવ્ય હોય તો તે આ જ છે એમ અમને લાગે છે. કાવ્યની છાયા જો કે ' The Raven ' નામના ઇંગ્રેજી કાવ્ય ઉપરથી લીધી છે, પરંતુ એ છાયા સંપૂર્ણ ઉતરી રહેલી હોવાથી રા. કેશવલાલનાં ભાષાન્તરોની માફક original સ્વયંકલ્પિત કાવ્ય જેટલા જ સન્માનને યોગ્ય છે. ભાવ એવી સારી રીતે ઉતરી રહેલો છે કે વાંચનારને એકદમ અસરકારક થાય છે. વળી ઉત્તમ કાવ્યના લક્ષણરૂપ ધ્વનિ આમાં રહેલો હોવાથી કાવ્યની ખૂબીમાં વધારો કરે છે. ઇંગ્રેજી કાવ્યની શૈલી લીધી હોય એ તો સ્વાભાવિક છે પણ આ કર્તાના અન્ય સ્વતઃકલ્પિત કાવ્યોમાં તે ઘણી વખત પ્રતીત થાય છે.

"કવિના હૃદયમાં જ રહેલો " કદિ નહિ "નો ભાવ—આત્મસ્થિત ભાવ—કવિત્વકલાના કીમિયાથી બાહ્યવર્તી ઘુવડપક્ષીનું મૂર્તરૂપ લઈ બાહ્યજગતના પડદા ઉપર છપાયો છે એ રસિક વાચકને કહેવાની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જરૂર નથી.'' ખરેખર, આ સત્ય જ છે અને આનાથી વધારે વિવેચન અમારે કરવું યોગ્ય જ નથી. અમને જરા સ્હમજણ નથી પડતી તે એ છે કે જ્યારે ઘુવડનો જવાબ, કર્તાનો આત્મસ્થિત ભાવ જ 'બાહ્યવર્તી ઘુવડ પક્ષીનું મૂર્ત્ત રૂપ લઈ બાહ્ય જગત્‌ના પડદા ઉપર છપાયો છે.' ત્યારે કવિને, ઘુવડ 'કદી નહિં' જવાબ દે છે ત્યારે ગુસ્સે થવાનું શું પ્રયોજન ? એ જવાબ યોગ્ય જ છે એમ લાગવું જોઈએ. જો કાવ્યનો નીચે મુજબ અર્થ કરીએ તો વધારે બંધ બેસે છે. કવિના પ્રશ્નોમાં આશા છે, ઈચ્છા છે કે પ્રશ્નોના ઉત્તર મળશે, તૃષા શમિત થશે, હૃદયવીણા સંગીતના મધુર સ્વર ફરીથી કરશે. આ કવિનો આત્મસ્થિત ભાવ છે. ઘુવડ તે આત્મસ્થિત ભાવનું નહિં પરંતુ તેથી ઉલટા ભાવનું, "કદી નહિં" એવા નકારાત્મક ઉત્તરનું મૂર્ત્તરૂપ છે. અને આથી આશા અસંતુષ્ટ રહેશે એમ અવળો જવાબ મળ્યાથી કવિનો ગુસ્સો સ્થાને હોઈ કાવ્યની ખૂબી વધારે છે. કવિ પોતે હાનો જવાબ શોધવા જાય છે. તેવામાં ઘુવડ તેને સાચો ઉત્તર કહી દે છે. આ ધ્વનિ અંદર રહેલો હોવાને લીધે કાવ્ય ઉત્તમ તરીકે લાગે છે.

આવું જ, જો કે ધ્વનિવગરનું, જોડેનું કાવ્ય છે. આશાભર્યા ઉત્તરો અહિં કોકિલાના મુખમાંથી કવિએ ફૂહડાવ્યા છે.

ફુલ વહેંચનારી

કર્તાની ઝીણી સરખામણીની નજર, એક દર્શનથી અન્ય સમાન દર્શનનું સ્ફુરવું, એ આ કાવ્યમાં સ્પષ્ટ જ તરી આવે છે. સ્મિતના વિકાસની સાથે ફુલનો વિકાસ યાદ આવવો એ કાંઈ સમાનતા વગર હોઈ શકે જ નહિ.

ત્ય્હારે અને હવે

'નૂપુરઝંકાર'નાં કુદરતઆલેખનનાં કાવ્યોમાં 'ત્ય્હારે અને હવે' કાવ્યમાં શરૂ થતા બે શ્લોકો કુદરતનો ઘણી નિકટતાથી ચિતાર આપે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. 'કુસુમમાળા'માં સ્થળે સ્થળે જણાઈ આવતું વર્ણન આ કાવ્યમાં ક્વચિત જ વખત દૃષ્ટિગોચર થાય છે. આખું કાવ્ય પણ એકંદર સારૂં છે, કારણ કે પાંચે ચિત્રોના જુદા જુદા ભાવ ઘણી સરળતાથી ચિતરાયા છે. ક્વચિત જ વખત જણાઈ આવતા ભાવપ્રધાન અને તે વળી સર્વાનુભવ ભાવપ્રધાન કાવ્યનો આ એક જ નમૂનો રા. નરસિંહરાવના કાવ્યસંગ્રહમાં છે.

એમની–'યૌવને ધરી ગર્વને અર્ધજ્ઞાને મત્ત હું' વગેરે લીંટીઓ કવિ ભર્તૃહરીની यदा किंचिज्ज्ञोऽहम् વગેરે પંક્તિઓને સ્મરણ કરાવે છે.

રા. નરસિંહરાવનાં કેટલાંક કાવ્યોમાં એમણે જૂના કવિઓની પદ્યરચના લીધેલી છે. જો કે તે રચના એટલી બધી સફળ થયેલી નથી લાગતી છતાં એકંદર ઠીક છે. આવા કાવ્યના નમૂના "કિસા ગૌતમી' અને 'વિયોગિની યશોધરા' છે. આ બન્ને કાવ્યો અન્ય રીતે ઘણાં સારાં છે. ભાષાન્તરો હોવા છતાં અકૃત્રિમ અને ભાવથી પરોવાયલાં છે.

જ્ઞાનના કરતાં ભક્તિ ચઢિયાતી છે, યોગીઓના યમનિયમ વગેરે કરેલી ચિત્તવૃત્તિનો નિરોધ સાધી સમાધિઆદિથી પ્રાપ્ત કરેલી ऋतम्भरा प्रज्ञा જેવી જ કવિની પ્રજ્ઞા છે. સત્યના પાલકો કરતાં કવિઓને વધારે જલદીથી સાધ્ય છે, કારણ કે એમને દિવ્ય ચક્ષુ છે. આ ઉત્તમ કલ્પનાનું રહસ્ય અહિં '**દિવ્યયોગિની**'ના નાના સરખા કાવ્યમાં રા. નરસિંહરાવે જણાવ્યું છે, આ કાવ્ય એમની પશ્ચિમાવસ્થાનું જ હોઈ શકે, અને એમનાં પૂર્વકાલ અને ઉત્તરકાલનાં કાવ્યોની ભિન્નતાનું આ બીજું દૃષ્ટાન્ત છે.

અતિશય લંબાણ થઈ જવાના ભયથી અવલોકન અમે અહિં અટકાવીએ છીએ, જોકે અમને લાગે છે તેટલાં ઉપયોગી કાવ્યો-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અમે નોંધ્યાં છે. એકંદર રીતે જોતાં કાવ્યસંગ્રહ જોકે પૂર્વના સંગ્રહથી ઉતરતો છે, છતાં ગુજરાતી પ્રજા સમક્ષ મુકવાને સંપૂર્ણ યોગ્ય છે એમાં કાંઇ સંશય નથી. કલ્પનાના મિશ્રણ કરતાં તત્ત્વજ્ઞાનના–સત્ય સૌન્દર્યની ઊંચી ભાવનાઓના વિષય આમાં વધારે છે. કાવ્ય કરતાં કાંઇક શિખવાનાં ઘણાં વાનાં આમાં મળી આવે છે. પૂર્વના સંગ્રહોમાં બતાવેલા તે જ સામાજિક વિચારો આમાં એમણે જણાવ્યા છે એટલે Social reform—સમાજસુધારાના જ લક્ષ્યવાળાં કાવ્યો નથી એટલું જ નહિ પરંતુ એમાં કાંઇ પ્રગતિ પણ નથી. રા. નરસિંહરાવે પ્રથમ કરેલા વિચાર તે પ્રથમના ન હતા પણ સંભવી અંતિમ જ હતા, આ એક એમની દૃઢતાનો–એમના વિચારોની સંગીનતાનો પૂરાવો છે.

આપણે ઇચ્છીએ છીએ કે તે એક જણના કહેવા પ્રમાણે વિસર્જન પામતી કાવ્યદેવી એક વખત રા. નરસિંહરાવ તરફ પશ્ચાદ-વલોકન કરે અને સ્વચ્છ પરાવર્તકને સ્થાને રહેલા રા. નરસિંહરાવના હૃદયમાંથી તેવી ને તેવી છબી પાડે; કારણ કે અમે જાણીએ છીએ કે રા. નરસિંહરાવના હૃદય પરની પ્રકાશમાન ધાતુ હજી ઉખડી ગઈ નથી કે જેથી છબીનાં કિરણો વક્રીભવન પામી ઝાંખી નહિં ઓળખાતી મૂર્તિ આપણા હૃદયપડદા ઉપર પાડે, અને સાથે એટલું ઇચ્છીએ છીએ કે અમે પણ એ મૂર્તિનું પ્રતિબિંબ સ્થાન–focus શોધવાને શક્તિમાન્ થઇએ કે જેથી એ મૂર્તિ સ્પષ્ટ, સ્વચ્છ પડે, નહિં તો કદાચ આપણે એ પરાવર્તકનો દોષ જોવા જઇશું.

એવા સ્થાનભ્રષ્ટ જો અમે હઈએ એમ રા. નરસિંહરાવને લાગે તો અંતમાં અમે એમને વીનવીએ છીએ કે અમને એમની ઉત્તરાવસ્થામાં અવશ્ય પ્રતીત થતા ક્ષમાશીલ હૃદયે માફી આપે. ઇતિ.

અમદાવાદ.
જુલાઈ–ઓગસ્ટ ૧૯૧૫ } **મલયાનિલ**

(પુ. ૬૨ મું, ઓગસ્ટ–સપ્ટેમ્બર, ૧૯૧૫)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાટણની પ્રભુતા+

(એક ઐતિહાસિક નવલકથા)

આપણા સાહિત્યનાં અંગોમાંના એકનું પોષણ કરવા આજકાલ સંખ્યાબંધ નવલકથાઓ જુદે જુદે માર્ગેથી રચાઈ આપણા સાહિત્ય-ભંડારમાં ભરાવા માંડી છે. પણ એથી એ ઉપયોગી અને માર્મિક અંગ જોઈએ એવું નીરોગી અને સંગીન રીતે પોષાય છે કે કેમ એ એક વિચારવા જોગ પ્રશ્ન છે. સફળ અંશોવાળી ગુજરાતી નવલકથાઓની ગણતર સંખ્યાને આ સ્થળે ફરી ગણી જવાની જરૂર નથી, છતાં ત્હેમાંયે અદ્ભુત ચમત્કાર અને અલૌકિક વૃત્તાંતોવાળી નવલકથાઓ (Romances) કે સાધારણ રીતે દુનિયામાં બનતા માનવવૃત્તાંતોવાળી નવલકથાઓ (novels) ને માટે હજીયે જોઈએ તેટલાં સ્થાન ખાલી છે. ગુજરાતી નવલકથાઓ અને નવલકથાકારોની વાસ્તવિક સ્થિતિનું ભાન કરાવતા, એક સફળ અને સમર્થ રૂપાન્તરનું ગ્રન્થાવલોકન કરતાં 'વસંત' માસિકે એક વખત યોગ્ય જ કહ્યું હતું કે " આ પુસ્તક જેવી સૌન્દર્યની મૂર્તિઓ મૂકીને, ગુજરાતની રસવૃત્તિ ચાર ચોરીને શીવેલી નવલકથા (?) રૂપી કદ્રૂપી ઢીંગલીઓની રમત કેમ રમ્યાં કરતી હશે એ અમારાથી સમજાતું નથી. " આવી સ્થિતિમાં એક ઉત્તમ ઐતિહાસિક નવલકથાના સદંશોવાળી " **પાટણની પ્રભુતા** "ની નવીન કૃતિનો અને એના આશાજનક અને પ્રતિભાશાળી લેખકનો અમે હૃદયપૂર્વક સત્કાર કરીએ છીએ.

પણ " **પાટણની પ્રભુતા** "ને ઉમળકાભેર વધાવી લેવાનું એક વિશેષ કારણ છે. અત્યાર સુધીમાં ગુજરાતને જે જે ઐતિહાસિક નવલકથાઓ જેવી તેવી મળી છે તે આપણા હિન્દના ઇતિહાસ

× **'ગુજરાતી'ની ૩૨ મી ભેટ, લેખક રા. રા. ધનશ્યામ, કીંમત રૂ. ૦.**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંબંધી છે. આપણા જીવન્ત વર્તમાનકાળ પાસે આપણા જીવન્ત અને ઉજ્જવળ ભૂતકાળની પૂજા કરાવતી ખુદ ગુજરાતના ઈતિહાસની નવલકથા અમે નહીં ભૂલતા હોઈએ તો આ પહેલવહેલી છે. ગુજરાતના ઇતિહાસનાં વેરાયલાં સાધનોને એકઠાં કરી, એમનું પરિશોધન કરી, એમને શાસ્ત્રીય રીતે ઇતિહાસમાં ગોઠવી આપણા ઐતિહાસિક બંધુમાંથી કોઈ ગુજરાતને નઝર કરે તો અમારી ખાતરી છે કે પ્રસ્તુત નવલકથા સાધી શકે છે ત્હેના કરતાં પણ વધારે સફળતા સાધી શકાત. આવાં સાધનોના અભાવમાંયે આવી સુન્દર કૃતિના રચનારને અને એક નવીન નવલકથાકાર તરીકે ગુજરાતને એમનો પરિચય કરી આપવા માટે અમે 'ગુજરાતી'ને ધન્યવાદ આપીએ છીએ.

રા. ધનશ્યામ નવા લેખક જણાય છે. પણ આ નવલકથા અને 'ગુજરાતી'માં ગયે વર્ષે અઠવાડિયે અઠવાડિયે પ્રસિદ્ધ થયેલી "વેરની વસુલાત" નામની સુન્દર સામાજિક નવલકથામાંના સ્થળે સ્થળે દેખાઈ આવતા શૈલીના સામ્ય ઉપરથી બન્ને કૃતિઓ આ લેખકની છે એ ગુપ્ત રહી શકતું નથી. પોતાની ભેટની નવલકથાઓમાં રા. ધનશ્યામદ્વારા 'ગુજરાતી'એ આમ જોઈતી નવીનતા અને વિશેષ સંસ્કારિતા દાખલ કરી છે તે યોગ્ય જ કર્યું છે.

× × ×

રા. ઘનશ્યામ એમની આ નવલકથામાં એમના સ્તુત્ય સાધ્યના ઉદ્દેશને સુન્દર રસસામગ્રીઓના સાધનદ્વારા ઘણા અંશે સફળ કરી શક્યા છે એમ અમે માનીએ છીએ. એમની નવલકથામાંથી અમને એમના સમગ્ર વ્યક્તિત્વનો, એમની ઉચ્ચ આશયોવાળી વિદ્વત્તાનો, એમની જ્ઞાનસમૃદ્ધિનો, એમની ઝીણવટભરી સમર્થ ભાષાપ્રભુતાનો, એમની વિવેકી રસવૃત્તિનો અને એમના ઉત્તમ અંગ્રેજી નવલકથાના ઘટ્ટ પરિચયનો સારો પરિચય થાય છે. કતલની રાતો જેવા રાજ્યખટપટના ક્ષોભથી ડહોળાયલા થોડા દિવસના—કર્ણદેવના મરણ—

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રસંગનું ચિત્ર ખડું કરતી આ નવલકથાને એમણે કુશળ કળાવાનની કળાથી પ્રેમરસભીની કરવામાં કચાશ રાખી નથી. ગુર્જર સામ્રાજ્યના ભવ્ય ભૂતકાળને એમણે અંધારી ગુફામાંથી ફૂહાડી આપણને હાલ ગમતાં સામ્રાજ્યસિદ્ધિનાં મહાસૂત્રો ઉપદેશતો આપણી આગળ ખડો કર્યો છે. ઐતિહાસિક નવલકથામાં પ્રાધાન્ય ભોગવતા વીર ને શૃંગાર રસનાં શુદ્ધ સાત્ત્વિક પાન આપણાં હૃદયો અને બુદ્ધિઓને આપણે આ કથામાંથી સદા શોષાતી રસતૃપ્તિ સાથે પાઈ શકીએ એમ છે. સાધારણ નવલકથાકારનાં શુષ્ક અને લાંબાં લાંબાં નિરૂપણોથી નહીં, પણ જીવંત પાત્રોનાં નવલકથાને આકર્ષક કરનારા સુન્દર સંવાદો દ્વારા ને વિવેકભર્યા સુન્દર નિરૂપણની વચ્ચે વચ્ચે આછી આછી છાંટ દ્વારા સામ્રાજ્યહોમના આચરણમાં સ્નેહભોગપૂર્વક હોમાતાં મંત્રીશ્વરોનાં, વીરોનાં, વીરાંગનાઓનાં, પ્રેમશૌર્યનાં, યશનાં ભૂખ્યાં પ્રેમાલ યુગલોનાં, શૂરાતનના ઓધનો ધોધ ગગડાવતા રાજ્યબારોટોનાં (આપણા કાળના હવે તો મહાકવિવરોનાં) અને નાગરિકની પાત્રતા ધરાવનારાં પ્રજાજનોનાં પાત્રો આપણા હૃદયસ્નેહનાં પાત્ર કેટલાં બધાં થઈ પડે છે? નવલકથાની સમગ્ર વસ્તુના ફૂલને મનોહર કરનાર પાંખડીઓ જેવાં પ્રકરણોમાં દેખા દેતું દરેક પાત્ર યોગ્ય રીતે યોજાયું છે. પાત્રવિકાસ જોઇએ એવો થઈને આદિથી અંત સુધીમાં પાત્રોનું વ્યક્તિત્વ જળવાઇ રહ્યું છે. ગ્રંથકારનાં બુદ્ધિ, હૃદય કે કલ્પનાશક્તિએ ઉશ્કેરાઈ જઇ નાહક ખર્ચાળુ ઊભરાઓ ફૂહાડી શક્તિનો દુર્વ્યય કર્યો નથી. એના વિનોદી ધૈર્યની વિવિધ પ્રકારની ઔચિત્યબુદ્ધિથી આખું લખાણ વાચકના મન ઉપર શાન્ત સબળ અને સચોટ અસર કરી રહે છે.

આટલું કહ્યા પછી આ નવલકથાનાં મુખ્ય પાત્રો અને એની દોષબાજુ વિષે ટૂંકું સૂચન કરી આ અવલોકન પૂરું કરીશું.

પહેલા વર્ગનાં પાત્રોમાં સત્તાના ભારે શોખને લીધે તૂટે પણ વળે નહી એવી બાહોશ રાણી મીનળદેવી અને એના કરતાંયે વિશેષ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અડગ, આદર્શ નીતિનિપુણ, સમાન અંશે કોમળ અને તીવ્ર મુખ્ય મંત્રી મુંજાલ છે. સમગ્ર સામ્રાજ્યના સૂત્રધાર થવાની શક્તિ મુંજાલમાં ભેગી થઈ છે. એના સાહાય્ય વગર ગુમાની રાણીનું ગુમાન કેવું ગળી જાય છે અને એના આગળ એ કેવી દીન ને નિર્બળ થઈ જાય છે એ ચિત્ર વિસ્મય પમાડે છે. એની બુદ્ધિને, બોલીને કંઈ અગમ્ય અસાધ્ય નથી. ખરી વિષ્ટિ, રાજ્યનીતિ, આત્મભોગભર્યો સાચો સ્વદેશપ્રેમ તો મુંજાલનાં જ. દેશમાં રાજકીય ક્ષોભ થાય નહિ એટલા માટે લક્ષ્મી સરસ્વતીના સમાગમના અવતાર જેવી પ્રેમાળ હંસાને, પિતાને સ્થાને રહેલા વડીલ ભાઈ મુંજાલે અને રાજ્યલોભી રાણીએ, એના ગૃહસ્થાશ્રમની ઉગતી કવિદશામાંથી તોડી–ઉપાડી જઈ, સંસારરસને સૂકવી પ્રેમાળ પતિના અને છ માસના માતાના ધાવણ માટે વળખાં મારતા પુત્રના હૃદયોમાં ઉંડા જ્વાળામુખીઓ જગાડી, કેદ કરી, અને મરણ પહેલાંની એક જ રાત્રિ માટે–અને તે પણ સ્વાર્થસાધના માટે છોડી એ શું ખરેખર રાજ્યખટપટની કરુણાવિમુખ પરિસીમા નથી? હંસાનો પતિ ઉતાવળિયો છતાં સમ્રાટ ને પ્રજાનો સાચો વીરમિત્ર છે. ખેલદીએ બાઝેલાં દંપતીનાં વીરોચિત થયેલાં મરણો મનુષ્યજીવનની કરૂણકથાની ભયંકર બાજુ બતાવે છે. ખરી થયેલી બીના ગુજરાતના ઈતિહાસે નોંધી રાખી નથી. આવા કરૂણ પ્રસંગનો જન્મ ગ્રંથકારની કલ્પનાની ફળદ્રુપતાએ આપ્યો છે અને તેથી એ ઘણે અંશે આશ્ચર્ય ને ધન્યવાદને પાત્ર છે. મીઠી મેધાવિની, ટોળી, વિનોદી અને પ્રેમાળ વીરબાળા પ્રસન્નમુખી દેવબાળા જેવું હસતું, રમતું, ખીલતું સ્ત્રીપાત્ર છે. મુંજાલના ભાણેજ ને હંસા–દેવપ્રસાદના પુત્રની વીરાંગના થવાને એ જાજરમાન બાળા સર્વ રીતે લાયક છે. આ યુગલના એકેએક પ્રેમપ્રસંગો વારેવારે વાંચવા જેવા છે. મોરારપાળને મોહપાશમાં નાખી એણે કુંચીઓ લઈ લેવાને મોહનીભાગ ભજવ્યો હતો તે ભૂલી જવાય એવો નથી. પરણ્યાં પછીયે પતિ સાથેના મનોરમ વાર્તાલાપમાં મોરારપાળને એ કેવી રીતે ઉપહાસપાત્ર બનાવે છે? પરણ્યા પહેલાં સ્નેહવરને મરણથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બચાવનાર એ બાળવીરાંગના જ હતી. શામળ બારોટનું વૃદ્ધ પાત્ર સાચા કવિ હૃદયની ભાવનાઓથી ભરેલું છે. એનું મૃત્યુ પણ ભાવનામય થઈને ભવ્ય અસરો અમરતાને આપતું જાય છે. ઉદા મારવાડીનો સાચી વૈરાગ્યબુદ્ધિથી સાધેલો "નિર્મળ સ્વાર્થ" પણ શીખવા જેવો છે.

આખી નવલકથા એકવાર વાંચ્યે તૃપ્તિ થતી નથી. એનાં કેટલાંક પ્રકરણો ને પ્રસંગો ફરી ફરી વાંચવા મન લલચાય છે. અમે માનીએ છીએ કે આ અવલોકનના આરંભમાં ઉતારેલા નવલકથા અને નવલ-કથાકારના ઉપર 'વસંતે' જે હિતૈષી આક્ષેપ મૂક્યો છે તે કંઇક અંશે આવી આવી કૃતિઓથી ઓછો થવા સંભવ છે.

આ કૃતિની આટલી ગુણપ્રશંસા કરી એના દોષો પણ શુભેચ્છાની આશાયે ભૂલવા જોઈતા નથી. રા. ઘનશ્યામ એકંદરે સુન્દર, સરળ, પ્રૌઢ અને મોહક ગદ્ય રચી શકે છે. નથી એમાં પાંડિત્યશૈલી, ભાષાના અભ્યાસીનું અભ્યાસપ્રદર્શન, વાગાડંબર કે છુછલ્લા સાહિત્યકારનો મિથ્યાડંબર. છતાં એમાંથી વીણવા માંડીએ તો કેટલાક ભાષાદોષ વીણાય એમ છે. કેટલાક તરજુમિયા કે અશુદ્ધ શબ્દો, અંગ્રેજી વાક્યરચનાનાં વાક્યો કે રા. નરસિંહરાવ જેને મુંબઈની "ખીચડિયા"–અમારા મતે થોડાક અપવાદ સિવાય ઘણાખરા નવીન લેખકોની—ભાષા કહે છે ત્હેની બહુ જ વિરલ છાંટ છે. દાખલા તરીકે, શું (વિકારી), સહાય, પધારો ('સિધાવો'ને બદલે), ખુશી ('ખુશ'ને બદલે), ખુશામતીઓ ('ખુશામદો'ને બદલે), વિક્રાળ ('વિકરાળ'ને બદલે), શક્તિવાન્ વગેરે શબ્દો ખોટી રીતે વપરાયા છે, લખાયા છે. નીચેનાં વાક્યો કે શબ્દસમૂહો પણ શુદ્ધતા માગી લે છેઃ—

આશ્ચર્ય થયો. (પૃ. ૪૬), બારે પોર (૧૨). સામું બાજું (૭૩), મોતી × × મઢાવ્યાં છે (૧૦૮), મન બાપના દરબારમાં મહાલેલાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સુખો ફરી મ્હાલવા લાગ્યું (૧૯૧), કેમ છે-છો બધાં ? (૨૩૮), મને માન (૨૨૨) વગેરે.

પણ અનેક ગુણોમાં આ દોષો ઢંકાઇ જવા જોઈએ એમ ઢંકાઈ જાય છે. નવીન લેખકની નવીન શૈલી જ્યહારે સ્થાયી સ્વરૂપ ધારણ કરશે, અને તેમ થવાનો આરંભ થઈ ચુકયો છે, તો આવા દોષો પણ આપોઆપ દૂર થઈ જશે.

ગુર્જર સાહિત્યનાં પુસ્તક પ્રસાર કરનારી સંસ્થાઓમાં "ગુજરાતી"નું સ્થાન મ્હોટું છે અને એટલા માટે અમે એને નમ્ર વિનંતિ કરીએ છીએ કે આવા પુસ્તકનો બહોળો પ્રચાર થાય એટલા માટે એની ભારે કિંમતમાં ઘટાડો કરવાની જરૂર છે. બીજી વિનંતિ એ કરીએ છીએ કે બે પાત્રો વચ્ચેની વાત-પછી ભલે એમાં એક જ અક્ષર હોય તે છતાં જુદી જુદી લીટીઓમાં છાપવી જોઇએ. આ પુસ્તકમાં કોઈ કોઈ સ્થળે એમ થયું નથી તેથી પાત્રમાં ફેરનો ભ્રમ થઈ જાય છે ને વાચનરસમાં ભંગ પડે છે. હાલમાંની કાગળની મોટી મોંઘવારી આનાં કરતાં બીજી કોઈ રીતે અમર કરી શકાય ! !

અન્તમાં અમે ઇચ્છીએ છીએ કે રા. ધનશ્યામ આવી વધુ અને વધારે સારી નવલકથાઓ લખવા શક્તિમાન થાય અને ગુર્જર-સાહિત્યને સમૃદ્ધ કરે.

શંકરલાલ છગનલાલ રાવળ

(પુ. ૬૩ મું, મે, ૧૯૧૬)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુજરાતની એક નવલકથા

કલા અને કલ્પનાશક્તિના એક આદર્શરૂપ સાહિત્યના લગભગ એંશી વર્ષ પર્યંતના ગાઢ સમાગમ પછી ગુજરાતની સમકાલીન સ્થિતિ શી આશાનું વહન કરે છે? સ્પેન્સર, મિલ્ટન અને શેલી જેના કવિઓ છે, શેકસપીઅર અને બેન્જોન્સન જેના નાટકકારો છે, લેમ્બ, કાર્લાઈલ અને રસ્કિન જેના નિબંધલેખકો છે અને ફીલ્ડીંગ, સ્કોટ, ડિકન્સ, થેકરે અને મેરિડિથ જેના નવલકથાકારો છે; જે સાહિત્યની સંગાથે સંબંધ બાંધતાં ગુજરાત લગભગ વૃદ્ધ થવા આવ્યું. વળી ઇંગ્રેજી સાહિત્ય એક હોત તો અન્ય પ્રશ્ન ઉભો થાત, પરંતુ જગતની ભૂગોળમાં ઇંગ્લન્ડનું મધ્યસ્થાન છે. તેનું સાહિત્ય આથી અનન્ય વિસ્તારને પામ્યું છે. અને દૂનિયાની દૂરમાં દૂર ભૂમિઓની સંસ્કૃતિઓ તેમાં ભાષાન્તર રૂપે પ્રકટ થવા પામી છે. આ કારણને લીધે, ઇંગ્રેજી સાહિત્યનો અભ્યાસ કરતાં ગુજરાતના વાસીઓ એક પદબંધ અને સીમાબંધ સાહિત્યનો અભ્યાસ કરવા મંડ્યા નહોતા પરંતુ પ્રત્યેક કાળની અને પ્રત્યેક ભૂમિની ઉત્તમોત્તમ કૃતિઓનો પ્રસાદ પામતા હતા. સને ૧૮૩૩–ની સાલ હિન્દુસ્થાનના ઇતિહાસમાં સદાને માટે સ્મરણીય રહેશે તે આ કારણને લીધે જ. જો કે પોતે તે વાતથી તદ્દન અજ્ઞાન હતો, જો કે ઇતિહાસના ત્રિકાળદર્શી આયનામાં તેણે ભવિષ્યનું ફળ પારખ્યું નહોતું, છતાં સને ૧૮૩૭માં લોર્ડ મેકોલેએ ઇંગ્રેજી ભાષા દ્વારા શિક્ષણ આપવાનો નિર્ણય જાહેર કરતાં, સૈકાંને સૈકાં થયાં પોતે બાંધેલી પ્રણાલિકાઓમાં ફરી ફરી ગુંગળાઈ ગયેલા હિન્દુસ્થાનને મુક્તકંઠ કર્યું, તેના રહી ગયેલા સાંધાઓમાં નવચેતન પુર્યું અને એક ને એક દૃશ્ય ઉપર અનંતકાળ સુધી નિરખી રહેવાથી બદ્ધદૃષ્ટિ થએલાં તેનાં નયનોને વિશ્વવિશાળ દૃશ્ય આપ્યું. ઇંગ્રેજી ભાષાના અભ્યાસને લીધે પ્રાપ્ત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થયેલું જ્ઞાનનું આ વિશ્વવ્યાપીપણું પ્રતિદિવસ વધતું જાય છે અને નવીન વાતાવરણોમાં ગુજરાતને ઉપાડતું જાય છે. તો પ્રશ્ન એ સહજ જ છે કે સાહિત્યસમૃદ્ધિના આ ગાઢ પરિચય પછી ગુજરાતના સાહિત્યે શું એવું ઉત્પન્ન કર્યું કે તે જોઈ આપણી પછી આવનાર પ્રજા પોતાના પિતૃઓ માટે અને એમની કૃતિઓ માટે અંતરની અંદર માન અને આભારની લાગણીઓ ધરે ? કવિતા, નાટ્ય, નિબંધ, જીવનકથા, અને અવલોકન વગેરે સાહિત્યનાં અગત્યનાં અંગો બાદ કરીએ અને માત્ર એક નવલકથાનું આપણું સાહિત્ય તપાસીએ; ત્યાં કોઈ પણ એવી કૃતિઓ ઇતિહાસને પાને જડાયલી દેખાય છે કે જે કાલના ઘસારા સામે ટકી રહે ?

આજકાલ ઉભરણની પેઠે માસિકોમાં ઉભરાતી–મુખ્યત્વે વસ્ત્રાલોચનરૂપ–વાર્તાઓ સંબંધી પ્રશ્ન નથી. જે ખેદજનક વસ્તુ છે તે એ છે કે દિવસે દિવસે વધુ કેળવાતા જતા ગુજરાતને—લોકસમાજને કેળવણી અને આનન્દ આપવાનું મુખ્ય સાધન–નવલકથાનું સાહિત્ય હજુ સમગ્ર ઉભું કરવાનું છે. આંગળીના વેઢા ઉપર ગણતાં પણ પૂરી બે આંગળીઓ ન ભરાય તેટલી શિષ્ટ નવલકથાઓવાળા સાહિત્યનું આ દર્શન, આશા અને ઉત્સાહનું, ખરેખર, હારક બનત–જો, ઉછરતી પ્રજાના સદ્ભાગ્યે, છૂટાછવાયા પણ બે ત્રણ ગ્રન્થકારોએ, ગુજરાતનો આંતર્ પ્રભાવ એમ ને એમ અણશોધ્યો ડુબવા ન દેતાં, પોતાની કલમના ચમત્કાર વડે મૂળમાંથી ખેંચી આણી ગુજરાતને ન દેખાડ્યો હોત તો.

નવા જમાનાના આદર્શરૂપ બની રહેલી નવલકથાઓમાંની **કુસુમાવલી** * એક છે અને અગ્રસ્થાને છે. ગુજરાતી સાહિત્યનું તે એક ખરેખરૂં—કદાચ એકલું—Romance છે. આથી હાલની પ્રજાને આનંદ માણવાનો છે કે શોચ કરવાનો છે તે અન્ય વાત છે, પરંતુ જે ચોક્કસ છે તે એ કે ગુજરાતને તેવું કે તેની સરખામણીમાં ઉતરે

* પ્રથમ પ્રગટ થઈ ૧૮૮૯: ત્રીજી આવૃત્તિ ૧૯૧૭.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેવું રોમેન્સ હજી ઉત્પન્ન કરવાનું છે. નવલકથાના સાહિત્યમાં આમ અગ્રસ્થળ પામેલા ગ્રન્થની એક ટુંક નિબંધમાં સમાલોચના કરવી અશક્ય છે. માત્ર ઘણા વર્ષના અંતર પછી પુનઃ તેના વાંચને હૃદયમાં ઉદ્ભવેલા બેચાર સાધારણ વિચારો અત્રે દર્શાવી વિરમીશ.

આ નવલકથાની સૌન્દર્યરેખાઓ નોંધવા બેસીયે તો બહુ થાય. **કુસુમાવલી**એ અનેક વાંચકોને પોતા તરફ ખેંચ્યા છે. કોઈને તેની સમૃદ્ધ ભાષાએ, કોઈને તેનાં સુન્દર વર્ણનોએ, તો કોઈને તેની મનોહર પાત્રરચનાએ. તેમાં હાસ્ય પણ છે તેમજ અદ્ભુત પણ છે; કરૂણ અને કોમળ બન્ને રાગ તેમાં સાથે વહે છે. સ્નેહ અને લાગણીથી છલકાઈ જતા હૃદયને તેમાં કોમળમાં કોમળ પ્રેમનું આલેખન મળી આવશે; ભયાનક અને આશ્ચર્યકરના શોધનારને, તેની કલ્પનાએ પણ નહી કલ્પેલા એવા આશ્ચર્યકર અને અદ્ભુત પ્રસંગો જડશે; જ્યારે ધર્મ અને નીતિની લાગણીવાળાને અનેક તલસ્પર્શી વિચારભર્યા સુબોધ શબ્દો મળી આવશે. પરંતુ તે સર્વને બાદ કરતાં, તેમાં પહેલેથી છેલ્લા પાના સુધી ભરેલી રંગરાગની ભરછક ભરતી દૂર કરતાં એક વાત તેના વાંચનારને સ્પષ્ટ લાગી આવ્યા વિના નથી રહેતી અને તે તેમાં દેખા દેતો સમર્થ કલ્પનાપ્રભાવ છે.

કલ્પના એ મનુષ્યનું ઈશ્વરદત્ત દાય છે. પરંતુ તે કલ્પના સ્વચ્છંદ પણ હોઈ શકે અને સ્વતંત્ર પણ હોઈ શકે. જ્યારે કલ્પના અનિયંત્રિતતા અને સ્વાચ્છંદ્ય પ્રાપ્ત કરે છે ત્યારે ઈશ્વરનો પ્રસાદ મટી તે ગંડકના ઉન્માદનું સ્વરૂપ ધારણ કરે છે. સ્વતંત્ર છતાં પોતાને ઉચિત તંત્રથી નિયંત્રિત કલ્પના તો સૃષ્ટિના મહાન્ ગુપ્ત નિયમોની ઉકેલનારી શક્તિ છે. કવિઓ તેને ભજે છે, ઇતિહાસકારો તેને વન્દે છે, તત્ત્વચિંતકો તેને ચિંતે છે. ઉચ્ચમાં ઉચ્ચ કલ્પનાનો નમૂનો આ બીજો પ્રકાર છે. સૃષ્ટિના જડ સંભોગોથી દૂર, ઉંચે અનંત આકાશમાં એકલી ઉડતી કલ્પનાના વિલાસ દેખાય છે સ્વચ્છંદ, તરલ અને ક્ષણભંગુર,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને તે તરલ પણ છે અને કલ્પિત પણ છે; પરંતુ ઉંડી દૃષ્ટિના નિરીક્ષકને તે તરલતા અને કાલ્પનિકતા નીચે ગંભીર ફિલસુફી, કોઈ ગહન સત્યનાં, સૃષ્ટિનાં નિયામક સૂત્રોનું ઉંડું દર્શન, દેખાયા વિના નહી રહે. મનુષ્યને અર્પેલી એક દૈવીશક્તિનું આ પ્રકારનું વર્તન શા નિયમને આધારે છે અને શા તત્ત્વ ઉપર નિયંત્રિત છે તે તો ઈશ્વર જ જાણી શકે; પરંતુ એ એક સિદ્ધ વસ્તુ છે,–પછી તે ગમે તેટલી વિલક્ષણ કે આશ્ચર્યકર જણાય–કે સૃષ્ટિની સાહિત્યભૂમિકામાં, સૃષ્ટિનાં અનાદિ સત્ત્વોની તરફ તેમની લાગણીના પ્રમાણમાં જ, તેના સાહિત્યસેવકોની કલ્પનાકૃતિઓ, ભવ્ય, ઉન્નત અને ચિરસ્થાયી બની છે.

આ નિર્ણય એક બીજા પ્રશ્નને સૂચવે છે : અને તે એ કે જો કલ્પનાની સર્વોત્કૃષ્ટ મર્યાદા સૃષ્ટિના ગહન, પણ સૃષ્ટિનાં જ અસ્તિમાન સત્ત્વો અને પ્રથાઓના પૃથક્કરણમાં છે તો Realism અને Idealism વચ્ચે શો અને કયો, અથવા કાંઈ પણ ભેદ છે ? અથવા Idealism તે એક માત્ર વધારે ગહન Realism નથી ?

કલ્પનાનું આ પ્રૌઢપણું, આ ભવ્યતા **કુસુમાવલી**ના વાંચનારને સ્પષ્ટ જણાશે. વાર્તાનું વસ્તુ બહુ સંકુચિત છે. પરંતુ આ તેનું સંકુચિતપણું જ, તેની બિનાઓની ઋજુતા અને સરલતા, કથાને તેની પ્રૌઢતા અને ભવ્યતા અર્પે છે. કહે છે કે યુરોપીય પ્રજાઓ સમક્ષ જ્યારે આઈસ્લેન્ડ અને નોર્વે સ્વીડનની “સાગા”ઓ બહાર પડી ત્યારે યુરોપીય પ્રજા આ વાર્તાઓના પ્રભાવથી સજડ બની ગઈ હતી. આ વાર્તાઓ તદ્દન સરલ હતી, તદ્દન નિરાભૂષણ અને ટુંકી હતી પરંતુ એ સરલતા અને એ લઘુતા પછવાડે મનુષ્યહૃદયના ચિરસ્થ ભાવોનું એવું સમર્થ આલેખન હતું, તેમનાં અરસ્પરસ સ્નેહમાં અને વિસ્નેહમાં સંઘટ્ટન અને સંઘર્ષણ એવી ચમત્કારિક રીતે વર્ણવેલાં હતાં કે તે વાર્તાઓ સદાને માટે માનવહૃદયનું મૂર્તિમંત ચિત્ર બની રહી. **કુસુમાવલી**, તેના વાંચકોને દૂર દેશના આ પ્રબંધોને દૂરથી યાદ દેવરાવ્યા વિના નહી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રહે. અતિ સરલ અને અતિ સાધારણ તેની વસ્તુને કર્તાના સમર્થ કલ્પનાપ્રભાવે એવું ભવ્ય સ્વરૂપ આપ્યું છે, એક ન્હાના ચિત્ર આસપાસ અને અંદર, વિશાળ અનુભવે, ઉંડા જ્ઞાને, તીવ્ર નિરીક્ષણ-શક્તિએ અને તે સર્વ સાથે સમર્થ સર્જનશક્તિએ એવા રમણીય રંગોની મિલાવટ કરી છે કે એક નજીવી અને નિર્માલ્ય સર્વસાધારણ નવલકથા ન બનતાં તે એક સમર્થ સર્વોત્તમ રોમેન્સ બને છે. એક જાતની "Elemental grandeur" આ નવલકથાને છાઈ રહી છે જેથી તે સરલમાં સરલ છતાં, ન્હાનામાં ન્હાની છતાં, બહુ ઘણા સામર્થ્યથી વાંચનારના હૃદય ઉપર અસર કરે છે. કારણ, એક દૃષ્ટિએ જોતાં આ નવલકથાનું વસ્તુ શું છે? એક કુલવતી અબલા ઉપર અનેક પ્રકારનાં દુઃખનું પડવું અને તે દુઃખમાંથી તેનું વિમોચન. પરંતુ બીજી દૃષ્ટિએ જોતાં જગતના મહાન સમારંભો કરતાં પણ વધુ મહાન પ્રસંગ એ નવલકથાને મધ્યબિન્દુએ નથી? **કુસુમાવલી** એક નવલ-કથા નથી; લગભગ તે એક મહાકાવ્ય છે અને તે એ કારણને લીધે કે તે, બે કલ્પિત પાત્રોના અન્ય બે કલ્પિત પાત્રો સાથે વિરોધ, વિયોગ કે સંબંધનું વર્ણન નથી, પરંતુ તે એક નબળા, નિર્દોષ, પણ ધર્મને ચુસ્ત મનુષ્યત્વના, ઉગ્ર સર્વશક્તિમાન વિધાત્રી સાથે તુમુલ અને વિજયી યુદ્ધનું વર્ણન છે. આ તેનું ઉન્નત સ્વરૂપ તે જ **કુસુમાવલી**ની શોભા છે. જગતનાં બે મહાબળો એક ઈશ્વરી અને બીજું આસુરી, તે તેમાં સામાસામાં આવી મળે છે; તેમનો વિરોધ અને મહા વિગ્રહ, અને તે વિગ્રહની અઘોરતામાંથી, નબળા, અશક્ત અને અસહાય ઈશ્વરી બળનું જ્વલંત તેજે નિષ્કલુષિત વિજયી નિકળવું–તેનું વર્ણન તે **કુસુમાવલી** છે.

પરંતુ આ તેનું અંતઃસ્વરૂપ સ્પષ્ટ કરી કર્તાએ પોતાની રસ-જમાવટ વિખેરી નથી નાખી. કુશલ કલાવાન પેઠે પોતાની કથાને એક ધાર્મિક સંભાષણ ન કરતાં તેના કર્તાએ તેને નવલકથા જ રાખી છે. અહીંયાં આ નવલકથાની બીજી બાજુ ઉપર આપણે આવીયે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છીએ. સ્થળ કે સમય દર્શાવવાની દરકાર ન કરતી અને ઇતિહાસ સાથે ફસણું લઇ બેઠેલી આ નવલકથા વસ્તુત: આપણા જ દેશની છે; અને તેમાં પણ તે આપણા દેશના વધુમાં વધુ ગૌરવવાળા, વધુમાં વધુ પ્રતાપવાન ક્ષત્રિયકુલને જ લગતી છે. ભારતના ઇતિહાસમાં નક્ષત્રની પ્રભાએ જળહળતાં આ રાજકુલોના ઇતિહાસે અને તેમનાં ઉદાત્ત જીવનવૃત્તાંતે કયા સહૃદય દેશપ્રેમીનાં હૈયાં નથી હલમલાવ્યાં ? દૂરદેશાવરની, અને અજાણી સંસ્કૃતિમાં ઉછરેલી પાશ્ચાત્ય પ્રજા પણ તેમની ગત સમૃદ્ધિનાં ખંડીયેરો જોઈ આશ્ચર્યચકિત થઇ ગઈ છે, તો તેમની જ ભૂમિમાં જન્મેલાં અને તેમની જ માતાનું સ્તનપાન ધાવેલાં તેમનાં ભાંડુઓ કેમ નિશ્ચેષ્ટ રહે ? જેમ યુરોપને મધ્યકાળમાં તેનો વીરસમુદાય (Order of Knighthood) હતો તેવો હિન્દુસ્થાનને પણ હતો અને તેથી પણ વધારે, જ્યારે વીસમી સદીના અર્થ–વાદમાં ડુબેલા આધુનિક યુરોપને માત્ર તેનાં સ્મરણો જ રહ્યાં છે ત્યારે આપણા દેશમાં તો ક્ષાત્રવટ જીવંત જાગતી છે અને તેનું ઉગ્ર લોહી હજી પણ રાષ્ટ્રીય નાડીઓમાં વહે છે. શૂરવીર, ઉદાત્ત, અને અડગ ગર્વવાન્ આ રાજવંશીઓ અને તેમના વીરચારિત્ર્યનું આ નવલકથામાં આલેખન થયેલું છે. અબળા જાતિ પ્રત્યે નિર્મળ, વિશુદ્ધ પ્રેમ, ત્રસ્ત અને દુ:ખિતને સહાય થવા પ્રાણ પણ નાખી દે તેવી ઉચ્ચ ભાવના, અજેય સ્વામીભક્તિ, અને કદી પણ ન નમે તેવું કુલ–અભિમાન—હિન્દુસ્થાનના રાજકુલના આવા કેટલાક ઉચ્ચમાં ઉચ્ચ સંસ્કારો આ નવલકથાનાં પાનાંમાં સચોટ ઉતરેલા માલુમ પડશે; જ્યારે જલ કે અગ્નિ, કોઇ પણ દુ:ખથી ન ડગનારી ધર્મપરાયણ, પતિપરાયણ અને સંતતિપરાયણ ક્ષત્રિયાણીનું તદ્રૂપ આલેખન તો **કુસુમાવલી**થી અન્ય થોડે જ સ્થળે જડશે. આથી **કુસુમાવલી**નાં પાત્રોમાં એક પ્રકારની ભવ્યતા આવી રહેલી છે.

તેઓ ક્ષત્રિય જીવનના એક એક સુસંસ્કારોની ઉન્નતમાં ઉન્નત કલ્પના છે. જાણે ક્ષાત્રવટનો આત્મા સંપૂર્ણ તેના કર્તાને મળ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોય તેમ તેની કથા એક પછી એક વાંચનારના હૃદયમાં ક્ષત્રિય ચારિત્ર્યસમૃદ્ધિનાં ભિન્ન ભિન્ન ચિત્રો ઉભાં કરે છે. નવલકથાનાં ન્હાનાં અને અનેક પ્રકારનાં અલંકારોથી ખીચોખીચ ભરપૂર પ્રકરણોમાં તેના કર્તાએ આપેલો રજપૂત કુલનો, તેના રાજકીય અને કૌટુંબિક સંજોગોનો, તેની ગુંચવણોનો અને તેના સૌન્દર્યનો ચિતાર જેટલો આબેહુબ છે તેટલો જ આકર્ષક છે. તેમ જ કર્તાએ પોતાની વસ્તુની એકજ બાજુ બતાવીને સંતોષ નથી માન્યો. અનીતિના અંધકારથી ભરેલા રાજ્યનું તંત્ર કેવું હોય તેનું વર્ણન **કુસુમાવલી**થી વધારે સમર્થ રીતે ઘણે થોડે સ્થળે અંકાયલું હશે. પરંતુ હિન્દુસ્થાનના એક રાજ્યસ્તંભ જેવાં આ ક્ષત્રિયકુલોની રીતિ-નીતિનાં છિદ્રો અને તેમની અપૂર્ણતા જ આજસુધી જોવામાં અને બતાવવામાં કૃતકૃત્યતા માનવામાં આવી છે ત્યારે આ નવલકથાના કલાકારે, તેમનાં જીવનોમાં, તેમના કુલાચારોમાં અને તેમના સંબંધોમાં રહેલું સૌન્દર્ય, તે સર્વેનું ઉન્નત ભાવનામયપણું, અને તેની નિર્મળ વિશુદ્ધિ એ બતાવવામાં જ સાર્થક્ય માન્યું છે. જાણે અનેક વર્ષ થયાં દૃષ્ટિપાર થએલું, નયન સમક્ષ જ હિન્દુસ્થાનનું રાજકુલ ફરી નિરખતા હોઇએ, જાણે જાતે જ તેમના ઊંચા, નીચા ખંડોમાં સઘળે પ્રયાણ કરતા હોઇયે તેમ કર્તા તેની વાર્તાના પ્રવાહમાં વાંચકના હૃદયને ઉપાડી જાય છેઃ **કુસુમાવલી** આટલી લોકપ્રિય છે તે આટલા જ માટે કે તે હિન્દુસ્થાનની એક ઉન્નતમાં ઉન્નત સમાજના ઉન્નતમાં ઉન્નત સંસ્કારો આલેખે છે—અને તદ્રૂપ આલેખે છે.

ર. હ.

(પુ. ૬૪ મું, સપ્ટેમ્બર, ૧૯૧૭)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તણખાનાં તેજછાયા

રા. ધૂમકેતુની કેટલીક નવલિકાઓ "તણખા" નામથી પહેલી જ વાર પુસ્તકાકારે પ્રસિદ્ધ થઇ ચૂકી છે. આમાંની ઘણીખરી અગાઉ પ્રગટ થઈ ચૂકી છે, પણ તે છુટક છુટક. પુસ્તકાકારે બહાર પડતાં જ રા. ધૂમકેતુની નવલિકાઓને જુદાં જુદાં પત્રોએ અને અવલોકનકર્તાઓએ જે ઉમળકાથી વધાવી લીધી તે પરથી કહી શકાય કે ગુજરાતના અત્યારે જે ગણતર નવલિકા લખનારાઓ છે તેમાં રા. ધૂમકેતુનું સ્થાન અતિ ઉચ્ચ છે.

રા. ધૂમકેતુની સાહિત્યપ્રવૃત્તિ અનેકદેશીય છે. 'પૃથ્વીશ' અને 'રાજમુગટ' એ બે રાજકીય નવલકથાઓ અત્યાર સુધીમાં પ્રસિદ્ધ થઈ ચૂકી છે. તે બન્નેમાં રા. કનૈયાલાલ મુનશીની—ખાસ કરીને તેમની 'વેરની વસુલાત'ની—છાપ સ્પષ્ટ દેખાય છે. 'હાજી મહમ્મદ સ્મારકગ્રંથ'માં, 'ચેતન'ની ફાઇલોમાં અને બીજા કોઈ કોઈ માસિકોના જૂના અંકોમાં રા. ધૂમકેતુની કવિતાઓ તેમની આ સંજ્ઞા સાથે, અથવા તેમના ઓછા જાણીતા નામ ગૌરીશંકર જોષી સાથે જોવામાં આવે છે. 'વસંત'માં કેટલાક પત્રો તેમણે એક વખત લખવા માંડ્યા હતા, અને હાલમાં 'સાહિત્ય'માં "વિચાર, વાતાવરણ અને મનોદશા" નામે લેખમાળા તેઓ લખે છે, તે સર્વ ગંભીર મનન, તીવ્ર લાગણી અને વિશાળ વાચન દર્શાવે છે. છતાં રા. ધૂમકેતુનો ખાસ પ્રદેશ નવલિકાનો જ છે, એમ અત્યાર સુધીના પરિણામ પરથી કહી શકાય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નવલિકાના એક દૃષ્ટિથી ત્રણ વિભાગ પાડી શકાય. કેટલીકનો હેતુ મનુષ્યસ્વભાવ દર્શાવવાનો હોય છે, અને તેમનો ખાસ રસ ચરિત્રનિરૂપણમાં રહે છે; બીજીનો ઉદ્દેશ અમુક બનાવ આપવાનો હોય છે, ડીટેક્ટીવ નવલિકાઓ મુખ્યત્વે આ વર્ગમાં આવી શકે; ત્રીજા પ્રકારની નવલિકાઓનો હેતુ અમુક વિચાર, દૃષ્ટિબિંદુ કે અભિપ્રાય આપવાનો હોય છે. રા. ધૂમકેતુની નવલિકાઓ આ ત્રીજા વર્ગમાં આવી શકે. રા. ધૂમકેતુ એક પ્રચારક છે, અને સર્વ પ્રચારકોની માફક જ તેમનામાં પોતાના મત માટે તીવ્ર લાગણી અને વિરુદ્ધ મત માટે ક્રોધ અને તિરસ્કાર વસેલા છે. પોતાના મતનું સમર્થન કરવા માટે સીધો બોધ અને ચમત્કારોનો ઉપયોગ કરવામાં લેખક ચુકતા નથી. 'ગોવિંદનું ખેતર' એ નવલિકાનો ઉદ્દેશ ગામડાના લોકો શહેરી વૈભવ ભોગવવાની લાલસાએ અંધપરંપરાથી ચાલ્યા જાય છે અને છેવટે ખુવાર થાય છે તે દર્શાવવાનો છે. આ મુદ્દો તેમણે કુશળતાથી વાર્તાની અંદર દર્શાવ્યો છે. પણ આટલાથી તેમનો પ્રચારક તરીકેનો જુસ્સો સંતોષ પામતો નથી. અને તેથી વાર્તાને અંતે તેઓ કહે છે કે—"બેટા! આ પ્રકૃતિનું સૌંદર્ય, ખેતરની સ્વાધીનતા, લીલી વાડી ને જીંદગીની તાજગી ખોઇ, યંત્રોના મોહમાં શહેરમાં આપઘાત કરવાનો પાઠ કોણ આપી રહ્યું છે? શું ગામડાં ભિખારી થશે, ને શહેરો ગુલામ થશે એ આ સંસ્કૃતિનું ધ્યેય છે?" ઇસપનીતિમાં વાર્તાને છેડે જેમ બોધ આપવામાં આવે છે એવા પ્રકારનો આ સીધો બોધ છે. તે તેમણે પોતાના નામે જ આપ્યો હોત તોપણ ક્ષતિ ગણાત, પણ અહીં તો તે ગોવિંદની સ્ત્રી ભાગીરથી, જે ગામડામાં ઉછરી છે, અને જેણે થોડા દહાડા શહેરમાં નિવાસ કર્યો છે, તેના મુખમાં મુકવામાં આવ્યો છે. આવી સ્ત્રી આવા શબ્દો બોલી શકે તે અમે માની શકતા નથી, અને કદાચ ધારો કે તે આવા શબ્દો બોલી શકે, તો પણ, તે પાંચ વર્ષના બાળકને સંબોધીને છે, એ જ્યારે સંભારીએ છીએ ત્યારે તો અસંભવની અવધિ જ લાગે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'અખંડ જ્યોત'માં નાયકની સ્ત્રી મરી જાય છે, અને પાંચ વર્ષ પછી એક દિવસ આકાશ સામે તે જોઈ રહ્યો છે ત્યાં તેને તેનાં દર્શન થાય છે, અને તે બોલે છે, "વહાલા પ્રિયતમ ? હું તારી રાહ જોઉં છું...ને ત્યાં...ગામમાં તપાસ કરજે." આને નાયક કલ્પનાનું ભૂત માને છે પણ બીજે જ દિવસે તેને સાવિત્રીએ જે ગામ અને ગૃહસ્થનાં નામ આપ્યાં હતાં ત્યાંથી કન્યા પરણાવવાનો પત્ર મળે છે. વિધવાને ફરીથી લગ્ન કરવાની બંધી હોવાથી કોઈ ઉચ્ચ કોમની વિધવા આવું બ્હાનું કાઢી પરણે તો વાજબી લાગે છે, પણ વિધુરોને પરણવાની જ્યાં સંપૂર્ણ છુટી છે ત્યાં આવા અદ્ભુત બ્હાનાની શી જરૂર હતી તે સમજાતું નથી. વિધવાવિવાહનો વિરોધ કરનારા ઘણી વખત વિધુરવિવાહનો પણ વિરોધ કરે છે; ઘણે ભાગે આ એક ખોટું બ્હાનું જ હોય છે, અને પ્રસંગ આવ્યે તે પ્રમાણે કોઈ જ વર્તતું નથી. આવા વખતે પોતે દર્શાવેલ અભિપ્રાય વિરૂદ્ધ વર્તનના સમર્થનમાં આવી કોઈ અદ્ભુત કથાની ગુજરાતના કર્તવ્ય-વિમુખ યુવકોને જરૂર હતી, તે કદાચ લેખકે પૂરી પાડી હોય તો ભલે.

૨. ધૂમકેતુની વાતોમાં મુખ્યત્વે કરૂણરસની ઝાંખી થાય છે. ૧૯ વાતોમાંથી ૧૦માં એકાદ મુખ્ય પાત્રનું મૃત્યુ થાય છે, તોપણ મૃત્યુ એ અહિં કરૂણરસની ઉત્પત્તિનું મુખ્ય કારણ છે, એમ કહી શકાય તેમ નથી. 'પોસ્ટ ઓફીસ'નો અલીડોસો કુદરતી ક્રમમાં વૃદ્ધાવસ્થાને લીધે મરી જાય છે. ગોવિંદ ગામડામાંથી શહેરમાં જાય છે, અને ત્યાં ક્ષયરોગથી મરી જાય છે. બીજાં કેટલાકનાં મૃત્યુ આકસ્મિક ગણી શકાય તેવાં છે. આ સર્વ રીતે ઉત્પન્ન થતાં મૃત્યુને આપણે કરૂણરસ ઉત્પન્ન કરતાં મૃત્યુ ન કહી શકીએ. ઉત્કૃષ્ટ કરૂણકૃતિમાં મૃત્યુ કુદરતી ક્રમમાં, કે કોઇના દોષથી અકસ્માત રીતે, આવેલું ન હોવું જોઈએ, પણ પાત્રના પોતાના જ દોષના પરિણામ રૂપે આકસ્મિક રીતે આવેલું હોવું જોઈએ. એ મૃત્યુના પરિણામે જ પાત્રનાં સર્વ પાપો ધોવાઈ જાય છે એમ આપણને લાગવું જોઈએ. જો એમ ન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લાગે તો આપણા મનમાં શુદ્ધ કરૂણરસની ઉત્પત્તિ થઇ શકે નહિ. માન સાથે દયાની લાગણી ઉત્પન્ન થાય ત્યારે જ શુદ્ધ કરૂણરસ ઉત્પન્ન થાય. રા. ધૂમકેતુનાં જે સર્વ પાત્રો મરણ પામે છે તેમના ઉપર દયા આવે છે, પણ તેમના માટે આપણા મનમાં માનની લાગણી ઉત્પન્ન થતી નથી. એટલે કરૂણરસનું કારણ બીજે શોધવું રહ્યું. રા. ધૂમકેતુની આ વાર્તાઓ અમુક વ્યક્તિની નહિ પણ એક સંસ્કૃતિની મૃત્યુકથા કહે છે. આપણી નિવૃત્તિપરાયણ સંસ્કૃતિમાં ઉછરેલ પ્રજા પશ્ચિમની પ્રવૃત્તિશીલ સંસ્કૃતિમાં ઇચ્છાઅનિચ્છાએ ઘસડાય છે. તે સમયે અનેક નિર્દોષ અને સુખી જીવન અને ભાવનાઓનો દારૂણ વિનાશ થઈ રહ્યો છે. સંક્રાન્તિયુગમાં નઠારાની સાથે અનેક સારી વસ્તુઓ પણ નાશ પામે છે. આ સદ્ અંશોનો વિનાશ એ જ રા. ધૂમકેતુના કરૂણ-રસની ઉત્પત્તિનું કારણ છે.

એટલે આ વાર્તાઓનું ખરૂં આકર્ષણ વર્તમાન ગુજરાતને જે વિષયનો રસ છે તે દર્શાવવામાં છે. મહાત્મા ગાંધીજીની રેંટીયાની અને સાદા જીવનની પ્રવૃત્તિ, સૌરાષ્ટ્રની જૂના સોરઠી સાહિત્યની પ્રસિદ્ધિ, વગેરેને લીધે વિનાશોન્મુખ ગ્રામજીવન તરફ પ્રજાનું લક્ષ ખેંચાયું છે. માનવહૃદયના ભાવો શુદ્ધ સ્વરૂપે ગામડાના અને અજ્ઞાન લોકોમાં દેખાય છે. રા. ધૂમકેતુનાં મુખ્ય પાત્રો આવાં જ છે. આ પ્રમાણે જેને માટે પ્રજામાં રસ ઉત્પન્ન થયો છે તેવા, કરૂણ વિષયના નિરૂપણમાં રા. ધૂમકેતુના વિજયની ચાવી છે.

સાદા અને સરલ જીવનના ઊંચામાં ઊંચા પગથિયા પર રા. ધૂમકેતુ જડ પદાર્થોને બેસાડે છે. આનંદમોહન અને તેના ઘર વચ્ચેની મૈત્રી સમજાવતાં લેખક કહે છે–" ચૈતન્ય ચૈતન્યની મૈત્રી એ તો તપેલા સ્વાર્થનો એક કકડો બીજા સ્વાર્થ સાથે જોડાય છે. ખરી મૈત્રી જડ અને ચૈતન્ય વચ્ચે હોય: પથ્થર અને શિલ્પી વચ્ચે હોય, પીંછી અને ચિતારા વચ્ચે હોય, વાદ્ય અને વગાડનાર વચ્ચે હોય."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ પ્રમાણે ચેતન અને જડ વચ્ચેની મૈત્રી આનંદમોહન સિવાય બીજા પાત્રોમાં પણ દેખાય છે. મશહુર ગવૈયો ઇન્દ્રમણિ "પોતાની પ્રિયા સારંગી સાથે રાત્રિદિવસ બોલ્યા કરતો હતો, સારંગીનો તાર એને જવાબ આપતો હતો. એ જડ અને ચૈતન્ય વચ્ચે પ્રેમની સૃષ્ટિ જામી હતી." ઇન્દ્રમણિને તેની સ્ત્રી તારાએ પૂછ્યું. "તમને કોના પર વધારે પ્યાર છે? મારા પર કે સારંગી પર?" ગવૈયે જવાબ આપ્યો "હું તને ચાહુ છું. પણ સારંગી મારો પ્રાણ છે." તારા જ્યારે પોતાનું સ્થાન લઇ બેઠેલ સારંગી હવે પછી ન વગાડવાનું કહે છે ત્યારે ઇન્દ્રમણિને એટલો આઘાત થાય છે કે સારંગી વગાડતો જ તે મૃત્યુ પામે છે. વાઘજી મોચીને પોતાની જોડા સાંધવા બેસવાની જગા પર, પાસેની પીંપર પર અને પાણીના માટલા પર આવો જ પ્યાર છે. જન્મભૂમિનો ત્યાગ કરી ગયા છતાં વાઘજી વરસમાં એક દિવસ ત્યાં આવે છે, "રાત્રે ત્યાં પડી રહે છે, અને વહેલો મળસ્કામાં ઉઠી, પેલા ઠુંઠાને ભેટી છાનોમાનો ચાલ્યો જાય છે! પણ આ બધુ વરસમાં એક જ દિવસ બને છે." ભૈયા દાદાને પોતાની ક્રોસિંગની ઝુંપડી પર આવો જ પ્રેમ છે. લેખક કહે છે, "જે જમીન સાથે પચીસ વર્ષ બાળકની જેમ તે રમ્યો હતો તે છોડતાં તેનું વૃદ્ધ હૃદય ધ્રુજતું હતું." અને ભૈયો કહે છે, "મારૂં ઝુંપડું અને ઝાડવાં એ જ છોકરાં છે." છેવટે જ્યારે ભૈયાને નોકરી પરથી દૂર થવાનો હુકમ મળે છે ત્યારે તે આપઘાત કરી ઝુંપડીમાં જ અક્કડ અને અડગ રીતે સૂઈ રહે છે.

લેખક આ જડ પરના ચેતનના પ્રેમને વાંચકના વખાણ માટે રજુ કરે છે, પણ આપણે તે વખાણી શકીશું? પ્રેમને આંધળો કહ્યો છે, આ જડ ચેતન વચ્ચેનો પ્રેમ પણ એવો જ આંધળો છે. ગવૈયાએ લગ્ન કર્યું તો લગ્નની જવાબદારી તેણે સમજવી જોઇએ. મોચીએ સમજવું જોઇએ કે આટલા દહાડા જાહેર જમીન પર મફત બેઠા એ ઘણું છે, હવે કોઈ નાનકડી દુકાન શોધી લઈએ;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને ભૈયાદાદા વૃદ્ધ થયા તેમણે ઝાડ ઉછેર્યાં તે સારૂં કર્યું, પણ તેમના વખતમાં રેલ્વે અકસ્માત થતાં થતાં રહી ગયો, એટલે હવે તેમણે કોઇ જુવાન ચાલાક માણસને જગા કરી આપવી જોઇએ. પણ લેખકનો આ વિષેનો મત જોઈએ. "ભૈયાદાદાની વાડીમાં હવે ક્યારેય એવી સ્વચ્છતા રહેતી નથી. હોલા બોલતા, ચકલીઓ બોલતી ને કોયલ વાડ ને વેલાની અંદર ચાલી જતી, એવી સૃષ્ટિ હવે ત્યાં નથી. કામ કરનાર આત્માને બદલે કામ કરનાર શરીર ત્યાં છે. વીસમી સદી કાવ્યમય જીવનને—આદર્શ કામ કરનારને—શું કરે? સંસ્થા વ્યક્તિના ખાનગી ભવ્ય જીવનને શું કરે? યંત્રવાદ નિયમિત જડત્વને બદલે રસમય ચૈતન્યને શું કરે? આ યંત્રવાદમાં એક વખત જગત પણ યંત્ર જેવું જ બની રહેશે." ત્યારે મજા તો ત્યાં રહી છે કે ભૈયાદાદાને કામ કરવું છે યંત્રની સાથે અને યંત્રના જેવું બનવું નથી, તેનાથી બની શકાતું નથી. આવાં પાત્રોની આપણે દયા ખાઈએ, પણ તેમને વખાણી તો કેમ શકીએ?

જડ વસ્તુઓની પછી લેખકનો પક્ષપાત પશુપક્ષીઓ તરફ દેખાય છે. જુમા ભીસ્તીનો પાડો વેણુ તેનું સારૂં દૃષ્ટાંત છે. જુમાના સર્વ મિત્રો તેની સ્થિતિ ખરાબ થતાં ખસી ગયા પણ વેણુ છેવટ સુધી એવો ને એવો પ્રેમ રાખી રહ્યો. અને જુમાનો તેના તરફનો પ્રેમ પણ અસાધારણ છે. વેણુનો પગ જ્યારે ગાડીના પાટામાં ભરાઈ જાય છે અને નીકળતો નથી ત્યારે જુમો તેની સાથે જ ટ્રેન નીચે કચરાઇ જવા તૈયાર થાય છે. પણ વેણુ તેને દૂર હડસેલી દઇ બચાવી લે છે. તેના પ્યારા મિત્ર વેણુના આ અકસ્માત વિનાશ પછી હમેશાં જુમો સવારસાંજ એકલો, અશાંત, એ રસ્તે ફૂલ લઈને જાય છે અને "એના એક માનીતા પથ્થર પર ફૂલ મુકીને 'વેણુ!... વેણુ!...વેણુ!...!' એમ ત્રણ બૂમ પાડીને ચાલ્યો જાય છે."

વાર્તાને છેડે જૂદી પાડીને આપેલી આ અને બીજી લેખકની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નોંધો તેમની લાગણીપ્રધાન મનોવૃત્તિ આબાદ દર્શાવે છે. જુમા અને વેણુ વચ્ચેનો પ્રેમ આખી વાર્તામાં સુંદર રીતે દર્શાવાયો છે. છતાં એ પ્રેમ તો કાંઇ અલૌકિક જ હતો એવું બતાવવાની લેખકની ઇચ્છા અધુરી રહી જતી હોય તેમ આવી નોંધો તેમણે કરી છે. ભૈયાદાદાની છેવટની નોંધ જે ઉપર આપવામાં આવી છે તે પણ કાંઈક આવા જ હેતુથી લખાઈ છે. ગોવિંદના ખેતરની નોંધ વિષે આગળ કહેવાઈ ગયું છે. માવજી મોચીને કેવા સંજોગોમાં જન્મભૂમિનો ત્યાગ કરવો પડ્યો, અને તેથી તેના હૃદયને કેવો આઘાત થયો એ વાર્તામાં સારી રીતે કહેવાયું છે. છતાં ઉપર આપેલી વરસમાં એક વાર પીંપરના ઠુંઠાને ભેટવાની નોંધ કર્યા વિના લેખકથી રહેવાતું નથી. આ બધી નોંધોથી લેખક પોતાના જડ અને ચેતન વચ્ચેનો પ્રેમ જ સૌથી શ્રેષ્ઠ પ્રેમ છે એ સ્વયંસ્થાપિત સિદ્ધાંતને પુષ્ટિ આપવા માગે છે. પણ તેમને કહેવાનું સર્વ વાર્તામાં આવી જાય છે. છેવટે નોંધ રૂપે જે કહેવામાં આવે છે તે માત્ર અતિશયોક્તિ અને અસંભવિત-પણાથી ભરેલું લાગે છે. માટે અમારી મિત્રભાવે સૂચના છે કે નવી આવૃત્તિમાંથી તેમણે આવી સર્વ નોંધો કાઢી નાંખવી.

પશુપક્ષી પછી નૈસર્ગિક જીવન ગાળતા મનુષ્યો આવે છે.

આ સર્વ સજીવ નિર્જીવ સૃષ્ટિનું મહત્ત્વ સ્પષ્ટ દર્શાવવા માટે લેખક વિરોધ (contrast)નો ઉપયોગ કરે છે. પોસ્ટ ઓફીસમાં પોતાની પુત્રીના પત્ર માટે પાંચ વરસ સુધી આંટા ખાતા અલીડોસાના પ્રેમ અને શ્રદ્ધાને વધારે ઉત્કૃષ્ટ બતાવવા લેખક બાકીનાં સર્વ પાત્રો પર વિનાકારણ કટાક્ષ કર્યે રાખે છે. "ખુરશી પર તુંબડા જેવું માથું ને હમેશનો દીલગીરીભર્યો ઉદાસીન જેવો ચહેરો લઈ પોસ્ટ માસ્તર બેઠા હતા; કપાળ પર, મોં કે આંખમાં ક્યાંય તેજ ન હોય ત્યારે માણસ ઘણું કરીને ગોલ્ડસ્મીથનો 'વિલેજ સ્કુલમાસ્તર' [?] આ સદીનો કારકુન કે પોસ્ટમાસ્તર હોય છે!" બિચારા પોસ્ટ માસ્તરને આટલો બધો ઉતારી નાખવાનું કારણ તો એ જ કે તેથી અલીડોસો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જે પહેલાં જબ્બરો શિકારી હતો, જે કારકુની ભણતર ભણ્યો ન હતો, અને જે લાગણીથી ભર્યો હતો તેની મહત્તા વધારે સ્પષ્ટ દેખાય. તેજહીન માનસ જ કારકુન કે પોસ્ટ માસ્તર થાય છે એવું લેખકનું અતિવ્યાપ્તિવાળું કથન તેમના ગ્રામ્ય અને સાદા જીવનના અતિ પ્રેમમાંથી જ ઉત્પન્ન થયું છે. એ જ પ્રમાણે ભૈયાદાદાની સાથે અધિકારીઓનો વિરોધ (contrast) બતાવવામાં આવ્યો છે. લલિતમોહન સાથે પન્નાલાલનો અને એક લક્ષ્મી સાથે બીજી લક્ષ્મીનો વિરોધ 'હૃદયદર્શન'માં બતાવવામાં આવ્યો છે. વેણુ પાડાનો અને જુમાનો પ્રેમ સ્પષ્ટ બતાવવા હાથમાં નેતરની સોટીઓ ઉછાળતા અને ખુશનુમા હવા લેવા માથા પરથી ટોપીઓ ઉતારી બીજા હાથમાં લીધેલી છે એવા જુવાનોને માત્ર આપણા તિરસ્કાર માટે રજુ કરવામાં આવ્યા છે. 'હૃદયપલટો' એ વાતમાં નાયિકાના પુત્રનું હૃદય હમેશાં જ એવું ને એવું પ્રેમપૂર્ણ રહે છે, જ્યારે તે વિલાસના મોહમાં ફસાય છે અને પુત્રનો આ અવિકૃત પ્રેમ જ નાયિકાના હૃદયનો પલટો કરે છે.

રા. ધૂમકેતુનાં પાત્રો જેમ હૃદયના ભાવોને અસ્ખલિત રીતે વહેવડાવવાના ગુણથી ગુજરાતી સાહિત્યમાં જુદી ભાત પાડે છે, તે જ રીતે સ્થલકાલની સીમાઓ ઉલ્લંઘનાર તરીકે પણ તે જુદાં તરી આવે એવાં છે. આપણા ઇતિહાસના વિશાલ વાંચનના પરિણામે, અને હિંદુસ્તાનના બહોળા પ્રવાસને લીધે લેખકની દૃષ્ટિ વિશાળતાને પામી છે. તેમનાં પાત્રો ત્રણે કાળનાં અને હિંદનાં અનેક સ્થળનાં છે. ઘરખુણીયા લેખકોના હાથે લખાતી ગ્રેજ્યુએટોની વાતોથી કંટાળેલ આપણા વાંચક વર્ગને રા. ધૂમકેતુની નવી રમણીય સૃષ્ટિનું દર્શન થાય છે.

પુસ્તકમાં કેટલીક શરતચુકથી રહેલી ભૂલો દેખાય છે તે કાંઇ મહત્ત્વની ન ગણાય છતાં ધ્યાનપૂર્વક વાંચનારાને તો ખુંચે. જેમકે ૧૬મા પાના પર "બારતેર વર્ષની છોકરી બહાર નીકળી" એમ લખી પછીના પાના પર તે જ છોકરીને "આઠદશ વર્ષની"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કહી છે. એથી જરા ઓછો સાદો દાખલો જોઈએ. "કલ્પનાની મૂર્તિઓ"માં લેખક શરૂઆતમાં કહે છે કે ગવૈયાની સ્ત્રીનું ગાતાં ગાતાં મૃત્યુ થયું ત્યારથી તેણે સંગીતની પ્રીતિ તોડી. "તેના ઘરમાં આજે વર્ષો થયાં વંશપરંપરાથી ચાલી આવતી સંગીતની પ્રણાલી તેણે તોડી નાખી. સંગીતનાં સાધન માત્ર તેણે ફેંકી દીધાં. પોતાના છોકરાને સંગીતનો કક્કો શીખવ્યો નહિ, અને જ્યારે એ છોકરો જુવાન થઇ ક્ષયથી મરણ પામ્યો ત્યારે તે પોતાની સાત આઠ વર્ષની પૌત્રી લઇને દિલ્હી છોડી ચાલી નીકળ્યો!" છતાં આગળ ચાલતાં તેઓ લખે છે "દાદાને જ્યારે બંસીની ધૂન હતી અને દાદી જ્યારે સંગીતમાં જ મસ્ત હતી, ત્યારે આ છોકરીએ તે વાતાવરણ પીધું હતું. વખત જતાં વૃદ્ધને સંગીતનો તિરસ્કાર છૂટચો ને પોતે પૌત્રીને સંગીતથી દૂર રાખી; પણ સંગીતની લગની લગાડનારી જે ધૂન હતી તે ધૂન તો કાયમ જ રહી." છોકરો બિલકુલ સંગીત શીખ્યો જ ન હતો, પછી તે જુવાન થયો (પછી જ તેને પુત્રી થઈ હશે) અને ક્ષયરોગથી મરી ગયો. તો છોકરીએ સંગીતનું વાતાવરણ શી રીતે પીધું હોય? તે વખતે તો તેનો જન્મ પણ ન હોઈ શકે.

આવી નજીવી અને બીજી ઉપર દર્શાવી તેવી કેટલીક ક્ષતિઓ છતાં, "તણખા" ગુજરાતી નવલિકાના સાહિત્યમાં અપૂર્વ ઉમેરો કરે છે. રા. ધૂમકેતુ આથી પણ વધારે ચમકદાર તણખાઓ ગુજરાતના હૃદયની ઠંડી અને શિથિલતા દૂર કરે એવી અંતિમ ઇચ્છા અને આશા.

નવલરામ જગન્નાથ ત્રિવેદી, એમ. એ.

(પુ. ૭૪ મું, સપ્ટેમ્બર, ૧૯૨૭)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અવલોકનનોંધ

ઊગતી જુવાની—આપણા લેખકવર્ગમાં પ્રો. બળવંતરાય ઠાકોરનું સ્થાન બહુ ઉંચું છે. એક વિદ્વાન તરીકે તેમની ખ્યાતિ બહોળી છે અને તેમની કલમમાંથી જે કાંઈ આવે છે તે વિચારણીય, તેમના પરિપક્વ વિચારનું પરિણામ હોય છે. સામાન્ય રીતે ગુજરાતીમાં ઓછાં નાટકો રચાય છે; એમ પણ કહી શકીએ કે આપણે અહીં સ્વતંત્ર નાટક લખનારાઓ ગણ્યાગાંઠ્યા જ છે. તેથી જુદાં જુદાં માસિકોમાં "ઊગતી જુવાની" માંથી છૂટા ભાગો પ્રસિદ્ધ થવા માંડ્યા ત્યારથી તે માટે અમારી ઉત્સુકતા વધી હતી; તેમજ પ્રો. ઠાકોરના લખાણ માટે અમને માન અને પક્ષપાત હોવાથી તેની પ્રસિદ્ધિ માટે આતુર હતા. વળી "ઊગતી જુવાની" એ નામ પણ એટલું સૂચક જણાયેલું કે તેમાંથી Adolescence—યુવાવસ્થા,–જે મનુષ્યજીવનવિકાસમાં અતિ મહત્ત્વનો કાળ છે, તે વિષે જાણવા જેવા વિચારો, લેખકના પ્રાકટ અભિપ્રાય અને અનુભવનો લાભ મળશે, એમ માનેલું; પણ તે નાટક વાંચ્યા પછી ખેદ સાથે અમારે કબૂલ કરવું જોઈએ કે પ્રો. ઠાકોરની આ કૃતિ અમને નિરાશ કરનારી માલુમ પડી છે. પ્રો. ઠાકોરની કલમને જેબ આપે એવું તેમાં કાંઇ નથી. નથી એમાં કશી વસ્તુસંકલના; નથી એમાં કોઈ સુંદર પાત્રાલેખન; કે નથી એમાં રસનું ઉદ્દીપન કે જમાવટ, જે તેને ચિરસ્થાયી કરે. એક ટીકાકારના શબ્દોમાં કહીએ તો સામાન્ય પાત્રોનું સામાન્ય જીવન રોજ બોલાતી ભાષામાં ચીતરવું તે આ નાટકનો આશય છે એમ આપણને લાગી આવે. તેમાં જે બે મુખ્ય પ્રશ્નો–લગ્ન–વરની પસંદગી અને મિશ્ર ખોરાક–ચર્ચાયા છે તે ચાલુ જમાનાનાં ચિત્રો તરીકે અમને અસ્થાને લાગે છે; ગઈ સદીમાં તે ચર્ચા કંઈક આકર્ષક થઇ પડત. ઉપર જણાવ્યું તેમ માત્ર પરિચિત મનુષ્યોના, દરરોજના ચાલુ જીવનવ્યવહારનાં ચિત્રો પ્રતિકૃતિ–ફોટોગ્રાફની જેમ–યત્રવત્

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોય, તેમાં કશી કળા કે વિશિષ્ટતાના અંશો નથી; અને તેજ તેની નિષ્ફળતાનું ખરૂં કારણ છે. તેમાં નવીન તત્ત્વો ઉમેરી, જેમ કે શરૂઆતમાં નાની બ્હેનનું દૃશ્ય, નવીન પ્રકારની ગદ્યપદ્યમ્ અર્પણપત્રિકા, પાત્રોના પરસ્પર સંબંધ અને પિછાનની સવિસ્તર નોંધ, દરેક પ્રવેશની શરૂઆતમાં ઇંગ્રેજી નાટકોની જેમ પ્રવેશ-ખંડની ઘટનાનું વિગતવાર સૂચન વગેરે દાખલ કરી તે કૃતિને ફતેહમંદ અને આકર્ષક કરવા કર્ત્તાએ સારો શ્રમ લીધો છે પણ તેની ઝાઝી અસર થઈ નથી એ શોચનીય છે. પ્રસ્તુત પ્રસંગોને, તેમાં પ્રદર્શિત કરેલા વિચારોને, લેખકે ટુંકી વાર્તા રૂપે જુદા જુદા ગૂંથ્યા હોત તો તે દીપી ઉઠત અને તે અસરકારક પણ થાત. પ્રસ્તુત નાટકમાં કર્ત્તાની ઝીણવટ, પૃથક્કરણશક્તિ, બારીક અવલોકન અને ભાષા પરના કાબુનો આપણને અચ્છો ખ્યાલ આવે છે પણ તે સાથે એમ સ્પષ્ટ થાય છે કે નૈસર્ગિક રચના કરતાં વિવેચનાત્મક અને તુલનાત્મક કૃતિ માટે તેમની શક્તિ વધારે યોગ્ય અને અનુકૂળ છે.

(પુ. ૭૦ મું, ઑગસ્ટ, ૧૯૨૩)

થોડાંક છુટ્ટાં ફુલ—આ પુસ્તકમાં વાતચીત, વ્યાખ્યાન, વિભ્રમ, વર્ત્તન અને વાઙ્મય એ માનસની સંપર્કલહરીઓને પુષ્પનું ઉપનામ આપી સંગૃહીત કરેલી છે. આ સંપર્કલહરીઓ લેખરૂપે આ પુસ્તકમાં મૂકવામાં આવી તે પૂર્વે જુદાં જુદાં મંડળો કે જયંતીઓના પ્રસંગમાં કે પરિષદોમાં સભાજનો સમક્ષ મૂકવામાં આવી હતી, ને તેનો સાર્વજનિક લાભ લેવાય એ હેતુથી આ ગ્રંથમાં તે સર્વ એકત્રિત કરવામાં આવી છે. આ પુષ્પોની રચના તેના ઉદ્‌ગમવર્ષાનુસાર કરવામાં આવી નથી પણ લક્ષિત વિષયાનુસાર કરવામાં આવી છે. પ્રથમ જગદુદ્ધારકની જયન્તીનો લેખ છે. એમાં रसो वै सः એ ઉપનિષદ્‌વાક્યને ઉદ્-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બોધીને મંગલ સૂચવાયું છે. પછી ભાષા, સાહિત્યચર્ચા, સાક્ષરો અને જયન્તીઓ, સંસાર અને સમાજ, વિદ્યાકલા અને શિક્ષણ, ધર્મ અને તત્ત્વચિંતન તથા પ્રકીર્ણ વિષયો એવા વિષયવિભાગમાં વિવિધ લેખોનો તદ્દતદ્‌વિષયાનુસાર સમાવેશ કરેલો છે.

લેખો ઉપરછલકીયા નથી; મનનીય છે. અને તેમાં સાહિત્યનું પ્રધાનત્વ, માનવજીવન અને ધર્મ, રસ અને સંગીત, આર્થિક સ્થિતિ અને સાદું જીવન, સનાતન ધર્મની રૂપરેખા, સંધ્યોપાસના અને બ્રહ્મવિદ્યા વગેરે લેખો વિશેષ મહત્ત્વના લાગે છે.

આ લેખસંગ્રહમાંથી ઘણુંખરૂં દરેક વાચકને પોતાને યોગ્ય કંઈ વિચારવાનું મળી આવશે. ભાષાપ્રેમીઓને ચેવડા શબ્દની વ્યુત્પત્તિ (ચેવડાનું મૂળ)× કે શબ્દોનાં મૂળિયાં રમૂજ, સાહિત્યવૃદ્ધિ હિતેચ્છુને કે એમાં પ્રગતિકર ને સાહિત્યચર્ચાના લેખો, જીવનચરિત્રપ્રેમીઓને નર્મદ, નવલરામની જીવનચર્યા કે જીવનકાર્યની રૂપરેખા જેવા વિષયો, જ્યારે સૌન્દર્ય મહત્ત્વના, નીતિ ધર્મના અને તત્ત્વચિન્તનના વિષયોમાં લેખકે વિશેષતા દાખવી છે જેથી એ વિષયના રસિકો પણ એ વાચવા પ્રેરાશે.

લેખકે કેટલેક અંશે પોતાનું (નર્મદાશંકરના શબ્દોમાં) છેદકરક્ષક (liberal conservative) વલણ આ લેખમાં બતાવ્યું છે. ખાસ કરીને ધાર્મિક, નૈતિક અને શિક્ષણના વિષયોમાં. આધુનિક છેદકમત પ્રવાહમાં એ વિશેષ ઉપયોગી થઈ પડે એવું છે.

વિષયમાં ગહન અવતરણ નથી. કેમકે વિષય એક જ દૃષ્ટિબિન્દુથી જોવામાં આવ્યો છે. અને તે દૃષ્ટિબિન્દુ જાળવવા પૂરતું લેખકનું ધ્યાન છે. એટલે નકામો લપેડો નથી. જે કહેવાનું છે તે સ્પષ્ટ અને સરળ રીતિએ સમભાવથી કહ્યું છે. ગહન મનના પરિણામરૂપ આ લેખો છે એમ હરકોઈ કહી શકશે.

+ કોઇ સામાન્ય વાચકને પણ એ ગમશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભાષા ઠરેલ અને ઠાવકી છે. સરળ અને સુગમ છે. ઠેકાણે ઠેકાણે માર્મિક હાસ્ય ચમકે છે. શૈલી અસરકારક અને સચોટ છે. શબ્દ-સંવરણીમાં પણ બાહ્યાડંબર નથી. તેમ વિચારોની ગહનતાને અંગે ભાષાનું પોત પણ ઉંચું રાખવું પડ્યું છે. એટલે સામાન્ય કક્ષાના મનુષ્યને ગ્રંથ જરા દુર્ગમ થઈ પડે એમાં નવાઈ નથી.

પ્રકીર્ણ વિભાગમાં 'નવું ઓળખાણ' એક ન્હાની વાર્તા છે. અને પાંદડીઓમાં રમુજી ટુચકા છે. આ વિભાગ બનતાં સુધી બીજાં પુષ્પોને માટે રખાયો હોત તો ઠીક થાત. કેમકે બીજા બધા વિભાગોના વિષયનું ગાંભીર્ય આ વિભાગથી જરા તૂટે છે. જો કે વાર્તા કંઈક જુદી જ ઢબની છે; રસભરી છે. બાઈ સુલભાનું પાત્ર ડીટેક્ટીવ જેવું કંઈક ચીતરાયું છે. તેમ હિન્દુ સંસારનું પાત્ર હોય એવી અસર છેક છેવટે ભેદ ફોડવામાં રહેતી નથી, તેમ એ ભેદ જાણ્યા વિના મઝા આવતી નથી. સારાંશ કે આ પ્રકીર્ણ વિભાગવાળા ભાગોમાં બીજા વધુ ઉમેરી નવું જ પુસ્તક બહાર પડે એ ઠીક લાગે. ગંભીર વિષયોમાં આ સંક્રાન્તિની જરૂર નથી.

'ગ.'

(પુ. ૭૪ મું, જૂન-જુલાઈ, ૧૯૨૭)

ભાવનાસૃષ્ટિ—[કર્તા, વિષ્ણુપ્રસાદ રણછોડલાલ ત્રિવેદી, એમ. એ., પૃ. ૧૮૦, કીંમત બાર આના. પ્રકાશક યુગાન્તર કાર્યાલય કણપીઠ, સુરત.]

જેમ એક તત્ત્વજ્ઞ કોઈ એક વિચાર, વસ્તુ કે બનાવ નિહાળી, તે પર ચિંતનરૂપે જ્ઞાનબોધક અને પ્રોત્સાહક વિવેચન કરે છે; જેમ એક કવિ કુદરતનું સુંદર દૃશ્ય નિરખી અને તેમાંથી પ્રેરણા મેળવી,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કોઈ સુંદર નાવ કે ચિત્ર આપણી સમક્ષ સત્યરૂપે ખડું કરે છે, તેમ રા. વિષ્ણુપ્રસાદે કુદરતના દૃશ્યને જોઈ, જીવનના પ્રસંગો અવલોકી, તેમાંથી કેટલાક ભાવનાત્મક ચિત્રો આલેખ્યા છે; તે દ્વારા જીવનના ગૂઢ પ્રશ્નો ઉકેલવા પ્રયત્ન કર્યો છે. જો કે તે ચિત્રો–તે પાછળ રહેલા ગૂઢ ભાવો–કોઈક સ્થળે અસ્પષ્ટ, કોઈક સ્થળે આછાં અધૂરાં, કોઈક સ્થળે અણવિકસેલા માલુમ પડે છે છતાં તે આનંદદાયક અને વિચાર-પ્રેરક છે. આપણા સાહિત્યમાં આવા લેખો તદ્દન નવીન છે અને તે નવી પ્રથા દાખલ કરવા બદલ આપણે રા. વિષ્ણુપ્રસાદને ધન્યવાદ આપીશું.

(પુ. ૭૧મું, સપ્ટેમ્બર, ૧૯૨૪)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખંડ ૨ : ઇતિહાસ–પુરાતત્ત્વ

૧. [૧]મુસલમાન પહેલાં હિન્દમાં આવેલા પરદેશી લોકોનો હિન્દુસમાજમાં સમાવેશ

આપણા પુરાણમાં જે રાજવંશો આવે છે તેમાં મૌર્યવંશ પણ છે. શીકંદરની સ્વારી પછી થોડા જ સમયે ચન્દ્રગુપ્તે મૌર્યવંશની સ્થાપના કરી. તે વખતે મૌર્યોનું સામ્રાજ્ય આખા હિન્દુસ્તાન ઉપર એટલે ગંજમથી કાઠીઆવાડ સુધી હતું.

પુરાણમાં રાજ-વંશોનો નિર્દેશ

મૌર્યવંશ પછી શુંગ, આન્ધ્રભૃત્ય, કાણ્વાયન વગેરે રાજકુળોનો નિર્દેશ પુરાણોમાં છે. પેઠણના શાતવાહન અથવા શાલીવાહન રાજવંશનો પણ પુરાણમાં નિર્દેશ છો. આ રાજવંશો આગળ થશે એવું ભવિષ્યપુરાણમાં ભાખ્યું છે. આભીર, શક, યવન, વગેરે રાજવંશો હિન્દુસ્તાન ઉપર રાજ્ય કરશે એવું પણ તેમાં વર્ણવેલું છે. આ તો પુરાણોનું સામાન્ય વિધાન થયું; પરંતુ શિલાલેખ, શિક્કા વિગેરેના પ્રમાણ ઉપરથી આ વંશજોનો નિર્ણય થઈ શકે છે.

યવનનો ઉલ્લેખ વાયુપુરાણમાં છે, માટે યવન કોને કહેતા એ નિર્ણય પ્રથમ કરવો જોઈએ. अंतियोको नाम योणराजा એવો નિર્દેશ અશોકના લેખમાં એક સ્થળે મળી આવે છે. એંટિઓકસનું નામ

---

૧ ઑનરેબલ ડૉકટર રામકૃષ્ણ ગોપાળ ભાંડારકર એમ. એ., એલ. એલ. બી. એમણે પુનામાં તા. ૨૯ ઑગસ્ટના રોજ આપેલા ભાષણ ઉપરથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

યુરોપિયન ઇતિહાસજ્ઞોના જાણવામાં જ છે.

યવન કોને કહેતા? હિન્દુસ્તાન ઉપર સ્વારી કર્યા પછી તુરત જ અલેકઝાન્ડર મરણ પામ્યો તેની પછી સિલ્યૂકૂસે સિરિયાથી હિન્દુસ્તાન સુધી પોતાની સત્તા સ્થાપન કરી. એંટિઓકસ એ સિલ્યૂકસનો પુત્ર હતો. તેને મૌર્યો સાથે અનેક વખત સંબંધ થયો હતો. પાટલિપુત્રના રાજા અશોકે પોતાના લેખમાં अन्तियोकनो નિર્દેશ કર્યો છે, તે એંટિઓકસ બીજો હોઈ તેણે ઈ. સ. પૂર્વે ૨૬૧ થી ૨૪૧ સુધી રાજ્ય કર્યું હતું. એ મેસિડોનિયન ગ્રીક રાજા હોવાથી અશોકે પોતાના લેખમાં તેમને જ यवन કહ્યા છે. અર્થાત્ યવન શબ્દ વડે મેસિડોનિયન ગ્રીક રાજાનો નિર્દેશ થાય છે. તે વખતે યવન હિન્દુસ્તાનની બહાર હતા. હિન્દુસ્તાનમાં એમના રાજ્યની સ્થાપનાનો પ્રથમ ધ્વનિ પતઞ્જલિના ' મહાભાષ્ય 'માં મળી આવે છે. लङ् નામે ભૂતકાલનો ઉપયોગ કેવી રીતે કરવો તે વિષે परोक्षे च लोकविज्ञाते प्रयोक्तुर्दर्शनविषये એવું ' મહાભાષ્ય 'માં એક વાર્તિક છે. આ વાર્તિકનો ભાવાર્થ એવો છે કે આ કાળનો પ્રયોગ કરનાર જે બીના જોઈ નથી, પરંતુ જે લોકવિજ્ઞાત હોય અને જે તેની ઇચ્છા થાય તો તેને દર્શનવિષય થઈ શકે એમ હોય તે બાબતનો નિર્દેશ કરતી વખતે लङ् કાલ યોજવો. આ વાર્તિકના સંબંધમાં દૃષ્ટાન્ત આપતાં, अरुणत् यवनः साकेतकम् એમ કહ્યું છે. સાકેતકને યવનોએ ઘેરો ઘાલ્યાનો બનાવ પતઞ્જલિના સમયમાં જ બન્યો હતો એ આ ઉપરથી સિદ્ધ થાય છે. પર્શિયાના પૂર્વ તરફના ભાગનું નામ બેકૂટ્રિયા હતું. ગ્રીક લોકોના રાજ્યની ફરી સ્થાપના એ સ્થળે થઈ. આ બેકૂટ્રિયન લોકોએ હિન્દુસ્તાનમાં આવી એક વખતે પોતાના રાજ્યની સ્થાપના કરી હતી.

પતઞ્જલિનો ' યવન ' તે બેકૂટ્રિયન ગ્રીક મિનેન્ડર હોવો જોઇએ. આ ઇ. પૂર્વે ૧૪૨ ના અરસામાં થએલો હોવો જોઈએ એવું રોમન ઇતિહાસકારોએ લખ્યું છે તે ઉપરથી જણાય

યવન રાજા છે. પતઞ્જલિ તે જ સમયમાં થયાનું બીજું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ પ્રમાણ છે; પરંતુ તેણે અહીં પોતાનું રાજ્ય સ્થાપન કર્યું હતું. તે વખતે એ બેઉ દેશનો સમાવેશ હિન્દુસ્તાનમાં જ થતો હતો. મિનેન્ડરનું રાજ્ય હિન્દુસ્તાનમાં જ હતું એ શિક્કાઓ ઉપરથી પણ સિદ્ધ થઈ શકે છે. એ વખતે શિક્કા ઉપર રાજાનું નામ અને પદવી પણ લખવાનો વહીવટ હતો. આ નામ અને પદવી પાલી ભાષામાં લખાતી. પાલી એટલે સંસ્કૃતનું પ્રથમ પ્રાકૃત સ્વરૂપ. સિલોનમાં પાલીનો પ્રથમ પ્રચાર હતો, અને તેથી બૌદ્ધધર્મગ્રન્થો પણ પાલીભાષામાંજ લખાએલા છે. મિનેન્ડરના શિક્કા ઉપર પાલી છે એમ અનુમાન કરવા હરકત જણાતી નથી. તેના શિક્કા ઉપર પાલી ભાષામાં महाराजस्स:त्रदरस्स मिनन्द्रस એમ લખેલું છે. પાલીમાં मिनिन्द्रपण्हा નામે ગ્રન્થ છે. તેમાં રાજા મિલિન્દ્ર અને બૌદ્ધ નાગસેનના વાદવિવાદનું વર્ણન છે. મિલિન્દ્રની રાજધાની પંજાબમાં શાકલ નામના શહેરમાં હતી. ઉપરનો મિનેન્ડર અને આ મિલિન્દ્ર એ બન્ને એક જ છે. મિલિન્દ્ર છેવટે બૌદ્ધ થયો એવું પણ તેમાં વર્ણન છે. અહીં સુધી યવન રાજાઓ વિષે વિચાર કર્યો. હવે યવન પ્રજા સંબંધી જોઈએ.

કાર્લેની ગુફામાં એક શિલાલેખ છે, તેમાં નીચે પ્રમાણે લખાણ છે,

યવન જાતના સામાન્ય લોક

(૧) धेनुकाकटा यवनस सिहधयान थंभो दान ।

(२) धेनुकाकटा धंम–यवनस.

(३) रञो वासिठिपुतस सिरि–पुळुमाविस सवछरे चतुविसे २४ हेमंतान परवे ततीये ३ दिवसे बितीये २ उपासकस हरफरणस सेतफरण पुत्तस्य सो [व] सकश्य अबुलामाय वथवस्य इम देयधममंडपो ॥

ધેનુકાકટક નામનું શહેર સપ્તગોદાવરીના કિનારે હોવું જોઇએ. ધેનુકાકટક અને શાતવાહની રાજધાની ધન્યકાટક એ એક જ હશે. ધેનુકાકટકના એક યવને સિંહધૈર્ય (सिहधयान) એવું હિન્દુ નામ રાખ્યું તે ઉપરથી તેમનો વ્યવહાર હિન્દુધર્મના જેવો જ ચાલતો હોવો જોઇએ, એમ ધારી શકાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અહીંના બીજા એક યવનનું નામ ધર્મ (धमं) શિલાલેખમાં આપેલું છે તે તો ચોખ્ખું સંસ્કૃત નામ છે.

સેતફરણના પુત્ર હરફરણે મંડપ આપ્યો, એવો આ લેખમાં ઉલ્લેખ છે. આ હરફરણ એ હાર્લોફર્નસ હોવો જોઇએ. આ નામનાં હિન્દુપણું બીલકુલ દેખાતું નથી, તોપણ તેણે દાન કર્યું અને તેને ઉપાસક કહ્યો છે, એ ઉપરથી તેણે એતદ્દેશીય ધર્મનો સ્વીકાર કર્યો હતો એમ સ્વીકારવાને સબળ આધાર મળે છે.

જુન્નરમાં એક શિલાલેખ છે કે,–यवनस इरिलस गतान देयधम बेपोढिगो ।

ઇરિલસ નામના યવને બે તળાવો બંધાવ્યાનો આ શિલાલેખમાં ઉલ્લેખ છે. આ ઉપરથી એ લોકો બૌદ્ધના ઉપાસક થએલા હતા, તેમજ તેમની દાનધર્મની પદ્ધતિ હિન્દુઓના જેવીજ થતી હોવાનું જણાય છે.

यवणास चिटस गतानं भोजण मटयो देयधम सघे ।

જે યવને ભોજનમંડપ આપ્યાનો ઉપરના લેખમાં નિર્દેશ છે તેનું નામ ચિત્ર (चिटस)હોવાનું જણાવ્યું છે તે નામ પણ હિન્દુ જ છે.

यवनस चंदानं देयध मगभदार । આમાંનું ચંદ્ર (चंदानं) એ નામ હિન્દુ છે.

નાશીકના શિલાલેખમાં આ પ્રમાણે છેઃ–

सिधं औतराहस दतामितियकस योणकस धंमदेवपुतस इंद्राग्निदतस धम्मतमना ।

આ લેખમાં જણાવેલો યવન ઉત્તર તરફનો હશે એમ તેમાંના (औतराह) શબ્દ ઉપરથી જણાય છે. ઉત્તર તરફ સિંધ (सिध) પાસેના સવ્વી પ્રાંતમાં દત્તામિત્ર (दतामिति) નગરીના ધર્મદેવપુત્ર ઇન્દ્રાગ્નિદત્ત નામે યવનનો ઉપરના લેખમાં ઉલ્લેખ કરેલો છે. ધર્મદેવ અને ઈન્દ્રાગ્નિદત્ત નામ ઉપરથી એ વખતે યવનનાં નામ હમણાંની પેઠે 'શેખવલ્લદ શેખ મહંમદ' જેવાં નહિ પણ પૂર્ણપણે હિન્દુ હતાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ ઉપરથી એમ નક્કી કહી શકાય કે તે આ તરફ આવ્યા પછી પૂર્ણપણે હિન્દુ થયા હતા.

શક રાજાઓ

યવન પછી શકરાજાઓ થયા. તે क्षत्रप નામે પ્રસિદ્ધ છે. તેમના સંબંધનો પણ એક શિલાલેખ નાશીકમાં મળી આવ્યો છે. તેમાં નીચે પ્રમાણે ઉલ્લેખ છેઃ–

सिद्धं राज्ञः क्षहरातस्य क्षत्रपस्य नहपानस्य जामात्रा दीनीकपुत्रेण उषवदातेन त्रिगोशतसहस्रदेन...देवताभ्यः ब्राह्मणेभ्यश्च षोडशग्रामदेन अनुवर्षं ब्राह्मणशतसाहस्री भोजापयित्रा ।

આમાંનું उषवदात એ કદાચ હિન્દુ નામ હશે; કારણ તે वृषभदत्त અથવા ऋषभदत्त હોઇ શકે. પરંતુ दिनीक, नहपान, क्षहरात એ નામ હિન્દુ નથી. ઉષવદાત શકવંશનો નહપાન નામના क्षत्रपનો જમાઈ હતો. નહપાનના નામના હાલમાં ૨૪ હજાર શિક્કા મળી આવ્યા છે. આ નહપાન હિન્દુસ્તાનમાંનો નહિ પણ હિન્દુસ્તાનની બહારનો હતો. તેણે અહીં રાજ્યની સ્થાપના કરી પણ તે માત્ર ૫૦ વર્ષ જ ટક્યું. ગૌતમીપુત્રે તેનો જલદી જ પરાભવ કરી તેનો નિર્વંશ કર્યો અને શાલિવાહનનું રાજ્ય સ્થાપ્યું. આ નહપાનના સમયના કેટલાક શિક્કાએ નાશીક પાસેથી મળી આવ્યા છે. તે ઉપર નહપાન અને ગૌતમીપુત્ર એઉની શાલે છે. આ નહપાનના જમાઈ દિનીકપુત્ર ઉષવદાતે બ્રાહ્મણોને ત્રણ લાખ ગાયોનું દાન કર્યાનો, અને વર્ષોવર્ષ લાખ બ્રાહ્મણોને તે જમાડતો હોવાનો એ શિલાલેખમાં ઉલ્લેખ છે.

प्रभासे पुण्यतीर्थे ब्राह्मणेभ्यः अष्टभार्याप्रदेन । એવો પણ તેના જ સંબંધી ઉલ્લેખ આ શિલાલેખમાં છે. પ્રભાસમાં એટલે સોમનાથ પાટણમાં તેણે આઠ બ્રાહ્મણનાં લગ્ન કરાવી આપ્યાં હતાં. નાશીકમાં ભિક્ષુઓને રહેવા માટે તેણે વિહાર બંધાવ્યો છે, તેમજ ભિક્ષુઓને નવીન વસ્ત્રો વગેરે મળે તે માટે પેઢી દરપેઢી વ્યાજે રકમ મળે એવી તજવીજ પણ કરી હતી. તે વખતે વ્યાજનો દર વધારેમાં વધારે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સેંકડે ૫ થી ૭ાા ટકા સુધી હતો. ક્ષત્રપોની દાનધર્મની પદ્ધતિ સર્વ રીતે હિન્દુઓના જેવી જ હતી એ ઉપરની હકીકતથી જણાઈ આવશે. ક્ષત્રપ અથવા મહાક્ષત્રપનો બીજો એક વંશ ઉજ્જયિનીમાં હતો. તેમાં ૧૯–૨૦ પુરુષ થયા, અને તેમણે એકંદર આશરે ૨૦૦–૨૨૫ વર્ષ રાજ્ય કર્યું. તેમનું રાજ્ય ઈ. સ. પૂર્વે ૩૮૯ સુધી ચાલતું હતું. क्षत्रप શબ્દની વ્યુત્પત્તિ જ કરીએ તો તે સંસ્કૃત છે એમ બતાવી શકાય, પરંતુ તેવો શબ્દ સંસ્કૃત વાઙ્મયમાં ક્યાંઈ પણ મળતો નથી. क्षत्रप અથવા खत्रप શબ્દ અને પારશી ઇતિહાસમાંનો Satrap શબ્દ એ બન્ને એક જ હોવા જોઈએ એમ લાગે છે. ક્ષત્રપોએ એકદમ હિન્દુ રીતભાતનો સ્વીકાર કર્યો હતો.

ભૂગોલગ્રન્થના લેખક ગ્રીક ગ્રન્થકાર ટૉલેમીએ ઉજ્જયિનીમાં तियस्थनीज રાજા અને પેઠણમાં पुलुमाई રાજા રાજ્ય કરતા હતા એમ કહ્યું છે. આપણી તરફના શિક્કા ઉપર અને શિલાલેખમાં જે चष्टन् નામ આવે છે તેજ तियस्थनीज, અને ઉજ્જયિનીમાંના ક્ષત્રપનો મૂળ પુરુષનાં તેનું चष्टन् એ નામ પરદેશી હતું. પરંતુ તેનો पुत्र जयदाम અને પૌત્ર रुद्रदाम એમના નામનો પહેલો અંશ હિન્દુ છે; અને આગળ એ વંશમાં થએલા રાજાઓ रुद्रसिंह વગેરેનાં આખાં નામ હિન્દુ છે.

મુંબઈ પાસે કેનેરીની ગુફાઓ છે, ત્યાંના એક શિલાલેખમાં

[वा]सिष्ठीपुत्रस्य श्रीसातकर्णीस्य देव्याः कार्द्दमकराजवंशप्रभवायाः महाक्षत्रप रु[द्र]पुत्र्याः ञ्य ... ... श्वविश्वस्य अमात्यस्य शतेरकस्य पानीयभाजनं देव धर्म्मः ।

એ પ્રમાણે છે. આમાંનું 'શાતકર્ણી' એ શાતવાહન વંશના એક રાજાનું નામ છે. તેની સ્ત્રી ક્ષત્રપવંશની હતી એમ ઉપરના લેખમાં લખેલું છે. આ ઉપરથી હિંદુઓએ શકજાતિની સ્ત્રી સાથે વિવાહ કર્યાનું નિઃસંશય ઠરે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગીરનારના શિલાલેખમાં એક ઠેકાણે, "शब्दार्थ गान्धर्व्व न्यायाद्यानं विद्यानां महतीनां पारण–धारण–विज्ञान–प्रयोगवाप्त–विपुल–की।तता" એવો રુદ્રદામ મહાક્ષત્રપનો ઉલ્લેખ મળી આવે છે. આ લેખમાં ગાયનવિદ્યા, ન્યાયશાસ્ત્ર વગેરે શાસ્ત્રોનું તેણે અધ્યયન કર્યાનું વર્ણન છે. રૂદ્રદામ એ ચષ્ટનનો પૌત્ર થાય.

નાશીકની એક ગુફામાં નીચેના આશયનો શિલાલેખ છે—

सिद्धं शकस दामचिकस लेखकस बुधीकस विष्णुदतपुतस दशपुरवाधवस लेग पोथियोच दो........

આમાંનું 'દામચિક' એ ગામનું નામ હોવું જોઈએ. 'ઉદ્ગીક' એ કાં તો નામ હોવું જોઇએ, અથવા તેમ ન હોય તો, તેનો અર્થ શાહુકાર થાય છે. તેને લેખક કહ્યો છે એટલે તે લહીઆનો ધંધો કરતો હોવો જોઇએ એમ લાગે છે. તેના બાપનું નામ વિષ્ણુદત્ત હોવાનું એક શિલાલેખમાં "महारठिस कोसिकीपुतस विण्हुदतस देयधम पोढि" એવો ઉલ્લેખ છે. આમાંનો કૌશિકીપુત્ર વિષ્ણુદત્ત મરેઠો હતો એવું આ ઉપરથી જણાય છે. અર્થાત્ આ સમયે શક અને મરેઠામાં સામાન્યતઃ બીલકુલ તફાવત રહ્યો નહોતો એવું સિદ્ધ થાય છે.

નાશીકમાંના બીજા એક શિલાલેખમાં છે કે,—

"सिद्धं राज्ञः माडरीपुत्रस्य शिवदत्ताभीरपुत्रस्य आभीरेश्वरसेनस्य संवत्सरे नवम ९ गिम्हपखे चोथे ४ दिवस त्रयोदश १३ एताय पुवय शकाग्निवर्म्मणः दुहित्रा गणपकस्य रेभिलस्य भार्यया गणपकस्प विश्ववर्मस्य मात्रा शकनिकया उपासिकया विष्णुदत्तया गिलानभेषजार्थं अक्षयनीवी प्रयुक्ता ।"

આ લેખનો આશય એવો છે કે અગ્નિવર્માની પુત્રી અને વિશ્વવર્માની મા "વિષ્ણુદત્તા" નામની સ્ત્રીએ રોગીઓના ઔષધોપચાર માટે, "अक्षयनीवी" એટલે દાનધર્મ સારૂ મોટી રકમ વ્યાજે મૂકી. વિષ્ણુદત્તા એ શકજાતિની સ્ત્રી છે અને 'वर्म' પદ ક્ષત્રીઓના નામને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છેડે લગાડવામાં આવે છે. આ ઉપરથી એવું સિદ્ધ થાય છે કે 'શક' લોકો ક્ષત્રિયો સાથે ભળી ગયા હતા. આ શિલાલેખમાં 'આભીર' રાજાઓ રાજ કરતા હોય એમ લાગે છે. તે કાળે કાલગણના મહિના પ્રમાણે નહિ પણ ઋતુ પ્રમાણે થતી હોવાથી આ લેખમાં ઈશ્વરસેનના ૯ મા સંવત્સરની ગ્રીષ્મ ઋતુમાં (गिम्हपखे) એવું કહ્યું છે.

આભીર જાતના લોક

'આભીર' જાતના લોક આ દેશમાં 'શક' પછી આવ્યા. એ લોકો મધ્ય એશિયામાંના હશે. મહાભારતમાં અને વિષ્ણુપુરાણમાં તેમના નામનો નિર્દેશ છે. તેમાં તેમને 'મ્લેચ્છ' કહેલા છે. વરાહમિહિરે " म्लेच्छादि यवनास्तेषु " એ વાક્યમાં યવનની મ્લેચ્છમાં ગણના કરી છે.

કાઠીઆવાડમાંના એક શિલાલેખમાં આભીરોનો નિર્દેશ આ પ્રમાણે કર્યો છે:—

" आभीरेण सेनापतिबाहकस्य पुत्रेण सेनापति रुद्रभूतिना "

આ રૂદ્રભૂતિએ પુષ્કળ દાનધર્મ કર્યાનો ઇતિહાસ મળે છે. આ શિલાલેખ રૂદ્રસિંહના સમયનો છે. રૂદ્રસિંહ શકે ૧૦૨ ના અરસામાં રાજ્ય કરતો હતો. આભીર લોકો પ્રથમ લુંટારા હતા. તેમનું રાજ્ય અહીં પછી સ્થપાયું. શ્રીકૃષ્ણ સ્વધામે ગયા પછી અર્જુન તેમની સ્ત્રીઓને લઈ જતો હતો ત્યારે તેમને માર્ગમાં જે લૂંટારાઓએ લૂંટ્યા હતા તે આભીર જ હતા. ત્યાં તેમને 'મ્લેચ્છ' કહ્યા છે.

આભીરો સંબંધી આવો ઉલ્લેખ એક ઠેકાણે છે:—

" रोहिन्स कूपकग्रामः पूर्व्वमासीदनाश्रय : ।
असेव्यः साधुलोकानां आभीरजनदारुणः ॥ "

હાલમાં 'આહીર' તરીકે જે જાત પ્રસિદ્ધ છે તેનું મૂળ આભીરમાંથી જ છે. આ આહીર સોનીમાં, સુતારમાં, ભરવાડમાં અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આભીરના આહીર થયા.

બ્રાહ્મણમાં પણ છે. પુનાના આહીર સોની જનોઈ પહેરે છે, અને ખાનદેશના પહેરતા નથી. એમનામાં હમણાં જ થોડી મુદત ઉપર વાદ થયો હતો. પુનામાંના આહીર સોની જનોઈ પહેરે છે માટે ખાનદેશના આહીર સોનીઓએ તેમને બહિષ્કૃત કર્યા હતા.

તુરુષ્ક અથવા તુર્ક રાજા

આ જ અરસામાં ઉત્તર તરફ જે રાજા થયા તેમને 'રાજતરંગિણી'માં 'तुरुष्क' અથવા 'कुषण' કહ્યા છે. આ 'तुरुष्क' તુર્કવંશના હતા. આ વંશના 'હિમકાડ્ફિસ' નામના એક રાજાનું વર્ણન, "राजाधिराजस्य सर्व लोकैकेश्वरस्य माहेश्वरस्य" એવું તેના સિક્કા ઉપર કર્યું છે. આ રાજાનું નામ કાંઈ હિન્દુ નથી. પરંતુ તે પુરેપુરો શૈવ થયો હોય એમ તેના આ વર્ણન ઉપરથી જણાય છે. આ રાજા ઈ. સનના બીજા કે ત્રીજા સૈકામાં થએલો હોવો જોઈએ. તેના શિક્કાની એક બાજુએ તુર્કી ટોપી (ફેઝ) ઓઢેલો એવો તેનો ચહેરો અને બીજી બાજુએ પોઠીઆનું તથા પાસે જ હાથમાં ત્રિશૂળ ધારણ કરેલા પુરુષનું ચિત્ર છે. એ ચિત્ર શંકરનું જ હોવું જોઈએ. આ ઉપરથી આ તુર્કવંશી રાજા શિવનો ઉપાસક થએલો હોવો જોઈએ એ નિઃસંશયપણે માની શકાય છે.

'મગ' લોક બ્રાહ્મણ થયા.

બહારથી આવેલા પરદેશી લોકો બ્રાહ્મણ થયાનાં ઉદાહરણ પણ મળે છે. 'મગ' લોક એ તેમાંના એક છે. તેઓ પ્રથમ રાજપુતાના, મારવાડ, આગ્રા અને બંગાળામાં રહ્યા. શકે ૧૦૨૮ ની વચ્ચેનો તેમના સંબંધનો એક શિલાલેખ છે તેમાં તેમના વિષે નીચે પ્રમાણે ઉલ્લેખ છે:—

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

देवोजी यात्रिलोकी मणिरयमरुणो यत्नवासेन पुण्यः
शाकद्वीपस्य दुग्धाम्बुनिधिवलयितो यत्र विप्रा मगाख्याः ।
वंशस्तत्र द्विजानां भ्रमिलिखिततनोर्भास्वतः स्वाङ्गमुक्तः
शाम्बो यानानिनाय स्वयमिह महितास्ते जगत्यां जयन्ति ॥

શાકદ્વીપમાં 'મગ' નામના એક વંશના લોક હતા તેને 'શાંબ' અથવા 'સાંબ' નામે રાજાએ આ દેશમાં આણ્યા. આ વંશમાં છ પુરુષ સારા કવિ થયા. આ વંશને હિન્દુસ્તાનમાં લાવનાર શાંબનું વર્ણન 'ભવિષ્યપુરાણ'માં છે. શાંબે ચન્દ્રભાગાને તીરે એક દેવાલય બંધાવ્યું. પહેલાં ચિનાબ નદી ચન્દ્રભાગા કહેવાતી. તે વખતે બ્રાહ્મણો દેવના પૂજારી થવાનું નિંદ્ય સમજતા હોવાથી શાંબને કોઈ પૂજારી મળે નહિ. ત્યારે ઉગ્રસેનના ઉપાધ્યાયે શાકદ્વીપમાંથી 'મગ' જાતના લોકોને લાવવાનું કહ્યું. એ પ્રમાણે શાંબે 'મગ'ને આણ્યા અને તેમને પૂજા કરવાનું કામ સોંપ્યું. મુલતાનમાં 'સુવર્ણમય' એવું એક સૂર્યનું દેવાલય હતું. ગયાના પહેલા સૈકામાં મુસલમાનોએ તોડી નાંખ્યું. એ જ તે દેવાલય.

विष्णोर्भागवतान्मगाश्च सवितुः शम्भोः सभस्मद्विजान्
मातॄणामपि मातृमण्डलविदो विप्रान्विदुर्ब्रह्मणः ।
शाक्यान्सर्वहितस्य शान्तमनसो नग्नाञ्जिनानां विदु-
र्येयं देवमुपाश्रिताः स्वविधिना तैस्तस्य कार्या क्रिया ॥

એટલે વિષ્ણુની સ્થાપના ભાગવતના હાથે થાય, સૂર્યની સ્થાપના મગોને હાથે થાય, વગેરે શાસ્ત્રાર્થ વરાહમિહિર લખી ગયો છે. એથી વરાહમિહિરના સમયમાં 'મગ' લોકોની આ દેશમાં સંસ્થિતિ હોવાનું નિર્વિવાદ સિદ્ધ થાય છે. વરાહમિહિરનો સમય શકે ૫૦૯ નો છે. 'મગો'ને હાથે સૂર્યની સ્થાપના કરવાનો વિધિ એ સમય સુધી પ્રચારમાં હતો એમ ઉપરના શ્લોક ઉપરથી જણાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હવે એ ‘ મગ ’ કોણ તે વિષે થોડો વિચાર કરીએ. પર્શિયાના ઇતિહાસમાં ‘ મગી ’ (Megi) નામે પારસીઓના ધર્મગુરુ પ્રસિદ્ધ છે. ‘ મગ ’ અને ‘ મગી ’ એ બન્ને એક જ હોવા જોઇએ. પારસીઓના ધર્મગ્રન્થ ‘ અવસ્તા ’ અને આપણા ‘ વેદ ’ની ભાષા ઘણા અંશે મળતી છે. આપણા કેટલાક દેવતાઓને તે ભૂત સમજે છે તો પણ ‘ મિત્ર ’ એ દેવતા બન્નેમાં એક જ છે. સીરિયા, એશિયામાયનર, રોમ વગેરે ઠેકાણે પણ આ દેવતાની ઉપાસના ચાલતી હતી. આ ઉપાસના જેમ પશ્ચિમ તરફ રોમ સુધી ગઈ તેમ પૂર્વ તરફ હિન્દુસ્તાનમાં પણ આવેલી હોવી જોઈએ. પારસીઓના ‘ મગી ’ એજ અહીંના ‘ મગ ’. ‘ મગ ’ લોકો ‘ અવ્યંગ ’ નામે એક ચિહ્ન ડોકમાં રાખતા. તે સાપની કાંચળીની દોરી હતી. આ હકીકત ‘ ભવિષ્યપુરાણ ’માં છે. આ દોરી સૂર્યની મૂર્તિના મધ્યમાં બંધાતી એમ ‘ ભવિષ્યપુરાણ ’માં કહેલું છે. આગળ જતાં એ દોરીને બદલે તે જનોઈ પહેરવા લાગ્યા.

હૂણ લોક

ગુપ્તોનું રાજ્ય પડી ભાગવાના અરસામાં એટલે ઇ. સ. ના ૫ મા સૈકાના અંતમાં ‘ હૂણ ’ લોકોએ હિન્દુસ્તાનમાં પહેલવહેલો પ્રવેશ કર્યો. આ વંશમાં તોરમણ અને નિહિરકુલ નામના બે રાજા શિલાલેખ ઉપરથી સુપ્રસિદ્ધ જણાય છે. ચેદી (છત્રીસગઢ)ના રાજા કર્ણદેવે એક ‘ હૂણ ’ કન્યા (આવલ્લદેવી) સાથે લગ્ન કર્યું હતું. રજપુતોના અનેક વંશો છે તેમાં ‘ હૂણ ’ નામે પણ એક છે. આ આ ઉપરથી ‘ હૂણ ’ લોકો હિન્દુસમાજમાં મળી ગએલા હોવાનું સિદ્ધ થાય છે. આજ ‘ હૂણ ’ જાતના લોકોએ હંગેરીમાં જઈ ત્યાં પોતાની સ્થાપના કરી અને હાલ પણ એ જાત ત્યાં વસે છે.

હવે, આપણા દેશમાં છેવટે આવેલા વિદેશી લોક ‘ ગુજ્જર ’ વિષે વિચાર કરવાનો રહે છે. ‘ ગુર્જર ’ નો સંસ્કૃત શબ્દ ગુર્જર થયો અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુર્જર રાજાઓનો ક્ષત્રિયોમાં સમાવેશ

તેમના દેશનું નામ ‘ ગુજરાત ’ બારમા સૈકાથી રૂઢ થયું. તે પહેલાં એ પ્રદેશ “ લાટ ” નામે ઓળખાતો. લાટી રીત ‘ કાવ્યપ્રકાશ ’માં પણ છે. એ લોક પંજાબમાં ‘ ગુજરાત ’ નામનો એક જીલ્લો છે ત્યાંના મૂળવતની હતા. વિક્રમના નવમા સૈકાનો ડિડવાણા અને ઘટિયાળમાંથી એક તામ્રલેખ અને એક શિલાલેખ મળ્યો છે. તેમાં ગુજરાત પ્રાન્તને ‘ ગુર્જરત્રા ’ (= ગુજ્જરને આશ્રય આપનારી ભૂમિ) કહ્યો છે. એ ગુર્જરવંશીય દક્ષિણ તરફ ગયા ત્યારે ‘ લાટ ’ પ્રાન્તનું નામ ‘ ગુજરાત ’ પડયું. મારવાડ પ્રાન્તમાં તેમનું રાજ્ય હતું. તે રાજવંશમાં દેવશક્તિ, નાગભટ્ટ, રામભદ્ર, ભોજરાજા, મહેન્દ્રપાલ અને મહીપાલ એવા છ રાજા થયા. ભોજના સમયમાં કનોજ ઉપર તેમની સત્તા સ્થાપિત થઈ અને તેના વંશજ મહેન્દ્રપાલ તથા મહીપાળે ત્યાં જ રાજ્ય કર્યું. મહારાષ્ટ્રમાંના રાષ્ટ્રકુટ અને મારવાડ તથા કનોજના ‘ ગુર્જર ’ રાજાઓમાં હમેશાં યુદ્ધ થતાં. ‘ જુર્જ ’ અને ‘ બલ્હરા ’ એ બે રાજ્યો એક બીજાની લગોલગ હતાં એમ એક મુસલમાન ઇતિહાસકારે લખ્યું છે. આ ‘ જુર્જ ’ એ ‘ ગુર્જ્જર ’ અને ‘ બલ્હરા ’ એ ‘રાષ્ટ્રકૂટ.’ આ રાજાઓ પ્રતિહારી વંશમાંના હતા એવો ઉલ્લેખ એક શિલાલેખમાં છે. કનોજના રાજા મહેન્દ્રપાલના રાજકવિ રાજશેખર ગુરુ હતા. તેમણે પોતાના ‘ બાલ-રામાયણ ’માં આ રાજાનો સમાવેશ રઘુકુળમાં કરી ‘ રઘુકુલચૂડામણિ ’ એવું વર્ણન કર્યું છે. ‘ ગુઝર ’ નામની એક જાત હાલ પણ રશિયામાંના અઝાવ સમુદ્ર સુધી ફેલાયલી છે. આ ઉપરથી સિદ્ધ થાય છે કે મધ્ય એશિયામાં ભ્રમણ કરનારા ‘ ગોપાલ ’ અથવા ‘ મેષપાલ ’ જાતિના લોકોનું હિન્દુસ્તાનમાં રાજ્ય થયા પછી તેમને રાજશેખરે રઘુવંશમાંના રાજાનું નામ આપી પુરેપુરા ક્ષત્રિય બનાવી દીધા.

રાજપુતોના પડિહાર, પ્રમાર અથવા પરમાર, ચહુવાણ અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સોળંકી એવા ચાર વંશ મિ. ટોડે કહ્યા છે. આમાંનું એકે નામ સંસ્કૃતમાં નથી. તેનો સંસ્કૃત સાથે સંબંધ

'ગુજરાત' નામ ક્યારે પડયું ?

બેસારવાનો પ્રયત્ન કરવો એ ખુરશીની: "खुशः चीयन्ते अस्याम्" એવી વ્યુત્પત્તિ કરવા બરાબર જ છે. ઉપરના ચાર વંશમાંના "પડિહાર" વંશનો નિર્દેશ કેટલેક ઠેકાણે "ગુર્જર" નામે પણ થયો છે. આ ઉપરથી એ ચારે વંશ ગુર્જરોના જ હતા એમ કહેવું એ જ વિશેષ સયુક્તિક લાગે છે. આમાંના સોલંકીવંશની अनहिलपत्तनમાં ૯૬૧ માં સ્થાપના થઈ ત્યારથી એ પ્રદેશનું નામ 'ગુજરાત' પડયું.

ઉપસંહાર

આ પ્રમાણે યવન, શક, આભીર, તુર્ક, મગ, હૂણ અને ગુર્જર એ વિદેશી લોકો જુદે જુદે વખતે હિન્દુસ્તાનમાં આવ્યા તે સર્વ હિન્દુસમાજમાં મળી ગયા. માત્ર મુસલમાનોની એવી સ્થિતિ થઈ નહિ. તેનું કારણ તેમનામાં ધર્મપ્રવૃત્તિની લાગણી મુખ્ય હતી એ જ છે. નામદાર ગોપાળરાવ ગોખલે કહે છે તે પ્રમાણે, આપણે તેમની સાથે હળીમળીને ચાલવું જોઇએ. સર્વનો આપણામાં સમાવેશ કરી લેવો એવી આપણી પરાપૂર્વની પરંપરા છે, એ જ ઉદાર પરંપરા ભવિષ્યમાં પણ કાયમ રાખવાથી મુસલમાનોની વિરોધાત્મક પ્રવૃત્તિ પણ કંઈક અંશે અટકવા પામશે. મુસલમાનોની પહેલાં આ દેશમાં આવેલા વિદેશી લોકોનો હિન્દુસમાજમાં એટલો તો ઝપાટાબંધ અને વ્યાપક પ્રમાણમાં સમાવેશ થયો છે કે, હાલની સમાજમાંના આર્ય કોણ અને અનાર્ય કોણ એ વિષેનું વિવેચન કરવાનો પ્રયત્ન નિષ્ફળ જ થવાનો. મિ. જેકસને પોતાના નિબંધમાં આવા જ ઉદ્ગાર કાઢ્યા છે. તે કહે છે,—

"It remains to refer to certain kinds of mental bias that are apt to affect the judgment

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

in questions of Indian history. There is, in the first place, what may be called the patriotic bias, though it is shared more or less by European as well as Indian scholars. It shows itself in a tendency to exaggerate the freedom of India from foreign influences, and to claim entire originality for such inventions as the Indian alphabet which bear their foreign origin on their face. This school loves to trace the leading castes of the present day to an Aryan origin, and to accentuate the Hindu orthodoxy of the kings and conquerers of old. When these are looked upon as Hindus from the beginning, the most important fact in Hindu history is overlooked. I mean the attractive power of Hindu civilisation, which has enabled it to assimilate and absorb into itself every foreign invader except the Moslem and the European. Those Indians have indeed a poor idea of their country's greatness, who do not realise how it has tamed and civilised the nomads of Central Asia, so that wild Turkman tribes have been transformed into some of the most famous of the Rajput royal races."

ઉપરના ઉતારાનો ભાવાર્થ એવો છે કે, હિન્દના ઇતિહાસના પ્રશ્નોમાં, કેટલીક જાતના માનસિક વલણથી તુલનાશક્તિ ઉપર જે અસર થાય છે તે હવે જોવાનું રહે છે. પ્રથમ તો સ્વદેશાભિમાનની વૃત્તિથી જે વલણ થાય છે તે. આવી જાતનું વલણ અંગ્રેજ તેમજ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હિંદી વિદ્વાનો બન્નેમાં ઓછાવત્તા પ્રમાણમાં હોય છે. પરદેશીઓની અસરથી થયા છતાં હિંદુસ્તાનની સ્વતંત્રતાનો અતિશયોક્તિ ભરેલો ખ્યાલ આપવાનું એક વલણનો હેતુ છે, અને હિંદુસ્તાનના મૂળાક્ષર જે પ્રાથમિક રીતે પરદેશી છે એવું સાબીત થાય છે તેને અને એવી બીજી શોધોને પોતાની છે અથવા તેનો ઉદ્‌ભવ હિંદુસ્તાનના લોકોએ કરેલો છે એવો દાવો કરવાના વલણથી જણાઈ આવે છે. આ વર્ગ હાલની અગ્રેસર જ્ઞાતિઓનું મૂળ આર્યત્વ છે એવું બતાવવા મગ્ન રહે છે, અને આ વર્ગ રાજાઓના અને પહેલાંના વિજય કરનારાઓની હિંદુધર્મપરાયણતાની મહત્તા વધારવા લલચાય છે. જ્યારે આ રાજાઓ અને અસલના જીતનારાઓને મૂળથી હિંદુ છે એમ માનીએ છીએ ત્યારે હિંદુ ઇતિહાસમાંની એક મુખ્ય બાબતની ઉપેક્ષા થાય છે, અને તે બાબત હિંદુ સુધારાની આકર્ષક શક્તિ છે. તે શક્તિથી મુસલમાન અને અંગ્રેજ સિવાય દરેક હુમલો કરનારને તેણે પોતાનામાં ભેળવી દીધા છે. મધ્ય એશિયાની ભટકતી જાતોને તેણે કેવી રીતે કાબુમાં રાખી કેળવી છે તેનો જેને પૂર્ણ ખ્યાલ આવતો નથી તે હિંદીઓને ખરેખર પોતાના દેશની મહત્તાનો ઘણો હલકો ખ્યાલ છે. તે આકર્ષકશક્તિથી જ તુર્કીઓની જંગલી જાતોની પ્રખ્યાત રજપૂત રાજવંશી જાતો થઈ છે.

(પુ. ૫૬ મું, ઑક્ટોબર–નવેમ્બર, ૧૯૦૯)

૨. હિંદમાં ઈરાની અમલની અસર

મિ. રતન તાતા તરફથી પુરાણવસ્તુવિદ્યાવિશારદ ડૉ. સ્પુનર આજ કેટલોક વખત થયાં જુના પાટલિપુત્રનાં ખંડેરોમાં ખોદકામ કરાવી કરાવીને પ્રાચીન ઈતિહાસ બાબત અગત્યની શોધખોળ ચલાવે છે. કુમરાહ આગળ ઘણી ચીજો હિંદના પ્રાચીન ઇતિહાસ ઉપર નવું અજવાળું પાડે એવી તેને મળી આવી છે. રોયલ એશિયાટિક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સોસાયટીના માસિકમાં "હિંદી ઇતિહાસનો ઝોરોએસ્ટ્રિયન કાળ" નામનો નિબંધ લખતાં તે પોતાની શોધ ઉપરથી અને પ્રાચીન સાહિત્ય ઉપરથી કાઢેલાં અનુમાનોથી એમ બતાવે છે કે, મહાન એલેક્ઝાંડરની સ્વારીની લગભગ એટલે ઈ. સ. પૂર્વે ત્રીજા ચોથા સૈકામાં મધ્ય અને પૂર્વ હિંદમાં ઇરાની–પારસિક જાતના લોકો રાજ્ય સ્થાપવા અને પોતાની ઈરાની–પારસિક અસરો હિંદમાં ઉપજાવવાને શક્તિમાન થયા હતા એટલું જ નહિ, પરંતુ નંદ અને તે પછી થયેલા મૌર્ય વંશના રાજાઓ તથા રાજનીતિવિશારદ ચાણક્ય વગેરે પારસિક જાતના હતા અને તેમણે હિંદુસ્તાનમાં પોતાની લાગવગ અને ઇરાની કેળવણી દાખલ કર્યાં હતાં.

ડૉ. સ્પુનર પોતાના નિબંધમાં જણાવે છે કે આ અનુમાનને માત્ર પ્રાચીનવસ્તુવિદ્યા દ્વારા કરેલી શોધોનો જ ટેકો મળે છે એમ નથી, પરંતુ હિંદુઓના પ્રાચીન સાહિત્યમાંથી પણ તેને પુષ્ટિ મળે છે. અશોકના રાજ્યમાં જે ગ્રીક એલચી સાત આઠ વર્ષ સુધી હિંદુસ્તાનમાં રહ્યો હતો તે જણાવે છે કે, 'મગધ દરબારમાં ઘણી રસમો ઇરાન તરફની ચાલે છે. મિ. વિન્સંટ સ્મિથ ચંદ્રગુપ્તના દરબારનું જે ચિત્ર દોરે છે તે પણ તેમાં પારસિક રંગરાગનાં દર્શન કરાવે છે. અશોકના સ્તંભ ઉપરના લેખો ઈરાની ઢબછબના છે એટલું જ નહિ, પરંતુ એ વિચાર પણ પારસિક દરબારનો છે. અશોક રાજાએ પોતાના રાજ્યમાં પાણીનાં જે બાંધકામ બંધાવ્યાં હતાં તે બાબિલોન તરફનાં બાંધકામોની નકલ રૂપ હતાં. મૌર્ય રાજાઓના અમલમાં બાંધકામ ખાતાની, રાજસી ક્રિયમાણોની અને ચરિતને લગતી જે ધારા ચાલતી તેમાં પણ ઇરાન તરફના વિચારોનું પ્રાધાન્ય જણાતું; ફોજદારી કામકાજ પણ ઈરાની કાનુનો પ્રમાણે ચલાવવામાં આવતું હતું. પુરાણવસ્તુવિદ્યાના ટેકા ઉપરાંત પ્રાચીન સંસ્કૃત સાહિત્યમાંથી ડૉ. સ્પુનર લંબાણ સાબીતીઓ પોતાના અનુમાનના સમર્થનમાં રજુ કરતાં જણાવે છે કે, મહાભારતમાં પાટલિપુત્રનાં બાંધકામોનાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બહુ વખાણ કરેલાં છે અને તેને દેવતાઈ કારીગરી તરીકે ઓળખાવતાં 'અસુર મય' મયદાનવે તે બાંધેલાં એવું જણાવ્યું છે. પાંડવોને માટે બાંધેલી સભા પણ એ શિલ્પીએ બાંધી હતી. અસુર મય હિંદુસાહિત્યમાં એક દેવતાઇ શિલ્પી તરીકે ઓળખાવાયેલો છે. પત્થર ઉપર ઉંચી જાતની કોતરણી કરીને બાંધેલાં ભવ્ય તથા રોનકદાર મકાનો બાંધનાર તરીકે તેની સાહિત્યમાં સર્વત્ર બહુ ખ્યાતિ છે. ડૉ. સ્પુનર કહે છે, આ અસુર મય તે ઝોરોએસ્ટ્રિયન—અહુરમજદનો પડઘો જ છે.

મહાભારત અને બીજા પ્રાચીન સંસ્કૃત સાહિત્યના કેટલાક પુરાવા ટાંકી ડૉ. સ્પુનર જણાવે છે કે, પાલિસ કરેલા પત્થરનું બાંધકામ પહેલ-વહેલું મૌર્ય રાજાઓએ હિંદમાં દાખલ કર્યું હતું. પત્થરનાં ભવ્ય અને રોનકદાર મકાનો બાંધનારા માણસો તે પોતાના દેશમાંથી—ઇરાનમાંથી લાવ્યો હતો. તેમણે પોતાની કારીગીરીને અહુરમજદની પ્રસાદી તરીકે જણાવી હોય એ સ્વાભાવિક છે. સાધારણ રીતે એમ કહેવાનો ચાલ છે કે, 'આ કામ મારૂં નહિ પણ ઇષ્ટની કૃપાનું છે.' જરથોસ્તી કારીગરોએ પોતાના ઉત્તમ કામને અહુરમજદનું જણાવ્યાથી લોકોમાં તે તેનું ગણાયું અને કાળે કરીને 'અહુરમજદ'નું અસુરમય થઈ જઈ લોકમાં તેની ખ્યાતિ થઈ. મયદાનવને આપણું સાહિત્ય પણ પરદેશી, આપણા ધર્મનો નહિ પણ અસુર જાતનો જણાવે છે. ભારત પછીના સાહિત્યમાં તેને અસુરોનો શિલ્પી ગણવામાં આવ્યો છે. મયદાનવનાં બાંધકામોને દરેક ઠેકાણે દેવતાઇ બાંધકામ માનવામાં આવ્યાં છે અને તેમ છતાં હિંદુઓએ તેને પોતામાંનો નહિ પણ બીજો, પરધર્મી પરજાતનો દાનવ માનેલો છે એવું સ્પષ્ટ બતાવી આપે છે. પાટલિપુત્રનાં જ નહિ પરંતુ બીજાં પણ ઈરાન તરફની કારીગીરીનાં ભવ્ય બાંધકામો તેને નામે ચઢાવી દેવામાં આવ્યાં, અર્થાત્ હિંદુઓએ મયને પોતામાંનો નહિ છતાં એક શિલ્પી તરીકે બહુ માન આપેલું છે અને તેને પોતાની સાથે નહિ ભેળવી દઈ ઇતિહાસની આ બાજુને જેવી ને તેવી જ સાચવી રાખી છે. પરદેશી અને પરધર્મીને તેની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કારીગીરીથી મુગ્ધ થઈ પોતાનો નહિ ગણવામાં હિંદુઓએ અજાણતાં સત્ય વાતને બહુ અચ્છો ઇનસાફ આપેલો કહેવાશે.

અહુરમજદની મહેરબાનીએ ઈરાનીઓ પોતાના રાજનગરમાં જે સુંદર અને ભવ્ય રાજમહેલો અને મકાનો બાંધવાને શક્તિમાન થયા હતા, તે રાજમહેલો અને મકાનોની ઢબછબે જ મૌર્ય રાજાઓએ પોતાના રાજનગરમાં પોતાને માટે રાજમહેલો અને મકાનો અસુર મય પાસે બંધાવરાવ્યાં. એમ કહેવાય છે કે, અસુર મય માયાથી—જાદુથી પોતાનાં બાંધકામો તૈયાર કરતો. કથાસરિત્સાગરમાં લખ્યું છે કે, મયદાનવે જાદુઈ રીતે પાટલિપુત્ર નગર બાંધ્યું હતું. પોતે બાંધેલાં બાંધકામોનું અસુર મયે જે વર્ણન કરેલું છે તે મેગસ્થેનિસે આપેલા પાટલિપુત્રનાં બાંધકામોના વર્ણન સાથે બરાબર મળતું આવે છે. જગાનાં વર્ણનો અને સીમા પણ એઉનાં મળતાં છે. અસુર મયે બાંધેલાં દેવતાઈ મકાનો મહાભારત પ્રમાણે પાટલિપુત્રનાં જ હતાં અને તેમાં વળી એમ પણ લખ્યું છે કે, મયે તે મકાનો દાનવોને માટે બાંધ્યાં હતાં, કે જેઓ પરદેશી એટલે હિંદુસ્તાનના આર્યોમાંના ન હતા. આ ઉપરથી પુરવાર થાય છે કે, પાટલિપુત્રનાં બાંધકામ હિંદુ આર્યોથી જુદી જાતના પરદેશી શિલ્પીએ પરદેશી જુદી જાતના રાજાઓ માટે ઇરાની બાંધકામના નમુના ઉપર બાંધ્યાં હતાં. આ ઉપરથી બીજો પ્રશ્ન એ ઉત્પન્ન થાય છે કે, ત્યારે શું મૌર્ય રાજાઓ ઝોરોએસ્ટ્રિયન ધર્મના પરદેશીઓ હતા ?

મૌર્ય શબ્દની વ્યુત્પત્તિ સંસ્કૃત સાહિત્યને અનુકૂલ આવતી નથી અને તેને માટે જે મુરા નામની શૂદ્ર માતાના પુત્રનો વંશ એવું જોડકણું જોડી કઢાયેલું છે, તે પણ બંધ બેસતું નથી. ઈરાની લેખોમાંના મગુર્વ અથવા મિઉર્વ ઉપરથી મૌર્ય કરવામાં આવે છે, તે પણ તાણીતાસીને મૌર્ય શબ્દને ઘટાવવાનો મિથ્યા પ્રયત્ન છે. મર્વ, મૌર્વ અને મેરુ શબ્દ તરફ પણ ખાલી બાચકા ભરવામાં આવ્યા છે. ઈરાની મૌર્વ ઉપરથી મૌર્ય થયેલું હોય, એ અનુમાન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વધારે યુક્ત જણાય છે અને 'મર્વ' નામનું સ્થળ જે હિંદુઓ અને પારસીઓ એઉને સમાન છે, તે બીજું કોઇ જ નહિ પણ પારસી રાજનગરનાં ખંડેર જે સ્થળમાં આવેલાં છે તે મુરઘાબનો પ્રદેશ હોવો જોઈએ. ચંદ્રગુપ્તના પૂર્વજો પરસીપોલીસના રહેવાસી હતા અને તેણે પરસીપોલીસના જેવાં બાંધકામ પાટલિપુત્રમાં પણ બંધાવ્યાં હતાં. મહાભારત પણ મૌર્ય બાંધકામો અને મહેલો વગેરે પરદેશી દાનવ જાતના રાજાઓને માટે બાંધવામાં આવેલા હતા એવું જણાવે છે, એટલે મર્વ સ્થળમાં આવેલા પારસિક રાજનગરના અસલ રહેવાસીઓ તે મૌર્ય હોવા જોઈએ. ઝોરોએસ્ટ્રિયનો પોતાના લેખોમાં પોતાને "ઐર્યવો દાન્ય હાવો" કરીને લખે છે તે શું દાનવને મળતું નથી? સિક્કાઓની સાહદ ઉપર જતાં ડો. સ્પુનર જણાવે છે કે ચાંપેલી કાણાવાળા છાપના સિક્કાઓ હિંદુસ્તાનમાં જુનામાં જુના સિક્કા છે. આ સિક્કાઓ મૌર્યોએ પોતાના અમલમાં વાપરેલા. એનું માપતોલ મનુના માપતોલ સાથે નહિ પણ ઈરાની માપતોલ અને ઢગાછઅને મળતું છે, એમ એક ફ્રેંચ વિદ્વાને પુરવાર કર્યું છે. આ ઉપરથી પણ એવું સાબીત થાય છે કે, પાટલિપુત્રના મૌર્ય રાજાઓ પારસિક મૂળ વંશના હતા.

ઈતિહાસફલકના વાયવ્ય ખુણા ઉપર મહાન એલેકઝાંડરની સાથે તક્ષશિલા આગળ ચંદ્રગુપ્ત આપણને પહેલવહેલો દેખાય છે. તે મહાન વિજેતા ઈરાનમાં થઈને આવ્યો હતો ત્યારે શું ચંદ્રગુપ્ત તેના લશ્કરમાંનો હશે? એવો પ્રશ્ન થવો સ્વાભાવિક છે. ખાતરી લાયક હકીકતોથી જણાય છે કે, એલેકઝાંડરના મરણ પછી ઈરાનીઓનું મોટું સૈન્ય લઈ ચંદ્રગુપ્ત મગધ ઉપર ગયો હતો અને ત્યાંનું રાજ્ય મેળવ્યું હતું. ત્યાંથી તે પાછો ઈરાન તરફ ગયો હતો અને છેલ્લે તેના શત્રુ નંદનું નિકંદન કાઢી પરસીપોલીસના રાજમહેલો જેવી ઈમારતો ને મકાનો તેણે પાટલિપુત્રમાં તે તરફના શિલ્પીઓ પાસે બંધાવ્યાં હતાં. આ મહેલોમાંનાં ચિત્રો તેણે પરદેશી પારસિક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઢબનાં કરાવ્યાં અને પરદેશી રીત પ્રમાણે સરસામાનથી શણગાર્યાં. ચંદ્રગુપ્તે પારસિક ધોરણ ઉપર દરબારી તરતીબ ગોઠવી અને બીજી ક્રિયાઓ પણ તે તરફની ચાલુ કરી. પોતે બંધાવેલા મહેલો અહુરમજદની પ્રસાદી રૂપ હોવાથી તેણે તેને નુકસાન કરનાર માટે સખત શિક્ષા ઠરાવી. ચંદ્રગુપ્ત ઈરાની હતો, તે વળી એ ઉપરથી પણ સાબીત થાય છે કે, તે વખતે ઈરાનમાં રાજ્ય કરતા સેલ્યુકસની કુંવરીને તે પરણ્યો હતો. આ બધી સાહદતો એમ નથી બતાવી આપતી કે ચંદ્રગુપ્ત ભારતીય આર્ય નહિ પરંતુ ઈરાની આર્યજાતિનો હતો ?

ચંદ્રગુપ્તને પારસિક વંશનો કહેતાં બે બાબતો આપણી સામે આવીને ઉભી રહે છે; એક તો ચાણક્ય કે જેના બુદ્ધિબળને લીધે ચંદ્રગુપ્ત મોટો રાજા થવા પામ્યો હતો. આ ચાણક્ય બ્રાહ્મણ તેનો પ્રધાન હિંદુસ્તાનમાં એક બહુજ મોટો મુત્સદ્દી અને દાવપેચની રાજનીતિ માટે પંકાઈ ગયેલો માણસ ગણાય છે. બીજી બાબત નવ નંદ અને છેલ્લા નંદની સ્ત્રીથી ચંદ્રગુપ્તનો જન્મ. આ બે બાબતોનો ખુલાસો થાય નહિ ત્યાં લગી ચંદ્રગુપ્તને પારસિક વંશનો કહેવા સંબંધી અનુમાન લુલું રહે છે.

નંદ રાજાઓને લગતી હકીકતોની તપાસ લેતાં જણાય છે કે, નવ નંદ નહિ પણ નવીનનંદ એમ હોવું જોઈએ. તેમાં પણ વળી છેલ્લા બે નંદરાજાઓ તો આગલા નંદવંશથી જુદાજ હતા. છેલ્લા બે રાજાઓને હિંદુ સાહિત્ય બહુ ધિક્કારે છે. એમણે ક્ષત્રિયોનો નાશ કર્યો હતો. જો તેઓ અસલી આર્યજાતિના ક્ષત્રિયો હોત તો એમ કરત નહિ. વૃત્તાંતપરંપરાથી જણાય છે કે નંદોની પાસે બહુ ધન હતું. ત્યારે એવું અનુમાન થાય છે કે તેઓ મોટા વેપારીઓ તરીકે હિંદમાં આવેલા અને રાજ્ય સંપાદન કરેલું. લક્ષ્મીને લીધે તેઓ પ્રસિદ્ધ થયેલા અને હિંદુઓનાં મન જીતી લીધેલાં એમ કહેવાય. જાતીયત્વ સંબંધી તો હિંદુઓ તેમને અને મૌર્યોને બેઉને સરખા જ ધિક્કારે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચાણક્યની બાબત વધારે રસિક છે. એ પણ પહેલવહેલો આપણને તક્ષશિલામાં નજરે પડે છે. તે ત્યાં વૈદું કરતો. તેના જેવી પંક્તિના બ્રાહ્મણને માટે વૈદાનો ધંધો બંધબેસતો નથી. બ્રાહ્મણ ધર્મ વૈદ્યકને હલકું ગણે છે અને ઇરાનીઓ પૂર્વ તરફ તે માટે ખૂબ પ્રસિદ્ધ થયેલા હતા; એટલે ચાણક્ય હિંદુસ્તાનનો બ્રાહ્મણ નહિ પરંતુ ઇરાનનો પારસિક અથર્વણ જ હશે. ચાણક્યનું અર્થશાસ્ત્ર જે હમણાં જાહેરમાં આવેલું છે, તે જોતાં પણ કેટલાક ખુલાસા થાય છે. મંગળાચરણમાં બૃહસ્પતિ ને શુક્રને સ્તવ્યા છે તે બતાવે છે કે, આગલા વખતના ઈરાની પુરોહિતો તે માત્ર જોશીઓ જ હતા અને આ બે ગ્રહની સ્તુતિ તેને જ્યોતિષી જેવો દર્શાવે છે. આન્વીક્ષિકી, ત્રણ વેદ, વૃત્ત, અને રાજ્ય, એ ચાર વિભાગમાં તે અર્થશાસ્ત્રને વહેંચી નાખે છે. હિંદનો વેદાભિમાની બ્રાહ્મણ હોય તો આન્વીક્ષિકી વિદ્યાને વેદથી પહેલું સ્થાન કદી આપે જ નહિ. આન્વીક્ષિકીમાં તે સાંખ્ય, યોગ અને લોકાયતને ગણે છે. વેદની પહેલાં યોગને સ્થાન આપેલું છે તેમાં પણ ઘણું જાણવાજોગ છે, કારણ કે ઇરાનીઓ જ આગલા વખતમાં યોગની પ્રક્રિયાઓને હિંદુઓ કરતાં વધારે માનતા હતા. રાજાના મુખ્ય પુરોહિતની યોગ્યતા બતાવતાં ચાણક્ય લખે છે કે 'જેના કુટુંબ અને જેના ચરિતને માટે લોકમાં વખાણ થતાં હોય, જે વેદ-વેદાંગ ભણેલો હોય, જે રાજનીતિમાં કુશળ હોય, જે વિનીત અને રાજક દૈવક ટાળવાની ક્રિયાઓ અથર્વવેદ પ્રમાણે જાણતો હોય, તેને રાજાએ પુરોહિત નીમવો જોઇએ.' અથર્વણ પુરોહિત રાખવાનું ચાણક્ય પોતે અથર્વણ ન હોત તો લખ્યું નહોત. વેદ વેદના જુદા ગુરુઓ રાખવાનો રિવાજ છે તેમ છતાં રાજાને માટે અથર્વણ પુરોહિત રાખવો, એવું ભાર દઇને જણાવવાનું કારણ પોતે અથર્વણ હોવાથીજ છે. હિંદુઓ ત્રણ વેદને જેટલા માને છે તેટલા ચોથા વેદને માનતા નથી. એ પાછળથી સ્વીકારાયેલો તાંત્રિકોનો વેદ છે અને જે જે બાબતોને હિંદુઓ હલકી કે ઉતરતી પંક્તિની ગણતા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે તેમાં ગણાવેલી છે. હિંદુ આર્યો વેદત્રયીને જ માનતા અને અદ્યાપિ વેદત્રયી તરફ હિંદુઓ જેટલી શ્રદ્ધાથી જુએ છે તેટલી શ્રદ્ધા અથર્વવેદ ઉપર રાખતા નથી. ઈરાનના રાજાઓ પોતાને માટે પોતાના પુરોહિતો લેતા આવ્યા અને જે ક્રિયાઓ હિંદુઓમાં ન હતી તે તેઓએ અથર્વવેદમાં દાખલ કરી. અથર્વવેદ વેદત્રયી કરતાં ઘણો અર્વાચીન છે. ઈરાની વિજેતાઓની સાથે ઈરાની બ્રાહ્મણો વગેરે પણ હિંદમાં આવેલા અને પારસિક તથા હિંદી આર્યોની અસલી ક્રિયાઓ આચારો વગેરેમાં ઘણું સરખાપણું હોવાને લીધે તેઓ હિંદી આર્યોની સાથે ભળી ગયેલા અને તેમણે પોતાની ક્રિયાઓ વગેરેનો જે સંગ્રહ કર્યો તે ચોથા વેદ તરીકે ગણાયેલો, એ સ્વાભાવિક તેમજ ઇતિહાસવૃત્તની પરંપરાને મળતું અને બેસતું આવે છે. ચંદ્રગુપ્તને ચાણક્યને લીધે રાજ્ય મળ્યું અને દરેક રીતે તે તેને રાજ્યમાં સહાયકારક થઈ પડ્યો; અને વળી પોતાની જાતનો એટલે તેની પ્રતિષ્ઠા પણ વધી. આ પ્રમાણે પાટલિપુત્રના મૌર્ય રાજાઓ અને અથર્વવેદને લગતા અથર્વવેદી બ્રાહ્મણો વગેરે ઈરાનના અસલ પારસિક લોક ઝોરોએસ્ટ્રીયન ધર્મ પાળનારા હતા. ડો. સ્પુનર શુકદ્વીપ વિષ્ણુપુરાણ પ્રમાણે ઈરાન, એમ બતાવી તથા તેના દાખલા અને દલીલો વગેરે ટાંકીને એમ જણાવે છે કે મૌર્યો પરદેશી એટલે ઈરાનીઓ હતા.

ઈરાન અને હિંદુસ્તાનના આર્યો ડો. સ્પુનર જણાવે છે તેમ, બહુ પ્રાચીનકાળથી એક બીજા સાથે ભળતા અસલના ભાઈઓ જેવા રહેલા છે. ધર્મથી આચારવિચારથી અને એકસરખી રહેણીકરણીથી હિંદુ પારસીઓ જેવા મળતા છે તેવી બીજી કોઈ પણ બે પ્રજાઓ ભાગ્યેજ મળતી હશે. ડો. સ્પુનરનો આખો નિબંધ પારસી હિંદુમાસિકોએ ગુજરાતી વાંચનારાઓને આપવા જેવો છે.

મણિલાલ છબારામ ભટ્ટ

(પુ. ૬૨ મું, સપ્ટેંબર, ૧૯૧૫)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપણો મેસોપોટેમિયા

(રજપૂતોનું અસલ વતન)

અરબસ્તાન, ઇરાન અને એશિયામૈનર વચ્ચે આવેલો યુફ્રેટીસ અને તૈગ્રીસ નદીઓનો દોઆબ, યુરોપની મોટી લડાઈ પછી હાલ ઇંગ્રેજ સરકારની હકુમતમાં આવ્યો છે. આ પ્રદેશનું અસલ નામ મિટની ને હાલનું નામ મેસોપોટેમિયા છે. બગદાદ અને બસરા જેવાં મોટાં શહેરોવાળો આ દેશ, તુર્કી તાબાનો હોઈ આરબ મુસલમાનોથી વસાયેલો છે. ઇંગ્રેજ સરકાર હાલ મેસોપોટેમિયામાં આપણા અને ઈંગ્લાંડના લશ્કરથી વ્યવસ્થા કરે છે અને આશા છે કે, ઇંગ્રેજ સરકારના હાથ તળે રહી આરબ સરદારો અને શેખો, જો સારી વ્યવસ્થા કરશે તો, મેસોપોટેમિયા તેની આગલી જાહોજલાલીને પ્રાપ્ત થશે. ઇરાની અખાતના ઇરાન અને અરબસ્તાનના કાંઠા ઉપર આપણા વેપારીઓ છે, બસરા અને બગદાદમાં આપણા હિંદી વેપારીઓની પેઢીઓ છે અને આપણો તથા મેસોપોટેમિયાનો વેપારી સંબંધ બહુ જુનો ને ગાઢો હોવા ઉપરાંત ' એ દેશ આપણો છે, એમ કહીએ તો પણ ખોટું નથી, માટે આપણા સાહસિક પ્રવાસીઓએ ત્યાં જઇ આવી લોકને અને ખાસ કરીને વેપારીઓને ત્યાંની હકીકતો આપી, ત્યાં રહેવા, સંસ્થાન વસાવવા અને વેપાર ખેડવા ઉત્તેજન આપવું ઘટે છે.

આપણે છેલ્લાં પચાસ વર્ષમાં ભણ્યા, દુનિયાની હકીકતોથી અને જમાનાની ચળવળોથી માહિતગાર થયા, પરંતુ હજી આપણે દેશની બહાર જવાને તત્પર થયા નથી. એમ કહેવામાં આવે છે કે, પરદેશ જવું, ત્યાં સંસ્થાન વસાવવાં અને પરદેશીઓને સુધારી પોતાના કરી લેવા, વગેરે રાજનીતિની આવડમાં યુરોપમાં ઈંગ્લાંડ અને ફ્રાંસ પાવરધાં છે, જ્યારે જર્મનીને એ કળા આવડતી નથી. આપણે માટે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તો તે શરમાવનારૂં છે. આપણા સારા વખતમાં આપણે ઇરાન, અરબસ્તાન, મિસર, આફ્રિકા, ચીન, અને જાવા લગી જતા, ત્યાં ઉદ્યોગો કરતા અને ખૂબ વેપાર ચલાવતા પણ કહિંએ આપણે કાણુ બેસાડી શક્યા ન હતા. પંખીનાં ટોળાં ચણ માટે જાય અને સાંજે માળામાં પાછાં આવી આરામ લે, એમ આપણે પરદેશ ખેડતા. આપણી આર્ય સંસ્કૃતિ આપણે બહાર ફેલાવી હતી પણ આવી નહિ. યુરોપીયનોએ પરદેશમાં જઈ સંસ્થાન વસાવી જેવો ગ્રાસ ભર્યો છે, એવો અલબત આપણાથી ભરાયો નહતો. આ બધી વાત આપણા સમજવામાં આવી છે તો શા માટે હવે આપણે આપણાજ દેશમાં હાથપગ પકડીને બેસી રહેવું ? મનના, ધનના અને પાછળ દેશના બળ સિવાય અલબત પરદેશ જવાતું નથી, અને જેઓ કંગાલિયતને લીધે જાય છે, તેઓ ‘ કુલી ’ મજુરને નામે–અરે લખતથી બંધાયેલા ગુલામને રૂપે જાય છે, અને ત્યાં પરદેશીઓને હાથે તુચ્છકાર સહી, ન કરવાનાં કામ કરી દુઃખ દુઃખ પોકારતા મરણ પામે છે. આવી રીતે પરદેશ જવાનો વખત હવે નથી. હવે તો ભણેલાઓએ બહાર પડી દેશ દેશાવરની હકીકતોથી વેપારીઓને માહિતગાર કરી, મંડળો સ્થાપી પોતાની બાંયધરી નીચે, સ્વમાન જળવાય અને ઇનસાફ પ્રમાણે બરો-બર રક્ષણ મળ્યા કરે, એવી વ્યવસ્થા કરી બાહોશ દેશીઓને પરદેશ મોકલવા જોઇએ છે. વેપારી અને રાજદ્વારી હોંશિયારી આપણે હવે પાછી મેળવવી જોઇએ. અસ્તુ. વિષયાંતરે નહિ જતાં આપણે પાછા મેસોપોટેમિયા તરફ વળીએ. ‘ એ આપણો દેશ છે ’ એમ આગળ કહ્યું તેનો જૂજ ઇતિહાસ જોઇએ, કે જેથી નવીનોને ઉત્સાહ આવે.

મેસોપોટેમિયાનો પ્રાચીન ઇતિહાસ બહુ રસપ્રદ છે. યુરોપ તરફના શોધકોએ, એ ઇતિહાસ ઉપર અત્યાર સુધીમાં ઘણો પ્રકાશ પાડ્યો છે અને મધ્ય એશિયામાં હજી પણ ચાલુ શોધખોળ થયા કરે છે, એટલે વખત જતાં હજી પણ વધારે રસપ્રદ અને આપણે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માટે બહુ અભિમાન લેવા જેવો ઇતિહાસ પ્રકાશમાં લાવશે. અહિં કહેવું ઘટે છે કે, યુરોપ અને અમેરિકાના સાહસિક પ્રવાસીઓ જેમ દુનિયાં ફરી વળ્યા અને ઇતિહાસ શોધનારા જેમ મોટા ઓડ બની જંગલોનાં ખંડેરો ખણી રહ્યા છે, તેમ હવે આપણા સાહસિકોએ પણ, જ્યાં જ્યાં આપણી સંસ્કૃતિ અને આપણો પ્રાચીન ઇતિહાસ ઉપલબ્ધ થાય એવો સંભવ હોય ત્યાં જઈ, જાતે શોધખોળ ચલાવવી જોઇએ. યુરોપ તરફના વિદ્વાનો સંસ્કૃત અથવા તેની માતા કે દાદી ભાષાના અક્ષરો અને લેખો વાંચી જે અનુમાન કાઢે છે અને કાઢશે, તેના કરતાં આપણે હાથે વધારે સારાં અને ખચિત અનુમાનો તથા તારણો નીકળશે. આર્ય રહેણીકરણી અને આચારવિચારનો જેવો ચોખ્ખો ખ્યાલ આર્ય આચારવિચારમાં ઉછરેલા આપણને આવશે એવો પરદેશીને આવશે નહિ, માટે આપણેજ હવે આપણા લોકના પ્રાચીનતમ ઇતિહાસ અને સંસ્કૃતિને માટે કટિબદ્ધ થવું જોઇએ. અટક જ્યાંથી આપણે ઘણો વખત થયાં આગળ જતાં અટકી રહેલા છીએ તેની પેલી તરફજ, આપણા બાપદાદાઓની જાહોજલાલી, પ્રાચીન સંસ્કૃતિ અને પરાક્રમોનો ઇતિહાસ પડેલો છે; માટે આપણે હવે અટકની પાર નિકળી જવું ઘટે છે. બલુચીસ્તાન, અફગાનીસ્તાન, ઇરાન, અરબસ્તાન, એશિયામૈનર, પેલેસ્ટાઇન, અને મિસર એ બધા દેશો, ઈ. સ. પહેલાં બે અને ત્રણ હજાર વર્ષ પૂર્વ આપણા પૂર્વજોથી ખુંદાતા હતા અને તેમની સંસ્કૃતિ તથા મોટાં રાજ્યો તે દેશોમાં પ્રજા પાળતાં હતાં.

જે દેશને માટે આપણે લખી રહ્યા છીએ તે, યુફ્રેટીસ અને તૈગ્રીસના દોઆબમાં આપણા પૂર્વજોએ, મુસલમાન તો શું, પરંતુ ખ્રિસ્તીઓના ધર્મગુરુની પણ પહેલાં, બે અને ત્રણ હજાર વર્ષના ગાળામાં મોટાં મોટાં પ્રબળ રાજ્યો સ્થાપ્યાં હતાં, એમ પશ્ચિમ તરફના ઇતિહાસ લખનારાઓ પ્રમાણ સાથે જણાવે છેઃ—

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"Modern archaeological research has thrown much light upon the history of the Aryans in Western Asia. In the second Millennium B. C. or when the Aryans were pushing their way into Northern ndia, Mitaurians or Aryan people worshiping the nature spirits of the Vedas, Surya, Varuna, and Indra had founded a powerful kingdom between the Tigris and Euphrates."

આમાં તો હવે કશો શક જ નથી કે, મેસોપોટેમિયામાં આર્ય સંસ્કૃતિ અને આર્યોનાં રાજ્ય હતાં, કારણ કે વૈદિક દેવતાઓનાં નામ અને બધી રહેણીકરણી વૈદિક ચાલને મળતીજ પુરવાર થઇ જાય છે. બધા ઇતિહાસકારો વૈદિક સંસ્કૃતિ હોવાનું માને છે. તેઓ વચ્ચે જે મતભેદ છે તે એટલો જ કે, એ સંસ્કૃતિ હિંદુસ્તાનથી ત્યાં ગયેલી હતી કે હિંદુસ્તાનમાં ઉતરતા પહેલાં, મધ્ય એશિયામાંથી છુટા પડેલા આર્યોના બીજા ટોળાએ પોતે પોતાની વ્યવસ્થા થયા પછી સ્વતંત્રપણે ત્યાં ફરીને ખીલવી હતી? કેટલાક કહે છે કે, અસલ આર્યોએ દોઆબમાં વસ્યા પછી પોતાની એ અસલ સંસ્કૃતિને ખીલવી હતી અને બીજા પક્ષવાળા ઇતિહાસકારો કહે છે કે, હિંદુસ્તાનમાં જઈ રહેલા આર્યોમાંના શૂરવીરોએ, ઇરાની અખાત મારફત દોઆબમાં આવી પોતાનાં રાજ્ય અને સંસ્કૃતિ ચલાવી હતી. મિસરના જગજાહેર થયેલા ટલ-અલ-અમરાના શિલાલેખથી સ્પષ્ટ થાય છે કે, ઇ. સ. પહેલાં સોળસે વર્ષ ઉપર મિટની મેસોપોટેમિયામાં આર્ય રાજાઓ રાજ્ય કરતા હતા અને ત્યાંની પ્રજા સૂર્ય, વરુણ, ઇન્દ્ર અને બીજા વૈદિક દેવતાઓને પૂજતી હતી. ઉક્ત લેખની ભાષા ઉપરથી વિદ્વાનો વગર શકે એમ માને છે કે, તેમાં ઇરાની આર્યોની ભાષાનો પાસ નથી માટે મેસોપોટેમિયાના આર્યો હિંદુસ્તાનથી આવેલા અને તેમણે હિંદુ આર્યોની સંસ્કૃતિ ત્યાં પ્રવર્તાવેલી. આ વળી એક બીજા શિલા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લેખથી પણ પુરવાર થાય છે. ઉપર જણાવી ગયા તે ટલ-અલ-અમરાના લેખ પછી મિ. વિંકલરને કપડોશિયા પ્રાંતના બોધા-મુકયોપમાંથી એક લેખ મળી આવ્યો છે. એમાં મિત્ર, સૂર્ય, વરુણ, ઇન્દ્ર, અને નાસત્ય વગેરે વૈદિક દેવોનાં નામ એવી સ્પષ્ટ અને હિંદમાં તે વખતે ચાલતી જોડણીથી લખેલાં છે કે જેમાં ઈરાની સેળભળની શંકા લેવાય જ નહિ. આ લેખથી ખાતરીપૂર્વક એમ કહી શકાય છે કે, તે વખતે મેસોપોટેમિયામાં વેદમાં જે ભાષા આપણે વાપરેલી જોઈએ છીએ તે જ વૈદિક ભાષામાં આર્ય સંસ્કૃતિ અને આર્યોનો ધર્મ ચાલતો હતો.

મેસોપોટેમિયા અથવા મિટનીના આર્યો અને રાજકર્તાઓ કેવી રીતે હિંદુસ્તાનથી ત્યાં ગયેલા તે હવે આપણે જોઈએ. હિંદુસ્તાનના તે વખતના રાજાઓમાં રાજસૂય યજ્ઞ વખતે દિગ્‌વિજય કરી આવવાની રૂઢિ હતી. દિગ્‌વિજય કરવા નિકળેલા કોઈ રાજાએ ત્યાં રાજ્ય સ્થાપેલું અને સૈનિકો વગેરેએ ત્યાં વસવાટ કરીને દેશને આર્ય બનાવેલો, એમ સંભવે છે. મેસોપોટેમિયાના તે કાળના વતનીઓ વૈદિક દેવતાઓને પૂજતા તેમાં પણ મુખ્યત્વે કરી સૂર્યને વધારે માનતા. આ ઉપરથી ઇતિહાસકારો એમ માને છે કે હિંદના-અયોધ્યાના સૂર્યવંશી રાજાઓમાંના કોઇએ આ દેશ જરૂર જિતી લીધેલો હોવો જોઈએ. બાબીલોનમાં પણ સૂર્યવંશનો રાજા રાજ્ય કરતો હતો.

Surya was the chief deity of the Aryans in Babylonia in the second Millennium before Christ. So we may assume that the Aryan king of Mittani, Dashratta, who ruled Babylonia at that time, was one of the Surya Vansa.

દેશનું નામ મિટની અને પ્રજાનું નામ મિટનીયન, તે પણ સૂર્યના 'મિત્ર' એ નામ ઉપરથી પડેલું માની શકાય તેમ છે. વળી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દશરથ નામ, રામના પિતા જે સૂર્યવંશના પ્રખ્યાત રાજા હતા તેમને મળતું આવે છે. રાજાઓમાં જ નહિ પરંતુ કુટુંબો અને ગોત્રોમાં પૂર્વે થઈ ગયેલા પ્રસિદ્ધ પુરુષોનાં નામ છોકરાઓને આપવાની પરંપરા બધા દેશોમાં છે. એટલે બાબીલોનના રાજાનું નામ અયોધ્યાના દશરથ રાજાના નામ ઉપરથી તેમના વંશજોએ પાડયું હોય તો તે અસંભવિત નથી. સૂર્યવંશના રાજાઓ દિગ્વિજય કરતા અને ઇરાન તરફ જતા, એમ આપણા સાહિત્ય ઉપરથી પણ જણાય છે. કાલિદાસ કવિ જેમણે રઘુવંશ રચેલો છે તે, ઈસ્વીસનની લગભગ થઇ ગયેલા એવું બહુમતે માનવામાં આવે છે અને તેમના વખત લગી લોકમાં સૂર્યવંશના રાજાઓએ ઇરાન વગેરે દેશો જિત્યાની વાત હોય એમાં કંઈ નવાઇ નથી. અજરાજાના દિગ્વિજયનું વર્ણન કરતાં કાલિદાસે લખ્યું છે કે :–

पारसीकांस्ततो जेतुं प्रतस्थे स्थलवर्त्मना

અર્થાત્ સૂર્યવંશના રાજાઓ દિગ્વિજય કરવાને ઇરાન અને તેનીએ પેલીમેર જતા, એમ આ ઉપરથી જણાય છે. 'ખુશકીમાર્ગે' એમ કાલિદાસે લખ્યું તે ઉપરથી એમ પણ અત્રે કહેવું જોઇએ કે, સૂર્યવંશી રાજાઓ દરિયાઇ કાફલો પણ રાખતા હશે અને મેસોપોટે-મિયા વગેરે સ્થળે જળ ને સ્થળ માર્ગે જતા હશે. અયોધ્યાના પરાક્રમી રાજાઓ પાસે મોટાં ખુશકી અને દરિયાઈ લશ્કર હોય એ પણ સંભવિત છે, કારણ કે રામને દરિયાપાર લંકા જવાની મુશ્કેલી પડયા પછી તેમના વંશજોએ દરિયાઇ કાફલો ઊભો કર્યો હોય, એ સંભવિત છે. જેમ પશ્ચિમ તરફ તેમ પૂર્વ તરફ આર્યોએ ઈસ્વીસન પહેલાં દરિયો ખેડેલો જણાય છે, કારણ કે બુદ્ધ ધર્મના ઉપદેશકો દરિયા-માર્ગે સુમાત્રા, જાવા અને ચીન તરફ ગયેલા હતા. આર્યો નૌવિદ્યામાં ઈસ્વીસન પહેલાં એક હજાર વર્ષ થયાં ભોમિયા થઈ ગયા હતા, એવા પણ પુરાવા છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મેસોપોટેમિયામાં જ નહિ પણ પેલેસ્ટાઈન કે જ્યાં ખ્રિસ્તીઓના ધર્મગુરુ ઉત્પન્ન થયા હતા ત્યાં પણ, આર્યકુળના સૂર્યવંશીઓનો પ્રસર હતો. રામ નામનો એક રાની એ તરફ થયો હતો એટલું જ નહિ, પરંતુ પેલેસ્ટાઈનમાં 'રામમિયા' નામની એક જગા પણ રામને નામે ઓળખાય છે. મિટનિમાં જેમ સૂર્યપૂજક ક્ષત્રિયોનું રાજ્ય હતું, તેમ બાબીલોનમાં પણ બીજું સૂર્યવંશી રાજ્ય સ્થપાયું હતું અને લગભગ છસેં વર્ષ લગી તેમણે ગાદી ભોગવી હતી. પશ્ચિમ તરફના જાણીતા ઇતિહાસકારો કહે છે કે :-

" About 1746 B. C. Kassites, another branch of the Aryans, made themselves masters of Babylon, and thus an Aryan dynasty ruled over Babylon for the following six hundred years. "

બાબીલોનનો રાજવંશ કુસીત અને સૌર્યન નામે પ્રસિદ્ધ છે. સૌર્યન શબ્દ સૂર્યવંશની સાથે બરાબર બંધબેસ્તો આવે છે અને રામના પુત્ર કુશના વંશજો સૌર્યન એટલે સૂર્યવંશના કહેવાય એ પણ યથાર્થ છે. સૂર્ય એટલે જેઓ પોતાને સૂર્યવંશના અને સુધરેલા માનતા હતા તે, હિંદુસ્તાનના રામના વંશજો. બાબીલોન તરફના જંગલી અથવા યવન લોકો (કાલિદાસે યવન કહ્યા છે) અને બીજા સૂર્યને નહિ માનનારા લોકો અસૂર્યા કહેવાતા હશે. ઉપનિષદોમાં સૂર્યને નહિ માનનારા લોકો-જંગલી લોકો વિષે ઇસારો છે. असूर्या नाम ते लोका अंधेन तमसा वृताः વગેરે ઉપરથી એમ કહેવું યુક્ત છે કે, ઈરાનની પેલી તરફ આર્ય પ્રજાના દેવોને નહિ માનનારા અજ્ઞાન લોકો રહેતા હતા. તેમને સૂર્યને માનનારા સુધરેલા લોકોએ હરાવી રાજ્ય જિતી લીધેલાં અને તે તરફના આખા દેશને આર્ય સંસ્કૃતિથી સંસ્કૃત કરેલો. રામ જેમ આર્ય સંસ્કૃતિને દખ્ખણમાં લંકા સુધી લઈ ગયા હતા, તેમ રામના પુત્રપૌત્રો, તેમનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુકરણ કરી પશ્ચિમ તરફ આર્ય સંસ્કૃતિ લઈ ગયા હોવા જોઈએ; અને તેઓએ મિસરની અને બાબીલોનમાં પોતાનાં રાજ્યો સ્થાપેલાં પણ હોવાં જોઈએ. ઉપર ટાંકેલા ઈતિહાસકોના પુરાવાથી આ અનુમાનોને ટેકો મળે છે, અને મધ્ય એશિયામાં થતી શોધો આગળ ઉપર વધારે સારા પુરાવા પુરા પાડશે.

વળી જગતના ઇતિહાસમાં હાર્મસવર્થ સાહેબ લખે છે કેઃ—

"The remnates of Kusha, who did not advance to the conquest of Babylon or to that of Southern Babylonia and of the country of the sea, remained behind in the mountains, where they were attacked by Nabanchandnizar, and again by Senna Cherites, and in Alexander's time they were mentioned as Kosseans. The tribe of the Kassians is also mentioned as dwelling in near Susa; it is possible that they were decendants of the Kassites who had settled in Elam."

આમાંના 'કુશ' અને 'કોશિયન્સ' શબ્દો કાસ અને કુશ શબ્દોને મળતા છે એટલું જ નહિ, પરંતુ તે રામના પુત્ર કુશના વંશજો માટે વપરાયલા છે. રામ અયોધ્યાને લઇ સ્વર્ગે ગયા પછી કુશે 'કુશાવતી' (દ્વારકાં) નામની નગરી વસાવી ત્યાં રાજગાદી કરી હતી. વળી લવે લાહોર વસાવ્યું હતું એમ પણ ઇતિહાસ કહે છે. તેથી એમ માનવાને હરકત નથી, કે સૂર્યવંશી રાજાઓ રામના નિર્વાણ પછી પશ્ચિમ તરફ વસ્યા હતા અને પંજાબ તથા તેની આગળ વધારે પશ્ચિમમાં તેમના પુત્રપૌત્રાદિકનો પ્રસર થયો હતો.

મેસોપોટેમિયા, પેલેસ્ટાઇન અને એશિયામૈનરના બીજા પ્રાંતો જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નહિ, પરંતુ ફિનિશિયા અને મિસર સુદ્ધાં એશિયાખંડનો તમામ પશ્ચિમ પ્રદેશ, આર્ય સંસ્કૃતિથી વ્યાપ્ત થઈ ગયો હતો. રામની કીર્તિ અને તેમના વંશજોના પરાક્રમે આ બધા દેશોમાં સૂર્યને પૂજનારા સૂર્યવંશની ખ્યાતિને દિગંતવ્યાપિની બનાવી દીધી હતી. મિસરના ઇતિહાસમાંથી પણ રામના વંશજોનો સંબંધ મળી આવે છે.

મિસરના રાજાઓમાંના બે 'આમેનહોટેપ' ત્રીજો કાસિત વંશની રાજકુંવરીને અને બીજો 'આમેનહોટેપ' ચોથો, મિટનીના રાજવંશની કુંવરીને પરણ્યો હતો. આ સંબંધના લીધે મિસરના તે પછીનાં રાજા રાણી રામ અને સીતાને નામે ઓળખાયાં હતાં. આવા સંબંધથી આર્યસંસ્કૃતિ છેક દૂર સુધી પહોંચી ગઈ હતી. ફિનિશિયા, જ્યાંથી યુરોપીય લોકો કહે છે કે, આર્યોને લેખનકળા ઉછીની મળી હતી, તે પણ આર્ય સંસ્કૃતિ ને આર્યોથી વ્યાપ્ત થઈ ગયેલો દેશ હતો. ત્યાંના વેપારીઓ હિંદ સાથે ધમધોકાર વેપાર ચલાવતા હતા. એ દૂર જઈ પડેલા આર્યો તરફથી હિંદના આર્યોને લિપિનો બોધ મળ્યો હતો, એમ એક વાર કબુલ કરીએ તોપણ તેથી હિંદના આર્યોએ પરદેશીઓ પાસેથી અક્ષરજ્ઞાન મેળવ્યું કહેવાય નહિ. સિંધુ નદીની મારફતે એશિયામૈનર, મેસોપોટેમિયા અને ઈરાન વગેરેનો વેપાર અને વ્યવહાર આ પ્રમાણે ઈસ્વીસન પહેલાં ઘણાં વર્ષોથી આર્યો વચ્ચે ચાલુ હતો, અને ગુજરાતના દ્વારકાં-વેરાવળ તથા સિંધના કિનારા ઉપર મોટાં મોટાં બંદરો હતાં ત્યાંથી ઇરાની અખાત મારફત વહાણો ચાલતાં હતાં.

યુરોપમાં જંગલી લોકનાં ટોળાંએ જેમ રોમન રાજ્યને ઉખાડી નાખ્યું હતું તેમ પશ્ચિમ એશિયાના સૂર્યવંશીઓનાં રાજ્યો પણ આસિરિયન અને હીટાઇટ્સ નામના જંગલી લોકોનાં ટોળાંએ છિન્નભિન્ન કરી નાખ્યાં હોય. હારેલા સૂર્યવંશી આર્યલોકો યુફ્રેટીસ અને તૈગ્રીસ દ્વારા ઈરાની અખાતમાં થઇ સિંધ માર્ગે સિંધ અને પંજાબમાં તથા ગુજરાતનાં બંદરોમાં ઉતરી ગુજરાત અને ગુજરાત તથા પંજાબ:

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વચ્ચેના પ્રદેશમાં આવી ભરાયા. આ રાજવંશીઓ ફરીને હિંદુસ્તાનમાં આવતાં 'રાજપુત્ર' રજપૂત કહેવાયા; અને હિંદમાં પણ તેમણે પોતાનાં બળ પરાક્રમથી નવાં નવાં મોટાં રાજ્યો ઉભાં કર્યાં.

"A great impulse to Aryan immigration into the Punjab by sea probably came about in 1367 B. C. when after the death of King Dashratta– a name familiar in ancient Indian literature by the story of Ramayana, Mitanni was thrown into a state of anarchy, being hurried on the East by the Assyrians, on the West by the Hittites, so that the only way of escape for the vanquished Aryan warriors would have been down the river to the sea."

હિંદના પુત્રો ફરીને હિંદભૂમિને આશ્રયે આવીને રહ્યા અને રજપૂતસ્થાન વસાવ્યું. પશ્ચિમ હિંદુસ્તાનના શૂરવીર રજપૂતોને માટે વર્તમાનમાં એવો તર્ક ચાલે છે કે તેઓ પરદેશી સિથિયનો છે અને હિંદમાં આવ્યા પછી હિંદુ ધર્મ ધારણ કરી આર્ય-ક્ષત્રિયમાં ખપી ગયેલા છે. આ તર્કાનુમાન મેસોપોટેમિયાના આ વૃત્તાંતથી ખોટું ઠરે છે એટલુંજ નહિ, પરંતુ પરદેશી સાહિત્યમાંનાં, આ દેશમાંના સાહિત્યમાંનાં અને તળ મધ્યએશિયામાંથી જડેલા શિલાલેખો વગેરેનાં પ્રમાણો ઉપરથી એવું સિદ્ધ થવાનો સંપૂર્ણ સંભવ છે કે, રજપૂતો તે સિથિયન પરદેશીઓ નહિ પરંતુ સૂર્યવંશના ક્ષત્રિયો જ, જેઓ બહાર રાજ્ય મેળવી રહેલા હતા તે અસલ આર્ય પ્રજામાંના સૂર્યવંશી રાજપુત્રો હતા. પરંપરાનુસાર રજપૂતો પોતે પણ માને છે કે, તેઓ સૂર્યવંશના રામના અનુજો છે. ઇતિહાસકો પણ કહે છે કે "રામ ઉપરથી બધા હિંદુ રજપૂતો પોતાને સૂર્યવંશના ક્ષત્રિયો માને છે અને તેઓમાં મેવાડ, જેપુર, મારવાડ, બિકાનેર,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જોધપુર અને ગુજરાતના રજપૂત વંશો મુખ્ય છે. રામના પુત્ર કુશના વંશજો કુશવા અથવા કછવા કહેવાયા, જેમના વંશજો મારવાડ ને અંબરના રજપૂતો છે.

ઉપર જણાવ્યું તેમ આપણા સાહિત્ય ઉપરથી, પરંપરાની માન્યતા ઉપરથી, શિલાલેખો ઉપરથી અને યુફ્રેટીસ તૈગ્રીસના દોઆબના પ્રાચીન ઇતિહાસના પુરાવાઓથી પુરવાર થાય છે કે, આપણા શૂરવીર રજપૂતો જેમને બીજાઓ પરદેશી સિથિયનો કહેતા આવ્યા છે, તે પરદેશી સિથિયનો નહિ પણ અસલના આર્ય અને સૂર્યવંશના ક્ષત્રિય વીરો જ છે. સૂર્યવંશની વંશાવલીની તૂટક સાંકળ આનાથી પુરાય છે. સૂર્યવંશીઓ પ્રથમ હિંદના પૂર્વભાગમાં જેવા પ્રખ્યાત હતા તેવા જ રામ પછી પશ્ચિમમાં પ્રસિદ્ધ પરાક્રમી રાજાઓ બન્યા હતા. પશ્ચિમમાંથી પાછા પોતાની માતૃભૂમિમાં આવીને પણ રાજાઓ જ બનેલા છે અને એમની નસોમાં વહેતા સૂર્યવંશના રુધિરને મેવાડ ને રજપૂતસ્તાનના રાજાઓએ મુસલમાનો સાથે ટક્કર લેતાં પણ જેબ આપેલ છે. વળી મેવાડથી કાયર થઈ પોતાના અસલ બાપદાદાના મુલક હિમવાનના ઉત્સંગમાં જઈ રહેતાં નેપાળને આબાદ કરી હાલ ‘ગુરખા’ તરીકે પણ તેમણે પોતાની પારંપરીય શૂરવીરતાને શોભતી અને રાજતી રાખેલી છે.

હાલના રજપૂત રાજા મહારાજાઓએ આ ઇતિહાસને વધારે વિશદ કરવા માટે નાણાંનો ભોગ આપી વિદ્વાનોને પશ્ચિમ એશિયા મોકલવા ઘટે છે. તેમજ હાલના વખતનો જોગ સાધી મેસોપોટેમિયાના દોઆબને ફરીને આબાદ કરવા તરફ આપણે ગુજરાતીઓએ પણ વેપારને ઉઘાડવા પેઢીઓ કઢાવવા ને ત્યાં વસવા જવાને કટિબદ્ધ થવું જોઈએ છે.

“ અભ્યાસી ”

(પુ. ૬૭ મું, ડિસેમ્બર, ૧૯૨૦)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધર્મારણ્યમાં ઐતિહાસિક તત્ત્વ

ધર્મારણ્ય એ મોઢ જ્ઞાતિનું પુરાણ છે. ગુજરાતની ઘણી ન્યાતોને પોતાનાં પુરાણ હોય છે. નાગરોનું नगरखण्ड, શ્રીમાળીઓનું श्रीमालपुराण, ખડાયતાઓનું कोट्यर्कपुराण, વાયડાઓનું वायुपुराण, તેવું મોઢ બ્રાહ્મણો અને વાણીઆઓનું धर्मारण्य છે. પરન્તુ બીજાં જ્ઞાતિપુરાણો કરતાં धर्मारण्यમાં વિશેષતા એટલી છે કે, બીજાં પુરાણોની અંદર સ્વજ્ઞાતિની ઉત્પત્તિની પૌરાણિક ઢબની કથા હોય છે, જ્યારે આમાં તે ઉપરાંત ગુજરાતના ઇતિહાસની કેટલીક મહત્ત્વની બાબતો છે, જે અન્યત્ર અલભ્ય છે અને જેનાથી ગુજરાતના ઇતિહાસ ઉપર કેટલોક નવો પ્રકાશ પડે છે. આ લેખમાં તેવી કેટલીક બાબતો ચર્ચવાનો ઉદ્દેશ છે. આ ગ્રંથ હજી સુધી અપ્રકટ છે.

धर्मारण्य બહુ પ્રાચીન ગ્રંથ જણાતો નથી. એમાં ગુજરાતના હિંદુ રાજ્યના પતનની અને મુસલમાની રાજ્યની સ્થાપનાની હકીકત છે. સં. ૧૩૫૩ માં કર્ણ વાઘેલાને નસાડી અલાઉદ્દીને મુસલમાની રાજ્યની સ્થાપના કરી. એ મુસલમાની આક્રમણ વખતે મોઢ જ્ઞાતિના મૂલ સ્થાન મોઢેરા ઉપર પણ હુમલો થઈ તેનો નાશ થયો હતો. તેની પુનર્ઘટના પાછી વિઠ્ઠલ નામના બ્રાહ્મણે કરી હતી. એ હુમલાથી ઠરી ઠામ થઈ, પુનર્ઘટના થતાં પચાસેક વર્ષ લાગે, એટલે એ ગ્રંથની રચના સં. ૧૪૦૦ પછી સંભવે છે. હવે, મહુવાના લક્ષ્મીનારાયણના મંદિરમાં એક સં. ૧૫૦૦ ની સાલનો લેખ છે. તે કોઇ મોઢ વાણીઆએ વાવ કરાવ્યા સંબંધી છે. તેમાં धर्मारण्यમાંથી એ શ્લોક ઉતારેલા છે.[૧] એ ઉપરથી સં. ૧૫૦૦ પહેલાં એ ગ્રંથનું નિર્માણ

---

૧ पुरा सृष्टिसमारंभे स्वयंभूर्भगवान्स्वयम् ।
अस्थापयन्महास्थानमिदं मोहविमोहनम् ॥
धर्मारण्यं कृते प्रोक्तं त्रेतायां सत्यमन्दिरम् ।
द्वापरे वेदभुवनं कलौ मोहेरकं मतम् ॥ अ० ८, श्लो० ५७-५८

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઠરે છે. આ પ્રમાણે સં. ૧૪૦૦ પછી અને સં. ૧૫૦૦ પહેલાં, એટલે વિક્રમના પંદરમા શતકમાં એ ગ્રંથ રચાયો હશે એમ હું માનું છું.[1]

એ ગ્રંથ ઉપરથી નીચેના ઐતિહાસિક પ્રસંગો ઉપર પ્રકાશ પડે છેઃ—

(૧) પ્રથમ, વનરાજના જન્મ વિશે. જૈન ગ્રંથકારોનું એમ કહેવું છે કે પંચાસરના આક્રમણ વખતે જયશેખરે પોતાની ગર્ભવતી સ્ત્રીને વનમાં મોકલી દીધી હતી, જ્યાં વનરાજનો જન્મ થયો હતો અને ત્યાંથી જૈન આચાર્ય શીલગુણસૂરિ તેને પંચાસરમાં પોતાના ઉપાશ્રયમાં લેઇ ગયા હતા અને ત્યાં તેનો બાલ્યકાળ વ્યતીત થયો હતો. આથી ઉલટું ધર્મારણ્યમાં એમ કહેલું છે કે વનરાજનો જન્મ મોઢેરામાં થયો હતો અને ત્યાં જ તે ઉછર્યો હતો. આ બેમાંથી કઈ હકીકત સત્ય માનવી તેને માટે જોઈએ તેવાં સ્વતંત્ર પ્રમાણો મળ્યાં નથી. પરન્તુ કેટલીક બાબતોનો વિચાર કરીએ છીએ તો ધર્મારણ્યની હકીકત માનવા તરફ મનનું વલણ જાય છે. રાજા પોતાની ગર્ભવતી સ્ત્રીને વનમાં મોકલે, ભાઇ પોતાની બ્હેનને નિરાધાર રીતે જંગલમાં એકલી છોડી જાય, એક જૈન વિરક્ત આચાર્ય ગૃહસ્થ સ્ત્રીને ઉપાશ્રયમાં રાખે, એ બાબતો અશક્ય નહિ તો અસંભાવ્ય તો જણાય છે. વળી જૈનોના આ વિધાન માટે પ્રાચીન કાળમાં મતભેદ તો હતો જ; એ પ્રબન્ધચિંતામણિના નીચેના શ્લોક ઉપરથી જણાય છેઃ—

गुर्जराणामिदं राज्यं वनराजप्रभृत्यपि ।
जनस्तु स्थापितं मन्त्रैस्तद्द्वेषी नैव मन्यते ॥

આ શ્લોક વનરાજપ્રબંધમાં અને તેના જન્મ સંબંધી હકીકતમાં આપેલો છે. એ ઉપરથી જ એટલું તો જણાય છે કે જૈનોની હકીકત સર્વમાન્ય તો નહોતી જ.

---

૧. આ શિલાલેખ માટે જુઓ Bhavnagar Inscriptions Vol. I, page 62 અને प्राचीन लेखमाला भा. २, पृ. २६.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાજા પોતાની સ્ત્રીને વનમાં ન મોકલતાં પોતાના વિશ્વાસુ બ્રાહ્મણો પાસે મોકલે એ સંભવિત છે અને બ્રાહ્મણોના ગામમાં રાજપુત્ર હોવાની શત્રુને સંભાવના થાય નહિ. મોઢેરાના બ્રાહ્મણો પણ શૂરા અને યુદ્ધ-શાસ્ત્રપારંગત હતા. અલાઉદ્દીનના વેગ વખતે તેમણે બહુ બહાદૂરીથી તેનો બચાવ કર્યો હતો. જેઠી બ્રાહ્મણો કે જે મલ્લવિદ્યામાં પ્રાચીન કાળથી અદ્યાપિ પર્યંત સુપ્રસિદ્ધ છે તેઓ પણ મોઢ બ્રાહ્મણોની જ એક શાખા છે. વળી એમની બીજી શાખા ધીણોજા બ્રાહ્મણો શ્રી ગાયકવાડ સરકારનો અમલ શરૂ થતાં સુધી તો ચોરી અને લુંટફાટનો ધંધો કરતા હતા.[1] એટલે એ લોકો શૂરવીર તો હતા જ. આવા બ્રાહ્મણોના રક્ષણ નીચે રાજા સ્ત્રીપુત્રને રાખે એ અસંભવિત નથી.

(૨) ધર્મારણ્યમાં પાટણ સ્થપાયાની તિથિ આ પ્રમાણે આપી છેઃ—

व्यधिकाष्टशते वर्षे मासे चाषाढसंज्ञके ।
शुक्लपक्षे तृतीयां च शनिवारे स्थितिः कृता ॥

અ૦ ૬૬, શ્લો૦ ૮૪

પાટણ સ્થપાયાની જૂદી જૂદી પાંચ-છ તિથિઓ મળે છે.[2] તેમાંથી માત્ર બે જ જ્યોતિષગણત્રીએ ખરી ઠરે છે. એક આ સં. ૮૦૨ આષાઢ સુદિ ૩, વાર શનિ (ઇ. સ. ૭૪૬, મે, ૨૮) અને બીજી પ્રબન્ધચિંતામણિની વૈશાખ સુદિ ૨, વાર સોમ (ઇ. સ. ૭૪૬, માર્ચ ૨૮). આ બે તિથિ માટે એવું અનુમાન થઇ શકે કે વાસ્તુ-ક્રિયાનો આરંભ વૈશાખમાં થયો હશે, જ્યારે લોકોએ શહેરમાં પ્રવેશ આષાઢ મહિનામાં કર્યો હશે. આ શહેર શનિવારે વસેલું છે એવી પ્રાચીન કાળથી માન્યતા પાટણમાં ચાલી આવે છે, જેથી પણ એ તિથિ ખરી હોવાનું સંભવિત જણાય છે.

૩) જેમ વનરાજે સ્થાપેલા શહેરની તિથિ આ ગ્રંથમાં આપેલી

૧ Bombay Gazetteer, vol. VII, p. 55

૨ આ તિથિઓ માટે જુઓ મારો લેખ 'કાન્તસ્મારકમાળા' પૃ. ૧૫૭

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખરી છે, તેમ એના વંશની વંશાવળી પણ એમાં આપેલી છે તે બીજા ગ્રંથો સાથે મેળવતાં વધારે વિશ્વસનીય જણાય છે.[૫]

(૪) આ ગ્રંથ ઉપરથી ચાવડા વંશના છેલ્લા રાજા ભૂવડ (સામંતસિંહ)ના ચરિત્ર ઉપર પણ પ્રકાશ પડે છે. એની પાસેથી એના ભાણેજ મૂળરાજના હાથમાં રાજ્ય એકદમ સ્હેલાઇથી કેમ ગયું અને પ્રજા કે તેના સરદારો સામા કેમ થયા નહિ, તેનો ખુલાસો અન્યત્ર મળતો નથી. પણ ધર્મારણ્યમાં ભૂવડનું ચારિત્ર્ય આપ્યું છે, તે ઉપરથી એ ખુલાસો થઇ જાય છે. તેમાં લખ્યું છે કેઃ—

राजा भूवडनाम्ना च तत्सुतो राज्यशासने ।
बहुमोदकभक्षी च कामी कामकलावुधः ॥
आसक्तो योषितां वृन्दे करिण्यां गजराडिव ।
अंतःपुरे वसन्नित्यं कामसेवापरायणः ॥

રાજા આવો હોય તો રાજ્યમાં અંધેર ચાલે, અધિકારીઓ પ્રજાને મરજી માફક કનડે અને તેથી સરદારો અને પ્રજામાં બેદિલી ફેલાય એ ખુલ્લું છે. મૂળરાજનો માર્ગ સરળ થઇ જવાનું આ મુખ્ય કારણ હતું.

આવો રાજા ગુજરાતના ઇતિહાસમાં બીજો પણ થયો છે. તે કર્ણ વાઘેલો. એના ચારિત્ર્ય માટે 'કાન્હડદે પ્રબંધ'માં આમ લખ્યું છેઃ—

ખિત્રી તણુ ધર્મ લોપિઉ રાઉ કરણદે ગહિલુ થઉઃ
એહવુ અંગ તણુ અનુરાગ, નિતુ નિતુ ભચ્છ કરઈ વછનાગ;
વિણ પડિઆર પટુ કર વહઇ, ન કો અંગરખ જમલુ રહઈ;
મરણ તણે ભયિ ભોજનવાર, વાશી ચાટઉ ધરઇ સૂઆર.

એના રાજ્યનો પણ એવો જ અંત આવ્યો હતો. અલાઉદ્દીનના

૫ આ વંશાવળીઓ સંબંધી વિસ્તારી ચર્ચા માટે જુઓ મારો ભાવનગર સાહિત્ય પરિષદનો લેખ–અહેવાલ સંગ્રહ પૃ. ૨૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લશ્કરને પણ બહુ સસ્તી જીત મળી ગઇ હતી. પાટણના પહેલા રાજવંશ અને છેલ્લા રાજવંશનો અંત સરખાં કારણોથી જ આવ્યો જણાય છે; History repeats itself એ સૂત્રના સત્યની અહિં પ્રતીતિ થાય છે.

(૫) ચાવડા વંશના વિનાશમાં કોઇ વ્યક્તિ નિમિત્તભૂત થઇ ન હોતી, પણ વાઘેલાના વિનાશમાં કર્ણનો પ્રધાન માધવ નિમિત્ત બન્યો હતો. માધવની વાતને ધર્મારણ્ય પણ ટેકો આપે છે. પરન્તુ કેટલાક એ વાતને દંતકથા માને છે: ફાર્બસ તેને ભાટચારણની કથા કહી શંકાશીલ ગણે છે. આશ્ચર્ય જેવું તો એ છે કે 'રાસમાળા' આખી ભાટચારણોની વાતો ઉપર રચાએલી છે, છતાં આ જ હકીકત શંકાશીલ માનવાનું શું કારણ? મુસલમાન તવારીખનવેશોએ વાત નોંધેલી નથી એ ખરૂં, પણ એમ તો ગુજરાત અને રજપુતાનાના ઇતિહાસની ઘણીએ બાબતો એમની તવારીખમાં નથી. ગેઝેટીઅરના લેખકે પણ એ વાત પાદટિપ્પણમાં નોંધી તેની ઐતિહાસિકતા ઉડાવી દીધી હોય એમ જણાય છે. રાસમાળા અને ગેઝેટીઅર લખાયા પછી ઘણાં પ્રમાણો મળ્યાં છે. એ ઉપરથી એ વાતની ઐતિહાસિકતા સિદ્ધ થઇ શકે છે.

માધવ ઐતિહાસિક વ્યક્તિ હતો, અને તે કર્ણના પૂર્વાધિકારી સારંગદેવ વાઘેલાનો સં. ૧૩૫૩ માં મહામાત્ય હતો, તે ધોળકાના ચાંડૂ પંડિતે લખેલી नैषधकाव्यनी ટીકાની પ્રશસ્તિના નીચેના શ્લોકો[૬] ઉપરથી નિર્ણીત થાય છે:—

श्रीविक्रमार्कसमयाच्छरदामथ त्रि-
पञ्चाशता समधिकेषु शतेष्वितेषु ।
तेषु त्रयोदशसु भाद्रपदे च शुक्ले
पक्षे त्रयोदशतिथौ रविवासरे च ॥ ५ ॥

૬ આ શ્લોકો સ્વ. તનસુખરામભાઇ ત્રિપાઠીએ મને મોકલ્યા હતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

श्रीमत्सा(रं)गनृपे श्रीमाधवसंज्ञे महामात्ये ।
धवलक्कनगरे महाज्ञारायणसंनिधाविय टीका ॥ ६ ॥ ५

માધવના ભાઇ કેશવનું મરણ અને તેની સ્ત્રીનું હરણ અને તેથી માધવનું દિલ્હી જઇ મુસલમાનોને તેડી લાવવું એ બાબત કાન્હડદે પ્રબંધમાં સ્પષ્ટ લખી છે. એ ગ્રંથના કર્તા વીસનગરા નાગર હતા અને મુસલમાનોના આક્રમણ પછી માત્ર દોઢસો વર્ષેજ એ ગ્રંથ રચાયો હતો એ વાત ધ્યાનમાં રાખવા જેવી છે. એ પદ્મનાભ પોતાના જ્ઞાતિભાઇના કૃત્ય માટે આ રીતે ખેદ કરે છેઃ—

માધવ મહિતઇ કરિઉ અધર્મ; નવિ છૂઇ આગિલાં કર્મ.
જિહાં પૂજીઇ સાલિગ્રામ, જીહાં જપઇ હરિનૂં નામ,
જીણિ દેસિ કીજઇ જાગ, જીહાં વિપ્રનઇ દીજઇ ત્યાગ,
જીહાં તુલસીપીપલ પૂજઇ, વેદપુરાણધર્મ બૂઝઇ,
જીણિ દેસિ સહુ તીરથ જાઇ, સ્મૃતિપુરાણ માનઇ ગાઇ–
નવ ખણ્ડે અપકીરતિ કહી, માધવિ મ્લેચ્છ આણિયા તહીં.

વિચારશ્રેણિમાં પણ મેરુતુંગે એ બાબત આવી રીતે નોંધી છેઃ–

१३६० यवना माधवनागरविप्रेण आनीता । ધર્મારણ્ય પણ નીચેના શ્લોકોથી તેને પુષ્ટિ આપે છેઃ–

राज्यासने स्थितः कर्णो महाराजः प्रतापवान् ।
जातोऽमात्यस्तस्य दुष्टो निर्गुणो माधवाह्वयः ॥
देशद्रोहकरः पापी दुष्टात्मा च कुलाधमः ।
क्षत्रराज्यस्य विध्वंसो म्लेच्छराज्यस्य स्थापकः ॥

अ. ६७, श्लो० ६८–६९

म्लेच्छराजाऽभवत्तत्र चेश्वरेच्छा बलीयसी ॥
निर्जिता सकला पृथ्वी विहाय गुर्जरं तथा ।
कर्णमन्त्रिमाधवेन ह्यानीतः पट्टने पुरे ॥

अ. ६८, श्लो०, ९–१०

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આમાં માધવને देशद्रोहकर કહ્યો છે, એ ખાસ ધ્યાનમાં રાખવાનું છે. કેટલાક એમ માને છે કે દેશભક્તિ—patriotism એ સ્વદેશી વસ્તુ નથી, પણ પરદેશી માલ છે, તેમની એ શબ્દ જોઈ આંખ ઉઘડશે. જો દેશભક્તિની ભાવના આપણા પ્રાચીનોમાં ન હોત તો માધવને धर्मद्रोहकरः કહ્યો હોત. આ પ્રસંગે શ્રી હેમચંદ્રાચાર્યે પોતાના વ્યાકરણમાં અપભ્રંશ ભાષાનું નીચેનું સુભાષિત ટાંક્યું છે એ પણ ઉપરના કથનનો સબળ પુરાવો છે:—

पुत्ते जाए कवणु गुणु ? अवगुणु कवणु मियेण ?
जा बप्पीकी भूंहडी चम्पीज्जइ अवरेण ?

धर्मारण्य ગ્રંથ 'કાન્હડદે પ્રબંધ' પહેલાં રચાએલો છે. કેટલાક તેને ભાટચારણના રાસા જેટલું વજન આપે છે, તેઓને धर्मारण्यનો પુરાવો મજબુત જવાબ છે. મૂળ પ્રસંગ બન્યા પછી પચાસ પોણોસો વર્ષેજ એ ગ્રંથ રચાયો છે એ પણ ધ્યાનમાં રાખવાનું છે. વળી विचारश्रेणि તો તે કરતાં પણ પ્રાચીન છે. તેનો કર્તા प्रबन्धचिंतामणिકાર મેરુતુંગ છે. प्रबन्धचिंतामणि સં. ૧૩૬૧ માં રચાએલો છે, એટલે विचारश्रेणि પણ એ જ અરસામાં રચાએલો હોવો જોઇએ. એ જોતાં આ બનાવ બન્યા પછી થોડાં વર્ષોમાં જ નોંધાયો હોવાથી તેની વિશ્વસનીયતા નિઃશંક ઠરે છે.

આ સંબંધમાં એક શિલાલેખનો પુરાવો ટાંકવામાં આવે છે, પણ મને તે જોઇએ તેટલો વજનદાર જણાતો નથી. વઢવાણમાં એક માધાવાવ છે. તેમાં નીચે પ્રમાણે લેખ છે:—

सं. १३६० वर्षे कार्तिक सुदि ८ गुरौ नागर ज्ञातीयठ० श्री सोमसुत ॥ महं श्री सीधू ॥ नागर ज्ञातीय महं श्री साढलसुता महं श्री तषमादेवि ॥

ફાર્બસ (રાસમાળા), દલપતરામ (રત્નમાળ) તથા રા. ડાહ્યાભાઈ દેરાસરી (કાન્હડદે પ્રબંધ) એ બધાએ આ લેખ માધવ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંબંધી જ માન્યો છે, પણ મને તો તેમ માનવાનું કોઇ કારણ જણાતું નથી. આમાં માધવનું નામ સરખુંએ ક્યાં છે? રા. દેરાસરીએ તો એમ લખ્યું છે કે એ લેખ વાંચવામાં ભૂલ થઇ હશે અને માધૂને બદલે સીધૂ વંચાયું હશે. પણ મેં રાજકોટ મ્યુઝિયમમાંથી એ લેખની પ્રતિકૃતિ (rubbing) મંગાવીને તપાસી છે અને તે ઉપર ટાંક્યો છે તે પ્રમાણે જ છે. એટલે હું તો ધારૂં છું કે એ લેખ બીજા જ કોઈ સીધૂ નામના માણસનો છે.

(૬) માધવ સંબંધી બીજી એક વાત પણ ધર્મારણ્યમાં નોંધાએલી છે. 'કાન્હડદે પ્રબંધ'માં માધવ મુસલમાનોને લાવ્યો અને છેવટે સોમનાથના યુદ્ધમાં મરાયો એમ હકીકત છેઃ...

રોષાળા રાવત રણિ સૂંઝ્યા, નડી નાદ ઉતારિઉ
અનરથતણૂં મૂળ બીજિ દિહિ માધવ મહિતુ મારિઉ. ૧-૮૯

પરન્તુ તે વચ્ચેના ગાળામાં તેણે શું કર્યું તેની નોંધ નથી. ધર્મારણ્ય એક હકીકત જણાવે છે. તે લખે છે કે મુસલમાનોએ પાટણ લીધા પછી મોઢેરાને ઘેરો ઘાલ્યો હતો અને તે વખતે માધવ પણ સાથે હતો. કેટલાએ મહીના સુધી એ ઘેરો રહ્યો પણ તેનો બહાદુર બ્રાહ્મણોએ બચાવ કર્યો. છેવટે માધવની સમજાવટથી સંધિ થઈ, એમાં એમ ઠર્યું કે બ્રાહ્મણોએ પાંચ હજાર મહોરો આપવી અને મુસલમાનોએ ઘેરો ઉઠાવવો. બ્રાહ્મણો નગરમાં આવી મહોરો લેઈ ગયા, પરન્તુ ભાવી પ્રબળ હશે તેથી, કે ઘેરો લાંબો ચાલ્યાથી કંટાળી ગયા હશે, કે ઉત્સાહના પૂરમાં તણાઈ ગયા હશે તેથી અગર તો તેમનામાં મુત્સદ્દીપણાની ખામી હશે તેથી—ગમે તેમ હોય, પણ એ મહોરો એકદમ ઉતાવળમાં ગણી લાવ્યા તેથી સાત હજાર થઈ. આથી મુસલમાન સરદારોને લાગ્યું કે આ ગામ બહુ સમૃદ્ધિવાળું હોવું જોઈએ અને તેની લોભવૃત્તિ પ્રદીપ્ત થઈ. તેથી લશ્કરને ગામ લૂંટવાનો હુકમ આપ્યો. આ રીતે એનો વિનાશ થયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આમ ઉપર ઉપરથી જોઈએ તો આ પ્રસંગમાં માધવનો દોષ જણાતો નથી. પણ મોઢેરાના બ્રાહ્મણોને તો લાગ્યું કે માધવે સંધિ કરાવવાનો ઢોંગ કર્યો હતો અને તે ગામ સહેલાઈથી હાથમાં આવે તે માટે કપટજાળ પાથરી હતી. ધર્મારણ્યમાં લખ્યું છે કે:—

> सुल्तानाज्ञा च संग्राह्य माधवेन प्रवर्तिता ।
> संधिवार्ता सकपटा विप्रजात्यधमेन हि ॥
>
> अ. ६८, श्लो० ६४

ગુજરાતનાં બીજાં નગરો પણ તે અરસામાં મુસલમાનોથી નષ્ટગૌરવ થયાં હતાં. તે વખતે માધવ સાથે હશે કે કેમ તેનો પુરાવો મળતો નથી. પણ તે સોમનાથમાં સાથે હતો અને યુદ્ધમાં માર્યો ગયો, તેથી ગુજરાતનાં સર્વ સ્થળે સાથે હોય એમ અનુમાન કરીએ તો ખોટું નથી.

ધર્મારણ્યથી ગુજરાતના ઇતિહાસ ઉપર આ પ્રમાણે મહત્ત્વનો પ્રકાશ પડે છે.[૭]

રામલાલ ચુનીલાલ મોદી
(પુ. ૭૬ મું, ઑગસ્ટ, ૧૯૨૯)

---

૭. પાટણ હાઈસ્કુલના હેડમાસ્તર રા. રા. કલ્યાણરાય જોષીએ ગોઠવેલી • વ્યાખ્યાનમાળા 'માં આપેલું વ્યાખ્યાન.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખંડ ૩ : શિક્ષણવિચાર

ભારતીય મહિલા વિદ્યાપીઠ

આ સંસ્થાની કલ્પના મારા મગજમાં આવ્યાને અઢી વર્ષ અને તેને લોકો આગળ જાહેર કર્યાને માત્ર સવા બે વર્ષ જ થયાં છે. સમય પ્રમાણે જોતાં આટલા થોડા વખતમાં આ સંસ્થાની વૃદ્ધિ મારા અંદાજ કરતાં વધારે સારી થઈ છે. હજી તે બાલ્યાવસ્થામાં છે એ વાત ખરી પરંતુ કાળાંતરે આ સંસ્થાની શાખાઓ અગર તેના નમુના ઉપર નીકળેલી બીજી સંસ્થાઓ આખા હિંદુસ્તાનમાં પ્રસરશે એવી આશા જણાવા માંડી છે.

કન્યા કેળવણીના પ્રશ્ન પ્રતિ સરકારે અગર લોકોએ અદ્યાપિ સુધી આપવું જોઈએ તેટલું લક્ષ આપ્યું નથી. કન્યાઓના પ્રાથમિક શિક્ષણની શરૂઆત સુમારે ૬૦ વર્ષ ઉપર થયેલી પરંતુ તેમના પ્રાથમિક શિક્ષણનો પણ થવો જોઈ તો હતો તેટલો પ્રચાર થયો નથી. મધ્યમ સ્થિતિના લોકોને હમણાં કન્યાઓના પ્રાથમિક શિક્ષણની આવશ્યકતા જણાવા માંડી છે; અને તે શિક્ષણની સોઈ હોય તો તેનો ઉપયોગ કરી લેવાની પ્રવૃત્તિ પણ થવા માંડી છે, પરંતુ કન્યાઓના વચલા અગર ઉચ્ચ શિક્ષણ માટે હજુ મધ્યમ વર્ગના લોકોને સામાન્ય રીતે જરૂર જણાવા માંડી નથી. આ સંબંધી તેઓમાં કોઇ ઝાઝો વિચાર જ કરતું નથી. આપણા લોકની જુદાજ રીતરિવાજવાળી સામાજિક સ્થિતિને લીધે કન્યાઓને ઉચ્ચ શિક્ષણ આપવાનો ઝાઝો આવકાર મળતો નથી અને જે થોડોઘણો મળે છે તેનો સારો ઉપયોગ કરી લેવાય એવાં સાધનો પણ ઉપલબ્ધ નહિ હોવાથી કન્યાઓની મધ્યમ અથવા ઉચ્ચ કેળવણી બહુ જ પાછળ રહી ગયેલી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રાથમિક શિક્ષણ આપ્યા પછી ઉપલા દરજ્જાનું શિક્ષણ પોતાની પુત્રીને આપવાની જો કોઇને ઇચ્છા થાય તો તેને યુનિવર્સિટીના મેટ્રિક્યુલેશન કલાસ સુધી કન્યાઓને શિક્ષણ આપવાની મુંબઈમાં જે થોડીક શાળાઓ છે તેમાં મોકલ્યા સિવાય બીજો કોઈ માર્ગ નથી. વર્નાક્યુલર ફાઈનલ પરીક્ષા એટલે મરાઠી, ગુજરાતી વગેરે ભાષાઓમાં જે સાતમા ધોરણની પરીક્ષા લેવામાં આવે છે તે, અને એને માટે વિદ્યાર્થીઓને તૈયાર કરનારી છોકરીઓની સરકારી શાળાઓ છે તેવા પ્રકારની પ્રાથમિક શિક્ષણ પછી ઉપલા દરજ્જાનું શિક્ષણ કન્યાઓને આપવા માટે ખાસ ઈલાયદી કન્યાશાળાઓ નથી. આને લીધે પ્રાથમિક શિક્ષણ પુરૂં થતાં જ કન્યાને જ્યાં ઇંગ્રેજી શાળા હોય ત્યાં દૂર દેશાવર મોકલવી પડે છે. આમ કરવું એ બહુ જ ખરચાળ હોવાને લીધે તેમજ ઘણાઓને તેવા શિક્ષણની એટલી બધી આવશ્યકતા નહિ લાગવાને લીધે ઘણી કન્યાઓ ઉચ્ચ શિક્ષણ મેળવી શકતી નથી. ઉચ્ચ કેળવણી લેનારી કન્યાઓની સંખ્યા તેવું જ શિક્ષણ લેનારા છોકરાઓની સંખ્યા સાથે સરખાવી જોતાં બહુ જ થોડી જણાય છે. આજ દસકા ને દસકા લગણ આ પ્રમાણે કેળવણી ચાલ્યા કરતી હોવાથી મધ્યમ સ્થિતિના લોકોમાં પુરુષ અને સ્ત્રી વર્ગ વચ્ચે વિચારમાં બહુ જ મોટું જમીન–આસમાનનું અંતર પડી ગયું છે. જગતમાં બીજા કોઈ દેશમાં એક જ વર્ગના લોકોમાં સ્ત્રીપુરુષોના વિચારમાં અને મનોવૃત્તિમાં આટલું મોટું અંતર જણાતું નથી. કેવળ ઇંગ્રેજી શીખેલા લોકોમાં જ નહિ પરંતુ સ્વભાષામાં શિક્ષણ પામેલા તથા અને નવીન પુસ્તકો, વર્તમાન-પત્રો વાંચવાની આદતવાળા લોકોના વિચાર પણ બહુ જ આગળ વધી ગયેલા છે. આ બદલાયેલી સ્થિતિની કલ્પના સરખી પણ હજી હજી સ્ત્રીઓને થઈ નથી. સ્ત્રીપુરુષોની મનઃસ્થિતિમાં રહેલું આ ભયંકર અંતર સમાજની પ્રગતિને અટકાવનારૂં છે એવો વિચાર જ ઘણાઓના મનમાં હજુ આવતો નથી. અને થોડાકના મનમાં આવતો હશે તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ તે એટલો બધો ઉત્તેજક નહિ. કન્યાઓ માટેનું ઉચ્ચ શિક્ષણ છોકરાઓને શિક્ષણ આપનારી સરકારી યુનિવર્સિટી પર નાખેલું હોવાથી દર્શાવેલો ભેદ કમી થવો તો રહ્યો પણ સામો અધિકાધિક તીવ્ર જ થતો ગયો; જેથી કરીને મન ઉપર સંસ્કાર થાય એવા પ્રકારનું સ્ત્રીઓને ઉચ્ચ શિક્ષણ થોડા વખતમાં થોડા ખરચમાં અને થોડી મહેનતે આપવાની યોજના તૈયાર કરી તેનો આખા હિંદુસ્તાનમાં ઉપયોગ થવા માંડ્યા વગર સ્ત્રીપુરુષોના વિચાર વચ્ચે પડેલું આ ભયંકર અંતર ઓછું થવાની આશા જ રાખવી નહિ.

ઉપર જણાવ્યું તેવા પ્રકારની એક યોજનાને પ્રચલિત કરવા માટે ભારતવર્ષીય મહિલાપીઠ નામે આ સંસ્થા સ્થાપવામાં આવેલી છે. આજ અઢાર વર્ષ થયાં જાપાનમાં સ્ત્રીઓને માટે એક જુદી જ યુનિવર્સિટી જે રીતે કામ કરે છે તે રીતે અને બીજી પણ તેવા જ પ્રકારની સંસ્થાઓને મળતી પદ્ધતિએ આ સંસ્થા કામ કરશે. જાપાનમાંની એ યુનિવર્સિટી સરકારી સંસ્થા નથી. મોટા મોટા સરકારી અમલદારો અને રાજવંશીઓની તેને સહાયતા છે, પરંતુ તેના કારભારમાં સરકારનો હાથ નથી. જાપાની સ્ત્રીઓ માટેની એ યુનિવર્સિટીનો શિક્ષણક્રમ નક્કી કરતાં ત્રણ મુખ્ય તત્ત્વોને પ્રમાણભૂત માનવામાં આવેલાં છે. 'સ્ત્રીઓ પણ માણસજાત છે' એ વાત લક્ષમાં રાખી તેનો અભ્યાસક્રમ આંકવો એ પહેલું તત્ત્વ. આપણે માણસજાત છીએ એવું જ્ઞાન થાય અને જાતે વિચાર કરી પોતાની જવાબદારી ઉપર કામ કરવાની ધમક તેમના અંગમાં આવે એવો તે શિક્ષણનો રોપ હોવો જોઈએ. આ જગતમાં જે ખાસ કર્ત્તવ્યો સ્ત્રીઓને માટે છે તે તેમને સારી રીતે બજાવતાં આવડે એવી રીતનું શિક્ષણ તેમને આપવું એ બીજું તત્ત્વ. વિવાહિત સ્થિતિમાં રહેતાં કુટુંબવ્યવસ્થાની મુખ્ય જવાબદારી લેવી અને બાળબચ્ચાંનું સંગોપન કરી તેમને માર્ગદર્શક થવું, તે ઘણું કરીને સ્ત્રીઓનું મુખ્ય કર્તવ્ય છે. જાપાની સ્ત્રીઓની યુનિવર્સિટીનો અભ્યાસ નક્કી કરતાં આ બધી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાબતો તરફ બહુ જ ધ્યાન આપવામાં આવ્યું છે. આપણે પુરુષોની માફક સમાજ અને રાજ્યના એક ઘટકાવયવરૂપ છીએ એવી ભાવના સ્ત્રીઓમાં ઉત્પન્ન થાય અને રાજ્યોન્નતિનાં કામોમાં તેમની મદદ મળે એવા પ્રકારનું શિક્ષણ તેમને આપવું એ શિક્ષણક્રમનું ત્રીજું તત્ત્વ. સન ૧૯૦૦ માં જ્યારે સ્ત્રીઓ માટેની આ જુદી જ યુનિવર્સિટી નીકળી ત્યારે ત્યાં સ્ત્રીઓ માટેની માત્ર બાર જ હાઈસ્કૂલો હતી. આ સંખ્યા ૧૯૧૨ માં ૧૮૨ થઈ અને બાર વર્ષમાં ૧૨૪૩ પદવીધર સ્ત્રીઓ યુનિવર્સિટીમાંથી પસાર થઈ બહાર પડી. આ ઉપરથી જાપાનમાં સ્ત્રીઓની યુનિવર્સિટી કેટલી બધી લોકપ્રિય થઈ પડી છે તે સમજાય છે.

સ્ત્રીઓનું સર્વ શિક્ષણ હુબેહુબ પુરુષોના શિક્ષણ જેવું હોવું જોઇએ, એમ માનનારાં સ્ત્રીપુરુષોનો એક ભાગ જાપાનમાં પણ છે, અર્થાત્ સ્ત્રીઓનાં શિક્ષણ માટે જુદી ગોઠવણ કરવાની કંઈ જરૂર નથી. પુરુષોને માટે કાઢેલી યુનિવર્સિટીઓ સ્ત્રીઓ માટે પણ ખુલ્લી છે. ઠેકઠેકાણે સ્ત્રીઓની યુનિવર્સિટીઓ કાઢવા છતાં પણ પુરુષોની યુનિવર્સિટીઓનો આશ્રય લેનાર સ્ત્રીઓ નીકળશે જ; અલબત, આ બાબતમાં વ્યક્તિસ્વાતંત્ર્યની જરૂર છે પણ માધ્યમિક શિક્ષણની સોઈ જ નહિ હોવાથી શિક્ષણ લેવા ઈચ્છતી સર્વ સ્ત્રીઓને પુરુષો માટે નક્કી કરેલું શિક્ષણ લેવું પડે એ ખોટું છે.

જાપાનની સ્ત્રીઓની યુનિવર્સિટીની માહિતીનું એક નાનકડું પુસ્તક અચાનકજ મારા હાથમાં આવ્યા પછી સામાજિક પરિષદમાં ભાષણ કરવા માટે જ્યારથી તે પુસ્તક લક્ષપૂર્વક વાંચ્યું ત્યારથી હિંદુસ્તાનમાં પણ સ્ત્રીઓને ઉંચી કેળવણી આપવા માટે એના જેવી સ્ત્રીઓની ખાસ યુનિવર્સિટી કાઢ્યા સિવાય બીજો ઉપાય નથી એમ મને લાગ્યું અને જેમ જેમ વખત જતો ગયો તેમ તેમ એ વિચાર મક્કમ થતો રહ્યો. વીસ બાવીસ વર્ષના સ્ત્રીશિક્ષણ કામના અનુભવે પ્રચલિત શિક્ષણના દોષ મને જણાવા માંડ્યા હતા. પરંતુ અનેક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકારની અડચણોએ મને કર્તવ્યમૂઢ બનાવી દીધો હતો. સ્ત્રીઓને શિક્ષણ આપવાની સંસ્થા સાથે મારો સંબંધ હતો તેમાં બહુધા રૂઢ ધોરણે જ શિક્ષણ આપવાનું કામ હું કરતો હતો. પછી જાપાની સ્ત્રીઓની યુનિવર્સિટી મને માર્ગદર્શક થઈ અને તેમાં દર્શાવેલા કાર્યનું નિદિધ્યાસન થવા માંડયુ. વીસ વરસ લગી મહેનત કરીને હિંગણમાં જે સ્ત્રીશિક્ષણસંસ્થાને સારા સ્વરૂપમાં આણી હતી તેથી આ મોટા કામમાં હાથ ઘાલવાનું શકય લાગ્યું, કારણ કે, પરીક્ષા માટે વિદ્યાર્થિનીઓ તૈયાર કરનારી ઓછામાં ઓછી એક શાળા અને એક કોલેજ વગર યુનિવર્સિટી કાઢીએ તો તે શું કરે ?

કોઈ પણ એકાદ નવી કલ્પના કાઢી કે તરત સારા સારા વિદ્વાન અને વિચારશીલ માણસોમાંના કેટલાક તેને ગાંડામાં ગણી કાઢવા નીકળે છે. જાપાનની સ્ત્રીઓની યુનિવર્સિટી કાઢનાર ને હાલ તેના પ્રેસિડંટ મિ. નારૂસેને પણ થોડો વખત લોકોએ પાગલમાં ગણી કાઢ્યો હતો. બહુ સખત ટીકા નહિ કરનારાઓમાંના કેટલાક જણે 'વ્યવહારશૂન્ય, એને માત્ર તરંગ ઉપર તરનાર' વગેરે વિશેષણોથી તેને નવાજ્યો હતો. લોકોની ટીકા સામું નહિ જોતાં પ્રેસિડંટ નારૂસેએ ચાલુ ખંત અને મહેનત કરી એ સંસ્થાને પગભર બનાવી ત્યારે સૌ તેને આવકાર આપે છે અને જાપાનમાં હાલ તે એક મહત્ત્વની રાષ્ટ્રીય સંસ્થા થઈ પડી છે. મેં સ્ત્રીઓની વિદ્યાપીઠની કલ્પના બહાર પાડી કે તરતજ આપણે અહીં પણ લોકોએ ટીકાનો ભડીમાર ચાલુ કર્યો હતો. વર્તમાનપત્રો અને માસિકોમાં ઉપરાઉપરી તે વિચાર સામે ટીકાઓ ચાલુ થઈ હતી છતાં તેમના કરતાં ખાનગી ભાષણોમાં તેની ઉપર બહુ વિરુદ્ધ અભિપ્રાયો અપાવા માંડ્યા હતા. મારા એકાદબે હિતચિંતકોએ મને આ કામમાં નહિ પડવાને જણાવ્યું હતું અને ઘણાઓ એમ કહેતા હતા કે, સ્ત્રીઓની યુનિવર્સિટી કાઢવાનો યત્ન કરવા જેવો વખત હજી આવ્યો નથી. આ સર્વેને મારો એકજ એવો ઉત્તર હતો કે, આ કામમાં અપયશ આવવાનો સંભવ હોવાથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉતાવળિયા થઈ આ મોટું કામ હાથ ધરીને પોતાની નાલાયકી કરાવવા કોઈ તૈયાર થનાર નથી. પગ ભાગવાનો ખુલ્લો સંભવ હોય ત્યાં કોણ કુદકો મારે ? અમુક એક માણસ પાંચ વર્ષ માટે આ કામ હાથમાં લે એમ મને કોઈ ખાતરી આપે તો હું સ્વસ્થ બેસું. મારા હાથ પગમાં જ્યાં લગી તાકાત છે ત્યાં લગી મારે હાથે કંઈ થાય તો તે કરી જોવું, કારણ કે જ્યારે હાથપગ થાકી જશે ત્યારે મનમાં ઉત્સાહ થઇ આવ્યો હશે તો પણ તે કામનો નથી. આમ કરી મારા કેટલાક હિંતચિંતકો વિરુદ્ધ હોવા છતાં પણ મેં આ કામ હાથમાં લીધું. કેટલાક જણે મને પ્રોત્સાહન આપ્યું; જો તેમ થયું ન હોત તો આ કાર્ય હાથ ધરાયું જ હોત નહિ.

વિદ્યાપીઠની મહત્ત્વની બાબત તો એમ છે કે, તેમાં માતૃભાષાને અગ્રસ્થાન આપી ઉચ્ચશિક્ષણક્રમનાં દ્વાર ઉઘાડાં મૂકવાં. ઇંગ્રેજી ભાષાનો વિષય સ્વતંત્ર રાખી બાકીના બધા વિષયો સ્વભાષા મારફતે શિખવવા એવો આ વિદ્યાપીઠનો નિયમ છે. ઇંગ્રેજી જેવી તદ્દન જુદીજ પરભાષામાં એકાદ બાબત શિખવવી એ શિખનારને બહુ કઠણ પડે છે એટલુંજ નહિ પણ તેના મનમાં એ વિષય દૃઢ પણ થતો નથી. પચીસ ત્રીસ વર્ષ પહેલાં સરકારી યુનિવર્સિટીએ સ્વભાષાને અગ્રસ્થાન આપ્યું હોત તો દેશી ભાષાની અત્યારે કયારનીએ ઉન્નતિ થઈ હોત. આવા ઉપક્રમને શરૂઆતમાં ઘણી અડચણો આવે એ સ્વાભાવિક હોવાથી આ કામની શરૂઆત કરવાનું લંબાણે નાંખવું ઇષ્ટ લાગ્યું નહિ. આ વિદ્યાપીઠની બીજી મહત્ત્વની બાબત તે સ્ત્રીઓને ભણાવવા માટે યોગ્ય અભ્યાસક્રમ નક્કી કરવો તે છે. ત્રીજી બાબત એ કે સરકારની સંમતિ અગર મદદની વાટ ન જોતાં સ્વાવલંબનનો આશ્રય લેવો તે છે. સરકાર જે એક સંઘટિત સંસ્થા છે તેનું ચક્ર હંમેશાં બહુ જ મંદ ગતિએ ફરે છે માટે સરકાર ઉપર આશા રાખીને બેસવું એ ઠીક નથી સરકારી અમલદારોની વ્યક્તિવિષયક સહાનુભૂતિ મળે તો મેળવી લેવી, એવો વિદ્યાપીઠના ચાલકોનો હેતુ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોતાની જવાબદારી ઉપર શાળા અગર કૉલેજ ચલાવવી એ આ વિદ્યાપીઠનો હેતુ નથી પણ શાળા અને કૉલેજના અભ્યાસક્રમ આંકી આપવા અને તે માન્ય કરનારી શિક્ષણસંસ્થાઓ ઉપર દેખરેખ રાખી વિદ્યાર્થિનીઓની પરીક્ષા લેવી અને ગુણ પ્રમાણે પ્રમાણપત્ર સર્ટિફિકેટ તથા પદવીઓ આપવી એટલું જ કામ હાલ તરત વિદ્યાપીઠે પોતાના હાથમાં લેવું એવો હેતુ છે. વિદ્યાપીઠનો અભ્યાસક્રમ માન્ય રાખનારી ત્રણ શિક્ષણસંસ્થાઓ હાલ હિંગણ બદ્રુકમાં અનાથ બાલિકાશ્રમની મંડળીની દેખરેખ નીચે ચાલે છે. મહિલાશ્રમ એટલે સ્ત્રીઓને ઉચ્ચ શિક્ષણ આપનારી કૉલેજ અને અધ્યાપિકાશાળા એટલે પ્રાથમિક શાળાઓ માટે મહેતીજીઓ તૈયાર કરનારી કૉલેજ. હિંગણવાળી સંસ્થા હાલ સારી રીતે જામી ગયેલી છે. ઉપલી ત્રણ સંસ્થાને પ્રાથમિક શાળામાં શિક્ષણ લેનારી અઢીસેં વિદ્યાર્થિનીઓ હાલ છે. વધારે માટે અવકાશ નથી એમ કહી કેટલીક અરજીઓને નકારમાં જવાબ દેવો પડે છે. દોઢ લાખની ઇમારત અને પંદર સોળ શિક્ષકો તેમાં કામ કરે છે. સાત પદવીધર (માં ત્રણ એમ. એ.) આ સંસ્થામાં આજીવન રહેવાને તૈયાર થયેલા છે. સારાંશ એ કે જે પાયા ઉપર યુનિવર્સિટીની ઇમારત ઊભી કરવામાં આવી છે તે મક્કમ પાયો છે. વિદ્યાપીઠનો અભ્યાસ માન્ય રાખનારી બીજી એક હાઇસ્કૂલ 'કન્યાશાળા' એ નામે પુનામાં થોડાજ વખતમાં શરૂ થનાર છે. મહિલા પાઠશાળામાં બે વર્ષનો વર્ગ ચાલુ થયેલો છે અને ત્રીજા વર્ષનો વર્ગ આવતા જુન મહિનામાં શરૂ થશે તથા ૧૯૧૯ ના જુન મહિનામાં આ યુનિવર્સિટીની પહેલી પદવીધર કન્યાઓ બહાર પડશે. મહારાષ્ટ્રને પુરતું સ્ત્રીઓની યુનિવર્સિટીનું કામ તરત વેળા ઠીક ચાલશે એવી અજમાસ છે.

પ્રાથમિક શિક્ષણનાં ચાર વર્ષ, મધ્યમ શિક્ષણનાં પાંચ વર્ષ અને ઉચ્ચ શિક્ષણનાં ત્રણ વર્ષ મળીને એકંદરે બાર વર્ષનો બધો શિક્ષણક્રમ નક્કી થયો છે. છ વર્ષ પુરાં થયા પછી ભણવા બેઠેલી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાધારણ બુદ્ધિની કન્યા પંદર વર્ષ થતાં થતાં પ્રવેશપરીક્ષા પાસ કરી શકશે અને અઢાર વર્ષની થતાં પદવીધર થઈ શકશે. અભ્યાસક્રમનાં ધોરણ એવી રીતે ગોઠવ્યાં છે કે, મન ઉપર પડનારા સંસ્કાર અને સામાન્ય માહિતીની દૃષ્ટિએ જોતાં પ્રવેશપરીક્ષા પસાર કરનાર વિદ્યાર્થિની મૅટ્રીક્યુલેશનની પરીક્ષા પાસ કરનાર કરતાં જરાએ કમ નીકળશે નહિ.

અભ્યાસક્રમ માટે અહિં માત્ર એટલું જ કહેવાનું કે, પ્રપંચશાસ્ત્ર, આરોગ્યશાસ્ત્ર, લલિતકળા વગેરે વિષયોનો સમાવેશ કર્યા ઉપરાંત બીજગણિત, ભૂમિતિ, ત્રિકોણમિતિ વગેરે ગણિતની શાખાઓ ઐચ્છિક વિષયમાં રાખવામાં આપેલી છે.

આ વિદ્યાપીઠનાં સર્વ અધિકારસૂત્ર એક સેનેટના હાથમાં મૂકાયલાં છે. સેનેટમાં સાઠ સભાસદ હોઈ મત આપનારા પાંચ સમુદાયો તરફથી તેમની ચુંટણી કરવાનો નિયમ છે. વિદ્યાપીઠ સાથે જોડેલી શાળા કે કોલેજો તરફથી ૧૫, એક હજાર રૂપિયા અગર વધારે રકમ આપનાર આશ્રયદાતાઓ તરફથી ૧૦, દર સાલ ૧૦ રૂપિયા અથવા ત્રણસેં રૂપિયા સામટા આપનારા પદવીધરો તરફથી ૧૫, દરસાલ ૫ રૂપિયા અગર ૧૫૦ રૂપિયા સામટા આપનાર કોઈ પણ યુનિવર્સિટીની પ્રવેશ પરીક્ષામાં પાસ થયેલી સ્ત્રીઓ તરફથી ૧૦ અને તેટલીજ રકમ આપનાર બીજાં બહારનાં ગમે તે સ્ત્રી પુરુષો તરફથી ૫ અને સેનેટની સભા તરફથી ૫ મળીને એકંદરે સાઠ સભાસદ ચુંટી કાઢવામાં આવશે. હાલની સેનેટના ચાન્સેલર ડૉ. સર રામકૃષ્ણ ભાંડારકર અને વાઇસ ચાન્સેલર પ્રિન્સિપાલ મિ. પરાંજપે છે. વળી હિંદુસ્તાનના જુદા જુદા ભાગમાંના કેટલાક અગ્રણીઓ વગેરે પણ હાલની સેનેટમાં સામેલ છે. આ વિદ્યાપીઠનો તમામ કારભાર સેનેટના હાથમાં રાખવામાં આવેલો છે.

હિંદુસ્તાનમાં જેટલી મુખ્ય ભાષાઓ છે તે પ્રત્યેકને માટે એકેકી સ્ત્રીઓની યુનિવર્સિટી તે તે પ્રાંતમાં કાળાંતરે કાઢવી જોઇશે, પરંતુ તેમ થાય તે પહેલાં આખા હિંદને માટે એક યુનિવર્સિટીએ કામ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચલાવવામાં કંઈ હરકત આવશે નહિ. સર્વ ઠેકાણે અભ્યાસક્રમ એકજ રાખી પરીક્ષાના પ્રશ્નો પણ એકસરખા રખાશે. આમ કરવાથી સર્વત્ર એક ધોરણ રહેશે અને કારભાર એકતંત્રી રાખી શકાશે.

વિદ્યાપીઠને જેટલી વધારે મદદ મળશે તેટલું વધારે કામકાજ થશે. સારી ગ્રાંટ મળતાં લોકોને ઠેકઠેકાણે શાળાઓ ને કોલેજો કાઢવાનું ઉત્તેજન મળશે. શાળાઓ અને કૉલેજોને જરૂર પડતાં જુદા જુદા વિષયોનાં પુસ્તકો તૈયાર કરાવવાનું કામ પણ વિદ્યાપીઠ તરફથી જ બજાવવામાં આવશે. લોકનો અને સરકારનો વિશ્વાસ બેસતાં વિદ્યાપીઠને કાયમની મદદ પણ પુષ્કળ મળશે. દ્રવ્યની મદદ કરતાં પણ લોકમતની મદદની હાલ બહુ જરૂર છે, કારણ કે, મધ્યમ સ્થિતિના લોકો તરફથી નાની નાની રકમોની પણ સારી મદદ મળે છે. હાલ, સ્થાયી ફંડની પોણો લાખની સાડા ત્રણ ટકાની પ્રો. નોટો લીધેલી છે અને ચાલુ ફંડના છ હજાર રૂપિયા રોકડા છે. વિદ્યાપીઠે જે મોટું કામ હાથમાં લીધું છે તેના પ્રમાણમાં આ રકમ કંઈ મોટી નથી. પરંતુ મોટું ફંડ એકઠું થતા લગી વાટ જોતા બેસી રહેવા કરતાં કાર્યનો આરંભ કરી ધીરે ધીરે સંચય વધારવો એ સારૂં છે. નાની નાની રકમોથી મોટું થવું મુશ્કેલ છે એ વાત ખરી, પરંતુ તેમાં એક ફાયદો એ છે કે, જે સંસ્થાને માટે ઉદ્યોગ કરવામાં આવતો હોય તેની લોકોમાં તેથી ખ્યાતિ વધતી જાય છે અને નાની પણ ઘણી રકમો મળવા માંડે છે.

આ વિદ્યાપીઠની કલ્પનાને બહુ જ ઝપાટામાં મૂર્તસ્વરૂપ પ્રાપ્ત થયું છે અને તેના કાર્યની પ્રગતિ પણ બહુ વેગથી ચાલી રહી છે. જે ગૃહસ્થો અને વર્તમાનપત્રો વગેરે આને ઉતાવળિયું પગલું કહેતાં હતાં તે આવી ઉન્નતિ જોઈ આકર્ષાયાં છે. એક વિરુદ્ધ અભિપ્રાય ધરાવનાર ગૃહસ્થે પોતે આ કાર્યમાં ભળી મોટી જવાબદારીનું કામ પોતાના હાથમાં લીધું છે. અને સહાનુભૂતિનું ક્ષેત્ર દિવસે દિવસે વિશાળ થતું જાય છે. મુંબઈ સરકારના પંચવાર્ષિક રિપોર્ટમાં જણાવવામાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવે છે કે. પ્રો. કર્વેની હિંદી સ્ત્રી યુનિવર્સિટીની યોજના સારી હોઈ નામદાર ગવર્નર અને તેમની કૌંસિલ તેની ભાવિ સ્થિતિ પ્રતિ કાળજી અને અત્યંત સહાનુભૂતિથી લક્ષ રાખે છે. આપણા દેશની હાલની સ્થિતિમાં સ્ત્રીઓની માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણ મળવાની બહુ જ અગત્ય છે એવો મારો દૃઢ મત છે. યત્ન કરવામાં કમતરતા ન રહે તો હિંદુસ્તાનની પ્રત્યેક મુખ્ય ભાષામાં શિક્ષણ આપનારી વધારે નહિ તો માત્ર એકેક હાઇસ્કૂલ અને એકેક કૉલેજ નીકળતાં બહુ વાર લાગશે નહિ. આને માટે ઠેકઠેકાણે લોકોનો યત્ન ચાલી રહ્યો છે. મારો એવો હેતુ છે કે, આ સંસ્થાના પ્રચાર માટે હિંદુસ્તાનના દરેક ભાગમાં ને જિલ્લાઓમાં ફરીને ઉદ્યોગ કરવો. કાર્ય બહુ મોટું અને અડચણો અત્યંત છે. એટલે તેને પહોંચી વળવાને ઘણાં સ્ત્રીપુરુષોએ બહાર પડવાની જરૂર છે. જો એમ નહિ થાય અથવા યત્ન કરવામાં કચાશ રહેશે તો અલબત યશ મળવો દુર્લભ છે આ કાર્યની અગત્ય માટે જેમને ખાતરી પડી હોય તેમણે ‘ कालो ह्ययं निरवधिः विपुला च पृथ्वी ’ એ ભવભૂતિની ઉક્તિ યાદ રાખી કાર્યને પરિપૂર્ણ રીતે પાર પાડવા માટે પોતાનું સામર્થ્ય ખર્ચ કરવું જોઈએ.

ધોંડો કેશવ કર્વે

(પૃ. ૯૫, એપ્રિલ ૧૯૧૮)

× માર્ચ માસના મરાઠી માસિક **નવયુગ**માં પ્રસિદ્ધ થયેલા પ્રો. કર્વે સાહેબના લેખનો અનુવાદ. ચાલુ માસની તા. ૧૮ મીએ પુણામાં એક ભવ્ય સમારંભ એઓ સાહેબના જન્મદિવસે સ્ત્રીકેળવણી અને સ્ત્રીઉન્નતિ અર્થે કરેલાં એમનાં મહાન કાર્યોની કદર કરી એમને એક માનપત્ર અને નાણાંની રકમ બક્ષિસ આપવાને કરવામાં આવ્યો હતો. એ હિલચાલમાં અમે હર્ષ-પૂર્વક ભાગ લઈએ છીએ. દેશની આવી એક મહાન વિભૂતિ માટે કયો હિન્દી મગરૂર નહિ હોય ? પ્રભુ એમને દીર્ઘ આયુષ્ય આપો !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માનસિક શક્તિઓનું માપ

(Mental Tests)

આ વિષય ઉપર યુરોપ અને અમેરિકાના માનસશાસ્ત્રના અભ્યાસકો હમણાં ઘણું ધ્યાન આપવા લાગ્યા છે. માનસશાસ્ત્રનો અભ્યાસ શરૂઆતમાં વૈદકની દૃષ્ટિથી ગાંડા, વિકલ, અક્કલશૂન્ય, (Idiots) વગેરેના સંબંધમાં કરવામાં આવતો. પણ તેમાંથી આગળ વધીને હવે તે સામાન્ય બુદ્ધિનાં બાળકોને માટે પણ ઘણું ઉપયોગી રહસ્ય સમજાવી શકે છે એમ અનુભવ થવા લાગ્યો છે અને તેથી માનસશાસ્ત્રનો સક્રીય experimental psyhcology અભ્યાસ એ કેળવણીકારોના અભ્યાસનો ખાસ વિષય થઈ પડયો છે. આ વિષય આપણા દેશમાં નવો જ છે એટલે તેનું સ્વરૂપ સમજાવવા માટે એક ફ્રેન્ચ માનસશાસ્ત્ર-વિશારદ પંડિતનો અનુભવ આ નીચે રજુ કરૂં છું:—

આ પંડિતને બે પુત્રીઓ છે; એકનું નામ મેરી અને બીજીનું નામ એડા. મેરીની ઉંમર ૧૪।। વર્ષ છે અને એડાની ઉંમર ૧૩ વર્ષ છે. બન્તેએ એક જ સંસ્થિતિમાં એકસરખી કેળવણી લીધી છે, છતાં તે બન્ને વચ્ચેનો તફાવત તેઓની માનસિક શક્તિઓની પરીક્ષા પરથી સ્પષ્ટ જણાઈ આવ્યો છે.

આ પરીક્ષા દરેકની જુદેજુદે વખતે એક બીજાથી સ્વતંત્ર રીતે કરવામાં આવી હતી. એક કરતાં વધારે વખત એનું એ કામ બાળક પાસે કરાવવામાં આવે છે અને તેની નોંધ રાખવામાં આવે છે. એક વર્ષ પછી ફરી પાછું એ જ કામ તે બાળક પાસે કરાવી તેનું પરિણામ આગલા વર્ષ સાથે સરખાવવામાં આવે છે.

એમ જણાય છે કે મેરી એડા કરતાં લખવામાં ધીમી છે પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે પોતે લખેલા શબ્દોના અર્થ સમજાવી શકે છે તેટલા એડા સમજાવી શકતી નથી. મેરીના લખેલા શબ્દોમાં માત્ર ૪ ટકા તે અર્થ ન સમજતી હોય એવા શબ્દો હોય છે, જ્યારે એડાના લખાણથી ૨૮ ટકા એવા શબ્દો નીકળે છે. આનું કારણ એ છે કે મેરી કરતાં એડાના લખાણની ઝડપ વધારે છે; પણ બીજું કારણ એ છે કે મેરીના વિચારો વધારે સ્પષ્ટ છે, તેની યાદદાસ્ત વધારે સારી છે અને માત્ર ઉચ્ચાર કરતાં શબ્દોના અર્થ ઉપર તે વધારે ધ્યાન આપે છે. શબ્દો લખવાનું કહેતાં મેરીના શબ્દોમાં તેની આસપાસની વસ્તુઓનાં નામ ૩૭.૫ ટકા જેટલાં આવે છે જ્યારે એડાના શબ્દોમાં માત્ર ૧૦ ટકા એવા હોય છે. આ બતાવી આપે છે કે એડા વધારે ભાવગ્રાહી છે અને મેરી બાહ્ય જગતનું નિરીક્ષણ વધારે સારી રીતે કરે છે. તે જ પ્રમાણે મેરી જે શબ્દો વાપરે છે તે ઘણુંખરૂં તેના પોતાના પંડને લગતા હોય છે જ્યારે એડાના શબ્દોમાં એવા ભાગ્યે જ આવે છે. વળી એડા કરતાં મેરી પોતાના અનુભવને ઉદ્દેશીને ઘણીવાર લખે છે. આ ફેર યાદદાસ્ત કરતાં રસનો વધારે લાગે છે; કારણ મેરીની યાદદાસ્તમાં ૨૫ ટકા માત્ર ૩ માસ કરતાં જૂના અનુભવને લગતી બીના આવે છે જ્યારે એડાની યાદદાસ્તમાં ૬૪ ટકા ત્રણ માસ કરતાં જૂના બનાવોને લગતી હોય છે. આ અનુમાન બીજી એક બિનાથી પણ કાઢી શકાય છે કે એડા જે બાઇસિકલ ઉપર સવારી કરવાની બહુજ શોખીન છે તે પોતાના શબ્દોમાં ભાગ્યે જ તેને ઉદ્દેશે છે જ્યારે મેરી તેને ઘણીવાર ઉદ્દેશે છે. મેરી કાલ્પનિક દેખાવો ચિતરતી નથી જ્યારે એડા કેટલીકવાર તેમ કરે છે.

એમાં નાની એડા વધારે સર્ગશક્તિવાળી છે એ સ્પષ્ટ છે. મેરીના વિચારો સાધારણ રીતે એક સરખા, આસપાસના પદાર્થોમાંથી નિયમિત રીતે પસાર થાય છે, ત્યારે એડાના વિચારો એક વસ્તુ ઉપરથી તરત બીજી ઉપર દોડે છે. તેની વિચારશક્તિ સીધી લીટીમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ન જતાં આડીઅવળી દોડતી અને એક વસ્તુ પરથી ઝડપથી બીજી વસ્તુ પર દોડતી લાગે છે. આ પ્રમાણે આ બે બાળકોની બુદ્ધિ જુદી જુદી જાતની હોવાથી તેઓ જુદી જુદી ભાષા બોલતાં લાગે છે. મેરીની યાદદાસ્ત વધારે સારી છે. નજીકના બનાવોને તે તરત સ્મરણમાં લાવી શકે છે. તેનું અવલોકન સ્પષ્ટ છે અને બાહ્ય જગત ઉપર તેનું ધ્યાન ચોટેલું છે; તેથી ઉલટું એડાના વિચાર વધારે ભાવગ્રાહી છે, અને તેથી તેની ભાષા શાસ્ત્રીય છે પણ તેમાં વપરાતા શબ્દોના અર્થ તે બહુ અછડતી રીતે સમજતી લાગે છે.

આ બે બેનોએ પોતાની સમક્ષ મુકેલા પદાર્થોનાં વર્ણન કરતાં જે નિબંધ લખેલા તેનાં એક બે ઉદાહરણથી તેઓની બુદ્ધિનો સ્પષ્ટ ખ્યાલ આવી શકશે.

ચેસ્ટનટનાં એક પાંદડાંની ડાળી—

આ વિષય ઉપર ૧૧ મિનિટ અને ૧૫ સેકન્ડમાં મેરીએ લખેલો નિબંધ નીચે મુજબ હતો:—

મારી આગળ જે ડાળી પાંદડું છે તે ચેસ્ટનટ ઝાડનું છે; તે પાનખર ઋતુમાં તોડવામાં આવ્યું છે. કારણ તેમાંનાં લગભગ બધાં પાંદડાં પીળાં થઈ ગયાં છે અને એક અરધું પીળું અને અરધું લીલું છે.

આ ડાળી સાત પાંદડાંની બનેલી છે જે વચમાં ભેગા થઈને ડાંખળીને ચોંટી રહેલાં છે. અને આ ડાંખળી ઝાડને વળગી રહી છે.

બધાં પાન એકસરખા કદનાં નથી. પણ સાતમાંથી ત્રણ વધારે નાનાં છે. ચેસ્ટનટ એ કઠોળની જાતનું ઝાડ છે એમ પાંદડાંમાં આડીઆળી નસો ઉપરથી જોઈ શકાય છે.

પાંદડાંમાં ક્યાંક ક્યાંક કાટના રંગના ડાઘા છે, એક નાના પાંદડામાં કાણું પડ્યું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ પાંદડાની ડાંખળી વિષે વધુ કાંઇ મને સૂઝતું નથી.

એડાનો નિબંધ; આઠ મિનિટમાં લખાયલો નીચે પ્રમાણે હતોઃ—

આ ચેસ્ટનટ ઝાડનું પાંદડું છે જે પાનખર ઋતુના પવનથી ચીમળાયલું હમણાં જ ઝાડમાંથી છુટું પડેલું લાગે છે.

પાંદડું પીળું થઈ ગયું છે પણ હજી તે અકડ અને વળ્યા વગરનું છે. ગરીબ બીચારા પાનમાં હજી થોડી શક્તિ રહી છે.

પાંદડાંઓમાં હજી પણ તેના મૂળ લીલા રંગના અવશેષ જણાય છે જો કે પીળો રંગ મુખ્ય છે. કોર ઉપર ભૂરી લાલ રંગની ઝાંખ પડે છે.

આ તે પાંદડાં હજી ઘણાં સુંદર દેખાય છે. તેઓની લીલી ડાંખળીને હજી તે વળગી રહ્યાં છે.

ગરીબ બિચારૂં પાન, હવે તેના ભાગ્યમાં રસ્તે રખડવાનું, સુકાવાનું અને બીજા એના જેવાં જ પાનના ઢગલા ઉપર પડ્યાં પડ્યાં કહોવાનું રહ્યું. આજે તે મૃત્યુમુખે ઉભું છે, કાલે તે જીવતું હતું. ગઈ કાલે તે ડાળી ઉપર ટીંગાતું ટીંગાતું પવનના વિઘાતક સપાટાની રાહ જોતું હતું–કેમ જાણે કોઈ પોતાની મૃત્યુશય્યાપર છેવટના પ્રસંગની વાટ જોતું હોય નહિ! પણ એ પાંદડાંને પોતાને માથે ટીંગાયલા જોખમની ખબર ન હતી. તે તો શાંતિથી જમીન ઉપર પડ્યું.

બીજો નિબંધ એક ફ્રેંચ ઢબુના સિક્કા વિષે હતો.

મેરીનો નિબંધ પાા મિનિટમાં લખેલો નીચે પ્રમાણે હતોઃ—

આ સિક્કો એક ઢબુ છે. તે ત્રાંબાનો બનેલો છે અને લાંબા વપરાશથી ઘસાઈ ગયો છે. આ સિક્કાની એક બાજુપર ખુલેલી પાંખવાળું ગરૂડ પક્ષી કાઢેલું છે; કારણ તે ત્રીજા નેપોલીયનના વખતનો સિક્કો છે, તે બાજુ પર અક્ષરો છે, ફ્રેંચ મહારાજ્ય, ૫ સેન્ટાઈમ.

બીજી બાજુપર ત્રીજા નેપોલીયનનું મોઢું છે અને તેની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આસપાસ શહેનશાહ નેપોલીયનનું નામ અને જે સાલમાં સિક્કો થયો હોય તે સાલ લખેલી હોય છે; પણ આ સિક્કો એટલો બધો ઘસાઈ ગયો છે કે તેની સાલ ઉકલતી નથી.

આ સિક્કો પાતળો છે, તે લગભગ ૨ મિલિ મિટરની જાડાઈનો છે.

એડાનો નિબંધ ૭ મિનિટમાં લખેલો, નીચે પ્રમાણે હતો:—

આ સમય જવાથી ઘસાઈ ગયેલો જુનો ઢબુ છે. કાળી મેલી જમીનપર નેપોલીયનનું મોઢું હજી ઓળખી શકાય છે. સિંદુરના થોડા ડાઘા તેના નામ ઉપર પડ્યા છે અને પછી તારીખ આપે છે. બીજી બાજુપર અક્ષરો વધારે ઘસાયા છે, અને ભાગ્યે જ કોઈ અક્ષર ઉકલી શકે છે. આ ઢબુ જો બોલી શકતો હોય તો કેવી લાંબી વાત કરી શકે? તે ક્યાંથી આવ્યો અને કોનાં કોનાં હાથમાંથી પસાર થયો વગેરે.

પણ, બસ. એક ઢબુ જેવા નાના પદાર્થ તરફ જોતાં આવા વિચારો કરવાના નથી. આપણે તેનો ઇતિહાસ જાણવાની જરૂર નથી. એક ઢબુને જોવો એ એક સામાન્ય અનુભવ છે. આપણી નજરે ચડતા ઘણા પદાર્થોની માફક ઢબુ પણ આપણા ધ્યાન વગર પસાર થઈ જાય છે.

આ અને બીજા પ્રયોગોથી આ બે બેનોના મન વચ્ચેનો તફાવત આપણે જોઈ શકીએ છીએ. મોટી બેન કાંઈ પણ પદાર્થનું વિગતવાર વર્ણન આપીને સંતોષ પકડે છે જ્યારે નાની બેન આવા વિગતવાર નિરીક્ષણની ગેરહાજરી પોતાની વધારે પ્રબળ કલ્પના-શક્તિ અને લેખનચાતુર્યથી પૂરી કરે છે. વિગતમાં તે ઘણીવાર ભૂલ ખાય છે અને બેદરકાર રહે છે પણ તેનામાં વિગતો હમેશાં કાંઈ સબળ ભાવ અથવા વિચારને આધીન હોય છે.

એક વર્ષ પછી આ પદાર્થોનાં વર્ણન કરવાની શક્તિ વિષે ફરી પરીક્ષા લેવામાં આવી. મેરીની ટેવ એવી ને એવી જ હતી:

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એડાના વર્ણનમાં તદ્દન ફેર પડી ગયો હતો. તે પણ પોતાની મોટી બેન માફક પદાર્થોનાં વર્ણન માત્ર કરવા લાગી. પરીક્ષકે આ ફેરફાર પર એડાનું ધ્યાન ખેંચ્યું ત્યારે તેણે જવાબ આપ્યો, "એ જાતનાં લખાણનો હવે મને મોહ નથી, એ તો મૂર્ખતાવાળું લખાણ છે."

આ પ્રમાણે બાલકની બુદ્ધિમાં જન્મથી જ જે ફેરફાર હોય છે તે જાણી શકાય છે એમ સ્પષ્ટ થાય છે. પણ તેટલાથી સંતોષ ન માનતાં એ ફેરફારનું માપ લેવાના પ્રયત્નો માનસશાસ્ત્રના અભ્યાસકો કરવા લાગ્યા છે અને તેમાં તેમને સારી ફત્તેહ મળી છે. બાઇનેટ નામના ફ્રેન્ચ કેળવણીકારે આ વિષયનો ખાસ અભ્યાસ કરી બાળકની બુદ્ધિનું તેની ઉંમરના પ્રમાણમાં માપ કાઢવાની યોજના કરી છે અને તે પ્રમાણે અમુક બાલકની શક્તિઓ સામાન્ય પ્રતિની છે કે સામાન્ય બાળકો કરતાં ચડીયાતી કે ઉતરતી છે તે પણ નક્કી કરી શકાય છે. કેટલીક વખત માબાપો અને શિક્ષકો વર્ષોના સહવાસથી નક્કી કરી શકતા એવી પરીક્ષા આ પદ્ધતિ પ્રમાણે માત્ર ૪૦ મિનિટના અરસામાં કરી શકાય છે એમ એ વિષયના અભ્યાસકો દાવો કરે છે. એક ફ્રેન્ચ શાળામાં લગભગ ૨૦૦ બાળકોની એ પદ્ધતિ પ્રમાણે લેવાયલી પરીક્ષાની વિગત આપવાથી આ વિષય ઉપર સારૂં અજવાળું નાખી શકાશે.

શરૂઆતમાં એટલું સ્પષ્ટ કરવું જોઈએ કે અમુક એક જ સવાલથી બાળકની બુદ્ધિનો સાચો ખ્યાલ આવી શકે નહીં. જુદા જુદા પ્રકારના એક કરતાં વધારે સવાલો પૂછવા પડે છે અને તેના જવાબ ઉપરથી અમુક નિયમ પ્રમાણે બાળકની બુદ્ધિ તેની ઉંમરના પ્રમાણમાં વિકાસ પામી છે કે એક બે વર્ગ અગાડી છે કે પાછળ છે તે નક્કી કરી શકાય છે. વળી આ સવાલોનો હેતુ બાળક શાળામાં શું શીખેલ છે તેની પરીક્ષા કરવાનો નહીં પણ બાળકની જન્મથી બુદ્ધિશક્તિ કેવી છે તેની પરીક્ષા કરવાનો હોય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩ થી ૧૨ વર્ષની ઉંમરનાં ૨૦૦ બાળકોની પરીક્ષા કરવામાં આવી હતી તેમાં પૂછેલા સવાલોમાંથી થોડા આ નીચે આપવામાં આવ્યા છેઃ—

૧. ત્રણ વરસની ઉંમર માટેઃ—

(૧) તમારી આંખ, નાક, કાન વગેરે બતાવો.

(૨) એક ચાર શબ્દનું વાકય સાંભળેલું ફરી બોલી જાઓ : ઉદાહરણ તરીકે, ચાલો આપણે ફરવા જઈએ.

(૩) બે સંખ્યા અનુક્રમ વગર સાંભળેલી ફરી બોલાવવી, (ત્રણ, સાત એમ અરધી પળને અંતરે ધીમેથી પરીક્ષકે બોલી ફરી બોલાવવી.)

(૪) આ શું છે ? (બાળકને એક પછી એક ત્રણ ચિત્રો બતાવવામાં આવે છે, આ ચિત્રોમાં માણસો અને બીજી પરિચિત વસ્તુઓ હોય છે, તે ઓળખી તેઓનાં નામ કહી શકવાની શક્તિ આ ઉંમરે આવી હોય છે.)

૨. ચાર વર્ષના બાલક માટેઃ

(૧) તું છોકરો છે કે છોકરી ?

(૨) આ શું છે ? (ચાકુ, પૈસો કે એવી કોઈ જાણીતી ચીજ બતાવી તેનું નામ લેવા આ સવાલ પૂછવો.)

(૩) ત્રણ રકમ બોલી જાઓ (૧. (૩) ની માફક.)

(૪) તમે આ લીટીઓ જુઓ છો તેમાંથી કઈ વધારે લાંબી છે ? (એક લીટી ૫ ઈંચ લાંબી અને બીજી ૬ ઈંચ લાંબી એક બીજાથી ૨ ઈંચ છેટે સમાંતર દોરેલી હોય તેવી બતાવવી અને પછી આ પ્રશ્ન પુછવો.)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩. ચ વર્ષની ઉંમરનાં બાળક માટે:—

(૧) બાર શબ્દનું એક સાંભળેલું વાકય બોલી જાઓ.

(૨) આ બે પેટી તમો જુઓ છો, તેમાંથી કઇ વધારે ભારે છે તે કહો. (એક જ આકાર રંગ અને માપની બે પેટી ટેબલ ઉપર મૂકવામાં આવે છે પણ તેમાં એકનું વજન એક શેર અને બીજીનું ત્રણ શેર હોય છે.)

(૩) આ ચોરસ કાગળ ઉપર દોરો. (બાળકને કાગળ અને સીસાપેન અપાવવામાં આવે છે અને એક ઇંચ લાંબી બાજુવાળું ચોરસ દોરવાનું કહેવામાં આવે છે.)

(૪) તમે આ પૈસા જુવો છો. તે ગણો અને પછી તે કેટલા છે તે કહો. (ટેબલ ઉપર ચાર પૈસા એક બીજાને અડોઅડ મૂકવામાં આવે છે. તેને અડીને ગણવાનું બાળકને કહેવામાં આવે છે. ત્રણ વરસની ઉંમરનું (ફ્રેન્ચ બાળક) ૪ પૈસા ગણતાં જાણતું નથી. ચાર વરસની ઉંમરના લગભગ પચાસ ટકા ગણી શકે છે. પાંચ વરસની ઉંમરે માત્ર જેઓ પાછળ પડી ગયા હોય છે તેઓ જ ભૂલ કરે છે.)

(૫) આ બે પૂઠાંને ભેગાં કરી આ બીજા પૂઠાં જેવો આકાર ગોઠવો. (જાડા પૂઠાના બે લંબચોરસ એક જ કદના કાપવામાં આવે છે. તેમાંથી એક આખું એમ એમ રખાય છે અને બીજાને સામસામે ખૂણેથી કાપી તેના બે ત્રિકોણ બનાવવામાં આવે છે. પછી આ ત્રિકોણને પોતપોતાની ત્રિજ્યાઓ એક બીજાથી બને તેટલી દૂર રહે એવી રીતે મૂકી, તેઓને ભેગા કરી આખા લંબચોરસનો આકાર બનાવવાનું કહેવામાં આવે છે. ચાર વરસની ઉમરે ભાગ્યે જ ત્રીજા ભાગનાં છોકરાં આ કરી શકે છે. પાંચ વર્ષની ઉંમરે દશમાંથી એક આમાં ભૂલ કરે છે.)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪. ૭ વર્ષની ઉંમરના બાળક માટે:—

(૧) સોળ શબ્દોનું એક વાક્ય સાંભળી બોલી જાઓ.

(૨) આ બે ચિત્રોમાંથી કયું વધારે સુંદર છે? (૭ ચિત્રો બતાવવામાં આવ્યાં હોય છે; ત્રણ સુંદર ચહેરાના અને ત્રણ બેડોળ ચહેરાના; પછી એક સુંદર અને એક બેડોળ એમ જોડીઓ કરી, એક પછી એક બતાવવામાં આવે છે.)

(૩) થાળી એટલે શું, વાટકો એટલે શું ? (પરિચિત પાંચ જુદી જુદી વસ્તુઓની વ્યાખ્યા પૂછવામાં આવે છે.)

(૪) આ કુંચી જોઈ ? તેને સામેની ખુરશી ઉપર મુકો, પછી બારણું બંધ કરો. પછી બાર પાસે પડેલી એક ખુરશીપર એક પેટી પડી છે તે અહીં લઈ આવો એટલે, પહેલાં ખુરશીપર કુંચી મુકો, પછી બાર બંધ કરો, પછી પેટી લાવો. સમજયા ? ચાલો જોઇએ. આમાં ત્રણ બાબત એક પછી એક કરવાની છે. ચાર વરસની ઉંમરે ભાગ્યે જ કોઈ બાળક એટલું કરી શકે છે; પાંચ વરસે લગભગ અરધાં ૭ વરસે બધાં અથવા લગભગ બધાં.)

(૫) તમારી ઉંમર શું છે ? (૭ વરસની ઉંમર પહેલાં બાળકને ઉંમરનો ખ્યાલ હોતો નથી.)

૫. સાત વરસની ઉંમર માટે:—

(૧) આ ચિત્રમાં શું ખૂટે છે ? એક માણસનું મોઢું ચિતરેલું હોય છે પણ તેમાં એક આંખ, અથવા નાક અથવા મોઢું ગેરહાજર હોય છે અથવા માણસનું ધડ કાઢ્યું હોય પણ તેને હાથ ન હોય એવું ચિત્ર બતાવી આ પ્રશ્ન પૂછાય છે.)

(૨) તમારા જમણા હાથમાં કેટલી આંગળી છે? ડાબા હાથમાં કેટલી છે ? બન્ને હાથ મળીને કેટલી થઇ ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૩) આ શબ્દોની નકલ કરો. ત્રણ શબ્દોઃ મારો નાનો ભાઈ, લખેલ હોય છે તેની નકલ કરવાનું કહેવામાં આવે છે.

(૪) ૧. (૩) ની પ્રમાણે એક ચિત્ર બતાવી તેનું વર્ણન પૂછવું.

૬. આઠ વર્ષના બાળક માટે:—

નીચેનો પેરિગ્રાફ વાંચોઃ—

(૧) ગઇ રાત્રે અમદાવાદમાં એક ભયંકર આગ લાગી અને શહેરની વચ્ચોવચ ત્રણ ઘર બળી ગયાં; સત્તર કુટુંબો ઘરબાર વિનાનાં થઈ ગયાં. નુકશાનીનો અડસટો લગભગ રૂ. ૧૨૦૦૦ જેટલો કરવામાં આવે છે. એક ઘરમાંથી પારણામાં સુતેલા એક બાળકને બચાવવા જતાં એક જુવાન હજામને ગંભીર ઇજા થઈ છે.

આ ૪૩ શબ્દો વાંચતાં કેટલો વખત લાગે છે તે પ્રથમ તો પરીક્ષક નોંધે છે. સાધારણ અનુભવ એવો થાય છે કે ૮ વર્ષની ઉંમરનું બાળક આટલું વાંચવામાં ૪૬ સેકન્ડ લે છે; ૯ વર્ષનું બાળક ૪૦ સેકન્ડ લે છે અને ૧૧ વર્ષનું બાળક ૨૫ સેકન્ડ લે છે. તે ઉપરાંત વાંચવાની ઢબ કેવી છે તે પણ જોવામાં આવે છે. પછી બે ત્રણ સેકન્ડ ગયા પછી પરીક્ષક પૂછે છેઃ–હવે તમે શું વાંચ્યું તે કહી જાઓ જોઇએ. અને આના જવાબમાં બાળક જે કહે છે તે લખી લેવામાં આવે છે.

(૨) આ રંગ કયો છે? (ચાર સામાન્ય મૂળ રંગના ૪ ઈંચ લાંબા એક ઇંચ પહોળા કટકા એક પૂઠાં ઉપર ચોડેલા બાળકને બતાવવામાં આવે છે.)

(૩) ૨૦ થી પાછી સંખ્યા ગણો જોઇએ. ૨૦, ૧૯, ૧૮, એમ.

(૪) આ શબ્દો લખી નાંખો. એક નાનું વાકયઃ–" નાનાં સુંદર પક્ષીઓ ઉડે છે." સાંભળીને તે પ્રમાણે લખવાનું કહેવામાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવે છે. સાત વરસની ઉંમરે લગભગ ત્રીજા ભાગનાં છોકરાં માંડ લખી શકે છે. આઠ વર્ષની ઉંમરે લગભગ બધાં લખી શકે છે.

(૫) તમે માખી જોઈ છે અને તમે મચ્છર પણ જોયું છે. હવે તે બે વચ્ચેનો ફેર સમજાવો વારૂ.

૭. નવ વર્ષની ઉંમર માટે:—

(૧) આ કઈ સાલ ચાલે છે? કયો માસ ચાલે છે? આજે વાર કયો છે? નવ વર્ષની ઉંમર પહેલાં બાળકો આ બાબતોનો સ્પષ્ટ ખ્યાલ ધરાવી શકતા નથી.

(૨) અઠવાડીયાના વાર બોલી જાઓ જોઈએ. ભૂલ અથવા અચકાયા વગર દસ સેકન્ડમાં આ બોલી જવા જોઈએ.

(૩) ૬. (૧) માં આપ્યો છે તેવો વાંચનનો આ સવાલ હોય છે. આઠ વર્ષની ઉંમરે બાળકો મોંઢેથી વાંચી શકે છે પણ તેનું ધ્યાન વાંચવા ઉપર–એટલે કે અક્ષરો ઓળખી તેના ઉચ્ચાર પર એટલું લાગેલું હોય છે કે વાંચેલાનો અર્થ તે કહી શકતા નથી. પણ નવ વર્ષની ઉંમરે વાંચેલામાંથી પાંચ છ સ્વતંત્ર બિનાઓ બાળક તારવી શકે છે.

(૪) આ પાંચ પેટીઓ છે. તેમાં કેટલીક ભારે છે અને કેટલીક હલકી છે. પહેલી સૌથી ભારે પછી તેથી જરા હલકી એમ કરતાં કરતાં છેલ્લી સૌથી હલકી એમ અનુક્રમે તેને આ ટેબલપર ગોઠવો. (એકજ આકાર, કદ, રંગવાળી પણ અનુક્રમે ૧ શેર, ૨ શેર, ૩ શેર, ૪ શેર અને ૫ શેર વજનવાળી પેટીઓ મૂકવામાં આવે છે.)

(૫) ૪ (૩) ની માફક વ્યાખ્યા કરવાની શક્તિની પરીક્ષા કરો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૮. દશ વર્ષના બાળકો માટે:—

(૧) વર્ષના મહિનાઓ અનુક્રમે ગણાવો. (પંદર સેકન્ડમાં આનો જવાબ આપવો જોઈએ. બાર નામમાં એક ભૂલ ચાલી શકે.)

(૨) આ સિક્કાઓ તમે જુવો છો; તેને અડ્યા વગર તેનાં નામ આપો. (એક પાઈ, પૈસો, ઢબુ, આની, બે આની, પાવલી અરધો, રૂપીઓ, એમ સિક્કાઓ આડા અવળા ટેબલ ઉપર પડ્યા હોય છે, પરીક્ષક એક એક ઉપર આંગળી મૂકી તેનું નામ પૂછે છે.)

(૩) આ ત્રણ શબ્દોવાળું એક નાનું વાક્ય લખો. (અમદાવાદ, ગટર, પૈસા, એ ત્રણ શબ્દો આપવામાં આવે છે અને તે શબ્દો આવે એવું વાક્ય લખવાનું કહેવામાં આવે છે. વિદ્યાર્થીના ધ્યાનમાં ન ઉતરે તો સવાલ ફરી કહેવો. લખવાને માટે એક મિનિટનો વખત આપવામાં આવે છે. આ પરિણામથી બાળકની માનસિક શક્તિનો સારો ખ્યાલ આવી શકે છે. તદ્દન સામાન્ય બાલક ત્રણ જુદા જુદા વિચાર લખે છે; અમદાવાદ એક શહેર છે, પૈસાથી આપણે ચીજ વેચાતી લઇએ છીએ; ગટરમાં મેલું પાણી જાય છે. એથી ઉંચી પ્રતિનાં બાલકો બે વિચારોને જોડે છે: અમદાવાદમાં ઘણી ગટર છે અને પૈસાવાળા શેઠીઆઓ પણ ઘણા છે. આટલી શક્તિવાળાં બાળકોનું પ્રમાણ ૯ વર્ષની ઉંમરે ૩૦ ટકા અને દશ વર્ષની ઉંમરે ૫૦ ટકા જેટલું આવે છે; સૌથી ઉંચી શક્તિવાળા બાળક એક જ વાક્ય લખે છે. "અમદાવાદની એક ગટરમાંથી મને પૈસા જડ્યા.")

(૪) સમજણશક્તિનું માપ: સવાલ, "તમે આગગાડી ચુકી ગયા હો તો શું કરો?" ખરો જવાબ: "પછીની ગાડી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માટે વાટ જોવી." ખોટો જવાબ " તેની પાછળ દોડો." "ટીકીટ વેચાતી લ્યો." સવાલ: "કોઇકની ચીજ તમે ભાંગી નાખી હોય તો શું કરશો?" સારો જવાબ: માફી માગવી; (૨) તેની કીંમત ભરી આપવી. ખોટો જવાબ: "રોઈ પડવું, ન્હાસી જવું." ત્રણ સવાલમાંથી બે સારા હોય તો ચાલે.

(૫) આથી જરા વધારે વિચાર કરવો પડે એવા સવાલો પૂછવા: તમે નિશાળે જવા તૈયાર થાઓ ત્યારે મોડું થઈ ગયું હોય તો શું કરવું? વગેરે.

૯. અગીયાર વર્ષની ઉંમર માટે:—

(૧) હું તમારી આગળ વાંચું છું તે વાકયોમાં કંઇક અસંભવિત કે વિચિત્ર છે તે શું તે કહો જોઇએ. એમ કહી પરીક્ષક એકસરખી ઢબથી આખું વાકય વાંચી જાય છે અને પછી પૂછે છે, કહો એમાં ખોટું શું છે! દાખલો:— "એક કમનસીબ સાઇકલસવાર રસ્તામાં પછડાવાથી તેનું માથું ફૂટી ગયું અને તે તરતજ મરણ પામ્યો; પોલીસ તેને ઉપાડીને ઇસ્પિતાલમાં લઈ ગયા પછી ત્યાં તેના જીવવાની આશા આવતી નથી." જવાબ 'જો તે મરી ગયો હોય તો પાછો જીવી શકે નહીં.' ખોટો જવાબ: "બાઈસિકલ ઉપર ચડવું એજ ભૂલ છે;" "એમાં કંઇક અસંભવિત નથી." સવાલ: "મારે ત્રણ ભાઈઓ છે; રામશંકર, પ્રાણજીવન, અને હું" આવા પાંચ સવાલોમાંથી ત્રણના ખરા જવાબ હોય તો તે સંતોષકારક ગણાય.

(૨) ત્રણ મીનીટમાં જેટલા બને તેટલા શબ્દો જેવા કે ટેબલ, દાઢી, ખમીસ, ગાડી, ચાકુ વગેરે બોલી જાઓ જોઈએ, બાળકોની સ્પર્ધાને ઉત્તેજિત કરવા કહેવું કે અમુક છોકરો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્રણ મીનીટમાં ૨૦૦ શબ્દો કહી શકે છે. આના જવાબમાં ઓછામાં ઓછા આઠ શબ્દો સંતોષકારક ગણાય.

(૩) દાન, દયા, ન્યાયની વ્યાખ્યા આપો.

(૪) ૮ (૩) નો સવાલ ફરી પૂછો.

(૫) નીચેના શબ્દોને એક વાક્યના રૂપમાં ગોઠવોઃ

૧. બહાર હું સવારે એક મળ્યું ત્યારે નીકળ્યો ગધેડું સામું જવા.

૨. પોતાના બચાવ સારો શેઠનો કરે છે કુતરો.

આવા ત્રણ સવાલો પૂછવામાં આવે છે. એક મીનીટમાં ઉત્તર લખવો જોઇએ. ત્રણમાંથી બે ખરા જવાબે પાસ.

૧૦. બાર વર્ષની ઉંમર માટેઃ—

(૧) ૨૬ શબ્દોનાં વાક્યો સાંભળી ફરી બોલી જવાં.

(૨) પ્રાસ એટલે શું એ જાણો છો? બે શબ્દોના છેડા એકસરખા હોય તે પ્રાસ કહેવાય; જેમકે મહારાજ અને સમાજ બન્નેને છેડે આજ આવે છે સમજ્યા? હવે હું એક શબ્દ આપું છું અને પછી તમે તેની સાથે પ્રાસમાં મળતા આવે એવા શબ્દો બોલો જોઈએ. મૂળ શબ્દ 'રાત' છે તેની સાથે પ્રાસમાં બંધ બેસે એવા શબ્દો બોલો. એક મીનીટમાં ત્રણ પ્રાસ મેળવે તો પાસ.

(૩) ૧ (૩) ની માફક સાત સંખ્યા બોલી જાઓ. વિદ્યાર્થીને પહેલેથી કહેવું કે સાત આંકડા બોલવાના છે. ત્રણ પ્રયત્નમાંથી એક સાચો પડે તે પાસ.

(૪) સમજણશક્તિની પરીક્ષાઃ—

મારા પાડોશીને ત્યાં લોકો આવતાજ જાય છે. પહેલાં એક ડાક્ટર આવ્યા; પછી વકીલ આવ્યા; છેલ્લે એક પાદરી આવ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેનું શું કારણ હશે!" જવાબ: તે બહુ માંદો હોવો જોઈએ. તે મરણ પથારીએ હશે.

(૫) ૧ (૪) ની પ્રમાણે ચિત્રનું વર્ણન માગવું.

એટલું યાદ રાખવાનું છે કે જેમ શરીરની ઉંચાઇનું માપ આપણે લઈએ છીએ તેમ બુદ્ધિનું માપ થઇ શકતું નથી. અમુક એક સવાલ ઉપરથી આપણે એક બાળકની માનસિક શક્તિનું માપ કાઢી શકીએ નહીં. એમ પણ બને કે અમુક ઉંમરના બધા સવાલોના ખરા જવાબ આપતાં છતાં એક સવાલનો જવાબ ખોટો હોય. એટલા માટે ઉદાહરણ તરીકે જો કોઇ બાળક સાત વરસની ઉંમરના એક સિવાયના બધા સવાલોના ખરા જવાબ આપે અને આઠ વર્ષના સવાલોમાંથી પણ એક સિવાય બીજા બધા ખરા જવાબો આપે તો તેની માનસિક ઉંમર આઠ વરસની ગણવી જોઇએ,

આ પ્રમાણે શરીરની ઉંમર સાથે માનસિક ઉંમરની સરખામણી ૧૯૨ ફ્રેન્ચ બાળકોમાં કરવામાં આવી હતી અને તેનું પરિણામ નીચે પ્રમાણે આવ્યું હતું. બન્ને ઉંમર સરખી હોય તેવાં ૯૩; માનસિક શક્તિ એક વરસ આગળ હોય એવાં ૪૨; માનસિક શક્તિમાં બે વરસ આગળ હોય તેવાં ૨; માનસિક શક્તિમાં એક વરસ પાછળ હોય તેવાં ૪૩; બે વરસ પાછળ હોય તેવાં ૧૨ એટલે કે સરેરાશ શક્તિનાં બાળકોની સંખ્યા વધારે અથવા ઓછી શક્તિવાળાં બાળકોની સંખ્યાને લગભગ મળી રહે છે.

આમ આગળ વધેલાં અથવા પાછળ રહી ગયેલાં બાળકોમાં વૈદકીય રીતે અને કેળવણીના પ્રકારમાં ફેર કરવાથી, સારા અથવા માઠા ફેરફાર થઈ શકે છે અને તે ઉપરના પ્રયોગો ફરી ફરી કરી જોવામાં જાણી શકાય છે. ઉપરનાં બાળકોની પરીક્ષા કર્યા પછી ફરી પાછી અઢાર માસે પરીક્ષા કરવામાં આવી હતી અને પરિણામ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ આવ્યું હતું કે વિદ્યાર્થીઓના જ્ઞાનમાં ફેર પડ્યો હતો છતાં તેઓની શક્તિઓનો ક્રમ એનો એજ રહ્યો હતો એટલે આ પ્રયોગો વિદ્યાર્થીઓની જન્મસિદ્ધ શક્તિઓની પરીક્ષા કરે છે એમ સ્પષ્ટ રીતે સાબીત થયું હતું.

આ પ્રયોગો પરથી કેળવણીના પ્રદેશમાં કેવો પ્રકાશ પડ્યો છે તે વિષે હવે પછી લખવામાં આવશે.

હરિલાલ મા. ભટ્ટ.

(પૃ. ૬૮, ફેબ્રુઆરી, ૧૯૨૧)

આપણા આંધળાઓ

વિદ્યાદેવીના પ્રબળ પ્રતાપથી વર્તમાન સમયમાં સર્વત્ર ઉન્નતિ નિમિત્તે જે પ્રયત્નો ચાલી રહ્યા છે, તેમાંનો એક, હાલમાં તો ખૂણેખાચરે નજરે પડતો, કીડીને વેગે ચાલતો, પણ મક્કમ પગલે આગળ વધતો દેખાતો અંધશિક્ષણનો પ્રયત્ન છે. દરેક દિશામાં પ્રયાણ કરવામાં શરૂઆતમાં તો આગળ વધવાનો પ્રયાસ આપણી નજર આગળ ખડો થાય છે. પણ ચોક્કસ દિશામાં તે પ્રયાસ મક્કમપણે ચાલુ રહી, તે દરેક રીતે ફળદાયી થાય, અને અહોનિશ નભે એવું થવાને માટે, સર્વદા પુરૂષાર્થના લાભની ખાતરી કરી આપનાર કોઇ આત્મભોગ આપનાર, નીડર નર કે નારી, નેતા તરીકે આગળ આવી, આંગળીવતી રસ્તો દેખાડે, ત્યારે જ એ દિશામાં કાર્યસિદ્ધિ થઈ, ઇષ્ટ-લાભની આશા રખાય છે. એવો કોઈ પ્રતાપી પુરૂષ કે સ્ત્રી જાગે ત્યાં સુધીના પ્રયત્નો સર્વદા આછા અને દમ વગરના દેખાય. પણ ગમે તેવા આછા હોવા છતાં પણ, પળે પળે વાતા જુદી જુદી દિશાના પવનના સપાટા સાથે સર્વ કાળ બદલાતી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સૃષ્ટિરૂપી નદીની સુકી રેતીની સપાટી પર પડતી, આ છૂટાછવાયા પ્રયાસોની છાપો કંઈક ન દેખાય એવી હોવા છતાં પણ, રૂપરેખા તરીકે જે ઝાંખી છાપો મૂકી જાય છે, તે સર્વદા, તે દિશામાં કામ કરનારાઓને, "આ બાજુ," એમ ખૂમ મારી દરરોજ માર્ગસૂચન કરે છે, અને તે દિશામાં તે પછીનો નવો પ્રયાસ આદરનારને ખરે જ આવકારદાયી થાય છે. વળી પ્રભુકૃપાથી, સર્વ સત્કાર્ય દરરોજ કોઈક અંતરબળથી જ જીવે છે. આથી જ સમયરૂપી સૂકી રેતી પર પડતી, દર પળે ભૂસાતી આ છાપો, ભૂસાતાં ભૂસાતાં પણ ગમે તેવી આછી રૂપરેખા તરીકે નભે છે. આમ જ આવા આછા પ્રયત્નો, તેમને, કોઈ પરોપકારી, ઉદાર દીલના, સ્નેહી, સજ્જનરૂપી, ખરી વર્ષાઋતુના વાદળામાંથી ઝરમર ઝરમર વરસાદ વરસાવી નવચેતન દે નહિ, ત્યાં સુધી, સંજોગોરૂપી આસપાસની હવામાં વસતા ભેજ, અને પ્રભુકૃપારૂપી જમીનની અંદર અને બહાર વસતી ભીનાશ અને ગરમીના બળે, ટગુમગુ, ટગુમગુ નભે છે. પણ જેમ ઘડીએ અને પળે વરસાદની આતુરતાથી વાટ જોતા મોર, આકાશવૃત્તિ કરી, ટહૂ ટહૂ પોકારી, પ્રભુની પ્રાર્થના કરે છે, કે હે પ્રભુ હવે હદ થઈ ગઈ છે, તું અમી છાંટ, તેમ આવાં સત્કાર્યો, જનસમાજ તરફ, અવારનાર નજર કરી, પોતાના શુષ્ક થઇ ખપી જતા પ્રવાહરૂપી પ્રયાસને પોષવાને માટે, પ્રભુએ જેમને જ્ઞાન, બુદ્ધિ, ખોરાક, પોષાક અને સર્વ સમૃદ્ધિ આપી પોતાના વહાલા કરી સ્થાપ્યા હોય છે તેમના તરફ ફરી, જાણે ટહેલ નાખતા ન હોય તેમ, વગર ઉચ્ચારે હાથ જોડે, અંતરભાવથી સર્વદા સહાય યાચે છે. વળી સર્વદા આવી ટહેલ, પ્રભુના વહાલા નીવડેલા, આપણાં સમૃદ્ધિમાન વીર નરનારીઓ સાંભળી, સર્વથા આવા દરેક કાર્યમાં સહાય કરવા પોતાનો હાથ લંબાવે છે; અને એ પ્રમાણે આ સુકાઈ જતા સુપ્રયત્નોના ઝરાઓ ચાલુ રાખવાને અને બને તો પૂર-જોસથી સર્વકાળ વહે એવા સબળ બનાવી, સમસ્ત સૃષ્ટિ પર વહેવરાવી, ને સુપ્રયાસરૂપી અમૃત, ચોગરદમ ફેલાઈ, પ્રસરી, પ્રભુની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ અપાર દયાના આપણાં અન્ય ભાઈ–બેનોને પણ ભાગીયા કરવા દરેક મદદ કરી, વર્ષાઋતુની માફક જ અમી વરસાવે છે.

આવો જ એક પ્રયાસ આપણા હિંદના અંધશિક્ષણનો છે. એ શિક્ષણ દેશમાં શરૂ થયાને આજે આશરે ૪૦ વર્ષ થયાં છે. એ અરસામાં જ આપણી આ ગુજરાતની ભૂમિ પણ જાગી છે. અન્ય કેળવણીની માફક અહિં પણ એની પહેલ પેલાં પરદેશી પાદરી ભાઈબેનોએ જ કરી છે. વળી એ જ અરસામાં હિંદના વીરાઓ પણ જાગ્યા છે. આ રીતે અંધચક્ષુ ખોલવાનો આ સ્તુત્ય પ્રયાસ, હિંદમાં ઉત્તર, દક્ષિણ, પૂર્વ અને પશ્ચિમ એમ ચારે દિશામાં લગભગ એક જ અરસામાં થયો છે. પણ આ ચોગરદમ થયેલો પ્રયાસ આજે ૪૦ વર્ષે પણ હજી આછો, છેક જ શરૂઆતનો, તદ્દન કુમળો, કાલે જ ફુટેલો ફણગો હોય નહિં એ સ્થિતિમાં છે. આ રીતે આ પ્રયાસ, ઘણી સંભાળ રાખી, જતન કરી, પોષવા જેવો છે. ખરે આ પ્રયાસને પા વટીને લગભગ અડધો સૈકો થવા આવ્યો છે; છતાં પણ તેની છાપ ઝાંખી, નહિં જેવી દેખાતી, દર પળે ભૂસાઈ જવાના ભયમાં આવી પડે એવી, માત્ર રૂપરેખા તરીકે દેખાતી, માર્ગસૂચન કરનારી જ ન હોય, એમ છેક જ આછી, ટગુમગુ ટગુમગુ જેવી નભે છે.

જેમ સમજુ સુયાણી, ગર્ભમાં વસતા બાળકને માની મંદવાડના સમયમાં, મગજ વાપરી, તાત્કાળિક મદદ કરી, બાળપ્રસવ કરાવી, ગર્ભમાં મરી જવાના ભયમાં પડેલા બાળકને બચાવે છે, એટલું જ નહિં, પણ તે દ્વારા ઝેર લાગી, પીડાઈ, જીવના પણ જોખમમાં આવી પડનાર માતા અને બાળકની બન્નેની જીંદગી બચાવે છે અને બન્નેને સહાયરૂપ થાય છે. અથવા તો જેમ, માંદી માના અથવા મા વગરના બાળકને ધાવનું દુધ, જીવન ટકાવી રાખવાને માટે તે વખતે તો સબળ સહાયરૂપ થાય છે, તેમ જ આ પરદેશી પરોપકારી ભાઈ બેનોના પ્રથમના પ્રયાસોએ આ દેશમાં અંધશિક્ષણરૂપી બાળકને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હસ્તિમાં આણ્યું છે, તેને ઉછેરવાને માટે તેમણે સુયાણી અને ધાવ જેવા શરૂઆતના સર્વે પ્રયત્નો કર્યા છે. હવે બાકીનું કામ તેની માનું, તેના કુટુંબીઓનું, હિંદ દેશનું છે. આ સત્ય સમજવા જેવું છે. સુયાણી ગમે તેવી શાણી હોય, ધાવ ગમે તેવી પ્રેમાળ હોય, તો પણ બાળકના ભવિષ્યના જીવનને માટે, તેની અભિવૃદ્ધિને માટે, તેના પોષણને માટે, તેના ઘરના માણસો, તેનાં સગાંવહાલાં જેવું કામ કરી શકે તેવું કોઈ જ કરી ન શકે એ સત્ય, આ એક શિક્ષણની બાબતમાં પણ આજે હિંદનાં નરનારીઓએ સારી રીતે સમજવું ઘટે છે. હિંદ માતાનાં અંધ પુત્ર પુત્રીઓનું રક્ષણ કરવું, તેમને જતન કરી ઉછેરવાં, તેમને કેળવણી આપી માણસની હરોળમાં મૂકવાં, તેમને સારા શહેરી, તંદુરસ્ત, સ્વાશ્રયી, સુખી સમાજસેવક બનાવવા, એ કામ હિંદનું છે. આ દિશામાં પરોપકારી પરદેશી ભાઈઓનો જે મદદ કરી શકે તે, માત્ર માર્ગસૂચક જ હોઇ શકે. આ ફરજ હિંદ માતાની પોતાની છે. હિંદના આંધળાઓના શિક્ષણનું કામ હજારો માઈલથી આવેલા પરદેશી પરોપકારી ભાઇ-બેનો કરે એ ખરે જ ધન્યવાદને પાત્ર છે. પણ તે ફરજ જ્યારે ત્યારે હિંદે જ અદા કરવાની ઘટે છે. હિંદે જ તે ફરજ અદા કરવી પડશે. હિંદ એ સત્ય સમજતું થશે ત્યારે જ આ દિશામાં અંધનો ઉદ્ધાર થશે. જેમ બાળકની દરરોજની માવજત, મા જેવી, ગમે તેવી પ્રેમાળ દાઈ કરી ન શકે, મા તે મા જ; તેમજ હિંદના અંધશિક્ષણની બાબતમાં પણ, હિંદની રહેણીકરણીથી વાકેફ, હિંદના વતનીઓ જ જે કામ કરી શકે તેવું કામ પરદેશીથી બનવું જ મુશ્કેલ. હિંદ પેલા પરોપકારી પરદેશી ભાઇ-બેનોનો જેટલો પાડ માને તેટલો ઓછો છે. પણ જે સહેલથી, જે સુગમતાથી જ દેશના બાળકો દેશની કેળવણીનો તોડ કાઢી શકે, તેના કરતાં પરદેશીઓને એ કામ કરતાં ઘણી અડચણ પડે. તેમાં ખરચ વધારે થાય. તેમાં અનેક અગવડો નડે. દેશ જ આ કામ ઉપાડે તો સઘળું સહેલું થઈ જાય. વળી દેશ તેમ કરે તેમાં શું વિશેષ? એ તો તેની પોતાની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ફરજ જ છે. એ ફરજ હિંદ પોતે અદા કરતું નથી એ હિંદનું હતભાગ્ય છે. આ સત્ય હિંદે સમજવું જરૂરનું છે. આ સત્ય સમજાય તો હિંદના અંધશિક્ષણનો તરત જ ઉકેલ થાય. અને સાથે સાથે એવાં અનેક કોકડાંઓનો પણ ભેગો, સામટો જ ઉકેલ થાય.

વળી પરદેશોના પ્રમાણમાં, હિંદમાં કંઈ ઓછા આંધળા નથી. સત્ય તો તદ્દન જૂદું જ છે. જ્યારે વિલાયતમાં મુલક ઠંડો હોઇ ત્યાં અંધાપો ઓછો ત્યારે અહિં સૂર્યપ્રકાશ અને તેનું વિશેષ તેજ, તાપ, ધૂળ અને સૌથી અંધાપાનું મોટું કારણ અજ્ઞાન છે. આમ હિંદમાં ઘણાં કારણો ભેગા થવાથી અન્ય દેશો કરતાં હિંદમાં અંધાપો વધારે છે. સરકારી દફતરોમાં હિંદના અંધાપાનો આંકડો લગભગ ૫,૦૦,૦૦૦ પાંચ લાખનો છે. આ બાબતમાં આનો અભ્યાસ કરનારા લોકો આ આંકડો ૧૫,૦૦,૦૦૦ પંદર લાખ હોય એમ માને છે. વળી વિલાયતમાં અન્ય દેશોમાં અંધકેળવણી ફરજીઆત છે. હિંદમાં તો આ પાંચ અથવા પંદર લાખમાં આજે, અંધકેળવણીને શરૂ થયે અડધું સૈકું થયું ત્યારે, પૂરા ૫૦૦ ભણતા હોય તો અહોભાગ્ય. આનો અર્થ એમ નહિં કે હિંદમાં જ આ દિશામાં અંધારૂં છે. પરદેશમાં પણ એક વખતે આપણા દેશના અંધની હાલ જે સ્થિતિ છે તેવી જ સ્થિતિ હતી. ત્યાં પણ આપણે અહિંની માફકજ આંધળા પોળે પોળે, ચૌટે ચકલે અને ઠામેઠામ ભટકતા. તેમાંનો મોટો ભાગ ભીખ માંગી જ પેટ ભરતો. આપણા દેશના ભીખારીઓની હાલની સ્થિતિના જેવી જ તેમની પણ સ્થિતિ હતી. પણ છેલ્લા ૧૦૦–૧૫૦ વર્ષમાં તેમણે અંધશિક્ષણ પર ખાસ લક્ષ આપ્યું છે. ત્યાં હવે આંધળા, જુના વખતની માફક, ઠામેઠામ, અડંગા નાખી પડતા, શેરીએ શેરીએ ભીખ માંગવા ભટકતા, તેવું નથી. એ બધું જ બદલાઈ ગયું છે. ત્યાં તો જે આંધળા ભણી શકે એવા હોય તેમને ભણાવવાની, કામ કરી કમાય એવા હોય તેમને કામ શીખવી કમાતા કરવાની, તથા જેઓ વયોવૃદ્ધ હોય અથવા અન્ય અડચણોને અંગે કામ કરી શકે એવી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્થિતિમાં ન હોય તેમને અનુકૂળ રીતે પોષવાની દરેક યોજના ઘડાઈ ગઈ છે. માત્ર યુરોપમાં જ આમ થયું છે એમ નથી. અમેરિકામાં પણ આ દિશામાં પાકે પાયે પ્રયાસ થયા છે. યુરોપની માફક જ ત્યાં પણ પહેલાં તો આંખ જતાં જ કેમ રોકવી, તેને સાજીસમી શી રીતે કરવી એ વાત તમામ દેખતાને સમજ પડે એવું ખાસ શિક્ષણ અપાય છે. આ છતાં પણ અનિવાર્ય અડચણોને લીધે જે બાપડાઓને અંધાપો આવ્યો તેનું શું કરવું ? આ સવાલનો પણ તેમણે તો ઉકેલ કર્યો છે. વળી ત્યાં તો એ દિશામાં હજી પણ સંગીન પ્રયાસ ચાલુ જ છે. હિંદની માફક, હવે ત્યાં આંખ ગઈ એટલે સર્વસ્વ ગયું એમ મનાતું નથી. ત્યાં, આંધળો ગાય કે દળે, અરે એ તો માત્ર ભીખ જ માંગી શકે એમ મનાતું નથી. અમેરિકા, ઓસ્ટ્રેલીઆ અને જાપાન વગેરેમાં પણ અંધશિક્ષણની દશામાં સંગીન પ્રયાસ થયા છે. ઈંગ્લંડની માફક ત્યાં અંધ ભીખારી ન મળી શકે એવું નથી. પણ ત્યાં આંખ જતી કેમ બચે એ દિશામાં તેઓ ઘણી મહેનત કરી રહ્યા છે. વળી ન કરે નારાયણ ને આંખ ગઈ જ તો એવા માણસે તો રડીને જ દહાડો કાઢવો, અથવા ઘરખુણીએ ભરાઇ રહેવું, અને ગરીબ હોય તો રસ્તે રવડી ભીખ માંગવી, એવી વ્યવસ્થા ત્યાં નથી. આ અંગે, યુરોપની માફક, તેમણે પણ અંધ-કેળવણીના સંગીન પાયા રોપ્યા છે. આળસ આંધળાનો કટ્ટો દુશ્મન છે, એ સત્ય તે દેશો બરાબર સમજ્યા છે. તે ભીખ માગતો ન થઈ જાય એ પર તેઓ ખાસ લક્ષ આપે છે. ત્યાં તો આંધળાને પણ સારી સંગીન કેળવણી આપવા તથા યોગ્ય હુન્નર શીખવવાને માટે અનેક શાળાઓ સ્થપાઇ ચૂકી છે. પ્રજા આ કામ પોતાનું છે એમ સમજે છે. દેશનું જ રાજ્ય હોવાથી રાજા પ્રજા એક મનથી આ સવાલનો ઉકેલ કરી શક્યા છે.

યુરોપ અને અમેરિકાનો આ દિશાનો પ્રયાસ ઘણો જ ફળદાયી થયો છે. ત્યાં સમસ્ત દેશ તેમાં રસ લે છે. ત્યાં તો આ કામ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સરકાર કરશે તો જ થશે એ વિચાર માણસોના મગજમાં આવતો જ નથી, અને આવે છે તો ઘણો મોડો આવે છે. ત્યાં તો દરેક માણસ પોતાનાં બેન-ભાઇઓને પોતાનાં જેવાં જ સુખ પ્રાપ્ત કરતાં કરવાના અનેક પ્રયત્ન કરે છે. ત્યાં સેવાધર્મ, એ શબ્દ જ માણસના મગજને ઓર મઝા આપે છે. ત્યાં ગામડાંનાં, શહેરોનાં, પંચોનાં, ધર્મસ્થાનોનાં, મ્યુનીસીપાલીટિઓનાં, તાલુકાનાં, પ્રાંતોનાં એમ અનેક મંડળો હોય છે. આ મંડળો અને તેમનાં ફંડો કેળવણી વગેરે દિશામાં જે અનેક કાર્યો કરે છે, તેમાં અંધકેળવણીને નાનું સ્થાન આપતા નથી. અનાથ, નિરાધાર, અપંગ કંઈ પણ કામ ન કરી શકે એવા આંધળાને પણ પેન્શન આપી, તે પણ ભીખ ન માગે પણ સારૂં જીવન ગાળી શકે, અને બને તો ૧૦૦ અંશે નહિં તો ૧૦-૫, અને ૧ અંશે પણ કામ કરી પોતાનું ગુજરાન નભાવવામાં દેશને સહાયભૂત થાય, એવો ભાવ પેદા કરવા ત્યાં અનેક યોજનાઓ ઘડાઈ છે.

આજે હિંદમાં ૪૦ વર્ષે ૧૫,૦૦,૦૦૦, આંધળામાંથી ૫૦૦ શાળાઓમાં ભણતા હોય તો હિંદનું અહોભાગ્ય ! આપણે અહિં જ્યારે ૩૦ કરોડ હિંદની વસ્તીમાં આંધળાઓને માટે પૂરી ૧૫ શાળાઓ અને તેમાંની ૧૦ તો પેલા પરદેશનાં પાદરી ભાઈબેનો ચલાવે એ સ્થિતિ છે, ત્યારે છેલ્લાં ૧૦૦-૧૫૦ વર્ષમાં ઇંગ્લંડમાં ઠેરઠેર શાળાઓ સ્થપાઈ છે. ત્યાં તો, આંખમાં એવી કોઈ પણ પ્રકારની અડચણ આવી હોય, કે તેથી આંખદ્વારા, કામ કરી પેટીયું કમાવાને માટે માણસ અશક્ત થાય, એટલે એવા તમામને, ત્યાં અંધ એ વર્ગમાં, વસ્તીપત્રકમાં ગણે. હિંદમાં તો બે આંખે તદ્દન આંધળો હોય તે જ વસ્તીપત્રકમાં અંધ તરીકે નોંધાવી શકે. હિંદમાં આ પ્રમાણે વસ્તી-પત્રકનો આંકડો નાનો દેખાય એવી વ્યાખ્યા છે. હિંદમાં અંધાપાનું જે અગાધ દુઃખ છે, તેનો આપણને ખરો ખ્યાલ આવતો નથી. આ છતાં પણ આ સાંકડી, ભૂલભરેલી રીતે તૈયાર કરેલા વસ્તી-પત્રકના આંકડા પણ આંધળાની સંખ્યા તો લાખે જ લખે છે. આ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાંકડા ધોરણે હિંદમાં વસ્તીના પ્રમાણમાં દર ૫૦૦ માણસે ૧ અંધ આવે છે, ત્યારે ઇંગ્લંડમાં ૧૦૮૨ માણસે ૧ અંધ છે એમ સરકારી દફતરો પરથી જણાય છે. હિંદમાં આ બાબતમાં રસ લેનારાં ભાઈ-બેનો હિંદના અંધનો ૨૦૦ માણસની વસ્તીએ ૧ અંધ છે એમ માને છે. આ અફસોસકારક સ્થિતિ હિંદ શી રીતે સુધારે? હિંદ પોતાના આ લાખો અંધનો શી રીતે ઉદ્ધાર કરે? એ સવાલનો ઉકેલ હિંદે જ પોતે કરવો ઘટે છે.

દેશની આ સ્થિતિમાં ગુજરાતનો ફાળો કેટલો છે, એ ગુજરાતીઓએ ખાસ તપાસવું ઘટે છે. આ દિશામાં ગુજરાતે શું પ્રયાસ કર્યો છે? એ સવાલ કોઈ પૂછે, તો તે યોગ્ય જ ગણાય. આ દિશામાં ગુજરાતે હવે શું કરવું ઘટે છે? તે કેમ કરી શકાય? તો એ સવાલોનો પણ આપોઆપ ઉકેલ સુઝે.

૧૮૯૪ની સાલની શરૂઆતમાં જ ગુજરાતના રાજનગર અમદાવાદમાં વસતા એક પ્રતિષ્ઠિત ઘર પર એકાએક અંધાપાનું આછું વાદળું દેખાયું. ત્રણ ચાર માસના ટુંક સમયમાં આ વાદળે, તે કુટુંબના ઉગતા, અમદાવાદમાં દાક્તરી ધંધામાં નામના મેળવનારા અન્ય લોકોને દાક્તરી કામનું શિક્ષણ આપનારા, સારા વૈદ્ય તરીકે પ્રખ્યાતિ પામનાર, અનેક ઓપરેશનો અને આંખના નસ્તરો મૂકી શસ્ત્રવૈદ્ય તરીકે ખ્યાતિ પામનાર, દા. નીલકંઠરાયની આંખો એકાએક લઇ લીધી. અનેક ઉદ્યમો કર્યા છતાં તેમની આંખો મટી જ નહિ. તે તો ગઈ તે ગઈ. તે પાછી આવી જ નહિ. હવે શું કરવું? આ વિચારવમળમાં પડેલા, આફતમાં, દુઃખ સિવાય બીજું ન દેખનાર આ ભાઇ, આમ આફત આવતે ડરી ગયા નહિ. "હારીએ નહિ હિંમત, વીસારીએ નહિ રામ." એ લીટીઓ વારંવાર સંભળાવી તેમનાં શાણાં, સમજુ માતુશ્રી એમને હરપળે હિંમત આપતાં એટલું જ નહિ પણ પ્રભુ જે કરે છે, તે સારાને માટે જ કરે છે, એમ મનાવવાને માટે તે મહામથામણ કરતાં. તેઓ પળે પળે કહેતાં,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

" પ્રભુપર જ આધાર રાખો, સર્વ દુઃખનો અંત આણનાર એ પરમ-કૃપાળુ પ્રભુ જ છે. એ જ આ સઘળી મુશ્કેલીઓનો તોડ કાઢશે." અને થયું પણ તેમ જ. આ અરસામાં જ, વગર માગ્યે જ, વિલાયતથી મારા, એ મુરબ્બી મોટાભાઇ, દા. નીલકંઠરાયના નામે ટપાલમાં અંધલિપિનો-બ્રેઈલ-કક્કો આવ્યો. એ મોકલનાર એમના જ ઉપરી અમદાવાદના સીવીલ સરજન દા. રોબ હતા. તેમને બારોબાર ખબર પડી કે દા. નીલકંઠરાયને આંખે અડચણ આવી છે અને તે મટે એવી નથી. એ સાંભળ્યું કે તરત જ તેમણે આ કક્કો મોકલ્યો. તે તો પા કલાકમાં જ પૂરો થયો. એ જ અઠવાડિયામાં અમારા જ ઘરમાં અંધશાળાની શરૂઆત થઈ. મારા મુરબ્બી મોટાભાઈ શાળાના ગુરૂ થયા અને તેમાં એક અંધ બેન વિદ્યાર્થી બની. ધીમે ધીમે અમારા ઘરમાં જ શાળા જામી. સાત આઠ વર્ષમાં આ શાળામાં ૧૫-૨૦ વિદ્યાર્થી દાખલ થયા. સમસ્ત શહેરે તેમાં રસ લેવા માંડ્યો. હવે અમારા ઘરમાંથી એ શાળા ખસી, તે ગુજરાત વર્નાક્યુલર સોસાઈટીના ઓરડાઓમાં બેસવા લાગી. હવે લોકોને શિક્ષણની જાણ થવા લાગી. આ અરસામાં એક બીજો નવો સંજોગ જાગ્યો. "માણસ નહિ પણ પ્રભુ જ સર્વ કાર્ય કરે છે." અમારાં માતુશ્રીના વચનમાં વળી વિશેષ શ્રદ્ધા બેસે એવો બીજો પ્રસંગ પ્રાપ્ત થયો.

આ અરસામાં મર્હુમ મહારાણી વિક્ટોરીઆનું અવસાન થયું. તેમની યાદગીરી કાયમ રાખવા મુંબઇએ એક ભંડોળ ભેગું કર્યું. તેનો ઉપયોગ આંધળાઓને માટે શાળા કાઢવામાં કરવો એમ ઠરાવ થયો. આ ઠરાવ અમલમાં મૂકવાને માટે મારા મોટાભાઈ દા. નીલકંઠરાયને તેમની સમગ્ર શાળા સાથે મુંબઈ જવા આમંત્રણ થયું. આ પ્રમાણે અમદાવાદની અંધશાળા હવે મુંબઈની ધી વિક્ટોરીઆ સ્મારક અંધશાળા બની ગઈ. કોણ સ્વપ્ને પણ કલ્પે કે અમદાવાદના એક ખૂણામાં એક આંધળાએ કાઢેલી શાળાને મુંબઈ જેવા હિંદના અગ્રગણ્ય શહેરમાં જવાનો પ્રસંગ બનશે ? પણ પ્રભુની કળા અકળિત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. એ શાળાને મુંબઇ આવ્યે આજ ૨૪ વર્ષ થયાં છે. તેમાં ૫૦ પુરુષ વિદ્યાર્થી રહે એવી સોઈ છે. હવે એ શાળા લગભગ ભરાઇ ગયેલી જ રહે છે.

આ શાળામાં વાંચતાં, લખતાં, ગણિત, ભૂગોળ, સામાન્ય જ્ઞાન, નીતિ પાઠ, વગેરે ઉપરાંત હુન્નર પણ શીખવવાની યોજના છે. તેમાં છોકરાઓ હાથે ટેમરૂના પાંદડામાં તમાકું મૂકી બીડીઓ બનાવે છે. તેઓ નેતરનું અનેક પ્રકારનું કામ કરે છે. વાંસ અને નેતરનું કામ ઉપરાંત શિવણમાં બદમ, શર્ટ, કોટ, પાટલુન એમ અનેક પ્રકારનું હાથનું અને સંચાનું શિવણકામ અંધ વિદ્યાર્થીઓ કરે છે. વળી તેઓ દેખતા કરતાં વારંવાર ઘણી ઝડપથી સોય પરોવે છે, ત્યારે પ્રેક્ષકો તે જોઇ ચકીત થઇ, તેઓ આંધળા છે એમ જાણ્યા છતાં પણ વિચારમાં પડે છે, ને કેટલાક તો બબ્બે ને ત્રણ ત્રણ ફેરી, તે સોય પરોવનારનું ડાચું પકડી માથું ઉંચું કરી, તેને જરા પણ દેખાતું નથી, એમ ખાતરી થાય છે ત્યારે, આ કેમ બનતું હશે, અને તે ન સમજાયાથી મુઝાય છે. આ ઉપરાંત બાળકો સંગીતમાં શાસ્ત્રીય પદ્ધતિએ તાલીમ લે તથા દરેક વાજીંત્ર વગાડે એવી ગોઠવણ રાખેલી છે.

મારા મર્હુમ મુરબ્બી મોટાભાઈને આંખે અડચણ આવી ત્યારથી તે આજ દિવસ સુધી લગભગ ૩૨ વર્ષ લગણ હું પણ તેમની જ સાથે અંધશિક્ષણ, અંધમુશ્કેલીઓ, અંધલિપિ, અંધપુસ્તકો, અંધ ભાઈબ્હેનોને લગતી અનેક બાબતોમાં રસ લેતો થયો છું. એમની જ સાથે હું પણ કક્કો શીખ્યો છું. ગુજરાતને માટે અંધ-લિપિ બનાવવાને માટે જે કમિટી નીમાઇ હતી, તેમાં રા. માધવલાલ, મી. ગુપ્તે, મી. હરિલાલ કહાનદાસ અને હું પણ સભાસદ હતા. અમારા જ ઘરમાં અંધાપાનું આ દુઃખ આવેલું હોઈ, મારા મોટાભાઈ સાથે બારે પહોર અને બત્રીસે ઘડી રહેતો હોઇ, જાતે જ હરહમેશ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અંધ ભાઈબહેનોને લગતા અનેક પ્રશ્નોનો મારા ભાઇ સાથે વિચાર કરવો પડતો, તેમને લગતાં અનેક પુસ્તકો અને છાપાં વાંચવાં પડતાં, અને વારંવાર અંધસવાલોનો કેમ ઉકેલ કરીએ તો હિંદના અંધનો સહેલાઈથી ઉદ્ધાર થાય એમાં વારંવાર મન પરોવવું પડતું. આજ કારણસર, જ્યારે મારા મુરબ્બી મોટાભાઇનું અવસાન થયું, અને મારે જ પ્રિન્સીપાલ તરીકે ધી વીક્ટોરીઆ મેમોરીઅલ સ્કુલનું કામ ઉપાડવું, એવો આ શાળાના સેક્રેટરી સાહેબે ખાસ આગ્રહ કર્યો, ત્યારે આ અંધકાર્યને માટે મેં મારો બીજો વ્યવસાય મૂકી દીધો. આમ વર્ષો થયાં અંધના સંબંધમાં હોઈ, અંધ પુરુષોની અનેક બાજુઓ તપાસવાનો મને ખાસ અવકાશ મળ્યો છે, એથી, તથા છેલ્લાં ૩ વર્ષ થયાં, અંધ ભાઈઓના સહવાસમાં, અંધશાળામાં જ અંધઉદ્યોગની વચમાં જ, અંધની મુશ્કેલીઓનો, અનેક તરેહનો, હરપળે જાતે જ અનુભવ કરવાનો પ્રસંગ પ્રાપ્ત થયો છે, તે પરથી પણ આ દિશામાં દેશની શી સ્થિતિ છે? આપણા આંધળાનું શું કરવું ઘટે? તેમનું શું થાય? આપણાં દાન આ દિશામાં શું કરી શકે? દેશી ભાઈઓની આ બાબતમાં શી ફરજ છે? અંધ ભીખારીઓ દેશમાં ક્યાં સુધી આમ ભારરૂપ જ રહેશે? તેમને માટે હાલ તરતને માટે શી સારામાં સારી યોજના? અંધલિપિની શી સ્થિતિ છે? હિંદના અંધ શિક્ષણમાં તે શો ભાગ ભજવે છે? અંધશિક્ષણ આ દેશમાં કેમ ઝડપ આગળ વધતું નથી? તે આગળ વધારવું હોય તો શું શું કરવું ઘટે? એમ અનેક પ્રશ્નો મારા મગજ આગળ ખડા થયા છે. તેનો તોડ કાઢવા મન થાય છે. તેમાં સમસ્ત સૃષ્ટિની મદદ છે, એમ હું દેખું છું. અને મારા એ વિચારો જનસમાજ આગળ રજુ કરવા ઇચ્છું છું.

શાળામાં તૈયાર થતા વિદ્યાર્થીઓ બહાર જઈ સારૂં કમાય, અથવા જરૂરી પેટીયું કાઢે એમાં મને કે આ જોનારને શક લાગતો નથી. પણ વારંવાર આ અનુમાન ખોટાં પડે છે. ખરી રીતે તેમ બનતું નથી. માબાપો અને વિદ્યાર્થીઓ શાળા કેમ વહેલી છોડી દઈએ કે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવકનો ઉપયોગ કરી કમાઇ, સ્વતંત્ર ધંધો કરીએ. આ લોભમાં ને લોભમાં હુન્નરમાં જોઈતી ઉંચા પ્રકારની કાબેલીઅત, પાકો અનુભવ, ઝડપ, સફાઈ, ખાંચખૂંચની જાણ થયા અગાઉ જ, વિદ્યાર્થીઓ પૈસા કમાઈ જવાની અતિ ઉતાવળમાં, સમય પહેલી શાળા છોડી જાય છે. અને પછી, બહાર ગયા પછી ઘણું પસ્તાય છે. પણ તે કામનું શું? આવા લોકો પોતાના પગપર કુહાડો મારે છે. આંધળા ગરીબ માબાપના બાળક હોઈ, આ શાળા તેમને આશીર્વાદરૂપ નિવડવી ઘટે છે. જેનાં પરાપૂર્વનાં પુણ્ય હોય તો જ આવી શાળાને શરણે આવી પડે. આંધળો હોવા છતાં પણ જે ભાગ્યશાળી હોય તે જ અહિં દાખલ થઇ શકે. કારણ કે તે દાખલ થાય ત્યારથી તે તે ઘેર જાય ત્યાં લગણને માટે તેની સર્વ પ્રકારની જરૂરીઆત શાળા જ પૂરી પાડે છે. તેમને રહેવાનું, ખાવાનું, કપડાંલત્તાં, પુસ્તકો, અને અન્ય સામાન તથા ભણતર સર્વે મફત મળે છે. વળી ભણી ઘેર જાય તો તેને શીખેલા ધંધામાં મદદ મળે તે ખાતર દર વર્ષે સ્કોલરશીપની યોજના રાખી તેને કંઈ સામાન લઇ આપવાની પણ અહિ યોજના છે. આ તમામ કામનો પાયો આપણા ગુજરાતના આંખને અડચણ આવેલા અપંગ દાક્તરે નાખ્યો છે. વળી આ કામ આટલે જ અટક્યું નથી.

મારા મોટાભાઇ મર્હુમ દા. નીલકંઠરાયે તથા મેં રા. માધવલાલ દેસાઈ તથા બીજા મિત્રોની સલાહ લઈ–ગુજરાતી ભાષાને અનુકૂળ અંધલિપિનો કક્કો પણ તૈયાર કર્યો છે. એ લિપિમાં છ ઉપસેલાં ટપકાંને ઇંગ્રેજી બ્રેઇલની ઢબે, ⁘ ⁘ ⁘ બબ્બે ટપકાની ત્રણ ઉભી હારના રૂપમાં ગોઠવ્યાં છે. એ પછી એમાંનું એક અથવા વધારે ટપકાં ઉપસાવી જુદી જુદી સંજ્ઞાઓ તૈયાર થાય છે. આ અંધકક્કાને દા. નીલકંઠરાયનો કક્કો અથવા ધી ઇન્ડિયન બ્રેઇલ કહે છે. એ ઉપસેલાં ટપકાંની લિપિમાં ગુજરાતના આંધળાઓનાં તમામ પુસ્તકો લખાય છે. તેમનો પત્રવ્યવહાર પણ એ જ લિપિદ્વારા થાય છે. એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિલાયતની અંધલિપિને ધોરણે રચી છે. એટલે ઇંગ્રેજી અને ગુજરાતીમાં જ્યાં સરખા ઉચ્ચાર હોય ત્યાં બન્ને અંધકક્કામાં એકજ રીતિ વાપરી છે. પરિણામે ગુજરાતી બ્રેઈલ શીખનાર ઈંગ્રેજી ભાષાથી તદન અજ્ઞાન હોય તોપણ ઇંગ્રેજી કાગળો અને પુસ્તકો હાથ ફેરવી લગભગ વાંચી શકે છે. આ કામ એવું સરળ અને સંગીન થયું છે કે જુજજુજ જગ્યાએ આ કામમાં નહિ જેવી હરકત આવે છે, તે બાદ કરીએ તો આ કક્કો શીખનાર ગમે તે ભાષામાં લખાયલાં પુસ્તકો વાંચે છે. દા. નીલકંઠરાયવાળી અંધલિપિનો આ એક મોટો ફાયદો છે. એ અખિલ હિંદની અંધલિપિ બને એવી છે.

આજે એ શાળા અને એ લિપિદ્વારા ભણેલા આંધળાની સંખ્યા લગભગ ૨૫૦–૩૦૦ ની હશે. એમાંના કોઇ કોઇક તો સંગીતમાં રૂ. ૧૦૦–૧૫૦ અને ૨૦૦ લગણ કમાય છે ત્યારે બીજાઓ પેટીયું કાઢે છે. શિવણ અને નેતર કામમાં પણ સારૂં કામ કરનારની આવક રૂ. ૫૦) થી ૭૫) લગણ થાય છે, એમ ખબર મળે છે, ત્યારે બીજાઓની આવક રૂા. ૧૫) અને ૨૦) લગણ હોય છે એમ જણાય છે. પણ આવા છૂટાછવાયા દાખલા આપણે ઉપર કહ્યું તેમ માર્ગ-સૂચક જ ગણવા જેવા છે. આ દિશામાં સમસ્ત દેશમાં સારા સંગીન પ્રયાસ કરવાની જરૂર છે. આંધળા માત્ર ભણે, ભીખને બદલે તેઓ પોતાના પગપર ઉભા રહેતાં શીખે, આખો નહિ તો અડધો રોટલો કમાય એવું કરવાની જરૂર છે. દરેક અંધહિતેચ્છુ ભાઈ બેનોએ એ દિશામાં યત્ન કરવો ઘટે છે.

હિંદે દેશના આંધળાને દાન દઇ જીવતા રાખ્યા છે. પણ તેમના દાનનો એથી પણ વધારે સદુપયોગ થઇ શકે એમ છે. હાલના દાનની દસમી રકમથી સમસ્ત દેશના અંધ ભણીગણી, હુન્નર શીખી, સ્વતંત્ર જીંદગી ગાળી, ઉદ્યોગ હુન્નરથી જ પોતાનું પેટીયું ભરે અથવા તો ભીખ તો નજ માગે એવું તો કરી જ શકાય. આ લેખથી એ સત્ય સમજજો એવી મારી ઇચ્છા છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ આ બાબતની હિંદમાં લોકોને બરાબર ખબરજ નથી. ગુજરાતમાં, આવી અંધને ગુજરાતી શીખવતી વડોદરા અને મહેસાણામાં એમ બીજી બે શાળાઓ છે. પણ મુંબઇની શાળા સાથે એ ત્રણે શાળાઓ ભેગી મૂકીએ તો તેમાં ભણતા વિદ્યાર્થીઓની સંખ્યા ૭૦ થી વધારે નહિ થાય. આ દેશને શરમાવનારૂં છે. પણ જ્યાં અખિલ હિંદમાંજ ૧૫,૦૦,૦૦૦ આંધળાઓને માટે ૧૫ શાળા હોય એટલે ૧,૦૦,૦૦૦ આંધળે ૧ આંધળો શીખે એવી સવડ હોય ત્યાં ગુજરાતનો વાંક ક્યાં કાઢવો અને આમ માત્ર રડવું પાલવે પણ કેમ ?

વળી આ સમગ્ર ૧૫ શાળામાંની ૬ તો આપણા ઈલ્લાકામાંજ છે. એમાંની ૧ સિંધમાં, ૨ મુંબઈમાં, ૧ વડોદરામાં, ૧ મહેસાણામાં અને એક ખેડ ગામમાં છે. આમાં એક હાલમાંજ હસ્તિમાં આવેલી નાસિકની શાળા ઉમેરીએ તો તેમની સંખ્યા ૭ થાય. આ રીતે આપણો ઈલાકો આ દિશામાં દેખીતો આગેવાનીભરેલો ભાગ લે છે; પણ ખરી રીતે જોતાં આ દિશામાં હજી પાશેરામાં પહેલી પૂણી પણ મંડાઇ નથી. આ સત્ય દેશે સમજવું જોઈએ છે.

વિલાયતમાં પુરા ૪૦૦૦૦ અંધ નથી. પણ ત્યાં તો દરેક ભણે, ઉદ્યોગ શીખે, કામ કરી કમાય અથવા લાચાર હોય તો પેન્શન લે પણ ભીખ તો નજ માગે. ત્યાં એવી ગોઠવણ ગામેગામ અને ઠામેઠામ થઈ છે ત્યારે હિંદમાં મોટો ભાગ ભીખજ માગે, ભણેગણે એવા તો ગણ્યા ને ગાંઠયા જ. વળી ત્યાં નેતર, શિવણ, બીડી, સુતારી કામ, વાંચન, લેખન ઉપરાંત ટેલીફોન પર કામ કરનાર, શોર્ટહેન્ડ, ટાઈપરાઈટીંગ કરનાર, ચંપી કરનાર, સુતારી કામ કરનાર, ફેરી કરી માલ વેચનાર, ચાહ કોફીના ડબા વેચનાર એમ અનેક ધંધા કરતા આંધળા જણાય છે; ત્યારે આપણે અહિં તો આંધળા ભણે ? એ સવાલ પુછાય છે.

દેશમાં ભૂખે ભટકી મરતા આ આંધળા ભામટાઓના હાથમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ફસાય છે. તેમના સહવાસમાં તેઓ અનેક અપલક્ષણો શીખે છે. દેશનું દાનરૂપી અપાતું દ્રવ્ય અકારજ જાય છે. તેમની રસ્તા પરની ગંદકી, લાચાર જીંદગી દેશમાં રોગ, અનીતિ અને અપલક્ષણ ફેલાવે છે. દેશે આ સઘળો મામલો તપાસવો ઘટે છે.

જેમ ધી વિકટોરીઆ મેમોરીઅલ અંધશાળા અંધશિક્ષણનું કામ કરે છે, ધી બ્લાઈન્ડ રીલીફ એસોસીએશન અંધાપો આવતો જ રોકાય તો સારૂં એ કામ કરે છે, જેમ અંધઉદ્યમાશ્રમ શાળામાં ભણી ઉતરેલા આંધળાને હુન્નર ઉદ્યોગની જોઈતી અનુકૂળતા કરી આપી તેને પેટીયું કરવામાં મદદ કરે છે તેમજ અંધઆનંદાશ્રમ નામની નવી સંસ્થાને હસ્તિમાં આણવાને માટે જે ભંડોળ થવા માંડયું છે તેનો મુદ્દો—રસ્તે રવડતા ભીખારી અંધનો ઉદ્ધાર કરવાનો છે. શાળામાં જે અંધ કન્યાઓને માટે રહેવાની સગવડ નથી તેમને રહેવા ખાવાની સવડ પૂરી પાડવી, વળી એવી બીજી નેમ ૨૦ વર્ષ ઉપરાંત જે અંધને રાખવાને શાળા સવડ કરી આપતી નથી, તેમને આશ્રય આપી પોળે પોળે ભટકતા રોકવા અને બચાવવા એ છે.

આ અંધઆનંદાશ્રમ આ રીતે નવી જ સંસ્થા છે. તેની અંધકમિટી તદ્દન જુદી છે. તેનું ભંડોળ અલાએદું છે. તેનો પત્રવ્યવહાર આનંદાશ્રમના સેક્રેટરી, તારદેવ, મુંબઈ ૭. એ શરનામે કરવો ઘટે છે.

દેશની આજની સ્થિતિ જોતાં જેમ ધ વિ. મે. અંધશાળાએ પાકે પાયે પુરવાર કર્યું છે કે આંધળા ભણી ગણી શકે તેમજ અંધ-આનંદાશ્રમ જો પાકે પાયે રચાય તો જરૂર તે પુરવાર કરે કે આંધળાને ભીખ માગવાની કંઈજ જરૂર નથી. જેમ પાંચે ઇન્દ્રિયોવાળા માણસો દેશનું ઔદ્યોગિક, નૈતિક, આધ્યાત્મિક બળ ગણાય છે તેમજ આંધળા પણ તેવાજ ગણાવાને લાયક છે. આંખ ગઈ એટલે સર્વસ્વ ગયું એ માન્યતા ભૂલભરેલી છે, એ આ આશ્રમ પુરવાર કરવા ધારે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુજરાતનાં ભાઈ-બેનો આ દિશામાં આંખો ઉઘાડી જુએ, તેઓ જાગે, ગુજરાતના અંધની આવી સંભાળ લેવામાં સહાય કરે, તો જરૂર ગુજરાતના વીર નર-નીલકંઠરાયે ગુજરાતના અને હિંદના આંધળાઓને માટે જે નવો માર્ગ ખોલ્યો છે, તે સડકે તેઓ સપાટાબંધ ચાલતા થાય. આ લેખ દેશને આવા પરોપકારના પવિત્ર પ્રયાસમાં પ્રેરે, તો જરૂર ગુજરાત એકલા પરજ નહિ, પણ સમસ્ત હિંદ પર પ્રભુની પરમ કૃપા થઈ એમ હું તો માનું. મને તો વિશ્વાસ છે કે એ દિવસ દૂર નથી, કે જ્યારે ફરી ગુજરાત મુંબઈમાં આ અંધઆનંદાશ્રમની શરૂઆત કરી સમસ્ત હિંદને સમજાવશે, કે દેશમાં દાન કરવાની દિશા બદલવામાં બેવડો લાભ સમાયેલો છે. એથીજ ભીખની ભુખ સદાકાળને માટે ભાંગશે. અંધ ભીખારીના સવાલનો ઉકેલ થતાંની સાથેજ દેશના રસ્તે રવડી મરતા અનેક ભીખારીનાં, આંખને પાટારૂપ લાગતાં, રોગ અને અનેક મલિનતાના ઢગરૂપ દેખાતાં ટોળેટોળાં આ નવીન જ્ઞાનરૂપી સૂર્યપ્રકાશ સાથે પીગળી જતા બરફના ઢગની માફક પીગળી જશે. આ રીતે બુદ્ધિઅનુસાર દેશના અંધનો ઉદ્ધાર કરવામાં સમગ્ર ગુજરાતને આ મારો લેખ જગાડશે તો કૃતકૃતાર્થ થઈશ. છેલ્લે આ લેખ બંધ કરતાં પહેલાં હું એટલુંજ યાચીશ કેઃ-હે પ્રભુ! સમસ્ત ગુજરાતના હૃદયમાં તું આજે એવો પ્રેમ જગાડ કે ગુજરાતના અંધનો વિચાર કરવામાં રોકાયેલા ગુજરાતનાં પુત્રપુત્રીઓનો દાખલો લઈ, અખિલ હિંદના અને સમસ્ત સૃષ્ટિના અંધના જુદા જુદા સવાલોનો ઉકેલ કરવામાં આપણો ગુજરાત, આપણો હિંદ દેશ પણ, પોતાનો ફાળો આપે; અને ફરી એકવાર માત્ર વચનથી નહિ પણ કાર્યથી પણ હિંદ, સમસ્ત જગતને સમજાવે કે તેને તો સર્વદા "**સબ ભૂમિ ગોપાલ કી**" જ છે.

હરિપ્રસાદ ડાહ્યાભાઇ છત્રપતિ.

(પુ. ૭૩ મું, જૂન, ૧૯૨૯)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાળવાર્તા.*

વાર્તાની ભૂખ કોને નથી લાગતી ? બાળક ભાષાદ્વારા વિચારોનો વિનિમય કરતું થાય છે ત્યારથી વાર્તા માગે છે. અને તે ભૂખ માણસના મૃત્યુના પ્રદેશ તરફ ગમન કરતાં, વૃદ્ધાવસ્થાને સીમાડે પગલાં ભરતો હોય છે ત્યાં સુધી કાયમ રહે છે. એટલું ખરૂં કે વય વધતાં વાર્તાના ગ્રાહ્યસ્વરૂપમાં વારંવાર ફેરફાર થાય છે. ગઇ કાલે બાળકે જે પ્રસંગમાંથી અજબ રસ અને પ્રબળ પ્રેરણા ઝીલ્યાં હોય છે, તે પ્રસંગ આજે તેને રસ અને પ્રેરણા વિનાનો, રસ અને આત્મા વગરનો, શુષ્ક મુડદા જેવો લાગે છે. બધા સ્વીકારશે કે આમાં બાળકની વિકસતી બુદ્ધિ, વધતા જતા અનુભવ અને માનવ સ્વભાવનું અનિયમિત પરિવર્તન કારણભૂત છે. આમ હોવાથી વાર્તાના ખુલ્લા બે ભાગ પડે છે. એક બાળકો માટે અને બીજો મોટેરાં માટે. બાળકો માટે બાળવાર્તાઓ છે અને મોટેરાંઓ માટે નવલિકાઓ તથા નવલકથાઓ છે. આપણો વિષય બાળવાર્તા હોવાથી તે ઉપર જ બોલવું યુક્ત ગણાય.

પંદર વર્ષની ઉંમર સુધીનાં બાળકોને બાળવાર્તાનાં અધિકારી ગણીએ તો ખોટું નથી. વિકાસને અવલંબી બાળજીવનનાં પગથીઆં પાડીએ તો ૨–૩–૪, ૫–૬, ૭–૮–૯, ૧૦–૧૧–૧૨–૧૩, ૧૪–૧૫ વરસની ઉંમરે પગથીઉં બદલાય છે. કોઈ સહેલાણી સુંદરી ભિન્ન ભિન્ન કાર્યોમાં જુદાં જુદાં કપડાં બદલે છે તેમ બાળવાર્તા એક એક પગથીઉં ચઢતાં જુદા જુદા વાઘા ધારે છે અને નવા નવા રંગો ધારણ કરે છે. પગથીએ પગથીએ બાળવાર્તાનું પ્રભુત્વ અને ગૌરવ ખીલીને વધે છે. બાળવાર્તા બાળવિકાસને અવલંબેલી હોવાથી બાળક

---

* 'મજુરશાળા શિક્ષક સંઘ, અમદાવાદ' તરફથી શિક્ષકો સમક્ષ વાંચેલો નિબંધ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નવલકથાની જટિલ ભૂમિમાં પગલાં માંડે છે.

બાળહૃદયમાં શૂન્ય સ્વરૂપે નૈતિક ભાવના વસી રહેલી હોય છે તેનો વિકાસ કરવો, કલ્પનાની ખીલવણી કરવી અને બાળકને શબ્દ-બળનું ભાન કરાવવું; આ વાર્તાકથનનો ઉદ્દેશ હોઇ શકે. નીતિ, વિકાસને માર્ગે ગોકળગાયની ગતિએ પ્રગતિ કરે છે એટલે તેનાં પ્રત્યક્ષ દર્શન લાંબા કાળ પછીથી થાય છે. આમ હોવાથી બાળવાર્તાનો ઉદ્દેશ કલ્પનાશક્તિનો વિકાસ કરવાનો અને શબ્દબળનું ભાન કરાવવાનો હાલ તુરત તો સ્વીકારી લઇએ.

વાર્તા સાંભળનારાં બાળકોની જીવનભૂમિકાથી સહેજ ઉચ્ચ કક્ષાની વાર્તા લેવી જોઈએ. એકદમ ઉચ્ચ કક્ષાની અગર આદર્શની ભૂમિની વાર્તા કહેવાથી, બાળકને તે ભૂમિના અસ્તિત્વ સંબંધી શંકા થઈ અશ્રદ્ધા ઉત્પન્ન થવાનો સંભવ છે. બાળકોને રાજા અને રાણીની વાતો બહુ ગમે છે. મારી ધારણા મુજબ એનું કારણ એ છે કે એ વાતોમાં રાજા–રાણી સર્વ શક્તિમાન અને નિર્બંધ વિહારનારાં દેખાય છે. બાળક એ તેજથી અંજાઇ મોહવશ થઈ જાય છે. આ સંસ્કાર દૃઢ થતાં ગરીબ જીવન એને ભયંકર સમજાય છે, ગરીબ જીવનની સાત્ત્વિકતા અને મઝા પ્રત્યે એને ઘૃણા ઉત્પન્ન થાય છે. પૈસાદાર જીવન પ્રાણવંત છે તે સાચું, પણ ગરીબ જીવન કંઈ ઘૃણાને જ પાત્ર નથી. આજે સમાજ ગરીબ જીવનનો ઉપહાસ કરતાં ગરીબાઈમાંથી જે મઝા લુંટી શકાય છે તેથી વંચિત રહે છે ને નિસાસા નાખતાં જીવન વ્યતીત કરે છે. આનું કારણ આપણી વાર્તાઓનો મોટોભાગ પૈસાદાર અને તે રીતે શક્તિમાન જીવનની પ્રશંસા કરી, ગરીબ જીવન પ્રતિ ઘૃણા પ્રગટાવે છે તે હોવાનો સંભવ છે. ગુજરાતના વાર્તા-સાહિત્ય તરફ નજર કરો તો આ સત્ય પ્રત્યક્ષ થશે.

છેક નાની ઉંમરનાં બાળકો માટે કલ્પનાને વધુ ખેંચાણ કરે તેવી અપરિચિત પાત્રોવાળી વાર્તા યોગ્ય ન ગણાય; પરંતુ તેમની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સૃષ્ટિની વાતો તેમને મનરંજક અને લાભદાયક થઈ પડશે, જેમકે પરીઓ, રાક્ષસ અને એવાંજ અદ્‌ભુતતાવાળાં પાત્રોવાળી વાર્તા કરતાં ચકલો અને ચકલીની વાર્તા જેવી વાર્તાઓ બાળકને ઉંડો અને સ્વચ્છ આનંદ આપી શકશે. ચકલો અને ચકલી બાલસૃષ્ટિનાં નાનાં રમકડાં છે. બાળકને તે ખૂબ જ પરિચિત હોઈ વાત સમજતાં વાર નથી લાગતી. તે સાથે ઓછી મહેનતે કલ્પનાને ખેંચાણ મળે છે. બાળક વાત સાંભળતી વખત પોતાની દૃષ્ટિ સમક્ષ નવી સૃષ્ટિ ઉત્પન્ન કરે છે ને ચકલા–ચકલીને કોઈ પ્રતિભાવાન વ્યક્તિની જેમ તેમાં મહાલતાં જોઇ બાળક આનંદ અને આશ્ચર્યમાં લીન થઇ જાય છે. જેમ જેમ બાળકનું વય અને તેના અનુભવ વધતા જાય તેમ તેમ આથી ભારે વાર્તાઓની પસંદગી થવી જોઈએ; તેમાં ધીમે ધીમે પ્રસંગો અને રસવૈવિધ્યનો વધારો થતો જવો જોઈએ; તે ત્યાં સુધી કે કોઈ પણ ન હોય તેવી વસ્તુ કેવળ શબ્દોથી બાળકની નજર સામે ઉપસ્થિત કરી શકાય.

વાર્તામાંના પ્રસંગો અસ્પષ્ટ નહીં પણ સ્પષ્ટ અને સુરેખ હોવા જોઈએ, તથા વસ્તુની ફૂલગુંથણી એવી હોવી જોઈએ કે પ્રસંગો એક પછી એક સરળતાથી હાજર થાય. આગળ વધતાં, વિચાર યા બુદ્ધિની જરૂર પડે તેમાં વાંધો નથી.

વાર્તા કહેનારે કહેવાની વાર્તા પસંદ કરતી વખતે ખાસ ધ્યાનમાં રાખવાનું છે કે વાર્તામાંનાં પાત્રોની હિલચાલ નિર્દોષ અને સંસ્કારી હોવી જોઈએ. એ રીતે વાર્તા કિલષ્ટતાના ડાઘ વિનાની અને સંસ્કારિતાથી ભરચક વાતાવરણ જન્માવતી હોવી જોઇએ. એ વાતાવરણ બાળકોને અતડું લાગે તેવું નહીં; પણ તેઓ તેમાં ગુંગળાયા સિવાય યથેચ્છ વિહાર કરી શકે, તેવું હોય તોજ વાર્તાકથનનું સાફલ્ય. જ્યારે એવી વાર્તાઓની ખોટ પડે ત્યારે અને બાળકોનું વય વધતાં તેમને માનવસ્વભાવની યથાર્થતા તરફ લઈ જવાં જોઈએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ વખતે માનવસ્વભાવની સહજ કાલિમાનાં આછાં ચિત્રો દોરવામાં આવે તો બહુ વાંધા જેવું નથી, પણ બીભત્સ વાતાવરણ ઉત્પન્ન ન જ થવું જોઈએ. કેટલીક વાર્તાઓ મનનું રંજન કરવા પૂરતી જ હોય છે. તેમાં અને તેવી ન હોય તેમાં પણ પ્રથમથી જોઇ લેવું જોઈએ કે વાર્તાનો અંત પાપના વિજયમાં આવે છે કે નહીં. જો તેમ હોય તો એ વાર્તા બાળકો આગળ હરગીજ ન મૂકાય. એમ પણ ન કહેવાય કે વાર્તાનો અંત આનંદજનક હોય તો વધારે સારૂં. વાર્તાનો અંત ગંભીર અગર કરુણ હોઈ શકે. અને નમ્ર માન્યતા એવી છે કે વાર્તાનો કોઇ પણ પ્રકારનો અંત માનવહૃદયને વલોવી નાખી પોતાનું સ્થાન ચિરંજીવી કરી લેતો હોય તો તે આ છે. ગંભીર યા દુઃખદ પરિણામથી અંતર આર્દ્રતા અનુભવે છે અને તેની અસર ઉંડી થાય છે. સ્મરણના ટકોરા આ અસરને કાયમ જાળવી રાખે છે.

જુની વાર્તાઓનું ખાસ મોહક અંગ અંદર આવતાં જોડકણાં છે. ગગનવિહારી કવિઓ સમક્ષ એ જોડકણાં ભલે કવિતાવિહોણા અંગે અને રંક મુદ્રાએ ઉભાં રહેતાં હોય, પણ બાળકો એ જોડકણાં કંઠસ્થ થયા પછી જે મીઠો ગુંજારવ કરી વાતાવરણ ભરી દે છે તે, એ જોડકણાં ક્યા સ્થાને છે અને બાળકોને કેટલાં ગમે છે તે બતાવી આપે છે. ટુંકી ટુંકી પંક્તિઓવાળાં તાલચૂરથી ગવાતાં એ જોડકણાં મોટેરાંને પણ ગૂઢ–અગૂઢ અનેક સંદેશા દઇ શકે એમ છે. તેથી જ જુની ઘણી–લગભગ બધી વાર્તાઓમાં જોડકણાંને અમુક સ્થાન મળેલું હોય છે.

વાર્તાની શરૂઆત એકદમ મહત્ત્વના શબ્દોથી ન થવી જોઇએ. ન સાંભળ્યા હોય છતાં વાર્તાની સંકલના ન સમજાય તેવાં વાકયો પહેલાં મૂકાય તેજ ઈષ્ટ ગણાય. ટોળે મળેલાં છતાં વાર્તા સાંભળવાની તૈયારી કરતાં બાળકો એ ન સાંભળી શકે ને રસક્ષતિ થાય તે વગર-ગુનાનો દંડ છે. આનો અર્થ એવો નથી કે વાર્તાની શરૂઆત ગમે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેવા નબળા શબ્દોથી થાય તે ચલાવી લેવા જેવું છે. ઘણી વખત શરૂઆતના મનોરમ શબ્દો અગર વાક્યો બાળકને આખી વાર્તા સાંભળવાની પ્રેરણા આપે છે. પ્રથમનાં વાક્યોમાં રસિકતા અને ચાતુર્ય વધારેમાં વધારે હોય તે કોણ અનિષ્ટ ગણે ? વક્તવ્ય એટલું જ છે કે વાર્તામાં પ્રસંગોના આંકડા જોડાઇ જે સાંકળ ઉત્પન્ન થાય છે તેમાં અડચણ પડવી ન જોઈએ.

વાર્તાની પસંદગી વિષે આટલું કહ્યા પછી વાર્તા કહેનારની પૂર્વ તૈયારીઓ વિષે કહેવું જોઈએ. ભાષા ઉપર કાબુ મેળવવાની તેને અનિવાર્ય આવશ્યકતા છે. એનો અભ્યાસ અને એનું અવલોકન એટલાં વ્યાપક હોવા જોઈએ કે નવા નવા ભાવથી રંગાયેલાં વાક્યો એક પછી એક જરાય સ્ખલન સિવાય બહાર પડી શકે. એક જ વાર્તા કહેવાનું નક્કી કર્યું હોય તો તો ઠીક પણ એકથી વધારે વાર્તાઓ કહેવાની હોય તો વાર્તા કહેનાર પાસે બાળવાર્તાઓનો સારા જેવો સંગ્રહ હોવો આવશ્યક છે, જેથી એક વાર્તા પૂરી થતાં ને બાળકો તરફથી બીજી માટે માગણી થતાં જ આગળ વધી શકાય. વળી પૂર્વ તૈયારી સિવાય વાર્તા કહેવાનું શરૂ કરવામાં આવે તે ઇષ્ટ નથી. એક વખત આખી વાર્તા મગજમાં ખડી થયા પછી કહેવાની શરૂઆત થાય તો વચ્ચે પ્રસંગો ભૂલાઈ જવાથી વાર્તાનો અખંડ પ્રવાહ તૂટી રસક્ષતિ થવાનો સંભવ રહે નહીં. વાર્તા કહેનાર અવલોકન કરે તો તે જોઈ શકશે કે વાર્તાનો પ્રવાહ જેમ જેમ આગળ વધે છે તેમ તેમ બાળકના ચહેરા ઉપર વિવિધ ભાવોની નવરંગી વાદળીઓ ઉતરી આવી, ઘડીભર રમી પસાર થઇ જાય છે. એક ક્ષણે બાળક શોકના સાગરમાં ડૂબી જાય છે, તો બીજી જ ક્ષણે આનંદના શિખરે કુદકા મારતું દેખાય છે. ઘડીમાં એ હસે છે ને ઘડીમાં ઉંડી વ્યથા અનુભવતું દેખાય છે. આમ એની લાગણીઓ અનેક અકૃત્રિમ અસરોથી ભીંજાય છે. બાળક લીન થઈ નજર સામે ઉપસ્થિત થયેલી નૂતન દુનિયા જોડે સંબંધ સાંધે છે. જે વખતે બાળકની ન્હાનકડી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આંખોમાં અજબ તેજ હિલોળા લેતું હોય, એનું હૃદય કંપનોથી છલબલતું હોય, ચહેરા ઉપર પ્રફુલ્લિતતા આવી હોય અને સ્નાયુઓમાં એક પ્રકારનું જીવંતપણું તથા તનમનાટ આવ્યાં હોય તે વખતે વાર્તા કહેનાર પક્ષીનો પ્રસંગ ભૂલી જાય તો બાળકને પર્વતને શિખરે ચઢાવી ગબડાવી દીધા જેટલો આઘાત ન થાય શું ?

બાળકને ભલે બધા રસની વાત કહેવાય, પણ એટલું તો યાદ રાખવું જોઈએ કે શૃંગાર બીભત્સમાં, વીર રૌદ્રમાં, કરુણ રાજીઆમાં અને હાસ્ય નાટકમાંના ઢંગધડા વગરના રંગલાનો ન બની જાય; શૃંગારરસની સરિતામાં શુદ્ધતાની સોનેરી રજો ભલે વહી જાય, પરંતુ બીભત્સતાનું ઝાંખરૂં નજરે ચઢવું ન જોઈએ. જરા સ્પષ્ટ કરૂં. સ્ત્રીનું વર્ણન કરવું હોય ત્યારે તેના અંગનું ઉપર–છલ્લું સાત્ત્વિક વર્ણન કરવામાં આવે તે ખોટું ન ગણાય, પણ એકે એક અંગનું કામોત્પાદક વર્ણન થવું ન જ જોઈએ. એના ચહેરાનું વર્ણન થાય તો બસ છે. મોં, આંખ, હોઠ, વાળ વગેરેનું જુદું જુદું વર્ણન કરવાની અગત્ય નથી. વાણી ઉપર કાબુ હોય અને જે શુદ્ધ શૃંગારનું વર્ણન કરવા શક્તિમાન હોય તેજ શૃંગારરસની વાત કરે, અગર પ્રસંગ ઉપસ્થિત કરે, પણ જેનામાં એ શકિત નહોય તે શૃંગારરસની વાત કહેવાનું જ માંડી વાળે તે ઇષ્ટ છે. હાલ તુરત આપણે શૃંગારરસનો બહિષ્કાર કરીશું તોપણ ચાલશે. વીરરસની વાર્તા કહેતાં જોમવાળા છતાં હલકા શબ્દોનો ત્યાગ કરીએ, 'બદમાસ' કે 'શયતાન' જેવા શબ્દો ન વાપરીએ અને રસનો પ્રવાહ એટલો બધો તોફાની ન બનાવી દઈએ કે વાર્તાના આત્મા અગોચર રહે. વીર અને શૃંગાર એ બે રસ બાળકને ઓછા પ્રિય છે પણ હાસ્ય અને કરુણરસની વાર્તા પાછળ બાળકો ગાંડા ગાંડા થઈ જાય છે. હસી હસીને એમનું પેટ ભલે દુઃખે, રડી રડીને એમનું હૃદય ભલે ઓગળી જાય, પણ અહીં વાર્તા કહેનારે ખૂબ ધ્યાનમાં રાખવું જોઈએ કે હસાવવા યા રડાવવા તે તેવા શબ્દો કે ઘૃણાજનક ભાળાનો ઉપયોગ ન કરી બેસે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નીતિની વાતો માટે મતભેદ હોવાનો સંભવ છે. નમ્ર માન્યતા તો એવી છે કે આ વિભાગ જુદો પાડી નાખવાની જરૂર નથી. નાની કે મોટી દરેક વાર્તામાં નીતિનું તત્ત્વ ઓછા વત્તા પ્રમાણમાં જળવાયેલું હોય છે. એટલે બાળક નીતિનાં તત્ત્વો ઝીલતું હોય છે. આ રીતે નાનાં તત્ત્વો જુદી જુદી વાર્તાઓ દ્વારા દાખલ થતાં બાળક ઉપર પોતાની સત્તા ઠીક પ્રમાણમાં જણાવે છે. આ ઉપરાંત ઘણાં કારણો છે પરંતુ તેની ચર્ચા અહીં અસ્થાને છે. પરંતુ વાર્તાને સીધી રીતે નીતિની ન બનાવવી જોઇએ. ધ્રુવની વાર્તા કહેવી જેટલી સહેલી છે તેટલી જ પ્રહ્‌લાદની અઘરી છે, અને બધા વાર્તા કહેનાર જરૂર ચીવટ રાખતા નથી હોતા, રાખી શકતા નથી. એટલે મને લાગે છે કે બાળકની વિવેકબુદ્ધિ ઉપર પણ વાર્તા કહેનાર પોતાનો અંકુશ ન ધરે તો સારૂં. અંકુશ સ્વીકારી બાળક નીતિમાન બની જાય છે, તેવું કોઈ ન માને અંકુશ સિવાય નીતિશૂન્ય થઈ જશે એવું પણ ન ધારે. એ ભય ખોટો છે, કારણ કે આગળ કહ્યું તેમ દરેક વાર્તામાં નીતિનું તત્ત્વ જળવાયેલું હોય છે અને બાળકો તે ઝીલતાં જ હોય છે. પુરાણોની અને માતા, પિતા, સમાજ કે પરમાત્માની ભક્તિની વાર્તાઓ જરૂર કહીએ; પણ તે ધ્વનિ ગૌણ હોય તો સારૂં.

બાલવાર્તા ગમે તેટલી સુંદર હોય પણ તેની સફળતાનો કે નિષ્ફળતાનો આધાર વાર્તા કહેનાર ઉપર છે.

વાર્તા કહેવા માટે સારામાં સારો વખત કયો તે શોધવું અઘરૂં નથી. વાળુ કર્યા પછી એકાદ ઓરડામાં સગડીની આસપાસ બેસી દાદા યા દાદીમા વાર્તા કહેતાં એવો ચાલ થોડા સમય ઉપર હતો. કેટલાંક કુટુંબો ચાંદની ઝમતી હોય તેવે ટાણે અગાસીનો કે ખુલ્લા ચોકનો ઉપયોગ કરતાં; પરંતુ દુઃખદાયક છે કે આ પ્રશસ્ત પ્રણાલિકા અત્યારે ઘસાતી જાય છે ને નાશ પામવાની તૈયારીમાં છે.

બાળકો વાર્તા કહેનારની આસપાસ ટોળું વળીને બેસે એ સારામાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સારૂં છે. એથી વાર્તા કહેનારની મુખમુદ્રા ઉપર વાર્તાના રસને અવલંબી થતા ફેરફાર બાળકો સહેલાઈથી અવલોકી શકે છે. વાર્તા કહેનાર પણ તે વખતે અજબ વાત્સલ્ય અનુભવે છે. ટોળામાં ગોળકુંડાળે બેસવાની રીત સિવાય બીજી રીતો છે. પણ તેમાં ઓછું-વત્તું-નુકશાન-અડચણ છે જ. બાળકો જેટલાં દૂર બેસે તેટલી વધારે અડચણ વાર્તા કહેનારને વાર્તાની અસર અવલોકવામાં આવે છે. કેટલીક વખત અસરો અવલોકવાનું અશક્ય છે. ને આખી વાર્તા બેસવાની ઢબ સારી નહીં હોવાને કારણે જ નિષ્ફળ જાય છે. વાર્તા કહેતી વખતે બાળકોને સંપૂર્ણ સ્વાતંત્ર્ય આપવું જોઇએ. એમ થતાં બાળકો સ્વાભાવિક રીતે જ વાર્તાના રસમાં ડૂબી જાય છે. કોઈ બાળક વાર્તા કહેનારની નજીક આવી બેસે છે, કોઈ મોં અને આંખો ફાડી વાર્તા કહેનારને ખભે શરીર નાખી દઈ, મુખમુદ્રા ચગાવી રહે છે. ખરેખર, એ દશ્ય સ્વર્ગીય છે, એની મીઠાશ અપૂર્વ અને અનેરી છે.

વાર્તા મોટા અવાજે અથવા ખૂબ ધીમા અવાજે નહીં પણ સાધારણ અવાજે કહેવાથી બાળકની શ્રવણેન્દ્રિય ચપળ બને છે અને વાર્તા કહેનારને નકામો શ્રમ પડતો નથી. કોઈ પણ દેશની સંસ્કારિતા લોકો વાતો કરતા હોય ત્યારે થતા અવાજથી માપી શકાય છે. આપણને અને બાળકોને બરાડા પાડી બોલવાની ટેવ પડી ગઈ છે તે કાઢવાની જરૂર છે. વાર્તા ધીમેથી કહેવા બાળકો શાન્તિ જાળવશે ને વાર્તાના રસમાં લીન થઈ જશે. બાળક અશાન્તિ અને ગરબડાટને ધિક્કારાતું થઈ જશે. ધીમા અવાજ સાથે શબ્દો પણ ધીમે ધીમે સરવા જોઇએ. તેથી બાળકોને વાર્તા સમજવાનો અને વાર્તા કહેનારને પછીનું વાક્ય તૈયાર કરવાનો અવકાશ મળી શકશે. વાર્તા સંપૂર્ણ અસરકારક નીવડશે, તે તો જુદું. વપરાતા શબ્દો બાળકોને જાણીતા અને વાક્યો ટુંકાં હોવાં જોઈએ. દરિયાનાં મોજાં ઉપર હીંચકા ખાતા હોઇએ તેવા ઝોકાં ખાતાં આખી વાર્તા આગળ વધતી હોવી જોઇએ. તેથી બાળકોને ખૂબ મઝા પડે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાર્તા કહેનાર વાર્તા કહેતાં એકાદ પ્રસંગ ભૂલી જાય કે પૂર્વ-તૈયારીના અભાવે અર્ધો કહ્યા પછી બાકીની વાત જ ભૂલી જાય ત્યારે તેણે આડાંઅવળાં ગપ્પાં મારવા બેસી ન જતાં વિસ્મૃત પ્રસંગની જરૂર પડે ત્યારે તે પ્રસંગે કહેવો અને બાકીની વાર્તા વિસ્મૃત થઈ હોય તો કહેવાનું બંધ કરી દેવું તે હિતાવહ છે. વળી વાર્તા કહેનારે ખૂબ ધ્યાનમાં રાખવા જેવું છે કે પોતે વાર્તા કહેતી વખતે ભાટ ન બની જાય. લાંબાં અને રસહીન વર્ણનોને અને લાંબી વાર્તામાંના નિર્બળ પ્રસંગોને એ ફેંકી જ દે. વર્ણન રસિક હોય અને શબ્દે-શબ્દ જેનું ચિત્ર આપવા માંગતા હોઇએ તે સ્પષ્ટ કરી નાખે તેવો તોળાઇને મૂકેલો હોય તો વાર્તા જરૂર અસ્વાભાવિક લંબાય નહીં. જ્યારે વાર્તા લંબાવવા ખાતર લાંબાં, નીરસ અને અસંગત વર્ણનો કે વાક્યો આવે ત્યારે વાર્તાની કળાનો નાશ થઈ જાય છે. તે વાર્તા 'વાર્તા', મટી ગપ્પાંપુરાણ બની જાય છે; એ ઉપરાંત બાળકોની જિજ્ઞાસાદોરી ખેંચાઈ ખેંચાઈ છેવટે તૂટી જાય છે, બાળકો નિરાશ થાય છે ને જે મનોહર ભૂમિમાં વિહરતાં હોય છે ત્યાંથી પછડાઈ જાય છે. ટૂંકા વસ્તુવાળી વાર્તા દિવસોના દિવસો સુધી ચાલે અને તે પણ બાળકો આગળ શાળામાં, ત્યારે તે વાર્તા કહેનારને માટે ગર્વ લેવા જેવું નથી, એ કલામાર્ગી શક્તિ કે ચાતુર્ય નથી પણ વાર્તાકાર તરીકેની નિષ્ફળતાનું પ્રદર્શન છે. જેમ વાર્તાનું નિરર્થક લંબાણ વાર્તા કહેનારની નિષ્ફળતા દર્શાવે છે તેમ વાર્તા કહેતી વખતે બાળકોની લાગણીઓ વધારે પડતી ઉશ્કેરાઈ જાય તે પણ વાર્તાકારની ભયંકર નિષ્ફળતા બતાવે છે. ધ્રુવની વાર્તા સાંભળી બાળક વનમાં ચાલી નીકળે કે પ્રહ્લાદની વાત સાંભળી ખોટી રીતે ય મા કે બાપની સામે થઈ જાય, ત્યારે એમ જ કહેવું પડે કે વાર્તા કહેનાર ભીંત ભૂલ્યો છે, એણે શબ્દોનો હદથી વધારે મારો ચલાવી વાર્તાના આશયને ગુંગળાવી માર્યો છે. આ કારણથી જ નૈતિક વાર્તા તલવારની ધાર જેવી મને લાગે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાર્તામાં જોડકણું આવે ત્યારે બાળક પાસે ઝીલાવવાની જરૂર નથી. વાર્તા કહેનાર, બાળકને કંટાળો આવી ન જાય તેટલી વખત, જુદા જુદા દેખાતા કારણસર એ જોડકણું બોલ્યા કરે. અમુક વખત તેમ થતાં બાળકો વાર્તા કહેનારના સૂર સાથે પોતાનો સૂર મીલાવશે, તાલ પૂરશે અને આખો ઓરડો મધુર ગણગણાટથી ભરાઇ જશે. જોડકણું બાળકોને કંઠસ્થ થઈ ગયું હશે.

સ્વાભાવિક લાગતા અને યોગ્ય સ્થળના હાવભાવ, ભાવને વધારે સ્પષ્ટ કરી શકે છે; પરંતુ જ્યારે અસ્વાભાવિકતા અને અધિકતા આવી જાય છે ત્યારે ઘૃણા ઉત્પન્ન થઈ જાય છે. વારંવાર હાથ લાંબા-પહોળા કરવા, કહેતી વખતે મોઢું રડવા જેવું કરી નાખી તેવી રીતે જ બોલવું અગર છેડો વાળવા બેસી જવું, વીરરસની વાર્તા હોય ત્યારે હજારો વાર આસનેથી ઉંચા થઈ ડોળા તતડાવવા એ બધા ચાળા અનાવશ્યક છે. વાર્તા કહેનારની મોં ઉપર જ તરવરતી અસરોની વાદળીઓ સાથે જ વાતચીત કરી લઈ બાળક આશય સમજી જાય છે, શબ્દો કે હાવભાવ જે સત્ય સ્પષ્ટ કરવા અસમર્થ છે તે સત્યને વસવા માટે હૃદયનો એકાદ ખૂણો ખાલી કરી આપે છે. વાર્તા કહેનાર વાર્તાના રસપ્રવાહ સાથે અકૃત્રિમતાથી તણાતો જતો હોય તો કડુ-મીઠી લાગણીઓની છાયા તેના ચહેરા ઉપર આપોઆપ ઉતરી આવે છે. બાળકો માટે એટલું જ પૂરતું છે.

વાર્તા ભાષાની-શબ્દની કળા છે. કેટલીક વખત ચિત્રોથી જે સ્પષ્ટ નથી થતું તે શબ્દોથી થઈ જાય છે. વાર્તા અને ચિત્રોને ભેગાં કરી દેવાથી બાળકની કલ્પનાને ખેંચાણ નથી મળતું. તે ઉપરાંત કઢંગા અને અધુરા ચિત્રથી બાળકો ખોટા ખ્યાલો બાંધી બેસે છે; એટલે ચિત્રો બતાવી બતાવીને વાર્તા કહેવાય તે ઇષ્ટ નથી. કેટલીક વખત ચિત્ર આપવાની જરૂર પડે છે, પણ તે ત્યારે કે જ્યારે બાળકની કલ્પનાશક્તિ ત્યાં સુધી લંબાઈ શકતી ન હોય કે ખોટા ખ્યાલો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બંધાઈ જવાનો સંભવ હોય તો તેમની સામે ફક્ત શિયાળનું ચિત્ર મૂકયે જ છૂટકો. અપરિચિત પ્રાણીઓનાં ચિત્રો મૂકવાં જોઇએ; પણ વન, પહાડ, નદી કે સરોવર જેવાનું ચિત્ર ન મુકાય. પરીઓ, દેવ, દેવદૂત કે એવાં કોઈ પાત્રોવાળી વાત કહેતી વખતે તેમનાં ચિત્રો આપવાનું પાપ કોઈ ન કરે, એવી કલ્પના શબ્દોથી થઈ જાય ત્યાર પછી પોતે જ પોતાની મેળે કરી લે, તેવી બાળકને છૂટ હોવી જોઇએ. પરી બાળકને પ્રિય છે. મોટેરાંની કલ્પનાથી તેનું જે ચિત્ર પ્રગટયું હોય તેના કરતાં બાળક પોતાના માનસને અનુકૂળ ચિત્ર કલ્પી લે તે ઘણું જ સુંદર અને ભાવભર્યું થાય એમાં શંકાને સ્થાન નથી. આવું જ ચિત્ર સિવાયનાં બીજાં સાધનો માટે કહી શકાય. પરંતુ ‘વાર્તાને’ ‘વાર્તા’ તરીકે જ રહેવા દઇએ અને રસક્ષતિ કરવા ન માગતા હોઈએ તો બીજાં સાધનોની ઓળખાણ તે વખતે ન કરવી ઘટે. એ માટે બીજો જ વખત રહે તે સારૂં છે.

આ પ્રમાણે અનેક સાવચેતીઓ રાખી કહેલી વાર્તા શ્રેષ્ઠ ફળ આપે છે. મેં આગળ કહી દીધેલું છે કે દરેક વાર્તામાં નીતિનું તત્ત્વ ઓછા-વત્તા પ્રમાણમાં હોય છે. અને તે બાબતમાં બાળહૃદયમાં સ્થાન મેળવી લે છે. એટલે વાર્તાને અન્તે શિખામણ શી લીધી? એવો પ્રશ્ન પૂછવાની કે આખી વાર્તા દોરી શિખામણ રૂપી દૂધ કાઢી બાળક આગળ મૂકવાની જરૂર નથી. બાળક એની મેળે તે કામ કરી લે તે સારૂં છે. વળી કેટલીક વખત વાર્તા કહેનાર જેને વાર્તાનું તત્ત્વ ગણતો હોય તે વસ્તુતઃ ન પણ હોય; વાર્તાનો ઉદ્દેશ એથી જુદો ય હોય. એટલે બાળક આગળ શિખામણ લેવાની કે સારની વાત જ ન કરીએ. વાત કરીએ તો પણ એની અસર કંઈ જ હોતી નથી, અને જે અસર થાય છે તે ખોટી થાય છે; સારી નહિ. વાર્તા કહેનારને વાર્તા સાંભળનાર બાળકના આત્મનિર્ણયનો હક ઝુંટવી લેવાનો અધિકાર નથી.

હિંમતલાલ ચુ. શાહ

(પુ. ૭૬, જાનેવારી, ૧૯૨૯)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખંડ ૪ : ધર્મ-તત્ત્વજ્ઞાન

ષડ્દર્શન, વેદાન્ત, ને આધુનિક મતભિન્નતા*

કોઈ પણ દેશ જો એવો હોય કે જ્યાં દરેક યુગમાં, દરેક પરિસ્થિતિમાં, દરેક વયના મનુષ્યો પોતાની શક્તિ ને અધિકાર અનુસાર ધર્મ અને ધર્મ સંબંધી બાબતોમાં રસ લયા કરે તો તે દેશ હિંદુસ્થાન જ છે એમ કોઈ પણ માણસ નિઃસંદેહ બોલ્યા વિના રહેશે નહિ. સર નારાયણ ગણેશ ચંદાવરકરે એકવાર વાપરેલા શબ્દોનો તરજુમો કરીને કહીએ તો આપણે માતાના સ્તન્યપાનમાંજ ધર્મનાં તત્ત્વોનું પાન કરીએ છીએ, ધર્મ પ્રતિ આપણી અભિમુખતાનું સિન્ચન કરીએ છીએ, ધર્મનાં બી વાવીએ છીએ. આ વલણોને નાનપણથી જ ઉત્તેજન આપનારી ઘણી બાહ્ય વસ્તુઓ અસ્તિત્વ ધરાવે છે. બાળક સમજણી વયનું થતાં જુએ છે કે તેની આસપાસની બધી બાબતોમાં કંઈ કંઈ પણ ધાર્મિક અંશો સાથે સંબંધ હોય છે. લગ્નપ્રસંગે ગણેશપૂજા, વરઘોડાપ્રસંગે શિવ વા માતાનાં મંદિરમાં પગેલાગણું, હિસાબની ચોપડીની શરૂઆતમાં ધર્મને ગજવામાં મૂકનાર વ્યાપારીઓને હાથે પણ એમ્ કે ગણેશના નામનું લખાણ, હોળી જેવા રમવાના તહેવારોમાં અને દીવાળી જેવા મ્હાલવાના દિવસોમાં પણ દેવીપૂજા અથવા દેવદેવીનાં દર્શન—એ સર્વેનાં નિરીક્ષણની સબળ છાપો કુમળાં મગજ પર બાલ્યાવસ્થામાં પડે છે. મોટી ઉમ્મરે પણ દૈનિક જીવનની સામાન્ય પ્રવૃત્તિઓમાં, જિંદગીના માંગલિક પ્રસંગોમાં તેમજ શોચનીય અનુભવોમાં ધર્મ સર્વદા સંલગ્ન હોય છે. યુરોપના ફિલસુફ મૅલ્બ્રૅકનો મુખ્ય સિદ્ધાન્ત એ હતો કે We live and move and have

* મે માસમાં સુરત શાંકરજયન્તી સમયે વાંચેલો લેખ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

our being in God, અર્થાત્, આપણે ઈશ્વરમાં જ જીવીએ ને હરીએ ફરીએ ને અસ્તિત્વ ધરાવીએ છીએ. આપણને આ વાક્ય અક્ષરશઃ લાગુ પડે છે, કારણ કે આપણે 'न मम,' 'ईश्वरप्रीत्यर्थं भवतु' વારંવાર સ્હેલાઇથી કહી દઇએ છીએ. તફાવત માત્ર એ છે કે આનંદ સમયે આપણે જ્યારે એક દેવનું નામ દઇએ છીએ ત્યારે શોક સમયે બીજાનું દઇએ છીએ. પરંતુ એટલું તો બહુધા માલૂમ પડશે કે ગમે તેવો નાસ્તિકમાં નાસ્તિક મનુષ્ય હશે ને ગમે તેવો વિજ્ઞાનના જડવાદમાં દબાઇ ગએલો પણ હિંદુસ્થાનમાં જન્મેલો નર હશે તો તે સંસારનો કટુ અનુભવ લેતાં, પ્રિય વસ્તુ તરફથી પ્રિયનો બદલો ધાર્યા પ્રમાણે ન મેળવતાં, નિકટના સ્નેહી સંબંધીના મૃત્યુના શોકમાં ગ્રસ્ત થતાં અને એવા એવા અનેક વિધિવશાતના અનુભવો મેળવતાં 'જગત્ મિથ્યા છે,' 'ફાની દુનિયામાં સુખનાં ફોગટ ફાંફાં મારવાનાં છે'–એવા એવા ઉદ્ગારો કાઢી અને એ ઉદ્ગારો જે તત્ત્વજ્ઞાનસૂચક વાક્યો છે તે ફિલસુફીનાં સામાન્ય સિદ્ધાન્તોને શરણે જઈ પોતાનાં ને પોતાનાં સ્નેહીઓનાં ચગદાયલાં હૃદયને આશ્વાસન આપશે. આર્ય સંસારમાં તો રાય વા રંકને, સાક્ષર વા નિરક્ષરને, જ્ઞાની વા અજ્ઞાનીને, યુવક વા વૃદ્ધને, સ્ત્રી વા પુરુષને દુઃખમાં દીલાસો દેનાર એક સાચો મિત્ર, જગપ્રસિદ્ધ આપણી માયાની ફિલસુફી જ છે, અને કયો પુરૂષ એવો હશે કે જેને શિર દુઃખ કદાપિ નહિ પડ્યાં હોય અને દુઃખમાં શાન્તિ આપનાર આવા સાચા મિત્રની જરૂર નહિ પડી હોય? હિંદુસ્થાનમાં મનુષ્યજીવન સાથે અતીવ ગાઢ સંબંધ ધરાવનાર આ ફિલસુફીના તત્ત્વસિદ્ધાન્તો શા શા છે, તેનાથી જગત્‌ના સર્વે અનુભવોનું સમાધાન કેટલે અંશે થાય છે, તેમાંથી જુદી જુદી પરિસ્થિતિઓમાં કેટલા સિદ્ધાન્તો સર્વગ્રાહ્ય થયા છે–એ પ્રશ્નો અગત્યના છે પણ તેનું નિરાકરણ કરવાને અત્ર સમય વા સ્થળ નથી, તેમજ મારો ઉદ્દેશ પણ નથી. વેદાન્તના ને વેદાન્તની સાથેના સિદ્ધાન્તો પર પશ્ચિમનાં તત્ત્વજ્ઞાનથી કેવા પ્રકારનો પ્રકાશ મળે છે, તે, સમયાનુસાર દર્શાવી,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કૂટ પ્રશ્નો દૂર રાખી સામાન્ય બુદ્ધિને એ પ્રકાશ કેવો લાગે છે, તે કહેવા અત્ર સવિનય યથામતિ પ્રયત્ન કરવા આજે મારી ઈચ્છા છે.

नास्ति सांख्यसमं ज्ञानं नास्ति योगसमं बलम्। પતંજલિ મુનિની યોગની ફિલસુફી કપિલ મુનિની સાંખ્યની ફિલસુફીની એક શાખા જેવી ગણાય છે. સાંખ્ય સમાન જ્ઞાન નહિ ને યોગસમાન બળ નહિ–એમ કહેવાનું કારણ એ છે કે બન્ને ઘણાં લોકપ્રિયતાનાં તત્ત્વો ધરાવે છે. બી વિના વૃક્ષ થતું નથી ને કારણ વિના કાર્ય થતું નથી, તો પછી સૃષ્ટિનું પ્રથમ કારણરૂપ એક તત્ત્વ હોવું જોઈએ ને તે તત્ત્વ તે સાંખ્યમત પ્રમાણે પ્રકૃતિ છે. પ્રકૃતિને ત્રણ ગુણ છે–સત્ત્વ, રજસ્ ને તમસ્. ભગવદ્‌ગીતાનો પાઠ અથવા બીજું કોઈ પણ લોકપ્રિય હિંદુ ધર્મપુસ્તક વાંચનાર ભાગ્યે જ આ ત્રણ ગુણોના નામથી અજ્ઞાત હશે. પ્રકૃતિમાંથી ઉદ્‌ભવેલી વસ્તુ માત્રમાં થોડાવત્તા પ્રમાણમાં આ ત્રણ ગુણોનું મિશ્રણ જોવામાં આવે છે; અને ઉદાહરણ તરીકે, જે મનુષ્યમાં સત્ત્વ ગુણનું પ્રાધાન્ય હશે તે સાત્ત્વિક વૃત્તિવાળો થશે, રજોગુણ પ્રબળતા ધરાવશે તે રાગયુક્ત રહેશે, ને તમોગુણવાળો અજ્ઞ રહેશે. પ્રકૃતિથી શરૂઆત કરી બીજાં ૨૩ તત્ત્વો ગણાવવામાં આવે છે, ને છેલ્લું અથવા ૨૫ મું તત્ત્વ તે પુરુષ અથવા જીવનું કહેવામાં આવે છે. આ પુરુષ તે જાતે ગુણરહિત છે, પણ પ્રકૃતિના ત્રણ ગુણોની એને પણ અસર થાય છે. સાંખ્ય તત્ત્વજ્ઞાનનો ઉદ્દેશ, પ્રકૃતિને લીધે અનેક બંધનોમાં સંકડાયલા પુરુષ અથવા આત્માની મુક્તિ કરવાનો છે, અને આ પ્રમાણે અથવા સત્યજ્ઞાનથી થઈ શકે છે. યોગફિલસુફી ઈશ્વરનું અસ્તિત્વ ખુલ્લી રીતે કબુલ કરે છે. સાંખ્યમત પ્રમાણે પ્રકૃતિ ને પુરુષ બન્ને નીરાળાં છે અને ઈશ્વરનાં અસ્તિત્વની આવશ્યકતા જ રહેતી નથી. પણ યોગનો તો મૂળ ઉદ્દેશ જ એ છે કે મનુષ્યના જીવને પરમાત્મામાં લીન કરવો, ને તેને માટે યોગ્ય માર્ગ દર્શાવવા. વૈરાગ્ય આણવાને માટે યોગની ફિલસુફી પ્રમાણે यम, नियम, आसन, प्राणायाम, प्रत्याहार, धारणा, ध्यान ને समाधि કરવાં પડે છે. યોગીઓનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉદ્દેશ ચિત્તને એકાગ્ર કરી આમ વૈરાગ્ય પ્રાપ્ત કરવાનો ને અન્તે આત્માને પરમાત્મામાં લીન કરવાનો છે. યોગનો મૂળ ઉદ્દેશ સમયને અનુસરીને ઘણો ઉચ્ચ હતો ને તેને માટે પ્રયત્ન કરનારા પણ તે વખતે અધિકારી પુરુષો જ હશે. શાન્ત, સરલ, ને નિવૃત્ત જીવન ભોગવતા પ્રાચીન યુગોના મનુષ્યોને યોગસિદ્ધિ લાભપ્રદ થઈ હશે. પ્રાચીન ગ્રીસના તત્ત્વવેત્તાઓમાં Neo—Platonists નામથી ઓળખાતા તત્ત્વવેત્તાઓને પણ આવી ધૂન લાગી હતી. Neo-Platonist મત પ્રથમ પ્રતિપાદન કરનાર ને તે મતનો મુખ્ય પુરુષ Plotinus હતો. એની ફિલસુફીનો ઉદ્દેશ પણ એવો હતો કે અધ્યાત્મ વિદ્યાને બળે જીવાત્માને પરમાત્મામાં તલ્લીન કરી નાંખવો; આ સ્થિતિ, તે Ecstacy ના નામથી પીછાનાય. એમ કહેવાય છે કે આ સ્થિતિ Plotinusએ ૭ વર્ષમાં ચાર વખત ને Prophyryએ એક વાર પ્રાપ્ત કરી હતી. આધુનિક કાળમાં સર્વ સ્થળે પ્રવૃત્તિ, પ્રવૃત્તિ, ને પ્રવૃત્તિ જોવામાં આવે છે. આજકાલ તો પ્રવૃત્તિમય જીવનથી જ ઐહિક સાફલ્ય મળી શકે છે, અને માત્ર નિવૃત્તિદ્વારા પારમાર્થિક સિદ્ધિ પ્રાપ્ત કરવાનો પ્રયાસ ક્વચિત જ શ્લાઘ્ય ને આદર્શરૂપ ગણાય છે. એટલે આ વિષે આટલેથી જ વિરમીશું.

ગૌતમ ઋષિની ન્યાયની પદ્ધતિ તદ્દન જુદી જાતની છે. ન્યાયની પદ્ધતિ પૃથક્કરણની અથવા Analytic છે. સાંખ્યની એકીકરણની અથવા Synthetic છે. આવી રીતે ન્યાયની પદ્ધતિ Aristotle-ની નૈયાયિક પદ્ધતિ સાથે સરખી આવે છે. પ્રમાણ, અથવા પ્રમા પ્રાપ્ત કરવાનાં સાધન,–સત્ય જ્ઞાન મેળવવાના રસ્તા, ન્યાયમાં ચાર દર્શાવવામાં આવે છેઃ–प्रत्यक्ष, अनुमान, उपमान, ને शब्द. સાંખ્યફિલસુફીમાં ત્રણ પ્રમાણ ગણાવવામાં આવે છેઃ–दृष्ट, अनुमान, ને आप्तवचन. આમાં अनुमान આપણું ખાસ લક્ષ ખેંચે તેમ છે. યુરોપીઅન Logic અથવા ન્યાયશાસ્ત્રનો પાયો ગ્રીક તત્ત્વજ્ઞ ઍરિસ્ટૉટલે નાંખ્યો હતો. આર્ય ન્યાયશાસ્ત્ર ને યુરોપીઅન ન્યાયશાસ્ત્રની અનુમાનની પદ્ધતિમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ફેર છે. યુરોપીઅન પદ્ધતિ પ્રમાણે દરેક અનુમાનમાં ત્રણ અવયવ હોય છે; આપણામાં પાંચ. આપણામાં પાંચ અંગ આ પ્રમાણે હોય છે:– (૧) પર્વત વહ્નિમાન છે, (૨) ધૂમવાળો હોવાથી, (૩) જ્યાં જ્યાં ધૂમ છે ત્યાં ત્યાં વહ્નિ છે, જેમકે રસોડું, (૪) આ (પર્વત) વહ્નિ-વ્યાપ્ય ધૂમવાળો, (૫) માટે, આ (પર્વત) એવો (વહ્નિવાળો) છે. આ પાંચ વાક્યોમાં 'પર્વત વહ્નિમાન' છે–એ પ્રથમ વાક્ય, પ્રતિજ્ઞા કહેવાય છે, 'ધૂમવાળો હોવાથી'–એ બીજું, હેતુ, 'જ્યાં જ્યાં ધૂમ છે ત્યાં ત્યાં વહ્નિ છે, જેમકે રસોડું'–એ ત્રીજું, उदाहरण (કારણ કે મુખ્ય પ્રતિજ્ઞા વાક્યનું આ વાક્યમાં દૃષ્ટાન્ત આપવામાં આવે છે); આ પર્વત પર ધૂમ છે,–એ ચોથું, उपनयन કહેવાય છે (એ વાક્યમાં उदाहरण હાથમાં લીધેલી બાબતને લાગુ પાડવામાં આવે છે); ને 'માટે આ પર્વત વહ્નિવાળો છે' એ પાંચમું निगमन. પાંચમા અથવા છેલ્લા વાક્યમાં પ્રતિજ્ઞાની પુનરુક્તિ કરાય છે, અર્થાત્ એમ કહેવામાં આવે છે કે જે સિદ્ધ કરવું હતું તે થયું. માનસશાસ્ત્રના નિયમ પ્રમાણે અનુમાનની આજ પદ્ધતિ સ્વાભાવિક છે, કારણ કે આપણે જે કંઇ સિદ્ધ કરવું હોય તેનો ખ્યાલ આણી, પછી તેનાં કારણો શોધીએ છીએ. વળી આપણી પ્રાચીન પદ્ધતિ એવી હતી કે કોઈ પણ વિષયમાં જ્ઞાન, તે માટે જિજ્ઞાસા ઉત્પન્ન કરીને પછી આપવું. એટલે પ્રતિજ્ઞા પ્રથમ કરવી જ જોઇએ. યુરોપીઅન ન્યાયશાસ્ત્રમાં આવું નથી. તેમાં અનુમાનનાં માત્ર ત્રણ જ અંગ હોય છે; કારણ કે આપણી રીત પ્રમાણે પ્રથમ દર્શાવવા પડતાં પ્રતિજ્ઞા ને હેતુની, તેમાં આવશ્યકતા નથી. એટલે સરખામણીમાં યુરોપીઅન પદ્ધતિ ટુંકી તોપણ અનુમાન સાબીત કરવાને સમાન રીતે લાયક ગણી શકાય. તે પદ્ધતિ પ્રમાણે અનુમાન નીચે પ્રમાણે કરાય છે:—

સર્વે મનુષ્ય મર્ત્ય છે.
રામ મનુષ્ય છે,
તેટલા માટે, રામ મર્ત્ય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આમાં उदाहरण પ્રથમ મૂકી उपनयन વાક્ય પછી મૂકવામાં આવે છે. नियम અથવા conclusion છેલ્લું આવે છે. સાધારણ ચર્ચાઓમાં ને વાદવિવાદોમાં આ પદ્ધતિ કંઈ વાપરી શકાય એવી નથી. સાધારણ રીતે આપણે પ્રતિજ્ઞા પ્રથમ કરી અથવા પ્રતિજ્ઞાને ધ્યાનમાં રાખી દલીલો ચલાવીએ છીએ.

प्रमाण વિષે આ પ્રમાણે કહી, હવે આપણે प्रमेय ઉપર જઈશું ન્યાયશાસ્ત્ર પ્રમાણે प्रमेय દ્વાદશ છે;—आत्मा, शरीर, इन्द्रिय, अर्थ, (objects of sense), बुद्धि, मन, प्रवृत्ति, दोष, पत्यभाव, (transmigration), फल, दुःख ને अपवर्ग (મોક્ષ). Aristotleની પદ્ધતિ પ્રમાણે દશ પ્રમેય છે. આ Aristotteની પ્રખ્યાત દશ Categories છે. આપણા ન્યાયશાસ્ત્રમાં દર્શાવેલાં आत्मा, शरीर, इन्द्रिय, मन, बुद्धि--એ બધાં Aristotleના પ્રથમ જ વિભાગ—Substance અથવા અધિષ્ઠાનના મથાળા નીચે આવી જાય. સંબંધ, ગુણ, સ્થિતિ—Relation, Quality, Position વગેરે બાકીના નવ Aristotleના વિભાગો પૃથક્કરણની રીતિએ જોતાં વધારે યોગ્ય લાગે છે. પરંતુ પ્રમેયના આવી રીતે પાડેલા વિભાગોના કરતાં આધ્યાત્મિક સત્યસંશોધનને માટે જર્મનિના મહાન્ તત્ત્વચિંતક (કૅંટ) Kantની રીતિ વધારે અગત્યની ગણાય છે. Kant ના સિદ્ધાન્ત પ્રમાણે વસ્તુઓ પ્રથમ આપણી ઇન્દ્રિયો પર અમુક છાપો પાડે છે, ને પછી આપણી બુદ્ધિ તેનું અમુક બીબામાં ગ્રહણ કરે છે. વસ્તુઓ જેવી હોય તેવી આપણને કદી માલૂમ પડતી નથી. પ્રથમ આપણી બુદ્ધિ તેને અમુક રીતે ગોઠવે છે. પછી આપણને ભાન થાય છે. વૃક્ષ, મનુષ્ય, ગાય એમ કોઈ પણ વસ્તુનું इदं किंचित् એવું કંઈક ભાન નિર્વિકલ્પ પ્રત્યક્ષ, પ્રથમ થાય છે ને તે શું છે તેનું ભાન પછી થાય છે. આ પછીથી મળતું ભાન સવિકલ્પ પ્રત્યક્ષ કહેવાય છે, અર્થાત્ વસ્તુઓની છાપ મનપર પડતાં પહેલાં આપણી બુદ્ધિ તેનું કામ કરીજ ચાલી જાય છે, ને તેને રૂચે તેવા રૂપમાં તેનું નિરીક્ષણ કરે છે. આ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અમુક અમુક બીબાં તે Kantની Categories છે. જો કોઈ પણ વસ્તુનું નિરીક્ષણ સંખ્યાબુદ્ધિથી થાય તો તેનું ભાન આપણને થાય તે ત્રણમાંથી એકાદ મથાળા નીચે કરાય— Unity, Plurality, Totality; વસ્તુ એક હોય, બહુ હોય, કે આખી હોય. સંખ્યા અથવા Quantityનાં બીબાંની પેઠે ગુણ, સંબંધ વગેરેનાં પણ બીબાં હોય છે. સંબંધાદિ પણ વસ્તુમાત્રમાં નથી પણ માનસિક નિરીક્ષણનાં, અથવા બુદ્ધિનાં અમુક બીબાં છે. આવી રીતની વિચારની પદ્ધતિથી Kantએ યુરોપનાં તત્ત્વજ્ઞાનમાં એક મોટો સુધારો આણ્યો હતો. એના વખત સુધી એવું મનાતું હતું કે વસ્તુઓ અને મન બન્ને નીરાળાં છે, તેઓ માત્ર કોઈ કોઈવાર જ સંબંધમાં આવે છે. Kantએ મુખ્ય સિદ્ધાન્ત એવો પ્રતિપાદન કર્યો કે વસ્તુ શું છે તે આપણને તદ્દન અજ્ઞાત છે, આપણને માત્ર phenomena દેખાવો જણાય છે, અને તે દેખાવો મનનાં અમુક બીબામાં પડ્યા સિવાય જણાય જ નહિ. કોપર્નિકસે જેમ ભૂમંડળમાં સૂર્યને મધ્યસ્થાને સ્થાપિત કર્યો તેમ કૅંટે જ્ઞાન માત્રમાં મનને મધ્યસ્થાને સ્થાપિત કર્યું.

કણાદ મુનિની વૈશેષિક ફિલસુફીમાં પણ શરૂઆત પદાર્થો અથવા Categoriesની ગણતરીથી કરવામાં આવી છે, અને તેના સપ્ત પદાર્થ—द्रव्य, गुण, कर्म, सामान्य, विशेष, समवाय ને अभाव છે. Aristotleની પદાર્થની ગણતરીની પદ્ધતિને આ પદાર્થોની પદ્ધતિ મળતી આવેલ છે. વૈશેષિક તત્ત્વજ્ઞાન પ્રમાણે સૃષ્ટિ જુદા જુદા અણુઓના અદૃષ્ટથી થએલા સમાગમને આધારે રચાયલી છે. ગ્રીસમાં Democritus આદિ atomists અથવા અણુવાદીઓએ આવો સિદ્ધાન્ત પ્રતિપાદન કર્યો હતો. પણ વિજ્ઞાનના સિદ્ધાન્તો જાતજાતના બદલાઈ ગયા છે. છેલ્લી શોધો પ્રમાણે અણુ પણ હવે વિભાજ્ય માનવામાં આવે છે; વિજ્ઞાનની અણુવાદની પદ્ધતિને છેલ્લી Electrons—(ઇલેકટ્રોન્સ)ની શોધોએ ક્યારનીએ હાંકી કાઢી છે. ઉપર, ચાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દર્શનો વિષે સહજ બોલી હવે આપણે પૂર્વ ને ઉત્તર મીમાંસા વિષે વિચાર કરીશું.

જૈમિનિની મીમાંસા તે પૂર્વમીમાંસા; સાધારણ રીતે, તે મીમાંસાના નામથી ઓળખાય છે; ને બાદરાયણની મીમાંસા—ઉત્તર મીમાંસા તે વેદાન્ત. પૂર્વમીમાંસામાં વેદમાં આવતા મન્ત્રો વિષે સમજુતી આપવામાં આવી છે. આ મીમાંસામાં ખરૂં જોતાં તત્ત્વજ્ઞાનના સિદ્ધાન્તો કે તે વિષે કંઈ પણ ચર્ચા નથી પણ માત્ર વેદનો અર્થ સમજાવવાને પ્રયત્ન કરવામાં આવ્યો છે. વધારે પ્રખ્યાત અને અગત્યની મીમાંસા તે ઉત્તરમીમાંસા અથવા વેદાંત છે. એ સિદ્ધાન્તોનું ઉત્તમ પ્રતિપાદન કરનાર, ભાષ્યકાર શ્રીમન્ શંકરાચાર્ય—જેમની આપણે આજે જયન્તી ઉજવવા એકઠા થયા છીએ—તે આપણા આદિ આચાર્ય આઠમા નવમા સૈકામાં જન્મ્યા હતા. વેદાન્તનો મુખ્ય સિદ્ધાન્ત સરલ—एकमेवाद्वितीयम् —એ, કેવલાદ્વૈતનો છે. આ મત પ્રમાણે પ્રકૃતિ ને પુરુષ એવાં બે તત્ત્વો, કે મિશ્રિત થતાં અણુઓથી જગત્ ઉત્પન્ન થાય છે એમ માનવાની જરૂર નથી, પણ બ્રહ્મ એક જ સત્ય છે ને જગત્ મિથ્યા છે એમ નિર્ણીત થાય છે. જે જગત્ આપણે જોઈએ છીએ તે માત્ર અવિદ્યાજનિત ભ્રાન્તિ છે, અજ્ઞાનના આવરણમાં સર્વે આભાસવત્ છે, રાત્રિને વખતે રજ્જુ પર થએલા સર્પના અધ્યાસવત્ છે, પ્લેટોના ‘સંવાદો’માં: ગુહામાં ગોંધાયલો મનુષ્ય છાયા માત્ર જોય છે તેના જેવું છે, એક શબ્દમાં, **માયા** છે. Berkeleyનાં તત્ત્વજ્ઞાનમાં પણ કહેવામાં આવે છે કે the esse of things is their percipi; અર્થાત્ વસ્તુમાત્રનું અસ્તિત્વ તેના નિરીક્ષણ ને તેથી ઉત્પન્ન થતા વિચારોથી નિર્ણીત થાય છે. વસ્તુનું સમ્યગ્જ્ઞાન આપણને થતું નથી. અવિદ્યાના આવરણમાંથી મુક્ત થવું ને બ્રહ્મનું જ્ઞાન મેળવવું એ જ વેદાન્તનો ઉદ્દેશ છે. મનુષ્યાત્મા બ્રહ્મથી નીરાળો નથી. પ્રત્યેક મનુષ્યના મગજમાં આ અતિગહન વિચાર ઉતરવો મુશ્કેલ છે. વળી અવિદ્યાનો છેદનાર જે આ બ્રહ્મનું જ્ઞાન આપણે સંપાદન કરવા ઇચ્છીએ છીએ તે નિર્ગુણ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જગત્‌નું આદિકારણ એક ઈશ્વરનું અસ્તિત્વ કબૂલ કર્યા પછી દરેક તત્ત્વજ્ઞાનમાં બીજો મોટો પ્રશ્ન એ ઉદ્‌ભવે છે કે ઈશ્વર સગુણ છે કે નિર્ગુણ. સામાન્ય બુદ્ધિને સગુણ બ્રહ્મવાદ ને ભક્તિમાર્ગ વધારે રૂચે છે પણ સગુણવાદમાં, સામાન્ય બુદ્ધિથી વિચારતાં કેટલીક ગુંચવણ ઉભી થાય છે ને તે નીચે પ્રમાણે દર્શાવાયઃ—

સંસારમાં સારાંની સાથે નરસું ને સુખની સાથે દુઃખ જોડાયલું જ છે. ઈશ્વિરે પ્રથમથી જ આ જાણ્યું હોવું જોઈએ, નહિતર ઈશ્વર સર્વજ્ઞ નહિ ઠરે. પણ તેમ હોય, અર્થાત્ ઈશ્વર સર્વજ્ઞ હોય, તો ક્યાં તો માનુષી દુઃખો અટકાવી શકવાને એ શક્તિમાન્ વા અશક્તિમાન્—એમાંથી એક હોવો જોઈએ. જો આપણે એમ માનીએ કે ઈશ્વર સર્વ-શક્તિમાન્ છે તો દુઃખ માત્ર રહેવાં જ ન જોઈએ, નહિતર ઈશ્વરનાં જાણતાં છતાં તે રહ્યાં હોય તો ઈશ્વિર મનુષ્યના વ્હાલેશ્રી નથી એવી શંકા ઉદ્‌ભવે. કર્મનાં ફળ ભોગવવાં પડે છે—એમ કહેવામાં પણ મુશ્કેલી દૂર નથી થતી, કારણ કે આદિ કર્મ અથવા તો છેક પ્રથમનાં કર્મ સારાં ન ઉદ્‌ભવ્યાં હોય તેને માટે કોણ જવાબદાર છે? મતલબ કે ઈશ્વર સર્વજ્ઞ છે, સર્વશક્તિમાન્ છે, સર્વ પર દયાળુ છે, આદિ ગુણો કલ્પતાં આપણે પરસ્પર વિરોધમાં આવતા ગુણો એક જ ઈશ્વરમાં કલ્પવા પડશે—આ અશક્ય છે. 'To define God, is to deny Him,' અર્થાત્ આવું કહેવામાં Spinozaનું માનવું એવું હતું કે ઈશ્વરના લાક્ષણિક ગુણો આપવા બેસીશું તો ઇશ્વરનું અસ્તિત્વ જ નાકબૂલ કર્યા જેવું થશે. ધાર્મિક ભાવનાઓનો ઇતિહાસ પણ ક્રમે ક્રમે Deanthropomorphization અથવા તો ઈશ્વરને માનુષી ગુણવાળો ધીમે ધીમે ન જોવાની તરફેણમાં જ છે. પણ જ્ઞાનની આવી ઉચ્ચ અવસ્થાએ પ્રથમ પહોંચવું મુશ્કેલ છે, ને પહોંચ્યા પછી તે સ્થિતિએ ટકી રહેવું વિકટ છે, કારણ કે તેનું ગ્રહણ કરે એવું મનોબળ કોઈ પણ પ્રજામાં ચિરસ્થાયી રહેતું જોવામાં આવતું નથી.

ઘણી વખતે એમ કહેવામાં આવે છે કે વેદાન્તના સિદ્ધાન્તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રમાણે વર્તન રાખીએ તો પછી ધર્મ ને નીતિનાં ક્ષેત્રોમાં 'શું કરવું, 'શું ન કરવું,' ને તે વિષેની જવાબદારી કેવી રીતે સ્થાપિત કરાય? માણસે કોઈ પણ પ્રકારની પ્રવૃત્તિ પણ શા માટે કરવી જોઇએ? કારણ કે કર્ત્તા બ્રહ્મ છે, માણસને શિર કંઈ છે જ નહીં. 'મારૂં તે તારૂં'ને 'તારૂં તે મારૂં' ને સર્વ વસ્તુ બ્રહ્મ છે તો પછી આત્મોન્નતિનો અર્થ જ શો? કારણ કે વ્યક્તિત્વ અથવા Individuality નાશ પામે છે. વળી વસ્તુઓનો ભેદ નાશ પામે છે. વળી વસ્તુઓનો ભેદ નાશ થયો હોવાથી સર્વે વસ્તુ પર સર્વેના સામાન્ય હક ઠરે. આવા પૂર્વપક્ષો માત્ર ઉપલકીઆ છે ને તેમની ભીતિ રાખવાનું કારણ નથી. જ્યાં સુધી મનુષ્ય સાંસારિક ઉપાધિઓમાં સંકડાયલો છે, ત્યાં સુધી 'મારૂં તારૂં'ને વસ્તુઓ વિષે ભેદબુદ્ધિ રહેવાનાં જ, અને એ ભેદબુદ્ધિ રહેવાથી વ્યાવહારિક રીતે નીતિ અનીતિ, ધર્માધર્મના ભેદો પણ રહેવાના જ અને તેની આવશ્યકતા પણ છે.

આજકાલ ઘણીવાર ધર્મપન્થના ખોટા ઝઘડાઓ ઉભા થાય છે. હિંદુ ધર્મમાં કંઈ એક મત નથી. કોઈ એમ કહે કે "હું હિંદુ ધર્મ પાળું છું" તો પ્રથમ તો તેનો અર્થ જ નહિ સમજાય, કારણ કે ધર્મની નીચામાં નીચી પંક્તિ સુધી પહોંચેલા આચાર્યોના જુદા જુદા મતો હિંદુસ્થાનના જુદા જુદા મતવાળા લોકો એક્કી વખતે માનતા જોવામાં આવે છે. અસ્તુ! પ્રજાકીય ને પ્રજાપ્રિય થાય એવો ધર્મ કંઈ એક તત્ત્વચિંતકના થંડા મગજને રુચે એવો ઉત્તમ હોતો નથી. પણ તેથી કંઈ અસહિષ્ણુતા ઉત્પન્ન થતી નથી અને થાય તેટલી અસ્થાને જ કહેવાય. ઉચ્ચમાં ઉચ્ચ ધાર્મિક મતો સામાન્ય રીતે લોકપ્રિય ન થાય તેથી શું થઈ ગયું? અસહિષ્ણુતા ત્યાજ્ય છે. પણ એમ જણાય છે કે ટપાટપીનું મૂળ, અર્ધદગ્ધ સ્થિતિ છે. કોઈ પણ મનુષ્યના હાથમાં કંઈ પણ અર્ધ સત્ય આવે કે તેને વિષે બહુધા દુરાગ્રહી થવાનો, અને દુરાગ્રહમાં મચ્યો રહેવાનો, કારણ કે સત્યની પ્રાપ્તિ તેનાથી દૂર રહેવાની. સત્યપ્રાપ્તિ અતિ કઠિન છે ને તેને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માટે તેનું ગ્રહણ કરે એવાં ઉદાર મનની જરૂર છે. Schopenhaver કહે છે: "Truth is no prostitute that throws herself away upon those who do not desire her; she is rather so coy a beauty that he who sacrifices everything to her cannot even then be sure of her favour." પોતાનાં મનોબળનું સર્વસ્વ અર્પણ કરનાર મનુષ્યને પણ સત્ય દુર્લભ છે. જે સત્યની પ્રાપ્તિને માટે મહામહોપાધ્યાયો ને મોટા મોટા આચાર્યો ફાંફા મારે છે ને મત-ભિન્નતામાં આવે છે, તે સત્ય, વગર શ્રમે પોતાને પ્રાપ્ત થયું છે એમ ગણી પોતાના મતો વિષે દુરાગ્રહ કરનારા અન્યથા સુજ્ઞ જનો અજ્ઞ થાય છે, સહિષ્ણુ અસહિષ્ણુ થાય છે, અને વિનીત અવિનીત થાય છે.

પ્રાચીન તત્ત્વજ્ઞાનનાં પ્રખ્યાત ષડ્દર્શનો આપણે અહીં વિચર્યાં અને તેમાં વેદાન્ત વિષે સહજ અવલોકન કર્યું. Comte નામનો આધુનિક ફ્રેંચ તત્ત્વજ્ઞ એમ દર્શાવે છે કે માનસશાસ્ત્રના નિયમ પ્રમાણે મનુષ્યો પોતાની સમાજની પરિસ્થિતિને અનુકૂળ ધર્મવિચારો ને નીતિનિયમો બાંધે છે. એક વખત એવો હતો કે યુરોપ જેવા દેશમાં પણ Popes અથવા ધર્મગુરુઓ સર્વશક્તિમાન્ હતા. ને ધર્મ, વિજ્ઞાન, તત્ત્વજ્ઞાન—એ સર્વેમાં લોકો પ્રાચીન યુગોના ને ખાસ કરી પ્રાચીન ગ્રીસના તત્ત્વજ્ઞાનીઓના જાણે દાસ થઇને રહ્યા હતા, અને એ બુદ્ધિનાં દાસત્વની વિરુદ્ધ Bacon આદિ ફિલસુફોને છેવટે ભારે યુદ્ધ કરવું પડ્યું હતું. એક વખત એવો હતો કે હિંદુસ્થાનમાં પણ બ્રાહ્મણો જ્ઞાન પચાવી બેસવાનો દાવો કરી બેઠા હતા, શુદ્ધ ધર્મ ખાંજરે પડ્યો હતો, ને ધર્મને નામે જાતજાતનાં ધતીંગો ચાલ્યાં જતાં હતાં. તેવી વખતે લોકમત જે માત્ર અવ્યક્ત હતો તેને પોતાનાં ઉપદેશદ્વારા વ્યક્ત કરનાર સિદ્ધાર્થ ગૌતમ બુદ્ધ આર્ય ભૂમિમાં જન્મ્યો. પરંતુ કાળક્રમે બુદ્ધ સંઘોમાં ને બુદ્ધ સાધુઓમાં આલસ્ય, પરસ્પર-વિરોધ, ને અજ્ઞાનાદિ અનેક કારણો ઉત્પન્ન થયાં, એક વખત કંટાળીને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાસ્તિક જેવા થઈ ગએલા લોકો આસ્તિક થયા ને વેદધર્મના પુનરુજ્જીવનની બધી તૈયારીઓ થઇ રહી. દારૂગોળાઓમાં માત્ર ચાંપજ દાબવાની રહી હતી. તેવી વખતે અનુપમ મનોબળ ધરાવનાર એક ધર્મગુરુએ જન્મ લીધો, અને તે, આપણા પૂજ્ય શ્રીમાન્ આદિ શંકરાચાર્ય હતા. તેમણે વેદધર્મ સ્થાપિત કર્યો ને લૂલા, લંગડા, ખંચકાતા બુદ્ધ ધર્મને એવા સપાટા લગાવ્યા કે એ ધર્મ પોતાની જન્મભૂમિમાંથી નાશ પામી ગયો તે ગયોજ, એટલે સુધી કે આજે જ્યારે ચીન, જાપાન, સીલોન, ને બરમા જેવા દેશોમાં એ ધર્મ ઘર કરી બેઠો છે ત્યારે અહીં તો માત્ર ઇતિહાસના કોઈ શોખીન વિરલ નરનેજ તે હતો એમ પણ દૃષ્ટિગોચર થાય છે.

શાંકર મતની સાથે સ્પર્ધા કરતા અન્ય મતો વિષે ચર્ચા કરવી એ બાબત હું મારા અધિકારની બહારની સમજું છું. તોપણ એટલું હું સવિનય કહી શકું છું કે જ્ઞાનમાર્ગ ને ભક્તિમાર્ગ—એ બેની વચ્ચે પસંદગી કરવાની હોય તો હું તો પ્રથમના તરફજ આંગળી કરૂં. છતાં ધર્મ લોકપ્રિય થવાને ભક્તિમાર્ગ પણ અગત્યનો છે, અને જ્યાં સુધી, સમાજ ઘણુંજ ઉંચા પ્રકારનું જ્ઞાન ધરાવતી ન થાય ત્યાંસુધી તેને માટે ભક્તિમાર્ગ શ્રેયસ્કર છે, એટલુંજ નહિ પણ તેને જો તે માર્ગ બહુધા ગ્રાહ્ય થઈ પડ્યો હોય તો બીજું કંઈ નહિ તો પ્રજાનું ઐક્ય જાળવી રાખવા ખાતર પણ તેને ભક્તિમાર્ગમાં નિમગ્ન રહેવા દેવી ને આપણે તેની સાથે એકમત રહેવું. अज्ञश्चाश्रद्दधानश्च संशयात्मा विनश्यति. આ ભક્તિમાર્ગમાં કોઈ પણ અનીતિના અંશ હોય તો તેને નિઃશંક દૂર કરવા. બીજી એક બાબત એ ધ્યાનમાં રાખવાની છે કે Emerson કહે છે તેમ "That which we are we shall teach, not voluntarily, but involuntarily. જે આપણે છીએ, તે આપણે જાણતાં નહિ, પણ અજાણતાં શીખવીશું." અર્થાત્ આપણાં વર્તનની છાપ કંઈ ઓર રીતે આપણે ન જાણતા હોઇએ તેમ પણ બીજા પર પડેજ છે. બ્રાહ્મણોમાં, પ્રથમ વિદ્યા ને વર્તનનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બળ હતું ત્યારે સમાજ પર તેઓ સારા સંસ્કાર પાડી શકતા હતા, ને તેઓ સર્વથા આદર્શરૂપ ગણાતા હતા. અત્યારે શ્રેષ્ઠ ધર્મગુરુઓ હોય છે તે માત્ર વિરલજ હાથમાં આવે છે; બાકી કહેવાતા ધર્મગુરુઓમાંના ઘણાખરા પોતાનાં જ્ઞાન ને વર્તનની જે કંઈ સીલક ધરાવે છે તેનો તેઓ કેવો વ્યય કરે છે તે તો સુવિદિત છે. વળી જેમ અન્ય વિષયોમાં તેમ ધર્મમાં પણ ચર્ચાઓ, ટીકાઓ, આક્ષેપો, ને તેના ઉત્તરો સ્વતંત્ર વિચારથી જ ઉદ્ભવતા જોવામાં આવતા નથી. આવી સ્થિતિમાં સત્યનો માર્ગ ક્યાંથી ખુલ્લો રહે? જો કે Survival of the fittest અથવા શ્રેષ્ઠના અતિજીવનના નિયમ પ્રમાણે ઉત્તમ વસ્તુ, ઉત્તમ વિચાર જ ચિરસ્થાયી થાય છે એ મત હું સંપૂર્ણ ખાત્રીથી ધરાવું છું, તોપણ સદ્વિચારોને જ્યાંસુધી ‘ મારૂં તારૂં ’થી ઉભા થએલા ને ટકી રહેલા વિચારો અંતરાયરૂપ રહેશે ત્યાંસુધી સત્યાસત્ય સંશોધનનું કામ વિકટ અને અસાધ્યવત્ રહેશે એટલું પણ હું નિઃશંક માનું છું. અંતમાં આજને માંગલિક પ્રસંગે હું એટલું જ કહેવા માંગું છું કે નિષ્કામ સત્યસંશોધનની ઇચ્છા ને ધર્મમતપન્થમાં પરમતસહિષ્ણુતા જે સ્થળે હશે ત્યાંજ દરેક ધર્મના અનુયાયીની ઇષ્ટ ત્રિપુટી,–શાન્તિ, ઐક્ય, ને સુખાકાંક્ષા સફળ થશે, અને ધર્મમાં આર્યભૂમિનાં ભાગ્ય ખીલશે.

અતિસુખશંકર કમળાશંકર ત્રિવેદી
એમ. એ., એલએલ. બી.
(પુ. ૫૭મું, જુલાઇ, ૧૯૧૦)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કર્તવ્યાકર્તવ્ય સંબંધી વિચાર

મનુષ્યનો આચાર, કર્તવ્યશાસ્ત્રનો વિષય છે. કાર્ય કારણ રૂપી શૃંખલાથી બંધાયેલા સંસારમાં કોઈ વસ્તુ સંબંધરહિત નથી. મનુષ્યના આંતરિક ભાવોમાં આચારની ઉત્પત્તિ થાય છે અને પછી તેનો પ્રભાવ ફેલાય છે. આચારરૂપી વૃક્ષનો મૂળતંતુ મનુષ્યના માનસિક સંસ્થાનમાં રહેલો છે છતાં, તેની શાખાઓ ને ફળ આખા સમાજમાં ફેલાઈ જાય છે. આચાર વા ક્રિયાનું સારાનરસાપણું તેનાં બહારનાં પરિણામો અથવા અંતરનાં કારણ જોઈને કહી શકાય છે. કોઈ કામની ભલાઈના વિવેચનમાં કયી પદ્ધતિ ઉપયુક્ત કહેવાય ? આ પ્રશ્નનો ઉત્તર દેતા પહેલાં ક્રિયાનાં આંતરિક કારણો અથવા સંચાલકોના વિષયમાં વિચાર કરી લેવો, એ અસંગત નહિ કહેવાય.

મનુષ્ય ક્રિયાઓનું આંતરિક કારણ

જો બારીક નજરે જોઈએ તો આપણી ક્રિયાઓનું મૂળ આપણાં સંવેદનો (Perceptions) માંથી મળશે. યોગવાશિષ્ઠમાં કહ્યું છે કે:—

संवित्स्पन्दो मनःस्पन्द ऐंद्रियस्पन्द एव च ।
एतानि पुरुषार्थस्य रूपाण्येभ्यः फलोदयः ॥
यथा संवेदनं चेतस्तत्तत्स्पन्दनमृच्छति ।
तथैव कायश्चलति तथैव फलभोक्तृता× ॥

×સંવિત્સ્પંદ એટલે આત્મામાં પુરૂષાર્થો ને તેવા સાધનની ઇચ્છા હોવી, મનઃસ્પંદ એટલે પુરૂષાર્થ સાધનની ઇચ્છાનો યત્ન મનમાં થાય છે; ઐંદ્રિયસ્પંદ એટલે કર્મેન્દ્રિયોનાં અંગોના સંચલન માટે પ્રવૃત્તિ, આ સ્પંદ પુરૂષાર્થનું રૂપ છે ને એનાથી ફળનો ઉદય થાય છે. સાક્ષી ચેતનમાં જેવી વિષયની સ્ફૂર્તિ થાય છે તેવું જ મન બને છે અને મનની ઇચ્છા પ્રમાણે ઇંદ્રિયોની પ્રવૃત્તિ થાય છે. ઇંદ્રિયોના સ્પંદને અનુકૂળ શરીરની ક્રિયાઓ થાય છે અને તદનુસાર ફળસિદ્ધિ થાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મનુષ્યના મનમાં સૌથી પહેલું સંવેદન થાય છે. તે પછી ઇચ્છા અને ઇચ્છાની પછી સંકલ્પ, અને સંકલ્પ છે તે પછી ક્રિયામાં પરિણામ પામે છે. કોઈ સુંદર પદાર્થ આપણી સામે આવતાં પ્રથમ આપણા મનમાં તેનું સંવેદન થાય છે. સંવેદન થતાં તે પ્રાપ્ત કરવાની ઇચ્છા પ્રકટે છે તથા ઇચ્છાની સાથે જ નિરાશાદિક કેટલાક માનસ વિચારો આવે છે. આ બધી મુશ્કેલીઓને જીતી પૂર્વ કામનાને બળવાન બનાવી સંકલ્પનું રૂપ અપાય છે. સંકલ્પ થયો એટલે ક્રિયા થઈ જાણવી. વસ્તુપ્રાપ્તિ તેનું ફળ છે. વસ્તુપ્રાપ્તિની સાથે જ એ કાર્યથી બીજાંને સુખ અથવા દુઃખ પ્રાપ્ત થાય છે ને તે ક્રિયાના ફળમાં સામિલ રહે છે. કર્તવ્યશાસ્ત્રને માટે કામનાઓ વા વાસનાઓ જ ક્રિયાઓનું મૂળ કારણ મનાઈ છે. બુદ્ધે આથી જ વાસનાક્ષયનો ઉપદેશ દીધો છે. બૃહદારણ્યમાં પણ એવું કહ્યું છે કે, काममय एवायं पुरुषः અર્થાત્ પુરૂષ કામનાથી ભરેલો છેઃ—

यथाकामा भवति तत्क्रतुर्भवति, यत्क्रतुर्भवति तत्कर्म कुरुते, यत्कम कुरुते तदभिसंपद्यते । ४–४--५.

મનુએ પણ કામના અને સંકલ્પને સર્વ ક્રિયાઓના મૂળ રૂપ માન્યાં છે. મનુસ્મૃતિના બીજા અધ્યાયમાં यद् यद्धि कुरुते किंचित्तत्तस्य कामस्य चेष्टितम् । જે જે કંઈ કરાય છે તે કામ=ઇચ્છાની ચેષ્ટા જ છે. અપ્રાપ્તની પ્રાપ્તિના વિચારને 'ઇચ્છા' કહેવાય છે. નિર્ધનને એમ થાય કે, 'મારી પાસે પૈસો હોય તો સારૂં' આવા વિચારને અભિલાષા (wish) કહે છે. જ્યારે આ વિચાર વધારે પરિણત થઈ જાય છે અને ક્રિયાત્મક થવા ઉપર જાય છે ત્યારે તેને કામના (Desire) કહે છે. કામના અને સ્વાભાવિક પ્રવૃત્તિઓ (Instinct)-માં થોડો ભેદ છે. સ્વાભાવિક પ્રવૃત્તિઓ વિના વિચારે પણ પરિણત થઇ જાય છે, પરંતુ કામનાઓ, જો કે તેનો ઉદય વિચારમાં ન હોય તોપણ થોડા ઘણા વિચારે સંકલ્પનું રૂપ ધારણ કરી ક્રિયામાં પરિ-ણામ પામતી નથી. એકાદ વસ્તુની કામના કરતાં જ બીજી ઘણીક માનસિક ક્રિયાઓ ઉપસ્થિત થાય છે. એવે વખતે વિચારનું કામ ચાલુ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થઈ બળવાન ઇચ્છાને જન્મ આપે છે. જે ઇચ્છા માણસના સ્વભાવને અનુકૂળ હોય છે તે તેની સામેની ઇચ્છાઓ ઉપર જીત મેળવી સંકલ્પનું (Willનું) રૂપ લે છે. ઇચ્છાની સાથે થોડા ઘણા સુખ-દુઃખનો પણ ઉદય થાય છે. ઇચ્છાની પૂર્તિમાં જે ભાવી સુખ ઉત્પન્ન થાય છે તે પણ સુખદાયક લાગે છે અને તે સુખ પણ ઇચ્છાને ક્રિયાની તરફ જવા ઉત્તેજન આપે છે. વિદ્વાનોએ કહ્યું છે કે, सुखार्थाः सर्वभूतानां मताः सर्वाः प्रवृत्तयः સર્વ પ્રાણીઓની પ્રવૃત્તિઓ સુખને માટે થાય છે. આ સિદ્ધાંતવાળાઓનો પંથ સુખવાદી કહેવાય છે. ઇચ્છા ઉત્પન્ન થયા પછી આવા સુખની પ્રાપ્તિ થાય છે. કંઇ સુખને માટે ઇચ્છા ઉત્પન્ન થતી નથી. વસ્તુ નહિ મળવાના વિચારમાંથી ઇચ્છાનો ઉદય થાય છે. ભૂખ્યો માણસ ભોજનની ઇચ્છા કરે છે સુખની નહિ, વિદ્યાર્થી વિદ્યાની ઇચ્છા કરે છે સુખની નહિ, લોભી ધન મેળવવાની પ્રવૃત્તિઓ કરે છે સુખને માટે નહિ. સુખવાદ ઉપર વિવેચન કરતાં આ વાત આગળ વધારે સ્પષ્ટ કરીશું.

પ્રત્યેક કાર્ય કોઇ ને કોઈ નિમિત્ત અથવા હેતુથી થાય છે. આ નિમિત્ત, હેતુ અથવા ઉદ્દેશ (Motive) ઇચ્છાનાં ખરેખરાં સંચા-લક તત્ત્વ છે. જ્યારે ભૂખ લાગી હોય અને ભોજન મળતું ન હોય ત્યારે ભૂખ મટાડવા માટે ભોજનની ઇચ્છા થાય છે. ભૂખ મટાડવાનો જે વિચાર છે તે જ ભોજનેચ્છાનો સંચાલક કહેવાય છે. ભોજનનિવૃત્તિ-જન્ય સુખ, તે ઇચ્છાનું સંચાલક કહેવાતું નથી. નિમિત્ત સારૂંનરસું હોવાથી ઈચ્છા કે સંકલ્પ સારાંનરસાં કહેવાય છે. આ પ્રમાણે ક્રિયાનાં મૂળ કારણો પર સંક્ષેપમાં આપણે વિચાર કર્યો. હવે એવો પ્રશ્ન ઊભો થાય છે કે કર્તવ્યાકર્તવ્યની નિર્ધારણાનો વિષય આચારોનું બહારનું પરિણામ છે કે આંતરિક કારણ છે? યુરોપના નીતિવિશારદ પંડિતોમાં એક એવો સંપ્રદાય છે કે જેઓ કાર્યના દેખીતા પરિણામ પરજ તેનું ધાર્મિક મૂળ નિર્ધારિત કરે છે. આ લોકો સુખપ્રાપ્તિને સર્વે ક્રિયાઓનું અંતિમ લક્ષ્ય માને છે. તેઓ કહે છે કે, જે કામથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘણા લોકોને ઘણું સુખ મળે, તેજ શ્રેય છે, પછી કર્તાને માનસિક ભાવ ભલે ગમે તેવો હોય તેની મતલબ નથી; માત્ર દેખીતું પરિણામ સારૂં હોવું જોઈએ; આ લોકો બહાર જણાતા પરિણામથી આંતરિક ભાવોની શુદ્ધતાનું અનુમાન કરી લે છે. સરકારી અદાલતોની માફક તેઓ બહારના પરિણામને જુએ છે. ન્યાયાલયોમાં તો કદી કદી મોટા મુકદ્દમાઓમાં કર્તાના આંતરિક ભાવો ઉપર વિચાર થાય છે, પરંતુ સુખવાદી લોક તો આ આંતરિક ભાવો પર એટલુંએ ધ્યાન આપતા નથી. એમના મતે કોઇ કામ ગમે તેવી સારી કામનાઓથી કરવામાં આવ્યું હોય, પરંતુ તેનો પરિણામ નઠારો આવે તો તે કાર્ય નઠારૂં ગણાય છે અને કોઈ કાર્ય ખરાબ ઉદ્દેશથી કરાયું હોય પણ પરિણામ સારૂં આવે તો તે સારૂં કહેવાય છે. જો કોઇ માણસ ૫૦૦૦ રૂપિયા સમાજના લાભ માટે ખરચે તો તેનું કામ સારૂં કહેવાય છે; પછી ભલેને તેણે તેમાં આંતરિક લાભ માન્યો હોય! સુખવાદીઓ આંતરિક ભાવ તરફ લક્ષ્ય નહિ આપતાં માત્ર એટલુંજ જુએ છે કે, કાર્યનું ફળ લોકના હિતમાં આવ્યું છે કે નહિ? આપણે અંતરની ઇચ્છા ઉપર કાર્યની કિમ્મત કરીએ છીએ અને તેઓ પરિણામ ઉપર કિમ્મત કરે છે. મહાભારતના અશ્વમેધિક પર્વમાં યુધિષ્ઠિર અને એક નોળની વાત આપી છે. તેમાં સ્પષ્ટ બતાવ્યું છે કે, યુધિષ્ઠિરના મોટા રાજસૂય યજ્ઞ કરતાં અંતરની–ફળની ઇચ્છા વગર કરેલા સાથવાનું દાન મોટું ગણાયું હતું. કોઇ કાર્યનું ધાર્મિક મૂલ્ય નક્કી કરતાં આપણે તે કાર્ય કરવાની બુદ્ધિ અને આંતરિક ભાવો ઉપર વિચાર કરીએ છીએ. ગીતામાં દાનના સાત્ત્વિક, રાજસ અને તામસ એવા ત્રણ ભેદ બતાવેલા છે. સાધારણ લેખકોએ પણ કહ્યું છે કે, કાર્યના બાહ્ય પરિણામ તરફ જોવાનું પ્રયોજન નથી, માત્ર આંતરિક ભાવો ઉપર જ તેના સારા નરસાપણાનો આધાર છે. કહ્યું છે કે:—

मनसेव कृतं पापं न शरीरकृतं कृतम् ।
येनैवालिंगिता कान्ता तेनैवालिंगिता सुता ।।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાપ મનથી થાય છે શરીરથી નહિ. મનની શ્રેષ્ઠતા બૌદ્ધ–ધમ્મપદમાં પણ માની છે:—

मनोपुब्बंगमा धम्मा मनोसेट्ठा मनोमया ।
मनसा च पदुट्ठेन भासति वा करोति वा ।
ततो न दुःक्खमन्वेति चक्कं 'व वहतो पदम् ॥

મનનો વ્યાપાર કોઇ પણ કાર્યમાં પહેલો ચાલે છે અને તે પછી ધર્મ અધર્મનો આચાર થાય છે. માટે મન છે તેજ મુખ્ય અને શ્રેષ્ઠ છે. સર્વે ધર્મો મનોમય સમજવા જોઈએ. કર્તાનું મન જેવું શુદ્ધ કે દુષ્ટ હોય તેવાંજ તેનાં વચન અને કર્મ સારાં નરસાં હોય છે અને તેજ પ્રમાણે તેના કર્મના ફલમાં સુખ દુઃખ મળે છે. સર્વત્ર મનનેજ સુખ દુઃખનું કારણ માનેલું છે : मन एव मनुष्याणां कारण बन्ध मोक्षयो. ભાષામાં પણ કહેવાય છે કે, 'મન ચંગા તો કથરોટમાં ગંગા,' મનનેજ સર્વ ક્રિયાઓનું મૂળાધાર માનેલું છે અને મનની શુદ્ધતા ઉપરજ કાર્યની શુદ્ધતા આધાર રાખે છે. જો બીજ સારૂં હોય તો વૃક્ષ અને ફળ બેઉ સારાં થાય. આથીજ કુંતીએ યુધિષ્ઠિરને આશીર્વાદાત્મક ઉપદેશમાં કહ્યું હતું કે, मनस्ते महदस्तु–તારૂં મન મોટું હો.

જો કોઇ ગૃહસ્થ ભિખારીને પૈસો આપવા જતાં ભૂલથી અડધો આપે તોપણ તેને પૈસા જેટલુંજ પુણ્ય થાય છે; જો કે, ભિખારીને તો આઠ આનાનાં સુખ સંતોષ પ્રાપ્ત થાય છે; માટે પરિણામ પર નહિ પરંતુ મનમાં ચિંતવ્યા ઉપરજ સારાનરસાનો ને પુણ્ય પાપાદિકનો આધાર છે. કણિક અને કૃષ્ણ બન્નેએ યુદ્ધનો ઉપદેશ કર્યો છે, પરંતુ બન્નેના આંતરિક ભાવ પૃથક્ પૃથક્ છે તેથી કરીને એકને સારો ને બીજાને નરસો કહેવામાં આવે છે. સારૂં અને નરસું મનોભાવ ઉપર નિર્ભર છે. આ ઉપરથી એમ નહિ સમજવું કે કર્તવ્યનું શાસ્ત્ર બહારનાં પરિણામો પ્રતિ ઉદાસીન છે. કદી કોઇ માણસ તેની શુભ કામનાઓને કોઇ કારણસર–નિર્બળતાને લીધે–સફળ કરવાને અસમર્થ રહેતો હોય તો તેથી તેની શુભ કામનાઓ વ્યર્થ નહિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જાણવી. તેની અસફળતા નૈતિક નિર્ધારણાનો વિષય બને છે. વિદ્વાનો કહે છે કે જે વાત મનમાં હોય તે વાણીમાં આવે અને જે મુખમાં હોય તે કર્મમાં પરિણામ પામે. આને લીધે કોઇ પણ કામને ત્યારેજ પૂર્ણ થયું કહેવાય છે કે જ્યારે તે મનસા, વાચા ને કર્મણા કરાય. આમાંની એકાદ બાબત પણ કમી રહેલી હોય તો તે કામ પૂર્ણ કહેવાતું નથી.

એ તો ત્યારે સિદ્ધ જ થયું કે, મન જ સર્વે કામોમાં આધાર-રૂપ છે. હવે માત્ર એજ પ્રશ્ન બાકી રહ્યો કે માનસિક વ્યાપારોથી કયો વ્યાપાર વિશેષે કરીને નૈતિક નિર્ધારણાનો વિષય થાય છે? ઇચ્છા, સંકલ્પ, વિચાર અથવા સ્વભાવ એમાંથી કોને જવાબદાર ઠરાવવું? આનો ઉત્તર આપવો તે કર્તવ્યશાસ્ત્રને માટે એક બહુજ કઠિન પ્રશ્ન છે. એમ માનવું પડશે કે કોઇ ને કોઈ બાબતમાં આ સૌએ માનસિક વ્યાપાર કર્તવ્યાકર્તવ્ય સબંધી નિર્ધારણાના વિષય બની જાય છે. આ માનસિક વ્યાપારોને પારસ્પરિક સંબંધ બતાવવા ઉપર આ વાત વધારે સ્પષ્ટ થઇ જશે.

સાધારણ રીતે મનુષ્યના આચાર કર્તવ્યાકર્તવ્ય સંબંધી નિર્ધારણાનો વિષય છે, અને આચારોનું મૂળ કામનામાં છે. એટલે કામનાને પણ નૈતિક નિર્ધારણાનો વિષય કહેવો પડશે. કામનાઓ ઉપર જે વિચાર કરવામાં આવે છે તે દ્વારા એ નિશ્ચિત થાય છે કે, કોઈ પણ કામના પૂર્ણ થવાને ચેષ્ટા વા પ્રયત્ન થવો જોઈએ. આની સાથે સંકલ્પનો ઉદય થાય છે. આથી વિચાર અને સંકલ્પ બેઉ આચારની માફક નૈતિક નિર્ધારણાનો વિષય બને છે. કામના, સંકલ્પ, અને વિચાર સૌ સ્વભાવને અનુકૂળ થાય છે. સ્વભાવ અને સંકલ્પ બન્ને એક બીજાના આશ્રિત છે. જેવો સ્વભાવ હોય તેવાં જ ઇચ્છા ને સંકલ્પ થાય છે. અને જેવો સંકલ્પ થાય છે તેવો જ સ્વભાવ બનતો જાય છે. મનુષ્યનો સ્વભાવ જો કે પાછલી કામનાઓ અને સંકલ્પોનો સંચિત સંસ્કાર છે તોપણ આગલી કામનાઓ અને સંકલ્પના કારણરૂપ હોય છે. નવા સંકલ્પ પુરાણા સ્વભાવને દૃઢ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બનાવતા જાય છે અને કદી કદી તે સ્વભાવને થોડો ઘણો બદલી પણ નાંખે છે. જેમ જેમ સ્વભાવ દૃઢ થતો જાય છે તેમ તેમ મનુષ્યના સંકલ્પ ઉત્તરોત્તર સ્વભાવાનુકૂલ થતા જાય છે અને મનુષ્યની સ્વતંત્રતા પણ કમી થાય છે. પરંતુ મનુષ્ય, સ્વભાવને બનાવવામાં સ્વતંત્ર છે ને સ્વભાવ બની જતાં તે પોતે (મનુષ્ય) પરતંત્ર થઈ જાય છે.

મનુષ્યની સ્વતંત્રતા પર વિચાર

જેમ જેમ એક માણસનો સ્વભાવ દૃઢ બનતો જાય છે તેમ તેમ તે વિષયમાં તેની સ્વતંત્રતા ઘટતી જાય છે. કાર્ય સ્વાભાવિક થઈ જવા પર મનુષ્યનું ઉત્તરદાયિત્વ ઘટી જતું નથી; કેમકે, મનુષ્ય જો કે પોતાનાં સ્વાભાવિક કાર્યોને માટે ઉત્તરદાયી નથી પરંતુ પોતાનો સ્વભાવ બનાવવા માટે તો અવશ્ય જુમ્મેદાર છે. વળી બીજી એ વાત પણ વિચારવા જેવી છે કે કોઇ કાર્ય સ્વાભાવિક બની જવાને લીધે તે વિષયમાં મનુષ્યની સ્વતંત્રતા બિલકુલ જતી રહેતી નથી. માણસ પોતાનાં સ્વાભાવિક કાર્યોને રોકી શકે છે. આ કાર્ય કઠિન છે પણ અસાધ્ય નથી.

મનુષ્યની સ્વતંત્રતાનો પ્રશ્ન હાલ ચર્ચાળુ થઈ પડેલો છે. આ જન્મમાં બંધાયેલા સ્વભાવથી પૂર્વજન્મના સંસ્કાર સામા વધારે દૃઢ મનાય છે. ઘણા લોકે પૂર્વજન્મના સંસ્કારોનું બળ એટલું બધું વધારી દીધું છે કે વર્ત્તમાન જન્મમાં મનુષ્યની સ્વતંત્રતાનો બિલકુલ નાશજ કરી નાંખ્યો છે. એમ તો માનીએ કે, પૂર્વજન્મકૃત કર્મોના સંસ્કાર આ જન્મમાં પ્રાપ્ત થાય છે ને તે આ જન્મનાં કર્મો ઉપર પ્રભાવ પાડે છે; પરંતુ તે મનુષ્યની સ્વતંત્રતાનો સમૂળ નાશ કરી નાંખતા નથી. જો એમ હોત તો દુષ્ટના ઉદ્ધારનો સંભવ જ રહેત નહિ, અને એકવાર ખાડામાં પડેલો માણસ સદાજ તેમાં સબડ્યા કરત, પણ આ મતની ઉપર વિશ્વાસ પડતો નથી. એ ભૂલવું જોઇએ નહિ કે, સંસારમાં પુરૂષાર્થ પણ એક ચીજ છે અને તે વડે પૂર્વજન્મના સંસ્કારોને ધોઈ નંખાય છે, અને તેને ઠેકાણે ઉત્તમ નવીન સંસ્કાર જમાવી પણ શકાય છે. યોગવાશિષ્ઠના બીજા પ્રકરણમાં કહ્યું છે કેઃ—

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

द्वौ हुडाविव युद्ध्येते पुरुषार्थौ समासमौ। प्राक्तनश्चैहिकश्चैव शाम्यत्यत्राल्पवीर्यवान्॥ दोषः शाम्यत्यसंदेहं, प्राक्तनाद्यतनैर्गुणैः। दृष्टान्तोत्र ह्यस्तनस्य दोषस्याद्यगुणैः क्षयः॥ પૂર્વજન્મ અને આ જન્મના બે પુરુષાર્થો બે ઘેટાઓની માફક લડે છે, તેમાં જે બળવાન હોય છે તે બીજાને પાછો પાડે છે. તે પ્રમાણે પાછલા સંસ્કાર આગલા પુરૂષાર્થથી શાંત પડી જાય છે. જો માણસની સ્વતંત્રતાને ન માનીએ તો બધાં શાસ્ત્રો પણ નિષ્ફળ થઈ જાય, અને જો મનુષ્યને પરતંત્ર ગણીએ તો તેને કર્મો માટે જવાબદાર લેખી શકાય નહિ. વિદ્વાનો ને આચાર્યો મનુષ્યની સ્વતંત્રતારૂપી પાયા ઉપર જ ઉપદેશની ભવ્ય ઈમારત ઉભી કરે છે. જે સ્વતંત્ર ન હોય તેને કાર્યાકાર્યનો ઉપદેશ આપવો વૃથા છે. પરતંત્રને માટે તો સર્વે કર્મો કર્તવ્યની શ્રેણીમાં આવી જશે, ને સારા નરસાનો ભેદ પણ નહિ રહે. યોગવાશિષ્ઠમાં કહ્યું છે કેઃ—જો માણસ અકર્ત્તા હોય તો તેને માટે ઉપદેશ નકામો છે. અમેરિકાના પ્રસિદ્ધ તત્ત્વવેત્તા વિલિયમ જેમ્સે (Dilemma of Determinism) નામના ગ્રંથમાં આને માટે વિસ્તારથી લખ્યું છે.

મનુષ્યની સ્વતંત્રતાને માનવી, એ કર્તવ્યશાસ્ત્રને માટે બહુ જરૂરનું છે. સ્વતંત્રતાને માન્યા વગર મનુષ્યના ઉદ્ધારનો બીજો કોઇ માર્ગ જ નથી. ગીતામાં પણ કહ્યું છે કેઃ—

उद्धरेदात्मनात्मानं, नात्मानमवसादयेत्

માટે સ્વતંત્રતા લઈ આત્માથીજ આત્માનો ઉદ્ધાર કરવો.

આ પરતંત્રતા સ્વતંત્ર રીતે જ ખરીદાય છે. આને લીધે સ્વભાવ એ જ સ્વાભાવિક કાર્ય પણ નૈતિક નિર્ધારણાનો વિષય બની જાય છે. મનુષ્યનો આચાર સ્વભાવનું જ બાહ્ય–બહારનું રૂપ છે, એટલે ચરિત્ર પણ નૈતિક નિર્ધારણાનો વિષય બની જાય છે. મનુષ્યનો ઉદ્દેશ પણ જો કે, સર્વ કાર્યનો હેતુ અથવા સંચાલક છે તે નૈતિક નિર્ધારણાનો વિષય છે. આ બધા માનસિક વ્યાપારો દ્વારા મનુષ્યનો સ્વભાવ અથવા એમ કહો કે, તેના આત્માનો વ્યંજક થઈ રહે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપણે આ વ્યાપારોને સારા નરસા ન કહેતાં માણસનેજ સારો નરસો કહીએ છીએ. માણસે સારા થવા માટે પોતાના ભાવ અને સંકલ્પ સૌ શુદ્ધ રાખવાં જોઇએ. આના સંબંધમાં નીચેનો ઋગ્વેદનો આશીર્વાદાત્મક મંત્ર ધ્યાનમાં રાખવા યોગ્ય છે:—

[૧]समानी वा आकूतिः समाना हृदयानि वः ।
समानमस्तु वो मनो, यथा वः सुसहासति ॥

(પુ. ૬૮ મું, જૂન, ૧૯૨૧)

"ધાર્મિક શિક્ષણ"

ધાર્મિક શિક્ષણ એટલે શું? ધાર્મિક શિક્ષણની આવશ્યકતા ખરી? આવશ્યકતા સ્વીકારીએ તો કેવી રીતે ધાર્મિક શિક્ષણ આપી શકાય? નિયમિત અભ્યાસક્રમથી આવું શિક્ષણ આપી શકાય? કેટલીક શિક્ષણસંસ્થાઓ દાવો કરે છે કે ધાર્મિક શિક્ષણ એ અમારી સંસ્થાનું એક વિશિષ્ટ અંગ છે! એ દાવો કેટલે અંશે યોગ્ય છે? ધાર્મિક શિક્ષણ આપવાથી શું સારાં પરિણામ આવ્યાં? જેમાં એક ધર્મ નથી એવી ભિન્ન ભિન્ન પ્રજાને ધાર્મિક શિક્ષણ કેવી રીતે આપી શકાય? આવા આવા અનેક પ્રશ્નો શિક્ષણને અંગે ઉદ્દભવી શકે અને એ પ્રશ્નોનું બુદ્ધિમાં ઉતરે તેવું સંતોષકારક નિવારણ ન થાય ત્યાં સુધી ધાર્મિક શિક્ષણનો ઉકેલ થવો મુશ્કેલ છે.

હવે આપણે ઉપરની પ્રશ્નમાળા સંબંધે વિચાર કરીએ. અલબત આ જગ્યાએ જેઓ નાસ્તિક છે, જેઓ ઈશ્વરના અસ્તિત્વમાં માનતા જ નથી, કોઈ અવિચળ અખંડ નૈતિક નિયમના આધારે આ વિશ્વમંડળની ઘટમાળ ચાલી રહી છે અને એ શાશ્વત નિયમને

---

૧. અમારૂં હૃદય, મન, ભાવ, અને સંકલ્પ સૌ સમાન તેમજ શુદ્ધ થાઓ કે જેથી કાર્યસાફલ્યમાં અડચણ ન પડે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રેરનાર કોઈ દૈવિશક્તિ છે, એ વાતમાં જેઓને શ્રદ્ધા નથી, જેઓ એમ માને છે કે સ્તુતિ, ઉપાસના, પ્રાર્થના એ બધી વાત મનના વહેમો છે એવા નાસ્તિક મનવાળાના મનનું સમાધાન આ લેખમાં અમે કરવા ધાર્યું નથી. પણ જેઓ ઈશ્વરના અસ્તિત્વમાં માને છે તેઓના જ મનના સમાધાન ખાતર આ લેખમાં અમે યથામતિ પ્રયાસ કરીશું. ધર્માધ્યક્ષનું સ્થાન અપાતું નથી, તેમ નથી શાસ્ત્રોનો અભ્યાસ કરેલો એટલે એ દૃષ્ટિએ અમે આ ગૂઢ પ્રશ્ન ચર્ચવા નથી માગતા. પણ કેળવણીની દૃષ્ટિએ અમે આ પ્રશ્ન ચર્ચવા માગીએ છીએ. એટલે આ પ્રશ્ન ચર્ચવાના અધિકાર સંબંધે કાંઈ ધૃષ્ટતા જણાય તો પ્રથમથી જ ક્ષમા માગી લઈએ છીએ. આ ધાર્મિક શિક્ષણનો પ્રશ્ન આજકાલ આ જડવાદના જમાનામાં એટલો બધો મહત્ત્વનો થઈ પડયો છે કે તેની ઉપેક્ષા કરવી હવે વિશેષ પાલવે તેમ નથી. જ્યારે રસાયણશાસ્ત્ર અને પદાર્થવિજ્ઞાન શાસ્ત્રનું મોજું પશ્ચિમ ઉપર ફરી વળ્યું હતું ત્યારે પશ્ચિમના લોકો ઉપર એક જાતની અજબ મોહિની ફેલાઇ ગઈ હતી, અને પ્રયોગસિદ્ધ જે વાત હોય તેવી વાતોને જ તેઓ માનવા તૈયાર હતા; અને બીજી વાતો જે પ્રયોગથી સિદ્ધ ન થઈ શકે તેવીને હસી કાઢતા હતા, અને કહેતા કે પ્રાર્થના, ઈશ્વર સ્તુતિ વિગેરે એ તો કોઇ નવરાં ભેજાંની કરામત છે, એ તો શબ્દજાળ માત્ર છે. પણ આ મનોદશા તેઓની બહુ વખત ટકી શકી નહીં. તેઓનો આત્મા આ મનોદશા તરફ બંડ કરી ઉઠયો. સાધારણ દુન્યવી વાતો અને ઇન્દ્રિયોના તનમનાટને જ માત્ર પોષણ મળે એવી વાતોથી તેઓ કંટાળ્યા. તેઓને પણ ઉંચે ઉડવાનું મન થયું; અને ત્યારે તેઓ કારલાઈલ, ટેનીસન, વર્ડ્ઝવર્થ, બાઇરન, શેલી વિગેરે કવિઓ પાસે દોડયા, અને આત્માના અવાજને સંતોષવા, આત્માની ભુખ ટાળવા કાંઇક દૈવિ તત્ત્વો આપવાની માગણી કરી. અથવા એમ કહો કે આ મહાન કવિઓ લોકોની આંતર ઇચ્છા સમજી ગયા અને દૈવિ પ્રેરણાથી દૈવિ પ્રસાદીરૂપી સદ્બોધ પ્રજા આગળ મુકવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લાગ્યા ત્યારેજ કાંઇ તેઓ ઝંપ્યા. દૈવિ પ્રકાશ ટેનીસનને અને વર્ડઝવર્થે ઝુંપડાંઓમાં મળ્યો, પૈસાદાર લોકાને પણ આત્માની ભુખ લાગી હતી. તેઓને પણ આ મહાન કવિઓના અંશથી કાંઈ તૃપ્તિ થઈ. તેમ છતાં અત્યારે કાઈ એમ પ્રશ્ન કરે કે પશ્ચિમમાં તો જડવાદની જડ ગઈ નથી, પણ એ જડવાદનાં આંદોલના પૂર્વમાં અથડાઇ આપણને પણ હેરાન કરે છે, તેનું કેમ ? એ સવાલના જવાબ તો એ હોઇ શકે કે એ મનુષ્યપ્રકૃતિની અપૂર્ણતા છે, ચંચલતા સૂચવે છે. નહિ કે એ દિવ્ય આદર્શોની ક્ષણિકતા. આપણે ઘણા એમ માનીએ છીએ કે ચાહ પીવી એ જરૂરી નથી છતાં પીએ છીએ અને ન પીતા હોય તેને પણ પીવા આગ્રહ કરીએ છીએ; તેમ ઘણાં વ્યસના ખરાબ છે છતાં આપણે વ્યસનોના દાસ બનીએ છીએ. ગુલામી એ બુરી ચીજ છે છતાં સ્વાર્થ ખાતર આપણે સરકારની ખુશામત કરીએ છીએ અને ટુકડાણુકડા માટે વલખાં મારીએ છીએ. જાણીએ છીએ કે આ સરકાર અમુક પાપકર્મ કરી રહી છે છતાં આપણે તેને સહકાર આપીએ છીએ. આ બધી વાતો આપણે જેમ જાણતાં છતાં કરીએ છીએ એ મનુષ્યસ્વભાવની અપૂર્ણતા સૂચવે, નહિ કે ઉચ્ચ સિદ્ધાન્તો અને ઉચ્ચ આદર્શોની ક્ષણિકતા. એ બધું આપણા આત્મબળની ખામીનું પરિણામ છે. અસ્તુ ! એવી જ રીતે મહાન નરવીરો પશ્ચિમની પ્રજામાં પાકયા છતાં જીસસ ક્રાઈસ્ટના દિવ્ય સંદેશ, પશ્ચિમની પ્રજા અત્યારે અભરાઇએ મૂકી રહી છે. તેવી રીતે હિન્દમાં પણ વેદ ઉપનિષદો વિગેરે ઋષિ મુનિઓના દિવ્ય વારસ છતાં, અનેક જાતિઓ અનેક વાડાઓ છતાં અનેક મતમતાંતરોના જંગલમાં ગુંચવાઈ પડી અવનતિને રસ્તે ચાલી જાય છે.

આટલું ટુંકામાં ઐતિહાસિક દૃષ્ટિએ અવલોકન કર્યા બાદ આપણે મુખ્ય પ્રશ્ન ઉપર આવીએ.

ધાર્મિક શિક્ષણ એટલે ઈશ્વર સંબંધે જ્ઞાન, પાપકર્મ કરતી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વખતે ઈશ્વરથી ડરીને ચાલવાની પ્રેરણા, સત્ય, ન્યાય, દયા, ધર્મનો સ્વીકાર, પરોપકારવૃત્તિનો વિકાસ, સ્વાર્થત્યાગ, બલિદાનની પ્રેરણા વિગેરે અનેક ગુણોની ઓળખ. આવા શિક્ષણની આવશ્યકતા તો ઉપરની ઐતિહાસિક દૃષ્ટિ પણ થોડે ઘણે અંશે સિદ્ધ કરે છે. એ અનુભવસિદ્ધ વાત છે કે ઈશ્વર સંબંધે જ્ઞાન વિના કોઈ પણ મનુષ્યને કોઈ પણ કાળે ચાલ્યું નથી. જંગલી પ્રજામાં પણ ઈશ્વર સંબંધે કાંઈ વિચિત્ર ખ્યાલો હોય છે તો ખરા જ, એટલે ધાર્મિક શિક્ષણની આવશ્યકતા તો ખરી જ. તો પછી પ્રશ્ન એ રહે છે કે તે કેવી રીતે આપવું ? અભ્યાસક્રમથી, પાઠ્ય પુસ્તકોના પઠનપાઠનથી કે કેવી રીતે ? આ સવાલ જરા વિચારવા જેવો છે. અભ્યાસક્રમ માત્રથી જ ધાર્મિક શિક્ષણ આપી શકાય એમ કહેવું વિશેષ પડતું છે. પણ નાનપણથી જ બાળકોના મન ઉપર પ્રાર્થના, સ્તુતિ, મહાન પુરૂષોનાં જીવનચરિત્રોની વાતોની અસર સારી થાય એ સમજી શકાય એવી વાત છે. ઘણી શાળાઓમાં નિયમિત શિક્ષણ પહેલાં પ્રાર્થના તથા પ્રવચન થાય છે, એ પ્રથા અમારા મત પ્રમાણે સારી છે. પ્રવચન વખતની પા કલાકની શાન્તિ પણ બાળકોના મન ઉપર સારી અસર કરે છે. જેમ જેમ ઉપરની શ્રેણીમાં વિદ્યાર્થીઓ આવતા જાય છે તેમ તેમ રામાયણ, મહાભારત, ગીતા, વેદ, ઉપનિષદ વિગેરે શાસ્ત્રોનું જ્ઞાન તેમને મળે એ જરૂરી વસ્તુ છે એમ અમે માનીએ છીએ; અને એવું શિક્ષણ હાલની શાળામાં નથી મળતું તે એક જાતની ખામીવાળું શિક્ષણ છે. ઈશ્વરના અનુગ્રહ વિના એકલું જ્ઞાન નકામું થાય એમ કહેવું વ્યાજબી છે. છતાં ઈશ્વરને ખરા સ્વરૂપમાં ઓળખવા માટે શાસ્ત્રોનો અભ્યાસ જરૂરી છે તેની ના ન પાડી શકાય. આપણાં પ્રાચીન શાસ્ત્રો તથા સાહિત્યના અભ્યાસથી આપણા દેશ માટે લાગણી થશે અને આત્મભાન થવાથી આપણું ગૌરવ સમજી શકશું, એ વિશેષ લાભ છે. ધર્મશિક્ષણમાં "Comparative study of religion"(બીજા ધર્મની સરખામણી)ને ખાસ સ્થાન હોવું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જોઈએ, એમ અમારો અભિપ્રાય છે, જેથી વિશાળ દૃષ્ટિ બની શકે અને સંકુચિતતા દૂર થાય.

બુદ્ધિના વિકાસ માટે દલીલો સહિત ધાર્મિક શિક્ષણ આપવું જોઈએ અને તેને માટે શાસ્ત્રોનું અધ્યયન આવશ્યક છે. પણ એકલા નૈતિક પાઠોથી નીતિ શીખવી શકાતી નથી તેમ ધર્મ સંબંધે વ્યાખ્યાનો કે ઉપદેશથી ધર્મ શીખવી શકાતો નથી, એ પણ આપણે મનુષ્યસ્વભાવના અવલોકનથી, અભ્યાસથી તથા અનુભવથી જાણીએ છીએ. ઘણાએ શાસ્ત્રીઓ અનીતિને માર્ગે ચઢી ગયેલા આપણે વાંચ્યા છે, સાંભળ્યા છે અને અનુભવ્યા છે. ઘણાએ જ્ઞાની પુરૂષોનું જ્ઞાનનું અભિમાન ધુળમાં રોળાઈ ગયું છે; અને નૈતિક સામાન્ય મનુષ્ય કરતાં પણ નીચી પાયરીએ પડી ગયા છે. એકલા ધર્મજ્ઞાનના મિથ્યાત્વનો અનુભવ ઘણાને થયો હશે. જે બહાર પ્રકાશમાં નહિ આવેલા હોય, એવા ઘણા શાસ્ત્રજ્ઞોનું વ્યાવહારિક જીવન તિરસ્કારપાત્ર હોય છે. તો આ ઉપરથી અનુમાન એમ નથી કરવાનું કે શાસ્ત્રોનું જ્ઞાન ન લેવું, શાસ્ત્ર પ્રમાણે ઈશ્વરને ખરા સ્વરૂપમાં ન ઓળખવો. અનુમાન એટલું જ નિકળે છે કે શાસ્ત્રોના જ્ઞાન સિવાય ચારિત્ર્યવાન પ્રભાવશાળી પુરૂષોદ્વારા એ જ્ઞાન પ્રાપ્ત થાય તો સારી છાપ પડે. વારંવાર સત્ય સ્વરૂપ મનમાં રાખવાની આવશ્યકતા છે; સતત જાગૃતિની જરૂર છે. આ બાબતમાં સંધ્યા, હવન, નિયમિત ઉપાસના, પ્રાર્થના સારી મદદ કરે છે, એમ અમારૂં માનવું છે અને તેવું શિક્ષણ તેઓને નાનપણથી જ આપવું જોઈએ. આવું વાતાવરણ શાળામાંજ ઉપસ્થિત કર્યું હોય તો તેની અસર સારી થાય. ખરાબ તો ન જ થાય એમ અમારૂં માનવું છે. તે ઉપરાંત અવારનવાર ધાર્મિક વ્યાખ્યાનો ચારિત્ર્યવાન પુરૂષો તરફથી થતાં જાય, સાધુસંતના સમાગમો થતા હોય, એવો પ્રબંધ પણ શાળાના સંચાલકોએ કરવો જોઈએ. એકલા ગોખણપટ્ટીયા અભ્યાસક્રમથી નહિ પણ આવા ધાર્મિક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાતાવરણની સંસ્થામાં ખાસ જરૂર છે. જેના હૃદયમાં નિરંતર પ્રેમના ઝરાઓ વહે છે, જેનું મન સ્થિર અને આત્મા જ્ઞાની છે, જેને સત્ય અહિંસા તત્ત્વો પર અવિચળ શ્રદ્ધા છે, જેનું હૃદય ઈશ્વરના ગુણાનુવાદમાં લીન છે, જે આત્માગ્રહી છતાં નમ્ર છે, આવા એક સંત મહાપુરૂષનો એક વખતનો સત્સંગ હજારો વર્ષો સુધી પાઠ્ય પુસ્તકોદ્વારા ધાર્મિક શિક્ષણ આપ્યા કરતાં હજાર ગણો ચઢી જાય છે. માટે આવા પ્રસંગો મેળવવા માટે સંચાલકોએ હમેશાં જાગ્રત રહેવું જોઇએ. એક ઘડીનો સત્સંગ તે હજાર વર્ષના તપ કરતાં ચઢી જાય છે, એ કથન અક્ષરે અક્ષર સત્ય છે; અને આ જ કારણથી અજ્ઞાની પુરૂષો પણ, અભણ પુરૂષો પણ જ્ઞાનીને ટક્કર મારે તેવી રીતે નૈતિક નિયમો પાળી ઈશ્વરને ખરા સ્વરૂપમાં ઓળખતા આપણે દુનિયામાં નિહાળીએ છીએ. આ જન્મમાં કે પૂર્વ જન્મમાં આવા મનુષ્ય સત્સંગના સમાગમમાં જરૂર આવ્યા હોવા જોઈએ, ધાર્મિક વાતાવરણનું અમૃતપાન જરૂર કર્યું હોવું જોઈએ, અને તેથી જ આ જન્મમાં તેઓ અજ્ઞાની છતાં, અભણ છતાં, ધાર્મિક જીવન પાળતા આપણને જોવામાં આવે છે. આ બે છુપા ભેદનું રહસ્ય છે એમ અમને જણાય છે.

હવે ધાર્મિક શિક્ષણનાં પરિણામ શાં આવ્યાં તે પ્રશ્ન તપાસીએ. ગરમી ઓછાવત્તી થવાના થર્મોમીટર(ઉષ્ણતામાપક યંત્ર)માં જેમ પારો ઓછાવત્તી ઉંચાઇએ આવે છે, તેવી રીતે ધાર્મિક શિક્ષણ લીધેલા બાળકોનું અને મનુષ્યનું જીવન પારખવું સ્હેલું નથી. પરિણામ તો તેમના જીવન સાથે સતત સમાગમના અવલોકનથી પ્રાપ્ત થઈ શકે એટલે આ પ્રશ્નોનો ઉત્તર સહેલો નથી. કોઈમાં સારાં પરિણામ આવે અને કોઈમાં માઠાં પરિણામ પણ જોવામાં આવે છે. અનેક પ્રસંગો, સંજોગો, પૂર્વસંસ્કાર, અનેક વાતાવરણની ભેગી અસર મનુષ્યના મન તથા હૃદય ઉપર થાય છે, એટલે પરિણામના સવાલમાં આપણે ઉપલકીયું, ઉતાવળું એમ અનુમાન કરી બેસીએ છીએ કે ધાર્મિક શિક્ષણ આપ્યા છતાં માઠું પરિણામ અમુક વ્યક્તિમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જોવામાં આવ્યું તો આપણી દલીલ સદોષ છે, એ સ્પષ્ટ છે. અમુક વ્યક્તિમાં ખરાબ પરિણામ દષ્ટિગોચર થતાં ધાર્મિક શિક્ષણને આપણે દોષ દઇ શકતા નથી. આપણી જવાબદારી એટલી કે ધાર્મિક શિક્ષણ એટલું સંકુચિત ન હોવું જોઇએ કે મનુષ્યને અસહિષ્ણુ બનાવે, બીજા ધર્મ પ્રત્યે તિરસ્કારવૃત્તિ કેળવાય. અખંડ સત્ય તત્ત્વો જ બાળકો આગળ રજુ કરવાં જોઈએ. શુભ ઇરાદાથી આવું ધાર્મિક શિક્ષણ આપીએ તો પરિણામ શુભ જ આવે, તેવી આપણે આશા રાખવાનો અધિકાર છે. જેમાં અનેક મતમતાંતરો હોય છે ત્યાં ધાર્મિક શિક્ષણ કેવી રીતે આપવું તેની મુશ્કેલી તો રહે છે જ. તો પણ તે મતમતાંતરો દૂર કરવા સતત પ્રયાસ ચાલુ રહેવો જોઇએ. ઇશ્વરને સત્ય સ્વરૂપમાં ઓળખવા તથા ઓળખાવવા ઉપદેશકો મારફત પ્રયાસ ચાલુ રહેવો જોઇએ. તેમાં ઉપદેશકો સહિષ્ણુતા રાખી પ્રેમથી સત્ય સ્વરૂપ જનતા આગળ મૂકે તો જરૂર તેની અસર થાય તે નિર્વિવાદ છે. ઘણા ધર્મો છતાં એવાં ઘણાં સામાન્ય સત્યો દરેક ધર્મમાં આપણને મળી આવશે. તેમ છતાં મનુષ્ય પ્રકૃતિ વિવિધતાની ઉપાસક હોવાથી મતભેદો તો સમુળગા દુનિયામાંથી નાબુદ થવાના નથી. પણ શાન્ત ચર્ચા અને વાદવિવાદથી સત્યનું મંથન થશે અને લોકોનાં હૃદય સત્ય તરફ વળશે જ. શરૂઆતમાં જુદી જુદી પ્રજાઓ પોતપોતાની માન્યતા પ્રમાણે, પોતપોતાનાં શાસ્ત્રો પ્રમાણે ધાર્મિક શિક્ષણ આપે એ પણ કાંઈ ખોટું નથી. ત્યારબાદ આવી સંસ્થાઓમાં અરસપરસ ધાર્મિક સંમેલનો થાય અને સત્યનું મંથન થાય તેથી પણ ધાર્મિક પ્રગતિ થશે. આમાં વિશાળ દૃષ્ટિની જરૂર પડશે. સ્વરાજ્ય આપણા સર્વનું લક્ષ્ય છે. છતાં તેમાં પણ અનેક પક્ષો છે. તેવા પક્ષો પણ આ આત્માના સ્વરાજ્યના લક્ષ્ય પ્રાપ્ત કરવામાં પણ રહેવાના જ. છતાં એ રાત દિવસ લક્ષ્ય, એ પ્રભુનું, એ દૈવિ જ્યોતની ઝાંખી પ્રજા સમક્ષ અહોનિશ રાખવાની આ જડવાદના જમાનામાં ઘણી જ આવશ્યકતા છે, એમ અમારું માનવું છે, કારણ કે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સુકાન અને સુકાની વગરના નાવની ગતિ જેવી થાય છે તેવી ધર્મ વિનાના માનવીની ગતિ થાય છે. કામ, ક્રોધ, મોહ વિગેરે આસુરી ગુણો ઉપર વિજય મેળવવાનું કાર્ય ધર્મ જાણ્યા વિના થઇ શકે નહિં. ઈશ્વરનું સિંહાસન આપણા હૃદયમાં કાયમ રાખવા માટે નીતિ અને ધર્મને કેળવણીમાં સ્થાન હોવું જ જોઈએ. ઇત્યોમ્.

મૂળશંકર સુંદરજી દવે

(પૃ. ૭૪ મું, નવેમ્બર, ૧૯૨૭)

માનવ ગ્રન્થ

તમોએ વિદ્વાન બનવાને માટે બહુજ ચોપડીઓ વાંચી અને "અમે વિદ્વાન છીએ" તે દુનિયાને બતાવવાને માટે તમે ઘણા ગ્રંથો બનાવ્યા તેમજ બીજાના ગ્રંથો ઉપરથી અનુકરણ અને અનુવાદ કરી પ્રસિદ્ધિમાં મૂકયા; પરંતુ જે ગ્રંથ ભણવાથી તમો પૂરા પંડિત બની શકો તે ગ્રંથ કદાચ જાણ્યા હશે નહિ; તેમજ જે ગ્રંથ પ્રકટ કર્યા થકી તમો પૂરા પંડિતની ગણતરીમાં આવી શકો તેવા ગ્રંથો તમે ભાગ્યેજ પ્રકટ કર્યા હશે. તમોએ બીજા લોકની ભાષા તેઓની પ્રકૃતિ, જીવનચરિત્ર વિગેરે વાંચ્યાં તથા છપાવ્યાં; પણ આપણા લોક સંબધે એવી બાબતો ઉપર તમે કદી ધ્યાન આપ્યું છે? તેમજ તે સંબંધે જાણવા જેવી હકીકત જાહેરમાં આણી છે? વાસ્તવિક રીતે દરેક માણસ એક ગ્રંથરૂપ છે. માણસ જો પોતેજ પોતાને ઓળખવાને શક્તિમાન થાય તો જીંદગીની ઘણી ખરી બાબતો જાણવાની શક્તિ તેના શરીરમાં આવી શકે. આપણા શરીરની ચામડી, હાડકાં, માંસ, મેદ, સ્વેદ, કલેદ, સ્નાયુ, નસ, રસ અને લોહી વગેરેની રચના, સ્થિતિ તથા ગતિ માણસ જો બરાબર રીતે સમજે અને તેના બનાવનારના અદ્ભુત સામર્થ્યનું અવલોકન કરે તો તેને ખબર પડે કે સૃષ્ટિકર્તાએ મનુષ્યશરીરની રચનાની ગુંથણી કેવી અજબ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રીતે કરી છે. એક વાદ્યના સુરતાલની માફક સર્વ અવયવો મળી દરેક કાર્ય કેવા સહકારથી કરે છે અને કેવા પ્રકારની તન્માત્રાઓ પાંચ તત્ત્વો વડે આપણા સ્થૂળ દેહના સંસર્ગમાં આવી પોતાનું કાર્ય કરી રહેલ છે. ઈંદ્રિયો કેવી નિયમિત રીતે, પોતાની ક્રીડા કરી રહેલ છે, કે શરીરમાં કોઈ પ્રકારની અવ્યવસ્થા થવાથી બધું ખળભળી ઉઠે છે. જો કોઈ નસ પોતાની ફરજ ચૂકે તો તમોને ઘણું દુઃખ વેઠવું પડે છે. શરીરના કોઈ પણ ભાગને કોઈ જાતની તકલીફથી કેટલા પ્રકારની હાડમારી ભોગવવી પડે છે, વગેરે વગેરે સર્વ વાતોનો તમે વિચાર કરો તો તમને ઘણું જ જાણવાનું અને શીખવાનું મળે. માનસિક સૃષ્ટિ તથા આધ્યાત્મિક જગતમાં પ્રવેશ કરવાની શક્તિ હજુ તમારામાં ભાગ્યે જ આવી હશે. જો આ અનંત બ્રહ્માંડના સ્રષ્ટાનો મહિમા તમે જાણી શકો તો તમારામાં ઘણું જ સામર્થ્ય મળી જાય, અથવા તો તમે પ્રકૃતિની અનંત શાંતિના મહાસાગરમાં ગરક થઈ જાવ અને જો આ આદ્ય શક્તિ મહામાયાના નિયમથી સમજીને ચાલો તો તમે તેના બાળક બની તે મહામાયાની અનંત શક્તિઓનો અનુભવ કરી શકો. જ્યારે તમે આ પહેલા જ પુસ્તકને ભણશો ત્યારે જ તમે પુસ્તક બનાવવાના અધિકારી થઈ શકશો.

દરેક માણસ પોતે એક એક ગ્રંથરૂપે છે. ગર્ભવાસ તે પુસ્તકનું પ્રથમપત્ર (ટાઈટલ પેજ) છે. પૂર્વજન્મનાં સંચિત કર્મ ગ્રંથના વિષય માટે વિશાળ ક્ષેત્ર છે. કોઈપણ કાર્યમાં દીક્ષિત થવું તે તેનું સમર્પણ-પત્ર છે-બચપણ તેમજ જુવાની વગેરે-જે ઉમ્મરના ભાગો છે-તે તે પુસ્તકના અધ્યાયો છે. જીવનનાં ભલાં બુરાં કર્મ તે તેની મતલબ-સાર છે. જે માણસ દરિદ્રી છે, તે સમજો કે નિઃસાર પુસ્તક સમાન છે. જે લોકો પૈસાવાળા અને સુખી છે, તે સમજો કે એક માત્ર બાહ્ય શોભા આપનાર ખૂબસુરત પુસ્તક સમાન છે. જે થોડો કાળ દુનિયામાં રહી કોઈ પણ સારું કાર્ય કર્યા વગર ચાલતો થાય છે, તે કોરા કાગળના પુસ્તક સમાન છે-જો કોઈ થોડા વર્ષોની અંદર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લોકના હિત સારૂં સારાં કાર્ય કરે છે તે પછી પોતાની જીંદગી છોડી જાય છે, તે નાના પુસ્તક સમાન હોવા છતાં એક સારવાળા પુસ્તક સમાન ગણાય છે. જે બહુ વર્ષ જીંદગી ભોગવી દુનિયામાં સારાં કૃત્ય કરે છે તે એક બહુ જ મોટા તેમજ ઉપયોગી બોધકારક ગ્રંથરૂપ છે, અને તેનું જીવનચરિત્ર દુનિયાભરને અનુકરણ કરવા લાયક છે. જે બીજાઓને પોતાના જીવનનું સાર્થક કરવાનો ઉપદેશ કરે છે પરંતુ પોતે કરતો નથી તે માત્ર વ્યાકરણરૂપ છે. જે રાજા મહારાજાની વાતો કહી શ્રોતાઓના મનરંજન કરે છે તેવા મનુષ્યો ઇતિહાસ તથા પુરાણના પુસ્તકરૂપ છે. જે દુનિયાના નફા અને તોટાનો વિચાર કરી પોતાના દિવસ નિર્ગમન કરે છે તેને ગણિત ગ્રંથરૂપ કહે છે; જે જગતના વિસ્તૃત જ્ઞાનને પુરૂષાર્થ માને છે તે ભૂગોળ સમાન છે અને જે પોતે ફક્ત રંગ રસ અને ભોગવિલાસને પોતાની જીંદગીનો સાર સમજે છે તે નાટકના ખેલરૂપે છે. ફક્ત જે પરોપકારી અને દયાવાન છે તે ધર્મશાસ્ત્રરૂપે છે. જે માણસ જગતના વ્યાપાર–વ્યવહાર આદિથી અલગ રહી, પ્રેમલક્ષણા ભક્તિથી ભગવાનને ભજે છે તેને યોગશાસ્ત્ર કહે છે. આ પ્રમાણે દરેક માણસ એક એક ગ્રંથરૂપ છે. જો આવા ગ્રંથને પૂર્ણ રીતે સમજવામાં આવે તો તમો વિદ્વાન લોકોની ગણતરીમાં આવી શકો. તમારા ગ્રંથના તમે પોતે અવલોકનકર્તા થઈ શકો, તો તમારા ગ્રંથને તમે ઘણો જ ઉચ્ચ પ્રતિનો અને ઉપયોગી બનાવી શકો. તેથી તમારી કિંમત વધી જાય; તમારા મરણ પછી તમારી ઉપયોગિતા ચાલુ રહે અને બીજાઓ તમારા જીવનચરિત્રનું અનુકરણ કરી શકે; અને તેથી તમારા મૂળ ગ્રંથની હજારો આવૃત્તિઓ પ્રકટ થઈ જાય. માટે તમો એવી તમારા જીવનગ્રંથની રચના કરો કે જેથી વિશ્વ તેનું અનુકરણ કરે. લિપિ અથવા તો ભાષાદોષ થાય તો તેને તમારા ગુરુદ્વારા સુધરાવી લો. મનુષ્યજીવનમાં પાપ વગેરે માલમ પડે તો એમ સમજવું કે તે એક ગ્રંથમાં ડાઘા **તથા છાપનારની ભૂલો** છે. તે પાપનું પ્રાયશ્ચિત્ત કર્યું હોય તે શુદ્ધિપત્રિકા માફક ગણી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શકાય; એટલે તે પાપનું અનુકરણ થતું અટકે. નાની યા મોટી જે ચોપડીઓ બનાવવામાં આવે છે તેમને છેડે હમેશાં "સમાપ્ત" એટલે પૂર્ણપણું રહેલું છે તેવી જ રીતે આ દરેકને અંગે સમાપ્ત એટલે **મરણ રહેલું** છે, એ વાતને જરૂર યાદ રાખજો. ગ્રંથની સમાપ્ત વખતે આ ગ્રંથનો સાર દર્શાવવામાં આવે છે તેવી જ રીતે મરણ પ્રસંગે પણ મનુષ્યે આખી જીંદગીનાં કૃત્યોનો સરવાળો કરી તેનું રહસ્ય પોતે સમજી બીજાને સમજાવવાનો પ્રયત્ન કરવો જોઇએ. કોઈ દિવસ આળસ, ઉદાસીનતા વગેરેથી પુસ્તકને અધુરૂં મુકશો નહિ. મનુષ્યશરીરમાં જે જે પવિત્ર શક્તિઓ રહેલી છે તેનો હમેશાં સદુપયોગ કરો અને વખતને કિંમતી ગણી નકામો ન ગુમાવો. આદ્ય કવિ શ્રી પરમાત્મા માત્રનો વિશ્વરૂપ મહાન અને વિશાળ ગ્રંથનો અહોનિશ અને ક્ષણે ક્ષણે અભ્યાસ કરતા રહો અને તે ગ્રંથકર્ત્તાની શક્તિ (શાન્તિ) આશય, ખૂબી વગેરેનો વિચાર કર્યા કરો. તેથી તમારામાં પણ તેવી શક્તિનો કાંઈક પ્રકાશ પડશે; તેથી તમને તેમજ તમારા સહવાસમાં આવનારને અલૌકિક અંતર સુખ અને શાન્તિનો અનુભવ થતો જશે અને બાહ્ય આડંબરની અને કીર્તિ મેળવવાની ઈષણા વિરામ પામશે. (वसुधैव कुटुम्बकम् ની ભાવના જોઇએ.)

કપડવંજ

મણિલાલ જાદવરાય

(પુ. ૭૭ મું, ફેબ્રુઆરી, ૧૯૩૦).

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખંડ ૫ : જીવનચરિત્ર

મલ્હાર ભિકાજી બેલસરેનું જીવનવૃત્તાન્ત

મર્હૂમ સ્વર્ગસ્થ રા. મલ્હાર ભિકાજી બેલસરેનો જન્મ તા. ૨૨ મે ૧૮૫૩માં થયો. એમનું મૂળ વસતિસ્થાન પુણા જીલ્લામાં જેજુરીની પાસે આવેલું બેલસર ગામ હતું. તેમના પિતાનું નામ ભિકાજીપંત અને દાદાનું નામ મલ્હારરાવ હતું, એટલે જે તેમના દાદાનું નામ તેજ તેમનું નામ હતું. તેમના દાદા અસલ પેશવાઇમાં મરાઠી સરદાર હતા; અને કુલાબા જીલ્લાના ×નાગોઠણા પ્રાંતના પાગેદાર હતા. તેમના પિતાજી અશિક્ષિત હોવાથી ભિક્ષુક વૃત્તિ કરતા. ભિકાજીપંતને ચાર પુત્ર અને બે પુત્રીઓ હતી. પુત્રોનાં નામ રંગોપાત, બાપુજી, મલ્હારરાવ અને ખંડેરાવ; પુત્રીઓનાં નામ વયાબાઈ અને વજુબાઈ, એટલે કે કૈલાસવાસી મલ્હારરાવ પોતાના પિતાના ત્રીજા પુત્ર હતા પણ અનુક્રમમાં ચોથા વંશજ હતા. ભિકાજીપંતે કુલાબા જીલ્લાના પેણ ગામમાં પોતાનું ઘરબાર બાંધીને વસતિસ્થાન કર્યું. રંગોપાત ઠાણા જીલ્લાના મોખાડા, ઉંબરગામ પેટાના મહાલકરી હતા. બાપુજી પેણ તાલુકાના સરકારી વકીલ હતા.

કૈલાસવાસી મલ્હારરાવે પોતાના મોટા ભાઇની સાથે રહીને ઠાણામાં અંગ્રેજી ભાષાનાં નીચલાં ધોરણોનો અને મુંબાઈની એલફીન્સ્ટન હાઈસ્કુલમાં ઉપલાં ધોરણોનો અભ્યાસ કર્યો અને સને ૧૮૭૦માં મેટ્રીકયુલેશન પરીક્ષામાં પાસ થયા. ત્યાર પછી મુંબઈની એલફીન્સ્ટન કૉલેજમાં આગળ અભ્યાસ કરીને સને ૧૮૭૩માં એફ. એ. ની

× नागोठणा.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરીક્ષા પાસ કરી. ઇ. સ. ૧૮૭૫માં રાજકોટ હાઇસ્કુલમાં સંસ્કૃતના શિક્ષક નીમાયા. નોકરી પર હતા તોપણ તેમની વિદ્યાભિરુચિ પહેલાંની માફક કાયમ હતી. રાજકોટથી સુરત, સુરતથી પાછા રાજકોટ, રાજકોટથી જુનાગઢ બદલી થઈ. જુનાગઢ ૧૮૭૭ થી ૧૮૮૩ સુધી પાંચ વર્ષ રહ્યા. આ બધે ઠેકાણે સુદૈવથી તેમના ઉપરી હેડ માસ્તર મર્હુમ રા. સા. ઉત્તમરામ નરભેરામ મેહેતાજી જ હતા. રા. સા. ઉત્તમરામ તેમને અતિ ઉદ્યોગી, ઉત્સાહી અને પાપભીરૂ સમજીને તેમના પર પ્રીતિ રાખતા.

જુનાગઢ હાઇસ્કુલમાંથી બદલાઇને વિરમગામની એંગ્લો વર્નાક્યુલર સ્કુલના હેડ માસ્તર તરીકે નીમાયા. ત્યાં સને ૧૮૮૭ સુધી રહ્યા. વિરમગામ આવ્યા પછી તેઓએ ગુજરાતી ભાષાનું માર્મિકપણે અધ્યયન કરવા માંડ્યું. ગુજરાત વર્નાક્યુલર સોસાઇટીએ જાહેર કર્યા પ્રમાણે જોન સ્ટૂઅર્ટ મિલનું 'લ્બર્ટિ' નામક ગ્રંથનું ભાષાંતર સોસાઇટી તરફ મોકલ્યું. તે પરીક્ષક કમિટીમાં મુકાઈને સર્વોત્તમ ઠર્યું, અને તેને માટે ૧૫૦ નું ઈનામ મળ્યું. વિરમગામમાં પ્રાર્થનાસમાજ, નેટીવ જનરલ લાયબ્રેરી, લોકહિતવર્ધક સભા અને જોઇન્ટ સ્ટોક કંપની ઉભી કરીને તેની મારફત પહેલું છાપખાનું સ્થાપન કર્યું. શિવાય વિરમગામની મ્યુનીસીપાલીટીમાં ચેરમેન (Chairman) તરીકે સાર્વજનિક કામો કરતા હતા. તે વખતે વિરમગામમાં સબ જજ્જ રાવબહાદુર લાલશંકરભાઇ હોવાથી તેમની સાથે પ્રથમ પરિચય થયો. વિરમગામની લોકહિતવર્ધક સભાની મારફતે મુંબાઇ અને કલકત્તામાં સને ૧૮૮૫ અને ૧૮૮૬ ની સાલમાં ભરાયેલી ઈંડિયન નેશનલ કોંગ્રેસોમાં ડેલીગેટો મોકલ્યા.

વિરમગામથી સને ૧૮૮૭ માં અમદાવાદની હાઇસ્કુલમાં બદલી થઇ. અહિંઆ તેમને ગુજરાતી ભાષામાં એક સારી ગુજરાતી–અંગ્રેજી ડીક્ષનરીની ઘણી જ ખોટ છે એવું જણાયું, અને ત્યારથી ડીક્ષનરી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લખવાનું કામ શરૂ કરવા માંડ્યું. એટલામાં રા. રા. હરિશંકર પાઠક તરફથી તેમને દ્રવ્ય સંબંધી મદદ મળી. તે ડીક્ષનરી ઇ. સ. ૧૮૯૫-માં છપાઇને બહાર પડી. આવી ડીક્ષનરી ગુજરાતી ભાષામાં પ્રથમ હોવાથી પહેલી આવૃત્તિની નકલો બે ત્રણ વરસમાં ખપી ગઈ. બીજી આવૃત્તિ ઘણા વિસ્તૃત પ્રમાણ પર લખવાનું કામ ઇ. સ. ૧૮૯૯માં હાથમાં લીધું. તે આવૃત્તિ ઇ. સ. ૧૯૦૫ માં છપાઇને બહાર પડી. આ ડીક્ષનરીના કામમાં વિશેષ કરીને રેવરન્ડ ડૉ. ટેલર તરફથી કેટલીક સૂચનાની અને મીસીસ ટેલર તરફથી શબ્દસંગ્રહની સારી મદદ મળી હતી. ઇ. સ. ૧૯૦૧ માં અમદાવાદ શહેરમાં સનાતન ભારત ધર્મ મહાપરિષદનું દ્વિતીય અધિવેશન થયું તેના તેઓ મુખ્ય સેક્રેટરી હતા.

ઇ. સ. ૧૯૦૩ માં તેઓ અમદાવાદની મેલ ટ્રેનિંગ કોલેજમાં વાઇસ પ્રિન્સીપાલ નીમાયા. પોતાની માતૃભાષા મરાઠી છતાં ગુજરાતી જેવી પારકી ભાષામાં પ્રાવીણ્ય સંપાદન કરીને ગુજરાતની ટ્રેનિંગ કોલેજમાં વાઇસ પ્રિન્સીપાલની પદવી મેળવી એ તેમને વિશેષ ભૂષણાસ્પદ છે. ડીક્ષનરી જેવું ભારતી કામ એક હાથે થવાથી તેમના જ્ઞાનતંતુ પર ઘણીજ ખરાબ અસર થઇ; તેમને અપસ્માર(Appoplexy)-નો રોગ થયો અને છેવટે ઇ. સ. ૧૯૦૬ ની ૪ થી એપ્રિલ બુધવારે (ચૈત્ર શુદ ૧૦ ને દિવસે) સવારમાં (A. M.) કલાક ૧–૪૫ મીનીટે તેમનું દેહાવસાન થયું.

પ્રાર્થનાસમાજ

પ્રાર્થનાસમાજના પંથના તેઓ ઘણા ચુસ્ત અનુયાયી હતા. તેઓ વિરમગામ હતા ત્યારે તેમણે રા. બા. લાલશંકરભાઇની મદદથી પ્રાર્થનાસમાજ સ્થાપ્યો; તે હજુ ત્યાં ચાલે છે. અમદાવાદ આવ્યા પછી તેઓ અમદાવાદ પ્રાર્થનાસમાજના સભાસદ થયા. સમાજમાં તેઓ ઘણી વાર ઉપદેશ કરતા તેમજ વાર્ષિકોત્સવ વખતે પુરાણ વાંચતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાંસારિક વિચારો

સંસારસુધારાની સંબંધમાં તેઓ સુધારણાવાદી હતા. લોકરૂઢિને ચુસ્ત રીતે વળગી ન રહેતા હાલના કાળને અનુસરીને લોકોએ પોતે રૂઢિ પાડવી જોઇએ એવો તેમનો મત હતો. હાલના જમાનાની આગળ, કે જેમાં દિનપ્રતિદિન નવી શાસ્ત્રીય શોધો બહાર પડે છે અને લોકોની ઐહિક યાત્રા સુખકર થતી જાય છે, એવા જમાનાની આગળ, કૂપમંડુક જેવી સંકુચિત વૃત્તિથી દૃઢ થયેલી સ્થાનિક રૂઢિઓ નાબુદ કરવી જોઇએ, એવું તેઓ ધારતા.

એલફીન્સ્ટન કોલેજમાં વિદ્યાર્થી તરીકે શીખતા હતા ત્યારથી ભાષા સાહિત્ય સંબંધી વિષયોનો તેમને ઘણો શોખ હતો. ગુજરાત પ્રાંતમાં પ્રથમ નોકરી મળી ત્યારથી ગુજરાતી ભાષાનું બીજી ભાષાઓ સાથે (સંસ્કૃત અને મરાઠી) ઘણું જ મળતાપણું છે એમ માલમ પડવાથી ગુજરાતી ભાષાનું બારીકાઈથી નિરીક્ષણ કરીને અધ્યયન કરવા લાગ્યા. પહેલવહેલાં તો ગુજરાતી લોકોની મધ્ય વસ્તીમાં રહીને જે કાંઇ નવાઈ જેવી કહેવતો શબ્દપ્રબંધો અને વાક્યો માલમ પડતાં તે પોતાની સ્મરણવહીમાં નોંધ કરી રાખતા અને બીજી (એટલે મરાઠી, સંસ્કૃતમાં) ભાષામાં તેવી જ કહેવતો, વાક્યો વગેરેની સાથે સરખાવતા અને ભેદ માલમ પડે તો તે ભેદ શાથી થયો, તેનું બીજા આસિસ્ટંટ માસ્તરો સાથે વિવેચન કરતા.

અમદાવાદ હાઇસ્કુલમાં હતા ત્યારે રા. રા. અમીધર રણછોડભાઈ અને રા. રા. તાપીશંકર પ્રાણશંકર દવે તરફથી વિવેચન કરવામાં મદદ મળતી.

ઉપસંહાર

કૈલાસવાસી મલ્હારરાવે ગુજરાતી ભાષામાં પ્રસિદ્ધ કરેલાં પુસ્તકો:

૧. હિંદુસ્તાનની રાજ્યપદ્ધતિ.

૨. System of government in India.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩. Guj. Eng. Dictionary (Two Editions).

4. Dr. Bhandarkar's Sanskrit First Book in Gujarati (3 editions).

5. Translation into Gujarati of R. S. Tarkhadker's (तर्खडकरनी) Marathi Translation Series. (in 3 parts).

6. स्वातंत्र्य

મરાઠી ભાષામાં એકે પુસ્તક પ્રસિદ્ધ કર્યું નથી. સ્વાભાવિક રીતે મરાઠી ભાષામાં લખવા કરતાં ગુજરાતી ભાષામાં ગ્રંથો લખવા તરફ તેમની વધારે પ્રવૃત્તિ હતી. નં. ૨નું પુના મેલ ટ્રેનિંગ કોલેજના આસિસ્ટંટ માસ્તર મી. વિષ્ણુ વાસુદેવ નાટેકર એમણે મરાઠીમાં ભાષાંતર કર્યું છે.

આ સિવાય તેમણે ઉર્દુ, લેટિન અને ફ્રેંચ ભાષાનો અભ્યાસ કર્યો હતો. સાધારણપણે બીજા વિષય કરતાં સાહિત્ય વિષય તરફ વધારે લાગણી હતી.

તેમણે મરાઠી ભાષાની કેન્ડી અને મોલ્સ્વર્થની ડીક્ષનરીઓની સુધારા વધારા સાથે બીજી આવૃત્તિ છપાવવાનો પ્રયત્ન કર્યો હતો. તેને માટે તે વખતના કેળવણી ખાતાના વડા મી. જાઈલ્સે જોઇતા શબ્દો, વાક્યો ઇત્યાદિનો સંગ્રહ કરવાનો મધ્ય વિભાગના મરાઠી શાળામાસ્તરોને હુકમ કર્યો હતો; અને તે પ્રમાણે મી. હરિશંકર પાઠકને કેટલાંક manuscripts મળ્યાં છે. તેને માટે મરાઠી લેખકોની એક કમીટી નીમાઈ ને તેના મેનેજીંગ એડીટર (Managing Editor) કૈ. મલ્હારરાવ હતા.

"આર"

(પુ. ૫૮ મું. ઑગસ્ટ, ૧૯૧૧)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"ગુજરાતી"ના અધિપતિનો સ્વર્ગવાસ

ગુજરાતના બહુમાન્ય અને અતિલોકપ્રિય સાપ્તાહિક ધી "ગુજરાતી"ના અધિપતિ રા. રા. ઇચ્છારામ સૂર્યરામ દેશાઇનો સ્વર્ગવાસની નોંધ લેતાં અમને બહુજ ખેદ થાય છે. સ્વર્ગસ્થ ગુજરાતમાં એક એવી પદવીએ પહોંચેલા પુરૂષ હતા કે, જેમના વિચાર જાણવાને આબાળવૃદ્ધ તમામ ગુજરાતીઓ એક અઠવાડીયા જેટલો વખત પણ સહન કરી શકતા નહિ. તેમની કલમમાં અને વિચારોમાં કોઇ એવી જાતની મોહિની હતી કે, ગુજરાત રા. ઈચ્છારામના 'ગુજરાતી' ઉપર આજ તેતરીસ વર્ષો થયાં ગાંડુજ થઇ રહેલું છે. આવા એક મહાન પુરૂષના અવસાનને વખતે તેમનું પરિદેવન કરતાં શું સંભારીએ અને શું ન સંભારીએ, એ પણ એક મોટો પ્રશ્ન છે. તેમ છતાં તેમનાં અનેકદેશી કાર્યો અને અનેકાનેક પ્રવૃત્તિઓ અને ગુણોમાંની થોડી બાબતોની નોંધ લેવાનો યત્ન કર્યા વગર તો ચાલે તેમ નથી જ.

"બીનકેળવાએલી પ્રજા કરતાં કેળવાએલી પ્રજા ઉપર રાજ્ય ચલાવવું એ વધારે સુતરૂં અને સુગમ છે માટે હિંદુસ્તાનને કેળવો" એવો વિચાર જે વખતે હિંદુસ્થાનમાંના આંગ્લ અધિકારીઓના મનમાં વ્યાપી રહેલો હતો તે સમયે, બરછીએ રાજ્યની અને પ્રજાની સેવા બજાવી રહેલા પિતાને ઘેર જે વર્ષમાં બરછીનો કાળ ઉતરીને કલમનો કાળ બેઠો તેજ વર્ષમાં આ કલમબાજ પુરૂષનો જન્મ થયો હતો (સન ૧૮૫૭). દેશાઈના કુટુંબની ખાનદાની મોગલ પાદશાહી વારાની છે એમ તેમની વંશાવળી ઉપરથી જણાય છે અને સ્વર્ગસ્થ પિતાપુત્રે બજાવેલી જે સેવાઓ આપણી આગળ તાજીજ રહેલી છે તે ઉપરથી પણ એમ માનવાને કારણ મળે છે કે કૌટુંબિક પરંપરાનો અંશજ રા. ઈચ્છારામમાં પૂર્ણકળાએ ખીલી નીકળ્યો હતો. અને તેથીજ તેમણે, હાલના જ્ઞાનોજ્જ્વલ કાળમાં ઉચ્ચ કેળવણીના સંસ્કાર જોઈએ તેવા નહિ થએલા છતાં પણ મોટા ધુરંધરોની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાથે પોતાની ધુરાને અનવનત રાખી આવો . ઉજ્જ્વળ યશ અને કોઇકને ક્વચિતજ મળે એવી પ્રતિષ્ઠા વગેરે પ્રાપ્ત કર્યા છે. પિતાના નિધનથી અને બીજી કેટલીક અનિવાર્ય સાંસારિક અડચણો આવવાથી રા. ઇચ્છારામથી કાળને યોગ્ય ઉચ્ચ કેળવણી લેવા ન હતી પરંતુ જીવનકલહની બાજી માંડયા પછી પોતાના વ્યવસાયને અને જીવનને સાહિત્યના અભ્યાસમય કરી નાંખી તેમણે એ ખોટને પૂરેપૂરી પૂરી નાખી હતી.

નાનપણથી જ સ્વર્ગસ્થને સાહિત્યનો શોખ હતો અને લખવા વાંચવામાં તેમના આત્માને પારાવાર આનંદ પ્રાપ્ત થતો હતો. આ સ્વભાવ–પ્રકૃતિને અનુસરતો વ્યવસાય તેમને પ્રાપ્ત થયો. સુરતના લાઇસન્સ ટેક્ષવાળા રાયટે પ્રારંભમાંજ એમને અનુભવની ધાત ભણાવી. એજ પ્રસંગે અને વીતેલા વીતકે તેમને ભવિષ્યમાં વર્તમાનપત્રકાર તરીકે ઉત્તમ યશ અપાવ્યો એમ કહીએ તો તે ખોટું નથી. પોતાના શેઠ અને સ્નેહીઓનો બચાવ કરવાને તેમને પુષ્કળ મહેનત લેવી પડી. પરંતુ તેમ કરતાં હાલના–ભરતખંડના મહાન નર સર ફિરોજશાહ મહેતાનો પરિચય પડ્યો અને તેમાંથી જ મુંબઈ જેવા રાજનગરમાં જીવન ગુજારવાનો અને પ્રજાહિતસેવા બજાવવાની યોગ્ય રંગભૂમિ ઉપર ઉતરવાનો તેમને અવકાશ મળ્યો.

'દોરી લોટો કે ગાદી તકીઓ" એ સાહસિક પુરૂષોના સિદ્ધાંતાર્થવાળી કહેવત પ્રમાણે જ તેમણે દોરી લોટે સુરત છોડયું અને આપબળે મુંબઈમા ગાદીતકીઓ પ્રાપ્ત કરી અનેક માર્ગે પોતાને લાભકારી અને અનેક માર્ગે પ્રજાને હિતાવહ વ્યાપરની એવી પોઠ ચલાવી કે જેને અંતે સર્વાંશે વિજયજ મળ્યો. મુંબઈમાં રા. રા. ઈચ્છારામે નાની નોકરીઓથી જીવનની શરૂઆત કરી હતી, પરંતુ કવિવર નર્મદાશંકર લાલશંકર અને બીજા મહાન્ નરો, જે તે વખતના મુંબઇના વાતાવરણને ધમધમાવી રહેલા હતા તેમનો એમને સહવાસ રહેવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માંડયો ને તેમાંથી આખરે ૧૮૮૦ના જુનમાં એક ગુજરાતી સાપ્તાહિક કાઢવાનું બની આવ્યું.

મુંબઈમાં તે વખતે જે વર્તમાનપત્રો ચાલતાં હતાં તે બધાં પારસીભાઈઓને હાથે ચાલતાં હતાં. આપણા હિંદુઓના અગત્યના સાંસારિક, ધાર્મિક અને સામાજિક પ્રશ્નોને ચર્ચવાનું કંઇ પણ સાધન ન હતું. સુરત અમદાવાદમાં ગુજરાતીઓને હાથે ચાલતાં કેટલાંક સાપ્તાહિક હતાં પરંતુ જ્યાંથી બધી નવી બાબતો ઉત્પન્ન થઇ ઈલાકામાં ફેલાતી હતી તે સ્થાનમાં ગુજરાતીઓને હાથે ચાલતું એકકે પત્ર ન હતું, તેની ખોટ ઉપર જણાવેલા તે કામના આગેવાનોને લાગ્યા કરતી હતી. રા. ઇચ્છારામને સુરતમાંથી અને મુંબઈમાંથી એનો અનુભવ થએલો હતો અને તેમને એ માર્ગ સ્વાભાવથી રૂચતો હતો તે કવિવર નર્મદાશંકરથી સમજાએલું હતું તેથી એક પ્રસંગને લઈ સર મંગળદાસને ગુજરાતી પત્રની જરૂર જણાઈ ત્યારે તેમણે રા. ઈચ્છારામને માથે એ મોટી ફરજ બજાવવાનું નાંખવાની ભલામણ કરી અને સર મંગળદાસ કે જેમની હોંશિયારી, ઉદારતા અને લાગવગ માટે આત્યરે પણ મુંબઈમાં અને ઈલાકામાં બહુ સારા વિચાર બોલાયા કરે છે તેમણે, પોતે ખરચ આપવાનું માથે લઇ 'ગુજરાતી' પત્રની શરૂઆત કરાવી. 'ગુજરાતી'માં જણાવ્યા પ્રમાણે એ ઉદાર દીલના ગૃહસ્થે લગભગ સત્તર અઢાર હજાર રૂપીઆ તેની પાછળ ખરચ્યા હતા. મરહુમ મિ. તાતા અને અમદાવાદના ઉદાર મનના સરદાર સર ચીનુભાઈએ કેળવણી અને વિદ્યાના પ્રચાર માટે હાલ મોટી મોટી રકમો કાઢી આપી છે અને ભવિષ્યમાં બીજાઓ તેથી પણ કદાપિ વધારે સારી રકમોનો વ્યય કરી કેળવણી અને જ્ઞાનપ્રસારને ઉત્તેજન આપશે, તો પણ એટલું તો કહેવું જ જોઇએ કે શરૂઆતના કાળમાં વિદ્વાનો અને ધનીઓ જેવું હાથમાં હાથ રાખીને કાર્ય કરતા હતા તેવું હાલ થતું નથી અને સર મંગળદાસે ગુજરાતીને હાથે ચાલતું એક ગુજરાતી પત્ર મુંબઈમાં ચાલુ કરવાને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માટે તે કાળે જે ઉદારતા બતાવી હતી તે ઇતિહાસમાં ખરેખર અમરજ રહેશે.

"ગુજરાતી" નીકળ્યું ત્યારથી રા. ઈચ્છારામનું ખરેખરૂં સત્ત્વ લોકના જાણવામાં આવવા માંડ્યું. વર્તમાનપત્ર ચલાવવાનું કામ ઉપર ઉપરથી વિચાર કરનારાઓને કદાપિ સહેલું જણાતું હશે, પરંતુ તે આજ પણ તેટલું સહેલું નથી. અને જ્યારે રા. ઈચ્છારામે 'ગુજરાતી' શરૂ કર્યું ત્યારે તો તે જરાયે સહેલું નહિ પરંતુ બહુજ મુસ્કેલ અને જોખમભરેલું કામ ગણાતું. વર્તમાનપત્રવાળાને બધી બાબતોના જાણ અને સર્વ બંદરના વેપારી થવું પડે છે; તેમ જ એક પત્રના અધિપતિ (રાજા) થવા છતાં દરેકના નોકર, દરેકના મિત્ર અને ઘણાકના શત્રુ થવું પડે છે. અનેકવિધના એક બીજાથી વિરુદ્ધ જતા વિચારો અને લાગણીઓવાળા તોફાની વાતાવરણની વચ્ચે તેને મક્કમ થઈ ઉભા રહેવું પડે છે. આ બધી બાબતોમાં રા. ઇચ્છારામ યોગ્ય નર હતા, એમ કવિવર નર્મદાશંકરે કહ્યું હતું અને ખરેખર તે કવિવરનાં વચનોને ઈચ્છારામે પોતાના જીવનમાં લોકોને સત્ય કરીને જ બતાવી આપ્યાં છે. પારસીઓ, મુસલમાનો, અંગ્રેજો અને મરાઠાઓ એક્કે અવાજે રા. ઇચ્છારામના જીવતાં જીવંત કબુલ કરી ગયા છે કે ગુજરાતમાં 'ગુજરાતી' પત્ર એક આગેવાન પત્ર છે અને તેનો સુકાની એક ખરેખરો બાહોશ નર છે. જ્યારે 'ગુજરાતી' પત્રની શરૂઆત થઈ ત્યારે ઈચ્છારામની પ્રતિષ્ટા અને ધન સંબંધી સ્થિતિ કંઈ એવી ન હતી કે લોકો પત્રને ઉત્તેજન આપે અથવા ઈચ્છારામ પોતે તેને નાણાંએ ચલાવી શકે. હાલ પણ જ્યારે આટલા બધા જ્ઞાનના ફેલાવ પછી પણ-પત્રકારો અને માસિકવાળાઓને પ્રજા તરફના આશ્રય માટે નિરાશ થવું પડે છે ત્યારે રા. ઈચ્છારામને તેમના વખતમાં કેટલી નિરાશા વચ્ચે અને કેવી મુસ્કેલીઓ વચ્ચે કામ લેવું પડ્યું હશે, તેનો વિચાર હાલ આપણને આવી શકે તેમ નથી; એ તો જેને વીત્યું હોય તેજ જાણે એવું છે. ખભો ઠોકનાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મળી આવે છે, પરંતુ કામ કરનાર અને તેને નીભાવનાર મળી આવતા નથી, તે તો જેણે ખભે ધુરા લીધી હોય તેને જ તાણવાનું હોય છે. કવિઓ, વિદ્વાનો અને મિત્રો સહાય કરતા હતા પરંતુ બહારથીજ—ઓફીસમાં બેસીને–રાત વેઠીને અને મુખ સામે આવીને ઉભી રહેલી મુશ્કેલીઓમાંથી નિર્ણય કરી લઇને વખતસર કાર્ય કરવાને તો રા. ઇચ્છારામને જ તૈયાર થઈ બેસી રહેવું પડતું અને તે કામો રા. ઇચ્છારામે જરા પણ આનાકાની વગર, જરા પણ સુખાભિલાષ રાખ્યા વગર સંસારની, ઘરની, ધનની કિંવા શરીરની દરકાર રાખ્યા વગર બજાવ્યાં છે. એક પત્રકાર તરીકેના કામને તેમણે આજીવનપર્યંત યથાર્થ રીતે બજાવ્યા કર્યું છે એમ કહેતાં અમને મોટો સંતોષાનંદ ઉપજે છે.

લાભ હો, હાનિ હો, દુઃખ હો કે સુખ હો, ગમે તેમ હો–ગમે તેમ થાઓ તો પણ રવિવારનું પ્રભાત થતા પહેલાં "ગુજરાતી" તો બહાર પડવું જ જોઇએજ–એ રા. ઇચ્છારામનો આરંભથી તે અંત સુધી મક્કમ ઠરાવ હતો અને એવા દૃઢ ઠરાવને પરિણામેજ 'ગુજરાતી' આજ આખા ગુજરાતમાં લોકપ્રિય અને આગેવાન પત્ર બનવા પામ્યું છે. "ગુજરાતી"ને માટે રા. ઇચ્છારામ કેવી ખંત અને કાળજી રાખતા હતા તેનો એક દાખલો અહીં આપવો અસ્થાને ગણાશે નહિ જ. 'ગુજરાતી' સારી સ્થિતિએ પહોચી ગયું હતું- ઇચ્છારામ એક સાધારણ માણસ નહિ પણ 'શેઠ'ની સ્થિતિએ ચઢી ગએલા હતા અને મુંબઈમાં શુક્રવારે બપોરે હિંદુ મુસલમાનો વચ્ચે પ્રભાસપાટણવાળી ઉશ્કેરણીને લીધે મોટું હુલ્લડ થયું. જોતજોતામાં કોઈએ નહિ ધારેલી એવી અરાજકતા મુંબઈ જેવા મોટી વસ્તીવાળા અને રાજનગરમાં વ્યાપી ગઇ. રવિવારે નીકળતાં પત્રોને માટે શુક્ર અને શનિ એ બહુ કામના દિવસો હોય છે એમ કહેવાની જરૂર નથી. પ્રેસના માણસો ચિંતાતુર થઈ સાંજ સુધી તો રહ્યા, પરંતુ શનિવારે તેઓ આવે એવી આશા રહી નહિ. 'ગુજરાતી'નું કામ ઝાઝું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થયું ન હતું. કેમ કામ કરવું, તેનો રા. ઇચ્છારામને તરત ધ્રાસકો પડયો. રાત્રે વધારે ગડબડ થવાની ગપ આવી અને ખરેખર તેમ થયું, એટલે શનિવારને દિવસે તો પ્રેસમાં અને ઓફિસમાં કોઇજ જણાયું નહિ. રા. ઇચ્છારામ બધું મેટર-છાપવાનું લખાણ રાતે બેસી એકલે હાથે તૈયાર કરી કોટમાં પ્રેસમાં આવ્યા. પણ કંપોઝ કરનારા અને છાપનારાઓ કોઈ આવેલા નહિ. કોટના રહેવાસી એકાદ બે પારસીઓ અને હિંદુઓને માગે તે દામ આપીને બોલાવરાવ્યા, અને-ઓફિસના લખનારાઓ અને કામદારો જેઓ પત્ર નહિ નીકળે એમ નિરાશ થઈ ગયા હતા તેમને રા. ઇચ્છારામે પોતાનો મક્કમ ઠરાવ જણાવતાં કહ્યું કે "કોઈ પણ ભોગે રવિવારનું પ્રભાત થતાં તો હું ગુજરાતી બહાર પાડીશ જ." કોલંબસના દૃઢ નિશ્ચયે જેમ ખલાસીઓએ વહાણને આગળ અને આગળ ખેડયા કર્યું હતું તેમ 'શેઠ'ના નિશ્ચયે કંપોઝનું અને છાપવાનું કામ નાણાંના મોટા ભોગે ચાલું થયું. ખાધાપીધાની કે બેસવાઊંઘવાની જરા પણ દરકાર નહિ કરતાં રાતના બે વાગે 'ગુજરાતી' તૈયાર તો કર્યું, પણ તેને વહેંચવું કેમ એ મહામુશ્કેલી હતી. મુંબઈના લત્તાઓનો સૈનિકોએ કબજો લીધો અને મુસલમાન લત્તાઓમાં હિંદુએ જવું એ શિરસટોસટનું કામ હતું. સૈનિકો વળી તેમ કરવા પણ દેતા ન હતા. પેપર વહેંચનારા આવ્યા ન હતા. ઓફિસમાં બેસનાર કામદારો થોડા હતા. કંપોઝીટરો અને પારસીઓ વગેરે જે બીજા માણસો હતા તે બહાર જવાની હિંમત કરે એવો વખત ન હતો. ઇચ્છારામ એ દંગો જાગ્યો ત્યારથી ઉભે પગે હતા, આખી રાત કંપોઝીટર રૂમમાં અને પ્રેસ રૂમમાં આવ જા કરવામાં ઉઘાડી આંખે અને ઉભે પગે ગાળી હતી, તેમ છતાં તેઓ પોતે પેપર વહેંચવા જવાને તૈયાર થયા. ગ્રાહકોના લીસ્ટનો કાગળ હાથમાં લઇ તથા એક માણસ પાસે પેપરોનો થોકડો ઉંચકાવી તેઓ પોતે બહાર નીકળ્યા કે બીજા માણસોને પણ હિંમત આવી અને હિંદુ લત્તાઓમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પેપર વહેંચવાનું તેમણે માથે લીધું. ઈચ્છારામ પાયધોણી ઉપર ગયા અને જે માંગે તે આપી એક મુસલમાન વિક્ટોરીઆવાળાને આખા દિવસ માટે રોકી લઈ કામ ચલાવ્યું. રવિવારના બપોર સુધી મુસલમાન લત્તાઓમાં ફરી ઘેરેઘેર પેપર પહોંચાડયું. આ દાખલા ઉપરથી દેખાડવાનું માત્ર એજ છે કે "ગુજરાતી" પત્રને તયાર કરી બહાર પાડવા અને તેની યોગ્ય વ્યવસ્થા કરવાને માટે તેઓ કોઈ પણ ભોગે હંમેશ બહુજ ખંત રાખતા હતા અને તે ખંત–ચીવટ એજ 'ગુજરાતી'નો હાલનો વિજય અને યશ છે. પ્રજાકીય, રાજકીય અને બીજા જેમાં લોકમત ઉશ્કેરાઈ ગયેલું હોય એવા પ્રશ્નો ઉપર અભિપ્રાય આપવાને વખતે મોટી હોહા થઈ રહેતી અને એક બાજુ કે બીજી બાજુથી મુશ્કેલીઓ નડે તેમ હોય તેવે વખતે પણ રા. ઇચ્છારામ જરાપણ ડગુમગુ નહિ થતાં પોતાના મનથી નક્કી કરેલા માર્ગે બેધડક ચાલ્યા જતા હતા. સર મંગળદાસ જેઓ આર્થિક સહાયદ્વારા 'ગુજરાતી'ના ઉત્પાદક હતા અને જેમના આભારના ભારમાં રા. ઈચ્છારામ દબાયલા હતા તેમને અને એમને એકવાર મતભેદનો પ્રસંગ આવી પડ્યો. સર મંગળદાસ જેવા ઉદાર અને બાહોશ નર હતા તેવા જ એક ધનવાન તરીકે રોફદાર અને સામા માણસને દાબી દેનાર તથા પોતાના આગ્રહને જરા પણ શિથિલ ન કરે એવા નર પણ હતા. આર્થિક સહાયની રા. ઇચ્છારામને જરૂર હતી અને સર મંગળદાસના ઉપકારમાં પ્રેસ, પેપર અને પોતે હતા, તેમ છતાં તેમણે તેમના વિચારથી જુદો જ અભિપ્રાય એક જરા જેટલી પણ શરમમાં નહિ ખેંચાતાં જાહેર કર્યો અને સર મંગળદાસ તેથી 'ગુસ્સે થયા તથા પોતાનો આશ્રય અને પ્રેમ પાછાં ખેંચી લીધાં તેમ છતાં પણ મિ. ઇચ્છારામે પોતાના અભિપ્રાયનો ભોગ આપ્યો નહિ અને 'ગુજરાતી'ની પ્રતિષ્ઠા લોકોની વચ્ચે જેવી ને તેવીજ જાળવી રાખી. 'ગુજરાતી'ને લીધે પ્રેસ અને બધું છે અને 'ગુજરાતી' મારો પ્રાણ છે, એમ તેઓ કહેતા અને તેની પ્રતિષ્ઠા, તેની અભિવૃદ્ધિ, તેની લોકપ્રિયતા વધારવામાં કશી પણ કમીના રાખતા નહિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'ગુજરાતી' એમનો આત્મા અને 'ગુજરાતી'ને લઇ એમની સર્વ પ્રવૃત્તિઓ હોવા છતાં પણ તેઓ બીજાં અનેક કામ કરતા હતા, જેમાંના 'ગુજરાતી' જેટલા જ વખણાતા સાહિત્યના કામની સમાલોચના તરફ હવે આપણે વળીએ. 'ગુજરાતી'ને માટે પ્રેસ ઉભું કર્યાં પછી તે પ્રેસને ખોરાક પૂરો પાડવાની અગત્ય ઉત્પન્ન થઈ. તે માટે રા. રા. ઇચ્છારામે પ્રાચીન અને ધાર્મિક સાહિત્ય તરફ નજર દોડાવી. આ બેઉ કામ પરવશ રહીને કરવાનાં હતાં, કારણ કે પ્રાચીન કાવ્યો પ્રજામાંથી મેળવવા ઉપર બધો આધાર રહે એમ હતું અને ધાર્મિક સાહિત્યને માટે કોઇ મહાસમર્થ વિદ્વાનની જરૂર હતી. કવિ સવિતાનારાયણ કાવ્યદોહનનો પહેલો ભાગ તૈયાર કરાવવામાં સહાય કરવાને તૈયાર થયા અને આખા ઈલાકામાં બલ્કે આખા ભરતખંડમાં જે સમયે જેની વિદ્વત્તા અને કવિત્વશક્તિને માટે વાહવાહ બોલાતી હતી એવા પ્રજ્ઞાચક્ષુ ભારતમાર્તંડ પંડિત ગટ્ટુલાલજીએ ધાર્મિક સાહિત્ય પ્રકટ કરવામાં જોઇએ તેટલી સહાય આપવાનું ઉત્તેજન આપ્યું. રા. ઇચ્છારામ આથી ઉત્તેજન લઇ તે બે માર્ગે સાહિત્યને વધારવા અને ખીલવવા તૈયાર થયા અને હાલ આપણે જોઇએ છીએ કે 'ગુજરાતી' પત્રની માફક તેમના પ્રેસનાં પુસ્તકો પણ ઘેરેઘેર અને ગામેગામ પ્રસરી ગએલાં છે.

પ્રાચીન કાવ્યોના સોથી સવાસો ફારમના દશ ભાગ કરવાનો તેમણે ઠરાવ કર્યો હતો જેમાંના સાત ભાગ બહાર પડી ગયા છે. દયારામનાં કાવ્યો, નૃસિંહમહેતાનાં કાવ્યો અને કવિવર નર્મદાશંકરનાં કાવ્યો અને બીજાં પુસ્તકો એ સાત ગ્રંથ ઉપરાંત પ્રાચીન કાવ્યો તરીકે જ બહાર પડેલાં છે. પ્રાચીન કાવ્યોના વળી એક ભાગ તરીકે કાવ્યબદ્ધ પ્રેમાનંદનું ભાગવત, અને ગિરધરનું કૃષ્ણચરિત્ર પણ તેમણે તૈયાર કરેલાં છે એટલે એ માર્ગે દશને ઠેકાણે બાર તેર મોટા ગ્રંથો તેમણે પોતાના જીવન દરમિયાન બહાર પાડેલા છે. ધાર્મિક સાહિત્યમાં મહાભારત, રામાયણ, ભાગવત, ચંદ્રકાન્ત, વ્રતરાજ, પંચદશી વગેરે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિરલ ગ્રંથો તેમણે મોટી મહેનતે બહાર પાડ્યા છે. વળી 'ગુજરાતી'ને ભેટ આપવાને માર્ગે હિંદુસ્તાનના ઇતિહાસની વસ્તુઓ ઉપર અત્યાર સુધીમાં મોટો એક થોકડો થાય એટલી ઐતિહાસિક વાર્તાઓ પણ તેમણે બહાર પાડી છે. વિદ્યાની જુદી જુદી શાખાઓને હાથ ધરી તેમાં તેમણે સારા સારા ગ્રંથો બહાર પાડ્યા છે જેનું વિવેચન કરતાં બહુ લંબાણ થઈ જાય માટે એટલું જ કહેવું બસ છે કે રા. ઇચ્છારામે વર્તમાનપત્રની માફક જ પુસ્તકોની બાબતમાં ગુજરાતને એક નાની જેવી લાયબ્રેરી ભરાય એટલાં પુસ્તકો ભેટ કરેલાં છે.

વર્તમાનપત્ર દ્વારા, પુસ્તકો દ્વારા, પ્રેસ દ્વારા અને પોતાના બધા જ વ્યવસાયો દ્વારા રા. રા. ઈચ્છારામે આખો જન્મારો સાહિત્ય-સેવા બજાવવામાં ગાળ્યો છે. તેમનાં તે કાર્યોએ વળી થોડાક વખાણનારાઓનાં જ વખાણ નહિ પરંતુ બહુ જ મોટા ભાગનાં વખાણ મેળવી પોતાનો વિજય ગુજરાતને પૂરવાર કરી આપ્યો છે. ગમે તેવો તેમનાથી વિરુદ્ધ મત ધરાવનારો ગુજરાતી પણ તેમણે જે મહાભારત સાહિત્યસેવા બજાવી છે તે મુક્તકંઠે અને આભારની લાગણી સાથે આજે યાદ કરે છે. રા. ઇચ્છારામે ગુજરાતમાં વિવિધ શાખાઓવાળું, જ્ઞાન પ્રસારવામાં છેલ્લાં તેતરીસ વર્ષ દરમિયાન જે ખંતથી કામ લીધું છે, તે ગુજરાતથી લાંબે કાળે પણ વીસરાય તેવું નથી, તેમ તેનો બદલો વળાય તેમ પણ નથી. ગુર્જર સાહિત્યના ક્ષેત્રમાં અને વર્તમાનપત્રના વિષમ-કાંટાવાળા માર્ગમાં ગુજરાતને આજ રા. ઈચ્છારામની ખરેખર ખોટ જ પડી છે.

પ્રેસ રાખી વર્તમાનપત્ર ચલાવનારાઓ અને સાહિત્યને લગતાં પુસ્તકો કાઢનારાઓ એક રીતે પુખ્ત લોકોને કેળવનારા તેમના વિચારોને અમુક સ્વરૂપમાં ઉતારનારા, તેમના જુદા જુદા ધંધા અને કાર્ય કરવાના માર્ગો દેખાડનારા અને બધી રીતે કલ્યાણના માર્ગ બતાવનારા ગણાય છે, તે ખોટું નથી. વર્તમાનપત્રો હંમેશ પ્રજામતનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રતિધ્વનિ પાડી રાજ્યના એક નહિ નીમાયલા મંત્રીનું કામ કરનારા ગણાય છે. અને એવા કાર્ય કરનારાઓની દેશને પડેલી ખોટ ઝટ પૂરાતી નથી. ગુજરાતની ઈચ્છારામ જેવા એક બાહોશ પ્રજાપ્રતિનધિની હમણાં તરત તો ખોટ પૂરાય તેમ નથી. તોપણ આપણે ઈચ્છીએ છીએ કે તેમના કેળવાએલા પુત્ર રા. રા. મણિલાલ ઈચ્છારામ દેશાઈ જેમને હાલ 'ગુજરાતી'નું આધિપત્ય મળ્યું છે તેમજ જેમણે સ્વર્ગસ્થના હાથ તળે બેચારવર્ષ થયાં શિક્ષણ લીધેલું છે તેઓ તેમના પિતાના માર્ગ ઉપર ચાલી જતે દિવસે એ ખોટ પૂરી પાડી આપશે.

રા. રા. ઇચ્છારામ સૂર્યરામ દેશાઇએ જેમ તેમનાં કાર્યોથી પ્રજાની પ્રીતિ મેળવી છે તેમ તેમના સ્વભાવે અને શીલે પણ જેઓ તેમના પરિચયમાં ગએલા તેમની પૂર્ણ પ્રસંશા મેળવેલી અમારા જાણવામાં છે. તેઓ સારા નિખાલસ મનના કોઈને પણ સાંભળનાર અને હંમેશ હસતે મુખે રહેનાર—એક સુરતી—ગુલાબી—નર હતા અને કોઈપણ બાબતમાં તેવીજ રમુજી રીતે સૌ સાથે હળીમળી જતા. તેમનો સ્વભાવ ગુણપક્ષપાતી હતો તોપણ તેઓ બીજાઓ પ્રતિ દયા અને ક્ષમાની વૃત્તિથી જોનાર અને વર્તનાર હતા. તેમના સ્વભાવનું ગાંભીર્ય સઉથી વધારે ઉચ્ચ ગુણમાંનો તેમનામાં રહેલો એક મુખ્ય ગુણ હતો. પરોપકાર, દયા અને અંગીકૃતનું સદા જ પરિપાલન કરવાનો તેમનો ગુણ તેમના ધંધામાં તેમના વિજયનું મુખ્ય કારણ થઇ પડેલો હતો. ક્રોધ તેમને બહુજ ઓછો હતો. અને નાનાં મોટાં સર્વ પ્રતિ તેમનો વિનય બીજાઓને તેમને વશ કરાવી દે એવો હતો. તેઓ એવા ઉદ્યોગી હતા કે પોતાના ટેબલ ઉપર બેસી કામ કરતાં રાત્રીના કલાકોના કલાકો કાઢી નાંખતા. પ્રૂફ વાંચવા જેવું કોઇને પણ કંટાળો આપે એવું કામ પોતાને ત્યાં ઘણાએ નોકરો હોવા છતાં મરણપર્યંત તે જાતે જ કર્યા કરતા હતા. અને જ્યારથી છાપખાનાનું કામ શરૂ કર્યું ત્યારથી તેમણે એવો નિયમ રાખેલો કે એક અક્ષર પણ તેમની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આંખ તળેથી નીકળ્યા વગર છપાય નહિ. આવો ઉદ્યોગ, ખંત અને કાળજી તેમનાં પુસ્તકો જોતાં કોઇને પણ પ્રતીત થયા વગર રહે તેમ નથી. રા. રા. ઈચ્છારામમાં ગુજરાતે એક મોટો સાક્ષર અને પ્રજામતનો સ્તંભ ગુમાવ્યો છે છતાં તે કૃતકાર્ય થઇને નિવૃત્ત થયેલા હોવાથી આપણે તેમના આત્માને પરમ શાંતિ જ ઈચ્છીએ છીએ.

મણિલાલ છબારામ

(પુ. ૫૯મું, ડિસેમ્બર, ૧૯૧૨)

સ્વર્ગસ્થ અ. સૌ. વિજયાલક્ષ્મી ત્રિવેદી*

(એક વિદૂષી, સંસ્કારી સ્ત્રીકવિનું જીવનચરિત્ર)

"થાજો પ્રયાણ સુખરૂપ તુને, સખી એ !"

(૧)

સૌ. વિજયાલક્ષ્મીનો જન્મ સંવત ૧૯૪૫ના વૈશાખ શુદ ૩ (અખાત્રીજ) ને દિવસે થયો હતો. ત્હેમના પિતા રા. રા. પીતાંબર જેઠાભાઇ, વડોદરા રાજ્યના એકાઉન્ટન્ટ જનરલના હોદ્દા પર હતા. આ પ્રમાણે આપણાં સ્ત્રી–કવિ ગર્ભશ્રીમંત હતાં, એમ કહી શકાય.

આ સાધ્વીના નશીબમાં ત્હેનાં નિકટનાં સગાંઓએ લ્હાવો લેવાનું ન હતું, એમ ત્હેમની જીવનરેખા સુચવે છે. તે હજુ થોડાએક માસની બાલકી થયાં ન થયાં એટલામાં તેમની માતાનું મૃત્યુ થયું અને જ્યારે પિતાનો પ્રેમ સમજી શકે તેવડી ઉમ્મરનાં થયાં ત્યારે કમભાગ્યે તેમના પિતાશ્રીએ પણ પરલોકવાસ કર્યો. આ સમયે ત્હેમનું વય સાત આઠ વર્ષનું હતું. છેવટ જ્યારે ત્હેમના પતિ પોતાની કેળવણી પુરી કરી રહ્યા અને ગૃહસ્થાશ્રમમાં દાખલ થવાનો વખત

---

*આ લેખ અમને **સુંદરી સુબોધના** તંત્રી રા. રા. ભાઇ રામમોહનરાય તરફથી મળ્યો છે, જે બદલ અમે તેમનો ઉપકાર માનીએ છીએ. તંત્રી બુ૦ પ્ર૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્હેમને પ્રાપ્ત થયો, તે પહેલાં તો એમણે આ ફાની જગતનો ત્યાગ કરી પરલોકમાં વાસ કર્યો!

ઉપર જણાવ્યું તે પ્રમાણે શ્રીમંત કુટુંબમાં જન્મ થવાથી પ્રાથમિક કેળવણી મેળવવાનું સૌ. વિજયાલક્ષ્મીને ઘણું સુલભ થઇ પડ્યું. ત્હેમના કુટુંબમાં કોઇ સમવયી બાલિકાઓ નહતી. માત્ર ત્હેમની ઉમ્મરના ભાઇઓજ હતા. અને તે ભાઇઓએ અંગ્રેજી ભણવું શરૂ કર્યું એટલે સૌ. વિજયાલક્ષ્મીનો અભ્યાસ બંધ કરવામાં આવેલો. ત્હેમણે શિક્ષક પાસે અંગ્રેજી ભણવાનો વિચાર રાખેલો, પરન્તુ તે અનુકૂલ નહિ જણાવાથી તેમ બની શકેલું નહિ. આ પ્રમાણે સૌ. વિજયાલક્ષ્મીએ જે જે સાહિત્ય ગુજરાતી પત્રોદ્વારા પ્રસિદ્ધ કર્યું છે તે સર્વનું મૂળ ગુજરાતી પાંચ ધોરણ સુધીનોજ અભ્યાસ અને ગૃહકેળવણી જ હતાં. અભ્યાસ જોકે બંધ થયો તોપણ ત્હેમણે વાંચન ચાલુજ રાખ્યું હતું. ત્હેમને વાર્તાઓ સાંભળવાનો ઘણો શોખ હતો. આથી અંગ્રેજી તેમજ આપણી ગુજરાતી વાર્તાઓ તેમણે ઘણી સાંભળી હતી. ત્હેમનું વાંચન પણ નવલકથાઓથીજ શરૂ થયું. અને ત્હેમણે આજથી પંદરેક વર્ષ પહેલાંની પ્રચલિત નવલકથાઓનો મોટો ભાગ વાંચ્યો હતો. ઘણીખરી વાર્તાઓ તે વાંચતાં, તે આપણા પારસીલેખકોએ ઉત્તમ અંગ્રેજી નવલકથાઓના કરેલા અનુવાદજ હતા. વાંચન માટે મોડી રાત સુધી ઉજાગરા ઘણી વાર તે કરતાં.

થોડા વખતમાં સૌ. વિજયાલક્ષ્મી અભ્યાસ છોડી ગૃહકાર્યમાં જોડાયાં. અને આ કામ પણ ત્હેમને પોતે વયે પહોંચ્યા પહેલાં શીખવાની ફરજ પડી! ત્હેમના સમજુ વડીલોએ પુત્રીની કમઆવડતથી તેને શ્વશુરગૃહમાં દુઃખ ન થાય માટે સર્વ ગૃહકાર્ય શીખવવાને સૌ. વિજયાલક્ષ્મીની દસ અગીઆર વર્ષની ઉમ્મર થઇ કે તુરતજ પ્રારંભ કર્યો. ગૃહકાર્ય પણ આ અકાલ પક્વ (precocious) બાલિકાએ તુરતજ સમજી લીધું, એટલુંજ નહિ પણ તે સર્વ પોતાને માથે ઉપાડી લીધું. અને જ્યારે તેમની ચૌદ વર્ષની ઉમ્મરે લગ્ન પછી શ્વશુરગૃહે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જવું થયું, ત્યારે ત્યાંનો સર્વ ભાર પણ તે ગર્ભશ્રીમંત અને કાચી વયની બાલિકાએ પહેલેજ દિવસથી ઉપાડી લીધોઃ–પોતાનાં બાલક નણંદ તથા દીયરોને ઉછેરવામાં તેમનાં સાસુને મદદ રૂપ થઈ પડયાં અને તેમના જવાની સાથે તેમનાં સાસુ ગૃહકાર્યમાંથી લગભગ નિવૃત્ત થઇ ગયાં.

સૌ. વિજયાલક્ષ્મીનું લગ્ન, સંવત ૧૯૫૭ ના મહા શુદ ૧૦) ને દિવસે હાલમાં ભાવનગર રાજ્યના મુખ્ય વકીલ રા. રા. વિઠ્ઠલદાસ ગીરજાશંકરના જ્યેષ્ઠપુત્ર રા. હર્ષદરાય જેઓ બી. એ. એલએલ. બી. થઈ હાલ મુંબઈમાં સોલીસીટરનો અભ્યાસ કરે છે, ત્હેમની સાથે થયું હતું. આ પતિપત્ની વયમાં સમોવડીયાંજ હતાં. ઉમ્મરમાં માત્ર દોઢ વર્ષનો ફરક હશે. જ્યારે સૌ. વિજયાલક્ષ્મી શ્વશુર ઘેર આવ્યાં, ત્યારે ત્હેમના પતિ અંગ્રેજી છઠ્ઠા ધોરણનો અભ્યાસ કરતા હતા. આ જણાવવાનું કારણ એટલુંજ છે કે પતિપત્ની બન્ને લગ્ન સમયે કિશોરવયનાં હતાં, પરન્તુ સૌ. વિજયાલક્ષ્મીએ પોતાની સુશીલતાથી અને પ્રેમથી ત્હેમના પતિનું મન હરી લીધું હતું. ત્હેમના પતિ તરફ તેમનો પ્રેમ અમાપ અને અવિચળ હતો. જેટલા પ્રેમથી વિજયાલક્ષ્મી પોતાના પતિને ચ્હાતાં હતાં, તેટલા પ્રેમથી ભાગ્યેજ કોઈ પણ સ્ત્રી પોતાના પતિને ચાહી શકે. આમાં જરાપણ અતિશયોક્તિ નથી. સામાન્ય રીતે જ્યારે મનુષ્ય Ideals (જીવનના આદર્શ) બાંધે છે અને ત્હેને પ્હોંચવા માટે વૃથા પ્રયાસ કર્યાજ કરે છે, ત્યારે સૌ. વિજયાલક્ષ્મી પોતાના જીવનના (Ideals) આદર્શોને ઘણીજ સહેલાઈથી અમલમાં મૂકી શકતાં,–અને જીંદગીમાં ઉતારી શકતાં. ત્હેમનો આત્મા પણ આવા આદર્શોને ધારણ કરી શકે તેટલો ઉચ્ચગામી હતો. અને ત્હેની સાથે તે આત્મા પ્રેમપૂર્ણ હતો. સૌ. વિજયાલક્ષ્મીનું જીવનસૂત્ર "પ્રેમ" હતું. અને ત્હેમનો આ પ્રેમ ત્હેમના પતિમાંજ વિરમી જતો હતો એમ નહતું; પ્રભુ પ્રત્યે ત્હેમનો પ્રેમ અનહદ હતો. અને કુટુમ્બીજનો પ્રત્યે પણ તે બેહદ પ્યાર રાખતાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતાં. ભાઇ અગર બ્હેન, માતા અથવા પિતા, સાસુ અથવા સસરા સર્વને માટે પ્રેમજ હતો. તે સહ્દય એટલાં બધાં હતાં કે કોઈ પણ વ્હાલાજનનું જરા પણ દુઃખ સાંભળતાં કે ત્હેમનાથી અશ્રુપાત થઈ જતો. આ સત્ય એકાદબે દૃષ્ટાન્તથી વધારે સમજાશે. પાંચેક વર્ષ પહેલાં ત્હેમનાં એક કપોળ સખીનો સ્વર્ગવાસ થયો હતો; છતાં પણ આજ સુધી ત્હેનું સ્મરણ ત્હેમને એટલું કષ્ટ આપતું કે તે સખીના નામ માત્રથી ત્હેમને રડવું આવતું. વિજયાલક્ષ્મીની તીવ્ર લાગણી અને પ્રેમાળ વૃત્તિઓનું બીજું દૃષ્ટાન્ત ત્હેમનાં મોટાં ભાભીનું મરણ આપે છે. આ સુશીલ સ્ત્રી ગઈ સાલમાં મરણ પામ્યાં. તે વખતે સૌ. વિજયાલક્ષ્મી તેમના પતિ સાથે મુંબઈ હતાં. આ માઠા બનાવના સમાચારથી તેમના કોમળ હૃદય ઉપર એટલી છાપ પડી કે તે સમાચાર જાણવાની સાથે ત્હેમને તાવ ચડી આવ્યો. સૌ. વિજયાલક્ષ્મીનું મરણ પણ આ સુશીલ સ્ત્રીના અવસાન પછી એક વર્ષે થયું; પરન્તુ તે દરમ્યાન તેમની તબીયત કદી પણ સારી થવા પામી ન હતી.

સૌ. વિજયાલક્ષ્મી જેમ જેમ યુવાવસ્થા પ્રાપ્ત કરતાં ગયાં તેમ તેમના ગુણો પણ દૃઢીભૂત થવા લાગ્યા. અભ્યાસ પ્રત્યે તેનની લાલસા વૃદ્ધિંગત થઇ. વળી એવામાં ત્હેમના પતિ વિદ્યાર્થી અવસ્થામાં હતા તેથી મેટ્રીકયુલેશનની પરીક્ષા પસાર કર્યા પછી ત્હેમને અભ્યાસ અર્થે બહાર જવું પડયું. આને લીધે વિજયાલક્ષ્મીને વાંચવાને ફુરસદ વધારે મળતી. ત્હેમના ન્હાના દીયેરો અંગ્રેજી અભ્યાસ કરતા હતા; તેથી ત્હેમની સહાયથી અને પોતાની ખંતથી અંગ્રેજી અભ્યાસ શરૂ કર્યો અને લગભગ ચારેક ચોપડી અંગ્રેજી જેટલું જ્ઞાન મેળવ્યું. પરન્તુ સાહિત્યનો શોખ વિશેષ હોવાને લીધે જે અંગ્રેજી જાણવા જેવા ફકરા ત્હેમના વાંચવામાં આવતા તે તેઓ વગર પ્રયાસે યાદ રાખતાં અને થોડી ઘણી મદદવડે બહુ સારી રીતે સમજી શકતાં. ત્હેમના લેખોનું જેણે અધ્યયન કર્યું હશે તેને માલુમ પડશે કે અંગ્રેજી લેખકોના ઘણા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉતારાઓ તે ટાંકતાં અને તે પણ સમજીનેજ. સંસ્કૃતને માટે પણ તેમજ હતું. સંસ્કૃતનો જાતે અભ્યાસ કર્યો નહતો. પરન્તુ ગુજરાતીની મદદવડે ભગવદ્ગીતા અને ધર્મનાં અન્ય પુસ્તકો તે વાંચતાં અને આપણી માતૃભાષાની મદદવડે મૂળ શ્લોક પણ સારી રીતે સમજતાં. વળી તેઓ ધાર્મિક વૃત્તિવાળાં હોવાથી ઘણા શ્લોકો તો એમને મુખપાઠ હતા. ત્હેમની સાથ વિવેચન કરતાં કોઈ પણ માણસ ત્હેમનાં સમયોચિત અંગ્રેજી અને સંસ્કૃત અવતરણોથી ચકિત થઈ જતું. અંગ્રેજી અને સંસ્કૃતનું આ પ્રમાણે ઉપરચોટીયું જ્ઞાન મેળવ્યા ઉપરાંત ત્હેમણે સ્વભાષાનો અભ્યાસ ખંતથી વધાર્યો હતો. અને બાલપણમાં વાંચેલી નવલકથાઓ ઉપરાંત ધર્મ અને નીતિનાં અંગ્રેજી તેમજ સંસ્કૃત પુસ્તકોના ગુજરાતીમાં થયેલા અનુવાદો ઘણાખરા ત્હેમણે વાંચી નાંખ્યા હતા. આપણા પ્રાચીન તથા આપણા અર્વાચીન કવિઓની કવિતા, જે માસિકો તથા પુસ્તકોદ્વારા પ્રસિદ્ધ થયેલી તે પણ ત્હેમણે વાંચી હતી. ત્હેમને વાંચવાના શોખની સાથે પુસ્તકસંગ્રહનો પણ શોખ હતો અને ત્હેમના મરણ સુધીમાં ઉપયોગી ગુજરાતી પુસ્તકોની એક ન્હાની લાયબ્રેરી તેમણે એકઠી કરી છે.

લેખક તરીકેની જીંદગી તેમણે તેમના સોળ અથવા સત્તરમા વર્ષમાં શરૂ કરી. શરૂઆતમાં ભીંતો ઉપર તેમજ કાગળના ન્હાના ટુકડાઓ ઉપર કવિતાઓ લખવા માંડી. પોતે પ્રસિદ્ધિમાં આવ્યાં તે પહેલાં પોતાના પ્રયાસો તેઓ આપણા સાહિત્યમાં જાણીતાં થયેલાં સ્ત્રીલેખક સૌ. હરિસુખગૌરી, રા. વામનરામ કપિલરામનાં પત્નીને સુધારવા માટે મોકલતાં અને તે લાયક સન્નારીએ ઓળખાણ ન હોવા છતાં આ કવિતાઓ સુધારવાની કૃપા કરી, કવિતા લખવાના સૌ. વિજયાલક્ષ્મીના પ્રયાસને ઉત્તેજિત કર્યો હતો. ખરી કવિતા હમ્મેશાં સ્વયંપ્રેરિત–નૈસર્ગિકજ હોય છે, છતાં પણ તે બનાવવાનું પણ શીખવું પડે છે અને કવિતાઓ બનાવવાના નિયમો સૌ. હરિસુખગૌરીએ સૌ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિજયાલક્ષ્મીને શીખવ્યું હતું અને તેટલે અંશે સૌ. હરિસુખગૌરીનાં પોતે શિષ્ય છે એમ સ્વર્ગસ્થ સાધ્વી કહેતાં.

કવિતા લખવાની શરૂઆત કરતાંની સાથે, પહેલાજ વર્ષમાં ત્હેમણે ઘણાં કાવ્યો લખી કાઢ્યાં હતાં; પરન્તુ કેટલાએક સંજોગોને લઈને ત્હેમણે તે સર્વેનો નાશ કર્યો હતો. તે કાવ્યો જો મોજુદ હોત તો પાછળથી મેળવેલી તેમની કવિત્વશક્તિથી તેમાં સુધારો-વધારો કરી શકાત અને આપણને ત્હેમના પહેલા પ્રયાસો જોવાનો લાભ પણ મળી શકત. પરન્તુ કમનસીબે ત્હેનો નાશ થયો છે.

પોતાના ગદ્ય તથા પદ્ય લેખો માસિકોદ્વારા પ્રસિદ્ધ કરવાની શરૂઆત ચારેક વર્ષ પહેલાં એટલે ૧૯૭૯ની સાલમાં કરી. શરૂઆતના લેખો તથા કાવ્યો સુધારી 'સુન્દરીસુબોધ'માં તે ઉપયોગી માસિકના અધિપતિએ પ્રસિદ્ધ કરવાની પહેલ કરી. ત્યારપછી થોડા વખતે તેમનાં કપોળ સખી કે જેને વિષે ઉપર થોડું લખવામાં આવ્યું છે ત્હેના આગ્રહથી 'કપોળમિત્ર'માં પણ પોતાના ગદ્ય અને પદ્યલેખો આપવાની શરૂઆત કરી. ત્યારબાદ તો આપણા સાહિત્યનાં આગેવાન માસિકોમાં પણ ત્હેમની કવિતાઓ સ્વીકારાવા લાગી. વસંત, બુદ્ધિપ્રકાશ અને સાહિત્ય જેવાં પહેલી પંક્તિનાં માસિકોમાં ત્હેમની કવિતાની કદર થઈ છે. આ ઉપરાન્ત તેમના અપ્રસિદ્ધ લેખોનો એક મોટો સમૂહ છે અને તે ઈશ્વરઇચ્છા હશે તો પુસ્તકદ્વારા પ્રસિદ્ધ કરવામાં આવશે.

આ લેખ ઉપરથી સૌ. વિજયાલક્ષ્મીના ત્રણ મુખ્ય ગુણો વાચકની દૃષ્ટિએ આવ્યા વગર રહ્યા નહિ હોય. (૧) ત્હેમની પ્રેમાળતા, (૨) ત્હેમની હોંશ અને (૩) ત્હેમનો ઉદ્યમ. તે એટલાં ઉદ્યમી હતાં કે ત્હેમને નવરાશનો વખત જ નહતો—જ્યારે કંઇ પણ ઘરનું ઉપયોગી કામ કરવાનું ન હોય અથવા તો જ્યારે લખવા તરફ વૃત્તિ ન હોય ત્યારે પોતાનો સમય ભરત, ગૂંથણ અથવા સીવણમાં તે ગાળતાં. આ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કામમાં પણ ત્હેમના સ્વભાવ પ્રમાણે તે બહુ કુશળ થયાં હતાં અને સને ૧૯૧૧ ની સાલમાં ભાવનગર ખાતે ભરવામાં આવેલા "હુન્નર ઉદ્યોગ મેળા"માં ત્હેમને ત્હેમના ભરત તથા ગુંથણ કામ માટે બે ચાંદા એનાયત કરવામાં આવ્યા હતા. વળી કેટલાએક નમૂના માટે Certificate of Merit (બાહોશીનું સર્ટીફીકેટ) પણ મળ્યું હતું. આ મેળાના સ્ત્રીવિભાગની મેનેજીંગ કમીટી (વ્યવસ્થાપક મંડળી)-નાં ત્હેમને એક સભાસદ નીમવામાં આવ્યાં હતાં × અને આ વખતથી દરેક સ્ત્રીઉપયોગી હીલચાલમાં સૌ. વિજયાલક્ષ્મીએ ભાગ લેવા માંડયો અને પોતાની ભગિનીઓએ મદદ કરવામાં ઉત્સુકતા દેખાડી હતી. સ્ત્રીઓના મેળાવડામાં તે હમ્મેશ હાજરી આપતાં અને પોતાની બહેનો માટે ત્હેમને હમ્મેશાં કંઈને કંઈ હેવાનું હતુંજ. ભાવનગરના સ્ત્રીમંડળમાં ત્હેમની પહેલી પંક્તિના વક્તા તરીકે ગણત્રી થતી. આ સર્વ તેમની હોંશ અને ઉદ્યમીપણાનું જ પરિણામ હતું. વળી જે કામ તે કરતાં પછી તે લખવાનું હો અગર બીજું કોઇ પણ હો, તેમાં તે એટલાં તલ્લીન થઈ જતાં કે તે કામ સંપૂર્ણ રીતે પાર પાડતાં. ત્હેમના લેખોમાં કૃત્રિમતા માત્ર આવવા દેતા નહિ અને જે ઊર્મિઓ ત્હેમના હૃદયમાંથી નીકળે ત્હેનોજ આવિર્ભાવ કરતાં. તેમના લેખો તેમના વર્તનની છાયારૂપજ હતા અને ત્હેનેજ લીધે તે લેખો અસરકારક બનતા.

જેણે લેખોથી સાહિત્યની સેવા કરી છે, તથા જાતમહેનતથી કુટુંબની સેવા કરી છે, તેવી સ્ત્રીમાં હાલની કેળવણીના દોષોને દાખલ થવાનો વખતજ નહોતો. પોતે શ્રીમંત પિતાની પુત્રી હતાં અને શ્રીમંત શ્વશુરનાં પુત્રવધૂ હતાં, છતાં પહેરવેશ સાદોજ રાખતાં. તવંગર અને ગરીબ, કેળવાયલાં અને બીનકેળવાયલાં, બધા સંબંધીઓ ઉપર તે સરખોજ પ્રેમ રાખતાં અને બધાનાં ઘણાંજ માનીતાં હતાં.

× આ બનાવની નોંધ સુન્દરી સુબોધના સાતમા વર્ષના ૧૨ મા અંકમાં પ્રકટ થઇ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવા અનેક ગુણવાળી આ યુવતીના આયુષ્યની દોરી સંવત ૧૯૬૯ ના ભાદ્રપદ શુદ ૯ ને દિવસે ત્રુટી! ત્હેમના પતિને સોલીસીટરના અભ્યાસ અર્થે મુંબઈ રહેવાનું થવાથી તેઓ પણ મુંબઇ ગયાં હતાં. પણ મુંબઇનાં હવાપાણી ત્હેમને અનુકૂળ ન આવ્યાં અને મુંબઈમાં ભાગ્યે બે એક માસ વાસ નહિ કર્યો હોય એટલામાં તો ત્હેમને મરડાનું દર્દ લાગુ પડ્યું. એકાદ માસ માંદગી ભોગવ્યા પછી ત્હેમને લઈ ત્હેમના પતિ પોતાના પિતાને ઘેર દીવાળીના તહેવારોમાં આવ્યા. તબીયત સુધારા ઉપર આવી એટલે ફરીથી મુંબઈ ગયાં. પણ દોઢ બે માસમાં મરડાએ જોર કર્યું અને એપ્રીલ માસની શરૂઆતમાં ફરીથી ત્હેમને પાછાં મોકલી આપવાં પડ્યાં. પરંતુ ભાગ્યવશાત્ આ વખતે મરડો લંબાયો, ખોરાકમાં દૂધ ઉપરજ તે રહેતાં અને શરીર નબળું પડ્યું હતું. છેવટ મરડો મટયો હતો પણ નબળાઇ વિશેષ રહી હતી. અમદાવાદમાં ગઈ તા. ૩-૯-૧૩ ને દિને એક પુત્રને જન્મ આપ્યો ત્યારે ત્હેમનું સર્વ ચેતનબળ નષ્ટ થયું અને પ્રસૂતિને બીજેજ દિવસે બેભાન થયાં. સારા પચારો કર્યા પણ ભાવિ મિથ્યા થયું નહિ અને તા. ૯-૯-૧૩ ના પ્રભાતમાં બે વાગતાના સુમારે આ સાધ્વીએ જે જે પ્રાણી પોતાના સહવાસમાં આવ્યું હતું તેની સેવા કરીને-તેનામાં કંઈ પણ નવું તત્ત્વ રેડીને-પોતાના આત્માને બ્રહ્મની સાથે મેળવી દીધો.

આ સાધ્વીએ ત્હેમની પછવાડે બે બાલકીઓ અને એક નવા જન્મેલા પુત્રને મુકયાં છે તથા સગાં અને સંબંધીઓની મોટી સંખ્યા શોકમાં નાખી છે.

વાંચક! મનુષ્ય માત્રમાં દોષ હોય છે અને તે પ્રમાણે સ્વર્ગસ્થ સાધ્વીમાં પણ કંઇક ન્હાની ખામીઓ હશે. પરન્તુ મહાત્માઓનાં જીવનમાં એટલા બધા ગુણો હોય છે કે ત્હેમના દોષ ત્હેમને માટે પૂજ્યબુદ્ધિ રાખનારને દષ્ટિએ પડતાં નથી. આ લેખકને પણ ત્હેવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુભવ થયો હશે એમ માનજો, અને એમ ન માનતા કે લેખકનો ઈરાદો ખામીઓ છુપાવવાનો છે.

(૨)

(સ્વ. સૌ. વિજયાલક્ષ્મીનો આ પત્રના તન્ત્રી ઉપરનો છેલ્લો પત્ર)

ધોળકા. તા. ૨૬—૮-૧૯૧૩

"પરમ પૂજ્ય મુરબ્બી બન્ધુ રામમોહ(ન)રાય,

વિ. આપનો પત્ર સ્નેહ, દયા ને મમતાથી પરિપૂર્ણ મળ્યો, જે વાંચીને અત્યાનંદ થયો. એજ રીતે કદી કદી આ રંક આત્મા ઉપર અનુગ્રહ કરીને તમારા ઉપયોગી સમયમાંથી સમય લઈને પત્ર લખવા કૃપા કરશો. મારૂં જ્ઞાન એક ખાબોચીયા જેવું છે. એક લેખક થવાને માટે જોઈતો જ્ઞાનનો ભંડાર મારી પાસે નથી.

મારે તમને વગર સંકોચે જણાવવું જોઈએ કે મારી માતાએ મને એક વર્ષની ને પિતાએ આઠ વર્ષની મુકી હતી. મને સામાન્ય લખતાં વાંચતાંજ શીખવવામાં આવ્યું છે. મ્હને કેળવણી કે સદ્દશિક્ષા મળ્યાં નહિ.

બાળલગ્નને લઈને ને શ્વશુર તેમજ પિતાના ઉભય પક્ષની સંયુક્ત કુટુમ્બની સંસ્થામાં મારાં મન તન એવાં તો તવાણાં કે ઘડાણાં, કે મને નિવૃત્તિ કે આનંદ તો કવચિતજ મળે છે. કુદરતને લઈને મને વાંચવા પ્રતિ ઘણી રુચિ હતી ને હું છાની રીતે રાત્રીનો સમય લઈને ઉજાગરા કરીને વાંચીને આનંદ મેળવતી. મારી એકાન્ત રાત્રીઓ એથી સહેલાઈથી પસાર થતી ને મને તેથી સંતોષ ને આનંદ થતો.

મારા સ્વામી સ્વતંત્ર નથી; હજી વિદ્યાર્થી છે. તેમજ તેમને સાહિત્ય વિષય તરફ અતિ લક્ષ નથી. તેમના પોતાના અભ્યાસમાં તે એટલા રહે છે કે કદી મને તેઓ મદદરૂપે થયા નથી ને થશે પણ નહિ. વળી તેમને મળતી નિવૃત્તિમાં હું આનંદ આપવાને બદલે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અભ્યાસ કરવા બેસું તો કંટાળો છે. સમય અને સાધનની ન્યૂનતાને લઇને મારે મારી ઉન્નતિના સર્વ વિચારો તજવા પડે છે. હમણાં મારી શારીરિક સ્થિતિ ઘણી નબળી છે. હું સંગ્રહણીથી પીડાઉં છું. ઉપાચારો ચાલુ છે પણ જીવનદોરી પરમાત્માને હસ્ત છે.

આપે સુચવેલાં કાવ્યોમાંથી કોઈ કોઈ વાંચ્યાં છે. બીજાં વાંચીશ. વાંચન વિશાળ હોય તોજ લખી શકાય છે. વળી મારી રંક બુદ્ધિ સારગ્રાહી પણ થોડી છે. વિચારશક્તિની ન્યૂનતાયે-સર્વમાં ફીકાશ એ સ્વાભાવિક છે.

તમારી સૂચના ને સલાહ મને ઘણી કીમતી છે. પ્રભુની દયા હશે તો વળી પ્રત્યક્ષ પણ મળાશે. બન્ધુ! શારીરિક ને માનસિક તાપો મનુષ્યના આત્માને વધારે પવિત્ર, વધારે શુદ્ધ ને વધારે ઉચ્ચ કરીને પ્રભુની વધારે નિકટ નથી લઈ જતા? અને જો જાય છે તો પ્રભુ ભલે જીવનપુષ્પને અરણ્યના પુષ્પ જેવું કરે કે જેની પ્રસંશા કે કીમત કોઈ ન કરે ને તે જતાં કોઈ ન ઝુરે. હું બાળક છું, અજ્ઞાન છું. વધુ ઓછું લખાણ માટે ક્ષમા માગું છું. તમે જે મારા પ્રતિ સ્નેહ દયા ને મમતા બતાવો છો તે માટે ખરેખર હું તમારી ઋણી છું. પત્ર લખવામાં વિલંબ થયો છે માટે ક્ષમા કરશો.

ફોટોગ્રાફ માટે—જો આપ તે મુંબઈ મધ્યે જેને ત્યાં હોય તે સરનામું મોકલશો તો લઈ અવાશે. મારા સરખું કામકાજ લખી કૃતાર્થ કરશો.

લિ. આપની ચરણરજ, શુભેચ્છક **બેન વિજયા**ના પ્રણામ વાંચશો.

" સુંદરીસુબોધ " અંક-૩-૪ માંથી "

(પૃ. ૬૧ મું, જાન્યુઆરી, ૧૯૧૪)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વર્ગસ્થ દોલતરામ કૃપારામ

ચોમાસાએ ચઢેલા નદીના પૂરની ઝડપથી ચાલ્યા જતા આધુનિક કાળમાં કોઇ પણ વ્યક્તિનું વિલય થવું એ એવી વાત છે કે તેના ઉપર સ્વાભાવિક રીતે દૃષ્ટિ ખેંચાય નહિ અને ખેંચાય તો પણ ક્ષણવાર ઠરી પાછી ફરે અને તે સ્વાભાવિક છે. બાલ્યાવસ્થાની નિર્મલતામાંથી નિઃસરી યૌવનના નવીન જોસના આનન્દદર્શનમાં મુગ્ધ બનેલું ગુજરાત, પૂર્વકાળના પડછાયા ઉભી કરતી બીનાઓ પાછળ ન તણાય તે સમજાય તેવું છે. ચારે પાસથી પ્રગતિ, ઉદ્ધાર અને ઉન્નતિના વાયુ વાઈ રહ્યા છે; અવનવા અને કદી નહી અનુભવેલા સંસ્કારો હૃદયતલને મથી નાંખે છે, ઉન્માદક અને અશ્રુતપૂર્વ ચિત્રો નયનમાર્ગને રૂંધી નાંખે છે—તે માનસિક મહા યાદવાસ્થલીના કોલાહલમાં ભવિષ્યબંધી આજના ગુજરાતની નજર, ભૂતકાળનો પડઘો પાડતી અને ભૂતકાળને પુનઃ જાગ્રત કરતી વાતો ન જ ખેંચે—અને તેમ કરવાની અને ગુજરાતનો એ વિવેકપુરઃસર નિર્ણય ઉલ્લંઘવાની આવશ્યકતા પણ નહોતી—જો ચોક્કસ બાજુએથી લખાયલા લખાણે કાલહસ્તગત એક મહાત્માનો બચાવ કરવાની ફરજ માથે નાંખી ન હોત તો.

ગુજરાતના જે હતા તે હાલ દિવસો નથી. સાહિત્ય, સાહિત્ય અને સાહિત્યથી હાલ ગુર્જર દેશ ગાજી રહ્યો છે. પરંતુ એક સમય એવો હતો જ્યારે સાહિત્યની અન્વેષણા તેથી પણ વધારે તીવ્ર અને બળવાન હતી, જ્યારે સાહિત્યનો આદર્શ તેથી પણ વધારે ઉન્નત અને નિઃસ્વાર્થ હતો. દલપતરામ ડાહ્યાભાઈ, નર્મદાશંકર લાલશંકર, બાળાશંકર ઉલ્લાસરામ, મણીલાલ નભુભાઈ, ઝવેરીલાલ ઉમિયાશંકર, રણછોડભાઈ ઉદયરામ, ઇચ્છારામ સૂર્યરામ, નવલરામ, માધવલાલ, નન્દશંકર તુલજાશંકર, મનઃસુખરામ સૂર્યરામ, આ મહાન્ લેખકોની નામમાળા કયા વાંચકને ઉપરચોટીયા વાંચને પણ નહીં ખમચાવે ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુજરાતના સાહિત્યની જાહોજલાલીના એ દિવસો હતા—જ્યારે એક પાસથી નાટકનો, બીજી પાસથી નવલકથાનો, ત્રીજી પાસથી નિબંધનો, ચોથી પાસથી કવિતાનો, પાંચમી પાસથી અવલોકનનો, એમ સાહિત્યનાં અંગેઅંગના સાથેલાગા અને સંગીન પાયા નંખાયા! પોતાને નિરખી પોતા ઉપર જ વારી જતી ગુજરાતની આજની પ્રજા એ સમયને ગૌરવમાં, કૃતિમાં અને સામર્થ્યમાં પોતાથી ઉતરતો ગણતી હશે, પણ ગુજરાતનો ભાવિ ઇતિહાસકાર ગુર્જર ઇતિહાસના એ સુવર્ણપાના ઉપર ખચિત થંભશે અને પોતાની કલમનો ઉત્તમોત્તમ પ્રસાદ રેડશે. આજના ગુજરાતને જેવી ઈંગ્રેજી સાહિત્યની મોહિની લાગેલી છે તેવીજ તે સમયનાં ગુજરાતને ઈંગ્રેજી સાહિત્યે લગાડેલી હતી—ફેર માત્ર એટલો જ હતો અને આ ફેરમાં જ આજના અને ગયા ગુજરાત વચ્ચે રહેલો મોટો અંતરાય છે—કે જ્યારે આજનું ગુજરાત એ અંજનને આંજ્યાથી પોતાના આત્માને ભૂલી માત્ર પરમય જ થઇ રહ્યું છે, જ્યારે આજના ગુજરાતને પોતાના સાહિત્ય માટે ગર્વ કે અભિમાન રહ્યાં નથી ઈંગ્રેજી સાહિત્યની ખુબીઓમાં જ સાહિત્ય માત્રની પરિસીમા દેખાઈ છે ત્યારે, તે સમયના ગુજરાતના વિદ્વાનો વધારે સમર્થ હોઇ, વધારે શુદ્ધ સદસદ્ વિવેકદષ્ટિના હોઈ, વધારે સ્વદેશપ્રેમી હોઈ, વધારે વ્યક્તિત્વવાળા હોઇ, ઈંગ્રેજીએ અંજાઈ શક્યા નહોતા, તેના ચળકાટમાં લુબ્ધ થયા નહોતા, પરંતુ અંતર્ગત તેજને એ સહજ સહવાસથી ખીલવી તેની જ સ્થાયી પ્રભામાં સાહિત્યને કેળવતા હતા. એ વ્યક્તિત્વને પરિણામે અત્યારે શું જોઇએ છીએ? જ્યારે આજનું સાહિત્ય છીછરી, નિર્બળ, ક્ષણભંગુર કૃતિઓથી કીડીની પેઠે ઉભરાય છે ત્યારે તે સમયના ગ્રન્થો, થોડા છતાં હજી પણ તેમના સામર્થ્યથી ઝળકી રહ્યા છે. અને નવા જમાનાને માર્ગદર્શક જ્યોતિરૂપ બની રહ્યા છે. ખરેખર, પૌરૂષહીણ વેશ્યાવૃત્તિ અને માનુષિક વ્યક્તિત્વ વચ્ચે બહુ અંતર છે!

સાહિત્યના આ ઉન્નત સમયમાં સદ્ગત સાક્ષર દોલતરામ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કૃપારામ પંડ્યાનો જન્મ થયો હતો; અને તે જમાનાનાં માણસોના ચારિત્ર્યની સજડ બાંધણી, નિષ્કલુષ સત્યપ્રેમ અને ઉંડું નૈતિકબળ તેમના ચારિત્ર્યમાં જન્મથી જ જડાયલાં હતાં. રૂપેરી ફુલ અને વેલાઓથી આસપાસ ચિત્રેલા એક ચાંદીના આયનામાં તેમને ત્યાં નીચેના ટુંક પણ મર્મગામી શબ્દો ચિત્રેલા છે: "Duty is Diety". તેમના આદ્યંત આજીવનમેરૂના ઈતિહાસ વિષે તેઓ કહે છે કે લુણાવાડાના દિવાન તરીકે પોલીટીકલ એજન્ટને અજમેર મળવાનો પ્રસંગ આવતાં તેમને ત્યાં પુછવામાં આવ્યું કે "દોલતરામ તારા જીવનનો motto શો છે?" તે કહે છે કે આ પ્રશ્ન સાંભળી હું થોડીવાર વિચારમાં પડ્યો. કારણ મને મારા આખા જીવનની અંદર આ વિચાર કદી પણ સ્ફુર્યો નહોતો. આ જોઇ સાહેબે મને કહ્યું "દોલતરામ A Life without a motto is a ship without sail" આ સાંભળતાં જ તેઓ કહે છે કે મને વાત સાચી લાગી અને પળને આશરે જ મેં મારો મેરૂ લઈ તે નીચે પ્રમાણે કહી સંભળાવ્યો "Duty is Diety". સાહેબ ખુશી થયો અને તેમને ધન્યવાદ આપ્યો પણ સાથે કહ્યું કે મેરૂ બાંધવા કરતાં પાળવો વધારે અઘરો છે. સદ્ગત દોલતરામ આ અજમેરના સમાગમને અંતે નવીન વ્યક્તિ બનીને નીકળ્યા. અત્યાર સુધી ગુપ્ત રહેલું તેમના જીવનનું મહાસૂત્ર સાક્ષાત્કાર પામ્યું અને તેમના જીવનમાં નવીન ગૌરવ, નવીન અર્થ અને નવીન ગાંભીર્ય ભરવા લાગ્યું. સંસારના વિધવિધ અને અવનવા પ્રસંગોમાં થઈ જીવન તેમને ખેડવું પ્રાપ્ત થયું હતું; પણ કુટુંબી હો કે સ્નેહી હો, પોતાનું નગર હો કે પરદેશ હો, રાજા હો કે પ્રજા હો—પણ તેમના દરેક મિત્રો પુરવાર કરશે તેમ તેમણે સત્યનો અને ધર્મનો માર્ગ ત્યજ્યો નથી, જીવનને આડો રસ્તો લીધાનું કલંક લગાડયું નથી અને પોતાના કુલગૌરવને હેઠું નાંખ્યું નથી. પરિણામ એ થયું કે જીવતાં, તેમને હાથે શિક્ષા પામેલા પણ તેમની જ સલાહ લેવાને આવતા, અને મરણમાં, તેમના બ્હોળા મિત્રમંડળ સાથે તેમના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અંગત શત્રુઓ પણ અત્યારે શોચ કરે છે. "अस्तव्यस्तप्रपंच" સંસારમાં યુક્તિ પ્રયુક્તિઓ તો કોને નથી કરવી પડતી ? પરંતુ જો કોઈ માટે કહી શકાય તો સદ્દગત માટે તો એટલું ખાતરીથી કહી શકાશે કે તેમને હાથે અનીતિ કે અન્યાયનો ડાઘ કદી ચઢ્યો નથી. તેમના ઇંગ્રેજી અને દેશી મિત્રો—અને બન્નેમાં તેઓની સંખ્યા ઘણી વિશાળ હતી—સર્વે એક વાત ઉપર હમેશાં એકમત હતા અને તે સદ્દગતની સરલતા અને તેમનું સત્યવક્તાપણું હતાં. આથી કરીને ડૉક્ટર પોલન જેવા સહૃદય માણસથી માંડી મેજર બીન્જેલ જેવા તોરવાળા અમલદારની અને ડૉક્ટર ભાંડારકર જેવા વિદ્વાનથી માંડી ડુંગરપુરના મહારાણા સુધી—સર્વનાં પ્રીતિ, સર્વનું માન અને સર્વનો વિશ્વાસ તેઓ મેળવી શક્યા હતા.

ગુજરાતમાં ઝડપથી ચાલ્યાં જતાં જુનાં નરરત્નોમાંના સદ્દગત દોલતરામ એક હતા. જ્ઞાનનું સર્વગામીપણું, બુદ્ધિની કુશાગ્રતા, આત્મ-પ્રભાવ, અને એવી કર્તવ્યની સચોટ અને અચલિત લાગણી છીછર અને ઉછાંછળા આ સમયે મળવી મુશ્કેલ છે. દિવસે દિવસે વધતા જતા નવીનતાના અભિનિવેષમાં હિન્દુઓની આદિ સંસ્થાઓનું સત્ય સ્વરૂપ અને ગૌરવ સમજનાર તેઓ હતા. ઝાંઝવાના ઝળઝળાટવાળી ઉડતી આજકાલની શબ્દમયતામાં તેમની દૃષ્ટિરેખા વ્યાવહારિક અને વસ્તુસ્થિતિને નિર્દિષ્ટ હતી. પરિસ્થિતિને પામી તેમનું દર્શન આજ સાધારણ હૃદયોર્મિ અને આંતરોદ્દગારમય નહોતું પરંતુ ઉંડું, તલસ્પર્શી અને વસ્તુસ્થિતિની સર્વ કઠિણતાઓ સ્વીકારતું હતું. સ્વભાવે ઉગ્ર હોવાથી ક્વચિત્ તેમના સંબંધિઓ સાથે તેમના મિત્રો પણ તે ઉગ્રતાનો ભોગ થઇ પડતા. પણ તેઓ સર્વે જણાવે છે કે આ ઉગ્ર બહિરાકૃતિ નીચે એક માયાળુ હૃદય સદાય ધડકયા કરતું હતું. કઠોર, લગભગ નિર્દય નીતિની લાગણીવાળા આ મહાપુરૂષના ચૌદ વર્ષના રાજકારભારમાં તેમના ઉપકાર નીચે આવેલા મનુષ્યોની સંખ્યા અસંખ્ય છે. અને એ દયાભાવ એટલે સુધી પહોંચતો કે ક્વચિત્

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોતાનો જીવ લેવાનાં કાવતરાં કરનાર લોકોને પણ તેમણે અંતે પકડીને છોડી મુક્યાના દાખલા માલુમ પડે છે. રાજ્યનાં રહસ્યો બહાર પાડવાનો આ સમય નથી. કદી સદ્ગતનું પૂર્ણ જીવનવૃત્તાંત લખાશે; અને ત્યારે અવનવી વાતો તેમની ઉદારતા, ધર્મપરાયણતા અને કર્તવ્યનિષ્ઠાની સાક્ષી પુરશે. તે દરમિયાન ઉપરની બીના અક્ષરશઃ સત્ય છે અને તેમના કાર્યભાર ઉપર અશુદ્ધિનો ડાઘ નાંખનારને સંપૂર્ણ ઉત્તરરૂપ છે એટલું કહી અત્રે વિરમશું.

સાહિત્યના પ્રદેશમાં સદ્ગત તેમના અડગ વ્યક્તિત્વથી અને અનમ્યા આત્મબળથી જાણીતા હતા. અરસ્પરસ શ્લાઘા અને પ્રશંસા કરવાના આ સમયમાં સત્યને વળગી રહેનાર અને સત્યને જ ઉચ્ચારનાર થોડામાંના તેઓ એક હતા. આ તેમનો સ્વભાવ ન્હાનપણથી જ જાણીતો હતો. અને તેથી જ બાવીસ વર્ષની કુમળી વયે આજ પત્રના તેમને અવલોકનકાર નીમવામાં આવ્યા હતા. તે સમયનાં કેટલાંક અવલોકનો હજી મળી આવે છે અને તેના લેખકના સ્પષ્ટવક્તાપણા માટે હજી અચંબો પમાડે છે. કુસુમાવલીની ટુંકી પણ સમર્થ પ્રસ્તાવના તેઓને જ યોગ્ય છે.

ઇંદ્રજીતવધ મહાકાવ્ય; કુસુમાવલી નવલકથા; અમરસત્ર નાટક અને સુમનગુચ્છ, તેમનો સાહિત્યસેવામાં ફાળો છે. પણ એક એવો વખત હતો કે જ્યારે નાડીઓમાં ઉછળી વહેતું જુવાનીનું લોહી માત્ર ચાર કે પાંચ ગ્રન્થો લખી શાંતિ પામવાનું નહોતું પણ સમગ્ર જીવન જ સાહિત્યને અર્પી કૃતકૃત્ય થવાનું હતું. આ તેમની યુવાવસ્થાની બીના છે. તે સમયના સાહિત્યકારો કેવી પ્રતિના હતા તે આ ઉપરથી સમજી શકાશે. તેઓ, બાળાશંકર ઉલ્લાસરામ અને અન્ય એક લેખક ત્રિપુટી કરી હતી, જેમાં પહેલાએ સંસ્કૃતનો, બીજાએ ફારસીનો અને ત્રીજાએ હિન્દીનો અભ્યાસ કરી ગુર્જરસાહિત્યને ઇંગ્રેજી સાહિત્ય જેટલું જ વિશાળ અને સુન્દર બનાવવું એવો ઉન્નત ઉદ્દેશ બાંધવામાં આવ્યો હતો. પિતાના મૃત્યુએ સદ્ગત દોલતરામનો અને વધતી જતી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાણાંની ભીડે બાળાશંકરનો હેતુ પુરેપુરો પાર પાડવા દીધો નહિ. દોલતરામે આરંભેલું સ્વકૃત નવીન ભાગવત બાકી રહ્યું અને બાળાશંકરની ઇતિહાસમાળા વિ. અધુરાં રહ્યાં. પરંતુ ગુજરાતના ઇતિહાસકારે જે જાણવું જોઇએ તે એ છે કે તે સમયે આવી નિઃસ્વાર્થની મૂર્ત્તિઓ પણ હતી.

એક રાજનીતિના લેખક તરીકે તેમના પેહેલા "જીવનરામ મ્હેતાજી" ને નામે લખેલા "A plea for the Ryot" નામના લેખે ગવર્નર જનરલ સુધી ખળભળાટ મચાવ્યો હતો. તેને માટે અનેક તપાસો અને પુછપરછો કરવામાં આવી હતી અને ટાઇમ્સ ઓફ ઇન્ડિયાએ એક સામો સખત લેખ પણ લખ્યો હતો. ત્યાર પછી તેમણે "A plea for the Shahukar" કરી બીજો આર્ટીકલ લખ્યો અને તેને પણ તેજ પ્રમાણે માન મળ્યું. ત્યારથી અને તે પછીના તેમના લેખોથી સરકારને તેમની પ્રતિષ્ઠા પડી ગઇ હતી; જેથી જ્યારે જ્યારે રૈયતના અને ખાસ કરી કૃષિકારોના હિત માટે ખરડાઓ રજુ કરવામાં આવતા ત્યારે તેમનો મત લેવાતો. આમ, પણ ગુપ્ત, તેમના લખાણોની ઘણી અસર થતી. ગુજરાતમાં બેંચ માજીસ્ટ્રસી જેવી લોકોપયોગી સંસ્થા સ્થાપવાનું પહેલું માન તેમને છે. તેમજ ટોલ જેવો દુઃખકર વેરો રદ થયો તે પણ મુખ્ય ભાગે તેમની જ લડતનું પરિણામ છે. નડીયાદમાં કેટલોક વખત પહેલાં અંત્યજ વર્ગની કોઓપરેટીવ સોસાઇટી સ્થપાઈ હતી તે કાઢવાનું માન પણ તેમને જ છે. આજના દેશહિત માટે અને દેશદાઝમાં પીગળાઈ જતા હૃદયોવાળા યુવકોને ધડો લેવાનો છે કે સંગીન અને સ્થાયી દેશસેવા બહુ બોલવેથી નહિ પણ આમ કરી બતાવીને થાય છે.

લુણાવાડાના દેશી રાજ્યનું ચૌદ વર્ષ તેમણે મંત્રીપદ ભોગવ્યું હતું. આ સમયની તેમની રાજ્યસેવા અન્ય સ્થળે તપાસવામાં આવશે. પરંતુ તેમના ટીકાકારોને એટલું કહેવું જરૂરનું છે કે રાજ્યમાં જુનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જમાનો ભુસાડવાને બદલે નવા જમાનાનો મૂળાક્ષર કન્યા કેળવણી તેમાં પ્રથમ સ્થાપનાર તેઓ પોતે જ હતા. તેમણે રૈયતનું લોહી ચુસી લેતી અને જાનમાલને સદાય ભયમાં રાખતી લુંટફાટો સબળ અને સમર્થ હાથે દબાવી અને મેજર બીન્જેલ જેવા અમલદાર પાસેથી માનપત્ર લીધું. લુણાવાડાની રૈયત અત્યારે તેમને ખરા પ્રેમથી સંભારે છે અને તેમના નામને આશીર્વાદ દે છે.

બહારનો દેખાવ નિઃસ્પૃહીના જેવો હોવા છતાં સદ્ગત અંતરમાં ધર્મવાન અને શ્રદ્ધાળુ હતા. સ્વામીનારાયણનો પંથ તેમણે સ્વીકાર્યો હતો. આ પંથને પણ તેમણે કરેલી સેવા અપૂર્વ છે. કુછંદી, ધર્મહીન તેના આચાર્યને એકલે હાથે અને મનુષ્ય માત્રને વશ કરવાની પ્રતિભાશક્તિને પ્રભાવે પોતે ગાદી ઉપરથી ઉઠાડી દીધો અને તેને બદલે નવીન આચાર્ય સ્થાપ્યો. એ સંપ્રદાયના સત્સંગીઓના આશીર્વાદ હજુ તેમના ઉપર વ્હેતા અટક્યા નથી. તે જ સંપ્રદાયની સેવામાં તેઓ અંતે અવસાન પામ્યા. પ્રભુ તેમના પુણ્યાત્માને અમર શાંતિ આપો.

ર. હ.

(પુ. ૬૪ મું, ફેબ્રુઆરી, ૧૯૧૭)

સ્વર્ગસ્થ ભાઈ શિવભાઇ બાપુભાઈનું ટુંક જીવનચરિત્ર×

ત્હેમનો જન્મ

રા. શિવભાઇનો જન્મ સંવત ૧૯૩૦ ના શ્રાવણ સુદ ૧૨ ને દિવસે અમદાવાદમાં થયો હતો. તેઓ જ્ઞાતિએ વડનગરા નાગર ગૃહસ્થ હતા.

× સ્વ. ભાઈ શિવભાઈ બાપુભાઈના અકાળ અને શોચનીય અવસાનની નોંધ એક મિત્ર તરફથી લખાઇ આવવાની હતી પરંતુ તે એકાએક બિમાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્હેમની કોલેજની કેળવણી

રા. શિવભાઇએ અલ્હાબાદ યુનિવર્સિટિમાંથી મેટ્રિક્યુલેશનની પરીક્ષા પસાર કરી હતી. અને મુંબઈ યુનિવર્સિટિમાં તેઓએ ગુજરાત કોલેજના વિદ્યાર્થી તરીકે પ્રીવીયસની પરીક્ષા પસાર કરી હતી. ઈન્ટરમીજીએટની પરીક્ષા તેમણે ચાર પાંચ વખત આપી હશે છતાં તેમાં તેઓ ફળીભૂત ન થવાથી અંતે ત્હેમને નોકરી લેવાની જરૂર પડી હતી.

તેમના પિતાશ્રીનું ટુંક વૃત્તાંત

તેમના પિતાશ્રી બાપુજીભાઈ પ્રતાપરાયભાઇએ રાજકોટમાં એજન્સીમાં કેટલાંક વર્ષ સુધી પોલિટીકલ એજન્ટના શીરસ્તેદાર તરિકે કામ કર્યું હતું અને પછી તેમના મૃત્યુ પર્યંત બીલખા સ્ટેટના નાજાવાળા દરબારના ન્યાયાધીશ તરીકે કામ કરતા હતા. તેમના મૃત્યુ પછી તેજ નોકરી ત્હેમના મ્હોટા પુત્ર સદ્ગત વજુભાઈ જે વડોદરા સ્ટેટના મુલકી ખાતામાં નોકર હતા તેમને તેમના પિતાની ન્યાયાધીશની નોકરી આપવામાં આવી હતી, જે નોકરીમાં તેઓ પણ પોતાના મૃત્યુ પર્યંત રહેલા હતા.

રા. શિવભાઇના મામા રા. છગનલાલ ધ્રુવ ગુજરી જવાથી

પડી જવાથી તે બંધુકૃત્ય તેઓ કરી શકયા નથી. સ્વ. શિવભાઈના મૃત્યુથી ગુજરાતી સાહિત્યે એક સાચો ઉપાસક ગુમાવ્યો છે. તેમની નવલકથાઓ સુંદર અને આહ્લાદક, ઉચી પ્રતિની છે અને તે બહુ નિર્દોષ અને આનંદદાયક વાંચન પૂરૂં પાડે છે. એટલુંજ નહિ પણ તે વાંચતાં સુવિચાર અને ઉન્નત ભાવનાઓ સ્ફુરી આવે છે. બંધુસમાજ ગુજરાતના સમાજજીવનમાં ઉપયોગી ભાગ લે છે અને એ મંડળના બે સભ્યો ટુંક મુદતમાં એક પછી એક અચાનક મૃત્યુવશ થયેલાં જોઈ કયા ગુર્જરબંધુનું હૃદય દુઃખી અને શોકલીન નહિ થાય ! !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રા. શિવભાઇનો નોકરીનું વૃત્તાંત

તેમની રૂ. ૩૫) ની હકદારની જગ્યો ખારાઘોડા સોલ્ટ ડીપાર્ટમેન્ટમાં ખાલી પડવાથી તે જગ્યો તેમને આપવામાં આવી. ધ્રુવ કુટુંબમાં હકદાર ફેમિલિમાં આ બાબત રકઝક થતાં અંતે શિવભાઇ આ જગ્યા ઉપર હકદાર તરીકે નિમાયા. ક્રમેક્રમે હકદારના ગ્રેડ ઉપર ચઢતાં ચઢતાં અમુક વર્ષે તેમને રૂ. ૪૦) થયા અને છેવટે આશરે દોઢેક વર્ષથી તેમને રૂ. ૫૦) મળતા હતા. જો કે હકદારની નોકરી ઈશ્વરદત્ત હતી છતાં તેમને જરાપણ તે ગમતી નહોતી. એક દુઃખ અમદાવાદની પ્રવૃત્તિમય જીવનને તિલાંજલી આપીને ખારાઘોડા જેવા નિર્જન સ્થાનમાં રહેવાનું ત્હેમને મ્હોટામાં મ્હોટું લાગતું હતું. તેમાં વળી તોલાટની નોકરી કરવાની આવી તેથી તેમને વિશેષ દુઃખ લાગતું હતું. છતાં મુરબ્બીઓના આગ્રહથી તેમને નાઈલાજે તે નોકરી લેવાની જરૂર પડી. નોકરીમાં તેઓ ગોઠવાયા પણ ત્યાં ચેન પડ્યું જ નહિ. તેથી તેજ વરસે તેઓ છ માસની કપાતા પગારની રજા લઇને ઈન્ટરનો અભ્યાસ કરવા માટે અમદાવાદ આવ્યા, પણ તે પરીક્ષામાં તેઓ સફળ થયા નહિ. આથી કંટાળીને તેમણે પરીક્ષાનું પુનઃ સ્મરણ કદીએ કર્યું જ નહિ. ત્યાર પછી સ્વર્ગસ્થ મી. મનુભાઇ ગુલાબરાય મુનસીની સલાહથી તેઓ વડનગરમાં આસિસ્ટંટ માસ્તર તરીકે નીમાયા હતા. અને ત્યાં બે માસ કામ પણ તેમણે કર્યું હતું. પરન્તુ તે વખતે ત્યાં પ્લેગ ચાલતો હોવાથી નોકરીનું રાજીનામું આપી પાછી ખારાઘોડાની નોકરી લેવાની ફરજ પડી હતી. ત્હેમના ભાણેજ મી. પર્જન્યરાય વૈકુંઠરાય મેઢ એમ. એ., બી. એસસી., સરકારી સ્કોલરશીપથી ઇંગ્લેંડ ગયા, ત્યારે પણ બે વરસની રજા લઈને તેઓ અમદાવાદ રહ્યા હતા. આ વખતે રા. સોમાલાલે તેમણે 'ગુજરાતી પંચ'ને માટે લખેલાં ભેટનાં પુસ્તકોની કદર જાણી તેમને રૂ. ૪૦) થી તેમની ઓફીસમાં સબ એડિટર તરિકે રાખ્યા હતા. તે મુદત થઈ રહ્યા પછી પાછા તેઓ ખારાઘોડાની નોકરીમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દાખલ થઈ ગયા હતા. ત્યાર પછી તેમણે વડનગરના શેઠ ભોગીલાલને ત્યાં ત્હેમના પ્રાઈવેટ સેક્રેટરી–ખાનગી મુનિમ–તરિકે આશરે છ માસ સુધી રૂ. ૫૦)થી નોકરી કરી હતી. તેઓ પોતાની ડાયરીમાં લખે છે કે "મને વડનગરમાં સારૂં ખાવાનું મળે છે, પગાર પણ સારો મળે છે, મ્હા પણ બે વખતે સારો મળે છે. પરન્તુ શેઠની સાથે પાટો ગોઠે એમ લાગતું નથી. શેઠનો સ્વભાવ બધી વાતે સારો છે, પરન્તુ ખાનગી નોકરીમાં જેમ માણસો યદ્દવાતદ્દવા બોલે છે તેમ કોઈ વખતે ગુસ્સે પણ થઈ જાય છે." એ નોકરીમાં ગાયકવાડ સ્ટેટના મ્હોટા મ્હોટા અધિકારીઓ સાથે તેમને ઓળખાણ થઈ હતી. અને શ્રીમંત સરકાર નામદાર મહારાજા સાહેબને ભોગીલાલ શેઠે વડનગરમાં પાર્ટિ આપી હતી ત્યારે શ્રીમંતે ત્હેમની સાથે સારી રીતે જુદી જુદી બાબતો ઉપર વાતચિત કરી હતી. દિલગીરી સાથે લખવું પડે છે કે શ્રીમાન ભોગીલાલ શેઠ પણ ભાઈ શિવભાઇની પહેલાં માત્ર પંદર દિવસ અગાઉ જ ઇન્ફ્લ્યુએન્ઝાના દુષ્ટ રોગના ઝપાટામાં આવી ગયા હતા. આ નોકરી પછી "મેલ કરવતીયા મોચીના મોચી" એ કહેવત અનુસાર તેઓ પાછા ખારાઘોડાની નોકરી ઉપર ચડી ગયા. આ વખતે હકદારના હક પ્રમાણે તો રૂ. ૫૦) નો પગાર થયો હતો. પરન્તુ તેને બે વર્ષ થયાં નહિ ત્યાં તો ત્હેમનો અને ત્હેમને કડવી લાગતી નોકરીનો પણ અંત આવ્યો.

ભાઈ શિવભાઈની ધર્મભાવના સનાતનીય ધર્મની હતી. તેમના પિતા મુ. બાપુકાકા અડગ વૈષ્ણવ હતા. ત્હેમનાં માતુશ્રી મહાલક્ષ્મી-બ્હેન સ્વામીનારાયણ ધર્મના અનુયાયી હતાં.

ત્હેમની ધર્મભાવના તેઓ સાડા સત્તર વર્ષના હતા ત્યારથી ચંડીપાઠ વાંચવા શીખ્યા હતા. કોઈ કોઈ વખત અમો બન્ને આખો ચંડીપાઠ કરતા. ત્હેમનાં મ્હોટી બેન, મા બાઘડઆના ઉપદેશથી તેઓ ચિંતામણિ પાર્થિવેશ્વર કરતા હતા અને તે કર્યા વિના કદિ પણ જમતા નહિ. પરન્તુ જ્યારે તેઓ અમદાવાદની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બહાર જતાં ત્યારે અગવડને લીધે અથવા બીજાને પોતાના માટે નાહક દુઃખ ન આપવું એ ઇચ્છાથી તેઓ ડીસ્ટ્રીકટમાં પાર્થિવેશ્વર કરતા નહોતા. પરન્તુ ત્હેમની ધર્મભાવના તેથી બિલકુલ ઓછી થઇ નહોતી. એકાદશી તો તેમણે આખા વરસની અંદર સત્તર વર્ષ સુધી કરેલી હતી. સોમવારને દિવસે એકજ વખત તેઓ ખાતા હતા. અને તે વ્રત તેમણે મૃત્યુ પર્યંત ચાલુ રાખ્યું હતું. ભાઇ શિવભાઇ પ્રત્યેક વર્ષે નિયમો લેતા હતા એમ તેમની ડાયરી ઉપરથી જણાય છે. તેમના મુખ્ય વિષયોમાં પ્રભુસેવા, સાહિત્યસેવા અને સ્વદેશસેવાના નિયમો હતા અને તે નિયમોનું પાલન તેઓ કરતા હતા, તે ત્હેમના કાર્ય ઉપરથી સ્પષ્ટ જણાઈ આવે છે. ત્હેમના દરેક પુસ્તકોમાં ત્હેમની ધર્મની લાગણી ચિદાનંદ ગુરૂના મુખદ્વારાએ આપેલા ઉપદેશ વગેરેમાં તાદશ જણાઇ આવે છે. અને ક્ષણે ક્ષણે "આ સંસાર મિથ્યા છે, ક્ષણભંગુર છે, નાશવંત છે. માટે ભાઈ આપણે તો ચેતીને ચાલવાનું!" એમ સર્વ કોઈને વારંવાર તેઓ કહેતા હતા.

ત્હેમની સુધારા પ્રતિ દૃષ્ટિ

આધુનિક સંસારસુધારા તરફ તેમનું ઝાઝું વલણ હોય તેમ જણાતું નહોતું. ત્હેમનાં માતાપિતા સનાતની ધર્મનાં હોવાથી તેમના વિચાર પ્રથમ તો સુધારાની વિરૂદ્ધના જ હતા. બ્રાહ્મણ વિનાં બીજા કોઈનું તેઓ ખાતા નહોતા. એટલો સુધારો તેમણે પોતાને માટે દાખલ કરેલો હતો. તેમજ વિધવાવિવાહની બાબતમાં પણ બાળવિધવાના પુનર્લગ્ન અવશ્ય થવાંજ જોઈએ એમ તેમનો સિદ્ધાંત હતો. અને તે તેમના "કુંજબાળા"ના પુસ્તકમાં દર્શાવ્યો છે. છતાં તેઓ cosmopoliton મતના—વર્ણાશ્રમ નિયમ વિરૂદ્ધ ખાવું પીવું તે માનતા હતા નહિ. જો કે તેમણે તેમના પુસ્તકમાં હિન્દુ મુસલમાનને એકત્ર કરવાનો, લગ્ન સંબંધથી જોડવાનો પ્રયત્ન પ્રથમ કરેલો જણાય છે. પરંતુ જનસમાજની બ્હીકને લીધે વા પોતાના અંતરના વિચાર બદલાયા હોય તેથી—ગમે તેમ હો—પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પછી તેવું લગ્ન તેઓ પોતાના પુસ્તકમાં કરતા નથી. હાલના સુધારા તરફનું ત્હેમનું વલણ તો ત્હેમના ભાણેજ મી. પર્જન્યરાય ઈંગ્લાંડ જઈ આવ્યા પછી જ દાખલ થયું હોય એમ જણાય છે. ઘણા વર્ષની પડી ગયેલી રૂઢિ જતી નથી, તેવી રીતે તેઓ જો કે પોતાના વિચાર સુધારાની તરફ દર્શાવતા છતાં ત્હેમનાં પૂજા પાઠ વિગેરે તો કાયમ જ હતાં.

તેમનો સાદો ડ્રેસ

જેટલી ત્હેમની લાગણી અને વિચારો સનાતની હતા તેવી જ રીતે તેમના ડ્રેસમાં પણ સાદાજ હતા. પાટલુન, નેકટાઈ, કોલર કોઈ દિવસ તેમણે પહેર્યાં હતાં નહિ. માત્ર ભોગીલાલ શેઠના સેક્રેટરી થયા ત્યારેજ આ સર્વ વસ્તુ તે પહેરતા હતા અને તે વખતે કહેતા કે આ નોકરીને અંગે આ બધો સ્વાંગ પહેરવો પડે છે અને વેશ ભજવવો પડે છે. પાટલુનને તે 'ખોડીબારૂં' કહેતા હતા. કપડાંની તો બિલકુલ તેમને ટાપટીપ હતી જ નહિ. માત્ર સાદાં અને સ્વચ્છ કપડાં જ તેમને ગમતાં હતાં.

ત્હેમનો આનંદી અને રમુજી ટીખળી સ્વભાવ

ભાઈ શિવભાઈ સ્વભાવે ઘણા આનંદી હતા. તે જ્યાં જ્યાં જતા ત્યાં તેમની રમુજી આનંદદાયી ટીખળી વાણીથી સર્વ કોઇને ગમ્મત અને આનંદ આપતા હતા અને તેથી બધા ન્હાના તથા મ્હોટા ત્હેમના ઉપર પ્રેમદૃષ્ટિથી એકસરખી રીતે જોતા હતા. બંધુસમાજના બધા સભાસદોમાં તેમનો આનંદી સ્વભાવ તરવરી આવતો હતો અને જ્યારે તેમની નોકરી બારેવાડે થઈ, ત્યારે તેમના જવાથી ત્હેમની ગેરહાજરીથી અમને ઘણુંજ અણગમું લાગ્યું હતું પણ ખરૂં. ઘરમાં પણ ઓફીસમાંથી આવે ત્યારે આનંદ આનંદ પ્રવર્તાવી દેતા હતા.

બન્ધુસમાજના દરેક મેમ્બર પ્રત્યે તેમનો સ્નેહ હતો. આગળની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બન્ધુસમાજમાં તેમનો ઉત્સાહ

ત્હેમની ડાયરીઓમાં આજ સમાજ અહીં કાંકરીએ મળી તો બીજે વખતે પૂલ ઉપર મળી અને જ્યારે જ્યારે જે જે સ્થળે સમાજ મળતી તે વિષે તે પોતે લખતા તેમજ બન્ધુસમાજનું પહેલું નામ તેમણે રા. ડાહ્યાભાઈ લક્ષ્મણભાઈ ઉપરથી Dahyabhai-ancy "ડાહ્યાભાઈ–અન્સી" પાડ્યું હતું. સમાજના દરેક કાર્યમાં તેમનો ઉત્સાહ આગળ પડતો હતો અને તેઓ જ્યારે સમાજમાં ગેરહાજર હોય ત્યારે તેમના વિના આનંદ આવતો જ નહોતો. સુન્દરી-સુબોધ કાઢવામાં પ્રથમ તેમણે આશરે પોણોસો રૂપિઆની રકમ બધા બન્ધુઓની જેમ કાઢેલી હતી. અને સુન્દરીસુબોધના એડીટર તથા મેનેજર તરીકે આશરે ચારેક વર્ષ કામ કર્યું હતું. રા. બિન્દુભાઈ, રા. ડાહ્યાભાઈ, તથા શંકરરાય અને રા. દિનકરરાયને તેમજ મ્હને અને સદ્‌ગત સાર્જન્ટરાવ ઉર્ફે ભોગીન્દ્રરાવને સર્વ કોઈને સમાન પ્રેમથી ચ્હાતા હતા. છતાં સાર્જન્ટરાવને તેઓ વિશેષ ચ્હાતા હતા. મૃત્યુ વખતે પણ "નજર, નજર" એમ તેઓ બોલતા હતા. સાર્જન્ટરાવને તે ઘણી વખત ગમ્મતમાં "નજરસા" કહેતા હતા.

બાલ્યાવસ્થાથીજ મ્હારી ઉપર ત્હેમનો પ્રેમ અપ્રતિમ હતો અને મને પોતાના ભાઈ કરતાં પણ વિશેષ ગણતા હતા. અને તેથી કરીને તેમનાં સર્વ સગાંવહાલાંઓ મને તેવીજ રીતે સ્નેહભરી દૃષ્ટિથી જોતા હતા. સમાજ—બન્ધુસમાજની છબી પડાવી તે અગાઉ આશરે ૧૮૯૫–૯૬ માં ભાઈ શિવભાઈના આગ્રહથી મારી, સાર્જન્ટરાવ તથા તેમની ત્રણ જણની છબી (કેબીનેટ) લેવરાવી હતી. રા. શંકરરાય વડોદરેથી અમદાવાદ રહેવા આવ્યા ત્યારે તેઓ બંધુસમાજના સંસર્ગમાં આવ્યા અને પછી તેઓ દાખલ થયા ત્યારે તેમની મદદથી ત્હેમનો વિચાર સમાજ તરફથી એક મ્હોટા પાયા ઉપર સ્કુલ સ્થાપવાનો હતો. તેમાં આપણી પ્રાચીન આર્ય પદ્ધતિનું શિક્ષણ પણ દાખલ કરવું અને તેમાં હાલની કેળવણી થોડી ઘણી દાખલ કરવી; મહાત્મા ગાંધીની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શાળાના જેવી શાળા સ્થાપવાનો વિચાર હતો, પરન્તુ તે વિચાર અમલમાં આવી શક્યો જ નહિ.

ત્હેમનાં સ્વર્ગસ્થ બ્હેન પરમ પવિત્ર ગં. બા. બાધ્ધડબાની તથા ગં. બા. કેસુબા (મ્હોટાં બ્હેન)ની સાથે તેમણે માત્ર પાંચ જ વર્ષ પહેલાં આખા હિન્દુસ્થાનમાં મુસાફરી કરી હતી. આ વખતે તેમની સાથે બધાં મળી વીસેક માણસોનો સંઘ હતો. અને તેમાં પુરૂષ વર્ગમાં માત્ર પોતેજ હતા. જાત્રા કરીને આવ્યા ત્યારે છએક મહિના ઘેરથી નીકળ્યાને થયા હશે. આ છ માસમાં કોઈ પ્રકારનું વિઘ્ન આવ્યું નહિ. તે ખાતે ન્યાતમાંથી તેમના ઘણા સ્નેહીજનો

માત્ર પાંચ વર્ષમાં તેમણે કરેલી પાંચ ધામની જાત્રા

તેમનાં વખાણ કરતા હતા. આ પ્રકારનું વર્ણન પુસ્તકરૂપે લખવાનો તેમનો વિચાર હતો. સસ્તા સાહિત્ય તરફથી તેવું પુસ્તક લખવાને માટે આગ્રહ પણ થયેલો હતો. સુન્દરીસુબોધના એક અંકમાં બેચાર પાનાં જાત્રાપ્રવાસનો ત્હેમનો લેખ પણ આવ્યો હતો. પણ વ્યવસાયને લીધે તેઓ ઈચ્છા છતાં વધારે લખી શક્યા નહોતા.

આ સિવાય ગુજરાતી પંચમાં ત્હેમની ચાલુ વાર્તાઓ નિરંજન, રંજનકુમાર, મુનિકુમાર, આદિ ઘણી વાર્તાઓ તેમણે લખેલી છે, જે પંચના ગ્રાહકોમાં ઘણીજ લોકપ્રિય થઈ પડી હતી.

તે ઉપરાંત તેમણે વાર્તાવારિધિ, સુન્દરીસુબોધ, મેઘનાદ, નાગરઉદય વિગેરે માસિકોમાં પણ ઘણા લેખો અને કાવ્યો લખેલાં હતાં. ત્હેમની ડાયરીઓ અને સ્વાનુભાવ ખાસ વાંચવા લાયક છે, જેમાં સ્થળે સ્થળે પ્રભુ ઉપરની તેમની અત્યંત શ્રદ્ધા અને ભક્તિ, તેમજ સાંસારિક અનુભવો તાદૃશ ચિતરેલાં છે.

ભાઈ શિવભાઈના ધર્મપત્ની ગં. અરવિન્દા સ્વભાવે ઘણાંજ સુશીલ અને નમ્ર છે. સુન્દરીસુબોધમાં તેમના લેખો પણ આવેલા હતા. અને સુન્દરીસુબોધની ભેટ માટે ટુંક વાર્તામાળાનું પુસ્તક તેમણે અને ગં. સનુબાએ (ભાઈ ભોગીન્દ્રરાવની ધર્મપત્નીએ) તૈયાર કર્યું

ત્હેમનું કુટુંબ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતું. સાહિત્ય તરફ તેમનું વલણ વિશેષ હતું. અને પ્રુફ વિગેરે જોવામાં તેઓ ઘણીસારી રીતે મદદ કરતા હતા. સુન્દરીસુબોધ સમાજ પાસે હતું તે વખતે તેમણે તે પત્રની વ્યવસ્થામાં ઘણો સારો ભાગ લીધો હતો.

ત્હેમના અચાનક જવાથી ત્હેમના કુટુંબને, તેમનાં સ્નેહીજનોને તેમજ ગુર્જર સાહિત્યને પણ સખત આઘાત થયેલો છે. પરમાત્મા તેમના આત્માને અનંત શાંતિ આપો એટલું જ અમે ઇચ્છીએ છીએ.

કૃષ્ણ હરગોવિંદ પંડિત

(પૃ. ૬૬મું, એપ્રિલ, ૧૯૧૯)

સ્વ. ભાઈ ચીમનલાલ ડાહ્યાભાઈ દલાલ, એમ. એ.

વડોદરા લાઇબ્રેરી મિસેલની ત્રિમાસિક માટે લેખ લખી મોકલવાને રા. ભાઈ ચીમનલાલ દલાલને મેં આગળ વચન આપ્યું હતું. પરંતુ તે વખતે મને લેશ પણ ખ્યાલ ન હતો કે, એ લેખમાં મારે પ્રથમ તે ભાઈના અકાળ ને ખેદકારક અવસાનની દુઃખદ નોંધ લેવી પડશે. તેમના મરણ પૂર્વે થોડાક દિવસ ઉપર મિ. વિન્સેંટ સ્મિથકૃત ‘સમ્રાટ અકબર’ નામનું નવીન ઇંગ્રેજી પુસ્તક હું વાંચતો હતો અને તેમાં તે વિદ્વાન ગ્રંથકારે લાઈબ્રેરી મિસેલનીમાં પ્રસિદ્ધ થયેલા ભાઈ દલાલના ‘અકબરનો દરબાર અને જૈન સાધુ હીરવિજયસૂરિ’ નામક લેખને પ્રમાણભૂત લેખી તેની વ્યાજબી કદર હતી. આથી આનંદ પામી, તે નોંધ તરફ તેમનું ધ્યાન દોરવા અને તે બદલ તેમને અભિનંદન આપવા એક પત્ર લખી મોકલવાના હું વિચારમાં હતો. એટલામાં એક સવારે વડોદરાના ‘સયાજીવિજય’ પત્રમાં ઈન્ફ્લ્યુએન્ઝાના જીવલેણ રોગથી તેમનું મૃત્યુ થયું છે એવા સમાચાર વાંચતાં મને સખ્ત આઘાત લાગ્યો અને કેટલોક વખત સાવ ઉદાસ અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શૂન્યમૂઢ બેસી રહ્યો. એક મિત્ર અને સ્નેહી તરીકે મને એકલાને તેથી દુઃખ થયું હતું એમ નહિ, પરંતુ જે બધા તેમના કાર્યથી વાકેફ હતા અને તેમના નિકટ પરિચયમાં આવ્યા હતા તે સૌના મુખેથી આ દિલગીરીભર્યા ખબર સાંભળતાં અત્યંત નિરાશા અને ખેદના ઉદ્‌ગારો નિકળ્યા હતા. તેમના કાર્યની અને કારકીર્દીની હજી શરૂઆત થતી હતી પણ એટલા ટુંક સમયમાં તેમણે પોતાના વિષયમાં એટલો કાબુ અને નિપુણતા મેળવ્યાં હતાં કે, તેમની સાથે કોઈ પણ મહત્ત્વના વિષય પર—ખાસ કરીને પ્રાચીન સાહિત્ય અને ઇતિહાસ પર—વાતચિત અને ચર્ચા કરવી એ તો ખરેખર આનંદદાયક થઇ પડતું અને તેમની વિદ્વત્તા અને જ્ઞાન માટે, બેશક માન ઉત્પન્ન થતું. વળી તે માટે તેમની તૈયારી એટલા ઉંચા પ્રકારની હતી અને તેમની માહિતી અને સાધન એટલાં બહોળાં હતાં કે તેમના આરંભના પ્રયાસો પણ વિદ્વાનોના આદરને પાત્ર થઇ ભારે પ્રશંસા પામ્યા હતા તેમ તેમણે હાથ ધરેલો વિષય એટલો મહત્ત્વનો અને ઉપયોગી હતો કે, સાહિત્યના અભ્યાસકો તેના પરિણામ માટે આતુરતાથી રાહ જોતા હતા. તેમના કાર્ય માટે એવી સામાન્ય માન્યતા બંધાઈ હતી કે આગળ જતાં તે પ્રાચીન ઇતિહાસ અને સાહિત્યપર કંઇક નવીન અને વિશેષ પ્રકાશ પાડવા શક્તિમાન થશે અને તેમનું કાર્ય સારી રીતે દીપી ઉઠશે, તેમ તે સારી નામના અને યશ પ્રાપ્ત કરશે. પણ તે આશાઓ ફળીભૂત થાય તે પહેલાં પ્રભુએ તેમને પોતાની સમીપ બોલાવી લીધા છે.

જનસમાજ જેમનાં કાર્ય અને સેવાથી સંતુષ્ટ અને પ્રસન્ન હતો અને જેમના ઉમદા ગુણો અને ઉચ્ચ બુદ્ધિમત્તા માટે નવીન ગુજરાત મગરૂર થઈ શકે એમ હતું એવા નવયુવકો, ભાઈ રણજીતરામ, ભાઇ ભોગીન્દ્રરાવ, ભાઇ ઠાકોરલાલ પંડ્યા, ભાઇ અંબાલાલ—ચરોતર કેળવણી મંડળીવાળા અને ભાઇ શિવભાઇ, એ સઘળાને ટુંક મુદતમાં એક પછી એક અકાળ મૃત્યુ પામેલા નિહાળી આપણે નિરાશાના શોકસાગરમાં ડૂબી ગયા હતા, અને તેમના ઘા અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વેદના હજી તાજાંજ હતાં એટલામાં તો ભાઈ દલાલે અન્ય સૃષ્ટિમાં પ્રયાણ કર્યું છે, તેથી આપણને અત્યંત નુકસાન પહોંચ્યું છે અને આપણી સ્થિતિ ખરેખર લાચાર થઈ પડી છે. આવા દુઃખના પ્રસંગે પ્રભુમાં અચળ શ્રદ્ધા રાખ્યા વિના આપણે શાંતિ કે આશ્વાસન બીજી કોઈ રીતે લઈ શકીએ તેમ નથી. પ્રભુની લીલા વિચિત્ર અને અકલિત છે છતાં એટલી ખાતરી છે કે, તે શરણાગતની વહારે ચઢે છે જ.

ભાઇ ચીમનલાલનો જન્મ સન ૧૮૮૧ ના ચૈત્ર માસમાં ખેડામાં થયો હતો. તેમનું કુટુંબ વચલા વર્ગનું–સાધારણ સ્થિતિનું પણ કુળવાન હતું. તેમના પિતાશ્રી રા. ડાહ્યાભાઇ સાંકળચંદ શાહ વેપાર અર્થે અમદાવાદમાં ઝવેરીવાડામાં આવી વસ્યા હતા અને તે રૂની દલાલીનો ધંધો કરતા. સામાન્ય રીતે વેપારી અને વણિક વર્ગમાં ઉંચી કેળવણી લેવા માટે ઝાઝો ઉત્સાહ કે લાગણી દેખાતાં નથી. વ્યાવહારિક જ્ઞાન અને દુનિયાદારીનું ડહાપણ પ્રાપ્ત કરવાં એ તેમનું અંતિમ લક્ષ્ય હોય છે, પણ રા. ડાહ્યાભાઈ પર જુદા પ્રકારના સંસ્કાર પડ્યા હતા. કાંઈક અગવડ વેઠીને પણ યુનિવર્સિટીનું ઉંચું પણ ખર્ચાળ શિક્ષણ પોતાના પુત્રોને આપવું એવી તેમના મનમાં ભારે ઉમેદ હતી અને પ્રભુકૃપાથી તે બર આવી હતી. તેમના મોટા પુત્ર રા. વાડીલાલે મેટ્રિક્યુલેશનની પરીક્ષા પસાર કરી સંતોષ માન્યો અને આગળ અભ્યાસ કર્યો નહિ. પરંતુ બીજા–વચલા પુત્ર ભાઈ ચીમનલાલની મનોવૃત્તિ અને વલણ ન્હાનપણથી જ અભ્યાસ પ્રતિ વિશેષ હતાં અને જીંદગીભર તેમણે એક સાચું વિદ્યાર્થીજીવન ગાળ્યું હતું. નિશાળનો તેમનો અભ્યાસ શરૂઆતથી જ યશસ્વી હતો અને તેમની બુદ્ધિ અને હોંશિયારીનાં વખાણ થતાં. પહેલાં વર્ષે જ મેટ્રિક્યુલેશનની પરીક્ષા તેમણે ટંકશાળની ન્યુ ઇંગ્લિશ સ્કુલમાંથી સારે નંબરે પાસ કરી. તે પછી ગુજરાત કોલેજમાં દાખલ થયા. મૂળથી તેમનો સ્વભાવ તદ્દન શાંત અને એકમાર્ગી હતો. એકલા રહેવું અને હરવુંફરવું તેમને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિશેષ પસંદ હતું. વિદ્યાર્થીઓમાં તેઓ ઝાઝા ભેળાતા નહિ અને વાંચન અને અભ્યાસ કરવામાં એકચિત્ત અને મશગુલ રહેતા. ન્હાનપણથી જ જૈન ધર્મના સંસ્કારોની સુદૃઢ છાપ તેમના પર પડી હતી. તેમને એટલી બધી ધર્માસ્થા હતી કે, દરરોજ દેરાસરમાં દર્શન કર્યા વિના તે ભોજન લેતા નહિ. વળી જૈન સાધુઓના સંસર્ગમાં તે વારંવાર આવ્યાથી તેમનાં ધર્મશાસ્ત્રો પ્રતિ પણ તેમને ખૂબ અભિરુચિ ઉત્પન્ન થઈ હતી, અને તે માટે તેના અભ્યાસ અને મનન કરવા માટે સંસ્કૃતનું જ્ઞાન તેમને આવશ્યક જણાયું. પછી ઉપાશ્રય પાઠશાળામાં તેમણે સંસ્કૃત–'સિદ્ધાંતકૌમુદી'નો અભ્યાસ ચાલુ કર્યો. કોલેજના અભ્યાસ ઉપરાંત તેઓ આ દુર્ઘટ વિષયને પણ ખેડતા જતા હતા. કોલેજનો અભ્યાસ પુરો થતા થતામાં તો તે સંસ્કૃતમાં પારંગત થયા. આરંભથી જ તેમને સંસ્કૃત ભાષાનો શોખ હતો અને ફુરસદના વખતે સંસ્કૃતનું પ્રકીર્ણ વાંચન અને નવીન શ્લોકરચના વગેરે કરતા હતા. તે જ્યારે પ્રિવિયસ કલાસમાં હતા તે વખતે જ તેમણે પ્રો. દારૂવાળાના માનમાં સુંદર સંસ્કૃત શ્લોકોમાં તેમની પ્રશસ્તિ બનાવી, સર્વેની શાબાશી મેળવી હતી. યુનિવર્સિટીની પરીક્ષાઓ પાસ કરવામાં તેમને આ અભ્યાસ અને જ્ઞાન મોટી મદદ-રૂપ થઈ પડતાં હતાં. સન ૧૯૦૮ માં તેમણે ઐચ્છિક વિષય તરીકે ઈંગ્રેજી અને સંસ્કૃત સાહિત્ય પસંદ કરી, બી. એ.ની પરીક્ષા બીજા વર્ગમાં પસાર કરી અને કોલેજના બધા વિદ્યાર્થીઓમાં તે ઉંચે નંબરે આવવાથી એક વર્ષ માટે તેમની દક્ષિણા ફેલો તરીકે નિમણુંક થઈ. વળી તે વર્ષે એમ. એ.ની પરીક્ષા માટે તેમણે વાંચવા માંડ્યું. સંસ્કૃત વ્યાકરણ લઇ એમ.એ.ની પરીક્ષા પાસ કરનારાઓની સંખ્યા જૂજ છે અને કેટલાંક વર્ષોથી તે વિભાગમાં કોઈએ પરીક્ષા આપી નહોતી એટલો બધો તે વિષય કઠિન મનાય છે, છતાં પોતાની શક્તિ અને અભ્યાસમાં વિશ્વાસ રાખી, તે જ વિષય એમ. એ. ની પરીક્ષા માટે લેવાનું તેમણે પસંદ કર્યું અને વળી તે પરીક્ષા માનભરી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રીતે પાસ કરી, જે માટે ખચિત કોઇ પણ વ્યક્તિ મગરૂર થઈ શકે.

હિંદુ સંસારના રિવાજ પ્રમાણે તેમનું લગ્ન સંવત ૧૯૫૬ માં પ્રથમ વિદ્યાર્થીઅવસ્થામાં થયું પણ તે ઘરસંસાર માંડે તે પહેલાં તેમનાં પત્ની મૃત્યુ પામ્યાં. ધર્મના સંસ્કાર અને જૈન સાધુઓના સંગે તેમના જીવનપર એવી પ્રબળ અસર કરી હતી કે, પ્રાચીન ઋષિજીવન ગાળવાની તેમના સંસ્કારી મનમાં અભિલાષા થઈ રહેલી હતી. ઘણાં વર્ષો થયાં તેમણે એ કારણે મિષ્ટ ભોજન લેવાનું ઉત્કટ બંધ કર્યું હતું અને ઉંચી શય્યાપર તે કદી સુતા નહિ. તેમજ જેમ બને તેમ શરીરને કસવા અને કઠિન કરવા તે પ્રયાસ કરતા. તેમણે પોતાના કુટુંબીઓને બીજીવાર લગ્ન કરવાની ના પાડી અને લગભગ આઠ વર્ષ સુધી તે આ વિચારને મક્કમ રીતે વળગી રહ્યા. છેવટ સગાંસંબંધી અને વડીલોના દબાણને વશ થઈ તેમણે ફરી લગ્ન કરવા કબૂલ્યું. આવી તેમની સાધુ જેવી સરલ વૃત્તિ અને સાદું પણ ઉન્નત જીવન તેમના સહવાસમાં આવનાર દરેક વ્યક્તિ ઉપર છાપ પાડયા વગર રહેતું નહિ. સહેજ પ્રસંગ પ્રાપ્ત થતાં તે તીર્થયાત્રાએ નિકળી પડતા અને ગુજરાતમાં એવું એકે જૈન તીર્થસ્થાન નહિ હોય કે જ્યાં તે ગયા નહિ હોય. જૈન સાધુઓનો સમાગમ તે નિરંતર શોધતા રહેતા, તેથી તે મંડળમાં તે બહુ પ્રિય અને પરિચિત થયા હતા. પોતાનાં જ્ઞાન અને વિનયથી તેમણે તે સર્વનાં આદરમાન અને પ્રીતિ સંપાદન કર્યાં હતાં.

પ્રાચીન સાહિત્યની શોધખોળ અને સંશોધનમાં તેમણે જૈન સાધુઓની સહાનુભૂતિ મેળવી હતી, અને તેથી તેમને પોતાના કાર્યમાં કેટલીક સરળતા અને મદદ મળ્યા કરતાં હતાં. તેમના સહકાર્યથી જૈન સાહિત્યનો ઉત્કર્ષ કરવા તેમને ભારે હોંશ હતી. પરંતુ એ ઇચ્છા ફલીભૂત થાય એ પૂર્વે જ તે સદ્ગતિ પામ્યા છે. જો તે થોડાંક વધારે વર્ષ જીવ્યા હોત તો જૈન ધર્મ, સાહિત્ય અને ઇતિહાસની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બહુ સારી સેવા કરી શક્ત અને તેને દિપાવત. પણ તે આશા નિષ્ફળ નીવડી છે. ખરે ભાવી બળવાન છે.

એમ. એ. ની પરીક્ષા પાસ કર્યા પછી પોતાને મનપસંદ અને અનુકૂળ થઈ પડે એવી કોઇ સારી નોકરી મેળવવાની તે તજવીજ કરતા હતા. તે દરમિયાન વડોદરામાં શ્રીમંત મહારાજા સાહેબની આજ્ઞાનુસાર અમેરિકન વિદ્વાન મિ. બોર્ડનની દેખરેખ નીચે એક લાયબ્રેરીવર્ગ સ્થાપવામાં આવનાર છે અને તેમાં ગ્રેજ્યુએટોને તાલીમ લેવા પસંદ કરવામાં આવનાર છે, એવી જાહેરખબર તેમના જોવામાં આવી. સરકારી ખાતામાં સારા પગારની અને ઉંચી નોકરી મળવાનો સંભવ હતો, પણ તેમને એમ જણાયું કે લાયબ્રેરી ખાતામાં દાખલ થવાથી તે વધારે ઉપયોગી અને સંગીન કાર્ય કરી શકશે. તેથી બીજા લાભોની દરકાર કર્યા વગર દેશી રાજ્યની ઓછા પગારની નોકરીમાં જોડાવાનું તેમણે પસંદ કર્યું. પોતાના વિચાર અને આશય પાર પાડવાને આ ખરી રીતે તેમનો એક પ્રકારનો સ્વાર્થત્યાગ અને આત્મભોગ હતો.

લાયબ્રેરી કલાસમાં પ્રથમ તેમને જુદી જુદી લાયબ્રેરી-પદ્ધતિઓનું અને પુસ્તકોનું વર્ગીકરણ કામ શીખવવામાં આવ્યું. આ પદ્ધતિનું જ્ઞાન ગુજરાતીમાં કેવી રીતે ઉતારવું અને દાખલ કરવું તેની વ્યવસ્થા થવા તજવીજ ચાલી. એ બાબત સહેલાઈથી સમજી શકાય તે હેતુથી, એક પ્રયોગ તરીકે તેમણે પ્રથમ ૧૦૦૦ ગુજરાતી પુસ્તકોનું નવી પદ્ધતિએ વર્ગીકરણ તૈયાર કર્યું અને તે એક ચોપાનિયા રૂપે પ્રસિદ્ધ કર્યું. વળી જ્યાં ત્યાં આ નવી લાયબ્રેરીપદ્ધતિનો પ્રચાર કરવા અને તેના જ્ઞાનનું સાહિત્ય ઉત્પન્ન કરવા, લાયબ્રેરી ખાતા તરફથી એક લાયબ્રેરી ત્રિમાસિક કાઢવાની યોજના કરવામાં આવી. આમાંના ગુજરાતી વિભાગનું બધુંજ કામ અને તેનું તંત્રીપદ રા. દલાલને સોંપાયું. એ ઉપરાંત સંસ્કૃત પુસ્તકોનું શાસ્ત્રીય ધોરણપર વર્ગીકરણ કરવાનું કાર્ય તેમણે હાથ ધર્યું અને તે કાર્ય સંપૂર્ણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ફતેહમંદ થાય તે માટે દેશના જુદા જુદા વિદ્વાનોને પત્ર લખી તેમના અભિપ્રાય અને સૂચનાઓ મેળવ્યાં. આ રીતે લગભગ ત્રણેક વર્ષ આ નવા લાયબ્રેરી વિષયનું જ્ઞાન સંપાદન કરવામાં અને તેનો પ્રચાર કરવામાં અને તેનું સાહિત્ય તૈયાર કરવામાં તેમણે ગાળ્યાં. ત્યારબાદ મિ. બોર્ડનની નોકરીની મુદત પુરી થવા આવી અને તેમને પાછા અમેરિકા જવાનું ઠર્યું. તે સાથે મિ. કુડાલકરને યૂરોપ, અમેરિકા, જાપાન આદિ દેશોમાં પ્રવાસ કરી, ત્યાંની લાયબ્રેરી પદ્ધતિઓનો જાતિ-અનુભવ લઈ આવવા હજુરઆજ્ઞા થઈ. દરમિયાન લાયબ્રેરીનું કામ બીજી રીતે પ્રતિદિન વધતું અને ખીલતું જ ચાલ્યું.

એ ખાતાને પ્રથમ પ્રેસ રિપોર્ટરનું કામ સોંપાયું. અને ધીરે ધીરે પ્રેસ કટિંગ, મુખ્ય અને જાણવા જેવા લેખોની નોંધ અને સાર, બાળવાચન વિભાગ, સરક્યુલેટિંગ અને ટાવેલિંગ લાયબ્રેરીઓ, સિનેમેટોગ્રાફ અને સચિત્ર કાર્ડ દ્વારા જ્ઞાનપ્રચાર વગેરે કાર્યો નવાં ઉમેરાતાં ગયાં. આ કાર્યોમાં રા. દલાલ રસપૂર્વક ભાગ લેતા. પરંતુ તેમનું મન ખરી રીતે પ્રાચીન સાહિત્યના સંશોધન અને સંગ્રહના કાર્ય પ્રતિજ રોકાયલું રહેતું. સેંટ્રલ લાયબ્રેરીનો સંસ્કૃત વિભાગ તેમને સોંપવામાં આવ્યો હતો અને તેમાં સુધારાવધારા કરીને આકર્ષક-ઉપયોગી બનાવવાને તેઓ હમેશ ઉત્સુક રહેતા. બહારગામના વિદ્વાનો તે સંગ્રહનો સારી રીતે લાભ લઇ શકે એવી વ્યવસ્થા તેમણે કરી. તેથી તેનો બહોળો ઉપયોગ થવા માંડ્યો અને તે કાર્યમાં તેમની મદદ અને સલાહ બહુ કીમતી થઇ પડ્યાં. પ્રાચીન હસ્તલિખિત પુસ્તકોનો સંગ્રહ કરવાનું અને તે માટે નવાં નવાં પુસ્તકો મેળવવાનું કામ શરૂઆતથી થયા કરતું હતું અને તે વિભાગમાં મિ. દલાલના ખંત અને ચાલુ ઉદ્યોગના પરિણામે બહુ ઉપયોગી પ્રાચીન ગ્રંથોનો ઉમેરો થયો. અત્યારે એ સંગ્રહને જે મહત્તા ને કીમતીપણું પ્રાપ્ત થયાં છે, તે વાસ્તવિક રીતે તો મિ. દલાલનાં શ્રમ અને ખંતને જ આભારી છે. આમ માત્ર સંગ્રહ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરવાથી તેમ છતાં તેમને પુરતો સંતોષ થયો નહિ, તેથી વધુ શોધ અને તજવીજ થવા તેમણે એક ટિપ્પણ તૈયાર કર્યું. મે. દિવાન સાહેબ આગળ તે રજુ કરવામાં આવતાં તેમણે પાટણના જુના જૈન ભંડારની તપાસ કરી, તે વિષે એક સવિસ્તર રિપોર્ટ કરવા મિ. દલાલને ખાસ હુકમ આપ્યો. મિ. દલાલના કાર્યે અહિંથી નવીન સ્વરૂપ ધારણ કર્યું, અને તે મૃત્યુ પર્યંત તેમણે અવિચ્છિન્ન રીતે ચલાવ્યું. તેમના ભગીરથ અને અવિશ્રાંત શ્રમનું પરિણામ બહુ સુંદર આવેલું સર્વ કોઈ સ્વીકારે છે.

ત્રણ માસ તે પાટણમાં રહ્યા છતાં એટલા ટુંકા સમયમાં તેમણે ૧૧ ભંડારોની તપાસ કરી. એ ભંડારોમાં આશરે ૧૩૦૦૦ કાગળપર અને ૬૫૮ તાડપત્ર ઉપર લખેલાં પુસ્તકો હતાં. એ પુસ્તકો મિ. દલાલે ખૂબ ધ્યાનપૂર્વક અને બારીકાઈથી તપાસ્યાં અને જેમ ખંભાતના ભંડારો તપાસી ડૉ. પિટર્સને એક સવિસ્તર રિપોર્ટ કર્યો હતો તેમ અને તે પદ્ધતિ પર તમામ પુસ્તકોની વિગતવાર નોંધ કરી અને તેમાંના ઉપયોગી અને કીમતી પુસ્તકોની નકલ ઉતરાવી, મિ. દલાલે પોતાના કાર્યને પાર ઉતાર્યું. આગર ડૉ. બ્યુલર, ડૉ. ભાંડારકર ડૉ. પિટર્સન અને પ્રો. મણિલાલ નભુભાઈ વગેરે પ્રસિદ્ધ વિદ્વાનોને પાટણના ભંડારોની મુલાકાત લઈ ગયા હતા, પરંતુ તેઓ એ ભંડારો પુરેપુરા તપાસી શકયા ન હતા, તેમ તેમાંનાં ઘણાં પુસ્તકો—ખાસ કરીને તાડપત્ર ઉપર લખાયલાં ગુપ્ત રાખવામાં આવ્યાં હતાં, એટલે એ ભંડારોની તપાસ અને નોંધ અપૂર્ણ અને ખામીવાળી રહેલી હતી. આનંદની વાત તો એ છે કે, એ દિશામાં મિ. દલાલે બજાવેલું કાર્ય અત્યંત સંતોષકારક અને ઉપયોગી જણાયું છે. તે જાતે જૈન હોવા ઉપરાંત તેમના આચારવિચાર અને રહેણી એટલાં ધાર્મિક અને સાદાઈવાળાં હતાં અને જૈન સાધુઓમાં તે એટલા જાણીતા હતા અને તેમનો લાગવગ અને માન એવાં હતાં કે જે તેમને પોતાનું કાર્ય કરવામાં અત્યંત સહાયક નીવડયાં હતાં. જે પ્રાચીન સાહિત્ય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અત્યાર લગી ભંડારોમાં અંધારામાં પડી રહ્યું હતું અને કોઇની નજરે પડતું નહિ, તે તેમને સહેલાઇથી ઉપલબ્ધ થયું. અને આ પ્રમાણે મળી આવેલી તકનો તેમણે ખરેખરો સદુપયોગ કર્યો હતો. આ શોધખોળના પરિણામે અનેક જુનાં અને મહત્ત્વનાં પુસ્તકો પ્રકાશમાં આવ્યાં છે. વળી એવું કેટલુંક અપભ્રંશ સાહિત્ય મળ્યું છે કે જે હિંદી, ગુજરાતી અને મરાઠી એ ત્રણે દેશી ભાષાઓની ઉત્પત્તિ અને ઇતિહાસ માટે જાણવા જેવી અને ઉપયોગી માહિતી પુરી પાડે છે. બારમા, તેરમા, અને ચૌદમા સૈકાની જુની ગુજરાતી ભાષાના ગ્રંથો હાથ આવ્યા છે, જે અપભ્રંશમાંથી જુની ગુજરાતીનો કેવી રીતે વિકાસ થયો, તેનો બહુ સારો પુરાવો પૂરો પાડે છે અને ભાષાના સાહિત્યમાં તેમની પ્રાપ્તિ બેશક ઉપયોગી અને કીમતી ગણાય.

આ હિલચાલનું એક વ્યાવહારિક પરિણામ એ આવ્યું છે કે તેમના રિપોર્ટથી ખુશ થઇ, પાટણ ભંડારોમાંનાં પ્રાચીન ઐતિહાસિક પુસ્તકો, એક જુદી ગ્રંથમાળા તરીકે પ્રસિદ્ધ કરવા શ્રીમંત મહારાજા સાહેબની ખાસ આજ્ઞા થઇ. 'ગાયકવાડ પૌર્વાત્ય ગ્રંથમાળા'ની પ્રસિદ્ધિ સંસ્કૃત સાહિત્યના ઇતિહાસમાં એક અપૂર્વ બનાવ ગણાય અને વિદ્વાન વર્ગ તરફથી તેની યોગ્ય કદર થાય એ ખુશ થવા જેવું છે. પ્રસ્તુત ગ્રંથમાળામાં આજ દિન સુધીમાં સાત પુસ્તકો પ્રસિદ્ધ થયાં છે અને બીજાં તૈયાર થાય છે. આમાંના ત્રણ પુસ્તકો રાજશેખર રચિત 'કાવ્યમીમાંસા', વસ્તુપાલકૃત 'નરનારાયણ' કાવ્ય અને 'પાર્થપરાક્રમ' રા. દલાલે એડિટ કર્યાં છે અને બીજાં ચાર પુસ્તકો (૧) હમીરમદમર્દન, રચ્યા સાલ સં. ૧૨૩૦ (૨) વસંતવિલાસ ૧૩ મી સદી, (૩) પંચમીકહા, અપભ્રંશનું પુસ્તક ૧૨ મી સદી અને (૪) પ્રાચીન ગુર્જર કાવ્યસંગ્રહ, જેમાં ૧૨ મા, ૧૩ મા, અને ૧૪ માં શતકનાં કાવ્યો આપેલાં છે, જે પ્રેસ માટે નોટ્સ અને ઉપોદ્ઘાત સહિત તૈયાર કરતા હતા અને તે સિવાય ૪ થા સૈકાની ઉદયસુંદરીની કથા, વત્સરાજરચિત કર્પૂરચરિત,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રુક્મિણી પરિણય, હાસ્યચૂડામણિ, ત્રિપુરદાહ, કિરાતાર્જુનીય, અને સમુદ્રમંથન એ ગ્રંથોનું સંશોધન અને સારી નકલો કરવામાં આવતી હતી. આ પ્રમાણે વિવિધ પુસ્તકોની તૈયારી કરવામાં તે રોકાયલા હતા. ખરી રીતે ગ્રંથમાળાની તમામ વ્યવસ્થા અને યોજના તેજ કરતા હતા. વળી નોટ્સ અને ઉપોદ્ઘાત વગેરે લખવાં અને જુદા જુદા પાઠો તૈયાર કરવા એ બધું કામ તેમના હસ્તક હતું, અને તે કાર્ય એટલું વિદ્વત્તાપૂર્ણ અને ઉંચી પ્રતિનું થએલું છે કે, પાશ્ચાત્ય અને પૌર્વાત્ય વિદ્વાનોએ તે ગ્રંથોની મુક્ત કંઠે પ્રશંસા કરેલી છે. તેની પ્રસિદ્ધિથી સંસ્કૃત સાહિત્ય અને પ્રાચીન સાહિત્યના ઈતિહાસ પર કેટલોક નવીન પ્રકાશ પાડ્યો છે. આવા ઉપયોગી અને કીમતી કાર્ય બદલ શ્રીમંત મહારાજા સાહેબ બેશક મગરૂર થઇ શકે અને સાહિત્યસમાજ તેમનો જેટલો ઉપકાર માને તેટલો ઓછો જ છે. પણ તે સાથે અહીં એટલું ઉમેરવું જોઈએ કે, તે ગ્રંથમાળાની યોજના અને પ્રસિદ્ધિ ખરી રીતે રા. દલાલના સ્તુત્ય પ્રયાસનું ઉમદા અને સુંદર ફળ છે, અને તેનું માન અને યશ એક રીતે તેમને જ ઘટે છે. તેમના આ કીમતી કાર્યની કદર બુજીને ત્રીજે વર્ષે શ્રીમંત મહારાજા સાહેબે તેમને 'રાજ્યરત્ન'નો ઇલ્કાબ બક્ષ્યો હતો, તે યોગ્ય જ થયું હતું.

પાટણના ભંડારોની તપાસ આટલી બધી ફળદાયી અને મહત્ત્વની માલમ પડ્યાથી, જેસલમીરના ભંડાર–જેમાંનાં પુસ્તકો અતિ પ્રાચીન હોવાની વિદ્વાનોમાં સામાન્ય માન્યતા છે અને જે પુસ્તકોની અત્યાર સુધી ખાતરીપૂર્વક તપાસ અને યાદી થઈ ન હતી, તે પાટણ ભંડારમાંના કેટલાંક પુસ્તક એડિટ કરતાં એમ માલમ પડ્યું કે, તેની બીજી પ્રતો જેસલમીરના ભંડારમાં કદાચ હોવી જોઇએ. તેથી એ ભંડારોની બરોબર તપાસ થવી જોઇએ એમ નક્કી થયું. ડો. બ્યુલરે સન ૧૮૭૨ માં તે ભંડાર તપાસ્યો હતો; પણ તેમને માત્ર ૪૦ પોથીઓ બતાવવામાં આવી હતી. તે તપાસમાંથી ડો. બ્યુલરે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'વિક્રમાંકદેવચરિત'નું ઐતિહાસિક કાવ્ય લીધું અને પાછળથી મુંબાઈ સંસ્કૃત ગ્રંથમાળા માટે એડિટ કર્યું. તેમના પછી કેટલેક વર્ષે મુંબાઈ સરકારે તે ભંડારની ફરી તપાસ અને નોંધ કરવા પ્રો. એસ. આર. ભંડારકરને મોકલ્યા હતા. પણ તે તેમાં ફતેહમંદ થયા નહિ. તેમજ તે ગ્રંથોની જોઇએ તેવી અને પુરતી માહિતી બહાર નહિ પડેલી હોવાથી, તે ભંડારની ચોકસાઈથી અને ખાતરીપૂર્વક તપાસ અને નોંધ થવા સૌ કોઈ જરૂર બતાવતા હતા. રા. દલાલને પાટણના ભંડારો તપાસવામાં અસાધારણ ફતેહ મળી હતી, તેથી તે કામ માટે ફરી તેમની જ નિમણુંક થઈ. જેસલમીરની મુસાફરીએ જવું એ કાંઈ સહેલ કાર્ય નથી. પ્રથમ તો ત્યાં જવાનો માર્ગ જ વિકટ છે અને રેતીના રણમાં લાંબી મુસાફરી કરવી પડે છે. વળી તે ભંડાર ગઢના કિલ્લામાં એટલો સુરક્ષિત અને સખત જાપતા હેઠળ રાખેલો છે કે તે જોવાની તક બહુ થોડાને જ મળે છે. આવી મુશ્કેલીઓ અને અડચણો હોવા છતાં માત્ર કુનેહ, ખંત, પ્રયત્ન અને યુક્તિ વડે રા. દલાલે ભારે પરિશ્રમ ઉઠાવી, ફતેહમંદ રીતે પાર પાડ્યું અને તે બદલ તેમને અત્યંત ધન્યવાદ મળ્યો. તાડપત્રના જુનામાં જુના ગ્રંથો આખા હિંદુસ્થાનમાં માત્ર આ ભંડારમાં સચવાઈ રહેલા છે અને તેમાંનાં કેટલાંક પુસ્તકો ૧૦ મી સદી જેટલાં પ્રાચીન છે. બીજાં એવાં કેટલાંક અગત્યનાં પુસ્તકો છે કે જેની પ્રતો અન્ય કોઈ સ્થળે ઉપલબ્ધ નથી. અગાઉ આ બધાં પુસ્તકો પાટણના ભંડારોમાં હતાં, પણ આફતના સમયે તે નાશ પામવાની ભીતિથી સં. ૧૪૭૪ માં જૈન સાધુ જીનભદ્રસૂરિએ તે ભંડારને જેસલમીર આણ્યો, જ્યાં અદ્યાપિ તેની પ્રાણની પેઠે રક્ષા થાય છે. પાટણમાં તો માત્ર નકલો રાખવામાં આવી હતી અને તેના પ્રમાણ તરીકે એટલું જણાવવું બસ થશે કે, પાટણમાંથી પ્રાપ્ત થયેલા 'કાવ્યમીમાંસા' અને 'હમીરમદમર્દન' ગ્રંથોની મૂળ પ્રતો રા. દલાલને અહિંથી જ પ્રાપ્ત થઈ હતી. તેમણે એ ભંડારની તપાસ એવી ખૂબી અને કુશળતાથી કરી કે તેમના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વર્તનથી ભંડારના રક્ષકો પ્રસન્ન થયા. એટલે સુધી કે, બધાં પુસ્તકો તેમને બતાવ્યાં, એટલું જ નહિ પરંતુ તેની બરાબર નોંધ કરવા અને કેટલાંક પુસ્તકોની નકલ ઉતારી લેવા ખાસ પરવાનગી આપી, જે બીજાને જવલ્લેજ મળે છે.

આ રીતે પાટણના ભંડારમાંથી નહિ મળેલાં એવાં કેટલાંક મૂળ પુસ્તકોની નકલો કરાવી લીધી અને બીજાં કેટલાંક સંસ્કૃત અને અપભ્રંશનાં નવાં પુસ્તકો પ્રાપ્ત કર્યાં, જેની ટુંકી યાદી વાચકને સહેજ ખ્યાલ આવવા નીચે આપી છેઃ—ઢઢુંકરચિત વિલાસવતી—સંવત ૧૧૩૯, નેમનાથચરિત—૧૩ મી સદી, કુવલયમાળા ઉદ્યોતનકૃત—સં. ૮૩૫, જયદેવ રચિત—છંદશાસ્ત્ર, કિરસાહ વક્રોક્તિચરિત, કુટકનું દ્રવ્યાલંકાર, ઇષ્ટસિદ્ધિ અને લીલાવતીકહા વગેરે.

આ તપાસ દરમિયાન તેમણે ૩૪૪ તાડપત્રનાં અને ૬૦૦૦ કાગળનાં હસ્તલિખિત પુસ્તકોની નોંધ લીધી. તે સાથે સીરોહી, બિકાનેર, જોધપુર વગેરે શહેરોમાં ફરી આવી પુષ્કળ માહિતી એકઠી કરી. તે સિવાય પ્રાચીન સાહિત્યની શોધખોળ માટે તે આમોદ, જુનાગઢ, તારાપુર, ખંભાત, ખેડા, માતર, વળા, પાંચગામ, અને અમદાવાદ વગેરે સ્થળોએ જઈ આવ્યા હતા. આ પ્રમાણે સતત પ્રયત્ન કરી લગભગ ૩૦૦ કીમતી હસ્તલિખિત પુસ્તકો સેંટ્રલ લાઇબ્રેરીના સંગ્રહ માટે તેમણે પ્રાપ્ત કર્યાં હતાં. એ સંગ્રહની સમૃદ્ધિ અને ઉપયોગિતા મોટા અંશે તેમના પ્રયાસને અને ખંતને આભારી છે.

ચાલુ ઓફિસ કામ કરવા ઉપરાંત બાકીનો સમય તે સાહિત્ય-સેવા કરવામાં ગાળતા. જુદાં જુદાં માસિકો અને પત્રોમાં વખતોવખત મહત્ત્વના લેખો, તેમજ પ્રાચીન ગુજરાતી કાવ્યો અને સુભાષિતો વગેરે પ્રસિદ્ધ થવા માટે મોકલી આપતાં. વળી સાહિત્યના પ્રશ્નોની ચર્ચામાં રસપૂર્વક ભાગ લેતા. સુરતમાં ભરાયેલી પાંચમી ગુજરાતી સાહિત્ય પરિષદ માટે તેમણે પાટણના ભંડારોમાંનાં જુની ગુજરાતી અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અપભ્રંશનાં પુસ્તકો વિષે એક વિદ્વત્તાભર્યો નિબંધ લખી મોકલ્યો હતો, જે પ્રતિ વિદ્વાનોનું સારૂં ધ્યાન ખેંચાયું હતું, ને યોગ્ય પ્રશંસા થઈ હતી. જનાર્દનરચિત ઉષાહરણ અને બિલ્હણકૃત ચૌરપંચાશિકા વગેરે પ્રાચીન ગુજરાતી કાવ્યો એડિટ કરી, ચંદ્રહાસને મળતી અન્ય કથાઓ, સદયવત્સ સાવલિંગા અને (માધવકામકુંડળા) ની કથા વગેરે જુની વાર્તાઓનો ઐતિહાસિક અને તુલનાત્મક રીતે અભ્યાસ કરી, ગુજરાતનું સંસ્કૃત નાટક સાહિત્ય તથા પ્રાચીન ગુજરાતીનો વિભક્તિ વિભાગ તથા વાક્યપ્રકાશ ઔક્તિક વગેરે વિચારપૂર્ણ લેખો લખી અને કાશ્મીરમુખમંડનની અને ખંભાત શબ્દોની વ્યુત્પત્તિની ચર્ચામાં ઉંડા ઉતરી તેમણે સાહિત્યમાં ઉપયોગી ફાળો આપ્યો છે અને તેમની સાહિત્યસેવા બહુ ઉંચા પ્રકારની હતી, એટલું ગુજરાતના સાહિત્યના અભ્યાસીઓ સ્વીકાર્યા વગર રહેશે નહિ.

ટુંકમાં તેમનું સમગ્ર જીવન પ્રાચીન સાહિત્યના અભ્યાસ અને સેવનમાં નિર્ગમન થયું છે. તેમણે આદરેલું કાર્ય અત્યંત કીમતી અને મહત્ત્વનું હતું અને તેમાં જે કાંઈક થોડું કરવાને તે શક્તિમાન થયા હોય તો તે તેમને માન અને કીર્તિ આપે એવું ઉંચા પ્રકારનું અને વિદ્વત્તાભર્યું હતું. આપણે આશા રાખીશું કે, લાયબ્રેરી ડિપાર્ટમેન્ટ તરફથી ગાયકવાડ પૌર્વાત્ય ગ્રન્થમાળામાં તેમના પાટણ અને જેસલમીરના ભંડારોની તપાસના બે મોટા રિપોર્ટ સત્વર પ્રસિદ્ધ થવા વ્યવસ્થા થશે, કેમકે તેની પ્રસિદ્ધિ થયેથી તેમનું કાર્ય કેટલું બધું અગત્યનું હતું તેનો વાચકવર્ગને પુરતો ખ્યાલ આવશે. સ્વભાવે તે તદ્દન શાંત અને નિરભિમાની હતા. તેમની પ્રકૃતિ આગ્રહી અને નિશ્ચયાત્મક હતી. તપસી જેવી તેમની મનોવૃત્તિ અને ભાવના હતાં અને તેને અનુકૂળ જ તેમણે પોતાનો જીવનક્રમ અને વ્યવહાર રાખ્યાં હતાં. દુનિયાદારીની ચીજોની તેમને ઝાઝી સ્પૃહા ન હતી. વળી તેમને માન કે મોટાઈની ઇચ્છા કે પરવા પણ ન હતી. સાદું, એકાંતિક, અને સંસ્કારી સાક્ષર જીવન, એક જૈન સાધુની માફક ગાળવાને તેઓ સદા તત્પર અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉત્સુક રહેતા. એ જ તેમની જીવનભાવના અને અભિલાષ હતાં; બહુધા તે પુસ્તકોના વાંચન અને અભ્યાસમાં ગુંથાયેલા માલુમ પડતા અને કવિ ચોસરના શબ્દોમાં કહીએ તો

" of studie took he most care and most hede
Nought a word spoke he more than was nede."

(કામ પુરતું જ તે બોલતા, બાકીનો સમય અભ્યાસ ને અધ્યયનની દરકાર કરવામાં ગાળતા.)

તેમ તેમણે ઉપાડેલું કામ તેમના સ્વભાવને અનુકૂળ અને યોગ્ય દિશામાં હતું. તે માટે યોગ્ય કાર્ય કરનારની જ રાહ જોવાની હતી. લાયકને લાયક કામ મળી આવ્યું અને સંતોષની વાત છે કે, તેમાં તેમને સારી ફતેહ પણ મળી. તે એટલું સરસ કામ કરી રહ્યા હતા કે, થોડા સમયમાં તેમના પ્રયાસથી સુંદર પરિણામો આવવાની આપણે આશા રાખતા હતા. પણ એટલામાં કિનારે આવેલું વહાણ લાંધી ગયું. ખરેખર આપણે નિર્ધન થઇ ગયા છીએ, આપણી સ્થિતિ શોચનીય છે. આપણે અહીં કામ કરનારાઓની ખોટ છે. આવી પરિસ્થિતિમાં જેમણે પોતાના કાર્યથી તેમની યોગ્યતા અને મહત્તા સિદ્ધ કર્યાં હતાં તે એકાએક દૂર થવાથી કયા ગુજરાતી બંધનું હૃદય નહિ દ્રવે! પરમાત્મા તેમના આત્માને પરમ શાંતિ અને સુખ બક્ષો, એ જ પ્રાર્થના. ×

હીરાલાલ ત્રીભોવનદાસ પારેખ

(પુ. ૬૬, સપ્ટેમ્બર, ૧૯૧૯)

× વડોદરા લાયબ્રેરી મિસેલની માટે તૈયાર કરેલો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખંડ ૬ : વિજ્ઞાન

બંગાળી સાહિત્ય પરિષદ્‌ના પ્રમુખ ડૉ. બોસનું ભાષણ*

સાહિત્ય અને વિજ્ઞાન

બંગાળી સાહિત્ય પરિષદ્‌ની છેલ્લી બેઠક ગયા ઇસ્ટરના તહેવારોમાં માયમનસિંગ મુકામે મળી હતી. આ પરિષદ્ હંમેશાં હિંદુસ્તાનના કેળવાયલા વર્ગનું ધ્યાન ખેંચે છે. બંગાળીઓ બુદ્ધિબળમાં અને કેળવણીમાં શ્રેષ્ઠ પંક્તિ ભોગવે છે અને તેઓએ પોતાની માતૃ-ભાષાને સારી રીતે પોષી છે. આથી તેઓની પરિષદ્ બીજી પરિષદોને નમુનારૂપ ગણાય છે. તેથી જ ત્હેની કાર્યપદ્ધતિનું બારીક અવલોકન થાય છે. વળી આ વખત તો પરિષદ્ ધ્યાન ખેંચે તેનું બીજું પણ કારણ હતું. બંગાળી પરિષદ્‌ના કાર્યકારીઓએ પ્રમુખ નીમવામાં સાંકડી નજર રાખી નથી. રસાયણશાસ્ત્રી અને સાક્ષર પ્રફુલ્લચંદ્ર રાય પ્રમુખ તરીકે આવી ગયેલા છે અને આ વખતના પ્રમુખ તરીકે, ડૉ. જગદીશચંદ્ર બોસ–સુવિખ્યાત પદાર્થ–વિજ્ઞાનીની–યોગ્ય નિમણુંક થઈ હતી. ડૉ. બોસ હિંદુસ્તાનના ગણ્યાગાંઠ્યા વિજ્ઞાનીઓમાં અગ્રપદ ભોગવે છે એટલું જ નહિ પણ ત્હેમના પોતાના વિષયમાં તેઓ દુનિયામાં પણ પ્રમાણરૂપ ગણાય છે. તેઓના ભાષણમાં વિજ્ઞાન સંબંધી ગહન ટીકાઓ અને માર્ગદર્શક સૂચનાઓની તો સર્વેએ આશા રાખી હતી. પણ ત્હેમણે તો આ કર્યું છે આટલું જ નહિ પણ તેમનું ભાષણ લેખનકલાના ઉત્તમ નમુનારૂપ ગણાયું છે. આ ભાષણનો સંક્ષિપ્ત સાર નીચે આપવામાં આવ્યો છે.

ડૉ. બોસે સાહિત્ય શબ્દનો બંગાળીઓએ જે બ્હોળો અર્થ કર્યો હતો–સાહિત્ય એટલે ફક્ત શણગાર રૂપ સાહિત્ય જ નહિ, પણ ત્હેના દરેક વિભાગનો તેમાં સમાવેશ કર્યો હતો, તે વાસ્તે શરૂઆતમાં

---

* મે માસના 'મોડર્ન રીવ્યુ' પરથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રશંસાના શબ્દો કહ્યા હતા. અને સૃષ્ટિના જે ભિન્ન ચમત્કારોમાં જે સમાન તત્ત્વ છે ત્હેને ધ્યાનમાં રાખવાની આવશ્યકતા જણાવી હતી. પશ્ચિમની વિચારશ્રેણીમાં હમણાં હમણાં ફેર થયો છે અને જ્ઞાનના બારીક વિભાગ પાડીને એકજ વિભાગ ઉપર લક્ષને પ્રેરવાની પદ્ધતિ ચાલી છે. આથી વિજ્ઞાનના વિવિધ વિભાગોની ભિન્નતા વધારે સ્પષ્ટ થાય છે અને સર્વ શાસ્ત્રોનું અંતરનું એક સ્વરૂપ ઢંકાઇ જાય છે. વિદ્વાનોમાં ચાલતો આ વર્ણ-ભેદ શરૂઆતમાં નવીન સાહિત્યના સંગ્રહ કરીને યોગ્ય વિભાગમાં મુકવા વાસ્તે કામનો છે, પણ જો એકલી આજ પદ્ધતિનું અનુકરણ થાય તો સત્યની વ્યાપકતા દષ્ટિગોચર થતી નથી, શોધનો છેડો આવતો નથી અને યથાર્થ જ્ઞાનની પ્રાપ્તિ થતી નથી. પૂર્વની પદ્ધતિ આથી જુદી છે. અને તે સૃષ્ટિ-ચમત્કારની વિવિધતામાં સત્યના ઐક્યને નિરંતર ધ્યાનમાં રાખે છે. આજ નિયમને આધારે પરિષદ્‌માં પ્રમુખની નીમણુંક કરવામાં આવી હતી અને તેથી જ ડૉ. બોસે તે સ્વીકારી હતી.

કવિ અને વિજ્ઞાનીની સરખામણી કરતાં ત્હેમણે કહ્યું હતું કે બન્નેનો આદર્શ સમાન છે, ભેદ માત્ર આદર્શપ્રાપ્તિની રીતમાં જ છે. 'કવિ તેમજ વિજ્ઞાની બન્નેનો અંતનો ઉદ્દેશ (goal) એકજ છે- ગુંચવણ કરતી ભિન્નતામાં ઐક્ય નિહાળવું." કવિ પોતાના હૃદયની શક્તિથી અવર્ણ્યને પ્રત્યક્ષ કરી વર્ણવે છે. નવીન પ્રદેશોમાં ત્હેની કલ્પના ઉડે છે. વિજ્ઞાનીઓનું પ્રવૃત્તિ કારણ તેજ છે. શ્રવ્યનો અંત આવતાં અશ્રવ્યનો સંદેશો પણ તેઓ મેળવે છે. આવિર્ભાવ થયેલા ચમત્કારની પાછળનું ગુહ્ય તત્ત્વ તે પણ શોધે છે. અને પોતાની રીત પ્રમાણે ત્હેનું વર્ણન કરે છે. ભિન્નતા રીતિમાં છે. 'કવિને માર્ગની કંઈ ફિકર નથી હોતી પણ વિજ્ઞાનીથી યોગ્ય માર્ગ ઉપરથી ખસાતું નથી. કવિની કલ્પના નિરંકુશ હોવી જોઈએ. લાગણીના ચમત્કારો ન્યાયશાસ્ત્રની દલીલોથી પુરવાર થતા નથી.' પણ વિજ્ઞાનીને તો ડગલે ડગલે મનને અંકુશમાં રાખવું પડે છે. સદા ચેતતા રહેવું પડે છે. આથી

૨૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરિણામ વખતે સૂક્ષ્મ આવે છે, પણ જે આવે છે તે સંશયગ્રસ્ત નથી હોતું.

અદ્ભુત ચીજોને પ્રત્યક્ષ કરવાની શક્તિમાં વિજ્ઞાન અને કવિતાની જે સમાનતા છે તેના દૃષ્ટાન્તરૂપે ડૉ. બોસ બે દાખલા આપે છે–અદૃશ્ય પ્રકાશનો અને વાચાહીન સૃષ્ટિનો. પ્રકાશ—જો કે જાતે અદૃશ્ય હોય તો પણ અપારદર્શક પદાર્થની અણુ-રચનાની વ્યવસ્થા બતાવે છે. કાચનો ગોળક દૃશ્ય પ્રકાશને એક કેન્દ્રમાં ભેગો કરે છે તે કરતાં ચીનાઈ માટીનો ગોળો અદૃશ્યને વધારે સારી રીતે કરે છે. પ્રકાશના અગણિત સપ્તકોમાંથી આપણને તો ફક્ત એકજ સપ્તકનું ભાન હોય છે. પ્રકાશના સમુદ્રમાં આપણે વાસ્તવિક રીતે અંધજ છીએ. જે થોડાક ભાગનું આપણને ભાન છે તે અજ્ઞાનના મહોદધિમાં બિંદુ સમાન છે.

વાચાહીન સૃષ્ટિ વિષે બોલતાં ડૉ. બોસ કહે છે કે વાચાવાળી સૃષ્ટિ સાથે અચેત સૃષ્ટિનો અભ્યાસ કરતાં અભેદ–ભાવના વધારે સતેજ થાય છે. મ્હોટો પ્રશ્ન એ છે કે વનસ્પતિ સૃષ્ટિ અને પ્રાણી સૃષ્ટિ વચ્ચે કાંઇ સંબંધ છે ? ઘણા વિજ્ઞાનીઓએ કહ્યું છે કે કાંઇજ સંબંધ નથી અને કારણ તરીકે જણાવે છે કે વનસ્પતિનો મોટો ભાગ બાહ્ય પ્રોત્સાહન (stimulus)થી સતેજ થતો નથી. વળી બીજા જણાવે છે કે તેઓમાં જ્ઞાનતંતુઓ હોતાં નથી અને તેથી જ્ઞાનતંતુઓ માર્ગે થતી પ્રેરણા થતી નથી. સમાનતા સાબિત કરવાને પ્રયોગની જરૂર છે અને વનસ્પતિનો મ્હોટો ભાગ પ્રોત્સાહન થતાં જે સૂક્ષ્મ ઉત્તર દે છે તે આપવાને ઘણાંજ બારીક અને અચૂક યંત્રોની જરૂર પડે છે; તેથી જ આટલાં વર્ષ આ વાત શોધાયા વગર રહી. પ્રોત્સાહનનો ઉત્તર (response) મેળવવામાં બે મ્હોટી મુશ્કેલીઓ નડે છે. પ્હેલાં તો છોડની સાક્ષી આપવાની કબુલાત મેળવવી અને બીજું યંત્રદ્વારા આ કબુલાત લેખિત કરવી. ડૉ. બોસ રમુજી ભાષામાં કહે છે કે કબુલાત મેળવવા ત્હેમણે નિર્દોષ છોડો ઉપર ઘણો જુલમ ગુજાર્યો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે—હેમને દાબી નાંખ્યા છે, હેમનાં શરીરમાં સોયો ભોંકી છે, તેમને એસિડથી બાળ્યાં છે. પણ છેવટે હેમને જણાયું છે કે આવા જોરજુલમથી મેળવેલી સાક્ષી ભરોસાદાર નથી. જીવતા પદાર્થ ઉપર શસ્ત્રક્રિયાનાં (surgical) પરિણામ સંશયગ્રસ્ત હોય છે, કારણકે સખત આઘાતનો ઉત્તર અસાધારણ હોય છે. ' આથી છોડનું પ્રોત્સાહન અમુક હદની અંદર જોઇએ, વળી અનુકૂળ કાળ જોઇએ. આપણામાં તેમજ છોડોમાં ઉગતે પરાઢીએ શિથિલતા હોય છે. બપોરના ઉગ્ર તાપમાં જો કે પ્હેલા થોડાક ઉત્તરો ઘણા સ્પષ્ટ હોય છે પણ થાક બ્હેલો લાગે છે. વાવાઝોડાના દિવસોએ ઉત્તર સમૂળગો મળતો નથી. આવાં વિકારી તત્ત્વો બાદ કરતાં આપણાથી સ્પષ્ટ ઉત્તરો મેળવી શકાય છે. '

ડૉ. બોસે ફાયટોગ્રાફ નામનું છોડની ગતિની આપોઆપ નોંધ થાય એવું યંત્ર શોધ્યું છે. એ યંત્ર એટલું સૂક્ષ્મતાથી માપનારૂં છે કે તે સેકન્ડનો હજારમો ભાગ માપી શકે છે અને નોંધી શકે છે. વળી નવાઈ જેવું તો એ છે કે યંત્રનો દરેક ભાગ હિંદુસ્તાનમાં જ બનાવેલો છે. વનસ્પતિ–સૃષ્ટિના લાગણીવાળા અને લાગણી વગરના એવા જે વિભાગ પાડવામાં આવે છે તે યથાર્થ નથી, એમ આ યંત્રથી જણાયું છે. ફક્ત લજામણી કે એવા છોડો લાગણીયુક્ત છે એમ નથી; બીજાઓ પણ હોય છે, પણ હેમનામાં ઉત્તર આપવાની પ્રવૃત્તિ બીજી વિરોધી પ્રવૃત્તિઓથી દબાઈ જાય છે. યોગ્ય રીતે કામ લેતાં બધાં સતેજ થઈ ઉત્તર દે છે. આ યંત્રથી આઘાત અને હેને લીધે થતી પ્રત્યક્ષ અસર વચ્ચે જે સમયનો અંતર–મંદ સમય (latent period) રહે છે, હેનું ડૉ. બોસે માપ લીધું છે. વિદ્યુત્પ્રવાહ પસાર કરતાં દેડકાના પગમાં જે સંકોચ થાય છે, તે વચ્ચે ૧/૧૦૦ સેકન્ડનો અંતર છે; લજામણીના છોડમાં આ અંતર ૬/૧૦૦ સેકન્ડનો છે. આ અંતરમાં બાહ્ય સંજોગોને લીધે વધઘટ થાય છે. ઠંડીમાં અંતર લંબાય છે, થાક લાગ્યો હોય ત્યારે લંબાય છે. વળી મ્હોટાં ઝાડોમાં અસર પ્રગટ થતાં ઘણી વાર લાગે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લજ્જામણીના છોડને પ્રોત્સાહન પછી મૂળ સ્થિતિ પ્રાપ્ત કરતાં ૧૫ મિનિટ થાય છે. આ વખત પ્હેલાં જો બીજો આઘાત થાય તો થાકની અસર જણાય છે.

પ્રાણીઓમાં કેટલાક એવા ભાગ હોય છે કે જેમાં આપોઆપ પ્રવૃત્તિ થાય છે. દાખલા તરીકે મનુષ્યનું હૃદય. આવું જ કાંઈ છોડમાં પણ હોય છે. તે ડૉ. બોસે શોધી કહાડ્યું છે. હૃદયની ઉપર થતી મુખ્ય અસરોમાં, તાપની અસરથી અમુક સમયમાં ધબકારાની સંખ્યા વધે છે. પણ ત્હેમનો વિસ્તાર ઓછો થાય છે. ટાઢની અસર આથી ઉલટી જ થાય છે. હૃદયને ઈથર (ether) લગાડતાં ધબકારા બંધ થાય છે પણ ઇથર ઉડી જતાં પાછા ફરી શરૂ થાય છે. ક્લોરોફૉર્મની અસર હૃદય ઉપર જોખમ ભરેલી છે; હૃદય બંધ થતાં ફરી શરૂ થતું નથી. વળી કેટલાંક ઝેરોથી પણ હૃદય સંકુચિત સ્થિતિમાં અટકે છે, તો કેટલાંકથી વિકસિત સ્થિતિમાં અટકે છે, અને આથી ઘણી વખત એક ઝેરની અસર બીજા ઝેરથી નષ્ટ કરી શકાય છે. ઉપર વર્ણવેલી હૃદય ઉપરની અસરો છોડોમાં પણ માલૂમ પડે છે, એમ ડૉ. બોસે સાબિત કર્યું છે, અને દૃષ્ટાંત તરીકે તેઓ (Desmodium gyrans) નામનો છોડ લે છે. આ છોડનાં પાંદડાં સવારે ટટાર થાય છે અને સંધ્યાકાળે મીંચાઈ જાય છે. મુખ્ય પાંદડાંની બાજુએ ન્હાની પાંદડીઓ હોય છે તે નિરંતર ફરફર્યાં કરે છે, અને આ ફરફરાટ અને હૃદયની ગતિ વચ્ચે દરેક રીતે સમાનતા જણાય છે.

(૧) પાંદડીને કાપીને છુટી પાડતાં ફરફરાટ બંધ થાય છે, પણ વૃક્ષરસનો (sap) ત્હેમાં સૂક્ષ્મ નળીથી પ્રવાહ શરૂ કરી રસનું દબાણ વધારતાં ફરફરાટ ફરી શરૂ થાય છે.

(૨) તાપથી અમુક સમયમાં ફરફરાટની સંખ્યા વધે છે અને ટાઢથી ઘટે છે અને સાંચાનું વધવું અને વિસ્તારવું (amplitude) ઘટવું સમકાલીન હોય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૩) ઈથરથી થોડોક વખત ફરફરાટ અટકે છે પણ ઈથર ઉડી જતાં ફરી શરૂ થાય છે.

(૪) ક્લોરોફૉર્મની અસર વધારે જોખમભરેલી છે.

(૫) વધારેમાં વધારે ઐક્ય તો એમાં જણાય છે કે જે ઝેરથી હૃદયના ધબકારા વિકસિત સ્થિતિમાં અટકે છે, તેજ ઝેરથી પાંદડીનો ફરફરાટ પણ તેજ સ્થિતિમાં અટકે છે અને તેજ પ્રમાણે સંકુચિત ગતિ અટકાવનારાં ઝેરો પણ અટકી અસર કરે છે. વળી બે વિરોધી ઝેરોની અસર પણ હૃદય પેઠે જ પાંદડીમાં પણ એકબીજાને નષ્ટ કરે છે.

આ પ્રમાણે હૃદય અને પાંદડાંની ગતિની સમાનતા દર્શાવી આ ગતિનું કારણ ડૉ. બોસ શોધે છે. પ્રોત્સાહનનો હંમેશાં તરત જ જવાબ નથી મળતો તેનું પણ કારણ તે તેજ પ્રસંગે બતાવે છે, ને કહે છે કે પ્રકાશ, તાપ, ખોરાક વગેરેમાંથી શક્તિ પ્રાપ્ત થાય છે અને ત્હેનો જમાવ થાય છે. જ્યારે અમુક હદથી જમાવ વધી જાય છે ત્યારે શક્તિ ઉભરાઈ જાય છે અને આ રીતે પાંદડાંનો આપોઆપ દેખાતો (spontaneous) ફરફરાટ વિગેરે થાય છે. જ્યારે સંગ્રહ કરેલી શક્તિ ઓછી થઈ જાય છે ત્યારે આ ગતિ પણ બંધ થાય છે. ઉપલા છોડની પાંદડીને ઠંડું પાણી લગાડતાં ત્હેની ઉષ્ણતા ખેંચાઈ જાય છે, એટલે શક્તિ મંદ થઈ ફરફરાટ અટકે છે. અને જ્યારે બાહ્ય ગરમી ફરી પ્રવેશ કરે છે ત્યારે ફરી શરૂ થાય છે. આવી ગતિના બે પ્રકાર છે; કેટલાકમાં ન્હાના વાસણ પેઠે શક્તિ ઝટ ઉભરાય છે પણ ઝટ ખાલી પણ થાય છે. બીજામાં ઘણા સમય સુધી સંગ્રહ કરવાની જરૂર પડે છે, પણ પછી શક્તિનો આવિર્ભાવ પણ લાંબો સમય ચાલુ દેખાય છે. પ્હેલામાં નિરંતર પ્રોત્સાહનની જરૂર રહે છે અને ત્હેની અસર ઘણી જ તાત્કાલિક થાય છે. બીજામાં તેમ નથી અને અસર થતાં તેમજ બંધ રહેતાં સમય વીતે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મૃત્યુ વિષે બોલતાં ડૉ. બોસ કહે છે કે છેવટે એવો સમય આવે છે કે જ્યારે છોડની જાગ્રત થવાની શક્તિ એક છેલ્લો મહાન ઝબકારો થયા પછી બંધ પડે છે. છોડના દેખાવમાં તરત જ કાંઈ આથી ફેર પડતો નથી. ચીમળાવું અને સુકાવું પછીના બનાવો છે. માણસમાં આ છેલ્લા બનાવ વખતે આખા શરીરમાં ઝબકારો થાય છે અને તેજ પ્રમાણે છોડમાં પણ આવો સંકોચ કરનારો ઝબકારો થાય છે. બન્નેમાં આ અનુસરતો વિદ્યુત્‌નો ઝબકારો પણ થાય છે. આ પ્રમાણે વનસ્પતિ અને પ્રાણીનું અંતર ઐક્ય ડૉ. બોસ સાબિત કરે છે.

ઘણી વખત એમ ફરિયાદ સાંભળવામાં આવે છે કે હિન્દુસ્તાનમાં પ્રયોગશાળાઓ નથી એટલે શોધ થઈ શકતી નથી. આમાં ઘણું સત્ય છે એ કબુલ કરતાં ડૉ. બોસ કહે છે કે એમ બોલીને બેસી રહેવાથી આપણું કાંઈ વળવાનું નથી. સંકટો ઘણાં છે. પણ તેથી શું ? આપણું વતન હિંદુસ્તાન છે અને તેમાં જ આપણે સંકટ હોય કે ન હોય પણ કામ કરી બતાવવાનું છે. શોધખોળ કરવામાં બાહ્ય પ્રયોગશાળા કરતાં બીજી ચીજ વધારે આવશ્યક છે. ખરી પ્રયોગશાળા તો પોતાનું મન જ છે. દરેક પ્રયોગનો પ્હેલાં મનમાં ઉદ્‌ભવ થાય છે. મનની ચોખ્ખાઈ વગર બ્હારની પ્રયોગશાળાઓ વ્યર્થ છે. જેને જ્ઞાનની ભૂખ હોય છે ત્હેને પ્રતિકૂળ સંજોગોજ ફક્ત અટકાવી શકતા નથી. હિંદુસ્તાને ભૂતમાં પોતાનું જ્ઞાન બીજા દેશોને છૂટથી આપ્યું છે. હમણાં તો તે બહારથી જ્ઞાન સંપાદન કરે છે. શું આવી દશામાં જ હંમેશાં આપણે રહેવું છે ? નહિ જ.

હરિપ્રસાદ કીરપારામ ઠાકોર
(પૃ. ૨૮ મું, મે, ૧૯૧૧)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉત્ક્રાંતિવાદ–તેનો મુખબંધ

જે પૃથ્વી ઉપર આપણે રહિયે છિયે, તથા જે ગ્રહ, તારા, સૂર્ય તેમ જ આપણી આસપાસ મહાન નદીઓ, વિશાળ મહાસાગરો તથા આશ્ચર્ય ઉત્પન્ન કરે એવા ભવ્ય મહાપર્વતો, નાનાવિધ પ્રાણીઓ તથા વિવિધ આકાર ને વર્ણની વનસ્પતિ આપણે જોઈયે છિયે તે બધું શી રીતે થયું હશે? ક્યાંથી આવ્યું હશે? એવી જિજ્ઞાસાયુક્ત પૃચ્છા કોઈ પણ સાધારણ વિચારશીલ માણસને થયા વગર રહે એમ નથી. ઘણા પુરાતનકાલથી, મનુષ્યજાતિના પ્રભાતકાલથી આ જિજ્ઞાસા મનુષ્યના મગજને ગુંચવતી આવી છે અને જુદા જુદા યુગોમાં અને જુદા જુદા દેશોમાં એના જુદા જુદા જવાબ તથા સમજૂતિઓ આપવામાં આવેલી છે. આ જિજ્ઞાસા એવી તો સબળ છે કે એની સમજૂતિ ઘણા દેશોમાં ધર્મનો અંગભૂત વિષય થઇ પડેલો છે.

જે સમયમાં મનુષ્ય જાતિ ઘણી જ જંગલી અને અસંસ્કારી અવસ્થામાં ઉદરનિર્વાહ માટે ફાંફાં મારતી હતી–તે શિષ્ટતાના પ્રભાતકાલમાં પોતાની આસપાસની સૃષ્ટિ તથા તેના ચમત્કારોથી બ્હી જઇ તે ચમત્કારોમાં કાંઈ અકળ, સબળ સત્ત્વ છે એમ માની એ અસલી મનુષ્યો સંતોષ માનતા હતા. આ આશ્ચર્ય તથા પોતાની નિર્બળતાના ભાનને પરિણામે સૃષ્ટિના બળોમાં દેવભાવના ઉત્પન્ન થઈ. પણ મનુષ્યના મનની પ્રવૃત્તિ આટલેથી અટકી નહીં. ત્યારપછીથી છેક અત્યાર સુધી પૃથ્વી તથા તેની ઉપર વસનારાઓનો ઇતિહાસ જાણવાનો યત્ન સતત ચાલુ રહ્યો અને તેને પરિણામે આજ કેટલે વર્ષે ઘણા–જીવનશાસ્ત્રીઓ તથા વિજ્ઞાનશાસ્ત્રીઓની પરિશ્રમભરેલી જીંદગીઓમાં કરેલા ભવ્ય શોધોને અંતે આપણી પૃથ્વી તથા તેની ઉપરનાં વિવિધ પ્રાણીઓ તથા વનસ્પતિઓ તેમજ આપણી આસપાસના ભવ્ય ને અગણિત આકાશી પદાર્થોની ઉત્પત્તિ પહેલાંની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પેઠે અકળ કોયડો નથી. તે બધાં કેમ થયાં તેનો સાધારણ ચોખ્ખો ચિતાર આપણા મનમાં કલ્પી શકાય એમ છે.

શરૂઆતમાં સૃષ્ટિની ઉત્પત્તિ કુદરતી કાયદાઓને આધારે નહીં પણ દેવતાઓથી થયેલી મનાતી હતી. આનું કારણ એ હતું કે સૃષ્ટિના ચમત્કારો નિયત છે, એટલે કે અમુક કાયદા પ્રમાણે બન્યા જ જાય છે અને તે અલૌકિક કારણોથી બનતા નથી અથવા બનતા અટકતા નથી એ વાત ચોક્કસપણે લોકોના મનમાં ઉતરી ન હતી અને તે વખતના જ્ઞાનના પ્રમાણમાં ઉતરવાનો સંભવ પણ નહોતો. પણ ઈ. સ. ની પૂર્વે છઠ્ઠા સૈકાથી અલૌકિક કારણને બદલે કુદરતી અને અનુભવસિદ્ધ કારણોથી સૃષ્ટિ ઉત્પન્ન થયાની સમજૂતિઓ અપાવા માંડી. થેલ્સથી માંડી એરિસ્ટોટલના સમય સુધી આ પ્રગતિ ચાલુ રહી. અલબત્ત આમ અસલી વિચારકોએ સુચવેલી સૃષ્ટિ ઉત્પત્તિની સૂચનાઓમાંની ઘણી હસવા જેવી તથા વિચિત્ર છે પણ તે બધીનો જુસ્સો પૂર્વના કરતાં મનુષ્યની બુદ્ધિમાં થયેલો સુધારો સૂચવે છે.

રોમન લોકોએ ગ્રીકોને જીત્યા ત્યારથી ગ્રીકોની સ્વતંત્રતા નાશ પામી અને તેની સાથે તેમનો બુદ્ધિવિકાસ પણ મંદ પડી ગયો. વળી આ અરસામાં ગ્રીક તત્ત્વજ્ઞાનીઓ સામે પ્રતિકાર્ય થયું. પરિણામે એમણે ચલાવેલી વિચાર–પ્રણાલી શિથિલ થઈ ગઇ. આ અરસામાં એપિક્યુરસે, ડેમોક્રિટસ તથા એમ્પીડોડલીસની ભાવનાઓ કેટલેક અંશે જાગૃત કરી પણ તે તેના અનુયાયીઓને સૃષ્ટિ–ઉત્પત્તિની બાબતમાં કાંઇ કાંઇ નવીન સૂચનાને આપી શક્યો નહીં. એના પછી રોમન લ્યુક્રેશિયસે એ જુની વિચાર–શ્રેણી ચાલુ રાખી. એનાં લખાણોમાં હાલના ઉત્ક્રાંતિવાદના કેટલાક વિચારોનું નિરૂપણ દૃષ્ટિગોચર થાય છે.

ખ્રીસ્તિ ધર્મની શરૂઆતમાં ગ્રીક તત્ત્વજ્ઞાનીઓના પુસ્તકની અને તેમાં ખાસ કરીને એરિસ્ટોટલના મતની અસર, ખ્રીસ્તિ ધર્મમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘણી જોવામાં આવે છે. જેમ જેમ પંથના રૂપમાં ખ્રીસ્તિ ધર્મ આવતો ગયો-જેમ જેમ પરદેશી રૂઢિઓ, વિચારો તથા તત્ત્વવિચારો ખ્રીસ્તિ ધર્મનું શરીર બાંધતા ગયા તેમ તેમ આ બધાં તત્ત્વોથી બંધાયેલા શરીરની ચિકિત્સા માટે આચાર્યોની જરૂર પડવા માંડી અને પરિણામે ધર્માચાર્યો નીમાયા-ખ્રીસ્તિ ધર્મમાં ઐહિક કરતાં પારલૌકિક સુખોને વત્તાં કિમતી ગણ્યાં છે તથા મનુષ્યને જાણવા જેટલું તથા તેનું જેટલું ઉપયોગી તેટલું જ્ઞાન સંપૂર્ણ રીતે બાઇબલમાં છે તથા જીસસ ક્રાઈસ્ટની દરેક માન્યતા સત્યને અવલંબીને જ છે. આ માન્યતાઓમાં દૃઢ આગ્રહને લીધે ઘણા સૈકા સુધી ખ્રીસ્તિ ધર્મ જ્ઞાનની વૃદ્ધિનો કટ્ટો શત્રુ થઈ પડચો હતો અને વિજ્ઞાનની પ્રગતિને હજારો ક્રુર જુલમો તથા સખતાઇથી તેણે કેટલા સૈકા પછી પાછી ઠેલી રાખી-પણ આખરે સત્ય તર્યું, અને ઘણા શોધકોના સતત પ્રયાસથી એટલી બધી સત્ય બીનાઓનો ઢગલો ખડકાયો અને અસલી ચાલતી આવતી તથા અંધશ્રદ્ધાવાળા અથવા સ્વાર્થી ધર્માધિકારીઓએ પોષેલી માન્યતાઓ સામે એટલી તો સબળ દલીલો ને વાંધાઓ એકઠા થયા કે કોઈ પણ વિચારશીલ માણસની બુદ્ધિ તેની અસલી માન્યતા સ્વીકારવા દે જ નહીં.

અસલી ખ્રીસ્તિ મત પ્રમાણે પ્રલય પછી આ સૃષ્ટિ તેની અંદરની બધી વનસ્પતિઓ તથા પ્રાણી સાથે ઈશ્વરે અઠવાડિયાના છ દહાડામાં ઉત્પન્ન કરી અને સપ્તાહને અંતે રવિવારે તેણે વિશ્રાંતિ લીધી. સૃષ્ટિની ઉત્પત્તિની આ કલ્પના 'ખાસ ઉત્પત્તિ' (સ્પેશીયલ ક્રીએશન) કહેવાય છે. આ ઉત્પત્તિ પછી ભૂપૃષ્ઠમાં અથવા પૃથ્વી ઉપરનાં પ્રાણી વનસ્પતિમાં કંઈ ફેર પડચો જ નથી, પણ મૂળ જેવાં હતાં તેવાં જ તેઓ હાલ છે એમ માનવામાં આવે છે. દરેક યુગને છેડે પ્રલય થાય છે અને તે વખતે આખી સૃષ્ટિ ઉપર જળ ફરી વળે છે અને વળી પાછી નવી સૃષ્ટિ ઈશ્વર રચે છે. ઉપર સૂચવ્યા પ્રમાણે ઘણા કાળ સુધી આ વાદ ચાલ્યો, અને ચાલે એમાં નવાઇ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નથી. બાઈબલમાં એ બીના આપેલી છે. ધર્માધિકારીઓ એકકે અવાજે તેનું પ્રતિપાદન કરે તથા તે વખતના બધા પ્રખ્યાત વિજ્ઞાનવેત્તાઓ પણ એ મત તરફ વલણ દેખાડે, વિરુદ્ધ મતવાળા પોતાનો મત સાબીત ન કરી શકે અથવા સામા પક્ષને સંતોષે એવી દલીલ ન આપી શકે એટલે ચાલુ મત પ્રચલિત રહે એમાં શી નવાઈ? વળી સામાન્ય લોકોના અનુભવમાં પણ એવી જ વાત આવે, ગાયને વાછરડાં જન્મે તથા તેમાંથી ગાયના અથવા બળદના જેવું જ પ્રાણી થાય અને બાવળમાંથી બાવળ જ થાય અને એ પ્રમાણે પ્રાણી તથા વનસ્પતિની જાતિઓ અવિકારી રહે અને તે પણ એકબે પેઢી નહીં પણ હજારો વર્ષ લગી એટલે વનસ્પતિ તથા પ્રાણીનાં સ્વરૂપો અવિકારી અથવા સ્થિર છે એ માનતાં બુદ્ધિ કેવી રીતે અચકાય?

આ મતથી વિરુદ્ધ મત પ્રમાણે વનસ્પતિ તથા પ્રાણીની જાતિઓ સ્થાયી ને અવિકારી નથી પણ વિકારશીલ છે અને વિકાર તથા ફેરફાર એ જગતનો કાયદો છે; સ્થાયીપણું તથા અવિકારીપણું નહીં. આપણી પૃથ્વી તથા તેની ઉપર વસનારાં પ્રાણીઓ તથા તેની ઉગતી વનસ્પતિઓનો ઈતિહાસ એ સાતત્યની (કન્ટિન્યુઈટી) સાંકળની સાબીતિ આપે છે. બધા સજીવ તેમજ નિર્જીવ પદાર્થોમાં સ્વલ્પ પણ સતત ફેરફારો થયા કરે છે. આ ફેરફારો ગમે તેમ ન થતાં કંઈક નિયમાનુસાર થાય છે. આ પ્રમાણે ક્રમે ક્રમે જુની સ્થિતિ બદલાઈ નવી પ્રાપ્ત થાય છે. આ પ્રમાણે હાલ આપણી પૃથ્વી પર વસતાં પ્રાણી તથા વનસ્પતિઓનાં જે સ્વરૂપો જોવામાં આવે છે તેવાં સ્વરૂપો પૂર્વે ન હોતાં પણ તેને મળતાં અને તેનાથી જુદાં હતાં, અને હવે પછી હાલનાં પ્રાણીને મળતાં પણ તેમનાથી કંઈક અંશે જુદાં સ્વરૂપો થવાનો સંભવ છે. હાલનાં પ્રાણી તથા વનસ્પતિના પૂર્વજ ખોળતા ખોળતા જઈયે અને જો તેમ કરવું શક્ય હોય તો હાલનાં બધાં પ્રાણી તથા વનસ્પતિઓ અસલી પ્રાણી તથા વનસ્પતિઓ જોડે પૂર્વજનાં કુટુંબ ઝાડથી જોડાય! જો કે ખરેખરી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રીતે આ પ્રમાણે કુટુંબ ઝાડથી હાલનાં તથા પૂર્વનાં સ્વરૂપોને જોડવાનું શક્ય નથી તો પણ ઘણી સબળ અનુમતિ તથા તર્કથી આ બીના નિઃસંદેહ રીતે સ્થાપી શકાય એમ છે.

સૃષ્ટિની અંદર અને ખાસ કરીને વનસ્પતિ ને પ્રાણીની શરીર-રચનામાં થતા ફેરફારો ઘણા સ્વલ્પ હોય છે તથા ઘણી જ લાંબી મુદતમાં થાય છે. તેથી તે સ્પષ્ટ રીતે દૃષ્ટિગોચર થઇ પ્રત્યક્ષ પ્રમાણથી સાબીત કરી શકાતા નથી. કોઈ એક ગામડામાં રહેતો માણસ પોતાની આસપાસ પોતાની આખી જીંદગી દરમિયાન તેનાં તે જ ખેતરો તેની તે ઘાસથી છવાયેલા ઢાળવાળી ટેકરીઓ તથા રમ્ય ખીણમાં રમતી વહેતી તેની તે નિર્મળ પાણીવાળી નદી જુએ છે. પ્રતિવર્ષ તે પોતાની આસપાસ દેશી ઘાસ તથા ઝાંખરાને આપસ-આપસમાં તેમ જ ઋતુઓના પ્રતિકૂલ ફેરફારો સામે મથતાં જુએ છે. હિમ, વાયુ, સુકાટ વગેરેની અસર નીચે કેટલાંક નાશ પામે છે અને તેમની જગા બીજાં લે છે. જો બીજી કોઇ રીતે છેડવામાં ન આવે તો વર્ષોનાં વર્ષો સુધી આની આજ સ્થિતિ ચાલુ રહે. જે સામાન્ય રીતે આપણે સમયનું માપ લઇયે છિયે તે પ્રમાણે તો આ સ્થિતિ સ્થાયી કહી શકાય. હવે એકાદ ચોરસફુટ જેટલી જગા સાફ કરો તો કદાચ એ માટી નીચે ચાક, ચુનાનો પથર કે એવી કોઇ જાતની જમીન નજરે પડશે. કોઈ સ્થળે આવી જમીન આવતાં પહેલાં ઘણે ઉંડે સુધી ખોદવું પડે છે. એ જમીન અહીં ક્યાંથી આવી ? એ બીનાથી આપણને આપણી આસપાસના દેખાવોમાંનું સ્થાયીપણું કેવા પ્રકારનું છે તેનું ભાન થાય છે. સ્પષ્ટ રીતે આ માટી તથા તેની ઉપરનાં ઘાસને ઝાંખરાંની સ્થિતિ પ્રાપ્ત થઈ તે પૂર્વે જમીનની સ્થિતિ જુદી હતી. વળી એ પથરો પોતે કેવી રીતે બન્યા હશે એમ પૂર્વાપર સવાલ ઉઠાવતાં આપણી ખાત્રી થાય છે કે સૃષ્ટિનો ક્રમ સ્થાયીપણું નથી પણ અસ્થાયીપણું છે. પણ આ બધા વિકારો ઘણા જ સ્વલ્પ હોય છે અને ઘણા ધીમા થાય છે તેથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક મનુષ્યની જીંદગીની અવધિમાં પ્રત્યક્ષ થવા અશક્ય છે. વળી આ વિકારો એવી રીતે થાય છે કે જેથી એક અવસ્થા ઘણાં નાનાં પગલાંથી તેનાથી ક્રમે બીજી અવસ્થામાં પસાર થાય છે અને આ પ્રમાણે જુદી જુદી અવસ્થાની ક્રમાનુસાર વ્યવસ્થા જોવામાં આવે છે.

કલ્પનાની દિવ્ય આંખથી જોતાં કોઈ અમુક અવસ્થા અથવા આકૃતિ અથવા દ્રવ્યસમુચ્ચય અથવા સજીવ વ્યક્તિઓની સંગતિ હમેશને માટે સ્થાયી રીતે ટકી શકતી નથી, કારણ કે અસ્થાયીપણું એ સૃષ્ટિનો ક્રમ છે. ચર્મચક્ષુથી દૃશ્ય એવી અવસ્થાઓ સ્થાયી રહેતી નથી પણ **વિકારનો ક્રમ જ** (પ્રોસેસ ઑફ ચેન્જ) માત્ર સ્થાયી રહે છે. આ વિકારક્રમને પરિણામે અવ્યવસ્થામાંથી વ્યવસ્થા જન્મે પામે છે અને સજીવ નિર્જીવ દૃશ્યોની જુદી જુદી અવસ્થા તે આ વિકારક્રમની માત્ર અસ્થાયી ઊર્મિઓ જ છે.

પ્રત્યક્ષ પ્રમાણથી સાબીત ન થાય તે વાત જુઠી જ હોય એમ કાંઇ નથી. અનુમાનથી પણ ઘણાં સત્યો સાબીત કરી શકાય છે. એક માણસ એક સ્થળે ભીતની અથવા ઝાડની બખોલમાં પંખીની હગારમાં પડેલા ઝીણા વડનાં બીમાંથી એક સ્વલ્પ વડનો ફણગો ફુટેલો જુએ છે. એ જ માણસ પોતાની જીંદગી દરમિયાન નાના મોટા ઘણા વડ જુદી જુદી વૃદ્ધિની દશામાં જુએ છે. વડવાઇ-માંથી પણ વડનું ઝાડ ઉગી શકે એ વાત તે જાણે છે. આવો માસણ કોઈ જંગલમાં જાય અને ત્યાં વડનું ઝાડ જુએ તો તે અનુમાનથી કહી શકે કે આ વડનું ઝાડ બી યાતો વડવાઇમાંથી ઉગ્યું હશે. વળી એક નાના કણમાંથી યોગ્ય સંજોગોમાં તથા ઘણા લાંબા કાલને અંતે મહાન વડનું ઝાડ થાય છે. ઉત્ક્રાંતિવાદ જો ખરો હોય તો તે જ પ્રમાણે થતા ફેરફારો વનસ્પતિ તથા પ્રાણીમાં આપણને ઘણા મોટા પ્રમાણમાં દૃષ્ટિગોચર કેમ થતા નથી? એમ વાંધો ઉઠાવનારે આ તથા ઉપર વર્ણવેલો ગામડાની આસપાસની સૃષ્ટિનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દાખલો ધ્યાનમાં રાખી તે ઉપર મનન કરવું.× વળી પુરતા સમયમાં એક રાઇ કરતાં પણ નાના દાણામાંથી જેમ મહા આશ્ચર્યકારક વડનું ઝાડ પેદા થાય છે, તેમ યોગ્ય સમયમાં કોઇ પણ મોટો સ્વરૂપ ફેરફાર થાય એમાં કંઈ અસંભવિતપણું નથી. પુરતા લાંબા સમયમાં ચોક્સ નિયમોને અનુસરી એક મહા વિશાળ તેજસ્વી **તેજ-પટ-નિહારિકામાંથી** (નેબ્યુલા) આખું સૂર્ય-મંડળ ઉત્પન્ન કેમ ન થઈ શકે ?

હાલની નવામાં નવી ઢબની તોપો તથા બંધુકોની ઉત્પત્તિનો ઇતિહાસ શો છે ? જેમ જેમ પાછલાં વર્ષોમાં તપાસ કરતાં જઇયે છિયે તેમ તેમ જુની ઢબનો અને ઓછી સગવડની ક્રિયાશક્તિવાળી બંધુકો નજરે ચડતી જાય છે. આમ કરતાં કરતાં આપણે ફોડવાના દારૂના શોધના સમય સુધી પહોંચિયે છિયે. ફોડવાનો દારૂ બનાવતાં ન આવડતો હોય તે અવસ્થામાં બંધુકની ઉત્પત્તિ સંભવિત નથી. તેની પહેલાના વખતમાં તપાસ કરતાં જુદી જુદી બનાવટનાં ઓછાંવત્તાં મજબૂત તીરકામઠાં જોવામાં આવે છે. આ બધાં અસલી શિકારી યુગના અશિષ્ટ જંગલી માણસના તીરકામઠાંથી સુધરેલાં ઓજારો છે. તીર છોડતી વખતે કામઠાંની દોરીમાંથી મધુર રણકો નીકળે છે એ તો અસલી જંગલી માણસને પણ જણાયું હશે. એ વાત પર લક્ષ દોડાવી ક્રમે ક્રમે સુધારો કરી મનુષ્યે વિવિધ દોરીવાળાં વાજીંત્રો બનાવ્યાં અને આખરે હાલનો ભવ્ય પિઆનો અસ્તિત્વમાં આવ્યો. બંધુક ને તોપ તથા પિઆનાની ઉત્પત્તિ એક જ છે. જુદી જુદી દિશામાં ફેરફારો થવાથી આવાં તદ્દન ભિન્ન કામ કરનારાં યંત્રો પેદા થયાં એ પણ ઘણી ધ્યાનમાં રાખવા લાયક બીના છે.

× આપણા લાંબામાં લાંબા સમયનાં માપ ભૂસ્તરશાસ્ત્રનાં કે ખગોળશાસ્ત્રનાં માપ આગળ ઘણાં જ સ્વલ્પ અથવા નજીવાં જણાય છે. દાખલા તરીકે, ૧૦૦૦ વર્ષ આપણી દૃષ્ટિથી ઘણો સમય છે પણ ભૂસ્તરની દૃષ્ટિથી ૧૦ કે ૨૦ હજાર વર્ષ એ પણ ટુંકો જ અવધિ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક જ નમૂનામાંથી એ તદ્દન જુદી પેદાશો થાય એ સંભવિત છે એમ આ પરથી પ્રતીત થાય છે.

હવે સમજાશે કે આખું વિશ્વનું બધારણ નિયમાનુસાર છે એટલું જ નહીં પણ તેમાં હંમેશાં વિકાર થયા કરે છે. ટુંકામાં બદલાતી વ્યવસ્થા તથા વ્યવસ્થિત વિકારક્રમ અને તે પણ સજીવ તથા નિર્જીવ એમ બંને સૃષ્ટિઓમાં તેમજ વ્યક્તિ અને સામાજિક જીવનમાં આ મહા કલ્પના ઉત્ક્રાંતિવાદને નામે ઓળખાય છે.

અવલોકન તથા તર્કબુદ્ધિથી પ્રતિપાદન થઈ શકે એવાં કારણોથી સમસ્ત દશ્ય જગતની ઉત્પત્તિ થઈ છે એ સિદ્ધાંત કે જે ઉપર ઉત્ક્રાંતિવાદને નામે વર્ણવેલો છે તે ઓગણીસમા સૈકાની વિચાર–પરિવૃદ્ધિમાં પ્રધાન સ્થાન લે છે. આ સૈકો ખરેખર એક આશ્ચર્યકારક સૈકો છે. કાર્ય તેમજ બુદ્ધિની પ્રવૃત્તિ માટે એ ઘણો ધ્યાન ખેંચનારો થઈ પડ્યો છે. સમગ્ર મનુષ્ય જાતિના વિચારની પરિવૃદ્ધિ તથા પ્રગતિના ઇતિહાસના અભ્યાસીની દૃષ્ટિમાં એ સૈકો ઘણો રસભર્યો ને બોધદાયક છે. આજ સૈકામાં અલૌકિક કારણોમાં મૂઢ શ્રદ્ધા રાખતા લોકો બંધ થયા અને મૂઢ શ્રદ્ધાના પંજામાંથી મુક્ત થયેલી બુદ્ધિ સ્વતંત્ર વિહરવા માંડી. કૃત્રિમ ઉપાધિના બંધ તુટ્યા. મનુષ્ય સુખની સામાજિક વૃત્તિ પૂજાવા માંડી. અવલોકન તથા અભ્યાસથી મનુષ્યનું કુદરતનું જ્ઞાન વૃદ્ધિ પામી સફળ થતું ગયું. ધર્મ તથા ધર્માધિકારીઓએ આપેલા વિચારોમાં સંપૂર્ણ શ્રદ્ધાથી પર્યાપ્ત થયેલી લોકમાન્યતાની અસત્યતા તથા નિર્બળતા દિનપ્રતિદિન વત્તી સાબીતી થતી ગઈ અને તેથી ધીરે ધીરે જુની માન્યતાનું બળ તુટવા માંડ્યું. આ ઉપરથી એમ સમજવાનું નથી કે ઉત્ક્રાંતિવાદની કલ્પના આજ સૈકામાં પ્રથમ જન્મ પામી ? એ કલ્પના તો ઘણી જુની છે. આગળ જણાવ્યું છે તે પ્રમાણે ઈ. સ. પૂર્વે છઠા સૈકાથી તેની ઉત્પત્તિ છે. પણ માત્ર ૧૯ મા સૈકામાં જ તે વિશ્વમાન્ય સ્વરૂપે પહોંચી. ઘણી ખાત્રી કરી આપે એવી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દલીલો કે જે સહેજ કોઈની પણ બુદ્ધિ સ્વીકારે એવા રૂપમાં તથા અસંખ્ય દૃષ્ટાંતો સાથે એને સ્પષ્ટ તથા સુઘટ્ટ રૂપમાં મુકવાનું માન તો ખરેખર આ સૈકાના પ્રધાન વિચારક ને તત્ત્વજ્ઞાની વિદ્વાન ચાર્લ્સ ડાર્વિનને જ ઘટે છે.

ઉત્ક્રાંતિવાદની કલ્પનાનું હાલનું સ્વરૂપ નવીન છે તેથી એક નવલકથાની પેઠે સહેલાઈથી એને સમજવાનું બની આવતું નથી. લક્ષપૂર્વક તથા સતત અભ્યાસથી જ એનું રહસ્ય સમજાય છે; પણ એ વાદ એટલો બધો રમ્ય તથા એની અગત્ય એટલી બધી છે કે એની પાછળ ગાળેલી મહેનત છુટી પડી ગણી શકાય નહીં. મનુષ્ય-જાતિની પ્રગતિની દિશા કઈ થવી જોઈયે તથા આપણી શિષ્ટતા શા ધોરણે કરવી જોઇયે કે જેથી આપણી જાતિ સુધરે એ સર્વે આ વાદ પરથી અનુમતિ કરેલાં સત્યો છે. ઘણીવાર એમ ભૂલ કરવામાં આવે છે કે ઉત્ક્રાંતિવાદ એકાદ લોકાનુકૂળ (પૉપ્યુલર) પુસ્તક વાંચવાથી એ કલ્પના સમજી શકાશે. અલબત્ત એમ કરેલો પ્રયાસ મિથ્યા જતો નથી પણ આપણી આસપાસની સૃષ્ટિ તથા તેમાંના સર્વ પદાર્થો ઉત્ક્રાંત થયેલા છે એમ કહેવું અથવા માનવું એ એક વાત છે અને એ સત્યનું સ્પષ્ટ ભાન થવું તથા એની ભવ્યતાનો અનુભવ કરવો એ તદ્દન જુદી જ વાત છે. ઇતિહાસની પદ્ધતિથી આ કલ્પના કેવી રીતે જન્મી તથા વૃદ્ધિ પામી અને કઈ કઈ અવસ્થાઓમાંથી પસાર થઈ તે જાણ્યા વગર એનું યથાસ્થિત ભાન થવું મુશ્કેલ છે. વળી જ્યાં સુધી બહારની સૃષ્ટિમાં જીવતાં પ્રાણી તથા તેમનાં મૃત-શેષો (ફોસિલ્સ) તેમજ વનસ્પતિઓ તથા તેમની આકાર રચનાને પૃથ્વીતલપરની વહેંચણનું માણસ જાતે અવલોકનથી જ્ઞાન મેળવવા યત્ન ન કરે તથા તે દરમિયાન વિવિધ રીતે આ કલ્પના લાગુ ન પાડી જુએ ત્યાં સુધી એને આ કલ્પના યથાસ્થિત સમજાવી અશક્ય છે. એક ટેકરી પર ઉભેલા માણસને તળેટીમાં આવેલી બીજી નાની ટેકરીઓ તથા ગામડાના અંતર તથા કદનું ભાન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે ગામડામાં કે ટેકરીઓ પર થઈ ટોચ સુધી ચઢી આવેલા માણસના જેવું સ્પષ્ટ હોતું નથી. તેમ જેણે જાતે પ્રાણી તથા વનસ્પતિસૃષ્ટિનું અવલોકન ન કર્યું હોય તેને આ કલ્પનાનું સ્પષ્ટ અને ખરૂં ભાન થતું નથી. આમ છે છતાં મિથ્યાભિમાનમાં ઘણા જાણે આ વાદ પોતે બરાબર સમજ્યા હોય એમ એનો ઉપયોગ કરે છે. ઝીણી દૃષ્ટિથી જોતાં એવા પંડિતોની પંડિતાઇભર્યા લેખોમાં આ ઉત્ક્રાંતિવાદના પારિભાષિકના દુરુપયોગ સિવાય બીજી વધારે પહોંચ દેખાતી નથી. ઘણી વખતે તો મિથ્યાભિમાની પંડિતો આ વાદ સમજ્યા વગર કોઇએ કાંઇ ભાષણ કર્યું હોય તેમાંથી જે કાંઇ કટકા ખરા ખોટા યાદ રહ્યા હોય તેને ઉત્ક્રાંતિવાદનો પ્રથમ પક્ષ ગણી તેની ઉપર પોતાની વાક્ચાતુરીના પ્રહાર કરવા માંડે છે અને મરેલા સિંહને ઠાર મારી શેરમાં ખપવા મથે છે. ખાસ કરી ધર્માધિકારી માટે અથવા ધર્મનાં ભાષણ કરનાર માટે આ રીત ઘણી નુકશાનભરી છે, કારણ કે આ વાદ સમજવાની શક્તિવાળા તથા એનો જેણે અભ્યાસ કર્યો હોય એવા માણસોને એવા ઉપદેશકની બુદ્ધિ માટે ઘણો હલકો મત બંધાય છે.

છોટાલાલ બાલકૃષ્ણ પુરાણી

(પુ. ૬૦, ઓક્ટોબર, ૧૯૧૩)

કેટલાંક પ્રાણીઓ વિષે કેટલાક ખોટા ખ્યાલ

આ દુનિયામાં ઘણી જુઠી વાતો આપણે સાચી માનતા આવ્યા છીએ. આવી વાતોની સંખ્યા કેટલી હશે! તેઓ જુના વખતથી ખરી મનાતી હોવાથી તેમના વિષે કોઇને સંશય આવતો નથી. વહેમ કે ખોટી વાતને વખત આપો અને તે લોકોના મનમાં સત્ય તરીકે ઘૂસી જશે. આવી રીતે કેટલાંક પ્રાણીઓ વિષે ખોટા ખ્યાલ ઘુસી ગયેલા છે. 'ઑસ્ટ્રિચ પક્ષી પોતાનું મ્હોં રેતીમાં દાટી દે છે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને માને છે કે તેને કોઇ જોતું નથી! 'ઉંટ પાણી વિના જીવી શકે છે!' મુસાફરને પોતાની મુસાફરી દરમિઆનમાં ખોટો ખ્યાલ આવે છે અને એ ખોટો ખ્યાલ તે પોતાની મુસાફરીની ચોપડીમાં નોંધી લે છે. તે છપાય છે અને લોકો તે માને છે.

બુલબુલ પક્ષીનો દાખલો લો. એમ કહેવાય છે કે તે રાત્રે જ ગાય છે, પણ ખરી વાત એમ છે કે તે રાત્રે ગાય છે તેટલું જ દહાડે ગાય છે. જો કોઈ ઝાડીમાં પક્ષીઓ સાથે બુલબુલ હોય અને પાસે કોઈ ઉભું હોય તો તેને બુલબુલનો સુંદર મધુર અને હૃદયહારક કંઠ સંભળાયા વગર રહેશે નહિ. અનુભવી તો તેને બધાં પક્ષીના કલરવમાંથી તરત ઓળખી કાઢશે.

કોઈ પણ માણસ એમ કહે કે 'એ મેં નજરે જોયું છે.' તો તેની વાત ખોટી છે એમ કહેતાં પહેલાં આપણે વિચાર કરવો જોઇએ, કારણ કે ઘણી અસંભવિત મનાતી વાતો ખરી ઠરી છે. એકથી વધારે માથાવાળો સાપ હોય એવું કોઈ માને નહિ પણ આસરે દસ વર્ષ ઉપર મુંબઇના ભુલેશ્વર નામે લતામાં ખોદતાં ખોદતાં એવો સાપ નિકળ્યો હતો. તેમ છતાં તપાસ કરતાં કોઇ વાત ખોટી માલમ પડે તો પછી તેને માનવી એ મોટી ભુલ છે.

કંઇ કારણસર ઘોડાઓને ઊંટ દીઠાં ગમતાં નથી. એ ઉપરથી એક તદ્દન હસવા જેવી કહેતી નીકળી છે કે, 'ઊંટના ચામડાનું ઢોલ બનાવી વગાડવામાં આવે તો ઘોડો એટલો બધો ભડકે છે કે તે હાંફમાં ને હાંફમાં ઘણે દૂર ન્હાસી જાય છે.' વળી ઉંટ વિષે બીજી એવી વાત છે કે તે પાણી વિના રહી શકે છે અને મુસાફરી વખતે ખોરાક ન મળે ત્યારે પોતાની ખુંધમાંના માંસને લીધે તે જીવી શકે છે. ઉંટની હોજરીમાં પાણી સંઘરી રાખનાર અસંખ્ય ન્હાની ન્હાની પાણીની કોથળીઓ છે તેથી તે કેટલાક દિવસ રણમાં પાણી પીધા વિના જીવી શકે છે, પણ ખરી રીતે પાણી વિના ઉંટ મરી જાય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. ઘણાં ઉંટો રણમાં મરી ગયેલાં અને તેમનાં ધોળાં હાડકાં મુસાફરને રણમાં માલમ પડે છે. વળી ખુંધવાળાં પ્રાણીઓને ભુખમરો લાગતો એમ નથી. આરામ હોય અને ખાવાનું પુષ્કળ મળતું હોય તે વખતે પ્રાણીમાં ચરબી વધે છે અને પ્રમાણમાં ખુંધ પણ વધે છે. લાંબી મુસાફરીનો થાક સહન કરતાં ઉંટનાં આખા શરીરની ચરબી ખપવા માંડે છે અને ખુંધનું પણ તેમજ થાય છે. મુસાફરી થતાં બીચારૂં પ્રાણી સુકાઈ જાય છે, તેના શરીરમાં માંસ રહેતું નથી. આમ સારા વખતમાં વધારેલી ચરબી તંગીના વખતમાં ખપ લાગે છે અને તે અર્થમાં 'ખુંધને લીધે ઉંટ આવે વખતે જીવે છે' એમ કહેવાય. પણ આવી સો ખુંધો હોય તોપણ ઉંટને રણમાં આઠ દહાડા પાણી ન મળે તો તે ચોક્કસ મરી જાય.

સિંહ રાત્રે શિકાર કરવા નિકળી પડે છે અને બિલાડી રાત્રે છાપરા ઉપર ફરે છે તેનું કારણ એમ નથી કે તેઓ એ વખતે વધારે સારી રીતે જોઈ શકે છે. સારા ચિત્રકાર ઘણીવાર લીલાશ પડતા તેજવાળી ચળકતી આંખોવાળા સિંહ ચિતરે છે અને આવાં પ્રાણીઓ રાત્રે વધારે સારૂં જોઈ શકે છે એમ કહેવાય છે. પણ સિંહ, બિલાડી અથવા કોઈ પણ પ્રાણી તદ્દન અંધારામાં જોઈ શકે નહિ. બિલાડીઓ, વાગોળો, ઘુવડો અને બધાં રાત્રે ઉડતાં પક્ષીઓ તથા જીવડાંઓ પોતાની આંખોમાં રાત્રે મળી શકે એવું અજવાળું ખેંચવાની શક્તિ ધરાવે છે. સંધ્યાકાળે આસપાસનું વાગોળો સારી રીતે જોઈ શકે છે. ઘુવડનું બચ્ચું રાત્રે તેમજ દહાડે ઉડે છે.

અંધારામાં જીવન જીવનાર પ્રાણીઓને નુકશાન ખમવું પડે છે. પ્રોટ્યુઝ× નામે પ્રાણી પર્વતની અંદર રહેલા પ્રાણીમાં જન્મે છે. તેની આંખો દેખી શકે એવી હોય છે પણ અંધારામાં રહેવાથી તેની

× ફુટ લાંબુ, ગરોળીના આકારનું, માંસના જેવા રંગનું યુરોપના કેટલાક પર્વતો ને સરોવરોમાં માલમ પડતું જમીન અને પાણીમાં રહી શકે એવું પ્રાણી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આંખો ઝાંખી થતી જાય છે ને છેવટે નકામી બને છે. તે પ્રાણીએ આંધળો રસ્તો પસંદ કર્યો છે, અને કુદરતે તેની આંખો નકામી કરી છે. એક જાતનું છછુંદર એવું હોય છે કે તે જમીનની અંદર રહે છે અને સ્પર્શેન્દ્રિય તથા નાકનો ઉપયોગ કરે છે. તેની આંખો પણ નકામી થઇ ગઈ છે. બિલાડીની કીકી પણ એવી હોય છે કે તે આપણે જેને અંધારૂં કહીએ છીએ તેમાં (જો કે તે વખતે થોડું થોડું અજવાળું હોય છે) જોઇ શકે છે. 'રીલ' નામે માછલીની આંખો એવી હોય છે કે તે પાણીની નીચે તેમજ કીનારે જોઈ શકે છે. બિલાડી અને એવાં શિકારી પ્રાણીઓને આવી કુદરતી બક્ષિસ કેમ મળી હશે? બિલાડી, વાઘ, અમેરિકાનું પ્યુમા નામનું વાઘના જેવું પ્રાણી એ બધાં ગરમ પ્રદેશમાં રહેનારાં છે. ઘણી ગરમ હવામાં આ પ્રાણીઓને ઘણું ખમવું પડે છે. બપોરે હાથી કામ કરી શકતા નથી. ભેંસો વિગેરેને બહાર નીકળવું ગમતું નથી. સિંહ, વાઘ ચિત્તા મળી શકે તેવી છાયાવાળી જગ્યાએ ઉંઘે છે. માટે તે વખતે ઝાડની છાયા અને ઠંડકને આધારે કુદાકુદ કરતાં વાંદરાં એકલાં જાનવરોમાં ચપળ માલમ પડે છે. સાંજ પડતાં સુધી બીજું કોઈ જાનવર જંગલમાં જાગતું નથી. સંધ્યાકાળ થતાં સિંહ પોતાના શિકાર પાછળ ગર્જના કરતો ધસે છે. વાઘ સંતાતો સંતાતો એકદમ ઢોરાંના ટોળા ઉપર હુમલો કરે છે. ચિત્તો કોઈ ખેડુતના ભટકતા ઢોરને ઘેરી લઇ પકડે છે. રાત્રિની ઠંડકમાં જંગલની શાંતિ ચાલી જાય છે. એવે વખતે નિશાચર પ્રાણીઓની આંખો એમને દીવાની ગરજ સારે છે. દિવસના તાપમાં ભુખ દબાઇ રહી છે, પણ સૂર્ય નમતાં શિકારી પ્રાણી સારી રીતે સુખથી બહાર ફરી શકે છે.

આવાં પ્રાણીઓનો શિકાર કરનાર મનુષ્ય તેમને ગુફાઓમાં, ઝાડીઓમાં અથવા એવે ઠેકાણે ખોળે છે. એક વાઘને શિકારીઓએ બપોરે ગુફામાંથી બહાર નીકળવાની ફરજ પાડતાં તે ખડક ઉપર થઇ દોડ્યો તે વખતે તેનો પગ ખોડંગતો માલમ પડ્યો, અને તેને રસ્તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લોહી પડેલું હતું. તેને બંદુકથી મારતાં માલમ પડ્યું કે તેના પંજા ખડક ઉપરના તપેલા પત્થરને લીધે તદન બળી ગયા હતા. આ સાધારણ ગરમીનો દિવસ હતો તે ઉપરથી સમજી શકાય કે આ પ્રાણીઓ રાત્રે ફરવાનું કેમ પસંદ કરતાં હશે !

આંખો બંધ કરવાથી શત્રુ નહિ જોઈ શકે એમ માની ઑસ્ટ્રિચ પોતાનું માથું રેતમાં દાટે છે એવી માન્યતા છે. પણ તે પક્ષી એવું મૂર્ખ નથી. તે બહાદુર, પોતાના બચ્ચાનું રક્ષણ કરવામાં તત્પર અને ડાહ્યું છે. ભય આવતાં તે ઘણી સરસ ચતુરાઈ વાપરે છે. તે માથું નીચું જમીનમાં રાખી પોતાના આસપાસની વસ્તુઓ જેવો દેખાવ આપે છે અને શું થાય છે તેની તપાસ રાખે છે. ભય દૂર થતાં તે પોતાનું માથું તરત ઉંચું કરે છે. તેથી તે પોતાનું માથું જમીન નીચે દાટી દે છે એ વાત ખોટી છે.

સિંહ અથવા વાઘ પોતાનો શિકાર લાંબી છલંગ મારી પકડતો હોય એવાં ચિત્રો ઘણા સારા ચિતારાઓએ ચિતર્યાં છે. પણ આ ખોટું છે. દોડતું પ્રાણી આમ પકડી શકાય જ નહિ. ખરી વાત એમ છે કે જ્યારે સિંહ કોઈ મોટું પ્રાણી પકડતો હોય છે ત્યારે તે ધીમે ધીમે તેની પાછળ જાય છે. બિલાડીના વર્ગનાં મોટાં પ્રાણીઓમાં દોડવાની બહુ શક્તિ હોતી નથી. તેથી તે શિકારની નજીકમાં આવતાં કુતરાની માફક જોસબંધ દોટ મુકે છે અને તે પ્રાણીની પીઠ ઉપર ચઢી બેસે છે. પછી એક પંઝાથી તેની પીઠ ઝાલી બીજાથી તેનું ગળું પકડી ત્યાં ઉંડું બચકું ભરી તેના કરોડરજ્જુ તોડી નાંખે છે અને શિકાર મરણશરણ થાય છે. હવામાં કુદકો ભરતા સિંહની છલંગ મનોહર છે પણ તે ખરી નથી. તેનો ખરો હુમલો જોવા જેવો નથી હોતો પણ તે પ્રાણઘાતક અને ભયંકર હોય છે. તેમાંથી એટલો દિલાસો મળે છે કે શિકાર કરોડરજ્જુ તુટતાં મરણશરણ થાય છે એટલે તેને ઘણો વખત મરણ અને ભયનું દુઃખ ખમવું પડતું નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શત્રુ હુમલો કરે કે તરત જ સાહુડી પોતાનાં તીક્ષ્ણ સિસોળીઆં એટલા જોરથી તેના સામાં ફેંકે છે કે લાકડાના મજબુત પાટીઆની આરપાર નીકળી જાય ! આમ તેઓ કરે છે? તેઓ એમ સિસોળીઆં ફેંકતી નથી કારણ કે તેમ કરવાની તેમનામાં શક્તિ નથી હોતી. આ સિસોળીઆનાં મૂળ સાહુડીના માંસમાં મજબુત હોય છે અને અતિશય જોર વિના તેઓ જુદાં પડી શકે નહિ. જ્યારે તેઓ જુનાં થાય અને નવાં સિસોળીઆં આવવાનાં હોય ત્યારે તેઓ લગાર જોર પડતાં ખરી પડે છે એ વાત ખરી છે. પણ સાધારણ રીતે સિસોળીઆં સાહુડીના બચાવ માટે હોય છે. જ્યારે શત્રુની સામે લડવાનું હોય છે ત્યારે આ સિસોળીઆં ભાલાની ગરજ સારે છે, તીરની નહિ. જો તે બધાં સિસોળીઆં તીરની માફક ફેંકી દે તો બીજી જ પળે તેને તેનો શત્રુ મારી નાંખે. અને ધારેલી જગાએ એક એક સિસોળીઉં ફેંકે એવી બુદ્ધિ કોઇ જાનવરમાં જોવામાં આવતી નથી. કેટલાંક શિકારી પ્રાણીઓના શરીરમાં સાહુડીનાં સિસોળીઆં ભોંકાઈ ચોંટી રહેલાં માલમ પડેલાં છે તેથી આવી ખોટી વાત પ્રચલિત થઇ હશે એમ લાગે છે. ઘણીજ જબરી લડાઈ થતાં સાહુડીનાં કેટલાંક સિસોળીઆં શત્રુના શરીરમાં ઉંડાં પેસી જઈ સાહુડીના શરીરથી જુદાં પડે એ બનવા જોગ છે.

વિલાયતના વિશ્વવિખ્યાત કવિ શેકસપિઅર દેડકાને માટે લખે છે કે તે કદ્રૂપો અને ઝેરી છે પણ તેના માથામાં કીમતી પત્થર છે. દેડકા(tadpole)ની ચામડીમાં ગરમ ખાટો પ્રવાહી પદાર્થ રહેલો છે. કોઇ પ્રાણી તેને પકડે તો આ રસ તે પ્રાણી ઉપર નાંખે છે અને એ રીતે એ છુટો થઈ શકે છે. સાધારણ ભય વખતે તે પોતાની ચામડીની ભીનાશ ખંખેરી નાંખે છે અને એમ કરવાથી તે જલદી ન્હાસી શકે છે. પણ આ બચાવ માટેનો ખાટો રસ તે માણસ તરફ નાંખતો નથી. પુખ્ત થયેલા દેડકાની ચામડીમાં આવો ખાટો રસ પણ હોતો નથી. કોઈ વાર ન્હાનો દેડકો પર્વતના કોઇ કાણામાં ભરાઇ જાય છે અને ત્યાં જે જીવડાં મળે તે ખાઈ પોતાનો નિર્વાહ ચલાવે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. પછી તે મોટો થાય છે એટલે ત્યાંથી નિકળી શકતો નથી. આ જોઇ કેટલાક એમ માને છે કે દેડકા ખડકમાં ખોરાક વિના જીવી શકે છે. પણ જો કોઇ પણ રસ્તે ખોરાક જતો બંધ થાય તો દેડકો થોડા માસ જીવે પણ તે વરસની અંદર મરી જાય જ. તેના માથામાં કીમતી પત્થર છે એ પણ ખોટું છે. જે પત્થર દેડકાના માથામાં નિકળેલો એમ કહેવાય છે તે વરસો ઉપર અદશ્ય થઈ ગયેલી માછલીનો જમીનમાંથી નિકળેલો પત્થરરૂપ થયેલો દાંત છે. આપણામાં અતિશય ઝેરી નાગને માથે મણિ હોય છે એમ મનાય છે. પણ એવા નાગ દેખા દેતા નથી. એટલે તે વાત ખરી છે કે ખોટી એની કોઇ ખાતરીબંધ સાબિતી આપી શકે નહિ.

આવી રીતે બીજા ઘણા ખોટા ખ્યાલ પણ છે. કાચંડાની જાતનું એક પ્રાણી (chameleon) તવા ખાઇને જીવે છે; ગરોળીની જાતનું એક પ્રાણી (salamander) અગ્નિમાં જીવે છે; પેલીકન નામનું એક લાંબી ચાંચવાળું પક્ષી પોતાના બચ્ચાનું પોષણ પોતાના લોહી વડે કરે છે; વીંછીઓ એક બીજાને ડંખ મારી મારી નાંખે છે (ખરી રીતે લડી લડી એક બીજાને ખાઇ જાય છે); બુઠીઆઓ અને બચ્ચાં ઓળંગી શકે માટે નદીના બે સામ સામેના કીનારા આગળ આવેલાં મજબુત ઝાડને વળગી વાંદરાં એક બીજાને ઝાલી નદી ઉપર સાંકળના આકારનો પુલ બાંધે છે; સાપ ચાલે છે ત્યારે પાંચ સાત ગુંચળાના આકારમાં ચાલે છે (ખરૂ જોતાં તે પોતાના ભીંગડાં વડે ચાલે છે અને પોતાનું શરીર આગળ લેતાં એવાં ગુંચળાં વળે છે ને ઉકલી જાય છે); અને રેઇનડીઅર જાતનાં હરણ ઉત્તર સમુદ્રનું પાણી પીવા તે તરફ જાય છે (ખરૂં જોતાં તે સમુદ્રનાં રોપાં ખાવા જાય છે. કોઇ પણ પ્રાણી દરિયાંનું પાણી પી શકે નહિ. માછલાં પોતાની ચામડી વડે પાણી ચુસી મીઠું દૂર રાખી શકે છે). અનુભવ અને બારીક તપાસથી આ બધી વાતો ખોટી માલમ પડી છે.×

ચંદુલાલ કેશવલાલ અમીન

(પુ. ૬૭ મું, ઑગસ્ટ, ૧૯૨૦)

× My Magazine ના ફેબ્રુઆરી માસના અંકના એક લેખ ઉપરથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અંકગણિતની ઉત્પત્તિનો ઇતિહાસ

"No man of science should think it a waste of time to learn something of the history of his own subject; nor is the investigation of laborious methods now fallen into disuse, or of errors once commonly accepted, the least valuable of mental disciplines."

"The most worthless book of a bygone day is a record worthy of preservation. Like telescopic star, its obscurity may render it unavailable for most purposes; but it serves n hands which know how to use it, to determine the places of more important bodies." *

DE MOGAN.

કોઈ પણ શાસ્ત્રની ઉત્પત્તિનો વિચાર કરવો એ ચમત્કારનું કારણ શોધવા જેવું છે. ચમત્કારનું કારણ સહેલાઇથી ભાગ્યેજ મળે છે અને

---

* શાસ્ત્રીય વિષયના અભ્યાસીએ પોતાના ખાસ વિષયના ઇતિહાસ વિષે હાલ નહિ વપરાતી લાંબી રીતો વિષે, અથવા એક સામાન્ય રીતે કબૂલ કરાએલ ભૂલ વિષે કાંઇપણ જાણવું એ કાળક્ષેપ છે, તેમજ માનસિક વિકાસમાં ઓછું કિંમતી છે; એમ ન ધારવું જોઈએ.

જેમ દુરબીનમાંથી જોઈ શકાય તેવો સૂક્ષ્મ તારો નરી આંખે અદૃશ્ય હોવાને લીધે ઘણી વખત તે કાંઇપણ ઉપયોગનો નથી; પણ જેઓ તેનો ઉપયોગ કેવી રીતે કરવો તે જાણે છે, તેઓ એથી વધારે અગત્યના આકાશી પદાર્થોનું સ્થળ નક્કી કરવામાં તેનો ઉપયોગ કરે છે; તેમ ભૂતકાળની ઘણીજ નકામી ચોપડી પણ એક સંભાળી રાખવા લાયક ચીજ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ્યારે એ ચમત્કારનું કારણ જડે છે ત્યારે તે ખરેખર ચમત્કાર રહેતો નથી. પણ તે ચમત્કાર કુદરતી સર્વમાન્ય નિયમનું એક સરસ ઉદાહરણ થઇ પડે છે અને તેથી ચમત્કારનું ચમત્કારિત્વ જતાં છતાં અદ્ભુતતાની પ્રતીતિ થાય છે. તેજ પ્રમાણે હરકોઇ શાસ્ત્રની ઉત્પત્તિ શોધવાનો પ્રયત્ન કરવાથી તે શાસ્ત્રની મહત્તા અને કુદરતના આધારે બંધાએલ તેની રચનાનું આપણને ભાન થાય છે, તેથી તે શાસ્ત્રનો અભ્યાસ રસિક થઇ પડે છે. એ પ્રમાણે અંકગણિતની બીજરૂપે અને શાસ્ત્રરૂપે ઉત્પત્તિ કેવી રીતે થઈ એ જાણવાથી આ વિષયનો શાસ્ત્રીય અભ્યાસ કરવામાં મજા પડે છે.

શાસ્ત્રો મનુષ્યે શોધી કાઢ્યાં છે, તેથી શાસ્ત્રોની ઉત્પતિ મનુષ્યના ઇતિહાસ જેટલા જુના કાળ સુધી જવી જોઇએ. એટલે મનુષ્ય હાલના સ્વરૂપમાં કયારે આવ્યું, તેણે વિચાર કરવાનું કયારે શરૂ કર્યું, તે વિચારો તેમણે કયારે વ્યક્ત કરવા માંડ્યા, કયાં સાધનો અને કઇ રીતોએ તે વિચારો બીજાને જણાવવા માંડ્યા, એ પ્રશ્નોના ઉત્તર આપવા પશુ અને મનુષ્યજીવનની ટેવો, સ્વભાવ, તેઓનાં માનસિક અને શારીરિક વલણોનું બારીક અવલોકન કરવું જોઈએ અને તે ઉપર જુદા જુદા તર્ક કરવાથી ઉપરના પ્રશ્નોનો ઉત્તર આપવા પ્રયત્ન થયા છે. તેજ પ્રમાણે માણસોએ ગણતરી કરવાની શરૂઆત કયારથી કરી, તે ગણતરી કેવી રીતે કરતા, લાંબી ગણતરીઓ કેવી રીતે લક્ષમાં રાખતા અને જુદી જુદી ગણતરીઓ કેવી રીતે લખી રાખતા, એ પ્રશ્નોનો વિચાર કરવાથી અંકગણિતની બીજરૂપે ઉત્પત્તિ કેવી રીતે થઇ તે સ્પષ્ટ થશે.

માણસો પોતાની સામાજિક સ્થિતિ અને શ્રેયનો વિચાર કરતા થયા ત્યાર પછી જ તેઓએ એકલી ભટકતી સ્થિતિ છોડી દીધી હશે; અને એવી ભટકતી સ્થિતિનો ત્યાગ કર્યા પછી તેઓએ સમૂહમાં રહેવાનું શરૂ કર્યું, તે વખતે પોતાની સ્થિતિ અને જરૂરીઆત જણાવવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માટે માણસને અનાયાસે ગણતરી કરવાની શરૂઆત કરવી પડી હશે. ગણતરીના વિચારો દર્શાવવાને માટે તેઓએ પોતાના ઈશ્વરદત્ત સાધનોનો ઉપયોગ કર્યો હશે, એ સહજ છે. એટલે તેઓએ આંગળાથી તે ગણતરી ગણવાની શરૂઆત કરી હશે. એટલું જ નહિ પણ વાણીનો પ્રચાર થયા પહેલાં તેઓ તે ગણતરી મુંગા માણસની માફક આંગળીઓથી જ વ્યક્ત કરતા હશે અને તે સ્થિતિ વાણીનો પ્રચાર થતાંજ જેમ ભાષાની ઘટના અને વિકાસ થયાં હશે તેજ પ્રમાણે તે સાથે સાથે ગણતરીનાં નામો પણ નિર્માણ થયાં હશે અને પોતાના વિચારો બીજાને લખી જણાવવાની શરૂઆત થઈ હશે; તેજ વખતે જુદી જુદી ગણતરીનાં ચિહ્નો પોતાના પરિચિત અને લખવાની સરળતા ઉપરથી નિર્માણ કર્યાં હશે. લિપિની ઉત્પત્તિ અને વિકાસની સાથે અંકોનાં ચિહ્નોની ઉત્પત્તિ અને વિકાસને બહુજ સંબંધ છે. તેથી અંકોનાં ચિહ્નોની ઉત્પત્તિ વિષે અત્રે કાંઈ પણ કહેવું મુનાસબ નથી.

લાંબી ગણતરીઓ શી રીતે કરતા હશે તેના સંબંધમાં આપણે લખતાં વાંચતાં નહિ શીખેલ જનસમાજ તરફ નજર કરીશું તો તેનો ખુલાસો ઠીક થશે. એવી લાંબી ગણતરીઓની શરૂઆત બબ્બેની જોડથી પ્રથમ કરતા હશે. પછી એક હાથનાં આંગળાં જેટલી એટલે પંચોરથી થતી હશે. પછી બે હાથનાં આંગળાં જેટલી એટલે દશકાથી થતી હશે. છેવટ હાથ અને પગ એ બંનેનાં બધાં આંગળાં જેટલી એટલે વીસકા કે કોડીથી ગણતરી કરતા હશે. અત્યારે પણ જેને લાંબી સંખ્યાનું ભાન નથી એવા માણસો આમાંની કોઇ પણ રીતનો ઉપયોગ કરીને સંખ્યા ગણે છે અને પોતાના લીધેલા પાયા (scale)-નો દશક જણાવી જુદો સાખીઓ મૂકી તે ગણતરીને લંબાવે છે.

સૃષ્ટિના શિષ્ટ જનસમાજ તરફથી હાલની સંખ્યાની લેખન-પદ્ધતિ સ્વીકારવામાં આવી નહોતી ત્યાં સુધી જગતની જુદી જુદી પ્રજાઓ પોતાની લાંબી ગણતરીઓ જુદી જુદી રીતે જુદા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જુદા પાયાથી લખી રાખતી હતી. તેમાંની અત્યાર સુધીમાં જાણવામાં આવેલી પદ્ધતિઓ નીચે પ્રમાણે છે.

૧. ચિત્ર લિપિ લખનાર ઇજીપ્શિયન લોકોએ || (૧), ∩ (૧૦), 6 (૧૦૦) એ પ્રમાણે એક કરોડ સુધીની સંખ્યાઓ માટે જુદાં જુદાં ચિત્રમય ચિહ્નો યોજેલાં હતાં. પાછળના વખતમાં જ્યારે તેઓ વધારે સુધર્યા ત્યારે તેમણે એ ચિત્રમય લિપિને બદલે સીધી લીટીઓની જુદી જુદી રચનાથી (૧ થી ૯, ૧૦ થી ૧૦૦, ૨૦૦, ૧૦૦૦, અને ૯૦૦૦ એ) બાવીશ ચિહ્નો યોજ્યાં હતાં.

૨. બાબીલોનીયન લોકોની હયાતી પહેલાંના સુમેરીયન (Sumerion) લોકોએ મોટી સંખ્યાઓ લખી રાખવાને એકને માટે V, દશને માટે <, અને ૧૦૦ ને માટે V> એ ચિહ્નો યોજ્યાં હતાં. તેઓ ૨૩= <VV અને ૩૦= <<< એવી રીતે
<V
લખતા. તેમાં મોટો આંકડો ડાબી તરફ અને નાનો આંકડો જમણી તરફ તેમજ સરવાળાના સિદ્ધાંતને અનુસરીને સંખ્યા લખવામાં આવતી હતી. હજાર લખવામાં શતકની પહેલાં દશકના અંકો લખવામાં આવતા. જેમકે <V> એટલે ૧૦×૧૦૦=૧૦૦૦ ગણાય અથવા <<V> એટલે ૨૦×૧૦૦=૨૦૦૦ ગણાય. એ પ્રમાણે આવે પ્રસંગે તેમાં ગુણાકારના સંબંધે તેમની કિંમત ગણવામાં આવતી. આ લોકોની લખવાની પદ્ધતિમાં મોટા અંકો ડાબી તરફ અને નાના અંકો જમણી તરફ તેમજ ગુણાકારમય અને સરવાળાવાળી ગોઠવણ હતી.

૩. બાબીલોનીયન લોકો એક પરિધિમાં તેની ત્રિજ્યા જેટલા ૬ ભાગ થાય છે અને એક વરસના ૩૬૦ દિવસ થાય છે એ બિના જાણતા હતા. તેથી ચંદ્રની કળાનું જુદા જુદા દિવસે કેટલું માપ હોય છે તે જાણવાને માટે ૧ થી ૬૦ સુધીના વર્ગોની નોંધ ૬૦ ના પાયામાં કરી છે. ૧, ૪, ૯, ૧૬, ૨૫, ૩૬, ૪૯, એ સાત વર્ગો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તો ૬૦ સુધીમાં આવી જાય છે. પણ તે પછીના વર્ગો તેઓએ ૧.૪=૮૨, ૧.૬૧=૯ૠ, એ પ્રમાણે લખી બતાવેલ છે.

૪. કાવ્યની અંદર મોટી સંખ્યાઓ દર્શાવવાને માટે આર્ય અને ગ્રીક લોકોએ મોટી સંખ્યાઓ જણાવવા માટે ખાસ અંકો યોજ્યા નહોતા પણ તેમની લિપિના અક્ષરો તેજ અંકોની ખાસ ઠરાવેલી કિમતો આપી સંખ્યા લખી જણાવતા હતા. અમુક શબ્દોને અંકોની કીંમત આપીને તો બહુ નાની સંખ્યાઓ લખી શકાય છે, જે અત્યારે પિંગળમાં પ્રચલિત છે. પણ અક્ષરોને ખાસ કિંમત આપી સ્વરોને સ્થાનિક કિમત આપી રચના કરવાથી મોટી મોટી સંખ્યાઓ એ ત્રણ અક્ષરોમાં લખી શકાય છે. આ વિષયમાં આર્યભટ્ટે ખરેખર કમાલ કરેલ છે. તેવી જ પદ્ધતિ ગ્રીક લોકોએ ગ્રીક લિપિમાં ચલાવી છે. તેમાં કોણે કોની નકલ કરી છે એ અતિ ચર્ચાસ્પદ વિષય છે.

૫. રોમની પદ્ધતિએ સંખ્યા લખવામાં I (૧), V (૫), X (૧૦), L (૫૦), C (૧૦૦), M (૫૦૦), D (૧૦૦૦) એ સાત અક્ષરોનો ઉપયોગ થાય છે અને એ પદ્ધતિ સરવાળા અને બાદબાકી ઉપર રચાયેલ છે. મુર લોકોએ યુરોપને દશાંશ પદ્ધતિએ સંખ્યા લખવાનું શીખવ્યું નહોતું ત્યાં સુધી એટલે ૧૬ મી સદી સુધી આખા યુરોપમાં આજ રીતે સંખ્યા લખાતી હતી.

૬. જે પ્રમાણે દુનિયાની જુદી જુદી પ્રાચીન પ્રજાએ પોતાની સંખ્યા લખવાની રીતો શોધી કાઢી હતી તેજ પ્રમાણે આર્યોએ પણ પોતાની સંખ્યા લખવાનાં જુદાં જુદાં અંકસ્થાનોનાં નામ યોજ્યાં હતાં તે વિષે સૌથી જુનો પુરાવો શુકલ યજુર્વેદના ૧૭ મા અધ્યાયમાં આ મંત્ર છે.

एका च दश च दश च शतञ्च शतञ्च सहस्रञ्च सहस्राञ्चायुतं चायुतं च नियतं च प्रयुतं चार्बुदं च न्यर्बुदं च समुद्रश्च मध्यं चान्तश्च परार्धश्च.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વેદના ઉતારા ઉપરથી આર્યોને ઘણા પ્રાચીન કાળમાં સંખ્યા લખવાનાં અંકસ્થાનોનું જ્ઞાન હતું. પણ તેઓને અંકોની સ્થાનિક તેમજ સ્વાભાવિક કિંમતનું જ્ઞાન હતું કે નહિ તેમજ અંકોની ગેરહાજરીમાં શૂન્યનો ઉપયોગ કરવામાં આવતો કે નહિ એ બિના સ્પષ્ટ થતી નથી. છતાં ત્યાર પછી ઘણે લાંબે વખતે એ બંને બાબતો આખી દુનિયામાં સૌથી પહેલવહેલા જાણનાર અને ઉપયોગમાં લેનાર તો આર્યોજ હતા. એટલુંજ નહિ પણ એ જ્ઞાન આર્યાવર્તમાં સ્થાપિત થયા પછી સેંકડો વર્ષે દુનિયાના બીજા ભાગોમાં એ બિના પ્રચલિત થઇ હતી.

સંખ્યા લખવાની ઉપરની સર્વે પદ્ધતિઓમાંથી ઇજીપ્શિયન પદ્ધતિમાં એકલા સરવાળા, સુમેરિયન અને ગ્રીકમાં સરવાળા તથા ગુણાકાર, રોમન પદ્ધતિમાં સરવાળા બાદબાકી અને ગુણાકારનો ઉપયોગ થયો છે. એમાંની એકપણ પદ્ધતિમાં અંકોની વાસ્તવિક અને સ્થાનિક કિંમતનો ભેદ રાખવામાં આવ્યો નથી. જેની શોધનું માન હિંદુઓને મળ્યું છે, એમ પ્રાચીન કાળના મુસલમાનો તેમજ અત્યારના પૌરસ્ત્ય ઇતિહાસકારો કબુલ કરે છે છતાં હજી પણ તેને Arabic system આરબ પદ્ધતિ કહેવામાં આવે છે. એ પણ પરાપૂર્વથી ચાલ્યું આવતું જુઠાણું સત્યને નામે ચઢી જાય છે તેનું આબાદ ઉદાહરણ છે.

ભાષાશાસ્ત્રની દૃષ્ટિએ દુનિયાની પ્રાચીન ભાષાઓમાં અંકોનાં નામોની વ્યુત્પત્તિ સમજવાથી જણાય છે કે આંગળાં દશ હોવાથી જ દશ અંકોનાં નામો સ્વતંત્ર રીતે પ્રથમ યોજાયાં હશે, અને તેઓ ગણતરી કરવામાં પગનાં આંગળાંનો ભાગ્યેજ ઉપયોગ કરતા હશે. તે પ્રમાણે કરવાની ટેવ પ્રથમથી જ મનુષ્ય જાતને પડી હોત તો એકથી વીશ સુધીનાં નામ ૧ થી ૧૦ ની માફક રચાયાં હોત; અને મોટી સંખ્યાની ગણતરી પણ દશને બદલે વીશના પાયા ઉપર ગણવાની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રૂઢિ શરૂ થઇ હોત પણ માત્ર પહેલાં દશજ નામો સ્વતંત્ર છે; તેથી હાથમાં આંગળાં જેટલી જ સંખ્યાના પાયાએ ગણવાની રૂઢિ શરૂ થઈ હતી. તેથી જ દુનીઆમાં મોટી સંખ્યાની ગણતરીનો પાયો દશનો થયો, અને પ્રભુએ કદાચ હાલ આપણને જેટલી ઇંદ્રિયો છે તેના કરતાં એકાદ વધારે આપી હોત તો આપણા જ્ઞાનમાં બહુ જ ફેરફાર થઇ જાત તેજ પ્રમાણે મનુષ્ય માત્રના હાથને પાંચને બદલે છ આંગળાં કરવામાં આવ્યાં હોત તો અત્યારે મોટી સંખ્યાની ગણતરી કરવાની રીતમાં મોટી ઉથલપાથલ થાત. અર્થાત્ દશ અને અગીઆર એ બંને અંકોનાં નામ અને ખાસ ચિહ્નો યોજાત. આંકના પાડાઓ દશને બદલે બાર સુધી લંબાત. અંતવાન દશાંશની સ્થિતિ વધત; થોડા આંકોમાં મહાન સંખ્યાઓ લખી શકાત, એવી એવી મહાન ઉથલપાથલ થાત. પરંતુ પ્રભુકૃપાએ ફ્રેંચ રાજ્યક્રાંતિથી બધી બાબતમાં યુરપમાં ઉથલપાથલ થઈ ગઇ હતી. પણ ગણતરી કરવાની જુની પ્રણાલિકા વધારે ઉંડા મુળ નાંખીને આખી દુનિયામાં પ્રસરી છે.

આધુનિક સંખ્યાલેખન પદ્ધતિમાં ભારે કિંમતના અંકો ડાબી તરફ અને હલકી કિંમતના અંકો જમણી તરફ હોય તેવી, ગુણાકાર અને સરવાળાના ઉપયોગથી સંયુક્ત થતી, નવ અંકની સ્થાનિક અને વાસ્તવિક કિંમત દર્શાવતી, શૂન્યના ઉપયોગવાળી સંખ્યા લખવાની પદ્ધતિ હિંદુઓએ ઈસ્વીસનની ત્રીજીથી ચોથી સદીમાં શોધી કાઢી હતી. સંસ્કૃતમાં અંકગણિતને શાસ્ત્રરૂપે લખનારા ગણકો આર્યભટ્ટ, લલ્લ, શ્રીધર અને ભાસ્કરાચાર્ય છે. ઇસ્વીસનની પાંચમી સદીમાં થઈ ગએલ આર્યભટ્ટે પોતાની ૨૩ વરસની ઉંમરે લખેલ આર્યભટ્ટીય નામના ગ્રંથમાં પોતાના સમયમાં પ્રચલિત સંખ્યાલેખન પદ્ધતિ અને જ્યોતિષને ઉપયોગના ગણિતશાસ્ત્ર વિષે દશ ગીતિઓ લખેલ છે. તે સંખ્યાલેખન પદ્ધતિ હાલના જેવી જ છે. જેથી સાબીત થાય છે કે એના જન્મ પહેલાં હાલની પદ્ધતિએ સંખ્યા લખવા વાંચવાનું આર્ય લોકો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સારી રીતે જાણતા હતા. જેથી હાલની સંખ્યાલેખન પદ્ધતિની શરૂઆત આર્યાવર્તમાં ત્રીજીથી ચોથી સદીમાં થઇ હશે.

ખરેખર સંસ્કૃતમાં અંકગણિતના હાલના જેવાજ સ્વરૂપમાં લખનાર તરીકે લલ્લ, શ્રીધર અને ભાસ્કરાચાર્ય જ છે. લલ્લ આર્યભટ્ટનો શિષ્ય હતો, અને તેનો સમકાલીન હતો. તેણે આર્યભટ્ટના સિદ્ધાંતો કરતાં ઘણા વધારે અને સારા સ્વરૂપમાં અંકગણિતના સિદ્ધાંતો શિષ્યધીવૃદ્ધિ નામના ગ્રંથના ગણિતાધ્યાયમાં બતાવેલા છે. ભટ્ટ શ્રીધર વા શ્રીધરાચાર્ય ઇસ્વી સનની દસમી સદીમાં થઇ ગયો છે. તેણે ત્રિશતિકા નામનો ત્રણસો ગીતિવાળો પાટીગણિતનો ગ્રંથ રચ્યો છે. ભાસ્કરાચાર્યે લીલાવતી નામનું પાટીગણિત લખ્યું છે તેમાં અને આ ત્રિશતિકામાં ઘણું સામ્ય છે. તુલનાત્મક દૃષ્ટિથી આ વિષયનો અભ્યાસ કરવાથી આપણા આ વિષયનાં પ્રાચીન જ્ઞાન વિષે આપણને અતિશય માન પેદા થાય છે.

ભાસ્કરાચાર્યે હિંદી દૃષ્ટિએ શાસ્ત્રીય રીતે પહેલો અને છેલ્લો અંકગણિતનો લીલાવતી નામનો ગ્રંથ લખ્યો છે. તેમાં તેણે આ સંખ્યાનાં અંકસ્થાનો આ પ્રમાણે ગણાવ્યાં છે.

एकदशशतसहस्रायुतलक्षप्रयुतकोटयः क्रमशः ।
अर्बुदमब्जं खर्वनिखर्वमहापद्मशंकवस्तस्मात् ॥
जलधिश्चान्त्यं मध्यं परार्धमिति दश गुणोत्तरं संज्ञाः ।
संख्यायाः स्थानानां व्यवहारार्थं कृताः पूर्वैः ॥

વેદ અને લીલાવતીના ઉતારા ઉપરથી જણાય છે કે વેદના સમયમાં બાર અંકસ્થાનો હતાં; ભાસ્કરાચાર્યના સમયમાં અઢાર અંકસ્થાનો થયાં હતાં. એટલું જ નહિ પણ હાલ જેને આપણે દશ હજાર, દશ લાખ, અને દશ કરોડ કહીએ છીએ તેનાં શુદ્ધ નામો અનુક્રમે અયુત પ્રયુત અને અર્બુદ છે, એ સ્પષ્ટ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અંગ્રેજીમાં સંખ્યા લખવાની પદ્ધતિ Units, Tens, Hundreds, Thousands, Millions એ પાંચ અંકસ્થાનો ઉપર રચાએલ છે. પ્રથમ તો પહેલાં ચાર અંકસ્થાનો જ હતાં. ૧૩ મી સદીમાં ઈટાલીયન લોકોએ ૧૦૦૦^{૨}=૧૦૦૦૦૦૦=Great thousand or millions એ શબ્દ વાપરવાની શરૂઆત કરી. La Roshe નામના ગ્રંથમાં લયોન્સના Nicolas Chuquet નામના વિજ્ઞાનશાસ્ત્રીએ byllion, tryllion, quadrillion, quayllion, sixllion, septyilion, octallion, monyllion એવી ૫૪ આંકડા સુધીની સંખ્યાનાં નામો યોજ્યાં હતાં. હાલ તો તેમાંનાં અંકસ્થાનો સુધીનાં નામો અંકગણિતોમાં પ્રસિદ્ધ છે. ઉપરનાં આઠે નામો million ઉપરથી ઉત્પન્ન થયાં છે, જેથી મેં એ દરેકને સ્વતંત્ર ગણાવેલ નથી.

સંખ્યાની લેખનપદ્ધતિમાં ક્રમ વિકાસ થયો એ જાણવાથી તેમાં કેવી ખુબીઓ રહેલી છે તેનું ભાન થાય છે; અને તે સમજવું એ ગણિતશાસ્ત્રના અભ્યાસનો પરમ હેતુ છે. એ હેતુ જેટલે અંશે પાર પડે તેટલે અંશે આવા લેખની સફળતા છે.

મોહનલાલ હરજીવન પંચોલી

(પુ. ૬૮ મું, મે, ૧૯૨૧)

" હિંદુસ્તાનનું ભૂસ્તર "

" હિંદુસ્તાનનું ભૂસ્તર " એ વિશે બોલવા પહેલાં ભૂસ્તર એટલે શું ? તે માટે કહેવું જોઈએ. જે પૃથ્વી ઉપર આપણે વસીએ છીએ તેના અનેક સૌન્દર્યભર્યાં દેખાવો જે નજરે પડે છે તે કેમ થયા ? અને ડુંગરાઓ અને સુંદર ખીણો કેમ બની ? વનસ્પતિ ક્યાંથી આવી ? અને એવા એવા રમણીય દેખાવો જે બધાં આપણે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જોઈએ છીએ તે કેમ થયા ! તે જાણવાની ઇચ્છાથી ભૂસ્તર-વિદ્યા પેદા થઈ.

તમે સાંભળ્યું હશે કે પૃથ્વીનો આકાર ગોળ છે. પણ તે ગોળ કેમ હશે તે વાતની ન્હાનાં બાળકોને નવાઇ લાગે એવું છે. તોપણ તે ગોળ છે, એમ કહીને હું મારૂં કામ શરૂ કરીશ. એ ગોળો કાંઈ પૃથ્વીનો માટીનો ન્હાનો જેવો, જે ગોળા આપણા વિનયમંદિરમાં છે એવડો નથી. પણ પૃથ્વીના ગોળાનો વ્યાસ ૮૦૦૦ માઇલનો છે. તેમાં આવેલા સમુદ્રોની ઉંડાઈ ૫ થી ૮ માઇલ જેટલી અને પર્વતની ઉંચાઈ ૫ માઇલ જેટલી છે. શાળામાં બતાવાતો પૃથ્વીનો ન્હાનો ગોળો જોઈએ તો તેની સપાટી ગોળ દેખાય છે, પણ આપણે વસીએ છીએ તે પૃથ્વીનો ગોળો ઘણો મ્હોટો હોવાથી વસવાની જમીન આપણને સપાટ લાગે છે.

પૃથ્વીની રચના કેમ થઇ તે બાબતનો ઇતિહાસ તે ભૂસ્તર-શાસ્ત્ર છે. જેમ ઇતિહાસ માટે જુના સિક્કાઓ, જુનાં તામ્રપત્રો વગેરે વાંચીએ તેમ પૃથ્વીના ઇતિહાસ માટે તેનાં પડો, પત્થરો, માટી વગેરે કેવાં કેવાં છે તે જોવાથી ભૂસ્તરનું જ્ઞાન મળે છે. ભૂસ્તર શબ્દનો અર્થ જ પૃથ્વીનાં પડો થાય છે, અને એ પડોનું પુસ્તક વાંચતાં શીખવું જોઈએ. ધીમે ધીમે પ્રયોગો કર્યાથી એ વિદ્યાનું જ્ઞાન વધારે વધારે મળતું ગયું છે. જુદી જુદી માટીના જુદા રંગો, પત્થરના જુદા જુદા રંગો, વગેરે જોઇ જોઇને કલ્પના કરવાથી એ બાબતનું જ્ઞાન મળે છે.

હવે મૂળ તો પૃથ્વી ક્યાંથી બની અને તેમાં શું શું પદાર્થ છે તે આપણે જાણવું જોઈએ: સૂર્યમાંથી તે ઉત્પન્ન થયા છે. પ્રથમ તો એક ઉકળતા વાયુની દશામાં મોટો ગોળો હતો, તેના ગોળ ફરવાની ગતિમાંથી ગ્રહો અને ઉપગ્રહો ઉત્પન્ન થયા; અને તેનો મૂળ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગર્ભ જે રહ્યો તેનો સૂર્ય બન્યો. આ બાબતને "નેબ્યુલર થીઅરી" કહે છે.

જે જે પદાર્થો સૂર્યમાં છે તે બધા પૃથ્વીમાં છે, અને તેવાજ પદાર્થો બીજા તારાઓમાં પણ છે. આકાશમાં જેટલા તારા દેખાય તે બધા સૂર્યો છે, અને એવાં અનેક સૂર્યમંડળોમાંનો આપણો સૂર્ય એક છે. એ સૂર્યના ગર્ભમાંથી આપણી પૃથ્વી ઉત્પન્ન થઇ છે. અને પૃથ્વીના ગર્ભમાંથી ચંદ્ર ઉત્પન્ન થયો છે. પૃથ્વી પણ ઉત્પન્ન થતી વખતે એક વાયુનો ગોળો હતો. અને તેમાં લોઢું, સોનું, બીજા ખનીજ પદાર્થો, મટોડી, એલ્યુમીનીયમ વગેરે બધાં ઉકળતી દશામાં હતાં. આવી રીતે પૃથ્વી તપ્ત અને બેહદ ઉષ્ણુ હતી તેથી કોઇ જીવ પદાર્થ તેમાં વસી શકે એવું પ્રથમ તો હતું જ નહિ. માત્ર ઉકળતા રસનો તે ગોળો હતો. તેમાંથી ઉષ્ણુતા ઓછી થતાં થતાં તે ગોળાના ઉપલાં ભાગ પર ઠરતા પદાર્થોની પોપડી બંધાઇ, અને ઉપલું પડ ઘટ્ટ બંધાયું. હવે આપણે એ ઘટ્ટ પડ ઉપર વસીએ છીએ. હજી પણ જો ૧૦૦ માઇલ જેટલું ઉંડું ખોદીએ તો ત્યાં તેવો ને તેવો ઉકળતો રસ હજી માલૂમ પડે. પણ એટલું ઉંડું ખોદવાનું બની શકે એવું નથી. માત્ર બે માઇલથી વધારે ઉંડું બોરીંગ કામ થઈ શકતું નથી. એટલી ત્યાં ગરમી છે.

હવે આખી પૃથ્વીની જાડાઈ જે ૮૦૦૦ માઈલની છે તેની આગળ પૃથ્વીના ઉપલા પડની ૫૦ માઈલની જાડાઈ શું હિસાબમાં? એ પડ તો પ્રમાણમાં કાગળથી પણ પાતળું ગણાય. એવા પાતળા પડ ઉપર આપણે વસીએ છીએ અને તે પડની નીચે ઉકળતા રસ છે. એ ઉકળતા રસમાં કોઈ કોઈ વાર કેટલાંક કારણોને લીધે પ્રવાહ ઉત્પન્ન થાય છે, ત્યારે ધ્રુજારો થાય છે. તેથી પૃથ્વીનું પડ ધ્રુજી જવાથી ધરતીકંપ થાય છે. એવે વખતે સૂર્ય ચંદ્રના આકર્ષણથી ઉકળતા રસમાં કંપ પેદા થાય છે, અને તે કંપ બહુ જોરવાળો હોય તો તે પડને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચીરીને લાવાના રૂપમાં બહાર ધસી આવવા માર્ગ કરે છે તેથી ઉપલું પડ ઉંચે ઉપસી આવવાથી તેના ડુંગરા કે પહાડો બની જાય છે, અને બાજુની જમીન નીચી ઉતરી જવાથી તેથી પડેલા મોટા ગર્ત સમુદ્રોનું રૂપ લે છે. આપણી પૃથ્વીની આસપાસ ચોમેર જે હવા વાયુના રૂપમાં છે તેમાંનો ભેજ ઠરતાં વાદળાં બનીને વરસાદ રૂપે તેનું પાણી પૃથ્વી ઉપર પડે છે. શરૂઆતમાં એવું પડેલું પાણી પૃથ્વી ઉપર ચોમેર હોવા સંભવ છે. પણ ઉપર કહ્યું તેમ જ્વાળામુખી ફાટવાથી કોઈ કોઈ જમીનના ભાગો ઉંચા આવતાં બીજા ભાગોમાં ખાડા પડ્યા તે ખાડાવાળા ભાગના દરિયા બન્યા, અને ઉંચે ઉપસી આવેલ ભાગની જમીન થઈ.

આ રીતે પૃથ્વીની રચના લાખો વરસે ક્રમે ક્રમે થઈ છે. આપણા ગુજરાતમાં છોટાઉદેપુરના છેવાડા ભાગમાં જોઈએ તો ત્યાં ગ્રેનાઈટ પત્થર નજરે પડે છે. આ જાતનો ગ્રેનાઈટ પત્થર એ પૃથ્વીનું મૂળ અસલનું પડ છે. હિંદની દક્ષિણમાં પણ એવા પત્થરના પર્વતો છે. ગુજરાતના પૂર્વ ભાગમાં પણ એવા ગ્રેનાઈટ પત્થરના ડુંગરા છે. માટે એ જાતના ગ્રેનાઈટ પત્થરવાળો ભાગ પહેલાં બંધાયો લાગે છે. અને ગુજરાતનો પશ્ચિમ પ્રદેશ અને કાઠીયાવાડ, કચ્છ વગેરે બધે સ્થળે તે વખતે દરિયાનાં પાણી વહેતાં હશે.

સૂર્યનારાયણ તો રોજ રોજ તપ્યા કરે છે તેથી સમુદ્રોનાં પાણીની વરાળ થઈ વાદળાં બંધાય, તેમાંથી વરસાદ થયા કરે. આપણા ઋષિ મુનિઓએ સૂર્યને પિતા સર્વસ્વ, જીવન માનેલ છે તે બરાબર છે, સૂર્ય આપણો અને આખી પૃથ્વીનો પ્રાણદાતા છે. વરસાદ પડવાથી પહાડો અને ડુંગરોને ઘસતાં પાણી નીચે વહીને નદીઓ બને, અને નદીવાટે ધોવાયેલી રેતી કચરો વગેરે ઘસડીને છેવટે દરિયામાં લઈ જાય.

જમીન બંધાયા પછી વૃષ્ટિ થતાં નદીઓ થઈ, અને ખીણો પડી, અને રેતાળ પ્રદેશો પણ બંધાયા. આટલે સુધીનો સમય તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભૂસ્તરનો પ્રથમ યુગ મનાય છે અને તે યુગ પૃથ્વી પર હજી જીવ વગરનો હતો. હજી પૃથ્વીની અંદરની ગરમીને લીધે કોઈ વાર જળને બદલે સ્થળ, અને સ્થળને ઠેકાણે જળ થઈ જતું. પછી ગ્રેનાઈટ પત્થરોને વૃષ્ટિનો ઘસારો લાગવાથી Sandstone રેતીના પત્થરો જામતા ગયા. એવા પત્થરોને પ્રવાહથી ઉત્પન્ન થયેલા પત્થર કહેવાય છે, જ્યારે ગ્રેનાઈટ ગરમીથી ઉત્પન્ન થયેલા પત્થર કહેવાય છે, જ્યારે ગ્રેનાઈટને ગરમીથી ઉત્પન્ન થયેલ તપ્ત પાષાણ કહેવાય છે.

હવે દુનિયાં ઉપર જીવની ઉત્પત્તિ કેવી રીતે થઇ? ભૂસ્તરશાસ્ત્રને બીજાં શાસ્ત્રોથી છેક અલગ રાખી શકીએ એવું નથી. તેની સાથે ખગોળ, ભૌતિક, વિજ્ઞાન વગેરે શાસ્ત્રો પણ વિચારવાની જરૂર છે. જીવને વિજ્ઞાનશાસ્ત્રીએ બહારથી આવ્યાનું માને છે. પણ સમુદ્રમાં ઘણા ઝીણા સૂક્ષ્મદર્શકથી માંડ દેખાય એવા જીવો, લીલ, અને એવી બારીક વનસ્પતિ વગેરે ઉત્પન્ન થવા લાગ્યાં ત્યાંથી ભૂસ્તરનો બીજો યુગ શરૂ થયો.

પ્રથમ યુગમાં ચાંપાનેર સુધી સમુદ્ર હતો એટલે તે વખતે આખો ગુજરાત સમુદ્રને તળીએ હતો. પછી ત્યાંથી સમુદ્ર ધીમે ધીમે ખસતો ગયો. સમુદ્રમાંના ઝીણા જીવોની ઉત્ક્રાંતિ થઈને માછલાં, મગરો વગેરે થતાં ગયાં. એનાં નામનિશાનો 'fossiles' હાલ જડી આવે છે. એવાં 'ફોસીલ્સ'નો ભૂસ્તરવિદ્યામાં ખાસ અભ્યાસ થાય છે. નદીકાંઠે અને ખીણોમાં ફરતાં ફરતાં જુદી જુદી જાતના પત્થરો જોતાં જવાથી અને દરિયાકિનારે ફરતાં છીપલી, શંખલા અને "ફોસીલ્સ"નું અવલોકન કરવાથી ભૂસ્તરવિદ્યાનો અભ્યાસ થાય છે.

આપણા હિંદુસ્તાનમાં વિંધ્યાચળ પર્વત સૌથી જુનામાં જુનો છે, અને તેમાંની ઉત્પન્ન થયેલી નર્મદા સૌથી પ્રાચીન નદી છે. ગંગા, યમુના વગેરે મોટી નદીઓ પણ પાછળથી ઉત્પન્ન થઈ છે. હિંદના ભૂશિરનું સુંદરમાં સુંદર દૃશ્ય જબલપુર પાસે આરસના ડુંગરા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કોતરીને નર્મદા નદી ચાલી જાય છે તે છે. આરસ કે સ્ફાટિક પત્થર એ બીજા યુગનો પત્થર છે અને તે પત્થર ચુનાનો બને છે. ભૂસ્તર-શાસ્ત્ર ખરી રીતે સૃષ્ટિદર્શન અને સૌંદર્યનિરીક્ષણ જ છે.

પછી ત્રીજા યુગમાં વનસ્પતિનું પ્રાબલ્ય થયું. ઝાડવાંની ઉત્પત્તિ થઈ. પૃથ્વી ઉપરની હવામાં "કારબોનિક એસિડ ગ્યેસ" પુષ્કળ હતો. તે ખાઇને અનેક વનસ્પતિ પેદા થઈ, અને પાછી વિનાશ પણ પામેલી. એ નષ્ટ થયેલી વનસ્પતિનાં થરો બંધાયાં અને એ થરોમાંથી કોલસાની ઉત્પત્તિ થઈ. એવા કોલસાની ખાણો અહીં કાઠીયાવાડમાં વઢવાણ, ધ્રાંગધ્રા વગેરે સ્થળે નીકળે એમ છે. સિવાય બંગાળામાં રાણીગંજ વગેરેમાં મોટા પ્રમાણમાં છે. તેથી ત્યાં જુના વખતમાં વનસ્પતિ ઘણી થઈ હશે એમ માની શકાય છે. એવાંજ ચિન્હો આફ્રિકામાં પણ અહીંની માફક દેખાય છે. માટે એ ત્રીજા યુગમાં હિંદ, આફ્રિકા અને ઓસ્ટ્રેલીયાનો મળીને એક આખો પૃથ્વીનો વિભાગ હશે, અને બીજો ઉત્તર ધ્રુવના પ્રદેશનો વિભાગ હશે એમ માનવામાં આવે છે. અને તે વખતે ભૂમધ્ય સમુદ્ર એક મોટો મહાસાગર હતો, અને તે એટલો વિસ્તારમાં હતો કે પૃથ્વીના ગોળાના તે વખતે બે વિભાગ પડતા તેમાંથી એક ઉત્તર ગોળાર્ધ અને બીજો દક્ષિણ ગોળાર્ધ હતો. આજે આપણે એશિયા–યુરોપ વગેરેને પૂર્વ ગોળાર્ધ કહીએ છીએ અને અમેરિકાને પશ્ચિમ ગોળાર્ધ કહીએ છીએ તેવી સ્થિતિ તે યુગમાં નહોતી.

આ ત્રીજા યુગમાં પ્રાણીઓ મગરો કે સર્પો જેવાં હતાં; જેને 'રેપટાઇલ્સ' કહે છે. મૂળ જીવો સમુદ્રમાંજ ઉત્પન્ન થઇને પછી રેપ્ટા-ઈલ રૂપે પૃથ્વી ઉપર આવેલા અને તેની ઉત્ક્રાંતિ થતાં થતાં મનુષ્યો થયાં. પછી ત્રીજા યુગને અંતે મોટો ઉત્પાત થયો, ચોમેર જ્વાળા-મુખીઓ ફાટી નીકળ્યા અને લાવા બધે નીકળવા લાગ્યો. હિંદમાં સુરતથી છેક કન્યાકુમારી સુધી સિંહાદ્રિ પશ્ચિમઘાટ વગેરે પર્વતો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ લાવાથી ઉત્પન્ન થયા. પશ્ચિમ હિંદના મોટા ભાગનો પત્થર તે કાળા પત્થર કે લાવાનો બનેલો છે. આપણે ત્યાંના ગિરનાર, શત્રુંજય, અમરકંટક બધા આ ઉત્પાતમાં લાવાથી બનેલ ડુંગરા છે. આવો ઉત્પત્તિક્રમ કેટલાંય વર્ષો સુધી ચાલ્યા કરેલો. એ લાવાના ડુંગરોનો દેખાવ દૂરથી 'trap' નીસરણી જેવો લાગે છે. મુંબઈથી પુને જતાં એવા કાળા પત્થરના નીસરણી સરખા ડુંગરના દેખાવો નજરે પડે છે. નોર્વે–સ્વીડનમાં પણ એવા દેખાવો છે. કાઠીયાવાડમાં વિશેષે કરીને આવાજ 'trap' પત્થરો કાળા લાવાના બનેલા છે.

કોઈ કોઈ વાર પૃથ્વીના ઉંડાણમાં ઉલ્કાપાત થવાથી તેના નીચલાં થરનાં થર ઉંચે ઉપસી આવે છે. કચ્છમાં એવાં પૃથ્વીનાં પડોનાં થરનાં થર માઈલ માઇલને અંતરે જોવામાં આવે છે. એ બધાં ત્રીજા યુગમાં બંધાયાં હતાં.

પછી ચોથા યુગમાં પણ મોટા મોટા ધરતીકંપ થવાથી ભૂમધ્ય મહાસાગરની આસપાસ ઘણે સ્થળે પૃથ્વી ઉંચી આવી ગઇ. હિમાલયથી છેક ચીન સુધીનો પ્રદેશ એ વખતે ઉંચો આવેલો. હાલનો ભૂમધ્ય સમુદ્ર પ્રથમના ભૂમધ્ય મહાસાગર સાથે સરખાવતાં એક ખાબોચીયું જ છે. રજપુતાના કચ્છ અને અરબસ્તાન તથા સહરા વગેરે રણો છે તે પ્રદેશ તે વખતે ઉંચા ઉપસી આવીને જમીન બનેલી. એ બધો ભાગ મૂળ તો ભૂમધ્ય સમુદ્રનું તળીયું હતું.

આ ચોથા યુગમાં હવે ધવરાવનારાં પ્રાણી થયાં. પછી પૃથ્વીનું પડ વધારે ઠરતાં ઠરતાં બરફના સમૂહ બાઝતા ગયા તેને 'glaciers' કહે છે. પૃથ્વીની ધરીનો ખૂણો ઓછો વધતો થવાથી કેટલેક સ્થળે નિરંતર બરફ રહે છે. ત્યાં બીજા જીવો જીવી શકતા નથી, માત્ર ધોળાં રીંછો રહે છે. પણ એક વખત એવો હતો કે ઉત્તર ધ્રુવની જમીન ગરમીવાળી હતી અને તે તિલક મહારાજના માનવા પ્રમાણે આર્યોનું તે મૂળ વતન હતું. વેદનાં વર્ણનો, ઉષાનાં વર્ણન વગેરે ઉત્તર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધ્રુવના પ્રદેશને લગતાંજ છે. આટલી સીમાએ આવીએ ત્યાં સુધીનું ભુસ્તરશાસ્ત્ર કહે છે. પછી અર્વાચીન યુગ આવે છે.

વળી સમુદ્રમાં વસતાં જીવડાં પોતાને રહેવા માટે છીપલી, શંખલા, કોડી વગેરે બનાવે છે તે જીવપદાર્થમાંથી બનેલો પત્થર કહેવાય છે. પોરબંદરનો પત્થર તે આ જાતનો પત્થર છે, અને તે ચુનાનો પત્થર પણ કહેવાય છે. ભૂસ્તરવિદ્યા જો કે ધુળ–પત્થરનું શાસ્ત્ર છે, તો પણ તે ઘણું મહત્ત્વનું શાસ્ત્ર છે અને તે આપણે જાણવા લાયક છે.+

(પુ. ૭૦, માર્ચ ૧૯૨૩).

સમાપ્ત.

पुस्तकालय
गुरुकुल कांगड़ी

× તા. ૩૧–૧–૧૯૨૩ના રોજ શ્રી દક્ષિણા મૂર્તિભવનમાં શ્રીયુત વિજયલાલ કનૈયાલાલ ધ્રુવે કરેલા વ્યાખ્યાન પરથી નોંધ (પૃ. ૭૦, માર્ચ, ૧૯૨૩).

વિ. ધ. આવસત્થી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar